

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની
સંક્ષિપ્ત જીવનવિકાસગાથા

# જીવન સાર્થકતાની કેડીએ

## ભાગ-૧

## પૂર્વાર્ધ - સંક્રાંતિકાળ



હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

॥ હરિઃૐ ॥

**પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’**
**શ્રી નંદુભાઈની**
**સંક્ષિપ્ત જીવનવિકાસગાથા**

# જીવન સાર્થકતાની કેડીએ

## ભાગ-૧

## પૂર્વાર્ધ - સંક્રાંતિકાળ

સંકલન
**એક સ્વજનશ્રી**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત.**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Website : www.hariommota.org
Email : hariommota1@gmail.com

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**
પહેલી ૨૦૨૦ ૧૦૦૦

❑ પૃષ્ઠ : ૨૬+૪૨૬=૪૫૨

❑ કિંમત : **રૂ. ૧૫૦/-** (ભાગ-૧ અને ભાગ-૨)

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦ ૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪, મો. : ૯૩૨૭૦ ૩૬૪૧૪
Email : kanubhai.arth@gmail.com

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટા પરત્વે અનન્ય ભક્તિભાવ, શ્રદ્ધા અને શરણાગતભાવથી જીવન જીવનાર, મૂળ પરીયા ગામ, તા. ઓલપાડ, જિ. સુરત અને બાદમાં ઝાંબિયા (આફ્રિકા)માં સ્થાયી થઈને આપબળે શૂન્યમાંથી સર્જન કરીને વેપારનાં વિવિધ ક્ષેત્રોમાં અડગ, નિશ્ચયી, પુરુષાર્થ અને કૃપાના બળે વિશાળ સામ્રાજ્ય ઊભું કરનાર, મહાલક્ષ્મી માતાના કૃપાપાત્ર ધનકુબેર, વેપારના વિશાળ ફલક સાથે માતાપિતાના ઉચ્ચ સંસ્કારોને અનુરૂપ નિયમિત ભક્તિમય જીવનનો જેઓએ સમન્વય કરેલ છે, નિમિત્તયોગે આનંદમાર્ગના સ્થાપક શ્રીઆનંદમૂર્તિ, સ્વામી સચ્ચિદાનંદજી, શ્રીનર્મદાનંદજી, શ્રીપ્રેમ અવધૂતજી, શ્રીબાલ અવધૂતજી તેમ જ શ્રીસ્વામીનારાયણ અને હરે રામ હરે ક્રિષ્ણ સંપ્રદાયનો સંપર્ક પામનાર, પરંતુ સૌથી વધુ અને સવિશેષ તો પૂજ્ય શ્રીમોટાના ગુરુભાઈ શ્રીકેવલાનંદજી મહારાજ, પૂજ્ય શ્રીમોટાના વહાલા શ્રી ઝીણાકાકા અને શ્રી નંદુભાઈ સાથે અંગત આત્મીય સંબંધ કેળવી તેઓના નિર્મળ સ્નેહસ્પર્શ થકી પોતાના જીવનવિકાસ પ્રત્યેની જાગૃતિ અને માર્ગદર્શન પામનાર અને તે મુજબ સતત મથનાર ઉચ્ચકોટિના જીવ, આશ્રમની તમામ જરૂરિયાતો તેમ જ સમાજોત્થાનનાં કાર્યોમાં મદદરૂપ થવા સદાય તત્પર એવાં,

**શ્રી જયંતીભાઈ મહેતા (ઝાંબિયાવાળા) તથા તેમનાં**
**ધર્મપત્ની શ્રીમતી હંસાબહેન મહેતા તથા તેમનાં સદ્‌ગત માતાપિતા**
**આદરણીયશ્રી મોહનલાલ મહેતા અને શ્રીમતી પાર્વતીબહેન મહેતાને**

શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથાનું આલેખન **'જીવન સાર્થકતાની કેડીએ'** ગ્રંથ ભાગ-૧ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતાં અમો આનંદ અને ધન્યતા અનુભવીએ છીએ.

**તા.૫-૭-૨૦૨૦** **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬ હરિઃૐ આશ્રમ, સુરત.

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

સંયુક્ત પરિવારની ઉચ્ચ ભાવના થકી સર્વમાં પ્રેમ અને લાગણીઓ ઉજાગર કરનાર, વેપાર અને પરિવારના મુખ્ય આધારસ્તંભ બની કપરા સમયમાં સાહસ, સખત પરિશ્રમ, હોશિયારી, આત્મસૂઝ, નિષ્ઠા અને પ્રામાણિકતાના બળે ધીરે ધીરે સંકડામણોમાંથી બહાર આવીને સમાજમાં પ્રતિષ્ઠા, યશ અને સફળતા પ્રાપ્ત કરનાર, નમ્રતા અને ઈશ્વરીય શ્રદ્ધા જેમના આત્મીય ગુણ છે. પ્રેમ, દયા, કરુણા, બીજાઓને મદદરૂપ થવાની ભાવના, સમાજસેવા, પ્રસન્નતા અને આનંદ જેમના સ્વભાવમાં ડગલે ને પગલે વણાઈ ગયાં છે, વિજ્ઞાન અને સંત પુરુષોનાં જીવનચરિત્રો તથા આધ્યાત્મિક પુસ્તકોના અભ્યાસુ, પૂ. શ્રી નંદુભાઈની પ્રેરણાથી જ ગામ : મોગરી, જિ. આણંદ, 'અનુપમ મિશન'ના પ્રણેતા શ્રીસાહેબજી અને અમદાવાદના ઓઢવ વિસ્તારના નિરંજન આશ્રમ – ગાયત્રી મંદિરનાં માતાજી શ્રીસમર્થનો સંગ પામનાર, જેમને શ્રીમાતાજીએ પોતાના અંતિમ સંસ્કાર કરવાનો અધિકાર આપ્યો હતો. આમ, બન્નેની ભક્તિભાવથી સેવા કરનાર, કૃપાપાત્ર અને સવિશેષ પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈ અને હરિઃૐ આશ્રમ પ્રત્યે અનન્ય ભક્તિભાવ ધરાવનાર, સર્વાંગી જીવનવિકાસ માર્ગના પ્રવાસી અને જેમના વિશે શ્રી નંદુભાઈ સ્વયં વ્યક્ત થયા છે, કે – **'અતુલભાઈ અનોખો જીવ છે'** એવાં,

**શ્રી અતુલભાઈ લેખડિયા તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી કલ્પનાબહેન લેખડિયા**
**તથા તેમનાં સદ્‌ગત માતાપિતા આદરણીયશ્રી**
**ઈંદ્રવદનભાઈ લેખડિયા અને શ્રીમતી સવિતાબહેન લેખડિયાને**

શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથાનું આલેખન **'જીવન સાર્થકતાની કેડીએ'** ગ્રંથ ભાગ-૧ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતાં અમો આનંદ અને ધન્યતા અનુભવીએ છીએ.

**તા.૫-૭-૨૦૨૦** **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬ હરિઃૐ આશ્રમ, સુરત.

॥ હરિઃૐ ॥

## આવકાર....

પૂજ્ય ભાઈનો મારા જીવનમાં પ્રવેશ થવો એ ઘટના અલૌકિક રીતે ઘટી અને જાદૂઈ ઘટના બની રહી. ઘણા ટૂંક સમયના ગાળામાં સહજ રીતે આત્મિયતાભરી રીતે તેઓએ મને સ્વીકારી તેમની દિવ્યતાનો લાભ આપતા રહ્યા. અમારી વચ્ચે તાદાત્મ્યભર્યા સંબંધનો વિકાસ અદૃશ્યપણે થતો અનુભવાયો. પૂજ્ય ભાઈનો સંપર્ક થયો તે ઘટના દૈવીકૃપાનો - પૂજ્ય શ્રીમોટાનો પ્રસાદ છે. તે હું કેવી રીતે વર્ણવી શકું ? પૂજ્ય ભાઈ વિશે તો શું લખું ? કલમ અટકી જાય છે.

પ્રથમ પરિચયે મને તેમના વ્યક્તિત્વમાં હિમાલય જેવી અડગતા અને વિરાટતાનાં દર્શન થયાં. તેમનામાં રહેલી દિવ્ય શક્તિ સ્પર્શી ગઈ !! આરપાર સ્પષ્ટ વ્યક્તિત્વ ધરાવતી આ વિભૂતિનાં દર્શનથી અલૌકિક આનંદ તથા શાંતિ અનુભવાયાં.

ઈ.સ. ૧૯૭૮થી ૨૦૦૪ (લગભગ ૨૫ વર્ષ) સુધી તેઓશ્રીના દિવ્ય સાંનિધ્યની અમીવર્ષા વરસતી રહી એ પૂજ્ય શ્રીમોટાની કેટલી અને કેવી કૃપા !! પૂજ્ય શ્રીમોટા કોણ છે ? પૂજ્ય ભાઈ કોણ છે ? હરિઃૐ આશ્રમ ક્યાં આવ્યો ? તે કંઈ જ ખબર ન હતી. હરિ જ્યારે કૃપા કરે છે ત્યારે હિસાબનાં લેખાં-જોખાં બાજુએ રાખી દે છે. સ્વપ્નવત્ બધું ગોઠવાઈ ગયું અને અમારો સંપર્ક કૃપામાં ફેરવાઈ ગયો.

ઘણાં વર્ષોથી પૂજ્ય ભાઈ સદેહે હાજર હતા, તે સમયગાળાથી સ્વજનોની પૂજ્ય ભાઈ વિશે હું પુસ્તક લખું તે માટેની ઇચ્છા

પ્રગટ થતી રહેતી. ડૉ. રમેશભાઈ ભટ્ટે પણ તેવી ઇચ્છા દર્શાવેલ અને મારા સહકારથી તેઓશ્રી પુસ્તક લખશે તેમ પણ વ્યક્ત કરેલું. પૂજ્ય ભાઈની મને સ્પષ્ટ આજ્ઞા હતી કે મારે પુસ્તક લખવું નહિ. મારા માટે તો એ આદેશ હતો. જેથી, પૂજ્ય ભાઈના દેહવિલય બાદ પણ હું ચૂપ જ રહી હતી. મારા મગજમાં આ અંગે મેં તાળું મારી દીધું હતું. તે બદલ સૌ સ્વજનોની ક્ષમા ચાહું છું.

સ્વ. શ્રી બાબુભાઈ રામીએ સૌ પ્રથમ પુસ્તક લખવા મને વિનંતી કરી હતી. તેમની ઇચ્છા હતી કે હું પૂજ્ય ભાઈ વિશે પુસ્તક લખું. મારી મર્યાદા જણાવી મેં ક્ષમા કરવા જણાવ્યું હતું. તેઓશ્રીએ તરત જ પૂછ્યું કે તેઓ લખે તો ? આમ, લખવા સંમતિ માગી. મારી સંમતિનો તો પ્રશ્ન જ ન હતો, તેમ જણાવી મેં તેમને જે મદદની અપેક્ષા મારા તરફની હોય તે મળશે તેમ જણાવેલ.

શ્રી બાબુભાઈ તથા પ્રિય ભાઈ સમીરભાઈએ ઘણી મહેનત લઈ પુસ્તક માટેની માહિતી એકત્રિત કરી કાચું મૅટર પુસ્તકના રૂપે પ્રેસકૉપી તૈયાર પણ કરી, પરંતુ ફાઇનલ સ્તરે પહોંચી ન શક્યું અને તે કામ ક્યાંક અટકી ગયું.

આખરે સુરત આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી આદરણીય શ્રી ધીમંતભાઈ તથા ટ્રસ્ટીમંડળે નિર્ણય લઈને એક સ્વજનભાઈને આ કામ સોંપ્યું. તે સ્વજનભાઈએ ખૂબ ચીવટથી, ઝીણવટભરી મહેનતથી, ખૂબ ઊંડા ભાવથી રસ લઈ ઘણી બધી માહિતી ફોટા વગેરે એકત્રિત કરી આ ગ્રંથનું સર્જન કર્યું છે.

પૂજ્ય ભાઈએ જણાવેલ 'મારું કશું છપાવવું નહિ. મારું બધું જ પૂજ્ય શ્રીમોટામાં સમાઈ ગયું છે. કૃપા કરી આ અંગે શ્રમ ના લેશો.' આ સ્પષ્ટ આદેશના કારણે ઘણી આનાકાની – ગડમથલ પછી આ પુસ્તક આપણી સમક્ષ આકાર પામી રહ્યું છે.

પુસ્તકની રજૂઆત, ભાષા, માહિતી વગેરે ખૂબ પ્રશંસનીય રીતે કંડારાયેલ છે. કદાચ હું આટલી સુંદર રીતે પ્રગટ ન કરી શકત.

સ્વજનભાઈને હૃદયથી ભાવસભર અભિનંદન ! આપણે સૌ પ્રેમથી, ઉલ્લાસથી પૂજ્ય શ્રીમોટા તથા પૂજ્ય ભાઈને પ્રણમી આ પુસ્તકને પૂરા અંતઃકરણથી આવકારીએ.

'આશીર્વાદ' - **ચંદનના હરિઃૐ**

રઘુવીર ચેમ્બર્સની ગલી,
અમીકૃપા ગર્લ્સ હૉસ્ટેલની બાજુમાં,
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦

**તા.૫-૭-૨૦૨૦**
ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬

॥ હરિઃૐ ॥

# બે બોલ

મરહૂમ શ્રી કિશોરલાલભાઈ મશરૂવાળા મરનારાંની પાછળ તેમનાં સ્મારકો, જીવનચરિત્રો વગેરે કરવાની વિરુદ્ધ હતા. મરણ પૂર્વે થોડાં વર્ષ અગાઉ **'મરણવિધિ'** નામના એમના એક લેખે જબ્બર પ્રસિદ્ધિ મેળવેલી, પણ એમના અવસાન પછી આ ('શ્રેયાર્થીની સાધના') જીવનચરિત્ર લખવા અંગેની ચર્ચામાં એક શ્રદ્ધેય મુરબ્બીની દલીલે ચુસ્ત વલણવાળા મિત્રોને નિરુત્તર કર્યા હતા. 'પોતાના દેશકાળ અને સમકાલીન સમાજને પોતાના પ્રખર વિચારબળ, અવિરત કર્મયોગ અને નિર્મળ ચારિત્ર્યગુણોથી પ્રભાવિત કરનાર વ્યક્તિઓ અને વિભૂતિઓનાં જીવનચરિત્રો ન લખવાં તો શું વ્યસની, દુરાચારી, સટોડિયા, કાળાબજારિયા કે સિનેમા સ્ટારનાં જ ચરિત્રો લખીલખાવીને પ્રજાને ઊંચે ચડાવવાની આશા રાખવી ?' ('શ્રેયાર્થીની સાધના' પુસ્તકમાંથી)

કિશોરલાલ મશરૂવાળાએ તેમની જીવનકથા લખવાની મનાઈ ફરમાવી હતી અને કોઈ મુરબ્બીએ ઉપર મુજબની દલીલ કરી પછી શ્રી નરહરિભાઈ પરીખે શ્રી કિશોરલાલ મશરૂવાળાની જીવનકથા લખવાની હિંમત કરી હતી. આ જ પ્રકારનો નિર્દેષ હાલમાં જ પૂજ્ય શ્રીમોટાની વાણીમાંથી જડી આવ્યો છે.

'મેં નડિયાદમાં નદીમાં પાંચ છોકરાઓને ડૂબતાં જોયા અને મેં ૧૫ હજાર રૂપિયા એક સ્વિમિંગ પુલ કરવાને માટે મારા આશ્રમના દરેક ખાતામાંથી ભેગા કરીને આપી દીધા. ભક્ત, સંગ્રહ કરે છતાં એ અસંગ્રહી છે. **સમાજનો વિકાસ આવા જીવોના જીવનચરિત્રથી થાય છે,** તે વખતે મેં વિચારેલું પણ નહિ કે અમારું શું થશે ? **જ્યારે સમાજ અત્યંત નીચી દશામાં ગરકાવ થઈ જાય**

**છે ત્યારે એક ઉચ્ચ આદર્શની છબી જોઈને કે ઉચ્ચ ચારિત્ર્ય જોઈને એ ઊંચે આવે છે અને જ્ઞાની અને ભક્તની ભાવના જોઈને સમાજ ઊંચો આવે છે અને ભક્તિની અને ધર્મની ભાવના સમાજમાં ન પ્રગટે, ત્યાં સુધી સમાજ ઊંચો ન આવશે. ધર્મ એટલે માનવીમાત્રની સાથે પ્રેમથી, સદ્‌ભાવથી વર્તવું તે. આવો ધર્મ ન ઊગે ત્યાં સુધી સમાજનું ઉત્થાન ન થાય.'**

(શ્રી બાબુભાઈ તમાકુવાળા દ્વારા લખાયેલ પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનોની અપ્રગટ નોંધોમાંથી-પ્રવચન તા. ૧૦-૯-૧૯૬૩, નોટબુક - ૨, પાન નં. ૯૦, ૯૧ તા. ૧૨-૩-૧૯૬૩ થી ૧૯-૧૧-૧૯૬૩નાં પ્રવચનો.

આવું જ કંઈક શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથા લખાવામાં બન્યું છે. અને ઉપરની શીખ મુજબ  આપણે પણ આ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા પ્રગટ કરી રહ્યા છીએ.

શ્રી નંદુભાઈએ પણ આ બાબતે મનાઈ ફરમાવતાં કહ્યું હતું કે :

**'મારી મોટાઈ શૂન્ય છે,**
**મોટાઈ છે તે મને ઘડનારાંઓની છે.**
**હું શા માટે આનો વિરોધ કરું છું, તે હું સમજાવી શકતો નથી,**
**પણ આ અંગે મક્કમ છું.'**
**'કીર્તિકેરાં કોટડાં, રાખ્યાં નવ રહંત' આ મારું દઢ મંતવ્ય છે.**
**અને કીર્તિ !!! કીર્તિનું શું મહત્ત્વ ? શૂન્ય !**
**કૃપા કરી આ અંગે શ્રમ ન લેશો.**
**સમય ના ખર્ચશો-ના આપશો.'**

પૂજ્ય શ્રી નંદુભાઈના તા.૨૦-૧૦-૨૦૦૪ના દેહાવસાન પછી માત્ર પોણા બે મહિના પછી તા. ૧૩-૧૨-૨૦૦૪માં પૂજ્ય શ્રી ઝીણાકાકાનું દેહાવસાન થયું હતું. શ્રી નંદુભાઈના અંતરંગ વર્તુળમાં પણ એમનું જીવનવૃત્તાંત લખાય એવી ચર્ચા થઈ હતી.

શ્રી નંદુભાઈએ એમની હયાતીમાં આવું કંઈ લખાય એ માટે અનિચ્છા દર્શાવી અને નજીકનાં સ્વજનોને મનાઈ ફરમાવી હતી. એટલે આવું કંઈ પ્રસિદ્ધ કરવું કે ના કરવું તે માટે બે પક્ષ પડી ગયા હતા. તેમાંથી શ્રી બાબુભાઈ રામી અને શ્રી સમીરભાઈ પટેલે ઈ. સ. ૨૦૧૨માં **'સમર્થનો સ્પર્શ - પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી ભાઈ શ્રી નંદુભાઈ'** એ ટાઇટલથી પ્રથમ પ્રયત્ન અને ઈ. સ. ૨૦૧૬માં **'પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ'** એ ટાઇટલથી બીજો પ્રયત્ન સંકલિત પુસ્તક પ્રગટ કરવાનો કરી જોયો, પરંતુ અગમ્ય કારણોસર એ કામ થઈ ના શક્યું.

ઈ. સ. ૨૦૧૭માં આ શુભ કાર્ય સુરત આશ્રમના વહીવટીય ટ્રસ્ટી શ્રી ધીમંતભાઈએ હાથમાં લીધું. એમની નિષ્ઠા અને ભાવના આજે ફળીભૂત થતી જણાય છે. આ કાર્યમાં મને તો પૂજ્ય શ્રીમોટાનો અદૃશ્ય હાથ જણાયો છે. પહેલાં શ્રી બાબુભાઈ રામી અને શ્રી સમીરભાઈની ખૂબ જ મહેનતથી તૈયાર કરેલું સંકલન હાથવગુ હતું, પણ એટલાથી સંતોષ થાય એવું ન હતું. થોડો કાળ મને પણ નિરાશા થઈ હતી, પણ એ જ નિરાશાના કાળમાં મને શ્રી નંદુભાઈના પુત્ર પૂજ્ય શ્રી સિદ્ધાર્થભાઈ તથા તેમનાં પત્ની શ્રીમતી ઈલાબહેન તરફથી ઈ. સ. ૧૯૪૭, મે મહિનામાં શ્રી નંદુભાઈના વ્યાસબેટમાં કરેલાં અનુષ્ઠાનનાં નિવેદનોની હસ્તપ્રત નોટબુક આપવામાં આવી. આ જ અરસામાં હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટીમંડળે પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈ તથા કાંતાબાના પત્રવહેવારની ૧૭ ફાઈલો હતી, તેમાં આશરે ૧૯૫૦ પત્રોનાં ૬૦૦૦ પાનાં હતાં, તે અભ્યાસાર્થે મને આપી. પૂજ્ય શ્રીમોટાના આ પત્રોનું પ્રકાશન થયું છે કે કેમ તેની ચકાસણી કરવાની થઈ. અભ્યાસ કરતાં જણાયું કે આ તમામ પત્રો પૂજ્ય શ્રીમોટાએ, શ્રી નંદુભાઈ તથા શ્રીમતી કાંતાબાને ઈ. સ. ૧૯૪૫

થી ઈ.સ. ૧૯૫૫ દરમિયાન લખ્યા છે અને અપ્રકાશિત છે. આ ઉપરાંત, શ્રી નંદુભાઈના ઈ. સ. ૧૯૪૭-૪૯-૫૦-૫૧-૫૩નાં મૌનઅનુષ્ઠાનોનાં આત્મનિવેદનો પણ આ ફાઈલોમાં હતાં. આમ, પૂજ્ય શ્રીમોટાએ માહિતીનો ધોધ વરસાવ્યો ! અને શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથાના નિર્માણની ભૂમિકાનું આયોજન શ્રીપ્રભુએ કરાવ્યું. તેમાંથી મહત્ત્વની માહિતી આ પુસ્તકમાં લેવામાં આવી છે.

આ ઉપરાંત, હરિઃૐ આશ્રમે પ્રગટ કરેલાં પૂજ્ય શ્રીમોટાનાં ૨૪ પુસ્તકોમાં જ્યાં જ્યાં શ્રી નંદુભાઈ સંબંધિત ઉલ્લેખો થયા હોય તે બધા લેવામાં આવ્યા છે.

આ બધું સાહિત્ય ના મળ્યું હોત તો શ્રી નંદુભાઈને આ જગત તેઓના ખરા સ્વરૂપમાં જાણી શક્યું ના હોત **અને એ બધું કાળના ગર્તમાં વહી ગયું હોત. 'મારા નંદુને દુનિયા ઓળખે !'** એવી ઈચ્છાથી જ પૂજ્ય શ્રીમોટાએ આ સાહિત્ય હાથવગુ કરાવ્યું એમ મારા દિલને દિલથી ખાતરી છે. 'નંદુ' પૂજ્ય શ્રીમોટાનો કોણ હતો ? એ રહસ્ય ખુલ્લું થયું. પૂજ્ય શ્રીમોટાએ મને આ કાર્યમાં નિમિત્ત બનાવ્યો એનાથી મોટું મારું કયું સદ્‌ભાગ્ય હોઈ શકે ? ખરેખર તો મને જ સૌથી વધારે લાભ થયો છે. હું પોતે શ્રી નંદુભાઈને દિલથી ઓળખતો ન હતો. વર્ષમાં બેત્રણ વાર અમે - સંજય, હરિલાલ, ખુશાલભાઈ, પ્રવીણભાઈ, નવીનભાઈ વગેરે પૂજ્ય શ્રી ઝીણાકાકા સાથે વડોદરા, નડિયાદ અને વિદ્યાનગર પૂજ્ય શ્રી નંદુભાઈ પાસે જતા. તેમને મેં મારી બુદ્ધિથી જ ઓળખ્યા હતા. હવે, આ બધું વાંચ્યા પછી તેમની મહત્તા અને મહાનતાની જાણ થઈ. મારી આ ભૂલ સુધારવા જ પૂજ્ય શ્રીમોટાએ મને આ તક આપી છે અને મારું કલ્યાણ કર્યું છે. એ રીતે મારા ઉપર કૃપા કરી છે.

આ ગ્રંથમાં મહત્તમ વિગત પત્રોમાંથી મળી છે. શ્રી નંદુભાઈએ મૌનનિવેદનોમાં પોતાના જીવનના અમુક પ્રસંગો ટૂંકમાં આલેખ્યા છે

તે, તથા તેમના જીવનની ઘણી તવારીખોનો ઉલ્લેખ તેઓએ કરેલો છે. તે બધી જ વિશ્વસનીય માહિતી આ પુસ્તકમાં છે. પૂજ્ય શ્રીમોટાએ તેમના પત્રોમાં તો તેમના પૂર્વજીવનોના શ્રી નંદુભાઈ સાથેના નિમિત્ત સંબંધોનાં રહસ્યો ખુલ્લાં કરી દીધાં છે. પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈના સંબંધો અભૂતપૂર્વ પ્રેમની સાંકળે બંધાયેલા હતા. પૂજ્ય શ્રીમોટાના પત્રોથી જ શ્રી નંદુભાઈની મહત્તા અને મહાનતાનો ખ્યાલ આપણને આવી શકે છે. પૂજ્ય શ્રીમોટાના પત્રો એમણે શ્રી નંદુભાઈને આપેલાં પ્રમાણપત્રો સમાન છે. જેને વિશ્વના મહાન સંતનું પ્રમાણપત્ર મળી જાય એને બીજું શું જોઈએ ?

આ રચનામાં વધારે ભાર એની વિશ્વસનીયતા- (Authenticity) ઉપર રાખ્યો છે. પૂજય શ્રીમોટાના મૂળ શબ્દોની અસર જળવાઈ રહે એટલે આ એક જાતની પત્ર સાહિત્યવાળી જીવનકથા જેમ છે તેમ રાખી છે.

શ્રી નંદુભાઈના પુત્ર પૂજ્ય સિદ્ધાર્થભાઈએ તેમના વિશે લખાયેલા વિદ્યાર્થીકાળ અને યુવાવસ્થાકાળના પત્રો જેમ છે તેમ છાપવા સહમતિ દર્શાવી છે, તે તેમની ઉદારતા અને મહાનતા દર્શાવે છે. યુવાવસ્થા સહજ નબળાઈઓ સામાન્ય રીતે બધાંમાં હોય છે, પરંતુ પોતાની એ નબળાઈઓને વિશાળ વાચકવર્ગ સામે મૂકવી એ ગાંધીજીની આત્મકથા **'સત્યના પ્રયોગો'** સમાન છે. એવું જ કંઈક પૂજ્ય શ્રી સિદ્ધાર્થભાઈએ આ અંગે સહમતિ દર્શાવીને કર્યું છે, એ જેવી તેવી વાત નથી ! તેમનો તથા શ્રીમતી ઈલાબહેન અને તેમના કુટુંબનો હું દિલથી આભાર માનું છું.

પૂજ્ય સિદ્ધાર્થભાઈ અને શ્રીમતી ઈલાબહેને ખૂબ જ જહેમતથી અને પ્રેમથી તેમની પાસેના ફોટાઓ આપીને આ પુસ્તકને કૃતકૃત્ય કર્યું છે. એમના સહકાર વગર આ કાર્ય અધૂરું જ રહ્યું હોત. એમનો ખૂબ ખૂબ આભાર.

મારા પરમ મિત્ર અને પૂજ્ય શ્રી ઝીણાકાકાના મૂક સેવક એવા નવીનભાઈ પટેલે આ ફાઈલોમાંના પત્રોને સ્કૅન કરવામાં ઘણી મદદ કરી છે, તે બદલ તેમનો દિલથી આભારી છું.

સાબરમતી આશ્રમમાં પૂજ્ય નંદુભાઈના નિવાસસ્થાનનો ફોટો કોઈ જગ્યાએ પ્રાપ્ત ન હતો. અમદાવાદ નિવાસી શ્રીમતી વંદના કોમિલ ભાવસારને મેં આ કામ સોંપ્યું હતું. તેમણે અનેક વાર સાબરમતી આશ્રમના સંચાલકોની ઑફિસમાં જઈને તે ઘરનો ફોટો મેળવી આપ્યો છે, જે એક ઐતિહાસિક દસ્તાવેજ છે અને આ પુસ્તકમાં લેવામાં આવેલ છે. તે મારે મન બહુ અમૂલ્ય વાત છે. તે બદલ તેમનો હું ખૂબ ખૂબ આભારી છું.

શ્રી ધીમંતભાઈએ આ ગ્રંથને આખરી ઓપ આપવાની જે જહેમત લીધી છે, તે અતુલ્ય છે. આ પુસ્તક પ્રકાશનમાં પોતાના અતિવ્યસ્ત જીવનમાંથી સમય ફાળવીને તેમણે સિંહફાળો આપ્યો છે, એ બદલ તેમનો આભારી છું.

અત્રે મને સંકલન બાબત હંમેશાં પ્રોત્સાહિત કરનાર અમદાવાદ નિવાસી પરમ પૂજ્યશ્રી વી.પી. માલવણિયા સાહેબ અને પૂજ્ય બહેન હંસાબહેન માલવણિયાનો આભાર માનું છું. તેઓ એકમાત્ર વ્યક્તિઓ છે કે જેમણે મારા સંકલનને શબ્દોથી નવાજ્યું છે. આ પહેલાં પ્રગટ થયેલ મારી પુસ્તક રચનામાં પણ એમણે જ મને પ્રોત્સાહિત કર્યો હતો.

અને છેલ્લે આ સંસારમાં પત્નીના સહકાર વિના કંઈ પણ આનંદપૂર્વક બનવું શક્ય નથી ! આ ગ્રંથ રચનામાં મારાં પત્નીના સહકાર બદલ તેમનો આભાર માનું છું.

**તા.૫-૭-૨૦૨૦** **- એક સ્વજનશ્રીના**

ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬ **હરિઃૐ**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

ચૈત્ય પુરુષ પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી અને અધ્યાત્મના પરમ ઉપાસક શ્રી નંદુભાઈના જીવન વિશે પૂજ્ય શ્રીમોટાના હૃદયોદ્‌ગાર હતા, 'મારો નંદુ, મારા નંદુને દુનિયા ઓળખે.' શ્રી નંદુભાઈને સંબોધન કરતાં પૂજ્યશ્રી વિવિધ વાતે વ્યક્ત થયા છે -

'તારે નિમિત્તે મારે જીવનમાં આગળ આવવાનું છે.'

'તમે મારા પૂર્વ પરંપરાથી મળેલા પ્રભુકૃપાના સ્વજન છો.'

'તમારા જીવાત્માની મને ખબર છે.'

'મને આવા જીવનમાં વ્યક્ત થવા અંગે તમારું જીવન નિમિત્તરૂપે છે.'

'તમને હું 'મારા સરકાર' તરીકે સંબોધું છું. સાચે જ તમે મારા સરકાર છો.'

'હું તમારી ગેરહાજરીનો વિરહભાવ અનુભવું છું.'

'તમને મારા બનાવ્યા વિના મને ચેન પડવાનું નથી.'

'વહાલા ભાઈ ! તમે મારું જે કહો તે છો અને મારા જીવનનો આધાર તમારા પર છે. તમે મને દેવના દીધેલા છો.'

પૂજ્ય શ્રીમોટાની વાણીનું સાકાર સ્વરૂપ એટલે શ્રી નંદુભાઈની જીવનયાત્રાનું વર્ણન કરતો આ ગ્રંથ

**'જીવન સાર્થકતાની કેડીએ'.**

આ જીવનકથનના અભ્યાસે સમજાય છે કે - શ્રીસદ્‌ગુરુ હળવે હળવે, પ્રેમપૂર્વક, જીવનપથીકને આંગળી ઝાલીને સાધના પથે દોરી જાય છે ! ભગવાન ભક્તને દોરે છે અને સમય આવ્યે

ભગવાન પોતે પણ ભક્તને અનુસરે છે ! કેટલી બધી સરળતા-સહૃદયતા, કરુણા, હૃદય નીગળતો શુદ્ધ પ્રેમ, ધીરજ, ઉદારતા અને વિશેષ તો પૂજ્ય શ્રીમોટાએ, શ્રી નંદુભાઈને ઘણી બધી સ્વતંત્રતા આપી છે. નાનકડા બાળકને જેમ સંભાળવામાં આવે છે, તેથીયે કાંઈ અનેકગણી વિશેષ કાળજી રાખીને શ્રી નંદુભાઈને સાચવ્યા છે, સાધનામાર્ગે દોર્યા છે, ચલાવ્યા છે અને જીવનવિકાસની શ્રેષ્ઠતમ અવસ્થાએ પ્રસ્થાપિત કર્યા છે. અહીં શ્રીસદ્ગુરુની વિશાળતાનાં અને સામર્થ્યનાં દર્શન થાય છે. એક એક પત્ર - એક એક ડગલા જેટલો મહત્ત્વનો છે. શ્રી નંદુભાઈના જીવનમાંથી માર્ગદર્શન અને પ્રેરણા મેળવી શકાય તેવી અનેક હકીકતો આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. વ્યક્તિ ઇચ્છે તો પોતાના આદર્શ પ્રતિ શ્રદ્ધા અને વિશ્વાસ કેળવીને ધ્યેયની પ્રાપ્તિ કરી શકે છે. ભૂમિકા કેળવાય એટલે શ્રીસદ્ગુરુ સાક્ષાત્ સામેથી આવીને કૃપા વરસાવે છે, તેવી સ્પષ્ટ સમજણની અહીં પ્રતીતિ થાય છે.

પૂર્વાશ્રમના જીવનમાં વર્ષ ૧૯૪૫ થી ૧૯૫૭ સુધીના ગાળા દરમિયાનનો શ્રી નંદુભાઈ, આદરણીય શ્રીમતી કાંતાબા, પુત્ર સિદ્ધાર્થ સાથેનો પૂજ્ય શ્રીમોટાનો પ્રેમભાવભર્યો પત્રવહેવાર તેમ જ શ્રી નંદુભાઈનાં મૌનનાં નિવેદનો અને પૂજ્ય શ્રીમોટાના પ્રતિભાવો, આ તમામ આજ દિનપર્યંત અપ્રકાશિત રહ્યાં હતાં.

આ તમામ પત્રોનો વિસ્તૃત અભ્યાસ કરીને શ્રી નંદુભાઈના જન્મથી જે તે કાળની પ્રવૃત્તિઓ અને ભૂમિકાને અનુરૂપ યથાયોગ્ય સંકલન કરવામાં આવ્યું છે. ભાઈ શ્રી નંદુભાઈ, પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં આવ્યા બાદનો પત્રવહેવાર અને તેમનાં મૌનનિવેદનો તથા તેની સામે પૂજ્યશ્રીના પ્રતિભાવોની ઉત્તરોત્તર ક્રમમાં ગોઠવણી

કરવામાં આવી છે. સાથોસાથ જે તે પત્રને અનુરૂપ જ્યાં જ્યાં જરૂરી હતું ત્યાં ત્યાં પૂજ્યશ્રીનાં પ્રકાશિત થયેલાં પુસ્તકોમાંથી યથાયોગ્ય ટાંચણો વીણીવીણીને રજૂ કરવામાં આવ્યાં છે. આ પ્રકારે યોગ્ય રસાળ સંકલન થવાથી સુજ્ઞ વાચકની એકસૂત્રતા જરૂર જળવાઈ રહેશે. આથી, આ ગ્રંથ અત્યંત દળદાર અને જ્ઞાનભોગ્ય બન્યો છે. સમર્થ શ્રીસદ્‌ગુરુ મહારાજના પ્રેમસ્પર્શે અને સથવારે શ્રી નંદુભાઈ જીવપણામાંથી ક્રમશઃ શિવપણામાં સ્થાપિત થયા, એ રૂપાંતરની સંપૂર્ણ ગાથા આ ગ્રંથમાં છે. સંસ્કારોનાં પરિવર્તનનું પારદર્શક શુદ્ધ દર્શન છે. ભક્ત કવિ દયારામે ગાયું છે તે જ સનાતન સત્ય છે -

**'નિશ્ચયના મહેલમાં વસે મારો વહાલમો'**

આત્મકલ્યાણ અર્થે શ્રી નંદુભાઈએ સાધનાનો ભેખ ધારણ કરીને ગુરુમહારાજની કૃપાથી પોતાનો દૃઢ નિશ્ચય પૂરો કર્યો અને ગુરુમહારાજનો રાજીપો મેળવીને ધન્ય બન્યા.

સંસ્કાર સંપન્ન પરિવારમાં જન્મ અને ભણતર, અર્થ ઉપાર્જન અર્થે પેરીસ ગયા અને સખત મહેનત, પ્રામાણિકતા, કુશાગ્ર બુદ્ધિ, વેપારી સૂઝબૂજ અને ઉદ્યમી પ્રકૃતિને પ્રતાપે વેપારનો વિકાસ કર્યો. તેઓ હીરા, મોતી, ઝવેરાતના વેપારમાં સંકળાયેલ. પેરીસથી ભારત પરત આવ્યા અને તામિલનાડુના ત્રિચિમાં પોતાના મામા શ્રી ગોપાલદાસ સાથે પેઢીમાં જોડાઈને એક સફળ વેપારી તરીકે પોતાની આગવી શાખ ઊભી કરી તેમ જ પેઢીનો વિકાસ કુંભકોણમ્‌માં પણ કર્યો. લગ્ન બાદ આદરણીય શ્રી કાંતાબહેન સાથે હિંદુસ્તાનનો તેમ જ વિવિધ દેશોનો પ્રવાસ કરેલ. સર્વાંગી રીતે કુશળ વ્યક્તિત્વના સ્વામી, સૂટબૂટમાં સજ્જ, ભૌતિક

સુવિધાઓ સાથે સુખસગવડોવાળું જીવન જીવનાર જ્યારે પરદેશની સમૃદ્ધ અને મોહમયી ભૂમિનો ત્યાગ કરી ગાંધીજી સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિમાં જોડાવા સ્વદેશમાં આવ્યા અને સાબરમતી આશ્રમમાં સ્થાયી થયા ત્યારે આપણે એવું સ્વીકાર્યું જ રહ્યું કે - આખરે તો મનુષ્યના જીવનમાં જગતનિયંતા પરમાત્માનું આયોજન જ સાકાર થાય છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી તેમના પ્રથમ ગુરુ. પૂજ્ય શ્રીમોટાએ ગાંધીજીની હાકલથી દેશસેવામાં ઝંપલાવ્યું અને જીવનવિકાસ થકી પરમ પદની અનુભૂતિ પામ્યા. તે જ માર્ગે શ્રી નંદુભાઈ પણ ગાંધીજીનાં કાર્યોથી પ્રેરાઈને સ્વયં તેમની સાથે જોડાયા અને ત્યારથી જ પરમ પદની પ્રાપ્તિના માર્ગે જીવનનું વહેણ બદલાયું, તેની સંપૂર્ણ ગાથાનું વર્ણન આ ગ્રંથમાં છે. પૂર્વેના નિમિત્તયોગે શ્રીઅરવિંદના પ્રબળ આકર્ષણથી જીવનવિકાસની ઝંખના જાગૃત થઈ.

એ મધ્યમાં શ્રી હેમંતદાદાના નિમિત્તે હરિજન આશ્રમ, સાબરમતી, અમદાવાદમાં તેમને 'શ્રીમોટા' મળી ગયા અને જીવન ધન્ય થઈ ગયું. આવું સુખમય જીવન જીવનાર માનવીનું શ્રેયસાધક અને ભક્તની ભૂમિકામાં પરિવર્તન થઈ જવું, સંપૂર્ણ સાદગીભર્યું, તિતિક્ષાપૂર્ણ જીવન જીવવું, એ કોઈ અલગારી જીવનું જ કામ છે. ગુણ અને ભાવવાળું ખોળિયું લઈને આવેલ કોઈ ઉચ્ચ કોટીનો જીવ જ આમ કરી શકે. તેમણે જાગૃતિપૂર્વક પોતાનું અંતઃકરણ આત્માની ઉન્નતિ માટે અધ્યાત્મમાર્ગે વાળી લીધું. હવે પછી તેઓની એકમાત્ર અભિલાષા ભાગવતી ચેતનાના અનુભવ કાજેની હતી. પૂજ્યશ્રીના અનુગત બન્યા પછી તેઓ જીવનપર્યંત એક નિરાડંબર, મૂક સેવક બની રહ્યા. તેઓશ્રીની સરળતા, નિખાલસતા, પવિત્રતા, નિર્મળતા અને નિર્ભયપણાનાં દર્શન,

તેમનાં મૌનનિવેદનો તથા પત્રવહેવારમાં સ્પષ્ટ થાય છે. શ્રી નંદુભાઈનો નિશ્ચય તેમની જન્મજન્માંતરની સાધના, ઊર્ધ્વ ભૂમિકા અને મક્કમ મનોબળનો પરિચય કરાવે છે.

યુગ્મ જીવનમાં પતિપત્ની એકબીજાના પૂરક છે, એ માત્ર દુન્યવી હકીકત નથી, આધ્યાત્મિક ક્ષેત્રે પણ એટલું જ સત્ય છે. શ્રી કાંતાબા એનું જ્વલંત ઉદાહરણ છે. સમર્પણ અને ત્યાગની મૂર્તિ એટલે શ્રી કાંતાબા. પત્ની તરીકે શ્રી કાંતાબાએ પતિના નિર્ણયને આધીન જીવન સ્વીકાર્યું અને પતિવ્રતા ભારતીય નારી બની રહ્યાં. તેમનું જીવન એટલે ભારતીય નારી સંસ્કૃતિનું પારદર્શક પ્રતિબિંબ. નરસિંહ મહેતાએ ગાયું છે -

**'પતિવ્રતા નારીએ કંથને પૂછવું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.'**

પતિને સઘળી વાતે સહકાર આપ્યો અને પૂજ્ય શ્રીમોટામાં શ્રદ્ધા રાખીને જીવનના તમામ સંજોગો સ્વીકાર્યા. શ્રી નંદુભાઈને સાધનામાં ટેકો આપ્યો, તેમની સેવા કરી, સંપૂર્ણ સરળતા કરી આપી અને કૌટુંબિક જવાબદારીઓમાંથી પણ મુક્ત કર્યા. પોતે પણ અનેક વાર મૌનઅનુષ્ઠાનો કર્યાં. શ્રીસદ્‌ગુરુનો સાચા હૃદયભાવથી સંગ થઈ જાય એટલે સ્વયં સાધનાની શરૂઆત થઈ જાય એનું જીવતુંજાગતું દૃષ્ટાંત છે શ્રી કાંતાબા. શ્રી નંદુભાઈના વિકાસમાં કાંતાબાનો અનન્ય ફાળો રહ્યો છે, એ હકીકત છે. એ આત્માને કોટિ કોટિ વંદન.

બચપણમાં શ્રી સિદ્ધાર્થભાઈનો પૂજ્ય શ્રીમોટા સાથેનો પત્રવહેવાર બાળકો અને માબાપ બન્ને માટે દીવાદાંડીરૂપ છે. માબાપ અને બાળકોમાં પરસ્પર માનઆદરની ભાવના જળવાઈ રહે એવાં અનેક સૂચનો સમાજને પથદર્શક બનશે. બાળકેળવણીના

અનેક પાઠો શ્રી નંદુભાઈની જીવનકથનીમાંથી શીખવા મળશે. ભાઈ શ્રી સિદ્ધાર્થભાઈ તથા તેમનાં કુટુંબીજનો તરફથી અમોને શ્રી નંદુભાઈનાં મૌનઅનુષ્ઠાનોની અસલ હસ્તપ્રતો, નોંધ, મૌનગાળાનાં નિવેદનો અને પૂજ્ય શ્રીમોટાએ આપેલ તેના પ્રત્યુત્તરો વગેરે અદ્ભુત સાહિત્ય પ્રાપ્ત થયું છે. તથા ભાઈશ્રી સિદ્ધાર્થભાઈએ પોતાના અનુભવોની વાતો કહી છે, એ બદલ અમો શ્રી સિદ્ધાર્થભાઈના ઘણા ઋણી છીએ.

આ ઉપરાંત, શ્રી નંદુભાઈએ પુત્ર સિદ્ધાર્થ વિશે પૂજ્ય શ્રીમોટા સાથે કરેલ પત્રવહેવાર તથા તે અંગે પૂજ્યશ્રીના પ્રત્યુત્તરો - આ બધું તેઓનું ‘અંગત’ કહેવાય. એવા અંગત પત્રો પુસ્તકમાં નહિ છાપવા અંગે અમે શ્રી સિદ્ધાર્થભાઈને વિનવણી કરી હતી, પરંતુ શ્રી સિદ્ધાર્થભાઈએ પોતાનાં માન-પ્રતિષ્ઠાને કોરાણે મૂકીને એવું કહ્યું કે, ‘આ પત્રો તો છપાવા જ જોઈએ.’ પછી અમોએ તેઓશ્રીની મરજીનો સહર્ષ સ્વીકાર કર્યો. આ પ્રસંગમાં શ્રી સિદ્ધાર્થભાઈની તટસ્થતા તેમ જ એક પુત્રનો પિતા પ્રત્યેનો ભાવ અને ઉદાર માનસનાં દર્શન થાય છે. આ થકી તેમનો હેતુ માત્ર ને માત્ર પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈને ઉજાગર કરવાનો છે, પણ પોતાના વિશે કશું નહિ. શ્રી સિદ્ધાર્થભાઈની વાતમાં સહમતિ પાઠવીને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઈલાબહેન અને તેઓનાં બાળકોએ પોતાની હાર્દિક ઉદારતાનાં દર્શન કરાવ્યાં છે. અમો શ્રી સિદ્ધાર્થભાઈ તથા તેઓના સમગ્ર પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

આ ગ્રંથના સર્જક સંકલનકર્તા સ્વજનશ્રી પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના ઊંડા ગહન અભ્યાસુ છે. તેઓશ્રી એક आत्मनिष्ठ पुरुषના પરમ કૃપાપાત્ર जीव છે, તેમ જ શ્રી નંદુભાઈનો પણ

પ્રેમભાવ મેળવેલો છે. કેટલું ઊંડાણ, કેટલી બધી હૈયાસૂઝ અને શ્રીસદ્‌ગુરુની કૃપાથી થયેલ અંતઃસ્ફુરણા. એની ઝાંખી વારંવાર આ ગ્રંથમાં થાય છે. શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથાના નિર્માણ જેવું ભગીરથ કાર્ય પૂર્ણ કરવાનું સામર્થ્ય કોઈ વિશિષ્ટ જીવમાં જ હોઈ શકે. એમણે કરેલા પરિશ્રમના અમો સાક્ષી છીએ. 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદ તરફથી મળેલા તમામ પત્રોને કૉમ્પ્યૂટર સ્કૅન કરી તેમાંથી પુસ્તકને અનુરૂપ પત્રોને અલગ અલગ તારવી તારીખવાર નહિ પરંતુ સાધકની ભૂમિકાને અનુરૂપ ચઢતા ક્રમવાર તથા સાથોસાથ જે તે પત્રને અનુરૂપ જ્યાં જ્યાં જરૂરી લાગ્યું ત્યાં ત્યાં પૂજ્યશ્રીનાં પ્રકાશન પામેલાં પુસ્તકોમાંથી યથાયોગ્ય ટાંચણોને વીણી વીણીને તેની યથાસ્થાને ગોઠવણી કરી છે. એ પણ ઉલ્લેખ કરવો જરૂરી છે કે - પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈના પત્ર-વહેવારના સંપૂર્ણ પત્રો લેવામાં આવ્યા નથી, પરંતુ તે સંગ્રહમાંથી જીવનકવનને અનુરૂપ, જે તે સમયની શ્રી નંદુભાઈની ભૂમિકાને અનુરૂપ, જે તે પત્રના હાર્દસમા ફકરાઓ જ લેવામાં આવ્યા છે. હજી ચુનંદા પત્રોની અન્ય વિગતો અપ્રકાશિત છે તેમજ અન્ય વિશાળ સાહિત્ય પણ પ્રકાશિત છે. પુસ્તકના સંકલનમાં કેટલીક જગ્યાએ પૂજ્ય શ્રીમોટાના પત્રો તથા શ્રી નંદુભાઈના પત્રોનું પુનરાવર્તન થયેલું છે. જે સંકલનકર્તાએ શ્રી નંદુભાઈની જે તે સમયની ભૂમિકા અને શ્રીસદ્‌ગુરુના માર્ગદર્શનને લક્ષ્યમાં રાખીને હેતુપૂર્વકનું આ પુનરાવર્તન કર્યું છે. સમગ્ર ગ્રંથમાં જે તે વર્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તમામ વર્ષ ઈ.સ. વર્ષ સમજવાનાં છે. ગ્રંથમાં ઘણી જગ્યાએ વ્યક્તિ વિશેષના સંબોધન માટે પૂજ્ય અને ટૂંકમાં પૂ. એવો ઉલ્લેખ છે જે બન્નેનો અર્થ માનવાચક એકસરખો જ છે.

સંકલનકર્તાએ આ ઉપરાંત, શ્રી નંદુભાઈનાં જીવન સાથે સંકળાયેલ સ્થાનોની રૂબરૂ મુલાકાત લઈ ફોટોગ્રાફી કરી, શ્રી સિદ્ધાર્થભાઈના પરિવારની રૂબરૂ મુલાકાત લઈને શ્રી નંદુભાઈ, શ્રી કાંતાબા, શ્રી હેમંતદાદા અને પૂજ્ય શ્રીમોટા સાથેના ભૂતકાળના સંસ્મરણો જાણ્યા, તેમની પાસેથી શ્રી નંદુભાઈની ડાયરીઓ અને જૂના ફોટાઓ મેળવી - એ તમામ આ પુસ્તકમાં યથાસ્થાને રજૂ કર્યા છે. છતાંય પોતાનું નામ ક્યાંયે પ્રગટ નહિ કરવું એવો તેમનો અનાસક્ત ભાવ અને મક્કમ નિર્ધાર હતો. તેમની કુનેહ અને લાગણીઓને અમો ભાવપૂર્વક વંદન કરીએ છીએ. ટ્રસ્ટીમંડળ તેઓની લાગણીનો સ્વીકાર કરે છે અને પુસ્તકના સંકલન અંગેની જવાબદારી સ્વીકારે છે.

શ્રી નંદુભાઈએ સંકલનકર્તાને પત્ર લખ્યો હતો, તે અત્રે અર્પણ કરીને અમો સંકલનકર્તા સ્વજનશ્રીનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**હરિઃૐ**

તા. ૯-૫-૧૯૯૧
વિદ્યાનગર

પ્રિય ...........ભાઈ,

તમો સાથે ભલે મારે ઝાઝી વાતચીત ના થઈ હોય, પરંતુ તમારી સાથે આત્મિય નિકટનો સંબંધ સૂક્ષ્મપણે છે જ છે. હરિઃૐ આશ્રમના ઉપયોગમાં શ્રી ઝીણાભાઈના નિમિત્તે તમે જે સતત એકનિષ્ઠપણે આર્થિક, શારીરિક અને માનસિક - એમ બધી રીતે પ્રેમભાવે સેવા આપ્યા કરો છો, તે મારે મન મારા હૃદય સાથે ઘનિષ્ઠ સંબંધ સ્થપાયા સમાન છે. આવું સાતત્ય સર્વ પ્રકારે

ઉપયોગમાં આવવાની ખેવના ખૂબ ખૂબ જૂજમાં અનુભવી છે. દાક્તરી વ્યવસાયમાં વ્યસ્ત તમારું હોવાપણું હોય, છતાં તે રીતે પણ તમે સેવા આશ્રમની કરી રહ્યા છો એટલે કે **પૂજ્યશ્રીની સેવા જ કરો છો. પ્રભુ તમોને આનો બદલો આપશે જ. પૂજ્ય શ્રીમોટાએ કોઈનું ઋણ ઊભું - બાકી નથી રાખ્યું. પ્રભુના તમો ઉપર અધિકાધિક આશીર્વાદ ઊતરો.**

ભાઈનાં ઘણાં વહાલ.

આ દળદાર ગ્રંથ બે ભાગમાં વહેંચાયેલો છે અને તેમાં ત્રણ ખંડ પાડવામાં આવ્યા છે :-

- પૂર્વાધ
- સંક્રાંતિકાળ
- ઉત્તરાર્ધ

પ્રથમ ખંડમાં પૂર્વાર્ધ અને સંક્રાંતિકાળની કથા છે અને બીજા ખંડમાં ઉત્તરાર્ધની કથા છે. જેઓ શ્રી નંદુભાઈના સ્પર્શે જીવનમાં ઘણું પામ્યા તથા તેમની પ્રેરણાથી નિમિત્ત યુક્ત ઉચ્ચાત્માઓનો સંગ પામનાર અને તેના વડે સમાજોત્થાનનાં કાર્યોમાં પ્રવૃત્ત એવા સ્વજન શ્રી અતુલભાઈ લેખડિયા પરિવાર તથા જેમની વાતોમાં સતત શ્રી નંદુભાઈ અને શ્રી ઝીણાકાકાનું સ્મરણ છે, તેવા વિશાળ દિલના શ્રી જયંતીભાઈ મહેતા (ઝાંબિયાવાળા) તથા તેમના પરિવારને સંયુક્તપણે આ ગ્રંથનો પહેલો ભાગ સમર્પણ કરવામાં આવ્યો છે. આ ગ્રંથનો બીજો ભાગ સુ. શ્રી ચંદનબહેન પટેલને સમર્પણ કરતાં પહેલાં અમોએ તેમની પરવાનગી માંગેલ, પરંતુ અમારી વિનંતીનો સ્વીકાર થઈ શક્યો ન હતો અને તેમણે સ્પષ્ટ ના પાડેલ. શ્રી નંદુભાઈની દીર્ઘકાળપર્યંત સેવા શુશ્રૂષા કરવામાં તેમના જીવનનો અમૂલ્ય ગાળો પસાર થયો છે અને એ સાંનિધ્યથી

તેમનું જીવન ધન્ય બન્યું છે. આમ, ટ્રસ્ટીમંડળની ભાવના હતી કે સુ. શ્રી ચંદનબહેન પ્રતિ આદરભાવ વ્યક્ત કરવા માટે આ ગ્રંથ તેઓશ્રીને સમર્પણ કરવો, એ જ એકમાત્ર શ્રેષ્ઠ માધ્યમ છે. આ બાબતે અંતે - 'ટ્રસ્ટીમંડળ જે કરશે તે પોતાને સ્વીકાર્ય રહેશે.' હૃદયના એવા ઊંડા ભાવથી તેમણે અમારી ઉપર નિર્ણય છોડી દીધો હતો. આમ, ટ્રસ્ટીમંડળે સ્વતંત્ર નિર્ણય લઈને આ ગ્રંથનો બીજો ભાગ સુ. શ્રી ચંદનબહેન તથા શ્રી નંદુભાઈની સેવામાં સાથે રહેલાં તેઓનાં સર્વે કુટુંબીજનો અને સેવક ભાઈઓને સમર્પણ કર્યો છે.

'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદ દ્વારા પ્રકાશિત 'હરિભાવ' સામયિકના તંત્રી શ્રી પ્રભુદાસ જાની, સુરત રૂબરૂ આવીને પૂજ્ય શ્રીમોટાના શ્રી નંદુભાઈ પરિવાર સાથેના પત્રવહેવારની તથા તેમની અંગત નોંધોની ૧૭ (સત્તર) ફાઈલો અમોને સોંપી ગયા હતા. આ તમામ અપ્રકાશિત પત્રોનો અભ્યાસ કરતાં જણાયું કે - આ પત્રોમાં તો પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી નંદુભાઈના જોડાણનો ઈતિહાસ, શ્રી નંદુભાઈનું સાધનામાર્ગે પ્રયાણ, આદરણીય કાંતાબા સાથેનો તેઓનો સંબંધ, શ્રી સિદ્ધાર્થભાઈનું જીવન, દરેક નિમિત્તોની ભૂમિકા પ્રમાણેનું માર્ગદર્શન, નાજુક ક્ષણોએ પૂજ્ય શ્રીમોટાએ જે રીતે સૌની કાળજી રાખી છે, રક્ષા કરી છે તેવા અનેક ભાવવાહી પત્રો સમાયેલા છે. આ વિશાળ સંગ્રહમાંથી શ્રી નંદુભાઈના જીવનકવનને અનુરૂપ પત્રોનો સમાવેશ કરીને આ ગ્રંથ બનાવવામાં આવ્યો છે. હજી ઘણા પત્રોનું પ્રકાશન બાકી છે. જેમાંથી વિષયવાર તારવણી કરીને હવે પછી ભવિષ્યમાં પ્રકાશન કરવાનું આયોજન છે. આ સંગ્રહ અમોને પૂરો પાડવા બદલ અમો 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

'હરિભાવ' સામયિકના તંત્રી શ્રી પ્રભુદાસ જાનીએ પ્રકાશનના તબક્કે જે તે સંકલનનું વાંચન કરી અમોને જરૂરી સૂચનો અને માર્ગદર્શન પૂરાં પાડેલ છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સદ્‌ગતશ્રી બાબુભાઈ રામી તથા શ્રી સમીરભાઈ પટેલે, આ અગાઉ શ્રી નંદુભાઈ વિશે 'સમર્થનો સ્પર્શ' નામથી જે સંકલન તૈયાર કરેલ તેમાંથી યથાયોગ્ય ટાંચણો આ ગ્રંથમાં લેવામાં આવ્યા છે. અમો સદ્‌ગતશ્રી બાબુભાઈ રામી તથા શ્રી સમીરભાઈ પટેલનો આભાર માનીએ છીએ.

સુ. શ્રી ચંદનબહેન પટેલ અત્યંત પ્રેમથી, લાગણીભીના હૃદયે આ ગ્રંથના પ્રકાશનમાં અમોને મદદરૂપ થયાં છે. તેઓશ્રીએ, શ્રી નંદુભાઈના પત્રો અને પોતાની નોંધ અમોને પૂરી પાડી છે. અમો સુ. શ્રી ચંદનબહેન પટેલને વંદન કરતાં અંતઃકરણપૂર્વક તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. સાથોસાથ સુરત આશ્રમના ટ્રસ્ટીશ્રી રજનીભાઈ બર્માવાળા તથા ડૉ. મનસુખભાઈ પટેલ ઉપરાંત, કેટલાંક સ્વજનો પણ અમોને મદદરૂપ થયાં છે, અમારાં માર્ગદર્શક બન્યાં છે. તેઓ સૌનાં મહત્ત્વનાં સૂચનોથી આ પુસ્તકની ગરિમા વધી છે. અમો તે સૌનો નમ્રભાવે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

શ્રી જયંતીભાઈ જાની ઘણાં વર્ષોથી પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનું પ્રૂફ રીડિંગ કરી રહ્યા છે. શ્રી નંદુભાઈ બન્ને આશ્રમના મૅનેજિંગ ટ્રસ્ટી હતા ત્યારથી જ શ્રી જયંતીભાઈની નિઃસ્વાર્થ સેવાઓ આશ્રમને મળતી રહી છે. તેમની નજર હેઠળ આશ્રમનાં પુસ્તકો મહદ અંશે ક્ષતિહીન બન્યાં છે. શ્રી નંદુભાઈ બન્ને જાની બંધુઓ – શ્રી પ્રભુદાસ જાની અને શ્રી જયંતીભાઈ જાનીને આશ્રમની

Asset (અસ્કામત - મિલકત) તરીકે સંબોધન કરતા. ગુજરાતી ભાષા, વ્યાકરણ અને પ્રૂફરીડિંગ વિશે શ્રી જયંતીભાઈ જાની ઊંડી સમજ ધરાવે છે. આ વિષયે તેઓ અમારા માર્ગદર્શક છે. જે તેમનું અપ્રગટ પાસું છે. પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ઊંડા ભક્તિભાવથી તેઓએ સામેથી ચાલીને આ કાર્ય માથે ઉપાડી લીધું છે અને આ જવાબદારી સ્વતંત્રપણે સંભાળી છે. હંમેશની માફક આ ગ્રંથની મુદ્રણશુદ્ધિનું કાર્ય પણ શ્રી જયંતીભાઈ જાનીએ સદ્ભાવપૂર્વક ત્વરિત ગતિથી, ઝીણવટથી અને ચોકસાઈપૂર્વક પાર પાડ્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ ગ્રંથનું મુદ્રણ પણ અન્ય પુસ્તકોની જેમ નિઃશુલ્કભાવે કરી આપ્યું છે. હરિઃૐ આશ્રમ, સુરતનાં તમામ પ્રકાશનોનું મુદ્રણકાર્ય સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. અમદાવાદ સંભાળે છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ અમો આ ગ્રંથ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

ભૌતિકતાનાં તમામ સંસાધનો મનુષ્યને ઉદ્વેગ મુક્ત કરવાને અસમર્થ છે. માનવીને ઈશ્વરરૂપ થયા વિના સુખ મળતું નથી, શાંતિ થતી નથી. આત્માની જાગૃતિ થયે જ અનંત શાંતિ પ્રાપ્ત થાય છે, પણ આતમની પ્રાપ્તિ અર્થે સાધનાપથનું જીવન જીવવું પડે અને એવું જીવન જીવવા માટે જીવનને ઘડવું પડે. તેવું જીવન ઘડવા માટે કઈ રીતે વર્તવુ જોઈએ એની કૂંચી આ ગ્રંથમાં હાથવગી છે. બ્રહ્મરૂપ થવાના શ્રી નંદુભાઈના પ્રયત્નો અને પુરુષાર્થની આ વર્ણનકથા છે. પોતાના અનુભવો અને પ્રકૃતિ વિશેની સમજ, એ

જ વ્યક્તિમાત્રના જીવનવિકાસનું સ્વતઃ પ્રમાણ છે. આ ગ્રંથમાં સત્યધર્મી, કર્મવીર, સાધક શ્રી નંદુભાઈનું પારમાર્થિક જીવનદર્શન થાય છે. તેમના પત્રોમાંથી એક અડગ જીવનવીરની જીવનદૃષ્ટિ પ્રતિબિંબિત થાય છે.

શ્રીમદ રાજચંદ્રની વાણીમાં કહીએ તો - **'આ દૂષિત કાળમાં ટકી રહેવાને માટે સત્પુરુષનું જીવન જ લોકોને સહારો બનશે.'** શ્રી નંદુભાઈની આ જીવનવિકાસગાથા, દૂષિત કાળની સમસ્યાઓથી ઘેરાયેલા સમાજ માટે ઊર્ધ્વ જીવનની પ્રેરણારૂપ ગાથા છે. આ ગ્રંથ જાગૃત જીવોને પ્રાણવાન મનોબળ તથા શ્રદ્ધાનો ટેકો પૂરો પાડશે, આતમમાર્ગના પથિકોને માટે આ પ્રકાશન દીવાદાંડી સમાન અચળ બની રહેશે. આ ગ્રંથના વાંચન થકી અંતઃસ્ફુરણા અને વૈચારિક જાગૃતિનો સ્ફોટ થાય છે, એવો અનુભવ સાધકને જરૂરથી થશે અને એ સમજણ થકી સાધક પોતાના જીવનનું યથાર્થ મૂલ્યાંકન કરી શકશે તેમ જ પોતાની મનોસ્થિતિ, પોતાના ગુણો - અવગુણો, પોતાની ભૂમિકાનું જીવનદર્શન પામી શકશે. અંતમાં सर्वे भवन्तु सुखिनःની શુભભાવના સાથે નમ્રભાવે અમો શ્રી નંદુભાઈની જીવનવિકાસગાથા સમાજને ચરણે અર્પણ કરીએ છીએ.

**'જે કંઈ થયા સહુ કરે, તવ શક્તિથી એ,**
**ને પાછું તે પદસમર્પણ સહુ કરાજો.'**

**તા.૫-૭-૨૦૨૦** — **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬ — હરિઃૐ આશ્રમ, સુરત.

# જીવન સાર્થકતાની કેડીએ

## વિભાગ : ૧

### પૂર્વાર્ધ - સંક્રાંતિકાળ

# અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | માતાપિતા અને જન્મ | ૩ |
| ૨. | બચપણ | ૯ |
| ૩. | મુગ્ધાવસ્થા | ૧૪ |
| ૪. | યુવાવસ્થા | ૧૭ |
| ૫. | વિદેશગમન | ૨૧ |
| ૬. | જીવન સાર્થકતાનું પહેલું મોજું | ૨૭ |
| ૭. | ઉદ્યમ અને ધન ઉપાર્જન | ૩૨ |
| ૮. | પ્રિય કરુણરસ અને ભ્રમણ | ૪૪ |
| ૯. | મહાત્મા ગાંધીના પ્રભાવ હેઠળ | ૪૭ |

# ૧. માતાપિતા અને જન્મ

વીસમી સદી એ રાજકીય, સામાજિક, ભૌતિક તથા આધ્યાત્મિક પરિવર્તનનો કાળ હતો. ભારતની આઝાદીનો પૉહ ફાટ્યો હતો. કાળપુરુષ મહાત્મા ગાંધીના ઉદયથી સદીઓથી સુષુપ્ત પડી રહેલ પ્રજામાનસમાં ચેતનાનો સળવળાટ થઈ રહ્યો હતો. વાતાવરણમાં સ્વામી વિવકાનંદે કરેલી બ્રિટિશ સામ્રાજ્યના સૂર્યાસ્તની આગાહીની ગર્જનાનો ગુંજારવ ગુંજી રહ્યો હતો.મહર્ષિ શ્રીઅરવિંદ અતિમનસને અવતારવા પોંડિચેરીમાં સ્થાયી થયા હતા. આધ્યાત્મિક જગતના વૈજ્ઞાનિક અને સમસ્ત વિશ્વના સંત શિરોમણિ **પૂજ્ય શ્રીમોટાનો જન્મ ચોથી સપ્ટેમ્બર, ૧૮૯૮માં ગુજરાતના સાવલી ગામે જિ. વડોદરા મુકામે થયો હતો.** આ કાળમાં અનેક સંતો ભારત વર્ષમાં ઠેર ઠેર અવતર્યા હતા.

૧૯૩૯માં મુક્તાવસ્થા પ્રાપ્ત કરી પછીથી પૂજ્ય શ્રીમોટાએ પ્રગટ થવાની શરૂઆત કરી. ૧૯૪૦થી ૧૯૭૬ સુધીના પ્રગટ જીવનના અવિભાજ્ય અંગ સમાન **તેમના સમર્થ શિષ્ય શ્રી નંદલાલ ભોગીલાલ શાહ ઉર્ફે 'ભાઈ'નો જન્મ ખેડા જિલ્લાના મહેમદાવાદમાં વાઘજીની પોળમાં સંવત ૧૯૬૧, આસો સુદ પાંચમ, પાંચમા નોરતે, ગુરુવાર તા. ૧૩-૧૦-૧૯૦૪ના રોજ થયો હતો.**

તેમની માતાનું નામ જેઠીબા અને પિતાનું નામ શ્રી ભોગીલાલ ત્રિભોવનદાસ શાહ હતું. જ્ઞાતિથી તેઓ દશાનાગર વૈષ્ણવ વણિક હતાં. પતિપત્ની બન્ને ખૂબ જ ધર્મપરાયણ હતાં.

શ્રી ભોગીલાલનાં પ્રથમ પત્ની ગુજરી ગયાં પછી તેમનાં ફરી લગ્ન થયાં હતાં. પૂજ્ય જેઠીબા તેમનાં બીજાં પત્ની હતાં.

તેમને પાંચ પુત્રો થયા. જેમાં સૌથી મોટા શ્રી વાડીલાલભાઈ, પછી શ્રી નંદુભાઈ, શ્રી બંસીલાલભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ અને શ્રી બાલમુકુંદભાઈ (બાલાભાઈ).

## માતુશ્રી જેઠીબા

માતા જેઠીબા ચીલેચલુ રીતે વૈષ્ણવ ધર્મને પાળનારાં હતાં. વૈષ્ણવોમાં ખાવાપીવાના, છૂઆછૂતના, મંદિરોમાં ભોગ ધરાવવાના વગેરે જે જનસામાન્ય આચારવિચાર હોય છે, તે બધા જેઠીબા ચુસ્તપણે પાળતાં. તેમની પાણીની ગોળીને અડવાની મનાઈ હતી. તેઓ સાબરમતી હરિજન આશ્રમથી આવનારને પોતાના રસોડાની બહાર બેસાડીને જમાડતાં. શરૂઆતમાં તેઓ હરિજન આશ્રમ, સાબરમતી જતાં પણ નહિ. ધર્મની બાબતમાં જેમ એક ગામડિયાની શ્રદ્ધા હોય છે, તેવી શ્રદ્ધા તેમનામાં હતી. વૃત્તિ, વિચાર, લાગણી, ભાવના વગેરેનાં પૃથક્કરણની તેમને ગતાગમ ન હતી.

પરંતુ આગળ જતા સુપુત્ર નંદલાલને, પૂજ્ય શ્રીમોટાનો સંગ થવાથી અને તે નિમિત્તે પોતે પણ શ્રીમોટાના રંગે રંગાયાં અને સમજણ કેળવાઈ, તેથી આ બધા રૂઢિચુસ્ત આચારવિચારોને પછીનાં વર્ષોમાં તિલાંજલિ આપી દીધી હતી.

પૂજ્ય જેઠીબા ખૂબ જ કર્મઠ અને કાર્યકુશળ હતાં. તેઓ કરકસરથી કુટુંબનો નિર્વાહ કરનારાં હતાં. આ ગુણો નંદલાલમાં ઊતરી આવ્યા હતા.

## પિતાશ્રી ભોગીલાલ

પિતાશ્રી ભોગીલાલ, અમદાવાદ નજીક અસલાલી, ધોળકા, સરખેજ, સાણંદ વગેરે ગામોમાં મહેસૂલ ખાતામાં ગ્રામ્ય કક્ષાના

તલાટી તરીકે નોકરી કરતા હતા. સરકારી મહેસૂલ ખાતામાં એમની ખ્યાતિ એક પ્રામાણિક નિષ્ઠાવાન સેવક તરીકેની હતી.

## પિતાશ્રીની પ્રામાણિકતા

સામાન્ય રીતે તલાટીઓ ગામલોકો પાસેથી ભેટ સોગાદો લેતા હોય છે, પરંતુ શ્રી ભોગીલાલ આમાં અપવાદરૂપ હતા. તેઓ કદી પણ લોકો પાસેથી મફતનાં શાકભાજી કે ધાન્ય લેતા નહિ. તેમનો પગાર અસલાલીમાં મહિને પાંચ રૂપિયા અને ધોળકામાં મહિને વીસ રૂપિયા હતો. 'આપણને જે કાંઈ મળે છે, તે બધું ભગવાનનું આપેલું છે,' એવી વૃત્તિથી સંતુષ્ટ જીવન જીવતા હતા. આટલા ટૂંકા પગારમાંથી પણ પરમાર્થભાવે રૂપિયો બે રૂપિયા દાન પેટે અચૂક વાપરતા. આવી દાનવૃત્તિ નંદલાલને વારસામાં મળી હતી.

## પિતાશ્રીની અભિમુખતા

શ્રી ભોગીલાલ, ભગવાન વિઠ્ઠલનાથના પરમ ભક્ત હતા. તેઓ ગીતાનો પાઠ રોજ કલાક દોઢ કલાક અચૂક કરતા. ભગવદ્ ગીતા તેમને કંઠસ્થ થયેલી. તેમનામાં દયા, પ્રામાણિકતા, નરમાશ, નમ્રતા, સ્વભાવની સરળતા, સાદાઈ, ચારિત્ર્યશુદ્ધિ, બીજાનું કામ કરી ચૂકવાની વૃત્તિ હતી. તેઓ ખુશામતથી પર, પરોપકારની ભાવનાવાળા, સત્સંગના રસિયા, શ્રમજીવી, સત્યવચની, નિંદા-કૂથલીથી પર, નિરભિમાની, નિષ્કપટી, પ્રભુમાં શ્રદ્ધા રાખનારા અને તેનાથી ડરીને ચાલનારા, નિઃસ્પૃહી, સંતોષી, નિર્લોભી, ગુરુમાં શ્રદ્ધા રાખનારા, ભક્તિભાવવાળા, ભક્તિપ્રધાન વલણવાળા એવા અનેક સદ્‌ગુણોથી સંપન્ન હતા. **'રાજા રામ કરે તે રૂડું'** એ એમની પ્રિય પંક્તિઓ હતી. તેમની ભૂમિકા સાધના અર્થે ખૂબ જ સારી હતી, પણ તેમને સાચો સંતસમાગમ જીવનમાં સાંપડેલો નહિ.

એકમાત્ર ક્રોધ દુર્વાસા જેવો હતો, પણ ગુસ્સો કર્યા પછી માફી પણ તરત માગી લેતા. તેઓ અનેક વાર કહેતા, ખાસ કરીને જ્યારે ક્રોધ કરીને પાંચ મિનિટમાં જ પાછા ઠંડા થઈ જતા ત્યારે અચૂક બોલતા, **'હે જીવ ! પ્રાણપ્રકૃતિ તે સાથે જાય' ! 'પ્રાણ ને પ્રકૃતિ સાથે જશે !'** એ તેમના અંતરમાં એટલું બધું ઠસેલું કે તેઓ કદી એમ માની જ ના શકતા કે સાધના થકી પ્રકૃતિને પલટાવી શકાય છે. પિતાશ્રીના સદ્‌ગુણોનો વારસો નંદલાલને મળ્યો હતો.

**સ્વમાની પિતાશ્રી**

તેઓ સ્વમાનના ભોગે નોકરી કરવામાં માનતા નહિ. અંગ્રેજોની ગુલામી એમને પસંદ ન હતી. ભગવાન વિઠ્ઠલનાથથી મોટું કોઈ નથી એવી દૃઢ શ્રદ્ધા તેમને હતી. એમને એમના ઉપરી અંગ્રેજ અમલદાર સાથે ક્યારેક ફાવતું નહિ.

એક વખત ગોરો અમલદાર એમને નોકરીમાંથી છૂટા કરવાનો હતો ત્યારે તલાટીઓના ઉપરી મામલતદારે ગોરાને સમજાવ્યો કે 'આટલા બધા તલાટીઓમાં આ ભોગીલાલ શાહ જ હિસાબ બરાબર રાખે છે. એટલે તમે એમને છૂટા ના કરશો. તમારે પ્રમોશન આપવાની ઈચ્છા ના હોય તો એને પ્રમોશન આપ્યા વગર એ જ નોકરીમાં ત્યાં જ રહેવા દેજો.' એટલે ગોરા સાહેબે ફાઈલમાં 'નો પ્રમોશન' એવું લખી દીધું. શ્રી ભોગીલાલને આની જાણ થઈ ત્યારે બોલ્યા, 'ગામેગામ ફરવું તો નહિ ! ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીવિઠ્ઠલનાથ.' પૈસાનો હિસાબ રાખવામાં ખૂબ જ ચીવટવાળા હતા. પૈસાના હિસાબની ચીવટનો ગુણ શ્રી નંદુભાઈમાં ઊતરી આવ્યો હતો.

## શિશુકાળના બે અલૌકિક પ્રસંગો

કહેવાય છે કે સંતો અને મહાપુરુષોના બાલ્યકાળમાં અદ્‌ભુત પ્રસંગો બનતા હોય છે. નંદલાલ ખરેખર નંદલાલા જ હતા ! તે જન્મથી જ દિવ્યતા લઈને આવ્યા હતા. નંદલાલના બચપણમાં અલૌકિક પ્રસંગો બન્યા હતા અને જેનું અનુમોદન પૂજ્ય શ્રીમોટાએ પણ આપેલું છે. એ પ્રસંગો પૂજ્ય જેઠીબાએ કહી સંભળાવ્યાં હતાં. આ પ્રસંગો જોતાં એમ લાગે છે કે શ્રી નંદુભાઈનો જન્મ કોઈ દિવ્ય હેતુ પાર પાડવા થયો હતો.

તેઓ જ્યારે સરખેજમાં રહેતા ત્યારે એક વખત જેઠીબા નંદુને લઈને જેઠ મહિનાના ધોમધખતા તડકામાં ગામથી દૂર એક મીઠા પાણીના કૂવા પર પાણી ભરવાં ગયાં હતાં. તે વખતે નંદુ ઘણો નાનો હતો. તાપ તો એટલો પડતો હતો કે ચકલું સરખુંયે ના ફરકે. કોઈ કરતાં કોઈ ત્યાં ન હતું, દીકરાને કૂવાના થાળા પર બેસાડીને એ પાણી ભરતાં હતાં. (નંદુ તરફ) એમની પૂંઠ હતી ને પાસે ભરેલી કૂંડી હતી તેમાં દીકરો ગબડી પડ્યો. એમને તો તેનો ખ્યાલ સરખોયે ન હતો. અને કોણ જાણે ક્યાંથી એક ફૂટડી જુવાન ભરવાડણ ખભે ડાંગ મૂકીને ત્યાં આવી. બાઈએ તો એકદમ કૂંડીમાં ઊતરીને તળિયેથી દીકરાને કાઢ્યો અને એમને કહ્યું, 'અરે બાઈ! આ દીકરો તમારો છે ? જરા જુઓ તો ખરાં ! એ તો પાણીમાં ડૂબી ગયો હતો.' જેઠીબા તો ગળગળાં થઈ ગયાં, દીકરાને છાતીસરસો ચાંપ્યો ને તે બાઈને ભગવાન જાણીને તેને બે હાથે પ્રણામ કર્યાં. સાક્ષાત્ ભગવાન જાણે ભરવાડણ બનીને આવ્યાં હતાં !

('જીવન પગથી', પાંચમી આ., પૃ. ૨૦૫)

શ્રી ભોગીલાલ સાણંદમાં તલાટી હતા, તે સમયે એક પ્રસંગ બન્યો. તે વખતે નંદુભાઈની ઉંમર પાંચસાત મહિનાની હશે. એક દિવસ જેઠીબા બાળક નંદુને લઈને કપડાં ધોવાં ગયાં હતાં. ત્યાં બાગ હતો. બાગમાં એક બાજુ બાળ નંદુને સુવાડીને પોતે કપડાં ધોવાં લાગ્યાં. એટલામાં બાગનો માળી ત્યાં આવી પહોંચ્યો અને બૂમ પાડીને કહેવા લાગ્યો, ‘અરે, બાઈ ! તમને કંઈ ભાન છે કે નહિ ? આવી રીતે છોકરાને બાગમાં જમીન પર તે સુવાડાતો હશે ? જુઓને આ પાસે  કેવો મોટો સાપ છે ? એમણે તરત દીકરાને ઉપાડી લીધો. કપડાં જેમ તેમ કરીને નિચોવી કાઢ્યાં અને દીકરાને જીવતો ઘેર લઈ ગયાં.

(‘જીવનપગથી’, પાંચમી આ., પૃ.૨૦૫)

કહેવાય છે કે આ રીતે સાપનું બાળક પાસે આવવું એ એક અલૌકિક ઘટના ગણાય. આ પ્રસંગો પછી જેઠીબાને ભગવાનમાં અતૂટ શ્રદ્ધા બેસી ગઈ હતી.

• • •

## ૨. બચપણ

નંદલાલનું બચપણ ૧૯૦૪ થી ૧૯૧૩ સુધી ધોળકામાં વ્યતીત થયું. બચપણથી જ નંદલાલ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ ખૂબ જ ચકોર, પ્રખર બુદ્ધિશાળી, નિર્ભય અને ઉત્સાહી સ્વભાવના હતા. ધોળકામાં સાતથી નવ વર્ષની ઉંમરે કોઈના ઘોડાને ઘરના સભ્યોથી છૂપી રીતે તળાવે પાણી પાવા લઈ જતા. આમ, ઘોડેસવારી પણ જાતે જ શીખી ગયા હતા.

### અભ્યાસ અને નેતૃત્વનો ગુણ

શ્રી ભોગીલાલ શાહ ૧૯૧૩ની આખરમાં અમદાવાદ રહેવા આવી ગયા. તેમનું ઘર માંડવીની પોળમાં આવેલી મોતીભાઈની ખડકીમાં જમણા હાથે છેવાડે હતું. નંદલાલે ધોળકામાં ગુજરાતી ચાર ધોરણનો અભ્યાસ પૂરો કર્યો અને ૧૯૧૪માં અમદાવાદમાં જગાભાઈ શેઠના ડહેલામાં રહી ધોરણ પાંચથી અભ્યાસ શરૂ કર્યો. ૧૯૧૫માં અંગ્રેજી પ્રથમ ધોરણ ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં પાસ કર્યું, તેમણે અંગ્રેજી ત્રીજા ધોરણમાં ગણિતમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક્સ મેળવેલા. વર્ગમાં પહેલો નંબર સત્યેન્દ્ર સંઘવી નામના વિદ્યાર્થીનો અને બીજો નંબર નંદલાલનો કાયમ રહેતો, જે ધોરણ સાત સુધી રહેલો. તેમ જ ધોરણ ત્રણથી ધોરણ સાત સુધી વર્ગમાં મૉનિટર તરીકે રહેલા.

### શાળાના વર્ગમાં ઊંઘવાની ટેવ

નંદલાલ અંગ્રેજી સાતમા ધોરણમાં હતા ત્યારે અંગ્રેજીનો પહેલો પિરિયડ રહેતો. શાળાના પ્રિન્સિપાલ શ્રી વિનાયકપ્રસાદ તે પિરિયડ લેતા હતા. આ અંગ્રેજીના વર્ગ દરમિયાન નંદલાલ

આગળની બેન્ચ ઉપર જ બેસતા. નંદલાલ ક્લાસના મૉનિટર હતા. વર્ગકાર્ય દરમિયાન તે પાટલી ઉપર હાથ નાખીને ઊંઘી જતા. શ્રી વિનાયક સાહેબ જાણવા છતાં તેમને ઊંઘવા દેતા. આમ, ઘણો લાંબો સમય ચાલેલું. નંદલાલના ઘણા પ્રયત્ન પછી પણ ઊંઘ આવી જ જતી. તેમને આ બાબતથી શરમ પણ આવતી. તે પછી તો શરમ પણ ચાલી ગઈ હતી અને તે રીતસર ઊંઘી જ જતા.

## બુલંદ અવાજ અને નેતૃત્વ

જ્ઞાતિના મેળાવડા થતા. એમાં બધાં છોકરાંઓ કરતાં નંદલાલનો અવાજ એવો જોરદાર કે છેવાડે બેઠેલાંને પણ સંભળાય ! ૧૯૨૧માં જ્ઞાતિના મેળાવડાનો કાર્યક્રમ હતો અને અગાઉથી તેની તૈયારીઓ ચાલતી હતી. એ રિહર્સલ કરતાં કરતાં કાર્યક્રમના દિવસે જ તેમનું ગળું બેસી ગયું હતું. તે વરિયાળીના પાણી જેવા ઉપચારથી સારું થયું હતું. ક્રિકેટની ટીમમાં પણ ઘાંટા પાડવામાં નંદલાલના અવાજનો પહેલો નંબર હતો. તે જ્ઞાતિમાં ઊજવાતા પ્રસંગો અને મેળાવડામાં પણ મુખ્ય જવાબદારી નિભાવતા. બજારમાંથી ખરીદી કરવી, ખરીદેલી નાની મોટી ચીજ વસ્તુ ઉપર લેબલ લગાવવું, ઇનામોની વહેંચણી કરવી, તેની યોગ્ય વ્યવસ્થા કરવાનું કામ તેઓ એકલા હાથે જ કરતા.

અભ્યાસકાળથી જ શાળાની તથા જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. રમતગમત, નાટક, ઉત્સવની ઉજવણીના પ્રસંગોમાં આગળ પડતો ભાગ લઈ જવાબદારી સંભાળતા. ક્રિકેટ રમવાનો તેમને અસીમ શોખ હતો. અંગ્રેજી ચોથા ધોરણથી હાઈસ્કૂલની ક્રિકેટની ટીમમાં સેકંડ બૉલર તરીકે કપ મૅચમાં ઊતરેલા અને

ધોરણ પાંચમા, સિનિયર ટીમના કૅપ્ટન તરીકે હતા. મૅટ્રિક પાસ થતાં સુધી કૅપ્ટન તરીકે રહેલા. ક્રિકેટમાં બૉલર, બૅટ્સમૅન તથા ફિલ્ડર એમ ઑલરાઉન્ડર તરીકે ઉત્કૃષ્ટ દેખાવ સાથે ક્રિકેટ રમતા. તેમનાથી મોટી ઉંમરની ટીમની કપ મૅચમાં પણ કૅપ્ટન તરીકે નિમાતા. આ ઉપરાંત, નંદલાલને ગિલ્લીદંડાનો ખૂબ જ શોખ હતો અને તેમાં તેઓ માહેર હતા.

તેમને ૧૦ થી ૧૫ વર્ષની ઉંમરના ગાળામાં પતંગનો ભારે શોખ હતો. પતંગ ચગાવવામાં નિપુણ હતા. અમદાવાદમાં પોળોનાં છાપરાં ઉપર અને સરેઆમ રસ્તા ઉપર દોડતા ને કૂદકા મારતા. આમ, એક પોળથી બીજી પોળ, ત્રીજી પોળ એમ સળંગ દોડતા. ભમરડા ફેરવવામાં પણ નિપુણ હતા. નાટકમાં પણ ભાગ લઈ સુંદર અભિનય કરતા. નંદલાલની બાળટોળી હોળીના દિવસે કંઈ ને કંઈ વસ્તુઓ તોડી પાડતી અને ખેંચી લાવી બાળતી અને લોકોને હેરાન કરતી.

## ૧૨ વર્ષની ઉંમરે હાજરજવાબી

નંદલાલ જ્ઞાતિના પ્રસંગોમાં પણ ખૂબ જ હોંશપૂર્વક કામ કરતા. લગ્નપ્રસંગે પીરસવાના કામમાં એમનું નામ હોય જ. એ પહેલેથી હાજરજવાબી અને સ્વમાની હતા. ૧૯૧૬ની સાલમાં શ્રી સોમાભાઈ બૅંકરનાં લગ્ન હતાં. તેમાં પ્રભાબહેનની મોટી બહેન સવિતા, જેને સાંકળચંદ વીમાવાળાના પુત્ર સાથે પરણાવેલી, તે પણ આવેલી. ડૉ. ઈશ્વરભાઈ (ઈશુભાઈ) એ સમયે ૧૩ વર્ષના હતા. ઈશુભાઈ અને નંદલાલ, બહેનો જમવા બેઠી હતી ત્યારે પીરસતા હતા. પીરસતાં પીરસતાં ઈશુભાઈથી દાળ કે શાકનો છાંટો સવિતાના કપડામાં લાગ્યો. એટલે સવિતા બોલી 'સાલા !

દેખાતું નથી ?' ઈશુભાઈ તો કશું બોલ્યા નહિ. નંદલાલ પીરસવામાં ઈશુભાઈની પાછળ જ હતા, તે આ સાંભળી ગયા. તેમનાથી રહેવાયું નહિ એટલે બોલ્યા, 'બનેવી કહેતાં જોર આવે છે ?' આ વાતનાં ૧૩ વર્ષ પછી પ્રભાબહેન સાથે ખરેખર ડૉ. ઈશુભાઈનાં લગ્ન થયાં અને સવિતાબહેનના બનેવી થયા ! આમ, ૧૨ વર્ષના નંદલાલના મજાકના શબ્દો પણ સાચા પડ્યા ! આમ, નંદલાલ કોઈનું સાંખી લે એવા ન હતા.

## જન્માષ્ટમી - પ્રિય ઉત્સવ

નંદલાલને જન્માષ્ટમીનો ઉત્સવ ઘણો ગમતો. ક્યારે નાગપંચમી, રાંધણછઠ, શીતળાસાતમ, અષ્ટમી અને નોમના પારણાં આવે એમ એમને થયા કરે ! આ દિવસોમાં વરસાદના છાંટા પણ આવતા હોય ત્યારે નંદલાલ ઘરનાં બધાં અને મિત્રો સાથે જન્માષ્ટમીની મધ્યરાત્રિએ રાયપુર મંદિર અને દોશીવાડા પોળના મંદિરે કૃષ્ણજન્મ દર્શન કરવાં જતા. મંદિરેથી ઘેર આવી નાહીને રાંધણછઠના રાંધેલાં પૂરી વડાં ખાઈ સૂઈ જતા. સવારે અંદાજે પાંચ વાગ્યે ઊઠે ત્યારે મોટી બા રસોઈ કરી રહેવા આવી હોય. ઘાસલેટના ખડિયાના ટગમગતા નાનકડા દીવાના અજવાળે રસોઈ લાકડાના ચૂલે થઈ રહી હોય. શીરોપૂરી જમવાના મળશે એ આનંદ પણ હૈયે હોય. ભજિયાં અને બત્રીશ જાતનાં પકવાન પણ ખરાં જ. શાક, ચણાનું શાક, દાળભાત પણ હોય જ. તે બધું પૂજ્ય બા ચાર વાગ્યે ઊઠીને કરતાં અને છ વાગ્યે તો રસોઈ થઈ જતી. સવારે રાસનાં દર્શન કરવાં જતાં અને ત્યાં ભીડમાં ગુલાલ પણ ઊડતો હોય. દર્શન કરી આવી સાત-સાડાસાતે જમી લેતા. એ રસોઈનો સ્વાદ દાઢે ચોંટે તેવો હતો.

હારબંધ દિવસો સુધી ઉજાણી જાણે ! તે રાંધણછઠની સાંજથી નોમની સવાર સુધી તે ઉત્સાહ આનંદ ટકી રહેતો અને બીજા વર્ષની રાહ આતુરતાથી જોવાતી. જ્યાં અછત છે તેવાં ગામડાંઓમાં આજે પણ આવા ઉત્સવોનો આનંદ જોવા મળે છે. શહેરોની વિપુલતાએ આવા આનંદનો નાશ કર્યો છે.

## ડાકોર મંદિર

કુટુંબ વૈષ્ણવ વણિક હોવાથી ડાકોરના શ્રીરણછોડરાયના મંદિરે જવાનું અવારનવાર બનતું. બાળ નંદુને ઘણી વખત તેમના પૂજ્ય દાદા સાથે ડાકોર શ્રીરણછોડરાયનાં દર્શને જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. ૧૯૧૯ની સાલમાં પણ શ્રીરણછોડરાયનાં ચરણસ્પર્શ કર્યાં હતાં. ત્યાં મંદિરમાં રાજભોગનું કેસરયુક્ત કઢેલું દૂધ પીવા મળતું, તેની સ્મૃતિ કાયમ રહી હતી અને મોટપણમાં પણ શ્રીરણછોડરાયનાં દર્શને જવાનું થતું રહેતું.

• • •

# ૩. મુગ્ધાવસ્થા

## ઉદ્યમી સ્વભાવ

દશબાર વર્ષની ઉંમર સુધી તો તે અલ્લડ હતા. કામ કરતાં કરતાં રમવા પણ નાસી જતા ! નંદલાલ મોટી બાને ઘરના કામકાજમાં મદદ કરતા નહિ. તેમને મદદ તો મોટા ભાઈ વાડીભાઈ કરતા. નંદલાલ તો ઊલટો ઉધમાત કરતા, ઢોળતા ફોડતા ! મૂછનો દોરો ફૂટ્યા પછી તેમનામાં ગંભીરતા આવી અને તેરચૌદ વર્ષની ઉંમર પછી ઘરકામમાં મદદ કરવા લાગ્યા હતા.

પિતા ભોગીલાલ અને માતા જેઠીબાના પરિવારમાં દીકરી ન હોવાથી પોતાની જવાબદારી સમજીને જેઠીબાને ઘરકામ, રસોઈકામમાં ઉત્સાહપૂર્વક નંદલાલ મદદ કરતા થયા, તે પછી રસોઈકળામાં પણ નિપુણતા આવી ગઈ હતી. તેઓ ખૂબ સ્વાદિષ્ટ અને વૈવિધ્યપૂર્ણ રસોઈ બનાવતા. લાડુ, જલેબી, મોહનથાળ, શીરો, મગસ વગેરે વિવિધ મિષ્ટાન્ન બનાવતા શીખી ગયા હતા. તેમને કોઈ પણ પ્રકારનાં કામમાં કંટાળો કે અભાવ આવતો નહિ. કપડાં ધોવાં, પાણી ભરી લાવવું વગેરે કામમાં તે જેઠીબાને મદદ કરતા.

નંદલાલને પાણી સાથે પ્રીતિ વિદ્યાર્થીકાળથી જ હતી. વાંચતાં વાંચતાં ઊંઘ આવે કે થાક લાગે તો કપડાં ધોવાંનું કરતા. કપડાં ધોઈ આવ્યા બાદ ફરી ઉત્સાહ, આનંદ અને પ્રસન્નતા વ્યાપી જતાં. કપડાં ધોવાંમાં અને વાસણ ઊટકવાંમાં આનંદ આવતો. કામ કરવામાં આનંદ અને કામગરો સ્વભાવ એ નંદલાલને જેઠીબા તરફથી વારસામાં મળ્યા હતા. તેમને કામ કરવામાં થાક ન લાગતો.

## બાનો લાડકો નંદુ

મોટા ભાઈ વાડીભાઈ અને નંદુ, બે ભાઈઓ જ જેઠીબાને મદદરૂપ થઈ શકતા હતા. બીજા ત્રણ ભાઈઓ હજુ નાના હતા. મોટા બન્ને ભાઈઓમાં જેઠીબાને નંદુ વધારે વહાલો હતો. તેઓ કહેતાં કે, **'સવારમાં ઊઠતાવેંત હું નંદુનું મોં જોઉં તો મારો દહાડો આનંદમાં જાય.'**

## ગરીબી

શ્રી ભોગીલાલની પ્રામાણિકતા અને સ્વાભિમાને કુટુંબની ગરીબાઈની ખાઈ વધારી દીધી હતી. પાંચ સંતાનો સાથેના કુટુંબનો ટૂંકી આવકમાં નિર્વાહ કરવો ભોગીલાલ અને જેઠીબા માટે શ્રમદાયક હતો. જેઠીબા સવારે ચાર-સાડાચારે ઊઠી જઈ રાતના ૧૦ વાગ્યા સુધી અવિરત કામ કરતાં. કુટુંબ માટે વધારાની આવક રળવા ઘરકામ સિવાય બીજું પૈસા કમાવાનું કામ પણ કરતાં રહેતાં. વહેલી સવારે દિવેલના દીવે સોનીઓના વાળાની ગઠ્ઠાછોડ કરતાં.

જેઠીબા શિયાળામાં ખાસ આમળાનો મુરબ્બો બનાવીને બરણીમાં ભરી રાખતાં અને તેમાંથી બધા ભાઈઓને રોજ સવારે નરણાકોઠે આપતાં. શિયાળામાં બીજા પાક કે વસાણા તો કરી આપવાની જોગવાઈ ગરીબાઈને કારણે હતી નહિ. એટલે આમળાનો મુરબ્બો કરતાં. અછતની મીઠાશ જુદી હોય છે અને ત્યારથી નંદુલાલને આમળા ખૂબ ભાવતા બની ગયેલા હતા.

નંદલાલે નાનપણથી જ ખાનગી ટ્યૂશનો કરીને મૅટ્રિક સુધીનો અભ્યાસ પૂરો કર્યો હતો. પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુથી ખાનગી ટ્યૂશન આપવાની શરૂઆત કરી હતી. તે

સમયે માસિક ૧ કે ૨ રૂપિયાથી ટ્યૂશન કરતા. પછીથી ઓગણીસ વર્ષની ઉંમરે ટ્યૂશનના રૂ. ૧૦/- મળવાનું શરૂ થયેલું.

નંદલાલે પ્રિવિયસ (તે સમયનું કૉલેજનું પહેલું વર્ષ) પછી ભણવું નથી એવી ગાંઠ બાંધી લીધી હતી અને કુટુંબ માટે કમાવા માંડવાનું નક્કી કર્યું હતું. આથી, નંદલાલે કૉલેજ અભ્યાસ છોડવાનો નિર્ધાર કર્યો. આ વાતની કૉલેજના ગોરા પ્રિન્સિપાલને જાણ થઈ. નંદલાલ એટલા તેજસ્વી વિદ્યાર્થી હતા કે કૉલેજના ગોરા પ્રિન્સિપાલ તેમની કાર લઈને ભોગીલાલ તલાટીનું ઘર શોધતા આવેલા અને નંદલાલને કહ્યું કે પૈસાની અગવડ હોય તો હું ભણવાના પૈસા આપું. તું અભ્યાસ ચાલુ રાખ, પણ નંદલાલ કહે, 'ના, મને પૈસા તો મોટા ભાઈ આપે એમ છે, પણ **મારે હવે કોઈને ભારરૂપ નથી થવું અને મારે કમાઈને મારા કુટુંબને આપવું છે.'**

• • •

# ૪. યુવાવસ્થા

## દેશભક્તિના સંસ્કાર

કેવો યોગાનુયોગ ! નંદલાલના જીવનમાં મહાત્મા ગાંધીજી અને શ્રીમોટાનું સંકળાવાનું થવા માટે પૂર્વભૂમિકા તૈયાર થઈ રહી હતી.

નંદલાલનું ધોળકાથી ચાર ધોરણ સુધીનો અભ્યાસ કરીને ૧૯૧૩માં અમદાવાદ આવવાનું થયું હતું. તે જ સમયે મહાત્મા ગાંધીનું સ્વદેશ આગમન ૧૭ ફેબ્રુઆરી, ૧૯૧૫માં થયું. પૂજ્ય ગાંધીજીએ પ્રથમ કોચરબ, અમદાવાદમાં ૨૦ મે, ૧૯૧૫માં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી અને ૧૭ જૂન, ૧૯૧૭માં આ સ્થાન બદલી સાબરમતી નદીકિનારે સાબરમતી આશ્રમ સ્થાપ્યો કે જ્યાં ભવિષ્યમાં શ્રી નંદુભાઈ અને પૂજ્ય શ્રીમોટાનું મિલન થવાનું હતું અને તેમના આધ્યાત્મિક જીવનની શરૂઆત થવાની હતી. મહાત્મા ગાંધીજીએ અમદાવાદને આખા દેશનું મુખ્ય મથક બનાવી આઝાદીની ચળવળ ચાલુ કરી હતી.

૧૯૧૯માં અંગ્રેજ સરકારે 'રોલેટ ઍક્ટ'નો કાળો કાયદો કાઢ્યો. એ જ વર્ષની ૧૩ એપ્રિલે પંજાબમાં જલિયાંવાલાબાગ હત્યાકાંડ થયો. જેમાં એક હજાર કરતાંયે વધારે લોકોની જનરલ ડાયરે બંદૂકની ગોળીઓથી હત્યા કરી. જેના પ્રચંડ વિરોધમાં ૨ ઑગસ્ટ, ૧૯૨૦ના રોજ અસહકાર આંદોલનના શ્રીગણેશ થયા. આ સમયે નંદલાલ મુગ્ધાવસ્થામાં પ્રવેશી ચૂક્યા હતા. યુવા નંદલાલની નજર સમક્ષ આ બધા પ્રસંગો બનતા રહ્યા હતા. યુવાવસ્થાના થનગનાટે એમને મહાત્મા ગાંધીજી પ્રત્યે અદ્‌ભુત આકર્ષણ જન્માવી દીધું હતું.

આખાયે દેશમાં અસહકારની ચળવળ ચાલી રહી હતી. પિતા શ્રી ભોગીલાલમાં અંગ્રેજોની ગુલામી પ્રત્યે પહેલેથી જ નારાજગી

હતી. શ્રી ભોગીલાલ પણ મહાત્મા ગાંધીજીના રંગે રંગાઈ ગયા હતા. તેઓ ગાંધીજીએ સૂચવેલા સામાજિક સુધારાઓને પોતાના જીવનમાં અમલમાં મૂકતા અને ગાંધીજીની ચળવળમાં પણ ભાગ લેતા. પિતાશ્રીની ગાંધીભક્તિ નંદલાલના યુવામાનસ ઉપર ઊંડી છાપ છોડી ગઈ હતી.

## એકાંતપ્રિય અને સમૂહપ્રિય બન્ને સાથે !

નંદલાલે ૧૯૨૨માં મૅટ્રિકની પરીક્ષા આપી. પરિણામ આવવાને વાર હતી. તેમને રજાઓના સમયને મિત્રો સાથે પસાર કરવાની મજા આવતી હતી. મોટા ભાઈ વાડીભાઈના એક સમયે મહેમદાવાદમાં એમની સાથે ભણતા એમની જ જ્ઞાતિના ખાસ મિત્ર શ્રી ગોપાળભાઈ રતલામ રેલવે લાઇનમાં બી.બી.સી.જી.ના એક ફ્લેગ સ્ટેશને આસિસ્ટંટ સ્ટેશન માસ્તર હતા. તેમણે નંદલાલને રજાઓમાં એમને ત્યાં આરામ અને હવાફેર કરવા આમંત્રણ આપ્યું. નંદલાલને જીવનમાં પ્રથમ વાર આણંદ સ્ટેશન છોડીને રતલામ બાજુ જવાનું થયું. આ ફ્લેગ સ્ટેશન ગામથી દૂર હતું અને ફક્ત બે જ ક્વાર્ટર હતા. આમ, નજીકમાં વસ્તી હતી નહિ, પરંતુ આ જગ્યા ઘણી રળિયામણી હતી. ઘરથી નજીકમાં નાની નાની ટેકરીઓ હતી. જીવનમાં નંદલાલે પ્રથમવાર જ આવી ટેકરીઓ જોઈ હતી. નંદલાલ સવારમાં આ ટેકરીઓ ઉપર દોડતાં દોડતાં ફરવા જતા. ટેકરીઓના એકાંતની મજા માણતા. ઘરમાં પણ ગોપાળભાઈ સિવાય બીજું કોઈ રહેતું નહિ. મુખ્યત્વે નંદલાલ જ રસોઈ બનાવતા. ક્યારેક ગોપાળભાઈ મદદરૂપ થતા. આમ, આ એકાંત સ્થળમાં નંદલાલ ઘણા દિવસો રહ્યા. છતાં એમને એકલું એકલું લાગતું ન હતું. એમને તો એકાંતજીવન અને સમૂહજીવન

બન્નેમાં આનંદ આવતો હતો. જીવનનાં બન્ને પાસાંઓને એ માણી શકતા હતા. એકાંત ગમતું ના હોત તો અમદાવાદ જેવું ભીડભાડવાળું શહેર મૂકીને જાત જ નહિ. આ સ્થળેથી મૅટ્રિકની પરીક્ષાના પરિણામના દિવસે નીકળી અમદાવાદ પરત ફર્યા. આમ, આવી બન્ને સામસામા છેડાની પ્રવૃત્તિઓએ નંદલાલના જીવનને ઘડવામાં ભાગ ભજવ્યો હતો.

## ઍંજિન ડ્રાઈવરની નોકરીની તક

આ ગોપાળભાઈએ નંદલાલને મેલ ટ્રેનમાં ડ્રાઈવર થવાની ભલામણ કરી. તેમણે કહ્યું, 'મૅટ્રિક સુધી ભણેલાઓને સરકાર સારો ચાન્સ તરત આપે છે. શરૂમાં ડ્રાઈવરની બાજુમાં રહીને ઍંજિનમાં કૉલસા નાખવાનું કામ કરવાનું ને શીખવાનું. તે પછી ડ્રાઈવર થવાય અને રૂ.૧૫૦/- પગાર મળે. તદુપરાંત ફ્રી ક્વાર્ટર, બીજાં ભથ્થાં વગેરે મળે.' આ નોકરી અપાવવાની ગોઠવણ કરવાની જવાબદારી તેઓએ સ્વીકારી હતી પણ નંદલાલનું દિલ માન્યું નહિ. શ્રી ગોપાળભાઈ ખૂબ જ પ્રેમાળ હતા. ૧૯૨૪માં નંદલાલ પ્રથમ વાર યુરોપ સ્ટીમરમાં જતા હતા ત્યારે સ્ટીમરે લંગર છોડ્યું તે વખતે ગોપાળભાઈ દોડતાં દોડતાં આવજો કહેવા આવ્યા હતા !

વિદ્યાર્થી અવસ્થામાં ભણવામાં **'કલાપીનો કેકારવ'** અભ્યાસક્રમમાં આવતો. તેમાંનું **'મહાત્મા મૂળદાસ'**નું કાવ્ય ખૂબ જ ગમતું. શ્રી મૂળદાસની વ્યક્ત થયેલી ભાવના નંદલાલના હૃદયને સ્પર્શતી હતી.

હવે, નંદલાલે કૉલેજમાં પ્રિવિયસમાં ઍડ્મિશન લીધું. પ્રિવિયસની છ માસિક પરીક્ષામાં સંસ્કૃત અને ટ્રીગોનોમેટ્રી બન્ને વિષયમાં ગાફેલપણા અને વધારે પડતા આત્મવિશ્વાસને લીધે નાપાસ થયા. તે પછી મનોમન નક્કી કરેલું હતું કે હવે ભણવું નથી અને

કુટુંબ માટે કંઈક કમાતા થવું છે. વાર્ષિક પરીક્ષામાં ખૂબ મહેનત કરી અને બધા વિષયોમાં પાસ થયા. આગળ ભણવું ન હતું છતાં પાસ થવાની જહેમત ઉઠાવી, કારણ કે નાપાસ થાય તો કોઈ કહે કે નાપાસ થયો એટલે આગળ ભણવાનો નથી ! પરંતુ પરિણામ આવે એ પહેલાં નંદલાલ મુંબઈ વેપારાર્થે પહોંચી ગયા.

## શ્રી ગોપાલમામા

જેઠીબાના નાના ભાઈ શ્રી ગોપાલમામાને શ્રી નંદુભાઈ પ્રત્યે ખૂબ જ ભાવ હતો. તેઓ પોતે વકીલાતનું ભણ્યા હતા. તેઓએ વકીલાત છોડી મુંબઈમાં મારવાડી શેઠ સૂરજમલની હીરાની પેઢીમાં નોકરી કરવાનું સ્વીકાર્યું હતું અને સારા પૈસા કમાતા હતા.

## વકીલ થવું હતું

જેમ વર્તમાનકાળમાં ડૉક્ટર થવું એ વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી હોય છે, તેમ એ કાળમાં વકીલ થવું એક પ્રતિષ્ઠાનો વિષય હતો. નંદલાલને પણ ભણીગણીને વકીલ થવાની ઇચ્છા હતી. ઈ.સ. ૧૯૨૨-૨૩માં નંદલાલ, અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રિવિયસ ક્લાસમાં હતા. આ સમયે એક દિવસ શ્રી ગોપાલમામાએ નંદલાલને પૂછ્યું, 'ક્યાં સુધી ભણવું છે તારે ?' નંદલાલ કહે, 'મારે તો વકીલ થવું છે.' શ્રી ગોપાલમામાએ કહ્યું, 'પછી શું કરશો ?' નંદલાલ કહે, 'પૈસા કમાઈશ અને કુટુંબને આપીશ.' શ્રી ગોપાલમામાએ સલાહ આપી કે, 'જો હું પણ વકીલનું ભણ્યો હતો, પણ હવે ધંધામાં સારા પૈસા કમાઉં છું. પૈસા કમાવા માટે ભણવાની જરૂર નથી. મારું માને તો તું આ ભણવાનું મૂકી મારી સાથે મુંબઈ ધંધામાં આવી જા.' નંદલાલને મામા પ્રત્યે ખૂબ જ આદર અને ભાવ હતો. તેઓ બન્ને વચ્ચે પિતાપુત્ર જેવો સ્નેહ હતો.

• • •

# ૫. વિદેશગમન

## ધન કમાવાની ધૂન

કોઈ પણ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરવા ધૂન કે ભાવનાની જરૂરિયાત હોય છે. એ ધૂન જે દિશામાં ઉપયોગમાં લેવામાં આવે તે દિશામાં પ્રગતિ થતી હોય છે. એક ક્ષેત્રની પ્રચંડ ભાવના બીજા ક્ષેત્રમાં પ્રવેશે તો ત્યાં પણ સફળતા મળે છે. માત્ર ભાવનાનું સ્વરૂપ બદલાય છે, શક્તિ એની એ જ રહે છે. ભૌતિક ક્ષેત્રની ધૂન, જીવનની કોઈ  ક્ષણે આધ્યાત્મિક ક્ષેત્રમાં પલટાઈ જઈ શકે છે. આ રીતે જ વાલિયો લુંટારો વાલ્મીકિ બની ગયો હતો અને એ જ રીતે પૂજ્ય શ્રીમોટાની દેશસેવાની ધૂન, આધ્યાત્મિક ધૂનમાં રૂપાંતરિત થઈ હતી.

## સૌનાં પ્રીતિપાત્ર

શ્રી ગોપાલમામાએ નંદલાલનું હીર પારખી લીધું હતું. શ્રી ગોપાલમામા, નંદલાલને ૧૯૨૩માં મુંબઈ લઈ ગયા. તેમના કહેવાથી નંદલાલને મુંબઈના ઝવેરીબજારમાં નોકરી મળી ગઈ.

ત્યાં ચંદુલાલ મણિલાલ ઍન્ડ કંપનીના શ્રી ચંદુભાઈ રાયચંદ, જેઓ પાલનપુરના વતની હતા. તેમને નંદલાલ ઉપર સારો ભાવ હતો. નંદલાલ ખૂબ જ મહેનતુ અને પ્રામાણિક હતા. તેમનું જમવાનું કાયમનું લૉજમાં રહેતું. લૉજમાં જમવાનું પ્રમાણમાં ઠીક મળતું. કેરીની સિઝનમાં આફૂસ કેરી ખાવા મળતી. નંદલાલને કેરી ઘણી પ્રિય હતી, પરંતુ આફૂસ કેરી ખાધા પછી જડતા આવી જતી અને ઊંઘ આવવા લાગતી. પાયરી કેરી ખાવાથી એવું થતું

નહિ. એટલે નંદલાલ પાયરી કેરી પસંદ કરતા. શ્રી ચંદુલાલને નંદલાલ માટે ખૂબ જ સહાનુભૂતિ અને હમદર્દી હતી. તેઓએ પ્રથમ દિવાળીએ નંદલાલને રૂ.૨૫/- બક્ષિસમાં આપેલા અને તેમની બે ઓરડીઓ અને થોડું વેપારનું કામ નંદલાલને તેમના વતન પાલનપુર જતી વખતે સોંપતા ગયા હતા.

આઝાદી પહેલાંના આ કાળમાં રાજામહારાજાઓ ઝવેરી બજારમાં દાગીના ખરીદવા આવતા. નંદલાલનું કામ હીરાના દાગીના વૅલ્વેટનાં કપડાં ઉપર ગોઠવી સુંદર રીતે પ્રદર્શનમાં રાખવાનું હતું. આમ, દાગીનાનો સારો ભાવ આવતો. ઘણી વાર મહારાજાઓને એમ ને એમ સીધો માલ વેચવા કરતાં જાહેર લીલામમાં વેચાય તો પૈસા સારા મળતા હતા. જાહેર લીલામ પતી ગયા પછી નંદલાલને તેમના આ કામ માટે રૂ.૨/- બક્ષિસ તરીકે મળતા. એ જમાનામાં આ રકમ મોટી ગણાતી. એટલે મહિને સારી આવક થતી.

યુવાન નંદલાલના શરીરનો બાંધો ઊંચો અને પાતળો, ગૌરવર્ણી અને આકર્ષક હતો. તેમની આંખો નીલવર્ણી અને તેજસ્વી હતી. આવું પ્રભાવશાળી વ્યક્તિત્વ પણ એમના કાર્યમાં સફળતા માટે મદદરૂપ હતું.

આ ઉપરાંત, તેઓ ઝવેરીબજાર એસોસિએશનમાં પણ નોકરી કરતા. શરૂઆતમાં કામ ઓછું રહેતું. એટલે એસોસિએશનના મેમ્બરો એમને પોતાનાં અંગત કામો પણ સોંપતાં. નંદલાલ ખુશીથી એ કામ કરી આપતા અને પૈસાની પાઈએ પાઈનો હિસાબ પાછો આપતા. ઝવેરીઓ બક્ષિસ આપે તો નંદલાલ નમ્રતાથી ના પાડી કહેતા, ‘સર, તમે મને પગાર આપો છો અને હું નવરો બેસું તો

આ કામ કરવા માટે જુદા પૈસા આપવાના ના હોય.' એમની કામ કરવાની ધગશ, સત્યપ્રિયતા અને પ્રામાણિક વર્તનથી ઝવેરીઓ એમના ઉપર ખુશ હતા. ઝવેરીઓ એમને દિવાળી પ્રસંગે બક્ષિસ આપે તોપણ નંદલાલ ના પાડી દેતા અને કહેતા, 'તમે મને પગાર આપો છો એમાં હું કામ કરું છું અને કામ કરવાનો મને આનંદ છે.' આમ, નંદલાલે તેના સંસર્ગમાં આવતાં બધાંનો વિશ્વાસ સંપાદન કર્યો હતો.

નોકરીમાં ચોકસાઈ, પ્રામાણિકતા, ખંત અને ઉત્સાહને કારણે નંદલાલે બધાંનાં દિલ જીતી લીધાં હતાં. એટલે બધાંને એમ થતું કે આવા છોકરાને આગળ લાવવામાં આપણે મદદરૂપ થવું જોઈએ.

### સદ્ભાવની કમાણી - પેરીસ - ફ્રાંસમાં નોકરી

માનવના હૃદયમાં જાગેલ સદ્ભાવ જ, બીજામાંનું જે ઉત્તમ તત્ત્વ છે તેને પરખી લેતો હોય છે. મૂલ્ય કે મહત્ત્વ સદ્ભાવનું જ રહેલું છે. હૃદયમાં સદ્ભાવ જાગી જતાં, જગતમાં કે વહેવારમાં જે તે બધું ઉત્તમ ભાવનામાં પરિણામ પામતું અનુભવી શકાય છે. જે તે બધાં જીવોનાં શુભેચ્છા, સહાનુભૂતિ, પ્રેમભાવ આપણા પરત્વે સહજમેળે વહ્યા કરતાં રહે છે ને એવા જ્ઞાનપૂર્વકના જીવતા અભ્યાસથી કરી આપણે એવું એક સજીવન ચેતનવંતું સર્જનાત્મક વાતાવરણ પ્રકટાવતાં રહીએ છીએ કે વાતાવરણ આપણા આધારનું કવચ બની જતું હોય છે ને તે ઢાલ પણ બને છે, તે આપણું સાચું મદદગાર ને રક્ષણ પણ બની જતું હોય છે. ('જીવનમંડાણ', પાંચમી આ., પૃ. ૨૨, 'જીવનપોકાર', છઠ્ઠી આ., પૃ. ૨૦)

યોગાનુયોગે એ સમયે રાણા શેઠ કરીને મોતીના એક મોટા વેપારીને તેની પેરીસ - ફ્રાંસ ખાતેની ઑફિસ માટે એક પ્રામાણિક,

અંગ્રેજી જાણતા, ભણેલ ગણેલ માણસની જરૂર હતી કે જે ઑફિસ અને ઘર બન્નેમાં મદદરૂપ થઈ શકે. નંદલાલ બધા ઝવેરીઓની નજરમાં વસેલા જ હતા. બધાએ એકીઅવાજે નંદલાલનું નામ રાણા શેઠને સૂચવ્યું. રાણા શેઠે ગોપાલમામાને કહ્યું, 'તમારા ભાણેજને મારી સાથે પેરીસ મોકલો. હું તેને સારો પગાર આપીશ. ઉપરાંત, રહેવા, જમવાનું અને કપડાં પણ આપીશ.'

ગોપાલમામાએ અને નંદલાલે આ વાતનો સ્વીકાર કર્યો અને નંદલાલ પેરીસ જવા રાજી થયા, પરંતુ મહાત્મા ગાંધીજીનાં માતુશ્રીની જેમ નંદલાલનાં માતુશ્રી જેઠીબાને પણ ચિંતા થઈ આવી. એ કાળમાં પરદેશ જવું એટલે વટલાઈ જવું એમ માનવામાં આવતું. જેઠીબા ચુસ્ત વૈષ્ણવ હતાં. બધાંએ જેઠીબાને સમજાવ્યાં અને નંદલાલને પેરીસ જવા દેવા રાજી કર્યાં, પરંતુ જેઠીબાએ નંદલાલ પાસે ત્રણ શરતો રાખી. (૧) પરદેશની ગોરી કન્યા તરફ નજર ના કરવી (૨) માંસ ના ખાવું (૩) દારૂને હાથ પણ ના લગાવવો. નંદલાલને તો આ શરતોનું પાલન કરવું સહજ હતું ! અને એ પ્રમાણે પાલન કરી બતાવ્યું. ઓગણીશ વર્ષ નવ મહિનાની ઉંમરે ૧૯ જુલાઈ, ૧૯૨૪ના દિવસે પેરીસમાં પગ મૂક્યો.

નંદલાલે રાણા શેઠની દુકાનમાં ચીવટ, ચોકસાઈ, પ્રામાણિકતા અને ખંતથી કામ કર્યું. ત્યાં રાણા શેઠ પણ નંદલાલનું કહ્યું માનતા. બધી વાતમાં નંદલાલનું જ ચાલતું ! નંદલાલ ભણેલા હોવાથી રાણા શેઠનાં બાળકોના અભ્યાસમાં રસ લેતા અને બાળકોને સદ્‌વર્તનની શીખ પણ આપતા. તેથી, ઘરના અંગત માણસ જેવા થઈ પડ્યા. રાણા શેઠ પણ એમને નોકર નહિ પણ ઘરના સભ્ય તરીકે ગણતા. રાણા શેઠનાં પત્ની પણ નંદલાલનાં કામથી રાજી હતાં.

## સંગીતનાં સમજ અને શોખ

૧૯૨૫ની શરૂ કે વચ્ચે 'નો નો નોનેટ' નામનું અંગ્રેજી નાટક જોવા બધાં સાથે લંડન ગયા હતા. તે નાટકમાં એક ગીતની ટ્યૂન એટલી સુંદર કર્ણપ્રિય હતી કે નંદલાલના હૃદય સોંસરવી ઊતરી ગઈ હતી. એ ગીતની રેકર્ડ પણ નંદલાલે ખરીદેલી. તે વખતે આ ગીત ઘર ઘરમાં  લોકપ્રિય થઈ પડેલું. તે નંદલાલ ક્યારેક ક્યારેક લલકારતા. ત્યારે નંદલાલની ઉંમર ૨૧ વર્ષની હતી. એવું જ એક બીજું ફ્રેંચ ગીત હતું જે એક હબસી ડાન્સરે ગાયું હતું. તેની ટ્યૂન પણ એટલી લોકપ્રિય થઈ હતી. આમ, નંદલાલને અંગ્રેજી ભાષા સાથે સંગીતનાં સમજ અને શોખ હતાં.

## કુટુંબ ભાવનાનો અભાવ

પેરીસમાં બે વર્ષ રહી સ્વદેશ પાછા આવવાનું થયું. ૧૯૨૬માં નંદલાલ મુંબઈ ઊતર્યા ત્યારે કેટલાય દિન સુધી રોકાઈ રહ્યા. અમદાવાદમાં મોટા ભાઈ બીમાર હતા અને બધાં આતુરતાથી રાહ જોતાં હોવા છતાં તેઓ પોતાનાં કાર્યમાં અને પોતાના તરંગોમાં રોકાઈ રહેલા અને ખૂબ મોડા આવ્યા હતા.

## મૃત્યુ વિશે પ્રથમ અનુભવ અને જીવન વિશે મંથન

૧લી જૂન, ૧૯૨૬ના દિને બાપુ સરકારનો મોટો પુત્ર પાનાચંદ ૧૪ વર્ષની ઉંમરે દિવંગત થયો, તે વખતે નંદલાલ ૨૨ વર્ષના હતા. મૃત્યુની કરુણતા, ભયાનકતાનો પ્રથમ અનુભવ હતો. આ પહેલાં એમણે કદી કોઈ શબ જોયું ન હતું. કોઈનું મૃત્યુ જોયેલું નહિ. ગઈકાલ સુધી બોલતો ચાલતો જીવ આજે નિષ્પ્રાણ થઈ જાય, તે એમના માન્યામાં જ ન આવે એવું તેમને લાગ્યા કર્યું હતું. તેમણે ઘણું આક્રંદ કરેલું.

આ પ્રસંગે નંદલાલને જીવન વિશે વિચારતા કરી દીધા હતા. જીવન શું છે ? જીવનનો હેતુ શું છે ? વગેરે પ્રશ્નોએ એમના મનમાં તુમુલ યુદ્ધ જગવ્યું હતું.

બે વર્ષ પછી ૧૯૨૬માં નંદલાલ પરદેશથી પાછા આવ્યા ત્યારે એ સમયના આશરે રૂ.૨૫૦૦૦/- કમાઈને લાવ્યા હતા. એ કાળના આ અઢળક પૈસા જોઈને  પિતા ભોગીલાલ તો મૂર્છિત જેવા થઈ ગયા હતા !  એટલો આનંદ થયો !

શ્રી ભોગીલાલને ગાંધીજીમાં બહુ વિશ્વાસ હતો. ગાંધીજીના પંથે ચાલવાથી એમને એમની જ્ઞાતિએ નાત બહાર મૂક્યા હતા. ભોગીલાલ સત્યાગ્રહમાં ભાગ લેતા અને હરિજન સેવાનું કામ પણ કરતા. એટલે ભોગીલાલના કુટુંબને ફતેહ કુટુંબ કહેતા. તેઓને નાત બહાર મૂક્યા હતા. એટલે એમના છોકરાઓને કોઈ લગ્ન માટે છોકરી ના આપે, પરંતુ નંદલાલ જ્યારે આ અઢળક કમાણી કરીને આવ્યા ત્યારે ભોગીલાલને થયું કે હવે મારા કુટુંબનો ઉદ્ધાર થશે. મારો વિઠ્ઠલ બધું સંભાળી લેશે.

થોડા સમય પછી રાણા શેઠને કોઈ બીજો સારો માણસ ના મળ્યો. એટલે રાણા શેઠે નંદલાલને ફરીથી પેરીસ આવવા કહેણ મોકલ્યું. નંદલાલે રાણા શેઠને કહ્યું, 'મારે હવે પગભર થવું છે, ત્યાં મારે નોકરી નથી કરવી. મને હવે ભાગીદાર બનાવો તો હું આવું.' રાણા શેઠે નંદલાલનું હીર પારખ્યું હતું. એટલે એમણે કહ્યું, 'તારે મૂડી નહિ રોકવાની. હું તને ૧ ટકાનો ભાગીદાર બનાવીશ.' આમ, ૨૩ વર્ષની ઉંમરે ૧૯૨૭માં નંદલાલ ફરીથી પેરીસ ગયા. ત્યાં બે વર્ષ રહ્યા અને ખૂબ કમાયા.

• • •

## ૬. જીવન સાર્થકતાનું પહેલું મોજું

ઝંખના કે તમન્ના જો એકવાર લાગે છે તો તે બુઝાતી નથી ને ફરી ફરીને પણ તે માર્ગે જરૂર લાવે છે. ૧૯૨૮માં પેરીસમાં હતા ત્યારે બારડોલી સત્યાગ્રહ વિશે જાણીને ઝંખના જાગી કે દેશ માટે કંઈક કરવું ઘટે. દેશની પ્રજાને સારુ જીવન આપવું જોઈએ. 'માનવદેહનો હેતુ શો છે ? માનવદેહની સાર્થકતા કઈ રીતે થાય ?' એવી ભાવના, તે ઝંખના ઉદ્‌ભવવાનું મૂળ હતું - પ્રેરકબળ હતું. જે જીવને માનવીજીવનનું મહત્ત્વ જાગે છે, તેને જ ઝંખના જાગી જાય છે.

પરદેશમાં તો વતનની માટીની ખુશબૂની પણ યાદ આવે છે. અને એવા સમયે કાળ પુરુષ મોહનલાલે તેના લાલ નંદલાલને પણ આકર્ષી લીધા હતા. પરદેશમાં પણ નંદલાલ પોતાના ભારત દેશને ભૂલ્યા ન હતા. એમનો દેશપ્રેમ દિલમાં જાગૃત હતો. એ સમયે ભારતની આઝાદીનો સંગ્રામ ચરમ સીમાએ પહોંચ્યો હતો. મહાત્મા ગાંધી, સાયમન કમિશનનો બહિષ્કાર અને પૂર્ણ સ્વરાજની માગણીનું એલાન કરવાના હતા. શ્રી નંદુભાઈ પેરીસમાં હતા ત્યારે વિચારતા કે 'આપણે ગુલામ પ્રદેશનાં છીએ. અંગ્રેજોની ગુલામી કરીએ છીએ. તો મારે પરણીને ધોળાઓને 'સર' કહે એવા ગુલામને જ પેદા કરવાનાને ? એટલે મારે આખી જિંદગી બ્રહ્મચારી રહેવું છે.'

શ્રી નંદુભાઈ ભારત દેશની સાંપ્રત પરિસ્થિતિથી વાકેફ હતા. તેઓ પરદેશ ગયા, પશ્ચિમી વાતાવરણમાં રહી આવ્યા અને ધનાઢ્ય થયા, છતાં મહાત્મા ગાંધીની વિચારસરણીથી પ્રભાવિત થયા હતા. તેઓ મહાત્મા ગાંધીજીને ગુરુ માનતા થયા હતા અને તેમને

અનુસરવાનો પ્રયત્ન કરતા હતા. પૂજ્ય ગાંધીજીની પ્રેરણાથી સાદગી અને કરકસરયુક્ત દિનચર્યા, ગરીબો માટેનું જીવન એ એમનો આદર્શ હતો. એમનામાં હવે પૂજ્ય ગાંધીજીની પ્રેરણાથી જનકલ્યાણની ભાવના પ્રજ્વલિત થવા લાગી હતી.

## ૧૯૨૯માં સ્વદેશાગમન અને ગાંધીમાર્ગે પ્રયાણ

શ્રી નંદુભાઈ ૧૯૨૯, જાન્યુઆરીની પહેલી કે બીજી તારીખે મુંબઈ પ્લેનમાંથી ઊતરી સીધા અમદાવાદ પૂ.જેઠીબા પાસે ગયા અને ત્યાંથી કપડાં પણ બદલ્યાં વિના મરણપથારીએ પડેલાં પૂ. સરસ્વતી મામીને પિયર મળવા જઈ પહોંચ્યા. તેમને કપાળે હાથ મૂકી તબિયતના ખબરઅંતર પૂછ્યા. આમ, પેરીસમાં બનેલા લીન્ડબર્ગના★ બનાવ પછી શ્રી નંદુભાઈ એટલું શીખ્યા હતા કે મળવા કરવાનું કાર્ય ઝડપથી બને તેટલી ઉતાવળે અને પ્રથમ આટોપી લેવું.

ભારત દેશ પાછા ફર્યા ત્યારે મુંબઈમાં એમને કહેવામાં આવ્યું કે 'તમારાં બાએ તમારા માટે એક ઓળખીતાની દીકરી જોઈ રાખેલી છે.' જેઠીબાએ એ દીકરીના પિતાને વાયદો આપ્યો હતો કે મારો પુત્ર મારું કહ્યું કરશે. આ સાંભળીને શ્રી નંદુભાઈ બોલ્યા, 'I will honour her words.'

ત્યાર પછી તો વિવાહ થયો, વિવાહ તોડવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ ના ફાવ્યા, પછી વેપારમાં પડ્યા, પરણતાં પહેલાં ૧૯૩૦માં દાંડીકૂચમાં જોડાયા. દાંડીકૂચ પછી વેપારમાંથી ખસવા ને દેશસેવામાં ઝુકાવવા પાછું એક મોજું આવ્યું. છતાં તેમને પરણવું પડ્યું અને તેમનું મન અસ્વસ્થ રહેવા લાગ્યું.

---

★ પુસ્તક રેફ. : 'આશ્રમની અટારીએથી', પૃ. ૨૧, પ્રકરણ-૪, આ. ૪

શ્રી નંદુભાઈ પેરીસમાં હતા ત્યારે અને ૧૯૨૯માં પેરીસથી મુંબઈ ઊતર્યા ત્યારે પણ ગાંધીજીના આશ્રમમાં જોડાવાની ઈચ્છા હતી અને ચળવળમાં જોડાવાની ધારણા હતી. ભાવિએ શ્રી નંદુભાઈને હીરાના વેપારમાં ધકેલ્યા ત્યારે ૧૯૨૯ના ફેબ્રુઆરી કે માર્ચમાં ટ્રેનમાં મદ્રાસ જતાં આંખમાં આંસુ આવ્યાં હતાં. ત્યાર બાદ ૧૯૩૦માં મામાને રાજીનામું આપ્યું, પરંતુ મામાએ સ્વીકાર્યું નહિ. વળી, ૧૯૩૧ના આખરમાં પણ ઑફિસિયલી ભાગીદારી-માંથી છૂટા થયાનું લખી આપી શ્રી નંદુભાઈ અને કાંતાબહેન અમદાવાદ ચળવળમાં ભાગ લેવા પહોંચી ગયાં હતાં. એમ ઊથલા ખવાયા છતાં વેપારમાં ટકવું પડ્યું.

ગોપાલમામાના દીકરા હસમુખભાઈ - લાલાજીનાં માતુશ્રી જુલાઈ, ૧૯૨૯માં દેવલોક પામ્યાં હતાં. તેમને શ્રી નંદુભાઈ પ્રતિ ઘણું વહાલ હતું.

## પહેલા ગુરુ ગાંધીજી અને લગ્ન

પૂ.જેઠીબાએ એમના નંદુ માટે અમદાવાદમાં હરકીશનદાસની પોળમાં આવેલ માતાવાળા ખાંચામાં રહેતા શ્રી ચીમનભાઈ ન્યાયાની સુપુત્રી ચંદ્રકાંતાને જોઈ રાખી હતી. જ્ઞાતિએ શ્રી ચીમનભાઈ ન્યાયા દશાનાગર વણિક હતા. તેઓ રેલવેમાં સ્ટેશન માસ્તરની નોકરી કરતા હતા. તેમને બે દીકરા અને બે દીકરીઓ હતાં - ડૉ. કાંતિભાઈ, શ્રી જયંતીભાઈ, ચંદ્રકાંતા અને સહનતારાબહેન.

ચંદ્રકાંતાનો જન્મ ૧૯૧૪ કે ૧૯૧૫માં કાઠિયાવાડમાં  થયો હતો. ચંદ્રકાંતા, શ્રી નંદુભાઈ કરતાં ૧૦ વર્ષ નાનાં હતાં. ચંદ્રકાંતા આશરે ૫ કે ૬ ધોરણ સુધી ભણેલાં હતાં. દેખાવે ચંદ્રકાંતા નીચા

અને ઘઉંવર્ણા હતાં. ચંદ્રકાંતાને ઘરમાં સૌ કાંતાના ટૂંકા નામે બોલાવતાં હતાં. એટલે પછી એ નામથી જ સૌ ઓળખતાં આવ્યાં છે.

શ્રી નંદુભાઈ લગ્ન પહેલાં ભાવિ સસરાને મળવા ગયા હતા. તેમની સમક્ષ બેત્રણ શરતો મૂકી. તેમણે પોતાના સિદ્ધાંતોની રજૂઆત કરતાં કહ્યું, **'હું, મહાત્મા ગાંધીજીને માનું છું. ગાંધીજી મારા ગુરુ છે.** આપણા દેશ અને સમાજને અત્યારે ગાંધીજીની રાહે ચાલવાની જરૂર છે. આપણો દેશ ગરીબ છે અને આપણને લગ્ન કે બીજાં રીતરિવાજોમાં ખોટા ખર્ચા પોસાય નહિ. હું સાદાઈમાં માનું છું. હું પરણવા આવીશ તો જાન લઈને નહિ આવું અને ઘોડા ઉપર નહિ આવું, પરંતુ ચાલતો જ આવીશ. લગ્નમાં દારૂખાનું ફોડશો નહિ અને બૅન્ડવાજાં પણ વગાડશો નહિ. આ મારી નમ્ર વિનંતી છે. હું ખાદીનો ઝભ્ભો અને ધોતિયું પહેરીને આવીશ. કાંતાને પાનેતર પણ ખાદીનું પહેરાવશો એવી મારી ખાસ ઈચ્છા છે. લગ્નની વિધિ ઓછામાં ઓછા ખર્ચે પતાવશો. પૂજ્ય બાપુએ કહ્યું છે તેમ અમુક સંખ્યાથી વધારે માણસોને જમણવારમાં બોલાવવાના નહિ. શ્રી નંદુભાઈએ છેલ્લે પોતાનો દૃઢ નિશ્ચય રજૂ કર્યો કે 'લગ્ન પતે એટલે હું મારે કામે ચાલ્યો જઈશ. મારે મારી પેઢી જમાવવાની છે. ત્રણ વર્ષ પેઢીનું કામ કર્યા પછી કાંતાને તેડવા આવીશ.' આમ, પોતાનાં માતુશ્રીનાં વચન અને પોતાના વિચારોનો તેમણે સમન્વય કર્યો.

## લગ્ન

શ્રી નંદુભાઈનાં લગ્ન કાંતાબહેન સાથે **તા. ૧૭-૫-૧૯૩૦ના** રોજ થયાં હતાં. લગ્ન સમયે કાંતાબહેનની ઉંમર આશરે ૧૬ વર્ષની હતી. લગ્ન પછી શ્રી નંદુભાઈએ તેમને અંગ્રેજી ત્રીજી

ચોથી એબીસીડીમાં સહી કરતા શીખવ્યું હતું. શ્રી નંદુભાઈની શરત મુજબ લગ્ન પછી ત્રણ વર્ષે કાંતાબહેન ત્રિચિ આવ્યાં. શ્રી નંદુભાઈ એ સમયે મહાત્મા ગાંધીજીના પ્રભાવ હેઠળ હતા. ગાંધીજીના બ્રહ્મચર્યના ખ્યાલો, 'હરિજનબંધુ' અને 'નવજીવન'માં છપાતાં. શ્રી નંદુભાઈ પણ ગાંધીજીનાં લખાણોને તે બાબતે અનુસરતા હતા. કાંતાબહેને શ્રી નંદુભાઈને બ્રહ્મચર્ય પાળવામાં ઘણો સાથ આપ્યો હતો. લગ્નજીવનનાં પ્રથમ ત્રણ વર્ષ પછી વચગાળે ઐચ્છિક બ્રહ્મચર્ય પાળતાં હતાં. ગાંધીજીની સૂચના અનુસાર માસિક એક વખત જ સ્થૂળ સંબંધ બાંધવાનો નિયમ તેઓ બન્ને પાળતાં અને **૧૯૩૯ પછી પૂર્ણ સ્થૂળ બ્રહ્મચર્ય પાળવા લાગ્યાં હતાં.** આશ્રમજીવનને શોભે તેમ નવા થયેલ આશ્રમમાં (કુંભકોણમ્) ૧૯૫૧ પછી પતિપત્નીના સંબંધોમાંથી મુક્ત થઈ ભાઈબહેનના સંબંધે જીવવાનું ઈષ્ટ ગણ્યું હતું.

લગ્ન પછી ૧૯૩૩માં શ્રી નંદુભાઈએ પોતાની ૨૯ વર્ષની ઉંમરે અને કાંતાબહેનની ૧૯ વર્ષની ઉંમરે ઘણા પ્રવાસો કર્યા. ભારતમાં બધે. ઉપરાંત, જાપાન, ચીન, સિંગાપોર, બર્મા જેવા દેશોમાં પણ ફર્યા.

• • •

# ૭. ઉદ્યમ અને ધન ઉપાર્જન

## એન. ગોપાલદાસ ઍન્ડ કંપની

શ્રી નંદુભાઈ સ્વદેશ પાછા આવવાના હતા એ અરસામાં ગોપાલમામા ત્રિચિમાં શેઠ સૂરજમલની પેઢીમાં મૅનેજર તરીકે જોડાયા અને ત્યાં નવી શાખા ખોલી. સૂરજમલ શેઠના ભત્રીજા જેસીંગભાઈને ગોપાલમામા સાથે ફાવતું નહિ. જેસીંગભાઈને વૈષ્ણવ શબ્દ સાથે વેર હતું. એટલે સૂરજમલ શેઠે ગોપાલમામાને ચેતવી દીધેલા કે મારા મરણ પછી તમને કોઈ રાખશે નહિ. એટલે અત્યારે છૂટા થઈ જવું હોય તો અત્યારે છૂટા થઈ જાઓ. ગોપાલમામાએ કહ્યું, 'શેઠ, તમે છો ત્યાં સુધી કામ કરીશ ને પછી હું નીકળી જઈશ.'

શ્રી નંદુભાઈ ૧૯૨૯માં સ્વદેશ પાછા ફર્યા. ગોપાલમામા ખૂબ જ કાબેલ વેપારી હતા. એમણે સૂરજમલ શેઠને વિનંતી કરી કે 'તમે હા કહો તો મારા ભાણેજ નંદલાલને મારી પાસે રાખી એમને હીરાનો ધંધો શિખવાડું. હું તમને ખાતરી આપું છું કે સૂરજમલ પેઢીનો એકે ઘરાક નંદલાલ પાસે નહિ જવા દઉં.' શેઠ ઉદાર દિલના હતા. એમણે હા પાડી. તેઓ બજારમાં અલ્લા કહેવાતા. એ એટલો બહોળો વેપાર કરનારા હતા અને બધું જ પોતાના પેટમાં સમાવી લેતા, પરંતુ આ વાત શેઠના ભાગીદારો અને પુત્રોને ના ગમી.

શ્રી નંદુભાઈને મોતી લેવેચનું કામકાજ જ આવડતું હતું. એ જમાનામાં મોતીના ધંધામાં ઘણો નફો રહેતો. એવું કહેવાતું કે 'મોતી કી મા ઑલ્વેઝ રોતી' એટલે કે મોતીમાં પૈસા પાછા ન આવે. દળદર કોનું ફીટે ? વેચનારનું ફીટે અને લેનારને એક પૈસો પાછો ન આવે. આમ હોવાથી શ્રી નંદુભાઈને મોતીનો આવો

ધંધો ગમતો નહિ. એ માનતા કે આ તો લોકોને આડકતરી રીતે છેતરવા જેવું છે. અપ્રામાણિકતા છે.

શ્રી નંદુભાઈને ગોપાલમામાએ હીરાનો ધંધો શીખવ્યો. અમુક સમય પછી શેઠ સૂરજમલ ગુજરી ગયા એટલે ગોપાલમામાએ એમની પેઢી છોડી દીધી અને પોતાની પેઢી શરૂ કરી.

૧૯૨૯માં પેઢીનું નામ 'એન. ગોપાલદાસ ઍન્ડ કંપની' રાખવામાં આવ્યું. આ પહેલાં H. Nandlal & Co. ના નામથી ત્રિચિમાં પ્રથમ કામ શરૂ કરેલું. બેત્રણ મહિના માટે તે નામની બિલબુક પણ છપાવેલી. H એટલે હસમુખલાલ. (હસમુખલાલ એટલે ગોપાલમામાના પુત્ર). જ્યારે તેઓની ઉંમર ૧૯૨૯માં ૮ વર્ષની હતી ત્યારથી તેઓ અને શ્રી નંદુભાઈ સાથે જ હતા. ત્યારથી બન્નેનાં નસીબ સાથે જ સંકળાયેલાં હતાં. તે વખતે પૂ. મામા, સૂરજમલ શેઠની પેઢીમાં હતા. ત્યાંથી છૂટા કરવામાં આવ્યા બાદ મામાએ H. Nandlal & Co. ને બદલે N. Gopaldas & Co. ના નામથી પેઢી શરૂ કરી.

**સફળતા તરફ દોરી જતાં શ્રી નંદુભાઈના રસના વિષયો**

(૧) કોઈ પણ મનગમતી પ્રવૃત્તિ બસ કર્યા કરવામાં યા એક વખત કશુંક રોજ કરવાનું નિરધાર્યું તો પછી તે પ્રમાણે સમયસર તે બધું થયા જાય તેમાં રસ છે, પછી તેમાં વચ્ચે તૂટ પડે તે કઠે.

(૨) ઘરકાર્યમાં - જેમ કે રસોઈકામ, ઘરકામ, કપડાં ધોવાં આદિ તથા પરચૂરણ ઘરવ્યવસ્થાના કામમાં.

(૩) બીજી કોઈ પણ જગાએ વ્યવસ્થાના કામમાં - પેઢી હોય કે ગમે તે હોય - ગમે ત્યાં હોય.

(૪) કોઈ પણ કામ યંત્રવત્ કરવાનું હોય તેમાં ને પાછું કશુંક નવું સર્જન થતું હોય. દા.ત. નવી નવી વસ્તુઓ બનાવવી. જેમ કે દરજીકામ, સીવણકામ આદિ.

(૬) પ્રવાસો કરવા - તેની વ્યવસ્થા કરવી વગેરે.
(૭) ગમે તે કોઈ ઑફિસકામ - વ્યવસ્થિતપણે - અમુક કલાક નિયમિત રીતે કરવાનું હોય તેવું કામ.
(૯) નવી નવી વસ્તુઓ બનાવવામાં ને તેવા પ્રસંગોમાં, જેમાં મનમાં ઉત્તેજના પ્રકટ થાય તેવાં કામોમાં.

## સદ્‌ગુણોનું ઉદ્‌ભવ સ્થાન

**એક સ્થળે શ્રી નંદુભાઈ પોતા વિશે નોંધે છે કે** 'ઘણી બાબતોનું મારા જીવનમાં પરિશ્રમથી જ મળવાપણું થયું લાગે છે. Innate જન્મથી જ બક્ષિસો બહુ ઓછી છે, બલકે નહિ હોય. વ્યવસ્થિતિ, સુઘડતા આદિના સંસ્કાર શ્રી ઈશ્વર મહેતાને ત્યાંથી નાનપણમાં મળ્યા. ત્યાં સુધી ખૂબ ભાંગફોડ - અવ્યવસ્થિત, બેદરકારી — મારાં કાર્યોમાં હોવાનું મને યાદ છે. ઉધમાત પણ ખૂબ જ. આ ગુણો (જો તે ગુણો હોય તો) પણ પરિશ્રમથી કેળવાઈને કેળવાયા છે ને કરકસર, ઝીણવટપણું તે ઘરમાંથી ગરીબાઈના કારણે કેળવાયા. સ્મૃતિ પણ મારી હું બહુ તેજ ગણતો નથી, તે કેળવાઈ. તેની શરૂઆત થઈ યા સંસ્કાર પડ્યા - પૂ. શ્રી વિનાયકપ્રસાદ (ટ્યુટોરિયલ શાળાના વડા આચાર્ય)ની કેળવણી પણ **ખરી કેળવણી આવી છે શ્રીમોટાના સંપર્કે.**

લક્ષ્મી મેળવવા પણ પરિશ્રમ કરવો પડેલો. બુદ્ધિ પણ કેળવવી જ પડી છે. અને હજી કેળવાતી જાય છે. સંસ્કાર - સ્વભાવના અને જીવનના પણ જન્મના વાતાવરણથી કે નાનપણના વાતાવરણમાં નથી મળ્યા ખાસ એમ લાગે છે. તે સાંપડ્યા મહાત્મા ગાંધીજીના 'નવજીવન'થી.

બાહ્ય સભ્યતા અને બીજાનાં સુખ સગવડોનો વિચાર કરવાની ટેવ, સ્વચ્છતા, નિયમિતતા, જુદા જુદા વિષયોનો - કળાઓનો

રસ ખીલવો, વાંચનનો શોખ ખીલવો, પર્યટન - મુસાફરીનો રસ ઉદ્‌ભવવો, બીજાઓ પ્રત્યે કોમળતાનો ભાવ આવવો, વચન પાળવાનું કરવું, પરોણાગતનો શોખ આદિ પશ્ચિમના વસવાટમાંથી આવ્યું કે પોષાયું.

એમ ઘણું ઘણું બહારથી જ આવ્યું છે. ભલે અંદર તેનાં બીજ હોય પણ આ બધું સહજપણે નથી આવ્યું.

**ખંત અને પ્રામાણિકતા**

ખંતથી, ચીવટાઈ એટલે કે કાળજી અને ધારેલું કામ કોઈ પણ વિઘ્ન છતાં ન છોડી દેવાની અડગતા આવે છે. તેથી, આપણને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ હૂંફ રહે છે અને આપણા સાધ્યથી આપણે વિખૂટાં - અળગાં પડી જતાં નથી. **લાખો નિરાશાની રાખમાંથી પણ ખંત અમર આશાનાં સોનેરી કિરણ પ્રગટાવે છે.** ખંતના ગુણની વૃત્તિ એની પરાકાષ્ઠાએ જો આપણે કેળવી શકીએ તો ગમે તેવું ભારે કર્તવ્ય ભલેને હોય પણ તે સિદ્ધ થયા વિના રહેશે જ નહિ.

શ્રી નંદુભાઈનો ઊડીને આંખે વળગે એવો એક ગુણ ખંતીલાપણાનો હતો. એમનું જીવન, કર્મઠતાની મિસાલ સમાન હતું. એક કામ હાથમાં લીધું એને વળગી રહેવાની ખાંખત, કાળજીનો ગુણ પૂજ્ય જેઠીબા તરફથી વારસામાં મળ્યો હતો.

સંસારમાં હોવા છતાં અને સંસાર ભોગવતા રહેવા છતાં સંસારનું મહત્ત્વ ત્યારે શ્રી નંદુભાઈના દિલમાં જાગૃતપણે તો ન હતું, મહત્ત્વ હતું પેઢીના કામકાજમાં જ.

શ્રી નંદુભાઈ સવારે ૪ વાગ્યે ઊઠી, શાક ભાખરી બનાવતા. પાંચ વાગ્યે હીરાનો માલ લઈ સાઇકલ ઉપર ત્રિચિ રેલવે સ્ટેશને આવે, કુંભકોણમ્ જવાનું હોય તો રેલવે સ્ટેશન જઈ તાંજોરની

ટિકિટ કઢાવતા. રેલવેમાં સાઈકલ ચડાવી દે અને તાંજોર ઊતરી કુંભકોણમ્‌ની ટિકિટ કઢાવે. જો ત્રિચિથી સીધી કુંભકોણમ્‌ની ટિકિટ કઢાવે તો અઢી આના થાય, પરંતુ આ રીતે બે વખત ટિકિટ કઢાવે તો બે આના થતા. આમ, અડધા આનાની બચત થતી. જે તે સ્ટેશને ઊતરી સાઈકલ ઉતારીને સાઈકલ ઉપર ઘરાકને ત્યાં જતા. આમ, સાઈકલ હોવાથી ઘોડાગાડીનું ભાડું પણ બચી જતું. હીરાના ઘરાક તો મોટા મોટા જાગીરદાર હોય. જેમની જાગીર ચારપાંચ માઈલ દૂર હોય. એટલે એક દિવસમાં એકબે ઘરાકને પહોંચી શકાય.

એ સમયે જાગીરદારોના સોનાના દાગીના બનાવનાર કારીગરો હીરા પસંદ કરતા. તે વખતે શ્રી નંદુભાઈને તામિલ ભાષા બરાબર ન આવડતી. ભાંગ્યું તૂટ્યું બોલી જાણતા, પરંતુ એમની ધંધાની ધગશ અને પ્રામાણિકતા જોઈને લેનારા પ્રભાવિત થઈ જતા.

બપોરના બારના ટકોરે શ્રી નંદુભાઈ યજમાનની રજા લઈ બહાર જતા રહે. એ વખતે તાંજોર અને કુંભકોણમ્‌માં પાણીનાં ઝરણાં ઘણાં હતાં. ત્યાં જઈ સાથે લાવેલા શાક અને ભાખરી જમી લેતા. પાછા જાગીરદારને ત્યાં જતા ત્યારે જાગીરદાર પૂછે કે, 'ક્યાં જઈ આવ્યા ?' ત્યારે શ્રી નંદુભાઈ કહેતા, 'હું મારી સાથે જમવાનું લાવું છું. એ જમવા જઉં છું.' ત્યારે જાગીરદાર કહેતા, 'મારા રસોડે ૧૦૦ લોકો રોજ મફત જમે છે. તમે પણ અહીં જમી લો તો ક્યાં ખૂટી જવાનું છે ? હવે પછી અહીં જ જમી લેજો. એટલે શ્રી નંદુભાઈ ભાંગ્યાં તૂટ્યાં તામિલમાં સમજાવે કે **હું તમારું અન્ન ખાઉં તો ભાવતાલમાં મારે તમારું માન રાખવું પડે. મારું ખાવાનું ખાઉં તો મારા ભાવમાં હું મક્કમ રહી શકું.** આ સાંભળીને પેલો જાગીરદાર ખુશ થઈ જતો કે આ તે કેવો સ્વમાની વેપારી છે ! હોશિયાર છે !

ઘરાક હીરાની પસંદગી કરી લે એટલે શ્રી નંદુભાઈ એક નાનકડા પૉકેટ ત્રાજવાથી એનું વજન કરી લેતા. કેટલા કૅરેટ છે એ ચેક કરવા પાછા બીજા ત્રાજવાથી વજન કરે. ત્રીજી વાર એ ત્રાજવું ઘરાકના હાથથી પકડાવી વજન કરાવી ઘરાકને ખાતરી કરાવે કે વજનમાં છેતરાતા નથી. મદુરાઈ બાજુનો એક મોટો જમીનદાર ઘરાક હતો, એ તો આવી પ્રામાણિકતાથી એટલો બધો પ્રભાવિત થઈ ગયો અને કહ્યું કે 'નંદલાલ તમે જે રીતે વજન કરીને આપો છો તેથી હવે પછી હું તમને પત્ર લખીને માલ મંગાવી લઈશ, તમારે આવવાની જરૂર નથી. હું તમારા પર સંપૂર્ણ વિશ્વાસ મૂકું છું અને હું બીજા કોઈની પાસેથી માલ લેવાનો પણ નથી.'

ધંધો પતી જાય પછી શ્રી નંદુભાઈ સાઇકલ લઈ સ્ટેશન પહોંચે અને સાંજની ગાડીમાં પાછા ત્રિચિ પહોંચે. ઘણીવાર રાતના નવ વાગી જાય. ઘેર આવી બધો માલ ગોપાલમામાને સોંપી દે. કોને કેટલું વેચ્યું અને કાલે કોને કેટલું આપવાનું છે, તે બધો હિસાબ અને ઑર્ડર મામાને આપી દેતા. શ્રી નંદુભાઈ નાહીને ગરમ ગરમ રસોઈ જમી લે. પછી થોડું વાંચન કરી સૂઈ જતા.

બીજે દિવસે સવારે ચાર વાગ્યે ફરી નીકળી જવાનું. ગોપાલમામા દિવેલના કોડિયાના અજવાળે હીરા વીણીને ત્રણ ચાર કલાકમાં ઑર્ડર્સનાં પડીકાં તૈયાર કરી દેતા. આ રીતે કઠોર પરિશ્રમથી પેઢીનું સિંચન કરી મામા ભાણેજે પેઢીને સધ્ધર બનાવી હતી.

## પેઢી સધ્ધર થઈ

એક વખત મદુરાઈના એક ઘરાકને ખાસ પ્રકારના હીરા જોઈતા હતા. એ સાંજે શ્રી નંદુભાઈ ત્રિચિ પાછા આવ્યા અને ગોપાલમામાને વાત કરી. ગોપાલમામાએ રાતોરાત સ્ટૉકમાંથી

જોઈતા હીરા જુદા કાઢી પડીકું તૈયાર કરી આપ્યું અને શ્રી નંદુભાઈ ફરી સવારે ૬ વાગ્યે સાઈકલ ગાડીમાં ચડાવી ૧૧ વાગ્યે તો મદુરાઈ ઘરાકને ત્યાં પહોંચી ગયા. જાગીરદાર ઘરાક આ જોઈને છક થઈ ગયો. એ એટલો પ્રભાવિત થઈ ગયો કે એણે કહ્યું, 'હવેથી તારે કોઈ દિવસ અહીં આવવાની જરૂર નથી. તમારામાં ધંધો કરવાની એટલી ધગશ છે અને મને એટલો વિશ્વાસ છે કે મારે જ્યારે હીરા જોઈશે ત્યારે હું કાગળ લખીશ ત્યારે તમારે માલ મોકલી આપવો.' આમ, ઘરાકોનો વિશ્વાસ સંપાદન કર્યો.

આ રીતે મામા ભાણેજે અવિરતપણે દિવસ રાત એક કરી ભૂખ, થાક, તડકો, ટાઢ, વરસાદ કશું જોયા વગર પેઢીને ઊંચે લાવવાનું કામ કર્યું. કાયમી ઘરાકો બંધાઈ ગયા અને ઘરાકો સીધા દુકાને આવતા થયા. પેઢીની સુવાસ ફેલાતી ગઈ અને ભારતની સૌથી જૂની ઝવેરી પેઢીઓમાંની એક પેઢી તરીકે સ્થાન પામી. નોકરોને તૈયાર કર્યા અને તેમને પેઢીના કામે બહારગામ જતા કર્યા. એમ કરતાં કરતાં ૧૯૩૨ની સાલ આવી. પછી શ્રી નંદુભાઈએ કંપનીમાં વિચાર મૂક્યો કે આપણો તાંજોર જિલ્લામાં ઘણો વેપાર થાય છે, તો આપણે તાંજોરમાં દુકાન ખોલીએ. આમ, તાંજોરમાં શાખા ખૂલી અને શ્રી નંદુભાઈ ત્યાં રહેવા ગયા.

ત્રિચિની પેઢી ગોપાલમામા ચલાવતા હતા. તેઓ પણ બાહોશ વેપારી હતા. તેમની કામ કરવાની રીત પણ જુદી હતી. એ ઓછામાં ઓછું બોલતા, પણ ઘરાકના હિતમાં જ વેપાર કરતા. ઘરાકને પરાણે કંઈ પણ બઝાડે નહિ. ઘરાક પાસે બહુ પૈસા હોય તોપણ કંઈ ખોટો માલ બઝાડી ના દે. ઘરાકને જે પહેરવાથી સારું લાગે એવો જ એમને માલ આપે. અને એમને લાગે કે ઘરાકને આવા હીરા લેવાનું તેના હિતમાં નથી તો ચોખ્ખું ના જ કહી દે

કે તમારે અત્યારે હીરા લેવાની જરૂર નથી. એટલે ઘણા જૂના લોકો કહે છે કે ગોપાલદાસે મને હીરા લેવાની - વેચવાની ના પાડી અને મારા ધંધામાં પૈસા નાખવાનું કહ્યું. અમને જિંદગીમાં આવી સાચી સલાહ કોઈએ આપી નથી !

શ્રી નંદુભાઈ ધંધાની કે નફાની વાતને નજર સમક્ષ ન રાખતા ફક્ત ઘરાકના હિતને જ ધ્યાનમાં રાખીને વાત કરતા અને તેવી સલાહ આપતા. આ કારણે ક્યારેક ઘરાકને કોઈ માલ ન ખરીદવાની સાચી સલાહ આપી રવાના કરતા. એટલે પેઢીની પ્રતિષ્ઠામાં ઘણો વધારો થયો હતો. કેટલાંક કુટુંબોએ તો પેઢી દર પેઢી સંબંધો જાળવી રાખ્યા હતા.

શ્રી નંદુભાઈએ જોયું કે કુંભકોણમ્ ગામમાંથી વધારે ધંધો આવે છે. કુંભકોણમ્‌ની આજુબાજુના ગિરાસદારો આવે છે. વળી, તાંજોરમાં એક ગોવિંદ સ્વામી પથ્થર કરીને વેપારી હતા. એમનો વેપાર બહોળો સાથોસાથ ગોપાલમામા સાથે દિલનો સંબંધ, અનન્ય પ્રેમ અને અરસપરસની ભાવનાથી શ્રી નંદુભાઈને લાગ્યું કે ગોવિંદ સ્વામી સાથે હરીફાઈ કરવી યોગ્ય નહિ. આમ, બન્ને કારણોથી શ્રી નંદુભાઈએ તેમની ઑફિસ તાંજોરથી કુંભકોણમ્ સ્થળાંતર કરી.

ગોપાલમામાનાં પ્રથમ પત્નીથી એક દીકરી થઈ હતી, જે ગુજરી ગઈ હતી. બીજાં પત્ની ટી.બી.ની બીમારીથી ગુજરી ગયાં હતાં અને તેમનાથી એક દીકરો થયો હતો, તે હસમુખભાઈ ઉર્ફે લાલાજી. આ પછી ગોપાલમામાને પરણવાની ઈચ્છા ન હતી, પરંતુ નંદુભાઈએ એક વિધવા પ્રભાવતીબહેન જે મદ્રાસના જીવણલાલ શેઠના ગુજરી જવાથી વિધવા થયાં હતાં, તેમની સાથે તેમને પરણાવ્યા. પ્રભાવતી બહેનથી બે પુત્રો થયા. સુરેશભાઈ જે ૧૯૮૬માં ગુજરી ગયા અને બીજા અશોકભાઈ જે ૧૯૮૭માં ગુજરી ગયા.

## પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ હેઠળ

શ્રી નંદુભાઈનું વ્યક્તિત્વ યુવાકાળથી જ પ્રભાવશાળી હતું. એમનો પેરીસની અને દક્ષિણની પેઢીઓમાં એવો પ્રભાવ હતો કે બધી વાતમાં વગર કહ્યે એમનું જ ચાલતું. **આનું કારણ એમનો ધીર ગંભીર, ઓછા બોલો અને પ્રેમાળ સ્વભાવ હતો. ઑફિસના સ્ટાફ સાથે તેઓ પ્રેમાળ વર્તન રાખતા. નાનાં મોટાં બધાંની દરકાર રાખતા.** ત્રિચિ - કુંભકોણમ્‌ની પેઢીઓમાં પણ ગોપાલમામા એમનું કહ્યું માનતા. શ્રી નંદુભાઈ સુધારાવાદી હોવાથી કાંતાબહેનને એ પ્રમાણે છૂટછાટ મળતી. કાંતાબહેન ચાઈનીઝ જેવાં કપડાં પહેરી પેઢીમાં આવી શકતાં. શ્રી નંદુભાઈ પણ કાંતાબહેનને નામ લઈ બોલાવતા. છતાં જૂના જમાનાના મામા કોઈ વાંધો ઉઠાવતા નહિ. **એમના કર્મમાં નિયમિતતા, ચોકસાઈ, ચીવટ અને એકાગ્રતા - એમના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં ઉમેરો કરતાં હતાં.** તેમની હાજરીની અસરથી પેઢીનો સ્ટાફ મૌન બનીને કાર્યરત રહેતો. શ્રી નંદુભાઈ ગંભીરતાની સાથે સાથે વાતાવરણને ક્યારેક હળવું પણ બનાવી દેતા. આમ, એમનું વ્યક્તિત્વ શુષ્ક ન હતું. એમના વ્યક્તિત્વનો કોઈ અદૃશ્ય પ્રભાવ હતો, જે બધાંને છૂપી રીતે અસર કરતો.

જમવામાં પણ પશ્ચિમી રીતભાત હતી. જેટલી વાનગીઓ હોય તે એક પછી એક જુદી જુદી તે ખાતા. આથી, દરેક વાનગીઓનો અલગ સ્વાદ માણી શકતા.

## વિભક્ત કુટુંબની ભાવના

શ્રી નંદુભાઈમાં ૧૯૩૯ સુધી અને પૂજ્ય શ્રીમોટા મળ્યા, તે પહેલાં, સંયુક્ત કુટુંબની ભાવના અને તે પ્રત્યે પ્રેમનો અભાવ

હતો. વિભક્ત કુટુંબ જ એમનો આદર્શ હતો. પાશ્ચાત્ય જીવન શૈલીએ શ્રી નંદુભાઈના વિચારનો કબજો એટલો દઢપણે લીધો હતો કે તેમનું મન બીજી રીતે વિચારી જ ના શકતું અને સંયુક્ત કુટુંબના ગેરલાભ જ દેખાયા કરતા. પૂજ્ય શ્રીમોટાના સહવાસથી તેમાં આમૂલાગ્ર પરિવર્તન આવ્યું. પછી તો સંસારમાં રહીને સાધના કરવા અને જીવનને ઊર્ધ્વ ભૂમિકામાં પ્રગટ કરવા સારુ, આધ્યાત્મિક ઉન્નતિને ગતિમાન બનાવવા સારુ - સંયુક્ત કુટુંબની ભાવના એ આર્યસંસ્કારની એક મોટી બક્ષિસ છે એમ માનતા થયા.

## મામા સાથે અનન્ય પ્રેમ

શ્રી નંદુભાઈ ૧૯૨૯માં પ્રથમ વાર મદ્રાસ વેપાર અર્થે આવેલ ત્યારે અને તે પછી એકાદ વર્ષ સુધી ઘણી વાર કોઈ ઊંચા માણસને જોતાં એમ લાગતું કે જાણે મામા ના હોય ! ને તેમના જેવો અવાજ કાને વારંવાર અથડાતો. એમ વારંવાર આકૃતિ અને અવાજનો ભાસ થયા કરતો.

## પૂજ્ય શ્રીમોટાનું વ્યક્તવ્ય

**'ભાઈ નંદુ પર મામાને જે પ્રેમભાવ છે તેવો પ્રેમ એને કાજે જગતમાં કોઈને જ નહિ હોય, પૂજ્ય મોટી બાને પણ નહિ. પૂ. મામા રોજ પ્રાર્થનામાં મહાન પુરુષોનાં નામ લઈને તેમના આશીર્વાદ માગે છે. તેમાં નંદુનું નામ પણ છે. તેમની અજાણમાં પણ મેં તેવું સાંભળેલું છે. હું કાંઈ એમ ને એમ કોઈનું માની લઉં તેવો નથી. વહેવારભાવે ભલે કદીક નંદુને તેઓ કાંઈ લખે કરે તો તે તો વહેવાર પૂરતું જ, પણ એમના દિલમાં નંદુ કાજે તો અથાક પ્રેમ છે. તેમને પણ નંદુ જેટલો પ્રેમ બીજા કોઈ જ માટે નહિ હોય. એવા કાજે તો આપણે જેટલું કરીએ તેટલું ઓછું છે. નંદુની કદર એમણે જેવી**

**કરી છે તે તો મારા હૈયામાં જડાઈ ગયેલ છે.'** (પૂજ્ય મામા વિશે પૂજ્ય શ્રીમોટાએ તા.૩૦-૧૨-૧૯૪૭ કુંભકોણમ્‌થી લખેલા પત્રમાંથી) મામાભાણેજ વચ્ચે પિતા પુત્ર જેવો પ્રેમ હતો.

**પૂજ્ય ગોપાલમામાએ પૂજ્ય શ્રીમોટાને લખેલો પત્ર**

'ભાઈ નંદલાલને માટે તમોએ જે જે તેમના ગુણો લખ્યા છે તે સાથે હું પૂરેપૂરો સંમત છું. મારા ને તમારા અભિપ્રાયોમાં જરા પણ ફરક નથી. તે જે માનતા હતા તે પ્રમાણે honestly વર્તતા હતા. સમજણ બદલાઈ ત્યારે તે પ્રમાણે વર્તે છે. તેમના માનવામાં ને વર્તનમાં કોઈ દિવસ ફરક દેખાયો નથી. **He never deceived himself nor others & he will never do so. His character is sterling & he does with all his heart & sincerely what he believes (whether right or wrong from others point of view, is out of question)'**

**(ગુજરાતી અનુવાદ) 'એમણે (નંદુભાઈએ) ક્યારેય છેતરપિંડી કરી નથી તેમ બીજાને કરવા દીધી નથી અને તેઓ ક્યારેય કરશે પણ નહિ. તેઓ પોતે જે માને છે તે જ હૃદયપૂર્વક ચોકસાઈથી કરે છે પછી અન્ય કોઈ લોકોના મતે તે સાચું હોય કે ખોટું હોય, તેવી વાતો વિશે વિચારતા નથી. તેમનું ચારિત્ર્ય સંપૂર્ણ શુદ્ધતાવાળું, નક્કર અને વિશ્વાસપાત્ર નિર્ધારિત કોટિનું છે.'**

માણસોનું વર્તન, પૂર્વજન્મના સંસ્કાર તથા ઘરનું ને આસપાસના વાતાવરણના સંસ્કાર ને સંજોગો બદલાતા જાય તેમ તેમ ફરતા સંસ્કાર ઉપર આધાર રાખે છે, એ મારી માન્યતા છે. મને મારામાં તેમ જ બીજામાં તેવા અનુભવ જોવા મળ્યા છે. એટલે નંદલાલ અત્રે હતા તે વખતનું અમુક વર્તન તે યુરોપના સંસ્કાર હતા, **પણ તમો ખરેખરા સદ્‌ગુરુ મળી ગયા છો. મારો ને**

**નંદલાલનો સંબંધ હંમેશાં મીઠો રહ્યો છે. તેનું એક કારણ તેમની મારા પ્રત્યેની સદ્‌ભાવના અને મારી તેમના કામમાં, ચારિત્ર્યમાં, sincerity of purposeમાં અડગ શ્રદ્ધામાં ખાતરી હતી. મારે ને તેમને કોઈ પણ વખતે અત્યાર સુધી જરા પણ ઊંચાં મન થયાં હોય તેવો એક પણ પ્રસંગ યાદ આવતો નથી. વેપારમાં પણ તેમણે હંમેશાં મોટું દિલ રાખેલ છે, ને કામ કરવામાં કાયા ઘસી નાખેલી છે. આજે પેઢી જે જે આબાદી ભોગવે છે તેમાં તેમનો હિસ્સો ઘણો છે.**

## મામાભાણેજના સંબંધની ગૂઢ વાત

'તમારો (નંદલાલનો) ને પૂ. મામાનો જીવનો સંબંધ તે અંગે વાત નીકળતાં પૂજ્ય શ્રીમોટાએ કહ્યું હતું કે 'તે બાબતમાં સ્પષ્ટ ખ્યાલ મને છે ને હજી પણ તમારો ને એમનો જીવ નજીકપણામાં જ થવાનો છો, એટલે કે જ્યાં જન્મ થવાનો ત્યાં એક જ વર્તુળમાં ને એક જ પ્રકારના ક્ષેત્રમાં. તે બેમાંથી જે જીવ ચેતનપણામાં ઉદયવર્તમાન થશે તે બીજાને ખેંચી જવાનો જ.'

- શ્રીમોટા

પૂજ્ય મામાએ તો બે જીવના પરાપૂર્વના સંબંધ વિશે કહેવા જણાવેલું. તેથી, પૂજ્ય શ્રીમોટાએ કહ્યું કે 'નિરાંતે ત્યારે વાત'. પછીથી પૂજ્ય શ્રીમોટાને મનમાં એમ ઊગ્યું ને તેથી તેમણે જણાવ્યું કે 'કેટલીક હકીકત હાલમાં આપણે જીવદશામાં હોઈએ ત્યાં લગી ના જાણવામાં જ સાર છે. તેથી, મેં તે અંગે કશી વાત કરી નથી ને હાલમાં તમને કે તેમને કરવાનો પણ નથી. ભવિષ્યમાં જોયું જશે.'

- શ્રી નંદુભાઈ

• • •

# ૮. પ્રિય કરુણરસ અને ભ્રમણ

યુવાકાળથી શ્રી નંદુભાઈમાં હાસ્યનો અભાવ હતો. પેરીસમાં હતા ત્યારે સારાહબહેન (જેમને ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હતા તે બહેન) પણ એમ જ કહેતાં. ફ્રાંસમાં તો બાળકોને વાતચીત કરતી વખતે સ્મિત કરી હસીને જવાબ દેવાનું શિખવાડવામાં આવતું. બાળકો વાતાવરણમાંથી પણ તેવું શીખી લેતા હોય છે. એ ટેવ પડવામાં સ્વભાવનું બંધારણ ખૂબ મહત્ત્વનું છે. શ્રી નંદુભાઈને પહેલેથી કરુણરસ જ ગમતો. **કરુણરસ કરુણાનો દ્યોતક છે. કરુણરસ મનુષ્યને અંતર્મુખ બનાવે છે.**

પેરીસમાં એકવાર મિ. મહેતા સાથે એક ફ્રેંચ નાટક જોવા ગયેલા. ફ્રેંચ ભાષામાં સમજ ના પડતી, પરંતુ નાટક કરુણરસથી ભરપૂર હતું એટલે તે ખૂબ જ ગમી ગયું હતું. તે જ રીતે ૧૯૨૮માં એક ચિત્રપટ 'બેન-હર' જોયેલું. તે પણ કરુણરસને લીધે ગમી ગયું હતું.

ભારત આવ્યા પછી મુખ્યત્વે એવાં જ ચિત્રપટ જોવાં ગમતાં. પ્રભાત ટૉકિઝની ફિલ્મો મોટે ભાગે એવી જ આવતી અને તે વારંવાર જોવાનું પણ થતું. જ્યારે કલકત્તા થિયેટર્સનાં લાઈટ મુવીઝ હતાં જે કોઈના સૂચનથી ભાગ્યે જ જોવા જવાની ઈચ્છા થતી. ૧૯૩૪માં પ્રભાતની 'અમૃતમંથન', ૧૯૩૫-૩૬માં 'અમર જ્યોતિ', 'વહાં' વગેરે કરુણરસને લીધે ગમેલાં. ન્યુ થિયેટર્સનું 'દેવદાસ', 'વિદ્યાપતિ' ખૂબ જ ગમ્યાં હતાં. ત્રિચિમાં 'ડૉક્ટર' ફિલ્મ જોવા ગયા હતા. તે પણ ગમી હતી. આ બધાંથી સ્વભાવના બંધારણને પુષ્ટિ મળતી ગઈ.

'રામરાજ્ય' ફિલ્મમાં સીતામાતાનો બીજા દિવસે ત્યાગ થવાનો હતો ત્યારે સીતામાતાની સખીએ એક ગીત ગાયેલું. તે ગીત ઘણું કરુણ હતું. તેમાં સંગીતકારે ઉચ્ચતમ પીચ ઉપર

વીણાવાદન રજૂ કરેલ. કરુણરસની આ ચરમસીમાએ શ્રી નંદુભાઈએ હૈયું અધ્ધર થતું અનુભવેલું.

૧૯૩૫-૩૬માં બહાર પડેલું 'અમર જ્યોતિ' ચિત્રપટ એક વર્ષમાં અને લાગલાગટ ત્રણ દિન એમ પાંચથી છ વાર જોયેલું. તે કરુણરસથી ભરપૂર હતું. એમાં દુર્ગા ખોટે, ચંદ્રમોહન અને શાંતા આપ્ટેએ ભૂમિકા ભજવી હતી. આવાં ચિત્રપટ આનંદ આપવા માટે ન હતાં, પણ રડવા માટે, હૃદયને ઉન્નત બનાવવા માટે હતાં. શ્રી નંદુભાઈને રડવામાં આનંદ આવતો, મન શાંત થતું. આથી, કરુણરસનાં ચલચિત્રો જોવા જતા.

### ૧૯૩૬ પ્રાર્થના - ભજન પ્રેમની શરૂઆત

૧૯૨૧માં મોટા ભાઈ વાડીભાઈને સંગ્રહણીનો જીવલેણ રોગ થયો હતો. તે સમયે કેટલીક વાર હૃદયના ભાવભરી મૂક પ્રાર્થના થતી હતી. તે પછી જવલ્લે જ આવી પ્રાર્થના થતી. શ્રી નંદુભાઈની પ્રકૃતિમાં પ્રાર્થના કરવાનું હતું નહિ.

**૧૯૩૬, ડિસેમ્બરમાં ૨૨ દિવસના ઉપવાસ કર્યા હતા. તેના પારણાંના દિવસે પ્રેરણા થવાથી** 'આશ્રમ ભજનાવલિ'માંથી બે ભજનો શ્રી નંદુભાઈએ ગાયાં હતાં. તે સમયે તેમનો કંઠ સારો હતો. આ દિવસથી નક્કી કર્યું કે સવારસાંજ જમતી વખતે જમતા પહેલાં બધાંએ સમૂહમાં 'આશ્રમ ભજનાવલિ'માંથી સંસ્કૃત શ્લોકો બોલવાના અને એક ભજન ગાવું તથા ધૂન કરવાની. બધાં પાસે 'આશ્રમ ભજનાવલિ'ની એક એક કૉપી રહેતી. મહેમાન આવે તે પણ આમાં સામેલ થતા. આ શિરસ્તો શ્રી નંદુભાઈ એપ્રિલ, ૧૯૩૯માં સાબરમતી આવ્યા ત્યાં સુધી ચાલુ રહ્યો હતો. 'શિર ધૂની ધૂની પછતાયો, ચાખન લાગ્યો રૂઈ ગઈ ઊડી....' આ ભજન શ્રી નંદુભાઈને અતિ પ્રિય હતું.

### ૧૯૩૭ ભારત ભ્રમણ અને સ્વભાવની ખાસિયત

એપ્રિલ, ૧૯૩૭માં રેલવેમાં 'ગો એઝ યુ પ્લીઝ' યોજના

હેઠળ સેકંડ ક્લાસની ટિકિટ લઈ પતિપત્ની દક્ષિણ ભારતમાં ૧૫ દિવસ ફરવા નીકળ્યાં હતાં. તે સમયે કુર્તાલમ્, મદુરાઈ, ત્રિવેન્દ્રમ્, કન્યાકુમારી, કોચીન, કાલીકટ, ઊટી, કોઈમ્બતોર, માયસોર, બેંગલોર, ગોલકોન્ડા (સોનાની ખાણ) વગેરે સ્થળોએ ફર્યાં હતાં. આ યાત્રા દરમિયાન સેકંડ ક્લાસ ડબ્બામાં ક્યારેક તેઓ બન્ને એકલાં જ હોવાનું બનતું ત્યારે શ્રી નંદુભાઈ પોતાના નિયમ મુજબ ચાલુ ટ્રેને ડબ્બામાં પણ શીર્ષાસન કરી લેતા. ગોઠવેલ ક્રમ અમલમાં મૂકવો જ એ તેમની ખાસિયત હતી. તે શીર્ષાસન વેપારમાં પડ્યા ત્યારથી કરતા હતા.

કાંતાબહેન સાથે ઑગસ્ટ, ૧૯૩૭થી ઑક્ટોબર, ૧૯૩૭ દરમિયાન ભારતનાં જુદાં જુદાં સ્થળોએ ફરવામાં ગયાં. કાશ્મીર, કાઠિયાવાડ, રજપૂતાના, દક્ષિણ હિંદ, પૂર્વ પ્રાંત, સારનાથ - બનારસ, લખનૌ, હિલસ્ટેશનો વગેરેના પ્રવાસે ગયાં હતાં. હીરાની ખરીદી માટે મુંબઈ આવજા થતી. મિ. મહેતા સાથે કોલંબો પણ ગયા હતા. ભજનો ગાવાનો ક્રમ ચાલુ જ રહ્યો હતો. ‘આશ્રમ ભજનાવલિ’નાં ભજનો કંઠસ્થ થયાં હતાં. આ પહેલાં પ્રાર્થનામાં રસ ન હતો, પરંતુ શ્રી નંદુભાઈના સ્વભાવમાં હતું કે જે કાંઈ એકવાર ચાલુ કરવું તે જાળવી રાખવું, ભલે તેમાં મિથ્યાભિમાન પોષાતું હોય.

## છેલ્લી ધુળેટી ૧૯૩૮માં રમ્યા

એક વખત ૧૯૩૮માં પ્રભાબહેન કુંભકોણમ્માં હતાં. હોળીના દિવસે પ્રભાબહેન, શ્રી નંદુભાઈને બહાર ખેંચી લાવ્યાં અને રંગ લગાડી હોળી રમવાની શરૂઆત કરી હતી. પછીથી કાંતાબહેન, ઈંદુબા, કુમારભાઈ વગેરે જોડાયાં હતાં. આ પછી ક્યારેય પણ ધુળેટી રમ્યા ન હતા. (એક અપવાદ - સાબરમતીમાં બાળકોને રાજી રાખવા ૧૯૪૬માં રમ્યા હતા.)

• • •

# ૯. મહાત્મા ગાંધીજીના પ્રભાવ હેઠળ

શ્રી નંદુભાઈ અને ગોપાલમામાએ ૧૯૨૯થી ૧૯૩૯ સુધીમાં પેઢીને આખા દક્ષિણ ભારતમાં નામના અપાવી. એન. ગોપાલદાસ ઍન્ડ કંપનીની પેઢીએ સોનાચાંદીનાં ઘરેણાંમાં લોકોનો વિશ્વાસ જીતી લીધો. પેઢીએ આવનાર ગ્રાહકોને છેતરાવાનો ભય ના રહેતો. તેની ખ્યાતિ એક પ્રામાણિક પેઢી તરીકે હતી. આ સમયે શ્રી નંદુભાઈએ જીવનમાં મેળવવા જેવી બધી ભૌતિક સિદ્ધિઓ મેળવી લીધી હતી. ધન, આબરૂ, કીર્તિ, લોકચાહના અને દરેક પ્રકારનાં ભૌતિક સુખશાંતિ એમને પ્રાપ્ત હતાં. એ જમાનાના કરોડપતિ બન્યા પછી એમનો અંતરાત્મા હવે એમને જુદી દિશામાં લઈ જવા માગતો હતો. અઢળક સંપત્તિના સ્વામી હોવા છતાં એમનામાં આ બધાં ભૌતિક સુખો પ્રત્યે સંપૂર્ણ અનાસક્તિ હતી. એમનું અંગત જીવન કરકસરયુક્ત અને ગરીબો પ્રત્યે અનુકંપાયુક્ત હતું. ભારત દેશની આઝાદીની ચળવળ ચાલી રહી હતી. એ ચળવળને માટે એક અર્ધ નગ્ન ફકીર મહાત્મા ગાંધી પોતાનું જીવન ન્યોછાવર કરવા નીકળી પડ્યા હતા. તેઓ પોતાની ઉંમરને કોરે મૂકીને સુકલકડી શરીરે દેશની અવિરત સેવા કરી રહ્યા હતા.

પૂજ્ય શ્રીમોટાએ એક પ્રવચનમાં મહાત્મા ગાંધી વિશે કહ્યું હતું, **'મહાત્માજીના જીવનની અસર આપણા હિંદુસ્તાનના પ્રત્યેક નવયુવાન ઉપર થયેલી જ છે.** એમના દિલમાં જ્વાળામુખીના સમી જે એક ધગધગતી ભાવના હતી, એવી જે ભાવના છે તે ભાવનામાં પોતાના જીવનના ધ્યેયનું જે કેંદ્રિત થવાપણું પ્રગટેલું છે, એવી ભાવના તે ભલે એક જ માનવીના હૃદયમાં જીવતીજાગતી હોય, પરંતુ આવી જે ભાવના છે, તે બહાર પણ એની અસર પાડ્યા સિવાય રહી શકતી નથી. જેવી રીતે કે ચૈતન્ય મહાપ્રભુ જે ભજન ગાતાં ગાતાં જતા હતા, જતા હોય ત્યારે એમની પાછળ જે પ્રચંડ ટોળું, ઘણું મોટું ટોળું વળેલું હોય, એ ટોળાંમાં પણ એમના

ભજનના ભાવની અસર થતી ને બધાં લોકો નાચવા મંડી પડતા. એવી રીતે મહાત્મા ગાંધીજીના દિલમાં એક જે પ્રચંડ જ્વાળામુખીના જેવી ધગધગતી ભાવના હતી, હિંદુસ્તાનને સ્વરાજ અપાવવા માટેની, એવી (આઝાદીની ભાવના) એમના હૃદયમાં એકાગ્રતાથી કેંદ્રિત થયેલી હતી. એ ભાવનાની અસર સમાજ ઉપર થયા વગર રહેતી નથી.'

('શ્રીમોટાવાણી', ભાગ ૯, બીજી આ. પૃ. ૨૫)

સાહસ અને જોખમોને બિરદાવવા માટે જુવાનીને એ લડતે પડકાર આપ્યો હતો અને એ પડકારને યુવાનીએ પ્રેમથી સત્કાર્યો અને ઝીલ્યો હતો, પરંતુ એની પાછળ તો ધક્કો હતો ભાવનાના પરિબળનો. તે કાળ ભાવનાથી છલોછલ ઊભરાતો હતો. ત્યાગની પરંપરા ફૂટતી હતી. માથાં વધેરાવાં કેટલાયે યુવાનોમાં તત્પરતા જાગેલી હતી. એવા કાળમાં ભગવાન જ્યારે આપણું મોઢું ફેરવાવે છે, તે એક કોઈક મોટા ચમત્કારની હકીકત છે.

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ. લેખકના બે બોલ, પૃ. ૨૫)

આ બધું જોઈને શ્રી નંદુભાઈને પણ પોતાનું જીવન અર્થહીન લાગવા માંડ્યું હતું. એમના હૃદયમાં દેશ માટે ન્યોછાવર થવાની ભાવના જાગી ઊઠી હતી. જે ઝંખના આપણને જે માટે પ્રકટે, તેને આચારમાં, અમલમાં મૂકવાની ખેવના જાગે ત્યારે જ તે ઝંખના ગણાય, નહિતર નહિ. વળી, જો ઝંખના જાગે અને જે માટે જાગે તો એનું આચરણ કરવાં જતાં જે મુશ્કેલી, વિઘ્ન, દુઃખ જાગે તે બધું પ્રેમથી, ઉમળકાથી સ્વીકારી તેનું સ્વાગત કરવાની હૈયાની તાલાવેલી, જેને ઝંખના જાગે, તેના દિલમાં પ્રગટતી હોય છે.

**કોઈ પણ બાબતની ઝંખના સાચી ત્યારે કહેવાય કે તે ઝંખનાને માટે મુશ્કેલી, દુઃખ, ઉપાધિ કે વેદના પ્રેમપૂર્વક સહી શકાય ને ઉમળકાથી તે બધું આનંદથી સ્વીકારાય અને સહેવાય ત્યારે ઝંખના સાચી સમજવી.**

● ● ●

# જીવન સાર્થકતાની કેડીએ

## વિભાગ : ૨

### સંક્રાંતિકાળ

# માર્ચ, ૧૯૩૯ થી મે, ૧૯૪૬

## અનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | વિધિના લેખ - જીવન સાર્થકતાનું બીજું મોજું | ૫૬ |
| ૨. | પૂજ્ય શ્રીમોટા સાથે પરોક્ષ પરિચય | ૬૬ |
| ૩. | ચિનગારી | ૭૧ |
| ૪. | જીવન સાર્થકતાનું ત્રીજું મોજું | ૭૭ |
| ૫. | ઘેર બેઠાં ગુરુ મળી આવ્યા ! | ૮૨ |
| ૬. | પ્રત્યક્ષ મળતાં પહેલાં પત્રવહેવારથી શરૂઆત | ૮૭ |
| ૭. | પૂજ્ય શ્રીમોટાની ચેતવણી | ૯૦ |
| ૮. | શ્રીસદ્‌ગુરુનો આવકાર | ૯૪ |
| ૯. | સંતની પકડમાં | ૯૭ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના કરાંચીથી પત્રો | ૧૦૪ |
| ૧૧. | ગુરુ પ્રત્યે ખુલ્લા થવાની પ્રક્રિયા | ૧૧૦ |
| ૧૨. | મનની ચંચળતા - ફરી દેશસેવાની ધૂન | ૧૨૦ |
| ૧૩. | દક્ષિણમાં ફરી વસવાટ | ૧૨૬ |
| ૧૪. | શ્રીમોટાનું પ્રોત્સાહન | ૧૩૨ |
| ૧૫. | કિરાપટ્ટીમાં | ૧૩૭ |
| ૧૬. | મૉન્ટેસોરી અભ્યાસ અને હિમાલયયાત્રા | ૧૪૩ |
| ૧૭. | ઑક્ટોબર, ૧૯૪૫ શ્રીમોટાના વહાલભર્યા પત્રો | ૧૫૬ |
| ૧૮. | મહાત્મા ગાંધીજીના સાંનિધ્યમાં | ૧૬૪ |
| ૧૯. | તા.૨-૩-૧૯૪૬ ટ્રાન્સનો અનુભવ | ૧૬૯ |
| ૨૦. | સાબરમતી આશ્રમ આવતાં પહેલાં | ૧૭૪ |

## મે, ૧૯૪૬ થી સપ્ટેમ્બર, ૧૯૪૯


ક્રમ વિષય પૃષ્ઠ

૨૧. શ્રી નંદુભાઈ ફરી સાબરમતી આશ્રમમાં .......... ૧૮૩

૨૨. પૂજ્ય કાંતાબા અને આશ્રમજીવન .............. ૧૮૮

૨૩. જીવનમાં પ્રથમ ઝંઝાવાત .................... ૨૧૮

૨૪. સમાધાન .................................. ૨૩૧

૨૫. સાયલા અને શિરડીથી પૂજ્ય શ્રીમોટાના પત્રો .... ૨૩૬

૨૬. શ્રી નંદુભાઈના ખભાનું આણંદમાં ઑપરેશન ..... ૨૫૦

૨૭. પૂજ્ય શ્રીમોટાના પ્રેરક પત્રો .................... ૨૫૬

૨૮. નિરાશાનું મોજું .............................. ૨૬૩

૨૯. શ્રી નંદુભાઈ અને કાંતાબાને
પૂજ્ય શ્રીમોટાની શીખ ....................... ૨૬૯

૩૦. વ્યાસબેટમાં અનુષ્ઠાન ........................ ૨૮૭

૩૧. સિદ્ધાર્થની કેળવણી............................ ૩૧૯

૩૨. શ્રી નંદુભાઈની પ્રકૃતિ.......................... ૩૨૨

૩૩. સ્વજનને ફરિયાદ ............................ ૩૩૮

૩૪. જીવનમાં દ્વિતીય ઝંઝાવાત ..................... ૩૪૫

૩૫. પોંડિચેરી જવાના નિર્ણયના પ્રત્યાઘાતો ........... ૩૬૫

૩૬. શ્રી નંદુભાઈની પૂજ્ય શ્રીમોટા દ્વારા
લેવાતી કાળજી ............................... ૩૭૮

૩૭. છૂટા પડતાં પહેલાં ............................ ૩૮૩

૩૮. પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈના ગૂઢ
સંબંધની હકીકતો ............................ ૩૯૬


• • •

# સંક્રાંતિકાળ - મનોમંથનકાળ

## જીવનમાં જુદી જુદી ઉત્તેજનાઓના તબક્કા

શ્રી નંદુભાઈના જીવનમાં જેમ સામાન્ય રીતે હોય છે તેમ જીવનને ધકેલનાર જુદાં જુદાં પરિબળોનો કાળ આવ્યો હતો. ઉંમરના ૧૧ થી ૧૬ વર્ષનો ગાળો રમતગમત - ક્રિકેટની ઉત્તેજના, ૧૭ થી ૨૨ વર્ષની ઉંમરમાં કુટુંબને મદદરૂપ થવા કમાવાની ઉત્તેજનાનો ગાળો. શ્રી નંદુભાઈ તેમના ૧૯૫૩ના મૌનના એક નિવેદનમાં પૂજ્ય શ્રીમોટાને જણાવે છે કે-

‘મારા જીવનમાં જાણે ૧૦-૧૦ વર્ષના cycle (ઘટનાચક્ર)ના ગાળા ના હોય ! તેમ આજે વિચાર આવ્યો.

૧૯૧૯ થી ૧૯૨૯ — સારી સોબત અને સદ્‌વાંચન, વિદ્યાભ્યાસ અને યુરોપ પ્રવાસ

૧૯૨૯ થી ૧૯૩૯ — દક્ષિણ હિંદમાં વેપાર

૧૯૩૯ થી ૧૯૪૯ — આધ્યાત્મિક સાધનાની સાચી શરૂઆતની પૂર્વ તૈયારી.

આમ, ૧૯૪૯ના ૭૯ દિનના મૌનમાંથી જ કંઈ ખરી શરૂઆત થવાનું એમને લાગ્યું હતું. ત્યાં લગી બધી રમત જ જાણે થઈ હોય યા પૂર્વ તૈયારીની અથડામણો થઈ હોય એવું શ્રી નંદુભાઈને ભાસતું હતું. શ્રી નંદુભાઈએ ૧૯૪૦માં દીક્ષા લઈ સાધનાની શરૂઆત કરી. ૧૯૪૦થી ૧૯૪૯ સુધીનો કાળ તેમનો ભારે મનોમંથનનો કાળ હતો. આ કાળ દરમિયાન તેમને પ્રથમ આકર્ષણ મહાત્મા ગાંધીજી પ્રત્યે રહ્યું, પૂજ્ય શ્રીમોટા પાસે દીક્ષા લીધા પછી પણ કંઈ અકળ રીતે ૧૯૪૮ સુધી શ્રીઅરવિંદ તરફ

ખેંચાતા રહ્યા હતા, એ જ મનની ચંચળતાની શક્તિ દર્શાવે છે. મનને સ્થિર કરવામાં અનેક જન્મો પસાર થઈ જાય છે. શ્રી નંદુભાઈ ફક્ત ૧૦ જ વર્ષના ગાળામાં પૂજ્ય શ્રીમોટાની કૃપાથી સ્થિર થઈને શ્રીસદ્‌ગુરુની ચેતનામાં નિષ્ઠા પામ્યા એ બહુ મોટી વાત છે !

આપણને સંસારમાં જકડી રાખનાર મન જ હોય છે, મન જેવું પકડી રાખનાર બ્રહ્માંડમાંયે બીજું કોઈ નથી. એણે આપણને બાંધ્યા ન હોવા છતાં આપણે એના બંધાયેલાં રહીએ છીએ એવી એની ખૂબી છે. ('જીવનપ્રેરણા', ચોથી આ., પૃ. ૬૧)

મનને એકદમ થાળે પાડવું એ કામ અઘરું છે. ગીતામાં પણ કહ્યું છે કે 'મનને વશમાં રાખવું તે પવનને કબજામાં રાખવા જેવું અઘરું છે.' મનને ખીલે બાંધવા અનેક જન્મો પણ ઓછા પડે છે ! **સંક્રાંતિકાળ એ જૂના અને નવા કાળ વચ્ચેનો ભારેમાં ભારે મંથનકાળ છે. મન એક ઠેકાણેથી ઊઠે તો એનાં પણ લક્ષણો હોય છે અને બીજે ઠેકાણે લાગતું હોય એટલે કે ચોંટતું હોય તો એનાં પણ લક્ષણો હોય છે. આ શાસ્ત્ર (આધ્યાત્મિક માર્ગ અથવા જીવનશાસ્ત્ર) વિજ્ઞાનશાસ્ત્ર કરતાંયે વધુમાં વધુ સ્પષ્ટતાવાળું અને ચોક્કસ છે. એમાં ક્યાંયે અસ્પષ્ટતા નથી, પરંતુ મનનું જ્યારે સર્વ સલામત સ્થિતિમાંથી ચસકવાનું બને છે ત્યારે ત્યારે સંક્રાંતિકાળ જન્મે જ છે. સંક્રાંતિકાળમાં ઉત્કટ લાગણી, મનોવેદના, અસ્પષ્ટતા, અનિશ્ચિતતા, અકળામણ, મૂંઝારો અને ગભરામણ પણ થવાનાં જ.**

સંક્રાંતિકાળમાં સર્વ પ્રકારની ઊથલપાથલ થવી જરૂરની હોય છે. ઊથલપાથલ થયા વિના નવસર્જનને યોગ્ય વ્યવસ્થા ઊભી

થઈ શકતી નથી. ઊથલપાથલ સ્થૂળ રીતે થતાં ઘણો પરિશ્રમ વેઠવો જ પડે છે, એટલા કાજે જે જીવ પોતાની ઊથલપાથલ જ્ઞાન અને ભક્તિપૂર્વક સ્વીકારીને, સ્વીકારીને જ નહિ, પણ એનું મહત્ત્વ, રહસ્ય અને એની યોગ્યતા, એની જરૂરિયાત પૂરેપૂરી મનહૃદયથી સમજીને, એટલું જ બસ નહિ, પણ એવી થતી ઊથલપાથલના યોગ્ય હેતુના જ્ઞાનને સમજીને, એવી ઊથલપાથલ જે જીવ પોતાની મેળે જ પોતાનામાં કરતો રહે છે, તેવો જ જીવ ક્ષિતિજ મર્યાદાની પેલી પાર જઈ શકવાનો છે.

જીવનને જે જે પાર કરી જતા જાણેલા છે, એવા સર્વેમાં એવા પ્રકારની મસ્ત ધૂન જાગેલી હોય છે. **એવી ધૂનનો નશો કોઈ ઓર જ છે. જગતમાં જે કાંઈ કોઈ કરી ગયેલા છે, તે તે સર્વ ધૂની જ હતા, કારણ કે એ ધૂનની પાછળ અંતરમાં જીવનધ્યેયને આકાર પમાડવાની વેગવાન વૃત્તિ કામ કરી રહી હોય છે. એવી ધૂન ગમે તેવા ભારે સંક્રાંતિકાળમાં માનવીને ટકાવી રાખી, એમાંથી પસાર કરાવીને, એના જીવનધ્યેયના શિખરે પહોંચાડે છે.**

જગતમાં શું કે જીવનમાં શું, સંક્રાંતિકાળ એ તો ભારે જ હોય. એમાં એક બાજુ દિગંતની પેલી પાર જવાની, ઊડી પહોંચવાની, ત્યાં ઠરીઠામ થવાની વૃત્તિ રહે. ત્યાં જ જીવનની કે હૃદયની ભાવનાની પાંખોનો ફફડાટ સદાકાળ થયા કરે અને બીજી બાજુથી તેવી દશામાં જવાનું ઊગતાં જે જે કાંઈ વળગેલું રહ્યા કરેલું હોય, તે નવાં નવાં આગંતુક સ્વરૂપે આવીને આપણને ગળે વળગવા માંડે. માયા જીવને પોતાની પકડમાંથી છોડવા રાજી હોતી નથી. જીવ-માયાનું યુદ્ધ જ્યારે ખરેખરું જામતું જતું હોય છે, તે

વેળા ત્યાં કટિબદ્ધ થઈને ટકવું તે વિરલા વીર જીવનું કામ છે ('જીવનપ્રેરણા', ચોથી આ., પૃ. ૧૪૭).

**તેવા જ એક વિરલા વીર શ્રી નંદુભાઈ હતા. એમને પણ સાધનામાં સ્થિર થતાં થતાં કંઠે પ્રાણ આવી ગયા હતા.**

- શ્રી નંદુભાઈ કોણ હતા ?

- શા માટે શ્રી નંદુભાઈને મહર્ષિ શ્રીઅરવિંદનું આકર્ષણ થયું ?

- શા માટે શ્રી નંદુભાઈને પૂજ્ય શ્રીમોટા પાસે દીક્ષા લીધા પછી પણ શ્રીઅરવિંદ પ્રત્યે આકર્ષણ થતું રહ્યું ?

- શા માટે પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને અશ્રદ્ધા હોવા છતાં સ્વીકારી લઈ ચેતનાની નિષ્ઠામાં પ્રસ્થાપિત કર્યા ?

આવા ઘણા બધા પ્રશ્નોના જવાબો હવે પછી આ જીવનકથામાંથી મળી રહેશે.

• • •

# માર્ચ, ૧૯૩૯ થી મે, ૧૯૪૬

## ૧. વિધિના લેખ

૧૯૨૪ થી ૧૯૩૯ સુધીમાં શ્રી નંદુભાઈ ઘણું ધન કમાયા. તદુપરાંત ગોપાલમામાએ પેઢીમાંથી છૂટા થયા પછી પણ નફાના અમુક ટકા ભાગ શ્રી નંદુભાઈને કદરરૂપે બાંધી આપ્યો હતો. શ્રી નંદુભાઈએ જે મૂડી એકઠી કરી હતી તેટલામાં સંતોષ માન્યો અને ધનઉપાર્જનની વૃત્તિને હંમેશને માટે તિલાંજલિ આપી. હવે તેમનો અંતરાત્મા જુદી દિશામાં દોરી રહ્યો હતો. તેમનામાં કરકસરની વૃત્તિ હતી, પરંતુ લક્ષ્મી પ્રત્યે  આસક્તિ ન હતી. જીવન વિશે મનોમંથન કરતાં કરતાં એમને લાગી આવ્યું કે જીવનની સાર્થકતા 'બહુજન હિતાય, બહુજન સુખાય'માં રહેલી છે. ગાંધીચીંધ્યા માર્ગે જઈ જનકલ્યાણની પ્રવૃત્તિમાં જોડાઈ જવું એ જ જીવનનો એકમાત્ર ઉદ્દેશ્ય છે.

મહાત્મા ગાંધીએ ૧૯૩૦માં દાંડીકૂચ માટે નીકળ્યા પછી સાબરમતી આશ્રમને હંમેશને માટે છોડી દીધો હતો. તેમણે ૧૯૩૬માં પૂનાથી નજીક વર્ધામાં સેવાગ્રામ આશ્રમની સ્થાપના કરી અને અહીંથી ૧૯૪૬ સુધી દેશને માર્ગદર્શન આપતા રહ્યા હતા.

### જીવન સાર્થકતાનું બીજું મોજું

પાછું જીવન સાર્થકતાનું મોજું આવ્યું અને છેવટે માર્ચ, ૧૯૩૯માં  વેપારમાંથી ફારેગ થયા. ૧૧ વર્ષ બાદ તે ઝંખના એ રીતે ફળી. ૧૯૩૯માં જીવનની સાર્થકતા એટલે દેશસેવા અને ગરીબોની સેવા કરવી એવું મહાત્મા ગાંધીજીના આદર્શ પ્રમાણેનું જીવન જીવવું, એવો ખ્યાલ હતો.

**'જીવન ધ્યેય ના જાગે કદીયે એમ ને એમ,**
**જીવન અસ્તિત્વનું ચિંતવન કર્યા કરતાં સ્ફુરે ધ્યેય.'**

આ રીતે જીવન અસ્તિત્વ શા સારુ ? એ વિચારના મૂળમાંથી એ પ્રમાણે નીકળવાનું બન્યું ત્યારે એમને ખાદી પ્રવૃત્તિમાં પડવાની ધારણા હતી. તે એટલી બધી એમને પ્રિય હતી કે ખાદી ન પહેરનાર પ્રતિ એક પ્રકારનો અણગમાનો ભાવ રહેતો. વ્યક્ત અને અવ્યક્ત રીતે ! આ જ માન્યતા પછીથી શ્રી નંદુભાઈને સમજાઈ કે એ તો હૃદયની પામરતા, સંકુચિત વૃત્તિ હતી.

શ્રી નંદુભાઈએ હવે મહાત્મા ગાંધીજીને જ ગુરુ માન્યા હતા. જનકલ્યાણના ધ્યેયને સાર્થક કરવા તેઓએ વર્ધાના ગાંધી સેવાગ્રામ આશ્રમે જઈને મહાત્મા ગાંધીજી સાથે રહેવાનો સંકલ્પ કર્યો. તે માટે પોતાની સર્વ જાહોજલાલી, સુખસંપત્તિનાં સાધનોનો ત્યાગ કરી, ઉપાર્જિત કરેલા ધનનું આયોજન કરી, પેઢીના ભાગીદારોની અને કુટુંબની સંમતિ લઈ વર્ધા જવા કાંતાબહેન સાથે નીકળી પડ્યાં.

**વર્ધાના ગાંધી સેવાગ્રામ આશ્રમે જવા પ્રયાણ**

તા.૫-૩-૧૯૩૯ હોળીના આગલા દિવસે, ઘણાં લાકોએ ચેતવ્યા કે હોળીની સામી ઝાળે ના જવાય, છતાં કાંતાબહેન અને વિશાખા સાથે મદ્રાસથી ટ્રેનમાં ત્રીજા વર્ગમાં નીકળ્યાં. રસ્તામાં સાંજ પડતાં ગુંટકલ સ્ટેશને ગાડી પહોંચી. અહીં ગાડી અડધો કલાક પાણી લેવા ઊભી રહેતી હતી. નંદુભાઈને ફરવા - ચાલવા જવાની હંમેશની ટેવ હતી. ટ્રેનમાં આખો દિવસ બેસવાનું થયું હતું. હાથમાં ઘડિયાળ બાંધેલી હતી. સમય જોઈને ગામ તરફ રેલવે પાટાની બાજુ ૧૦-૧૨ મિનિટ ચાલીને આગળ ગયા અને પાછા ફર્યા. ડબ્બા સુધી પહોંચવાને પાંચેક મિનિટની વાર હશે

ત્યાં પગમાં વાયર કે કશુંક ભરાઈ પડવાથી ગબડી પડ્યા અને જમણા હાથના ખભાનું હાડકું ખસ્યું અને છોલાયું. છતાં ઊભા થઈને ડબ્બામાં સમયસર પહોંચી ગયા અને ટ્રેન ઊપડી. આખી રાત કળતર રહ્યું. સવારે પૂનામાં સીધા પ્રો. ત્રિવેદી સાહેબને ત્યાં ઊતર્યાં. પૂનામાં કાકાસાહેબ કાલેલકરને મળવાનું હતું. પૂનામાં શ્રી લિમયે મહારાજને ખભાનો ભાગ બતાવ્યો. તેમણે કશીક દવા આપી. બીજે દિવસે મુંબઈ જઈ હાડવૈદને બતાવ્યું. તેમણે ખભો હચમચાવી, કાળો લેપ લગાવી રૂ મૂકી દીધું. તે ૧૦-૧૨ દિવસ રાખવાથી સારું થઈ ગયું. મુંબઈમાં આ દિવસો દરમિયાન ચંદ્રકાંતભાઈ સાથે હીરાની ખરીદી કરી. હોળીમાં સામી ઝાળે ન નીકળાય એવી અંધશ્રદ્ધામાં શ્રી નંદુભાઈ માનતા નહિ. બીજું કોઈ હોત તો આવો અકસ્માત તેની અંધશ્રદ્ધાને દૃઢ કરત. શ્રી નંદુભાઈ તો માનતા કે સૌ દિન પ્રભુના સર્જેલા સરખા જ છે. આવી જ રીતે એક વખત જેઠીબા અને કાંતાબા સાથે ટ્રેનમાં જતાં રેણીગુંટા સ્ટેશને પાણી લેવા જતાં ગાડી ઊપડી અને દોડીને પાછળનો ડબ્બો પકડ્યો હતો. શ્રી નંદુભાઈ એવા સાહસિક હતા.

૧૯૩૯માં શ્રી કાકાસાહેબ કાલેલકર ગૂજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ પદેથી નિવૃત્ત થયા હતા. તેઓ રાષ્ટ્રભાષા હિંદી પ્રચારક સમિતિના સભ્ય હતા. શ્રી નંદુભાઈ વર્ધા જતાં રસ્તામાં પૂના શ્રી કાકાસાહેબ કાલેલકરને મળવા ઊતર્યા અને પોતાનો સેવાગ્રામમાં રહેવાનો હેતુ જણાવ્યો. શ્રી કાકાસાહેબ બે મહિના વર્ધાની બહાર રહેવાના હતા. ઉનાળાના બે મહિના વર્ધામાં સખત ગરમી પડે છે એટલે તેમણે શ્રી નંદુભાઈને એ સમય પૂરતું સાબરમતી આશ્રમ જઈ રહેવા સૂચવ્યું. આ માટે તેમણે શ્રી બૅંકર સાહેબને ભલામણ ચિઠ્ઠી પણ લખી આપી.

આમ, શ્રી નંદુભાઈ, કાંતાબહેન અને વિશાખા પહોંચ્યાં હરિજન આશ્રમ, સાબરમતી.

## હરિજન આશ્રમ જાણે કે રાજમહેલ

તા.૨-૪-૧૯૩૯ના રોજ સાબરમતી, હરિજન આશ્રમમાં રહેવાં આવી ગયાં. પહેલાં તો નંદિનીમાં એક ઓરડી મળી ગઈ. શ્રી નંદુભાઈનો સ્વભાવ એકાંતપ્રિય અને આવું એકાંત સ્થળ ! શ્રી નંદુભાઈને તો જાણે રાજમહેલ મળી ગયો ! કારણ કે આશ્રમ શહેરથી દૂર તદ્દન એકાંતમાં ! રાજમહેલના કંપાઉંડમાં બધી સરળતા હોય ને બધાં કામ માટે અલગ અલગ જગાઓ હોય, નાહવાને-બાથરૂમ અલગ, ધોવા માટે જગા અલગ, પેશાબઘર અલગ, શૌચની જગા અલગ ! બધું અલગ છતાં નજીક નજીક. મહેલમાં એવી એવી જગાઓ પોતાના ઓરડાથી એમ તો અલગ ને કંઈક દૂર જ હોય છે તેમ. ટપાલપેટી પણ નજીક, લાઈબ્રેરીનો ઓરડો, ગૌશાળા પોતાની આગવી હોય તેમ તેની બધી સરળતાઓ. જેમ રાજાઓ નદીના કિનારે મહેલ બાંધતા હોય છે તેમ, આશ્રમનો આ મહેલ પણ નદીના કિનારા ઉપર જ. આંગણામાં મોટું ચોગાન, મોટી મોટી નામાંકિત વ્યક્તિઓ તે મહેલ આગળથી પસાર થાય. ઘેર બેઠાં તેઓનાં દર્શન થઈ શકે. એ જમાનાની એક શ્રેષ્ઠ વ્યક્તિ મહાત્મા ગાંધી બાપુનાં આંદોલનો વાતાવરણમાં ભરેલાં - તે જગાની નજીક જ વળી ફૅક્ટરી. મહેલમાં ભાંગફોડ રિપૅર સારુ હોય તેમ ફૅક્ટરી પણ પાસે જ છે. શહેરની પાસેના પાસે ને દૂરના દૂર ! અને મોટર-બસ છેક કંપાઉંડવૉલ સુધી આવે તેવી સરળતા ! આમ, એક રાજમહેલની બધી સહુલિયતો, સરળતાઓ પ્રભુએ તેમને બક્ષી હતી. આવી મળેલી તકો વ્યર્થ ના જાય તે

માટે શ્રી નંદુભાઈએ નતમસ્તકે પ્રભુને પ્રાર્થના કરી. અધૂરામાં પૂરું અમદાવાદ પોતાનું જ ચિરપરિચિત શહેર કે જ્યાં પોતાનું બાળપણ અને યુવાની વીત્યાં હતાં.

તા.૧૦-૭-૧૯૪૪
પ્રેમકુંજ, ત્રિચિ

## તક પુષ્પો ચૂંટો

(વસંતતિલકા)

ખીલ્યાં દીસે મધુર તક-પુષ્પ આજે,
કાલે કદા વીખરશે કરમાઈ તાપે,
લેવો જ હોય કંઈ લાભ સવેળ લેશો,
ચાલ્યો જશે સમય, કાલ નવું જ જોશો !

(શિખરિણી-મંદાક્રાંતા)

તને જેવી આજે તક મળી દીસે તેવી ને તેવી નિત્યે
મળ્યા જાશે એવું કહી નવ શકે કોઈયે નિશ્ચયે તે,
ગણાયે છે ડાહ્યું મળી તકતણો લાભ ઉઠાવી લે જે
બની ડાહી બેનાં ! મળી તકતણો લાભ લેતી રહેજે.

- શ્રીમોટા

('કર્મગાથા', ત્રીજી આ., પૃ. ૧૮૦)

આ કડીઓ શ્રી નંદુભાઈને સહેજે યાદ આવી ગઈ ને પ્રભુને પ્રાર્થ્યું કે તેવી તકોનો લાભ લેવાની બુદ્ધિ, તેવી સ્મૃતિ, શક્તિ આપો !

## હરિજન આશ્રમમાં ત્રિપુટી

૧૨મી માર્ચ, ૧૯૩૦ના રોજ મીઠાના સત્યાગ્રહ નિમિત્તે મહાત્મા ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીકૂચની શરૂઆત કરી

અને સ્વરાજ્ય ના મળે ત્યાં સુધી પાછા ન વળવાનો સંકલ્પ જાહેર કર્યો. આ પછી આશ્રમ સાચવનાર કોઈ ના રહ્યું. ૧૯૩૨માં હરિજન સેવક સંઘની સ્થાપના થઈ હતી અને સાબરમતી આશ્રમ ૩૦ સપ્ટેમ્બર, ૧૯૩૩માં હરિજન સેવક સંઘને સોંપી દેવામાં આવ્યો હતો. સાબરમતી આશ્રમ હવે હરિજન આશ્રમ બન્યો અને હરિજન સેવાની પ્રવૃત્તિઓ ત્યાં શરૂ થઈ. હરિજન સેવક સંઘનું મુખ્ય કાર્યાલય પણ આશ્રમમાં આવ્યું. ત્યાર પછી સાબરમતી આશ્રમમાં અનેક પ્રવૃત્તિઓ ચાલવા લાગી, જેવી કે હરિજન આશ્રમ સંચાલિત વિનય મંદિર, હરિજન બાળાઓ માટેની હૉસ્ટેલ, મહિલા અધ્યાપન મંદિર, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ મંડળ, ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિ, ગુજરાત હરિજન સેવક સંઘ, ગૌશાળા વગેરે. શરૂઆતમાં શ્રી નંદુભાઈ ખાદીભવનમાં અને આશ્રમનાં જુદાં જુદાં ખાતાંઓમાં કામ કરવા જોડાયા હતા. આ પ્રમાણે શ્રી નંદુભાઈને સાબરમતી આશ્રમમાં રહેવાનું મળી ગયું. ત્યાં જઈ ખાદી વણાટનું કામ શીખવામાં જોડાઈ ગયા. અહીં જ પૂજ્ય હેમંતભાઈ નીલકંઠનો પરિચય થયો અને પછી હેમંતભાઈ દ્વારા પૂજ્ય શ્રીમોટા સાથે જોડાવાનું થયું.

## શ્રી ચૂનીલાલ ભગત ઉર્ફે પૂજ્ય શ્રીમોટા

અમદાવાદના રસ્તાને પસાર કરી આશ્રમની સામેની બાજુએ આશ્રમના જૂના બે શિક્ષક નિવાસો હતા. તેમાંના અમદાવાદના રસ્તા પાસેના નિવાસને 'આગલી ચાલી' તરીકે સૌ ઓળખતા. તેમાંના એક ઘરમાં પૂજ્ય શ્રીમોટા તેમનાં માતુશ્રી સૂરજબા, મોટા ભાઈ સદ્‌ગતશ્રી જમનાદાસભાઈનાં વિધવા પત્ની કાશીબા અને તેમના દીકરા શ્રી શાંતિભાઈ સાથે રહેતાં.

પૂજ્ય શ્રીમોટા, હરિજન આશ્રમમાં ૧૯૩૩થી રહેવા આવી ગયા હતા અને ૧૯૩૯માં હરિજન સેવક સંઘમાંથી નિવૃત્ત થયા ત્યાં સુધી રહ્યા હતા. પૂજ્ય શ્રીમોટા અને શ્રી પરીક્ષિતભાઈ, બન્ને હરિજન સેવક સંઘના સમકક્ષ મંત્રીઓ હતા. પૂજ્ય શ્રીમોટા નાડીવાળી ટૂંકી ચડ્ડી પહેરતા અને માથે ટોપી કે ટુવાલ વીંટેલો રાખતા. શરીર તો મોટે ભાગે ખુલ્લું જ રાખતા. બોદાલ આશ્રમમાં સાપ કરડ્યો, ત્યારથી શરીરમાં એટલો અગન બળતો કે પહેરણ પહેરવાનું પણ સહન ના થતું. આ જ કારણે શ્રીમોટા દિવસમાં બેત્રણ વાર નદીમાં ડૂબકી પણ મારી આવતા.

## શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ ઉર્ફે હેમંતદાદા

શ્રી હેમંતકુમાર ગુણીજનરામ (ગુણાભાઈ) નીલકંઠ - ગુજરાત સાહિત્યના પ્રસિદ્ધ સાહિત્યકાર અને ‘ભદ્રંભદ્ર’ જેવી અમર કૃતિના સર્જક શ્રી રમણલાલ નીલકંઠના ભત્રીજા અને શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠના પૌત્ર થાય. તેમનો જન્મ તા. ૬-૧૨-૧૮૯૯ના રોજ થયો હતો. તેમના દાદા શ્રી મહીપતરામ રૂપરામ સમાજ સુધારક તેમ જ ગુજરાતમાં પ્રાર્થના સમાજના મુખ્ય સ્થાપકો પૈકીના એક હતા. તેમ જ ગુજરાતમાંથી ઇંગ્લૅંડ જનારા સૌથી પહેલા ગુજરાતી હતા. શ્રી હેમંતભાઈના પિતાશ્રી ગુણાભાઈ પોતે પણ પ્રાર્થના સમાજવાદી હતા. આમ, કુટુંબના ધાર્મિક સંસ્કારોની અસર શ્રી હેમંતકુમારમાં હતી, પરંતુ પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા પછી તેમના પોતાના ધાર્મિક વિચારોમાં ઘણો ફેર પડી ગયો હતો.

શ્રી હેમંતભાઈ પરિવારમાં સૌથી નાના હતા. ૧૯૧૬માં મૅટ્રિકની પરીક્ષામાં ૫૦૦૦ વિદ્યાર્થી બેઠા હતા. તેમાં તેમનો ૨૭મો નંબર હતો. ૧૯૨૦માં શ્રી હેમંતકુમાર મહાત્મા ગાંધીજીના અસહકાર આંદોલનમાં જોડાયા હતા. તે સમયે તેઓ બી.એ.ના

છેલ્લાં વર્ષમાં હતા. કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ પૂરો કર્યો હતો અને સ્નાતકની ડિગ્રી મેળવી હતી.

આમ તો તેઓશ્રી ગાંધીજીના કર્મયોગમાં માનતા હતા અને હરિજનસેવાનું કામ કરતા, પણ કર્મ તો તેમને સ્થૂળ લાગવા માંડેલું, પરંતુ પૂજય શ્રીમોટાના સત્સંગમાં આવ્યા બાદ તેઓ ભક્તિયોગ અને જ્ઞાનયોગ તરફ વળ્યા. પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોમાં તેઓ 'હેમંતદાદા'ના નામથી જાણીતા છે.

શ્રી હેમંતભાઈને પૂજ્ય શ્રીમોટા સાથે પહેલવહેલો સંપર્ક ૧૯૨૬માં અંત્યજ સેવામંડળમાં જોડાયા પછી થયો હતો. ૧૯૨૮માં હેમંતભાઈ અને પૂજ્ય શ્રીમોટા બોદાલ હરિજન આશ્રમમાં સાથે હતા. ત્યારથી તેઓ બન્નેનો સંબંધ અતિ ગાઢ થયો હતો. ૧૯૩૦માં દાંડી સત્યાગ્રહમાં ભાગ લઈ છ મહિનાની જેલ પણ ભોગવી હતી. દેશસેવાના હેતુથી આજીવન લગ્ન ન કરવાનો નિર્ણય કર્યો હતો.

૧૯૩૭માં શ્રી હેમંતભાઈ ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષક હતા. તેઓની તબિયત કાયમને માટે નાજુક રહેલી. સામાન્ય રસોડાનું ખાવાનું તેમને રુચતું અને પચતું ન હતું. તેથી, પૂજ્ય શ્રીમોટા તેમને હરિજન આશ્રમની આગલી ચાલીમાં રહેવા લાવ્યા અને તેમનું ખાવાનું પોતાને ત્યાં જ રાખ્યું. આમ, શ્રી હેમંતભાઈ પણ ૧૯૩૭થી હરિજન આશ્રમમાં રહેવા લાગ્યા હતા. તેઓ પૂજ્ય શ્રીમોટાના સૌ પ્રથમ શિષ્ય હતા. શ્રી હેમંતભાઈને પિતા તરફથી વારસાગત જે કંઈ માલમિલકત મળેલી, તે પૂજ્ય શ્રીમોટાને ચરણે ધરી દીધી અને તેમની સાથે જોડાઈ ગયા.

શ્રી હેમંતભાઈએ - 'મહાદેવભાઈની ડાયરી', પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો જેવાં કે* 'જીવનદર્શન', 'જીવનસંગ્રામ',

* આ પુસ્તકો આશ્રમમાં ઉપલબ્ધ છે.

'પારસલીલા', 'મનને', 'તુજ ચરણે' વગેરેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. તેમણે 'રસહીન પુષ્પો' અને સંસ્કૃતમાં 'કૃપાયાચિકા શતકમ્' - એ પૂજ્ય શ્રીમોટાને સંબોધીને શ્રીસદ્‌ગુરુની કૃપાયાચના યાચતા સંસ્કૃત ભાષામાં બસો શ્લોકોની રચના કરી હતી. તેમાંથી ચુનંદા ૧૦૦ જેટલા શ્લોકોનો ગુજરાતી ભાષામાં ભાવાનુવાદ શ્રીમતી કુરંગીબહેન દેસાઈએ કર્યો છે, જે 'કૃપાયાચના શતકમ્'ના નામથી જાણીતો છે. આ ઉપરાંત, શ્રી નંદુભાઈ સાથે મળીને શ્રીમોટાનાં ગદ્ય પુસ્તકોનું સંકલન કર્યું હતું.

પૂજ્ય શ્રીમોટાના નડિયાદના હરિઃૐ આશ્રમના નિર્માણમાં તેમનો મુખ્ય ફાળો હતો. **પૂજ્ય શ્રીમોટાએ તા. ૪-૪-૧૯૪૬ના પત્રમાં શ્રી હેમંતભાઈને લખેલું કે 'તમે મને પ્રખ્યાત કરશો અને ભાઈ નંદુ મને ધન્ય કરશે !'** શ્રી હેમંતભાઈ તેમની ઢળતી ઉંમરનાં વર્ષોમાં પણ હરિઃૐ આશ્રમ, નડિયાદમાં રહેલા. તેમને મળતા સ્વાતંત્ર્યસેનાનીના પેન્શનમાંથી અમુક રકમ આશ્રમમાં આપતા. તેઓની ઢળતી ઉંમરમાં આશ્રમના ટ્રસ્ટી શ્રી હરેશભાઈ પટેલે અંગત રીતે પુત્ર જેવા જ બનીને તેમની મૂક સેવા કરી ખૂબ કાળજી રાખી હતી. તેમના અંતિમ દિવસોની ટૂંકી માંદગી સ્વીકારી તા. ૮ નવેમ્બર, ૧૯૯૫ના દિવસે નડિયાદ, હરિઃૐ આશ્રમમાં જ દેહ છોડ્યો હતો. મૃત્યુ પ્રત્યેનો તેમનો પોતાનો ભાવ આ મુજબ હતો :-

**'પ્રભુનાં વરદાનોમાં સુમૃત્યુ વર શ્રેષ્ઠ છે,**
**સ્વાતંત્ર્ય, સત્ય ને ન્યાય માટે મૃત્યુ ઈષ્ટ છે.'**

## શ્રી નંદુભાઈ

સમય જતાં સાબરમતી આશ્રમના વહીવટદારોએ શ્રી નંદુભાઈને મકાન બાંધવા જમીન હંગામી ધોરણે ફાળવી આપી

હતી. ત્યાં એમણે પોતાને રહેવા મકાન બનાવ્યું. સાબરમતી નદી એમના આ ઘરની ઓસરીથી ૧૫ ફૂટ દૂર હતી. વિનોબાકુટિર અને મીરાંકુટિર પણ ઘરથી જમણી બાજુએ લગોલગ જ હતી. એ સમયે મીરાંકુટિરની પાછળ જ નદીની ભેખડો હતી. આ ઘરમાં મીરાંકુટિર બાજુ જમણે ખૂણે વરંડો હતો જ્યાં સામસામા બે હીંચકા રહેતા. એ હીંચકા ઉપર પૂજ્ય શ્રીમોટા બેસતા. વરંડાની પાછળ જમણા ખૂણામાં શ્રી નંદુભાઈની ઑફિસ હતી. વરંડાની ડાબી બાજુ પૂજાની ઓરડી હતી. પૂજાની ઓરડીની પાછળ ડાબા ખૂણે રસોડું અને જમવાનો રૂમ હતો. મકાનની વચ્ચેના ભાગમાં સૂવાનો રૂમ હતો. હરિજન સેવક સંઘની ઑફિસ શ્રી નંદુભાઈના ઘરની ડાબી બાજુએ હતી અને મહાત્મા ગાંધીજીના નિવાસસ્થાન **'હૃદયકુંજ'**ના કસ્તૂરબા નિવાસની બારી શ્રી નંદુભાઈના પ્રવેશદ્વારની સામે પડતી હતી. આ કસ્તૂરબા નિવાસમાં મથુરીબહેન ખરે* રહેતાં હતાં. શ્રી નંદુભાઈના ઘરની પાછળની બાજુ નદીના ઓવારા પછી છોકરીઓની હૉસ્ટેલના સંચાલકોનું નિવાસસ્થાન 'નંદિની' હતું. આ નિવાસસ્થાનની ડાબી બાજુએ આ હૉસ્ટેલ આવેલી છે. આજે આ હૉસ્ટેલની જમણી બાજુ અને સંચાલકોના નિવાસસ્થાનની પાછળ ગૃહઉદ્યોગનું મકાન આવેલું છે. આ મકાનની પાછળ ટૉઇલેટો આવેલ છે. આજે શ્રી નંદુભાઈના ઘરની જગ્યાએ માત્ર ઓટલો જ છે, જેના ઉપર તે સમયે આખું ઘર ઊભું હતું.

• • •

---

* પૂજ્ય શ્રીમોટાના પ્રિય ભજન ગાયિકા જેઓ આકાશવાણી રેડિયો ઉપર પણ કાર્યક્રમ આપતાં હતાં.

# ૨. પૂજ્ય શ્રીમોટા સાથે પરોક્ષ પરિચય

તા.૨૯-૩-૧૯૩૯ના રોજ કાશીમાં સાક્ષાત્કાર થયા પછી પૂજ્ય શ્રીમોટાએ હરિજન સેવક સંઘમાંથી રાજીનામું આપી દીધું હતું, પરંતુ સંઘના હિસાબ વગેરે ઑડિટ કરાવવાના હતા એટલે જુલાઈથી સપ્ટેમ્બર, ૧૯૩૯માં સાબરમતી આશ્રમમાં રહ્યા હતા. આ સમયમાં શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને જેવા જોયા તેવા પ્રસંગોનું વર્ણન આ રીતે કર્યું છે - 'તેઓ (મોટા) પોતે ગુજરાત હરિજન સેવક સંઘના સહમંત્રી હતા અને પરીક્ષિતલાલ મજમુદાર એમના સાથી મંત્રી હતા. બન્ને સરખું ભણેલા હતા. સરખી કક્ષાવાળા હતા. ઉંમરમાં પણ સરખા હતા. પરીક્ષિતલાલને બહાર ફરવાનું થાય. તેમના ભોજનની થાળી તેમની ઑફિસમાં આવે તે સાચવી રાખે. પછી પરીક્ષિતલાલ જમી લે એટલે થાળી પોતે ઉપાડી સાફ કરી અને પાછી મૂકી દે. જાણે એમના નોકર હોય ! એટલા બધા નમ્ર હતા. એટલે શરૂઆતમાં મેં તો એમ જ માનેલું કે આ એમની ઑફિસના નોકર કમ ક્લાર્ક છે ! એ ઉઘાડા શરીરે ચડ્ડી પહેરીને ટાઈપિંગ કર્યા કરે ત્યારે મને થયેલું કે આ તો અંગ્રેજી જાણતા લાગે છે ! મને અચરજ થયું. ઑફિસની બહાર મોટું ટેબલ, તે ત્યાં બધાં છાપાંઓ આવે. આશ્રમના માણસો ત્યાં વાંચવા આવે. લોકો વાંચવા આવે અને પછી અંદર ચર્ચાઓ પણ ચાલે. એ પોતે એક અક્ષર પણ બોલે નહિ. ઑફિસમાં બેઠાં બેઠાં સંભળાય ખરું, પણ એમાં એમનું લક્ષ નહિ. કોઈની સાથે કશી વાત ના કરે. કોલાહલ જેવું વાતાવરણ હોય, છતાં તે તો તેમનું કામ કર્યે જ જાય. સવારના છ - સાડા છ વાગ્યે ઑફિસમાં આવી

જાય તે રાતના આઠ - સાડાઆઠ - નવ સુધી સતત કામ કર્યા કરતા. તેમનું ઘર પાસે હતું. જમીને પાછા એ તો તરત જ ઑફિસમાં જાય. આ એમનો રોજનો ક્રમ. આવી નમ્રતા હતી. લોકોનું એમના વિશે બહુ હલકું મૂલ્યાંકન હતું, પણ પોતાને એવું ન હતું. કોઈ દિવસ પોતે વાત કરવાનો પ્રયત્ન પણ નહિ કરેલો. મોટા, દિશાએ જતા હોય, હાથમાં ટમલર હોય અને આશ્રમની છોકરીઓ કહે, 'ચૂનીભાઈ, નથી જવાનું.' એટલે ટપ દઈને ટમલર નીચે મૂકીને પાછા ઓટલે બેસી જાય. મને થતું 'આ કેવું ગાંડપણ ! જાજરૂ જતાં છોકરીઓએ તો મશ્કરીમાં કહ્યું, પણ એમ સ્વીકારી લેવાતું હશે ?'

એકવાર શ્રીમોટાના શરીરનો વર્ષગાંઠનો દિવસ હતો ત્યારે આશ્રમના એક રહેવાસી શ્રી નરહરિભાઈ પરીખના દીકરા શ્રી મોહનભાઈ પરીખ ફરતાં ફરતાં શ્રીમોટાના ઘર બાજુ જઈ ચડ્યા. તે વખતે સામેથી હસતા ચહેરે, ઉઘાડા ડિલે શ્રીમોટા આવી રહ્યા હતા. એકબીજાને રામ રામ કહ્યા. મોહનભાઈને એમ થયું કે 'શ્રી ચૂનીભાઈને કંઈક ભેટ આપવી જોઈએ' એટલે તેઓ તેમની પાસે પહોંચીને નીચેથી ચપટી ધૂળ લઈ બોલ્યા, 'લ્યો આ ભેટ !' ને શ્રીમોટાએ તરત જ હાથ ધરી તેનો સ્વીકાર કર્યો ને ફાકી ગયા ! મોહનભાઈને ખબર નહિ કે શ્રી ચૂનીભાઈ આ રીતે ધૂળની ફાકી કરી જશે, ને તેથી તે ઝંખવાણા પડી ગયા, પણ શ્રીમોટાએ વાતને તરત હળવી બનાવી દીધી. એ વખતે સમજાયું નહિ, પણ પછીથી સમજાયું કે 'અનાગ્રહ કેળવવો હોય તો આ રીતે કેળવાય.' (હીરક મહોત્સવ સ્મૃતિ ગ્રંથ - ૧૯૬૮માંથી) ('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૧૦,૧૧)

## હઠાગ્રહી સ્વભાવ

પેરીસની પેઢી હોય કે મામાની પેઢી હોય કે કાંતાબહેનનું ઘર હોય ! શ્રી નંદુભાઈ જેમ કહે તેમ જ થતું, એવો શ્રી નંદુભાઈનો પ્રભાવ હતો. શ્રી નંદુભાઈ પેરીસ હતા ત્યાં પણ શેઠ એમની ઈચ્છા મુજબ બધું કરતા. એટલે ‘He was the boss’. બધાં એમની ઈચ્છા મુજબ જ ચાલતાં. શરૂઆતમાં ઘરમાં આધિપત્ય ભોગવવાની શ્રી નંદુભાઈની વૃત્તિ પ્રબળ હતી એટલે પોતાનું ધાર્યું જ થવું જોઈએ એવો વહેવાર પત્ની સાથે કરતા. રહેણીકરણીમાં મહાત્મા ગાંધીજીની સાદગી અને કરકસરની અસર વર્તાતી હતી. ઘરની સજાવટમાં પત્નીનો હિસ્સો બિલકુલ ના રહેતો. ઘરમાં કશું રાચરચીલું વસાવેલું નહિ. પિત્તળનાં વાસણ રાખવાની મનાઈ રાખેલી. પાણી, દાળ, અનાજ, ચોખા ભરવા માટે માટીનાં માટલાં ગોઠવ્યાં હતાં. ઘર જાણે બાવાની ઝૂંપડી જેવું લાગતું.

ગાંધીજીના રંગે રંગાયેલા એટલે સ્વદેશી વસ્તુ જ વાપરવાનો આગ્રહ રાખતા. કેરોસીન પરદેશથી આવે એટલે એ ના વપરાય એવી માન્યતાને લીધે તેઓ તેને બદલે દિવેલનું કોડિયું વાપરતા. રાત્રે જાજરૂ જવું હોય કે બહાર જવું હોય તો ફાનસમાં દિવેલનું કોડિયું મૂકીને જવાનું થતું.

ઘરમાં મીઠાઈ બનાવવાની પણ મનાઈ ફરમાવી હતી. એક વખત કાંતાબહેનને સારા દિવસો હતા. આથી, એમને ગળ્યું ખાવાની ઈચ્છા થઈ. એમણે મોહનથાળ બનાવ્યો. શ્રી નંદુભાઈ એ વખતે રેંટિયો શીખવા બહાર ગયા હતા. પાછા આવીને જોયું તો કાંતાબહેને મોહનથાળ બનાવ્યો હતો. એ જોઈને એમનો પિત્તો ગયો. મોહનથાળનો ધાબો લઈને ઓસરીથી ૧૫ ફૂટ દૂર આવેલી

સાબરમતી નદીમાં ફેંકી આવ્યા. આ પ્રસંગનો એમને પસ્તાવો પણ થયો ન હતો. એટલા તેઓ હઠાગ્રહી હતા.

તે સમયે શ્રી નંદુભાઈનો પરિચય શ્રીમોટા સાથે થયો ન હતો. આ બધું બાજુની ઑફિસમાંથી પૂજ્ય શ્રીમોટાની નજરમાં આવતું. એ સમયે શ્રીમોટાએ શ્રી હેમંતભાઈને કહ્યું, 'આ પેલો લાંબા વાળવાળો ભાઈ છે, એ એની પત્નીને બહુ હેરાન કરે છે, એની પત્નીને સારા દિવસો છે ને ખાવા દેતો નથી.' શ્રીમોટાએ સૂરજબા મારફત સારા દિવસો છે એ જાણ્યું હતું. આથી, શ્રીમોટાએ બાને કહી રાખેલું કે ઘરમાં કંઈ સારી વસ્તુ બનાવે તો એને ઘેર આપી આવવી. આથી, ૧૯૩૯ના શીતળાસાતમના દિવસે સૂરજબાએ ઘરમાં દૂધપાક, પૂરી ને વડાં બનાવ્યાં હતાં, તે સગર્ભા કાંતાબાને માટે મોકલાવ્યાં હતાં.

## પૂજ્ય શ્રીમોટાની શ્રી હેમંતભાઈને સલાહ

શ્રી નંદુભાઈ એ સમયે **'નંદિની'**માં રહેતા હતા. પૂજ્ય શ્રીમોટા, તેમનાં માતુશ્રી પૂજ્ય સૂરજબાની દેખભાળ કરવાની વ્યવસ્થા કરી તા. ૬-૯-૧૯૩૯ના દિવસે સાબરમતી આશ્રમમાંથી વિદાય લઈ કરાંચી જવા નીકળ્યા. તે દિવસે આશ્રમવાસી ભાઈબહેનો અભૂતપૂર્વ ભાવપૂર્ણ વિદાય આપવા એકઠાં થયાં હતાં. શ્રીમોટા અને શ્રી નંદુભાઈ વચ્ચે હજુ પરિચય થયો ન હતો. શ્રી હેમંતભાઈએ શ્રીમોટાની વિદાયથી લાગણીમાં આવી જઈ શ્રીમોટાને પૂછ્યું કે 'હું હવે કોની સાથે વાત કરીશ ?' શ્રીમોટાએ શ્રી નંદુભાઈને બતાવીને સૂચવેલું કે '.........ને બદલે નંદલાલની મૈત્રી કેળવવા જેવી છે. તેમની સાથે વાતચીત કરવાનું રાખશો.' આમ, શ્રીમોટાએ વગર સંબંધે શ્રી નંદુભાઈને જોઈ લીધા હતા.

શ્રી નંદુભાઈમાં એવી કોઈક ભૂમિકા હતી કે પૂજ્ય શ્રીમોટાએ તેમને પ્રત્યક્ષ પરિચય પહેલાં જ ભવિષ્યમાં બનનારી ઘટનાઓ માટે પસંદ કરી લીધા હતા.

## પ્રથમ પરિચયે જ નંદુભાઈની જાણ

(અનુષ્ટુપ)

પરાપૂર્વતણું ભાન નિમિત્ત ઊગતાં હૃદે,
-જાગે અનુભવીને ત્યાં સ્પષ્ટ પ્રત્યક્ષ જીવને.

આગળ પાછળ જે છે પરાપૂર્વનું ચિત્ર જે,
નિમિત્તના જ સંબંધે તે અનુભવીને ઊગે.

('નિમિત્ત', ત્રીજી આ., પૃ.૨૮)

આ બાબતનો ઉલ્લેખ પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈના તા. ૨૭-૧-૧૯૪૯ના એક પત્રમાં કર્યો હતો કે-

'પ્રિય ભાઈ,

.....તમારી યથાયોગ્યતા કેટકેટલી છે ! તમારા પર તો વારીવારી જાઉં એમ થાય છે...........................

તમારી મહત્તા મારા મનમાં તો પ્રથમ મેળાપે જ હતી, જેમ મારા ગુરુમહારાજે મને જોતાં જ કહેલું. તમારા અંગે ઘણું લખીને કહી શકું પણ આજે આ કાળે તેના યથાર્થ સ્વરૂપમાં તે ન લેખાય.'

પૂજ્ય શ્રીમોટાના નિર્દેશથી શ્રી હેમંતભાઈએ, શ્રી નંદુભાઈ સાથે પરિચય કેળવ્યો. નિમિત્ત સંજોગે તેઓ બન્નેની મૈત્રી બરાબર જામી ગઈ. શ્રી નંદુભાઈ કાંતાબહેનની સુવાવડ નિમિત્તે કુંભકોણમ્ જવાના હતા ત્યારે શ્રી હેમંતભાઈને દક્ષિણમાં આવવાનું આગ્રહપૂર્વક આમંત્રણ પણ આપ્યું અને શ્રી હેમંતભાઈએ તે સહર્ષ સ્વીકાર્યું.

• • •



પિતાશ્રી ભોગીલાલ ત્રિભોવનદાસ શાહ



માતુશ્રી જેઠીબા ભોગીલાલ શાહ



શ્રી નંદુભાઈ, પૂજ્ય શ્રીમોટા અને ભાઈઓ સાથે




શ્રી નંદુભાઈનું અમદાવાદનું નિવાસસ્થાન
મોતીભાઈની ખડકી (૧૯૧૩)



શ્રી નંદુભાઈ જે સ્થાને રહેતા હતા તે ઘર
(આજની સ્થિતીએ)




શ્રી કાંતાબાનું બાળપણનું નિવાસસ્થાન, અમદાવાદ



યુવાન વયે શ્રી નંદુભાઈ



યુવાન વયે શ્રી કાંતાબહેન
(અપરિણીત, ૧૯૨૮)



શ્રી કાંતાબહેન

# ૩. ચિનગારી

શ્રી નંદુભાઈ સાબરમતી આશ્રમમાં રહેવા આવ્યા, તેને ચારેક મહિના થયા હશે. તે દરમિયાન આશ્રમના વાતાવરણનો અનુભવ થતો ગયો. મહાત્મા ગાંધીજીના અનુયાયીઓના આચારવિચારનાં દર્શન થતાં ગયાં. લોકો આશ્રમની ઑફિસ પાસે છાપાંઓ વાંચવા એકઠાં થતાં અને રાજકારણની નિરર્થક ચર્ચાઓ મોટે અવાજે કરતાં. જરૂર વગરના વિષયો ઉપર વાદવિવાદ પણ થતો. એમાં એકબીજા પ્રત્યે રાગદ્વેષ પણ ઉદ્ભવતો. સેવાકીય પ્રવૃત્તિ માટેની ગંભીરતા ક્યાંયે જોવા મળતી નહિ. આમ, શ્રી નંદુભાઈએ આશ્રમના વાતાવરણની જે કલ્પના કરી હતી તે સાકાર થતી જણાતી ન હતી.

આ જ વર્ષમાં બાળકનો જન્મ થવાનો સમય નજીક આવી રહ્યો હોવાથી શ્રી નંદુભાઈ, કાંતાબહેનને લઈને ઑક્ટોબરની આખરમાં ૧૯૩૯માં કુંભકોણમ્ ગયા. શ્રી હેમંતભાઈ થોડા સમયમાં જ શ્રી નંદુભાઈના કુટુંબીજન જેવા થઈ ગયા હતા. શ્રી હેમંતભાઈને પણ ત્રણ પ્રાતઃસ્મરણીય મુક્તાત્માઓ - શ્રીરામદાસ સ્વામી, શ્રીરમણમહર્ષિ અને શ્રીઅરવિંદનાં દર્શન કાજે દક્ષિણની યાત્રાએ જવું હતું. શ્રી નંદુભાઈએ તેમને સાથે આવવાનો આગ્રહ કર્યો જ હતો. તેથી, તેઓ બધાં મુંબઈ બોરિબંદર સ્ટેશનથી દક્ષિણ ભારત જવા નીકળ્યાં. શ્રી હેમંતભાઈ આશરે બે મહિના દક્ષિણમાં રહ્યા અને યાત્રા પૂરી કરી ડિસેમ્બરમાં સાબરમતી આશ્રમ પાછા ફર્યા હતા.

શ્રી નંદુભાઈનું બૃહત કુટુંબ ચીલેચલુ ધર્મમાં માનતું નહિ. જેમ પૂજ્ય શ્રીમોટા એક સમયે બાવા - સાધુઓને સમાજ ઉપર બોજારૂપ માનતા તેમ શ્રી નંદુભાઈનું કુટુંબ ગુરુ કરવા, બાવા -

સાધુ પાસે જવું કે કોઈ પણ જાતની પૂજા કરાવવી, એવું કાંઈ પણ માનતા નહિ. આમ, તદ્દન કોરી સ્લેટ જેવા હતા, પણ એમનામાં માનવસેવા કરવી, દયાભાવ રાખવો વગેરે ગુણધર્મો તો હતા જ.

આધ્યાત્મિકતા એટલે શું એ શ્રી નંદુભાઈને ખબર ન હતી. ગુરુ કોને કહેવાય તેનું કોઈ દિવસ ચિંતન કે મનન તેમણે કરેલું નહિ. શ્રી નંદુભાઈએ ગુરુ વિશે જાણેલું નહિ કે જોયેલું પણ નહિ, પરંતુ શ્રી નંદુભાઈમાં એક પ્રકારની ભભૂકતી ધૂનની ભૂમિકા હતી. પહેલાં એ પૈસા કમાવાની ધૂન હતી, જે પછીથી દેશસેવાની ધૂનમાં પરિવર્તિત થઈ હતી. હવે, એ ભૂગર્ભમાં ભભૂકતી ધૂનને આધ્યાત્મિક ચિનગારી લાગવાની હતી.

પૂજ્ય શ્રીમોટાએ પ્રચંડ ધૂનવાળો મનુષ્ય કેવો હોય તે વિશે એક પ્રવચનમાં કહ્યું છે કે '...પણ એક જ એની મુખ્ય વાત સમજી લેવી કે એને કોઈ પણ બાબતની પ્રચંડ ધૂન હોય છે. ભલે સાંસારિક ક્ષેત્રે. જેમ ભૂગર્ભમાં બધું ધરતીકંપ થવાને માટેની પ્રક્રિયા ચાલુ જ હોય. જે એની ઊર્ધ્વતમ કક્ષાએ પહોંચે ત્યારે પાકે, તે સિવાય પાકતી હોતી નથી. ત્યારે આંતરિક ભૂમિકામાં આ બધી પ્રક્રિયા ચાલતી હતી. ત્યારે એ નિમિત્તને કારણે જ જે આ ભગવાન તરફ ભભૂકવાની જે ભૂમિકા કે જે નિમિત્ત હતું, એ નિમિત્ત તો પડેલું, પણ એવા માણસોને કોઈ પણ ક્ષેત્રે આવી ભભૂકતી ભૂમિકા હોય છે. કોઈ પણ ક્ષેત્રમાં. સંસારી વિષયમાં કે ગમે તે, તે અનોખા હોય છે. સામાન્ય જીવદશાના પ્રકારના એ હોતા નથી. જુદા હોય છે.' ('શ્રીમોટાવાણી', ભાગ-૧૩, પ્ર.આ. પૃ. ૧૫-૧૮)

કુંભકોણમ્ નિવાસ દરમિયાન એક દિવસ શ્રી હેમંતભાઈ પોંડિચેરી શ્રીઅરવિંદનાં દર્શને જવાના હતા ત્યારે તેમણે શ્રી

નંદુભાઈને સાથે આવવા કહ્યું. શ્રી નંદુભાઈને તો આવી બાબતમાં રસ હતો નહિ. એમને ત્યાં જવાની ઇચ્છા પણ હતી નહિ. શ્રીઅરવિંદ વિશે એમણે અન્યથા ભાવ સેવેલો. ખાસ કરીને ૧૯૩૪માં 'હિંદુ' છાપામાં શ્રીઅરવિંદ વિશેના લેખમાં આશ્રમ પોતીકી માલિકીનો અંગત છે, એમ શ્રીઅરવિંદે કહ્યું હતું ત્યારથી અનેક ખોટા ખ્યાલો સેવેલા. આ અન્યથા ભાવ અને નિંદા અજ્ઞાનમૂલક હતાં. એની પાછળ અંગત દ્વેષ, ઈર્ષા, ક્રોધ કે ચીઢ ન હતાં. ખોટા ગાંધીવાદથી પ્રેરાઈને, ખોટા ગાંધીવાદમાં જકડાઈ જવાને કારણે તે વિચારદોષનું કારણ હતું.

આમ, શ્રી નંદુભાઈ, શ્રી હેમંતભાઈને સાથ આપવા જ પોંડિચેરી ગયા. તેઓ બન્ને પોંડિચેરીમાં દરિયાકિનારે ફરવા નીકળ્યા ત્યારે ત્યાં દરિયાની રેતીમાં સંસ્કારી દેખાતાં છતાં ગાંડાની માફક અસ્તવ્યસ્ત કપડાંમાં પડેલાં એક ગુજરાતી બહેન જોવાં મળ્યાં. એક ગુજરાતીના નાતે તેઓ અનુકંપાસહ એ બહેનની પાસે ગયા. વાતચીત કરતાં એવું લાગ્યું કે તેઓમાં ગાંડપણનું કોઈ નિશાન વરતાતું ન હતું. તેમનું નામ તારાબહેન હતું. તેઓ શુદ્ધ સંસ્કારી ભાષા બોલતાં હતાં અને અંગ્રેજી પણ જાણતાં હતાં. તેઓ પરણેલાં હતાં અને પતિ તથા ૧૫-૧૬ વર્ષની પુત્રી સાથે મુંબઈમાં રહેતાં હતાં. તેઓ શ્રીઅરવિંદનાં દર્શનાર્થે પોંડિચેરી એકલાં જ આવ્યાં હતાં. શ્રીઅરવિંદનાં દર્શનની તેમને તીવ્ર તાલાવેલી લાગી હતી, પરંતુ તેમને આશ્રમમાં પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી હતી. દર્શન માટે તેઓ આશ્રમની બહાર સવારસાંજ આંટો મારતાં અને બીજા સાધકો દ્વારા આશ્રમને અને માતાજીને ભેટ પણ મોકલતાં. તે બહેનની આટલી ધગશ હોવા છતાં શ્રીઅરવિંદ અને

શ્રીમાતાજીની તેમને દર્શન માટે અનુમતિ આપવાની દૃઢ 'ના' હતી. આ જાણીને શ્રી નંદુભાઈના મનમાં ફરી આશ્રમ પ્રત્યે અન્યથા ભાવ ઊપજ્યો હતો.

(આ ઘટનાનાં ૨૨ વર્ષ પછી ૧૯૬૧માં સુરત આશ્રમમાં અમદાવાદના આંખના એક નિષ્ણાત ડૉક્ટર મૌનમાં બેઠા હતા અને તેમને ગાંડપણની સ્થિતિ આવી હતી. તે પ્રસંગથી શ્રી નંદુભાઈને સમજાયું કે જેનું મન આળું થઈ ગયું હોય, ભૂતકાળમાં ક્યારેય પણ ગાંડપણના હુમલા થયા હોય તેવાઓનો ભાવાવેશ ભલે કદાચ શરૂઆતમાં આપણને સાચો અને પ્રતીતિજનક લાગતો હોય છતાં તેવાના મનનો ગાંડપણ કેવો જબરજસ્ત કબજો લઈ શકે છે ! છેક ૧૯૬૧માં સમજાયું કે શ્રીઅરવિંદ આશ્રમમાં પેલાં બહેનના કિસ્સામાં તેમને જે આશ્રમ પ્રતિ અન્યથા ભાવ પ્રગટ થયો હતો તે કેટલો અજ્ઞાનમય, દીન-હીન અને વિવેકશૂન્ય હતો ! કેવો ભારે અન્યાય પોંડિચેરી આશ્રમને મનોમન તે વેળા કરેલો !! શ્રી નંદુભાઈને થયું કે 'આપણા અજ્ઞાનભર્યા ઘમંડમાં આપણે કેટલાં તો છીછરાં હોઈએ છીએ ! અને છતાં મુક્તપુરુષોને માપવાની ચેષ્ટા કરીએ છીએ. તેમના ન્યાયાધીશ બની બેસીએ છીએ અને આપણા ડહાપણ ભરેલા ચુકાદાઓ આપવા બેસી જઈએ છીએ.')

## શ્રીઅરવિંદનાં દર્શન અને અભિમુખતા

પોંડિચેરીમાં દર્શનના સમય પહેલાંના કલાક બે કલાકમાં કંઈક ચમત્કાર થયો અને જાણે જ્ઞાનચક્ષુઓ ખૂલી ગયાં ! જેના વિશે ખોટા વિચારો કર્યા હતા, તેમના માટે ભાવ થઈ આવ્યો અને

નકામા વિચારોનું દુઃખ થઈ આવ્યું. આંખમાંથી આંસુ નીકળવાં લાગ્યાં. પછી અશ્રુભીની આંખે દર્શન કર્યાં.

દર્શન પછી શ્રી નંદુભાઈમાં કોઈ કહી ન શકાય, જણાવી ન શકાય એવી રીતે કશાકનો સંચાર થયો. આ આધ્યાત્મિક માર્ગની સમજણની કક્ષા ઊગવાનો સુયોગ તો શ્રી હેમંતભાઈના કુંભકોણમ્ આવવાના યોગમાંથી જ ઊપજ્યો હતો. જેમ જેમ જે જે રીતે શ્રી નંદુભાઈમાં સમજણ ઊગતી ગઈ, તે તે રીતે તેમણે વર્તવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો હતો. સાચું જીવન આધ્યાત્મિક માર્ગમાં છે અને તેવું તેમને લાગવાથી તે પરત્વે તેમનું આકર્ષણ થયું.

આમ, દસપંદર સેકંડ લાઇનમાં ઊભા રહી પાછા ચાલી નીકળ્યા. બીજું કંઈ થયું નહિ. સુષુપ્ત પડી રહેલા આધ્યાત્મિક સંસ્કારોને ચિનગારી લાગી ગઈ. ભગવાન પ્રત્યેની અભિમુખતાના સંસ્કાર એમના પિતાશ્રી તરફથી મળ્યા હતા. એ આધ્યાત્મિકતાનાં બીજ નિમિત્ત મળતાં અંકુરિત થઈ ઊઠ્યાં. પોંડિચેરીમાં શ્રીઅરવિંદનાં પાવન દર્શન કરી કુંભકોણમ્ આવવા નીકળી ગયા. તે રાત્રે ખૂબ જ શાંતિનો અનુભવ થયો. આ એમનો પહેલો આધ્યાત્મિક અનુભવ અને એમની આધ્યાત્મિક યાત્રાની પ્રથમ શરૂઆત. આ એક અદ્‌ભુત ઘટના હતી.

આ ઘટના ઘટવામાં શ્રી નંદુભાઈનો કોઈ પ્રયત્ન ન હતો. આ વીજ ચમકારો તેમના પૂર્વના કોઈ કર્મસંજોગે કે નિમિત્ત કારણે થયો હતો.

**શ્રી નંદુભાઈને મહર્ષિ શ્રીઅરવિંદનો પ્રથમ અનુભવ : પૂજ્ય શ્રીમોટાના શબ્દોમાં**

પૂજ્ય શ્રીમોટાએ પછીથી એકવાર શ્રી નંદુભાઈને લખ્યું હતું કે :

નીચેની પ્રાર્થના **'દક્ષિણા'**માં મોકલશોજી. તમે ભાઈ શ્રી સુંદરમ્‌ને નીચે પ્રમાણે લખશોજી.

**પ્રિય ભાઈશ્રી,**

૧૯૪૦માં નાસ્તિકતાથી ભરેલો જીવ હું હતો. આધ્યાત્મિકતા એટલે શું તેનું તો ભાન જ ક્યાંથી હોય. કેવળ કુતૂહલતા કાજે જ આવેલો, પણ જે કંઈ થયું તેથી જીવનમાં કંઈક સમજ પ્રકટી. ને એ સાચી હકીકત મારા જીવનમાં જે બનેલી તે નીચેના શાર્દૂલવિક્રીડિત છંદમાં મૂકી છે, તે **'દક્ષિણા'**માં લેવા વિનંતી છે.

**જેનાં એક જ દર્શને નિમિષનાં હૈયે પ્રવેશ્યું કશું,**
**આવ્યું મશ્કરી કાજ જે હૃદય તે ભક્તિ અંકુરે ઊઘડ્યું.**
**એવું કૈંક થતાં નમાવવું પડ્યું માથું પદે જેહને,**
**શું આકર્ષણ ઉરમાં જગવિયું, ભાવે નમું તેહને.**

— નંદલાલ

• • •

# ૪. જીવન સાર્થકતાનું ત્રીજું મોજું

જીવનસાફલ્ય - સાર્થકતાના ખ્યાલમાં માનવી બીજા સારુ કશુંક કરી ચૂકવાને સહેજે પ્રેરિત થાય છે. (તેવી વૃત્તિવાળો અલબત્ત) તે સારુ સેવા કે એવું કશુંક તેને સૂઝે છે ને તે શક્ય પણ બને છે, **પરંતુ આ માર્ગ (આધ્યાત્મિક માર્ગ) 'મરીને સ્વર્ગે જવાનો છે, આપ મૂઆ વિના સ્વર્ગે ના જવાય.'** ને પોતાને મરવું વહાલું લાગે શાનું ? બીજા સારુ કરી છૂટવું ઝટ ગમે છે. સાધારણપણે માનવી પોતાનાં ઘરનાં સ્વજનો અંગે ફેરફારો કે કશુંક તેવું કરી દેવા જે તત્પરતા જેટલી આસાનીથી નથી દાખવતો પણ પરાયાં સારુ પોતે તેમ કરી શકે છે ને સેવકો (દેશસેવકો) તેનાં દૃષ્ટાંતરૂપ છે. કારણ પોતાના કરતાં પરાયાંનું કરવામાં એક જાતનો રસ છે, રજસ છે. અહમ્ પોષાય છે. તેમ આ માર્ગમાં પોતાને કરવું - પોતાને સુધરવું, પોતા સારુ કશુંક કરી ચૂકવા જીવ આનાકાની દાખવતો હોય છે, ને જીવનસાફલ્યનો માર્ગ તો પોતાને જ, જે તે પોતા સારુ કરી ચૂકવાનો હોય છે. પોતાની જ સેવા પ્રથમ માગી લે છે. જે કઠે છે. એટલે જીવનસાફલ્યનો પથ દેશસેવાના માર્ગ કરતાં ક્યાંયે અનેક રીતે કઠિન અને દુષ્કર છે. દેશસેવા સારુ અદમ્ય ઉત્સાહ કે ત્યાગ - સ્થૂળ ત્યાગ કે તેવી બેત્રણ વૃત્તિઓ આગળ પડતી હોય તો પૂરતું થઈ રહે, જ્યારે આ પથમાં તો જે જે વૃત્તિઓ છે તેનો મૂળથી પલટો કરવાનો રહે છે અને અનેક વૃત્તિઓનો સામનો કરી તેમનું રૂપાંતર શક્ય કરવાનું રહે છે. એટલે સહેજે તે એટલો સરળ, ટૂંકો અને સુતરો પંથ નથી.

શાંતિના આ અનુભવ પછી શ્રીઅરવિંદ પ્રત્યે તેમનું આકર્ષણ

રહ્યા કર્યું અને પોંડિચેરી જઈ સાધના કરવાની પ્રબળ ઈચ્છાએ જોર પકડ્યું, જે ઘણાં વર્ષો સુધી પૂજ્ય શ્રીમોટાને મળ્યા પછી પણ ટકી રહ્યું. શ્રી નંદુભાઈએ શ્રીઅરવિંદના સાહિત્યનું અધ્યયન પણ કર્યું અને ચાલુ રાખ્યું.

આ અનુભવ પછી શ્રી નંદુભાઈને સાધના કરવાની ઈચ્છા જાગૃત થઈ. શ્રીઅરવિંદ આશ્રમમાં જઈ સાધના કરવાની ઈચ્છા શ્રી નંદુભાઈએ, શ્રી હેમંતભાઈ પાસે વ્યક્ત કરી. શ્રી હેમંતભાઈએ કહ્યું, 'પોંડિચેરીમાં કુટુંબ સાથે રહેવાની છૂટ નથી. તમારે સાધના કરવી હોય તો સાબરમતી આશ્રમમાં એક 'ચૂનીભાઈ ભગત' છે, એ તમને સાધના કરાવી શકશે. સાબરમતી આશ્રમમાં કુટુંબ સાથે રહેવાશે પણ ખરું.' શ્રી હેમંતભાઈ પૂજ્ય શ્રીમોટાની સાધના વિશે વાકેફ હતા અને પૂરા પ્રભાવિત હતા. તેમને મન શ્રીમોટાનું મૂલ્ય અદકેરું હતું. શ્રી નંદુભાઈએ શ્રીમોટાને હરિજન આશ્રમમાં કામ કરતા એક સામાન્ય ક્લાર્ક તરીકે જોયા હતા. 'ક્યાં મહર્ષિ અરવિંદ અને ક્યાં ઊઘાડા ડિલે ફરતો સામાન્ય ક્લાર્ક ! એ શું સાધના કરાવી શકે ?' એવી એમની છાપ હતી. એટલે આમ, શ્રી નંદુભાઈને શ્રીઅરવિંદ આશ્રમમાં જતા રોકવા, શ્રી હેમંતભાઈએ પૂજ્ય શ્રીમોટાની સાધના વિશે શ્રી નંદુભાઈને બધી વિગતવાર વાત કરી.

જીવન સાર્થકતાની ઝંખના અસ્પષ્ટ, અવ્યક્ત હતી. તે કદાચ સાચી હશે, પ્રામાણિક હશે ને પ્રભુની અપાર કૃપા કે તેણે શ્રી નંદુભાઈને માત્ર ૬ મહિના ખાદી પ્રવૃત્તિમાં ઠેરાવીને ખેંચી લીધા. અને તે ૬ મહિના પણ ભૂમિકા રચવા સારુ આવશ્યક હતા. આશ્રમમાં પગપેસારો કરવા ભૂમિકારૂપ બન્યા.

## શ્રીઅરવિંદનાં દર્શનથી જીવનદષ્ટિ - સમજણ પરિવર્તન

શ્રીઅરવિંદનાં દર્શનના પ્રસંગ પછી જીવનદષ્ટિમાં પરિવર્તન આવવા લાગ્યું અને શ્રી નંદુભાઈએ મહર્ષિ શ્રી૧૦૦૮ અરવિંદનું 'બેઝિક્સ ઑફ યોગા' એટલે કે યોગ સાધનાના પાયાનું પુસ્તક વાંચ્યું. તેમાં સમતા ઉપર ઝોક છે. એટલે સમતા શેને કહેવાય તે વખતની તેની કક્ષામાં જે ભાન જાગ્યું, તે ભાન પ્રમાણે તેઓ વર્તવા લાગ્યા. તેમના જીવનમાં બનતા પ્રસંગોમાં સમતા કેળવવા તરફ ઝોક વધતો ચાલ્યો. કોઈ પણ પ્રસંગમાં હરખશોક ના કરવો અને મનને સમતામાં રાખવું એમ વિચારી શ્રી નંદુભાઈ દિનપ્રતિદિન અંતર્મુખ થવા લાગ્યા. એકાંતપ્રિય અને સમૂહપ્રિય સ્વભાવમાંથી વધારે એકાંતપ્રિય થવાનું બનતું ગયું. આ બાબત પછીથી પૂજ્ય શ્રીમોટાએ ટકોર કરી હતી કે **'તમારા સ્વભાવનું તે એક લક્ષણ છે, તમને એકલતા ગમે છે, પણ તે એકલતામાં બીજાથી ભાગવાની વૃત્તિ રહેલી છે અને તેવી રીતે બીજાથી જુદા પડવું તે આપણે માટે યોગ્ય નથી, તે જાણશો.'** આપણાં વિચારો, લાગણી, ભાવના, રસ, રસની પ્રવૃત્તિ, સંબંધો, વહેવારનાં ક્ષેત્રો - એવા અનેક પ્રસંગોમાં આપણે સાક્ષીભાવ એટલે તેમાં અલગપણું તો રાખવાનું છે જ, પણ તે અલગપણું તદ્દન અલિપ્તપણાનું ન હોવું જોઈએ, કારણ કે આપણે આપણામાં રૂપાંતર કરવું છે અથવા તો આવરણો છે, એટલે તે આવરણોથી પર થઈને જે સ્થિતિમાં આપણે સતત - પ્રેમભાવથી - રસથી સ્થિત રહ્યા કરીએ અને તેમ છતાં જે કંઈ કર્યા કરીએ તે તે સ્થિતિને અનુરૂપ કર્યા કરીએ એવી સ્થિતિ આપણે ઉપજાવવાની છે.

('જીવનસંદેશ', સાતમી આ., પૃ.૨૦૯)

પરંતુ આવી સમજણ તે સમયે શ્રીનંદુભાઈમાં ઊગી ન હતી.

## સિદ્ધાર્થનો જન્મ અને જીવનપગરણ

લગ્ન જીવનનાં આશરે નવ વર્ષ સાત મહિના પછી તા. ૩૦-૧૨-૧૯૩૯ના દિવસે પ્રથમ અને એકમાત્ર સંતાનનો જન્મ કુંભકોણમ્ મુકામે થયો. પુત્રરત્નનું નામ પ્રથમ તો 'અરવિંદ' રાખવાનું વિચારાયેલું, પરંતુ પછીથી 'સિદ્ધાર્થ' રાખવામાં આવ્યું.

કાંતાબાનો પુત્રપ્રાપ્તિનો હેતુ સિદ્ધ થતાં શ્રી કુમારભાઈએ 'સિદ્ધાર્થ' નામ સૂચવેલું. તેથી, આ નામ સ્વીકારાયેલું અને શ્રી નંદુભાઈનો સૂક્ષ્મ અર્થ સિદ્ધ કરવામાં તે નિમિત્ત થવાનો હતો. એટલે તે રીતે પણ આ નામ યોગ્ય ઠર્યું, કારણ કે તેના જન્મ થકી જ આ સમયે કુંભકોણમ્ જવાની આવશ્યકતા ઊભી થઈ અને તેથી શ્રી હેમંતભાઈને સાથે આવવાનું નિમિત્ત ઊભું થયું. તેમની સાથે મૈત્રી જામી. ત્રણ આશ્રમોએ ફરવાનું બન્યું. આ રીતે ભૂમિકા રચાતી ગઈ અને તેથી જ પૂજ્ય શ્રીમોટાને મળવાનું બન્યું અને જીવનસાફલ્યનાં પગરણ મંડાયાં.

## પૂજ્ય શ્રીમોટાની સૂક્ષ્મ ક્રિયા

સાથે આવેલા શ્રી હેમંતભાઈ રોજેરોજ પૂ. શ્રીમોટાને કાગળ લખતા. તે સમયે શ્રી હેમંતભાઈ સાથે શ્રીમોટાને ઘણો જ તાદાત્મ્યભાવ રહ્યા કરતો. તેમની સાથે શ્રીમોટાનો હૃદયનો ભાવ ઘણો વધારે પ્રમાણમાં સંકળાયેલો હતો. શ્રી હેમંતભાઈ તે વખતે ધ્યાન, ધારણા આદિ કરતા. પૂજ્ય શ્રીમોટાએ યોગ વડે કરીને શ્રી નંદુભાઈમાં તે દિશાના તેમની ભૂમિકામાં પડી રહેલાં બીજને તેઓ જાણે નહિ તેવી રીતે અચેતનાપૂર્વક તે યોગથી ગતિમાન થવાનું શરૂ કરાવ્યું.

## શ્રી નંદુભાઈ વિશે કેટલીક ગેરસમજનું શ્રીમોટા દ્વારા ખંડન

હર્ષશોકને મુખ ઉપર બિલકુલ વ્યક્ત ના થવા દેવા તેવી જીવનદૃષ્ટિ શ્રી નંદુભાઈમાં  તે વેળા હતી ને તેથી બાળકના જન્મનો ઉત્સાહ બિલકુલ ન હતો, એવું કાંતાબાને જે લાગ્યું હોય તે સ્વાભાવિક હોય.

સિદ્ધાર્થના નામકરણ પ્રસંગનું વિસ્તૃત વર્ણન શ્રી હેમંતભાઈએ પૂજ્ય શ્રીમોટાને લખ્યું હતું. શ્રી નંદુભાઈએ સિદ્ધાર્થના જન્મ-પ્રસંગને ઊજવવા જાતે જ નિસરણી લઈ  તોરણો બાંધવાનું કામ કર્યું હતું. એ દરમિયાન નિસરણી ખસી જતાં પડવાનું થયું હતું અને પ્રભુકૃપાએ બચી જવાયું હતું.

શ્રી નંદુભાઈને બાળક જોઈતું ન હતું, તે માન્યતા પણ સત્યથી વેગળી હતી. બાળક થાય તેના માટે પણ પ્રયત્નો થયા હતા. ત્રણ વખત કાંતાબહેનનું ક્યુરેટીન કુંભકોણમ્‌માં કરાવ્યું હતું. તે અર્થે ઈંજેક્ષનો પણ આપવામાં આવ્યાં હતાં. બાળક દત્તક લેવાની તત્પરતા પણ શ્રી નંદુભાઈએ બતાવી હતી.

• • •

## ૫. ઘેર બેઠાં ગુરુ મળી આવ્યા !

કોઈ જીવને ધગધગતા જ્વાળામુખીના જેવી ઉત્કટમાં ઉત્કટ તમન્ના પ્રગટી હોય, તો ગુરુ તેને ઘેર બેઠાં જ મળી આવે છે. જે જે કક્ષામાંથી તેને પસાર કરાવવાનું હોય તે તે કક્ષામાંથી તેને તે કૃપાથી પસાર કરાવે છે. ('જીવનપ્રેરણા', ચોથી આ., પૃ. ૯૯).

(અનુષ્ટુપ)

**'અનુભવીની સાથેનું જે જે જીવનું જીવને**
**-નિમિત્ત પ્રગટેલું છે, તે તો શા ન્યાલ થાય છે !'**

('નિમિત્ત', ત્રીજી આ., પૃ. ૪૦)

પૂજ્ય શ્રીમોટાએ એક પ્રવચનમાં કહ્યું છે કે....'એટલા માટે જ આદ્ય શંકરાચાર્ય મહાપ્રભુજીએ આપણને કહ્યું છે કે આ ત્રણે ત્રણ – મનુષ્યશરીર, મુમુક્ષત્વ અને મહાપુરુષનો આશ્રય – બહુ દુર્લભ છે. ત્યારે જે જીવમાં ભલે એ જીવદશાની વ્યક્તિમાં આવી સંપૂર્ણ એકાગ્રપણે કેંદ્રતાથી આવી એકધારી જેનામાં ભૂસકો મારીને યાહોમ કરવાની અને તેનામાં સંપૂર્ણપણે એકમય, તન્મય થઈ જવાની જેનામાં જે જીવમાં જે વૃત્તિ હતી, એ મોટી વાત હતી. એ એને પલટી જતાં, પલટાઈ જતાં વાર નથી લાગતી.

પણ એ જે મનુષ્યત્વ છે, એવું મનુષ્યત્વ, એવી માનવતા જેનામાં પાંગરવા માંડી છે, ઉત્તમ પ્રકારના ગુણોનો આશ્રય જેના જીવનમાં પ્રગટેલો છે અને જે ખમીરવાળો છે, ખરેખર પરાક્રમી છે, શૂરવીર છે, જે કાંઈ કરવા ધાર્યું તેને માટે ફના થઈ જવાની સંપૂર્ણપણે જેની તત્પરતા છે, લગની લાગેલી છે, તેવા માણસને મુમુક્ષત્વની ભાવના પ્રગટે છે.

હવે, મુમુક્ષત્વની જ્યારે આમાંથી મુક્ત થવાની જે એકધારી ચેતનવંતી જીવતીજાગતી એવી ઉત્કટમાં ઉત્કટ જિજ્ઞાસા જાગે છે ત્યારે એવી જિજ્ઞાસા પણ ગતિશીલ, ક્રિયાશીલ ને સર્જનશીલ છે. એવી જિજ્ઞાસા કદી બેસાડી રાખતી નથી.

અને એવું મનુષ્યત્વ જેનામાં ખીલેલું છે, એને મુમુક્ષત્વની ભાવના, એવી જિજ્ઞાસા જાગે છે. એવી જિજ્ઞાસા જાગે છે ત્યારે એને ફળવંતી કરવાને માટે, એને વિકસાવવાને માટે કોઈક ને કોઈક આધાર ભગવાનની કૃપાથી એને મળી જ જાય છે. એ પણ એને શોધવા નહિ જવું પડે. એક તો પહેલાંમાં પહેલા પગલાંમાં જેના જીવનમાં મનુષ્યત્વ ખીલેલું છે અને જેનામાં આવી મુમુક્ષત્વની ભાવના, જિજ્ઞાસા ઉત્કટમાં ઉત્કટ જ્વાળામુખીના જેવી જાગેલી છે, તેને મહાપુરુષનો આશ્રય મળી રહે છે.'

('શ્રીમોટાવાણી', ભાગ- ૮, પૃ.૬૬,૬૭).

આ રીતે શ્રી નંદુભાઈને પણ મનુષ્યત્વના ગુણો પાંગરતાં મુમુક્ષત્વની ભાવના પ્રગટી ને પૂજ્ય શ્રીમોટા જેવા મહાપુરુષનો આશ્રય મળી ગયો. પૂજ્ય શ્રીમોટાની વાણી, શ્રી નંદુભાઈને અક્ષરશઃ લાગુ પડે છે.

## જનકલ્યાણની ભ્રમણાત્મક વૃત્તિ

શ્રી નંદુભાઈએ વેપારક્ષેત્ર છોડ્યું - જનકલ્યાણના આદર્શને લઈને ! તે હેતુમાં તેમનો પોતાના કલ્યાણનો તો ખ્યાલ જાગૃતપણે ન હતો. માત્ર એટલો જ ખ્યાલ હતો કે સામાન્ય વેપારી જીવન કરતાં સેવાનું ક્ષેત્ર જીવનને સાર્થક કરી શકશે, પણ તેની પાછળ સ્વવિકાસનો તો ખ્યાલ જ ન હતો, ને જીવનનું સાર્થક્ય એટલે શું તેની સમજણ પણ ન હતી. એટલે જો તેવી રીતે સેવાના ક્ષેત્રમાં

ઝડપાઈ જવાનું બન્યું હોત તો, તો રજસ સ્વભાવની પ્રકૃતિ પ્રાધાન્યપણે હોઈને તેમાં (સેવાકાર્યમાં) ખૂંપી જવાનું થાત, અને તેથી રાગદ્વેષો વધતા જાત અને એક બીજા પ્રકારનો તે પણ નવો વેપાર જ બની જાત. જીવનનો હેતુ - મૂળ હેતુ - તો કદીયે હાથમાં ના આવત.

## બધું સ્વપ્નવત્ બનતું ગયું !

જ્યાં વર્ધા જવાનું નક્કી હતું, ત્યાંથી ક્યાં પૂના પૂ. કાકાસાહેબને મળવા ઊતરવું ! તેમણે બે મહિના સાબરમતી આશ્રમમાં ગાળવાની આપેલી સલાહ ને લખી આપેલ ભલામણ પત્ર ! તેઓ તે બે મહિના વર્ધા રહેવાના ન હતા. તેથી, તેમણે શ્રી નંદુભાઈને તે બે મહિના સાબરમતી આશ્રમમાં રહેવાનું સૂચવેલું. સાબરમતી આશ્રમમાં જગાનું - ઓરડીનું મળી જવું, કારખાનામાં ખાદીકામમાં જોડાવું, ત્યાંથી વળી શ્રી હેમંતભાઈનો પરિચય ને તેમાંથી પૂજ્ય શ્રીમોટાનો સંપર્ક ! ક્યાંથી ક્યાં પરમ પ્રભુએ ધકેલ્યા ! જાણે બધી જ ઘટના આગળથી ગોઠવી જ ના રાખી હોય ! અને તે પણ આઠ જ મહિનામાં આ બધું બની ગયું !

સ્થૂળ સમયની બરબાદી થવા દીધા વિના પ્રભુએ શ્રી નંદુભાઈને તેના માર્ગે વાળી - ખેંચી લીધા ! ત્યારે જે માનવદેહની સાર્થકતાનો ખ્યાલ હતો, તે ભલે ભ્રામક - ભૂલ ભરેલો હતો, કિંતુ તે ખ્યાલની પાછળની ભૂમિકા પ્રામાણિક અને ઉત્કટપણે હતી, નહિતર ઊથલા ખાઈ ખાઈને પણ આખરે સલામત સ્થિતિમાંથી છૂટા ન કરાવે ! અને જ્યારે છૂટા થયા ત્યારે ક્યાં જવાનું થશે ? કેમ રહેવાનું થશે એનો કશો જ ખ્યાલ એમને ન હતો. લૌકિક દૃષ્ટિએ તો તે વેપારના વૈભવશાળી જીવનધોરણ કરતાં ક્યાંયે નીચું સાદગીભર્યું જીવનધોરણ

જીવવાનું મનમાં ધારીને - નક્કી કરીને અને અમલમાં પણ મૂકીને તે મુજબ નવું જીવન શરૂ પણ કરી દીધું હતું, પણ પ્રભુએ ભૂલા પડેલ પથિકને રસ્તો સુઝાડી દીધો.

ખાદીથી જ દેશનો ઉદ્ધાર છે, તે માન્યતા પછીથી ફેરવવી પડી. પૂજ્ય શ્રીમોટા ન મળ્યા હોત તો શું થાત ? માત્ર ૬ મહિના જ ખાદીપ્રવૃત્તિમાં ગયા, ત્યાં જીવનવહેણ બદલાયું ને ઘેર બેઠાં ગુરુ મળી આવ્યા !

(ગઝલ)

**કશું નિપજાવવું જો હો જીવનનું ધ્યેય તે પ્રત્યે,**
**-ઝૂકી ત્યાં ઝંપલાવે જે શકે પામી જીવન તો તે.**

**ડગલું ભરતો રહે છે જે ડગલું ભરવામહીં હૃદયે,**
**રહે એકાગ્ર કેંદ્રિત, ભર્યાનું એવું લક્ષણ તે.**

**ન એવો ક્યાંય ફેંકાયે હૃદય નિજ ધારણામાં તે,**
**-રહી વર્ત્યા કરે જીવને ભર્યું ડગલું ફળે એને.**

**જીવનના ઝંખના ભાવે ભરે છે એક ડગલું જે,**
**ભર્યાં પગલાં પછીનું તે બીજું ડગલું સૂઝે એને.**

(શ્રી નંદુભાઈના પત્રમાંથી)

શ્રી નંદુભાઈને પૂજ્ય શ્રીમોટા જેવા સમર્થ ગુરુ શા માટે મળ્યા ? એના ઉત્તરમાં નીચે પ્રમાણે શ્રીમોટાએ એક પ્રવચનમાં કહ્યું છે.

**‘ચેતનને ઉદય પમાડવાને માટે કોઈ શ્રેયાર્થી જાગ્રત થયો છે, એને એમાં ચેતન થવાને માટેના ભૂગર્ભની શક્તિ છે. એ ભૂગર્ભની શક્તિ એ જ કારણનિમિત્ત. એ કારણનિમિત્ત હોવાથી**

**કરીને પેલો ગુરુ મળ્યો છે. બાકી, ગુરુને કોઈ મળવાનું કારણ નથી. શું કરવા મળે ? એ તો દ્રષ્ટા (જોનારો) છે, નિઃસ્પૃહી છે. પણ એને એવા પ્રકારનું નિમિત્ત આકર્ષે છે અને એ નિમિત્ત કોઈ પરભવમાં ભલે હોય પણ એનું મૂળ કારણ તો આપણા પોતામાં જ રહેલું છે.'** ('શ્રીમોટાવાણી', ભાગ-૧૩-૧૪, બીજી આ., પૃ.૨૦) આમ, શ્રી નંદુભાઈની પોતાની અંદર ભૂગર્ભમાં પડેલી શક્તિ જ શ્રીમોટાને મળવામાં કારણભૂત હતી.

## નિમિત્તમાં અનુભવી

(અનુષ્ટુપ)

અનુભવીનું કર્તવ્ય નિમિત્તે કરી જીવને
જીવને શો હરિભાવ મહત્ત્વે પ્રગટાવવો !
પ્રકૃતિથી જ તે લે છે તેને માધ્યમ રાખીને,
જેવો પ્રકાર નિમિત્તે, અનોખો તે છતાં હૃદે. ૭-૮

કિંતુ નિમિત્તને લીધે જેનું નિમિત્ત તે વિશે
-સંકળાવા પ્રવેશાવા એનો હેતુ જ હોય છે. ૨૧

કેવો હેતુ નિમિત્તે છે, જીવને વર્તવાપણે
-તેની જાણ પડે મેળે શી અનુભવીને હૃદે ! ૨૪

શો કુદરતનો હાથ છુપાયેલો નિમિત્તમાં
-કેવો પારખી લે ગૂઢ રીતે અનુભવી તદા ! ૨૫

નિમિત્ત છો ગમે તેવું છતાં તેમાં અનુભવી
-અખંડાકાર ભાવે શો રમે નિમિત્તમાં જીવી ! ૨૬

('નિમિત્ત', ત્રીજી આ., ૨૭, ૨૯)

• • •

# ૬. પ્રત્યક્ષ મળતાં પહેલાં પત્રવહેવારથી શરૂઆત

શ્રી નંદુભાઈએ શ્રી હેમંતભાઈની સલાહ માની સાબરમતી આશ્રમમાં કુટુંબ સાથે રહીને પૂજ્ય શ્રીમોટાના માર્ગદર્શન હેઠળ સાધના કરવાનું સ્વીકાર્યું. શ્રી નંદુભાઈએ પત્ર દ્વારા શ્રીમોટા પાસે આધ્યાત્મિક માર્ગદર્શન બાબતની ઇચ્છા વ્યક્ત કરી. એ પછી શ્રીમોટા સાથે કુંભકોણમ્‌થી પત્રવહેવાર શરૂ થયો. પૂજ્ય શ્રીમોટાએ પત્રો દ્વારા માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું.

## પૂજ્ય શ્રીમોટાની નમ્રતા

હરિઃૐ

મારામાં કોઈને દોરવાની ઇચ્છા કે શક્તિ નથી, આ બુદ્ધિવાદના જમાનામાં તે અઘરું છે. સંપૂર્ણ શરણભાવ કોઈનો હોય એવું કલ્પી લેવું એ મૂર્ખાઈ જ ગણાય, પણ મારાથી શક્ય હશે એટલો બધો ભાવ હું તમારી પરત્વે એની કૃપાથી રાખીશ, કારણ કે એમાં મને જ ફાયદો છે. વપરાતું વધે છે એ તો વેપારી સમજી શકશે. એટલે મને જે કંઈ આવડતું હશે ને જે ભગવાન સુઝાડશે તે તમને કહ્યા કરીશ.

આપણે ભગવાનનાં ચરણોમાં માથું મૂકતાં પહેલાં દિલની દાનત જોઈ લેવી જોઈએ. આપણે સોએ સો ટકા મનને ઓળખતાં થઈ જવાનો પ્રયત્ન કરવો જોઈએ, ને જે કાંઈ થાય તે જણાવ્યા કરવું જોઈએ. કશુંયે છૂપું ના રખાય.

હરિઃૐ તા. ૧૨-૧૨-૧૯૩૯

કરાંચી

## દૃષ્ટિ બદલો

જે કોઈ સત્પંથે પ્રયાણ શરૂ કરે છે, તેને ભગવાન આપોઆપ

જાણે કે હાજરાહજૂર પોતે તેવી રીતે મદદ કરે છે જ, પણ શરૂઆતમાં તેવા પ્રવાસીને તેની સમજણ હોતી નથી.

પ્રત્યેક માણસ પોતે પોતાની મેળે જ પોતાનું માર્ગસૂચન કરી લેતો હોય છે, જે શોધે છે તેને મળે જ છે, પણ શોધવાની પાછળ તમન્ના - લગની લાગેલી હોવી જોઈએ. જો કોઈ પણ કંઈ મદદ કરી શકતું હોય તો તે લગની લગાડવામાં. બાકી તો દરેકમાં મહાપ્રભુનું તત્ત્વ વસેલું જ છેને ?

**સંસાર, પત્ની, પૈસાટકા એવું કશું આ માર્ગમાં બંધનરૂપ નથી. માત્ર એ પ્રત્યેક પ્રતિ આપણો દૃષ્ટિકોણ બદલી લેવાનો રહેશે ને એ કંઈ મુશ્કેલ નથી.** જ્યાં બળવત્તર ઈચ્છા ઉદ્‌ભવે છે અને એ બાબતનો ભારે પુરુષાર્થ એ પાછળ થાય છે, ત્યાં વિઘ્નો હોય છે તે પણ ઊલટાં બળ આપનારાં નીવડે છે. જોકે તેઓ તેમનો ભાગ ભજવે છે, પણ આપણે જાગૃત રહેતાં હોવાથી તેઓ આંખમાં ધૂળ નાખી શકતાં નથી.

## ધ્યેય બદલો

.......ઉપરનું ધ્યેય જો દિલમાં મુખ્યપણે રાખવાનું મન હોય તો જે રીતની હાલ લોકસેવા ગણાય છે, તેવા ક્ષેત્રમાં સંપૂર્ણ દિલ તમે નહિ રાખી શકો.

આપણા જીવનનું - મનુષ્યમાત્રના જીવનનું - ધ્યેય શ્રીભગવાનના ભાવનો અનુભવ કરી एनામય બની જઈને एના યંત્ર બની જવું, ને પછીથી ए જેમ ચલાવે તેમ ચાલવું, ને એમ પાછું અનુભવ્યા કરવું (હૃદયથી) એ જ (ધ્યેય) હોવું જોઈએ એમ મને પોતાને તો લાગે છે. દરેક જણે પોતાનું જીવનધ્યેય નક્કી કરી લેવું ઘટે. ને નક્કી કર્યા પછી આપણી સર્વશક્તિ તેની પાછળ ખર્ચી દેવાની રહે છે.

## માર્ગ પસંદ કરો

સતત પુરુષાર્થ, એ જ લઢણ, એ જ રટણ, એ જ સર્વસ્વ, એવી ધૂન પેદા કરવાની રહે છે. એટલે તમારી વૃત્તિ કે પ્રકૃતિ પ્રમાણે કયો માર્ગ તમને ગમશે તે તમારે નક્કી કરી લેવાનું રહે છે. જો કર્મમાર્ગ દ્વારા તમને રુચતું હોય તો ઉપર કહ્યું તે પ્રમાણે કરવાનું રાખો, જોકે કર્મમાર્ગનો હાલ લોક જે અર્થ કરે છે તેવો તે ક્ષુલ્લક નથી. **'ભાવ'ના મૂળ પાયા પરથી જે કર્મ યજ્ઞભાવે થયા કરે એને કર્મમાર્ગ કહેવાય.** હમણાં ત્રાટક - બાટક કરશો નહિ. ગમે તેમ ત્રાટક થાય નહિ. એથી નુકસાન થવાનો સંભવ છે.

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૪ થી ૭)

## જિજ્ઞાસા

હરિઃૐ          તા. ૧૮-૧૨-૧૯૩૯

કરાંચી

સૌથી વિશેષ તો એ ગમ્યું છે કે તમોને આ માર્ગમાં પ્રવેશવાની જિજ્ઞાસા થઈ છે. માનવીમાત્રના જીવનમાં એવી એક પળ આવે છે કે જ્યારે એને એવી ઊર્મિ સ્ફુરે છે, પણ પોતે એને આવરી નાખે છે ને એને ઉત્તેજન આપતો નથી.

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૯)

• • •

## ૭. પૂજ્ય શ્રીમોટાની ચેતવણી

શ્રી નંદુભાઈના જીવનમાં હવે પછી બનવાની ઘટનાઓ વિશે પૂજ્ય શ્રીમોટાએ નીચેના પત્રોમાં અગમચેતી આપી હતી.

### મનોમંથન કરો

હરિઃૐ તા. ૬-૧-૧૯૪૦

સાબરમતી

શીખ શી આપી શકું ? જાણવાને માટે આતુર થયેલું હૃદય એના તલપાપડપણાને લીધે આપમેળે જ જે તે ગ્રહણ કરે છે. એવી ગ્રહણ કરવાની ભૂમિકા જીવમાં જ્યારે જાગે છે ત્યારે સતઅસત વિવેકશક્તિ રાખવાની ઘણી ઘણી જરૂર રહે છે.

એક વખત આપણે આપણો જીવનનો માર્ગ નક્કી કરી લેવો જોઈએ. જીવનના મર્મ અને અર્થ શા માટે છે, તે હૃદયથી હૃદયના વલોવણથી - મનોમંથનથી - એક વખત નક્કી કરી લેવું જોઈશે ને એક વખત તે પ્રમાણે નક્કી થઈ જતાં તે પછીથી તે પ્રમાણેનાં આપણાં ભાવ, વર્તન અને પુરુષાર્થ રહેવાં ઘટે. ભગવાનની કૃપાથી આ બાબતની જે ઊર્મિ પ્રગટી છે, એને મરી જવા ન દેશો, એટલી વિનંતી છે. ભગવાને ધાર્યું હશે ત્યારે જ મળવાનું છે, ને 'ભાવ'ના ક્ષેત્રમાં સમય ને સ્થળનું અંતર રહેલું નથી.

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૧૦, ૧૧)

### મનની ગતિ તપાસો

હરિઃૐ તા. ૧૩-૧-૧૯૪૦

સાબરમતી

તમે હમણાં જે જપયજ્ઞ શરૂ કર્યો છે, તે જો હમણાં માંડી વાળી શકો તો તેમ કરવા મારી તમને ભલામણ છે, કારણ કે

હમણાં તો બને તેટલો બધો સમય જાગ્રત રહીને મનની ગતિને ઓળખવાનો પ્રયત્ન કર્યા કરો તથા હવે પછીના જીવનનાં વલણ ને ધ્યેય બાબતની ચોખવટ દિલ સાથે કરતા રહો. તે જ બાબતનું સતત ચિંતવન કર્યા કરો અને મન સાથે તે બાબતની બરાબર પૂરી સમજૂતી કરી લો. એમાં જે કંઈ શંકા ઊઠે એનું પણ પ્રેમભાવથી સમાધાન કરી લો. જીવનનાં અર્થ અને રહસ્ય શેમાં રહેલાં છે, એ બધું ચોક્કસપણે સમજી લેવાનું રાખો. આપણે તો વેપારી રહ્યા એટલે એકદમ કશામાં પડીએ નહિ, બધી બાજુથી વિચાર કરી કરીને, લાભ-ગેરલાભ, જય-પરાજય (જોકે આમાં ગેરલાભ કે પરાજય જેવું છે જ નહિ) વિચારી આપણે પગલું ભરવાનું રાખીએ. જપ કરવા માંડશો તો ઉપરનું વિચારવા માટેની જે તટસ્થ ભૂમિકા જોઈએ તે નહિ રહી શકે. એટલે મારી તો હૃદયની ઇચ્છા છે કે હમણાં તમે જીવનના ધ્યેય વિશે જ ચિંતવનમાં રહ્યા કરો અને એના વિચારોનું જ મંથન મનમાં કર્યા કરો. એને જ ઘૂંટ્યા કરો ને મનમાં થતા, ઊઠતા, બધા વેગોને નિહાળ્યા કરો ને એમ જોવાતાં જોવાતાં જે નિરખાય એનું ઊંડું પૃથક્કરણ કર્યા કરો ને એમાંથી પછી સાર કાઢવાનું હાલ તો શીખવાનું છે.

મન આપણને પોતાની ઉપરના થર, પોપડા ઉકેલવા દેતું નથી. મનની ઉપરવટ થઈને એના અનેક પ્રકારના પોપડા ઉકેલીને આપણે એના સ્વરૂપને ઓળખવાનું રહે છે. એમાં તો ગડભાંજો પડવાની છે. જો કોઈ કહે, ‘એમાં તો કશી ગડભાંજો નથી ને મથામણો પણ નથી’ તો એટલું કહેવાનું છે, ‘એણે એ જાતનો કરવો જોઈતો યોગ્ય પુરુષાર્થ ને એ બાજુનું યોગ્ય ચિંતવન ખંતપૂર્વક કર્યા નથી.’ બાકી, મનહૃદયની વલોવણ ક્રિયામાં કશુંક ને કશુંક

તો ઉપર તરી આવવું જ જોઈએ. ને તે આપણે સતત જાગ્રત રહીને જે જે પ્રતિકૂળ હોય એને શ્રીપ્રભુનાં ચરણકમળે સમર્પણ કરી દઈએ, ને જે જે સાચું હોય એટલે કે જીવનને રચનાત્મક કામમાં પ્રેરે એવું હોય એનો સાધનામાં ઉપયોગ કરી, તે પણ એને જ સમર્પણ કરીને આપણે તો ખાલી જ રહ્યા કરવાનું છે.

## મંદતા આવવાની અગમચેતી

પ્રત્યેક માનવીના દિલમાં જીવનવિકાસ કાજેની પ્રેરણા પ્રગટે છે, પરંતુ એવી દૈવી તકનો લાભ લઈ લેવાનું દરેકને સૂઝી જતું નથી. સંસ્કારના બળ વડે કહો, પ્રભુકૃપા બળ વડે કહો કે તમન્નાની ભાવનાને લીધે થતા રહેતા પુરુષાર્થને કારણે કહો, જ્યારે જીવનના ધ્યેયમાં સ્થિર થવાય છે ત્યારે પણ સાથે સાથે જે પ્રત્યાઘાતી બળો આપણામાં કામ કરી રહ્યા હોય છે, એ બાબતની પૂરી સમજણ આપણને પડી ન હોવાથી આપણને મંદતા આવી જવા સંભવ રહે છે. વળી, બૌદ્ધિક રીતે જીવનનો નિર્ણય કરવો તે એક વાત છે અને હૃદયથી તે વાત સમજીને તેને જીવનમાં અમલમાં મૂકવી તે વળી જુદી વાત છે.

## ધ્યેય નક્કી કરવામાં ઉતાવળ ના કરો

એટલે મનને ચારેબાજુથી પૂરું ચકાસ્યા વિના આ જ ધ્યેય છે એમ નક્કી કરી ન નાખવું. એમાં દરેક રીતે એના બન્ને બાજુના તરફેણ અને વિરુદ્ધ - બન્ને પક્ષના વિચાર કરી લેવા ઘટે, માત્ર વિચાર જ નહિ, પરંતુ રાતદિવસના ઉજાગરા કરી તે બાબતનું વધારે ચિંતવન કર્યા કરવાની તથા તે બાબતમાં મનનું ઊંડામાં ઊંડું પૃથક્કરણ કરવાની જરૂર છે. મનના થરોને ઉકેલવાની અને સમજવાની જરૂર છે. મનનાં વલણનો ઝોક કઈ બાજુ વળ્યા કરે છે, એ પણ જોયા કરવાનું છે. હમણાં આપણને એમ લાગ્યા કરશે :

‘હા, એ જ ધ્યેય સાચું છે અને ખરું છે.’ પણ પછીથી તો મનના બળવાની તોબા તો માત્ર તેવો અનુભવી જ જાણી શકે છે. એટલે તમે કોઈ રીતે ઉતાવળા ન થાઓ. હમણાં બીજું બધું છોડીને જીવનની બાબતમાં અત્યંત પ્રેમભાવે બધું વિચાર્યા કરો અને એનું ચિંતવન થવા દો. (‘જીવનપગરણ’, ચોથી આ., પૃ.૧૩,૧૪,૧૫)

હરિઃૐ તા. ૨૭-૧-૧૯૪૦

સાબરમતી

આધ્યાત્મિક જીવન પરત્વેની જિજ્ઞાસા જીવનમાં ઉત્પન્ન થતાં એક પ્રકારનું ચેતન અને સાથે સાથે જાગૃતિ પણ પ્રગટે છે જ. એથી કરીને અસાધારણ અનેરી આશા બંધાય છે અને એ કારણને લીધે જીવનમાં જાગતી શક્તિનો ઉપયોગ અમુક ચોક્કસ માર્ગ દ્વારા જ કરી શકવાની સમજ આપણને પડેલી ના હોવાથી એમાં અવ્યવસ્થા જાગે છે, એ અવ્યવસ્થાને લીધે આશાનો અંકુર ફૂટતો ફૂટતો અટકી પણ જાય છે. એટલા માટે જ જીવનના માર્ગનું ધ્યેય નિશ્ચિત ના થાય, એ માર્ગની પથદીપિકા હૃદયમાં સળગતી ના જણાય, ત્યાં સુધી એના ચિંતવનમાં જ સમય ગાળવાને લખ્યું હતું. એકવાર તમે એ બાબતમાં પૂરેપૂરું નક્કી કરી લો. પછી નિશ્ચિત પદ્ધતિ પ્રમાણે જે કંઈ કરવા જેવું લાગે અને મનહૃદયથી સમજાય તે પ્રભુપ્રેમભાવે કર્યા કરીએ. એમાંથી ભાવશક્તિ જન્માવી, એના વડે જ પાછું કામ કરાવી, નવો વેગ મેળવી, તે પાછું બધું एने જ સમર્પણ કર્યા કરી જીવનપથમાં આગળ ને આગળ ધપ્યા જઈએ તો કંઈક અનુભવની ઝાંખી થાય.

(‘જીવનપગરણ’, ચોથી આ., પૃ.૧૬)

• • •

## ૮. શ્રીસદ્‌ગુરુનો આવકાર

(અનુષ્ટુપ)

અનેક રીતથી એ તો પેલાને જાણી લે હૃદે,
તે રણકાર દેતો જ્યાં સિક્કો સાચો જણાય છે !

ત્યારે તો કેટલા વેગે સદ્‌ગુરુ દોડીને હૃદે
-એવાને ચાંપી લેવાને ઉત્સાહી શો અપાર છે !

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ., પૃ.૧૬૯)

### પૂજ્ય શ્રીમોટા સાબરમતી આવ્યા

જાન્યુઆરી અને ફેબ્રુઆરી, ૧૯૪૦માં શ્રીમોટા કરાંચીથી સાબરમતી આવ્યા હતા. તે સમયે શ્રી નંદુભાઈ કુંભકોણમ્‌થી હજુ સાબરમતી આવ્યા ન હતા. પૂજ્ય શ્રીમોટાએ તા.૨-૨-૧૯૪૦ના રોજ શ્રી નંદુભાઈને કુંભકોણમ્ લખ્યું કે –

હરિઃૐ

પ્રિય ભાઈ,

હું તો ભિખારી છું. મારે તો કશું ખોવાપણું નથી. ખોવાપણું તમારે છે. જેની પાસે હોય છે તેને જ ખોવાપણું રહે છે. જે ખૂએ છે ને ખોવાઈ જાય છે એને જ કંઈક જડે છે ને મળે છે. એટલે અમારે તો તમારી પાસે જે છે તે લેવાનું છે. ને બદલામાં અમારું 'ખાલીપણું' તમને આપવાનું છે. એવા અવળા ધંધાનો વેપાર અહીં તો ખેડવાનો છે. એટલે આ બાબતમાં પૂરેપૂરું વિચારીને એની તૈયારી કરીને જ પ્રેમથી આવશોજી.

**શ્રદ્ધા, વિશ્વાસ ને પ્રેમ એ આપણું જીવનભાથું છે. એટલી જ માત્ર મૂડી પાસે રાખવાની હોય છે. બીજું બધું ખોવાની તૈયારી**

**કરવાની છે. આમાં પડતાં પહેલાં તમારા મનને તમારે ખૂબ ચકાસી જોવાનું છે ને તે બાબતની તૈયારી કરી લેવાની છે.**

આનંદથી આવો. પ્રેમાવેશ સાથે આવો. હૃદયમાં શ્રદ્ધા-વિશ્વાસનું ધન ભરી ભરીને આવો. અમારી પાસે તો ભિખારીની ફાટીતૂટી કંથા પણ નથી. શ્રીભગવાનનું નામ છે. એનો ભંડાર છે. એમાં રહેલું ધન જે આવે ને લૂંટે તેના બાપનું છે. લુંટાય એટલું લૂંટવાનું છે. એવી તાકાત આપણે કેળવવાની છે. ખુલ્લા દિલે આવો, સરળતાથી અને પ્રેમભાવથી આવો. અમારાં હૃદયમંદિર તમારું સ્વાગત કરવા તૈયાર છે. કિંતુ સર્વ રીતે અને સર્વ ભાવે ભિખારી થવું પડશે એ યાદ રાખવાનું છે. વળી, ત્યાં નર્યું સુખ નથી, રાતદિન વૈતરું જ કર્યા કરવાનું છે. એના રટણમાં, ચિંતવનમાં ઉજાગરા કરી કરીને પ્રેમથી એમાં જ કેદ થઈ જવાની ઉત્કટ મનોવાંચ્છના સેવ્યા કરવાની છે. એ બધું હૃદયથી કરવાની ઉમેદ હોય તો જ આ બાજુ મીટ માંડવાનું કરશો. એક પળ વાર પણ અન્યથા બાજુ જવાનું મન કર્યે પાલવશે નહિ. જેટલું અન્યથા આપણે ભટકવાનું રાખ્યું તેટલું પારાવાર નુકસાન થવાનું છે, કિંતુ એવું એનું સ્પષ્ટ ભાન આપણને મનહૃદયમાં જાગેલું હોતું નથી એ જ આપણું મોટામાં મોટું કમનસીબ છે. એવું સતત જાગ્રતપણું કાયમ રાખી શકવાની તાકાત આપણે રાખવાની છે, એટલું જ નહિ, પરંતુ એવું સતત જાગ્રતપણું રાખી શકવાની ચાનક, દિલમાં એવી જલતી જ્યોત, જો ન રાખી શકવાનાં હોઈએ તો આમાં પ્રવેશવું તદ્દન નકામું છે, એ મારે તમને સ્પષ્ટ કહી દેવું જોઈએ. જેટલું લણશો એટલું કમાશો અને જેટલું ખોશો એટલું મેળવશો. અહીં પણ વેપાર જ કરવાનો છે અને વળી અહીં તો પળેપળ

આપ્યા જ કરવાનું છે અને એવી નિશ્ચયાત્મક શ્રદ્ધાયુક્ત બુદ્ધિ જાગ્રતપણે સતત પળેપળ રાખ્યા કરવાની છે. એક પણ પળ અજાગ્રતપણે (ઊંઘમાં) કાઢી કે વિતાવી તો એટલું ઝેર આપણને ચઢવાનું છે. 'ચેતતો નર સદા સુખી' એ કહેવત આ રાજમાર્ગમાં તદ્દન લાગુ પડે છે. 'જાગે છે તે જીવે છે ને ઊંઘે છે તે મરે છે.' એ પણ એટલું જ સાચું છે. સતત જાગતા રહીને આપણો યજ્ઞ ચાલુ રાખ્યા કરવાનો છે. એમાં જો જરાક અજાગ્રત રહેવાથી મંદ પડવાપણું આવ્યું તો તે કેટલું ઉખેડી નાખી શકે છે, એની ખબર પણ આપણને પડતી નથી. 'દળી દળીને કુલડીમાં વાળ્યું' એ વાળી વાત ત્યાં થાય છે.

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૧૯ થી ૨૧)

• • •

# ૯. સંતની પકડમાં

## પહેલી શરત અને દીક્ષા

તા. ૨-૨-૧૯૪૦ના પત્ર પછી શ્રી નંદુભાઈ કુંભકોણમ્‌થી એકલા જ સાબરમતી પરત આવ્યા. કાંતાબહેન અને બાળક સિદ્ધાર્થ હજુ કુંભકોણમ્‌માં હતાં. શ્રી હેમંતભાઈની સલાહ મુજબ વિશ્વવિખ્યાત મહાયોગી શ્રીઅરવિંદ પાસે પોંડિચેરી જવાને બદલે સાબરમતી આશ્રમમાં કુટુંબ સાથે રહીને સાધના કરવાના હેતુથી શ્રી નંદુભાઈ, જેની સંત તરીકે કોઈ ખ્યાતિ ન હતી અને જેને એક સીધા સાદા ક્લાર્ક તરીકે ઓળખતા હતા, એવા શ્રી ચૂનીલાલ ભગતને મળ્યા અને આધ્યાત્મિક માર્ગદર્શનની ઇચ્છા વ્યક્ત કરી.

પૂજ્ય શ્રીમોટા કહે, 'મારી પાસે કોઈ ચમત્કાર નથી. હું તમને સાધનાની અમુક પદ્ધતિ બતાવું, તે પ્રમાણે તમે વળગીને કર્યા કરો અને પરિણામ જુઓ'.

પૂજ્ય શ્રીમોટાએ દીક્ષાની પૂર્વ શરત મૂકતાં કહ્યું, 'તમારે કોની સાથે અણબનાવ છે ? જેની સાથે અણબનાવ હોય તેની પહેલાં માફી માગી આવો.'

શ્રી નંદુભાઈ કહે, 'એ અણબનાવમાં મારો વાંક નથી'.

પૂજ્ય શ્રીમોટાએ કહ્યું, 'એની સાથે મારે નિસ્બત નથી. તમારો વાંક હોય કે ના હોય, તમે માફી માગો. આપણે જેવા થવાનું છે તેની આ શરૂઆત છે.'

શ્રી નંદુભાઈએ આ વાત સ્વીકારી અને એક વડીલ ભાઈ અને બીજા એક વડીલ ભાઈને અમદાવાદમાં એમના ઘેર જઈને તેમની ક્ષમા માગી. તે વડીલ ભાઈઓ ખૂબ રાજી થયા. શ્રી નંદુભાઈને ભેટ્યા અને આશીર્વાદ આપ્યા.

## દીક્ષા

**દીક્ષાનો અર્થ જીવદશાની સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં ગતિમાન થવાનું પગલું.** ('શ્રીમોટા સાથે વાર્તાલાપ', આઠમી આ., પૃ. ૧૨૫)

આ પ્રસંગ પછી પૂજ્ય શ્રીમોટાએ તા. ૯-૨-૧૯૪૦ના શુક્રવારે દીક્ષાની વિધિ કરી. શ્રીમોટા અને શ્રી નંદુભાઈ પૂજાના ઓરડામાં બેઠા. બન્નેએ દેશી દોરાના બટનવાળા બનિયન અને ધોતિયાં પહેર્યાં હતાં. શ્રીમોટાએ એક દોરી લીધી અને પોતાના બટન સાથે બાંધેલી દોરી સાથે શ્રી નંદુભાઈના બટનને બાંધી દીધી. એટલે કે દોરી દ્વારા સંદેશો શ્રી નંદુભાઈને પહોંચે. પછી શ્રીમોટા મનમાં કંઈક બોલ્યા. પોતે પ્રાર્થના કરી. એમણે શ્રી નંદુભાઈને 'હરિઃૐ' મંત્ર આપ્યો.

પછી શ્રી નંદુભાઈને ઊંધા સૂઈ જવાનું કહ્યું. શ્રીમોટાએ શ્રી નંદુભાઈના આખા કરોડસ્થંભ ઉપર ફૂલથી સ્પર્શ કર્યો. પછી એક બ્લેડ લઈ ગુદાના ઉપરના ભાગમાં એક ચૉકડી કરી. એનાથી લોહી નીકળી આવ્યું, જે શ્રીમોટાએ ચુંબન કરી ચૂસી લીધું અને શ્રી નંદુભાઈને બેઠા થવાનું કહ્યું. ફરીથી પહેલાંની જેમ દોરી બાંધી અને શ્રી નંદુભાઈને કહ્યું કે તમે બને તેટલા નીરવ રહેવાનો પ્રયત્ન કરો. પોતે પણ ધ્યાનમાં ઊતરી ગયા. શ્રી નંદુભાઈને એક અનોખો અનુભવ થયો. એમના જીવનમાં કદી પણ ધ્યાન ન થયું હોય એવું ધ્યાન થયું. પંદરેક મિનિટ સુધી જાગૃતિ સાથેની વિચારશૂન્ય સ્થિતિ રહી. એ પછી શ્રીમોટાએ ધ્યાન છોડી દીધું અને બાંધેલી દોરી પણ છોડી નાખી. આ પછી થોડા સમયમાં જ શ્રી નંદુભાઈની ગરદન ઉપર પાછળ, એક દોઢ ઈંચ લાંબો અને દોઢ ઈંચ પહોળો આકાર

ઊઠી આવ્યો. ચામડી જાણે ખરજવું હોય અને ફદફદી ઊઠી હોય તેવી થઈ આવી.

શ્રીમોટાએ કહ્યું, 'તમે ગભરાશો નહિ. તમને બે દિવસમાં આપોઆપ મટી જશે. કોઈ દવા કરવાની જરૂર નથી. એને ઢાંકવાની પણ જરૂર નથી. સામાન્યપણે પહેરણ પહેરાય છે તે પહેરજો.' શ્રી હેમંતભાઈએ આ જોયું. આ ખરજવું બે જ દિવસમાં અદૃશ્ય થઈ ગયું.

## બીજી સૂચનાઓ

શ્રીમોટાએ શ્રી નંદુભાઈને કેવી રીતે રહેવું, કેવી રીતે ફરવું એવી કેટલીક સૂચનાઓ આપી. ધ્યાન કરવાનું કહ્યું. એક જગ્યાએ અમુક ક્રિયાઓ બતાવી. આમ બેસવાનું, શરૂઆતમાં ભજન ગાવાનું અને બે મિનિટ પછી હરિઃૐનો જાપ કરવો અને પછી આંખો મીંચીને ધ્યાનમાં જવાનો પ્રયત્ન કરવો અને શું થાય છે તે જોયા કરવું. પંદર મિનિટ-ત્રીસ મિનિટ સુધી જેટલું થાય એટલું કરવું. શરીર ઉપર દબાણ કર્યા વગર કરવું.

## ત્રાટક કરવાની રીત

એમણે ત્રાટક કરવાની રીત બતાવી. ત્રાટક એટલે આંખો ખુલ્લી રાખીને, પાંપણ પણ હાલવી ના જોઈએ અને હાલે તો એ વખતે આંખો બંધ કરી દેવાની અને થોડી વાર રહીને ખોલવાની. આંખની ઊંચાઈએ દીવો રાખીને, જ્યોત હાલે નહિ એટલે આગળ ફાનસનો ગોળો મૂકી દેવો. સ્થિર નજરે જોયા કરવાનું. આંખ બળે, પાણી પણ કદાચ આવે તોપણ આંખ હાલવી ના જોઈએ. પાંપણ પણ હાલવી ના જોઈએ. આ એની શરત. દીવો આપ્યો તે પહેલાં એમણે એક કૂંડાળું કરાવેલું. પતરાનું ગોળ સર્કલ, એમાં સાત રંગો

અને સફેદ રંગ વચ્ચોવચ્ચ. એના ઉપર આંખ ખુલ્લી રાખીને ત્રાટક કરવાનું હતું. પછી દીવાની જ્યોત ઉપર ત્રાટક કરવાનું શીખવ્યું અને તે સાથે સાથે સવારના પહોરમાં વહેલા ઊઠીને સૂરજની સામે, એક મિનિટ, અડધી મિનિટ તો અડધી મિનિટ એ ઊગતા સૂર્યની સામે આંખો સ્થિર કરીને જોઈ રહી ત્રાટક કરવાનું કહ્યું.

## સાધનામર્મ

એક દિવસ શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને સાધનાના સારરૂપ મુદ્દાઓ લખી આપવા વિનંતી કરી, તેના અનુસંધાનમાં શ્રીમોટાએ સાધનામર્મ લખી આપ્યો.

સાધનાના મુદ્દા - **સાધનામર્મ** શ્રીમોટાએ નીચે મુજબ લખી આપ્યા. એ મુદ્દા મોટા અક્ષરે લખીને ઓરડાની દીવાલ ઉપર ટાંગી દીધા. હરિઃૐ લખેલાં પાટિયાં કરાવીને મૂકી દીધાં જેથી, હરિઃૐ  બોલવાનું ભુલાઈ જાય તો ફરી યાદ આવે.

('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૨૪)

## સાધનાના સામાન્ય  મુદ્દા - સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતનસહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું - બન્નેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબ ખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો - પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ - બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી - અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વહેવાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતીલખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. 'આત્મવત્ સર્વભૂતેષુ'ની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ.

૧૮. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો.

૧૯. વાદવિવાદ ના કરો.

૨૦. પોતાનો આગ્રહ ન રાખો.

૨૧. બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો.

૨૨. માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો.

૨૩. ખૂબ પ્રેમભાવ કેળવો.

૨૪. પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો.

૨૫. પોતાને થતા અન્યાયો - આવી પડતાં દુઃખો - આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો.

૨૬. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો.

૨૭. સદાય પ્રસન્નતા પ્રવર્તાવો.
૨૮. કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો.
૨૯. પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો.
૩૦. મન નિઃસ્પંદ કરો.
૩૧. રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો.
૩૨. થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો.
૩૩. ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો.
૩૪. ક્યાંય કોઈની સરખામણી ના કરો.
૩૫. અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે.
૩૬. પ્રભુમય - તેના મૂક યંત્ર - થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.
૩૭. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

'આ બધું એક વર્ષ તમે કરો, આગળની વાત પછી આગળ. આમ, પંદર દિવસ શ્રીમોટા સાથે રહ્યા અને તા. ૨૧-૨-૧૯૪૦ના રોજ શ્રીમોટા કરાંચી જવા નીકળી ગયા.

• • •

* આશ્રમ પ્રકાશિત તમામ પુસ્તકોમાં ઉપરોક્ત સાધનામર્મના મુદ્દાઓને ભેગા કરી ૧ થી ૧૮ ક્રમમાં લેવામાં આવે છે.

# ૧૦. પૂજ્ય શ્રીમોટાના કરાંચીથી પત્રો

## સાધના સહજ થવી જોઈએ

હરિ:ૐ તા. ૨૩-૦૨-૧૯૪૦

કરાંચી

બાળક મા પાસે જાય છે ત્યારે 'હું મા પાસે જઉં છું' એવું સ્વપ્નમાંયે એના ખ્યાલમાં આવતું નથી. એ ક્રિયા તો સ્વાભાવિકપણે થયા કરે છે તેમ આપણામાં થવું ઘટે છે. ઊલટું અત્યાર સુધી આપણે અકુદરતી હતાં, ને હજીયે જેટલા પ્રમાણમાં આપણે એની નજીક જઈ નથી શક્યાં તેટલા પ્રમાણમાં અકુદરતી જ છીએ.

બને તેટલું મૌન જાળવશો. કશી ચર્ચા કરશો નહિ. ચર્ચાથી મતાગ્રહ વધે છે અને અહમ્ પણ. બીજા બહારના વિષયોમાં ચિત્ત રસ લેવા જાય તો એને પ્રેમથી ટકોર કર્યા કરશો.

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૨૬)

## દીક્ષાના એક મહિના પછી

હરિ:ૐ તા. ૭-૩-૧૯૪૦

કરાંચી

## દેવના દીધેલા

પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે 'ત્રાટક કે ધ્યાનમાંથી આપણને વધારે ને વધારે ઉત્સાહ અને આનંદ મળતો જાય છે કે નહિ તે અનુભવતા રહેવું. ઘાંચીના બળદની જેમ ઘાણીની ઘરેડમાં આપણે બધું કર્યા કરવાનું નથી. તમે તો વેપારી છો એટલે એ વૃત્તિ તમારામાં ખીલેલી છે, તો એનો ત્યાં ઉપયોગ કરશોજી.

તમારી સમગ્ર શક્તિ અગાઉ વેપારમાં કેંદ્રિત થતી તેમ આમાં કરશોજી. બસ, મથ્યે જ જાઓ, ખૂબ ખૂબ પ્રેમભાવથી જાગૃતિ રાખી અંતર્મુખ રહ્યા કરી, ખૂબ ખૂબ એકાગ્રતાથી આપણું કામ કર્યે જ જવાનું રાખશોજી.

..... પણ **તમે મને ભગવાનના આપ્યા છો.** તમે જેટલા જાગ્રત થઈને સાધનામાં સંપૂર્ણ એકાગ્રતા કેળવીને શક્ય તેટલું મથીને ભગવાનને શરણે થઈ શકો, તેટલી એમાં ભગવાનના નામની મહત્તા છે. એમાં એના પ્રભાવનો વિજય થવાનો છે. આથી કરીને આત્મવિશ્વાસ વધવાનો છે, એ બધો જ જશ તમને છે. પણ તમને જો આ માર્ગમાં સાચી રઢ લાગી જાય તો તો મારા આનંદનો પાર ન રહે, અને પછીથી તો ભગવાનના ગુણ હું નાચતો નાચતો બધે ગાઉં. માટે, ભગવાનના પ્રેમ તરફ એકવાર આકર્ષાઈ જાઓ – એકવાર માત્ર એની સહેજમાત્ર ઝાંખી થઈ જાઓ એટલી જ પ્રભુ પાસે પ્રાર્થના છે. તમે પણ પ્રભુને સર્વ ભાવે શરણે રહેવા મથ્યા કરશો. બધી વાતે, સર્વપણે નમ્રતા રાખ્યા કરશો.

'જે જે કંઈ ( સાધનામર્મના મુદ્દાઓમાં) કહ્યું છે, તે દિવસમાં બે વાર વિચારી જશો. જે જે કંઈ તેમાંથી ના થતું હોય તે થવા દેવાનું રાખશો. ભગવાનને સર્વ કંઈ સમર્પણ કર્યા કરશો. એ તો પળેપળ થયા કરશે તો ઉત્તમ છે. તમારે ખાસ કંઈ ગંભીર થઈ જવાનું નથી. જરા ગમ્મત પણ કોઈ કોઈ વારે કરવી જ. તમને આ કાગળ ૯મીની સવારે મળશે. તે નવા જીવનનો પ્રથમ દિવસ છે. તે દિવસે ખૂબ પ્રેમભાવ રાખશો અને એક મહિનાનું સરવૈયું (આધ્યાત્મિક પ્રગતિનું) કાઢશો અને બધું ભગવાનને પાછું આપી દેશો.'

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૪૭-૪૮)

## હરિજન આશ્રમમાં વિવિધ પ્રવૃત્તિઓ

શરૂઆતમાં શ્રી નંદુભાઈ રૂની પૂણીઓ બનાવી કાંતવાનું અને સૂતરની આંટીઓ બનાવવાનું કામ શીખ્યા હતા. પછીથી 'ગાંધી સંગ્રહ'ની ઑફિસના કામમાં જોડાયા. છએક મહિના પછી મહાત્મા ગાંધીએ કોમી હુલ્લડ ના થાય અને કોમી એકતા સાધવા માટે ૧૯૨૨માં એક સેનાની રચના કરી હતી અને તેનું નામ 'શાંતિ સેના' આપ્યું હતું, તેમાં શ્રી નંદુભાઈ જોડાયા હતા. આ સમય દરમિયાન પૂજ્ય શ્રીમોટા વિવિધ વિષયો ઉપર શ્રી નંદુભાઈને માર્ગદર્શન આપતા પત્રો લખતા રહ્યા.

## સાધનામાં ઉતારચઢાવ

પૂજ્ય શ્રીમોટાએ એક પ્રવચનમાં કહ્યું છે કે 'જે કોઈ જીવ સતત પ્રેમભક્તિથી, ધ્યેયના હેતુના જ્ઞાનભાન સાથે સાધનામાં પડ્યો હોય અને એમ એની સાધના થતાં થતાં એ સાધના પ્રત્યેક જીવની કોઈ સીધી સાદી એકધારી, એક જ રીતે ચડતીની દશામાં થયા જ કરતી હોય છે એમ નથી. એની અંદર જેમ પર્વતોનાં શિખરો આવે તેમ ઘણી ખીણો પણ આવે છે અને એ ખીણમાં જ્યારે સાધક પડી જાય ત્યારે એની ધ્યેયના હેતુની સભાનતામાં જે તીવ્રતા છે અને જે ગાઢતા છે, તે વેગ ઘટી જાય છે. સાધક ખીણમાં પડે છે ત્યારે એને એ સભાનતા મોળી પડી જાય ત્યાર પછી એ સાંસારિક રસમાં પણ ડૂબી જાય અને એ રસમાં ડૂબી જાય ત્યારે એ જાતનાં કર્મમાં એ પડી જાય. એવી રીતે તો કેટલીકવાર કેટલાય જન્મમાં એમાં ને એમાં પડી જાય.'

('શ્રીમોટાવાણી ભાગ-૯', બીજી આ., પૃ.૧૮)

સાધનાના ને ભાવનાના પંથમાં તેના સાચા ભાવથી, ખરેખરા ઉલ્લાસ ને તલસાટથી જો પડ્યા કરીએ તો તેમાં જરૂર સરવાળે પ્રગતિ થાય, પણ માત્ર એકલી પ્રગતિ જ થાય ને પીછેહઠ કદી ન થાય એવું તો કશું નથી. જ્યારે પૂરેપૂરા ખંતથી, ઉલ્લાસથી, શ્રદ્ધાવિશ્વાસથી તે પરત્વેનો પુરુષાર્થ થયા કરતો લાગે ત્યારે સમજવું કે સાધનામાં તે સમયે આપણું હૃદય પ્રકટેલું છે. જ્યારે તે પરત્વેના ઉલ્લાસ, ઉત્સાહ, ખંત વગેરે મોળા પડતા અનુભવાય ત્યારે તે સમય પીછેહઠનો છે એમ સમજવું. તેવી વેળાએ માત્ર પડી ન રહેવું અથવા વિચાર, વૃત્તિ કે ગમગીનીના તરંગે ન ચઢવું. જો સાચેસાચી રીતે ધ્યેયમાં લગાતાર પ્રવૃત્ત થયેલાં હોઈશું અને તેમાં જો હૃદયનો ઊંડો રાગ પ્રકટ્યો હશે, તો આપણે તરત ચેતી જવાનાં. તે વેળાએ જ આપણે ખરું જોમ દાખવવાનું હોય છે. પ્રગતિ તો ચઢતાં પડતાં થવાની છે. જો ચઢીએ તો પડીએ પણ ખરાં. ચઢતીપડતીનો ક્રમ છે. સાધનાના ક્ષેત્રમાં પતન જ થતું નથી ને નિયમિત ક્રમિક વિકાસ છે એમ જો કોઈ કહે તો તે વાસ્તવિક હકીકત નથી, પરંતુ પાણી જેમ પોતાનો માર્ગ કરી લે છે, તેવી રીતે જીવનવિકાસના માર્ગે જેણે જવાનો મરણિયો નિર્ધાર કર્યો છે, તેઓ તો પોતાનો માર્ગ કરી લેવાના છે, તે નક્કી જાણશો.

**હવે કાંતાબહેન ૮ મહિનાના સિદ્ધાર્થને લઈને કુંભકોણમ્‌થી સાબરમતી આશ્રમ પરત આવ્યાં હતાં.**

શ્રી નંદુભાઈએ સાધના શરૂ કરી એને છએક મહિના થયા હતા. એવામાં સાધનામાં જોશ ઓછું થઈ ગયું તે બાબત તેમણે શ્રીમોટાને લખી જણાવી. તેના પ્રત્યુત્તરમાં શ્રીમોટાએ લખ્યું કે :

હરિઃૐ તા. ૨૦-૮-૧૯૪૦

કરાંચી

પહેલાંના જેવું જોશ આવતું નથી તેનું કારણ આપણે કેમ વિચારતાં નથી ? જો કારણ જડે તો પછી તે દૂર કરવું જ રહ્યું. જો કારણ ન જડતું હોય તો સમજવું કે આપણી શુદ્ધ વિવેકદૃષ્ટિ એટલી હજી આવી નથી.

જ્યાં જ્યાં આપણે પાછળ પડીએ ત્યાં ત્યાં શાથી તેમ થાય છે, એની જો આપણને ખબર ન પડે તો સમજવું કે આપણી સમજણની આંખ ઊઘડી નથી, પણ જો આપણે સતત જાગૃતિ રાખી શકીએ તો આપણા પાછળ પડવાના કારણની આપણને ખબર પડે જ પડે.

જોશ તો આવશે જ. એને વિશે કશી શંકા નથી, પણ આપણે મહેનત કરીએ છીએ તેની પાછળની વૃત્તિ જેવા પ્રકારની હશે તેવો પ્રાણ આપણી મહેનતમાં આવશે. માટે, આપણા જીવનના ધ્યેય કે આદર્શની બાબતમાં આપણે ધરમૂળથી ફરીથી વિચાર કરી લેવો ઘટે છે. ત્યાંનું નિશ્ચિતપણું થઈ જવું જોઈએ. જો આપણું ધ્યેય સાચું હોય તો પછી એની જ બાજુના, એને જ લક્ષીને, એમાં કેમ વધાર્યા કરાય એવા સતત વિચારો આપણને આવ્યા કરવા જોઈએ.

**પહેલાંના જેવી એકાગ્રતા સાધનામાં આવી શકતી નથી, એનું કારણ મનની વૃત્તિઓ બહારમાં વધારે ચરતી રહ્યા કરે છે. બહાર વૃત્તિ જાય એનોય વાંધો નથી, પણ એ વૃત્તિ જ્યાં જ્યાં જાય ત્યાં એમાં ભળે નહિ એટલું પણ જો આપણે કરી શકીએ તો વાંધો નથી, પણ તેમ થઈ શકતું નથી એ જ વાંધો છે.**

પહેલાં ઘરમાં એકલા હતા ને હવે બધાં આવ્યાં છે તે કારણ જો હોય તો એમાં પણ આપણે પરોવાવું તો જોઈએ, કેમ કે એ પણ ધર્મ જ છે, પણ તે એવી રીતે થવું જોઈએ કે જેથી એમાંથી આપણને ઊલટો વેગ મળે. જેમ આપણે સેવાના ક્ષેત્રમાં પડતાં એમાંથી આપણને વેગ મળશે એમ કલ્પીએ છીએ તેમ આપણા ઘરના ક્ષેત્રમાંથી પણ તેવું જ ચેતન મળી શકે છે. જો બહારના સેવાના ક્ષેત્રમાંથી આપણી વૃત્તિને ટેકો મળે તો ઘરમાંથી શા માટે નહિ ?

જો આપણે આ માર્ગે જ જવાનું પસંદ કર્યું હોય તો પછી એને અનુકૂળ સ્થિતિ ઉત્પન્ન કરવા માટે આપણે જે કંઈ શક્ય હોય તે બધું જ કરી ચૂકવું જોઈએ. મારું એમ નથી કહેવું કે જે પ્રશ્ન ઉદ્‌ભવે એનો યોગ્ય નિવેડો ન આણવો, પણ એની પાછળનો જીવઉકાળો આપણે ન થવા દઈએ, એટલું બસ છે. વળી, તે તે પ્રશ્નને ઉકેલી આપણે આપણામાં જ રમીએ ને આપણામાં જ રહી શકીએ, એવું વાતાવરણ જેટલું ઉપજાવી શકીશું તેટલે અંશે આપણે ફાવીશું.

(‘જીવનપગરણ’, ચોથી આ., પૃ. ૧૮૯ થી ૧૯૨)

• • •

## ૧૧. ગુરુ પ્રત્યે ખુલ્લા થવાની પ્રક્રિયા

**શ્રીમોટા ફરીથી ઑગસ્ટ, સપ્ટેમ્બર, ૧૯૪૦માં સાબરમતી આવ્યા. શ્રી નંદુભાઈ નિયમિત સાધના કરતા રહ્યા. શ્રીમોટાએ પૂછ્યું** 'કેમ લાગે છે ?' શ્રી નંદુભાઈએ કહ્યું, 'ઠીક લાગે છે. મારામાં ખાસ કંઈ ફેર પડ્યો હોય તેમ લાગતું નથી.' શ્રીમોટા કહે, 'બીજો કોઈ ચમત્કાર નહિ થાય, પણ તમારી પ્રકૃતિમાં ફેરફાર થતો હોય તેવું તમને લાગવું જોઈએ.'

### શ્રી નંદુભાઈનું સૂક્ષ્મ ઘડતર

શરૂઆતમાં સાધકને ખબર નથી પડતી કે પોતે કોઈ સૂક્ષ્મ અસરને પરિણામે ઘડાતો જાય છે. તે વખતે દુઃખદ લાગતા અનુભવો પણ એને થવાના જ, પણ જો આવા વિરોધી દેખાતા સંજોગોને પણ તે આનંદપૂર્વક સ્વીકારી લેશે તો તેની પ્રગતિ ઝટ થશે. આમ, ધીમી કે ઝડપી પણ એની પ્રગતિ તો થવાની જ. **'એકવાર પ્રભુની ઈસ્પિતાલમાં દાખલ થયા પછી પૂર્ણ રીતે રોગમુક્ત થયા વગર પ્રભુ છોડતો નથી.'** એમ શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા. ('જીવનસંદેશ', સાતમી આ., પૃ. ૧૫૯-૧૬૦)

(અનુષ્ટુપ)

'જીવને ખુલ્લું સંપૂર્ણ સૌ આરપારદર્શક',
થવું એવું તમારે તો પડશે ત્યાં બધી રીત.

કશું સંતાડી રાખીને એને ભોળવવા જવું,
પ્રયત્ન તે તમારા તો જવાના વ્યર્થ તે સહુ.

('શ્રીસદ્ગુરુ', ત્રીજી આ., પૃ. ૧૩૮)

ગુરુના હૃદયભાવને સહજમેળે જો જીવનમાં આપણાથી સ્વીકારાઈ શકાતો હોય તો તે સર્વથી ઉત્તમ છે. તર્કશક્તિથી, બુદ્ધિની મદદથી, વળી બીજી રીતે વિચારીને એની (ગુરુની) યથાયોગ્યતાનું પારખું નિહાળીને તથા બીજી એવી બાહ્ય રીતિઓથી તપાસીને એને લેવાનું બન્યું હોય છે, તે પણ ખોટું તો નથી, પરંતુ તેના કરતાંયે ઉત્તમ તો આપમેળે પોતાના હૃદયથી એને પ્રેમભક્તિથી સ્વીકારાઈ શકાયો હોય, તો તે ઘણું ઘણું ઉત્તમ કહી શકાય.

સદ્ગુરુના ઉપયોગના ભાવમાં જેટલા પ્રમાણમાં ગણતરીઓ કરી કરીને વર્તવાની ટેવ, તેમની સાથે તોલીને વિચારી આચરવાની પદ્ધતિ, જીવનમાં અમુક માન્યતા કરી બેઠેલાં સમજણો અને માપો એનાથી એને તોળ્યા કરવાની રીત, એને આપણી પેઠે જ કામ કરનારા જેવો માનીને એની સાથે એવો વર્તાવ કરવાની રીત, એને ચકાસી જોવાની આપણી આદત, આવું જેટલા પ્રમાણમાં ઓછામાં ઓછું તે વેળાએ (એની સાથેના ઉપયોગના વર્તમાનકાળમાં) વાપરવાનું બને તે આપણા માટે ઉત્તમ છે.

('જીવનપોકાર', છઠ્ઠી આ., પૃ. ૨૨૩-૨૨૪)

સ્વામી વિવેકાનંદે અને પૂજ્ય શ્રીમોટાએ પણ શરૂઆતમાં તેમના ગુરુઓને બુદ્ધિથી કસી જોયા હતા, તેમ શ્રી નંદુભાઈએ પણ પૂજ્ય શ્રીમોટાને શરૂઆતમાં બુદ્ધિની સમજણથી જ સ્વીકાર્યા હતા.

## ગુરુ પ્રત્યે ખુલ્લા થવું એટલે.......

સામાન્ય રીતે દુનિયાનો દરેક માણસ પોતાના માટે એક છાપ ઊભી કરીને જીવતો હોય છે. આ છાપને ટકાવી રાખવા તે પોતાનું તમામ કૌશલ્ય વાપરતો હોય છે. આ છાપ ખંડિત થાય તો તે ઊંચોનીચો થઈ જાય છે. સમાજ પણ તેની છાપના આધારે

તેની તરફનો વર્તાવ રાખે છે. **સદ્‌ગુરુ પાસે આપણી ઊભી કરેલી છાપ નકામી છે. તે આપણું હાર્દ જુએ છે. તે આપણા ગુણદોષોની પરવા કરતો નથી. સદ્‌ગુરુ જ માત્ર એક એવું સ્વજન છે કે જે તમે જેવા છો તેવા જ તમને સ્વીકારે છે અને પ્યાર કરે છે.** આપણું દિલ તેમના તરફ ખુલ્લું થાય અને તેમના પરત્વે ભાવ પ્રગટે તો તેનો હજારગણો પડઘો ગુરુ પાડે છે. દુર્યોધન, માતા ગાંધારી પાસે પણ ખુલ્લો - નગ્ન થતાં સંકોચાયો અને જે ભાગ ઢાંક્યો તે નબળો રહ્યો, જે ભાગ ઉપર ગાંધારીની દૃષ્ટિ પડી તે વજ્ર બની ગયો. તે નબળા ભાગે જ તેનો જીવ લીધો. દુનિયાદારીના માણસોનો ભાવ આપણી સારી છાપ ઉપર આધાર રાખે છે. સદ્‌ગુરુનું તેવું નથી. આપણી એબો (ખામીઓ) જો સ્વયં આપણે ખુલ્લી કરીએ, તો તેમનો ભાવ ઓર વધે છે. આપણે પડદો રાખીને તેમની નજીક જઈએ તેમાં તેમને અકળામણ રહે છે. **સદ્‌ગુરુ પાસે ખુલ્લા થવું તે જ સદ્‌ગુરુને અંદર ભરી લેવાપણું છે. જ્યાં સુધી ખુલ્લા થવા જતાં સંકોચ, ક્ષોભ કે ડર લાગે છે, ત્યાં સુધી આપણે સમજવું જોઈએ કે આપણે સદ્‌ગુરુને સ્વીકાર્યા જ નથી. સદ્‌ગુરુની સ્થૂળ નિકટતા એ નજીકપણું નથી. સદ્‌ગુરુના સ્મરણે દિલ આર્દ્રભાવે વહે તો હજારો ગાઉ દૂર હોવા છતાં તે નિકટ જ છે.** ('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ., પૃ.૨૦-૨૧, પ્રસ્તાવના, શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય)

**જેને જીવનનો નિર્માતા ગણેલો છે, તેની આગળ મનનું ખુલ્લે ખુલ્લું સરળપણું ઘણું જરૂરનું છે. તેનાથી જેટલું છાનું રહ્યું તેટલો એકાત્મપણામાં ભંગ થાય. શ્રીસદ્‌ગુરુ આગળ દિલની સરળતા**

**રહ્યા કરવી, દિલનું ખુલ્લું થયા કરવું એ બધું લખ્યા, વાંચ્યા કે બોલ્યા જેટલું સહેલું હોતું નથી. એમાં ઘણી જાતના સદ્ગુણની કેળવણીની જરૂરત જન્મે છે અને રહે છે. પહેલું તો અભય. રખેને સદ્ગુરુ નારાજ થાય અને કડવા શબ્દ કહે એટલે દુઃખ લાગે અને તેથી સદ્ગુરુ પરત્વેની પ્રેમભક્તિમાં ઓટ આવે એવો જાણેઅજાણે ભય રહેલો હોય છે, પરંતુ સર્વ પ્રકારના ભયમાંથી મુક્તિ એટલે સર્વ રીતે અને સર્વ પ્રકારે અભય.**

('જીવનસોપાન', પાંચમી આ., પૃ. ૨૨૭)

શ્રી નંદુભાઈને શ્રીમોટા પ્રત્યે શરૂઆતમાં મિત્રભાવ હતો. અનેક પ્રસંગોમાં તેઓ પોતાનાં મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્‌ના ગુણધર્મોને જેવા હોય તેવા શ્રીમોટા પાસે વ્યક્ત કરી દેતા. એમને કોઈ ભય ન થતો કે શ્રીમોટા નારાજ થશે. એ રીતે તેઓ શ્રીમોટા પ્રત્યે ખુલ્લા થતા ગયા અને આથી, શ્રીમોટા પણ એમના આવા વર્તનથી રાજી થતા હતા.

## બુદ્ધિનું આધિપત્ય

શ્રી નંદુભાઈના વ્યક્તિત્વમાં ભોળા ભક્તનાં હૃદય કરતાં બુદ્ધિનું આધિપત્ય વધારે હતું. બુદ્ધિનો એક ગુણ શંકાકુશંકા કરવાનો છે. શંકાનાં મૂળ ઘણાં ઊંડાં હોય છે.

શંકાની વૃત્તિ સત્યને જાણવાને માટે છે, સત્યને પકડવાને માટે છે, સત્યને અનુભવવા માટે છે અને તે ઘણા કાળ સુધી આપણા સ્વભાવમાં ટકી પણ રહે છે. તેના થર કેટલાં પડ સુધી ઊંડા ઊતરેલા છે, તે એકદમ જાણી શકાતું નથી.

('જીવનમંથન', પાંચમી આ., પૃ. ૨૩૫-૨૩૭)

શંકાનું બીજ તો સાધકના મનમાં તે સાધનાની ઊંચી સ્થિતિમાં આવેલ હોય છે તે કાળમાં પણ ટક્યા કરે છે. એને પોષણ મળી જાય એવી રીતે આપણે ન વર્તવું જોઈએ.

(અનુષ્ટુપ)

**બુદ્ધિ-જીવદશાની-ને મર્યાદા બહુ રીતની,**
**સમજણો, મડાગાંઠો બંધાયેલી ખરેખરી,**
**એવી તે બુદ્ધિની સર્વ મર્યાદા બ્હાર તત્ત્વ તે**
**-શકે ઓળખી શી રીતે એવા તે તત્ત્વને હૃદે ?**

**દુર્લભ મળવો એવો સદ્ભાગ્યે જો કદી મળે,**
**તો ઓળખવો એને મુશ્કેલ બુદ્ધિથી જ છે !**
**શક્યા ઓળખી એવાને, તો તે સમજવો હૃદે**
**-અશક્ય શો પૂરેપૂરો ! માત્ર ભક્તિથી સાધ્ય તે.**

('શ્રીસદ્ગુરુ', ત્રીજી આ., પૃ. ૬, ૧૨)

બુદ્ધિમાં શંકાકુશંકા થયા કરવાને માટે પણ એવા પ્રકારની વૃત્તિ હોય છે ને તે પણ સત્યનો અનુભવ કરવાને માટે છે. એકવાર તેમ થતાં તે વડે વસ્તુની સાચી યથાર્થતા ને મહત્તા, રહસ્ય વગેરે સમજાઈ જાય તો પછી બુદ્ધિમાંની શંકાકુશંકાની વૃત્તિ મોળી પડતી જાય છે. ('જીવનસોપાન', ત્રીજી આ., પૃ. ૧૨)

### શ્રી નંદુભાઈની શંકાશીલ પ્રકૃતિનું કારણ

**તા. ૮-૩-૧૯૫૦ના એક પત્રમાં શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને પોતાની પ્રકૃતિ વિશે લખ્યું હતું કે –**

પૂજ્ય પ્રિય,

આજે ત્રાટકમાં મને વિચાર આવેલો કે જેવો જેનો ધંધો તેવી તેની પ્રકૃતિ પણ ઘડાતી હશે. ૧૦ વર્ષ હીરા જોવામાં ગાળ્યાં.

દિવસોના દિવસો ૮-૮ કલાક હીરામાં ક્યાં ક્યાં કાળી છાંટો, કાળા ડાઘાઓ, સફેદ ચીરાઓ વગેરે, તેની ઊણપો ક્યાં ક્યાં કેવી કેવી છે તે શોધવાનું જ કર્યા કરવાનું રહ્યું. મુંબઈ માલ લેવાનું આવતાં સતત આ જ કામ રહે. પેઢી ઉપર પણ ‘સૉર્ટિંગ’- વીણવામાં આ જોવાનું આવ્યા કરે. ને વારંવાર આમ કાચથી હીરાના દોષો શોધવાનું ચાલ્યા કરે અને આના આવા અભ્યાસના પરિણામે કાળી બારીક છાંટ પણ ગમે તેવા અટપટા ખૂણામાં હોય તોપણ તરત નજર પહેલી ત્યાં જ પડતી. જ્યારે બીજા કેટલાઓનેય તે જડતી પણ નહિ - બતાવીએ ‘લૉકેટ’ કરીને (Locate) તોય ના જડે. એટલે સતત દોષ જોવાના અભ્યાસે તેનો મહાવરો પડી જતાં તે પ્રકૃતિમાં સ્વભાવમાં વણાતું આવ્યું ને માનવજગતમાં પણ તે વિસ્તર્યું.

ઘરાકને માલ જાંગડ દેતી વખતે તે સોલ્વંટ - સધ્ધર છે કે કેમ ! વેચતી વખતે પણ પૈસા પૂરા પતવશે કે કેમ ! વગેરે શક અને સંદેહોથી જ કામ લેવાનું રહ્યું એ પણ પ્રકૃતિમાં વણાયું.

આવું આવું થતાં તે પ્રવૃત્તિના લાભ જેવા મળ્યા તેવા તેના જોડાજોડના ગેરલાભ પણ મળ્યા, ક્યાંયે લાભ કે ગેરલાભ - સ્વતંત્રપણે એકાકી નથી સંભવતા એ કેટલીયે વાર ઊગ્યું છે ને દૃઢ થતું ગયું છે.

**પણ શ્રદ્ધા અને વિશ્વાસ એટલાં આવતાં જાય છે કે એ પડેલા સંસ્કારો જરૂર ઓછા ને ઓછા થતા જતા ગયા છે અને તેમાંથી છૂટવાની શરૂઆત થઈ ચૂકી છે. એટલી પ્રભુની રહેમ ઊતરી છે.**

પોતાના શંકાશીલ સ્વભાવ વિશે શ્રી નંદુભાઈ આ રીતે વ્યક્ત થયા છે કે ‘એક તો અમે વણિક રહ્યા. વળી, વેપાર કરીએ,

એમાંય હીરાનો વેપાર કરીએ. એમાં ડગલે ને પગલે ઘરાકને આવી શંકાથી જ જોવાનું. એમ થાય કે આ માણસ સાચો હશે કે ખોટો ? માલ બદલી લેશે કે કેમ ? આવી બધી શંકાકુશંકાઓ સાથે કામ શરૂ કરવાનું એટલે એક આદત થઈ ગયેલી. એટલે શ્રીમોટા માટે પણ શંકા થયેલી. આમ, મારો સ્વભાવ પણ પુષ્કળ શંકાશીલ. પછી ધીરે ધીરે જેમ જેમ સમજાણ પડતી ગઈ તેમ તેમ શંકાઓ નીકળતી ગઈ અને નીકળી ગઈ. ૧૯૪૭ સુધી મને શંકા રહ્યા કરતી હતી. ૧૯૪૭ પછી મેં એમને પૂછવાનું બંધ કરેલું. મને મનમાં સમાધાન થઈ જતું. સમાધાન ન થાય તો હું એમ ને એમ રહેવા દઉં.'

## સૌથી મોટો સદ્‌ગુણ અભય

શ્રી નંદુભાઈનો સૌથી મોટો સદ્‌ગુણ એ હતો કે તેઓ જેવા હતા તેવા જ શ્રીમોટા પાસે નિર્ભયપણે વ્યક્ત થતા. અનેક પ્રસંગોમાં પોતાની પ્રકૃતિનાં જુદાં જુદાં પાસાંઓને છુપાવ્યાં ન હતાં.

## 'પૈદાઈશ કે દિન હવાઈજહાજ યાત્રા'

૧૯૪૦ના ઑગસ્ટ, સપ્ટેમ્બરમાં શ્રીમોટા સાબરમતી આશ્રમ આવ્યા હતા. શ્રીમોટા અને શ્રી હેમંતદાદા એક જ રૂમમાં સૂઈ રહેલા, તે સવારે તેમની વચ્ચે આ રીતે વાતચીત થઈ –

શ્રીમોટા : આજે મને દર્શન થયું !

શ્રી હેમંતદાદા : શાનું દર્શન મોટા ?

શ્રીમોટા : કોઈ એક સાંઈબાબાએ (ઑલિયા જેવા હતા - કદી નહિ જોયેલા તેમણે) મને કરાંચી આવવાનું કહ્યું અને વળી એમ કહ્યું કે 'વિમાનમાં તારી વરસગાંઠને દિવસે આવી પહોંચ.'

શ્રી હેમંતદાદા : તમે શું કહ્યું ?

શ્રીમોટા : મારી પાસે પૈસા ક્યાં છે  તે વિમાનમાં આવું ? ત્યારે સાંઈબાબાએ કહ્યું, 'પૈસે ભેજેંગે.'

અને તે જ દિવસે રજિસ્ટર્ડ ટપાલમાં રૂ. ૬૦/- મળ્યા. ઉર્દૂ લિપિમાં પત્રમાં જે લખ્યું હતું તે શ્રી હેમંતદાદા શ્રી કુરેશી સાહેબ પાસે જઈને વંચાવી આવ્યા. તેમાં આ પ્રમાણે લખેલું, 'તારે તારા જન્મદિવસે જ કરાંચી જવું અને તે પણ ઊડીને જ જવું એવો હુકમ છે.' લખનારની સહી ન હતી. રકમ કોણે મોકલી તેની ખબર કદી પડી નહિ એમ શ્રી હેમંતદાદા નોંધતાં વધુમાં જણાવે છે : 'કવર પરના પોસ્ટઑફિસના સિક્કા પરથી જણાયું કે કવર પૂજ્ય શ્રીમોટાને દર્શન થયું તેને આગલે દિવસે અમદાવાદથી ડિસ્ટ્રિક્ટ કોર્ટની પોસ્ટઑફિસેથી રવાના થયું હતું. તે દિવસોમાં શ્રીમોટા ક્યાંય બહાર ગયા ન હતા અને અમે બધાં તેમને રૉયલ સૅન્ડઑફ આપવા ગયા હતા. એમનો ઍરોપ્લેનની મુસાફરીનો પહેલો અનુભવ !' ('જીવનદર્શન', આઠમી આ., - પૃ.૧૦૨, 'શ્રીમોટા સાથે વાર્તાલાપ', આઠમી આ., પૃ. ૧૯૦-૯૧)

શ્રી નંદુભાઈને આ બાબત શંકા થઈ. શ્રી નંદુભાઈ કહે, 'આ તો તમે પોતે સાંઈબાબાના નામે જ મનીઑર્ડર કેમ નહિ કર્યું હોય ? મોટા, તમે શહેરમાં ગયા હતા અને ત્યાંથી જ તમે આ મનીઑર્ડર નહિ કર્યું હોય તેની શી ખાતરી ?' શ્રીમોટા કહે, 'તમે ભલા છો. મારે તેમ કરવાની જરૂર શી ?' શ્રી નંદુભાઈ, 'કેમ શી જરૂર ? મારા ઉપર પ્રભાવ પાડવા.' શ્રીમોટા કહે, 'તમેય ખરા છો. એનો ખુલાસો નહિ કરું. તમને સમજાય ત્યારે સમજજો.'

('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૫૪-૫૫)

આ રીતે શ્રી નંદુભાઈને આ પ્રસંગ વિશે શંકા થઈ આવેલી.

તે પ્રમાણે ચાર સીટવાળા વિમાનમાં મહામુશ્કેલીએ તા. ૯-૯-૧૯૪૦ના રોજ ટિકિટ મળી. તે દિવસે ઍરોડ્રોમ જવા ઘોડાગાડીમાં બેસીને નીકળ્યા. ઘેરથી મોડું થયું હતું. પ્લેન ઊપડી જવાની સંભાવના હતી. શ્રીમોટાએ ઘોડાગાડીવાળાને ગુસ્સાથી કહ્યું, 'જલદી ચલાવ. આળસ ના કર. ધીમે ધીમે ના ચલાવ.' શ્રી નંદુભાઈને થયું કે સામાન્ય સંજોગોમાં પણ માણસ શાંતિ રાખી શકે તો શ્રીમોટા કેમ આમ ગુસ્સે થાય છે ?

બીજો એક શંકાનો પ્રસંગ એવો છે કે એક વખત કાશીમાં શ્રીમોટાનું ખીસું કપાયું હતું, તેની શ્રી નંદુભાઈએ શ્રીમોટા સાથે ચર્ચા કરી હતી. કાશીમાં મંદિરમાં શ્રીમોટાનું ખીસું કપાઈ ગયું હતું અને સાથેની બે બહેનો (કુરંગી અને ચિત્રા)ની સલામતી સારુ જાળવવા આપેલાં ઘરેણાં ચોરાઈ ગયાં હતાં. ઘરેણાં ચોરાયાં અને ચોર પછી જાતે જ આવીને આપી ગયો. તે અંગે શ્રી નંદુભાઈ બોલ્યા, 'મને આ નથી સમજાતું. મારા ઉપર કાંઈ અસર નથી કરતું. મોટા, તમે તમારી મેળે ખીસું ના કાપ્યું હોય તેની શી ખાતરી ?' **શ્રીમોટા સાથે જોડાયા પછી ચારપાંચ વર્ષ પછી આ રીતનું કહેલું.** 'કોઈ સાક્ષી છે ? તમે ઝરૂખે આવ્યા અને પેલો માણસ આવ્યો અને તમને બોલાવીને દાગીના પાછા આપ્યા. એનો કોઈ સાક્ષી છે ? તમે તમારી મેળે જ કર્યું હોય.' શ્રીમોટા હસી પડેલા. શ્રીમોટા કહે, 'તમારે જેમ માનવું હોય તેમ માનો.'

('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૫૫)

પછી ધીરે ધીરે જેમ જેમ સમજણ પડતી ગઈ તેમ તેમ શ્રી નંદુભાઈની શંકાઓ નીકળતી ગઈ અને સાવ જ નીકળી ગઈ.

## શ્રી નંદુભાઈના ખુલ્લા દિલની કદર

પૂજ્ય શ્રીમોટાએ કરાંચીથી લખ્યું કે -

હરિઃૐ તા. ૨૦-૦૯-૧૯૪૦

કરાંચી

પ્રિય ભાઈ,

આપણે આ વખતે સાથે રહ્યા અને તમે ઘણા ખુલ્લા દિલના થયા તેથી મને આનંદ થયો છે. વિમાનમાં જવાની વાત અને અકલ્પ્ય રીતે મળેલા પૈસા બાબત તમને જે સંશયો થયા, અને તેનો તમે જાતે જ ઉકેલ કાઢ્યો, તે વાત મને પણ કરી તે તમારું ખુલ્લું મન સૂચવે છે. હજી વધારે ને વધારે ખુલ્લા થતા જાઓ એવી માગણી છે. જે કંઈ થાય તે જરૂર મને કહેશો. પહેલાં મેં તમને લખ્યું પણ હતું કે મારે વિશે તમને ઘણા સંશયો પેદા થશે. તેમ તમને તે બાબત થયું હતું કે નહિ તે હું ક્યાંથી કહું ? પણ થયું હોય તો મને કશી નવાઈ ન થાય. જેમ શ્રી ભાઈને (હેમંતભાઈને) એવી વૃત્તિ થતાં કોઈ સ્થળે સ્થિર થવા દેતી નથી અને બધાંમાંથી શ્રદ્ધા અને વિશ્વાસ ઉઠાવી લેવરાવે છે, એમ સાધકને શરૂઆતમાં થયા જ કરે છે, પણ **આપણે જો કામ સાથે કામ લીધા કરવાની ટેવ રાખીએ અને બધાંનું સારું જોવાની જ ટેવ પાડ્યા કરી હોય તો પેલા થયેલા સંશયો ભુસાઈ જવા લાગે છે** અને આપણામાં પછી તો એ જ વૃત્તિ વધારે વેગ આપે છે.'

('જીવનપગથી', પાંચમી આ., પૃ. ૧)

• • •

# ૧૨. મનની ચંચળતા - ફરી દેશસેવાની ધૂન

શ્રીમોટા સાથે જોડાયાને થોડા મહિના થયા હશે એવામાં ગાંધીજીની જેલમાં જવા હાકલ વાગી. વ્યક્તિગત સત્યાગ્રહ ચળવળની શરૂઆત ગાંધીજીએ ૧૭ ઑક્ટોબર, ૧૯૪૦માં કરાવી જે પાછી ખેંચી લેવામાં આવી અને ફરીથી જાન્યુઆરી, ૧૯૪૧માં શરૂ કરવામાં આવી. આ સમયે હજારો લોકોએ ભાગ લીધો અને જેલયાત્રા કરી.

દીક્ષા આપ્યા પહેલાં જ પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને મનોમંથન કરી, મનની ગતિ તપાસી ધ્યેય નક્કી કરવામાં ઉતાવળ કર્યા વગર જીવનમાર્ગ પસંદ કરવા ચેતવ્યા હતા. છતાં તેમના મને (Mind) ઊથલો માર્યો ! અને શ્રી નંદુભાઈને સાબરમતી આશ્રમમાં જોડાવાના હેતુનું સ્મરણ થયું. તેમને ચળવળમાં ભાગ લઈ દેશ માટે જેલયાત્રા કરવાની ઇચ્છા થઈ આવી.

શ્રી નંદુભાઈનો જેલયાત્રા કરવામાં જે શુભ હેતુ હતો તે તેમણે પૂજ્ય શ્રીમોટાને પત્ર દ્વારા લખી જણાવ્યો. તેમણે લખ્યું કે ‘જેલમાં જવાથી પ્રભુસ્મરણ પરનાં શ્રદ્ધા અને વિશ્વાસ વધશે, મારો આધ્યાત્મિક વિકાસ થશે, આરામી જીવનની ટેવ નીકળી જશે, ગરીબાઈ કોને કહેવાય તેની અનુભૂતિ થશે, જેલમાં દુનિયા નાની થઈ જતી હોવાથી અપાર શાંતિનો અનુભવ થશે, દુઃખમાં રામ સાંભરે છે એટલે રામનું સ્મરણ થયા કરશે, જેલમાં ઘણાંને રામની ઝાંખી પણ થાય છે, નમ્રતાની સાથે સાથે માનસિક અને શારીરિક સહનશક્તિ પણ વધશે.’

શ્રી નંદુભાઈએ શ્રીમોટાની રજા માગી. શ્રીમોટા કહે, ‘હું તો ના કહું છું. જેલમાં જઈને કંઈ ફાયદો થશે નહિ. હું ચારપાંચ વાર જઈ આવેલો છું. ત્યાં તો બધો કોલાહલ, દ્વેષનું વાતાવરણ અઠીક હોય. ત્યાં નહિ ફાવે.’

શ્રી નંદુભાઈને તો જેલમાં જવાનું ખુન્નસ ચડ્યું હતું એટલે કહે, **'ગાંધીજી મારા પહેલા ગુરુ. એટલે કે હરિજન આશ્રમમાં આવેલો તે સાધનાને કારણે નહિ, પણ દેશની સેવાને માટે મારે જોડાવું હતું. એટલે વેપાર છોડીને અહીં આવ્યો છું.'**

આવું સ્પષ્ટ શબ્દોમાં પોતાના આધ્યાત્મિક ગુરુને કહેવું એ એક ગુરુ પ્રત્યે ખુલ્લા થવાની પ્રક્રિયા જ હતી. શિષ્યના આવા વર્તનથી ગુરુને શિષ્યની પ્રકૃતિની જાણ થાય છે અને તે મુજબ ગુરુ, શિષ્યની પ્રકૃતિને યોગ્ય રીતે વળાંક આપવાનો પ્રયત્ન કરે છે, મદદરૂપ થાય છે.

(અનુષ્ટુપ)

પોતાના એકલાના તે નિમિત્ત પલટાવવા,
શો અનુભવી સંપૂર્ણ શક્તિથી બળવાન ત્યાં !
કિંતુ જેમ થતું હોય સ્વાભાવિક રીતે બધું,
-તેમ તેવું થવા દે છે તે અનુભવી સુતરું.

('નિમિત્ત', ત્રીજી આ., પૃ. ૩૩)

શ્રીમોટા કહે, 'તો તમને ઠીક લાગે તેમ કરો.' શ્રીમોટા કોઈ દિવસ આગ્રહ રાખતા નહિ. ઘણી વખત તો પોતાને અગવડ પડે તોપણ પેલામાં ભાવ જગાડવા માટે તેનું કહ્યું માને. તેમની આ ખાસ લાક્ષણિકતા હતી.

જેલમાં જતાં પહેલાં શ્રી નંદુભાઈએ જેલમાં જવાનો પોતાનો હેતુ પૂ. શ્રીમોટાને વિગતવાર જણાવ્યો હતો. તેના પ્રત્યુત્તરમાં શ્રીમોટાએ પત્રમાં લખ્યું કે 'જેલમાં જતાં પહેલાં જે કંઈ વ્યવસ્થા કરવી ઘટે તે કરીને જશો એટલું જ કહેવાનું છે. હવે, આ બાબતમાં તમારા મુદ્દાઓ વિશે :

૧. આધ્યાત્મિક વિકાસ માટે જવાનું રાખ્યું છે, તે ઠીક છે.

૨. જેલમાં પ્રભુસ્મરણ પરનાં શ્રદ્ધા અને વિશ્વાસ વધશે એ સાચું છે. આરામી જીવન ગાળવાની ટેવ પડી ગઈ છે, તે જેલમાં જવાથી દૂર થશે તે પણ સાચું છે, પણ ગરીબાઈના જીવનનો ખ્યાલ ત્યાં ગયાથી આવશે એ યોગ્ય નથી.

૩. 'જેલમાં અપાર શાંતિ હશે ને મારી દુનિયા નાની બની ગઈ હશે' એ તમારો ખ્યાલ તદ્દન ઊંધો છે. ત્યાં શાંતિ બિલકુલ હોતી નથી. એના કરતાં શાંતિ અહીં બહાર વધારે હોય છે, ત્યાં તો એટલી કટુતા, એટલું વિષ ઊભરાયેલું હોય છે કે જો એમાં તટસ્થતા ન રાખી શકાય તો મૂઆ જ પડ્યા સમજવા.

૪. પૂજ્ય ગાંધીજીના આદેશને અનુસરીને જેલ જવાનું રાખશો, તો એમાં કશું ખોટું નથી.

૫. જેલમાં 'રામ'ની ઝાંખી કેટલાંકને થઈ છે, તે વાત સાચી છે, પણ જેલમાં જવાથી જ એ થશે એ ખ્યાલ મનમાં ન રાખશો.

૬. સહનશક્તિ - માનસિક અને શારીરિક — કસાશે, તે સાવ સાચું છે.

૭. નમ્રતા વધુ આવશે એનો તો તમે પોતે કેવી વૃત્તિ ત્યાં રાખ્યા કરો છો એના ઉપર ઘણો આધાર રહેશે.

૮. 'દુઃખે સાંભરે રામ' એ કહેવત છે ખરી, પણ આપણે આપણી આગળપાછળ કેટલાંયને દુઃખી જોઈએ છીએ, પણ તેઓ કદી 'રામ'ને યાદ કરે છે ખરાં ? કરવા જોઈએ તેવી રીતે ? જો એમ હોત તો તેમને દુઃખની કઠિનાઈ લાગત જ નહિને ? એટલે રામ સંભારવા એ તો ભગવાનની મહત કૃપા હોય તો જ બને છે. તેથી, જેલ જવાથી ભગવાનનું વધુ સ્મરણ થશે એ બરાબર નથી.

૯. જેલનો અનુભવ લઈ આવવા જેવો તો ખરો જ.

**પોતાના અનુભવથી ચેતવ્યા**

હવે, મારા જેલજીવન બાબત તમને લખી દઉં. હું જેટલી વખત ગયો હતો તેટલી વખત તદ્દન શાંતપણે મૌન પાળીને રહેતો

હતો. કોઈની સાથે ભળતો ન હતો. ભગવાનનું નામસ્મરણ સતત પળેપળ લેવાયા કરાય અને પ્રાર્થના એકચિત્તે કરાયા જાય એનો જ વધુ પ્રયત્ન કર્યા કરતો હતો. ગૂજરાત વિદ્યાપીઠવાળા શ્રી... ભાઈ મારી સાથે એકવાર હતા. એમની સાથે પણ ભાગ્યે જ એક શબ્દ બોલતો.....ભાઈ સાથે આઠેક દિવસ રહેવાનું બન્યું હતું ત્યારે પણ તેમ જ, પણ એમની સાથે થોડુંક બોલતો તે વાત નોખી.

તમે જેલમાં જાવ એમાં કશું જ ખોટું નથી પણ આ વખતે જો લડત શરૂ થશે તો જેલ જવા ઉપરાંત પણ ઘણી આકરી કસોટી આપણી થવાની છે ને સર્વસ્વ ફના - થોડાકોએ તો - કરવાનું આવશે તે પણ ખ્યાલ આપણે રાખવાનો છે. જોકે મેં તો વિચાર કશો કર્યો નથી અને એ બાબતનું દિલ હાલમાં તો નથી. પછીની વાત તો ભગવાન જાણે. બાકી, પહેલી બન્ને લડતમાં ખૂબ હોંશ હતી.

આપણે જેને સારા સારા (જેલની બહાર) માનતાં હોઈએ છીએ, એવાઓની પણ માનસિક સ્થિતિ જેલમાં નોખી જાતની હોય છે, કારણ કે બહાર સાધારણ રીતે માણસો દ્વિધા કે બેવડું જીવન જીવતા હોય છે. પોતાની અંદર જે હોય છે એને બહાર દેખાવા દેતા જ નથી. બુદ્ધિના પ્રતાપે તથા મનની વૃત્તિઓને દબાવી દઈને પોતે જેવાં છીએ તેવાં આપણે આપણને પણ જણાવાં દેતાં નથી, પણ જેલમાં તો તેવી સગવડને અભાવે અને અત્યંત ઘર્ષણને અંગે અંદરનું આપણું તત્ત્વ (સ્વભાવ વગેરે) ઉપર તરી આવે છે અને આપણે આપણા અસલ જીવસ્વરૂપમાં ત્યાં દેખાઈ આવીએ છીએ. તે વેળાએ જો આપણી મનોવૃત્તિ સાક્ષીભાવવાળી અને આપણી પોતાની (પ્રભુપ્રેમની) તમન્નાવાળી તથા ચોક્કસ ભૂમિકાવાળી ના હોય તો આપણને એ કાદવમાં રગદોળાઈ જવાનો સંપૂર્ણ સંભવ રહે છે, તે જાણશો.

મારા વિશે જે કંઈ સારાનરસા વિચારો આવે તે દિલમાં સંઘરી રાખી ન મૂકવા. સ્પષ્ટપણે મને જણાવી દેવાનું રાખશો, તો તમને એ બાબતમાં જે કંઈ લખવું ઘટતું લાગશે તે લખીશ.'

('જીવનપગરણ', ચોથી આ., પૃ. ૧૨૦-૧૨૩).

શ્રી નંદુભાઈ તો સત્યાગ્રહમાં જોડાયા અને પૂના યરવડા જેલમાં ૮૦ દિવસની જેલ ભોગવી આવ્યા પણ શ્રીમોટાએ કહ્યું હતું તેવો જ અનુભવ થયો.

## જેલમાંથી મુક્તિ અને કરકસરની ગ્રંથિ

૮૦ દિવસની જેલ ભોગવ્યા પછી શ્રી નંદુભાઈ તા. ૨-૮-૧૯૪૧ના રોજ યરવડા જેલમાંથી છૂટવાના હતા અને તા. ૩-૮-૧૯૪૧ના રોજ બધા જ સત્યાગ્રહીઓને છોડી મૂકવામાં આવ્યા હતા. તેમને લેવા આવવા પૂજ્ય શ્રીમોટા તા. ૨૧-૭-૧૯૪૧ના રોજ કરાંચીથી નીકળી ખાર આવ્યા અને કાંતાબહેનને અમદાવાદથી બોલાવ્યાં. શ્રી નંદુભાઈનો સ્વભાવ કરકસર કરવાનો હતો. તેમની આ કરકસરની ગ્રંથિ તોડવા પૂજ્ય શ્રીમોટાએ પ્રસંગ ઊભો કર્યો. શ્રી નંદુભાઈની ઇચ્છા હતી કે તેઓ જેલમાંથી નીકળે ત્યારે શ્રીમોટા તેમને લેવા આવે. શ્રીમોટા કહે, 'જુઓ, લેવા આવવાની મારી શરત છે. હેમંતભાઈ, હું અને કાંતા ત્રણ જણાં આવીશું ખરાં, પણ સેકંડ ક્લાસની ટિકિટનો ખર્ચ તમારે ભોગવવાનો.' એ વખતનો સેકંડ ક્લાસ એટલે આજનો ફર્સ્ટ ક્લાસ. 'ત્રણ જણાં સેકંડ ક્લાસમાં આવીશું. તમને મંજૂર છે ? અને પાછાં આવતાં પણ સેકંડ ક્લાસમાં જ આવવાનું. એ બધો ખર્ચો કરવાની તમારી તૈયારી છે ? તો અમે આવીએ.'

મને કે કમને શ્રી નંદુભાઈએ હા પાડી. પાછાં ફરતાં શ્રીમોટા કહે, 'થર્ડ ક્લાસની ટિકિટ લેજો.' શ્રી નંદુભાઈ કહે, 'કેમ થર્ડ ક્લાસની ?'

તો શ્રીમોટાએ કહ્યું, 'મેં તો તમને તમારી ટેવો ઊલટાવવા અને તમારી પરીક્ષા કરવા શરત કરેલી. મને કે કમને તમે મારું કહ્યું માન્યું. આ તમારી ગ્રંથિ તોડાવવા માટે હતું. મને કાંઈ ફર્સ્ટ ક્લાસ કે સેકંડ ક્લાસનો મોહ નથી. હું પોતે થર્ડ ક્લાસમાં જ જઉં છું, **પણ તમારી ગ્રંથિ તૂટવી જોઈએ કે આપણી ઈચ્છા મુજબ જ બધાં વર્તે.'**

આમ, જેલયાત્રાનો અનુભવ લેવાની ઈચ્છા પૂરી કરી અને શ્રી નંદુભાઈને પ્રતીતિ થઈ કે 'મોટા કહેતા હોય તે બરાબર હોય, કારણ કે મોટાએ જે કહ્યું હતું તેવો જ અનુભવ થયો.' ફરી સાબરમતી આશ્રમજીવનમાં પરોવાઈ ગયા.

('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૬૬-૬૭)

## પૂજ્ય શ્રીમોટા પ્રથમ વાર દક્ષિણમાં

તા. ૨૫-૮-૧૯૪૧ના રોજ શ્રીમોટા પ્રથમ વાર દક્ષિણમાં વજુભાઈ જાની અને બધાં સાથે ત્રિચિ આવ્યા. બીજા દિવસે કિરાપટ્ટીમાં મકાન મળ્યું. ત્યાં વજુભાઈનું તા. ૨૮થી અનુષ્ઠાન હતું. આ જ સાલના ભાદરવા વદ ચોથ તા. ૯-૯-૧૯૪૧ના રોજ કિરાપટ્ટીમાં પૂજ્ય શ્રીમોટાએ બારણાં પાસેનાં જાળિયા-બારી આગળ ગાદલાં ઉપર બેસીને શ્રી નંદુભાઈ પાસે પૂ. ઘનુભાઈને 'પ્રેમ' ઉપર પત્ર લખાવ્યો હતો. તા. ૨૪-૯-૧૯૪૧ના રોજ પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈ અને કાંતાબા કન્યાકુમારી ગયાં હતાં. ફરીથી બધાં સાબરમતી આશ્રમ આવી રહેવાં લાગ્યાં.

૧૯૪૨માં એક વખત પૂજ્યશ્રી, આનંદમયી મૈયા અમદાવાદમાં પધારેલાં ત્યારે શ્રીમોટાએ શ્રી નંદુભાઈને તેમનાં દર્શન કરવાં મોકલ્યા હતા. આ રીતે પૂ. શ્રીમોટા પોંડિચેરી તેમ જ એવી બીજી સંતોની જગ્યાઓએ જવાની સલાહ પણ આપતા.

• • •

# ૧૩. દક્ષિણમાં ફરી વસવાટ

બીજા વિશ્વયુદ્ધ સમયે એપ્રિલ, ૧૯૪૨માં જાપાને આંદામાન ટાપુઓ ઉપર કબજો કર્યો. ૫મી એપ્રિલે સિલોનના કોલંબો ઉપર જાપાન ઍરફોર્સ દ્વારા બૉંબ ફેંકાયા. લોકો સિલોન(શ્રીલંકા)થી મદ્રાસ નાસી આવ્યા. ૬ઠ્ઠી એપ્રિલે મદ્રાસથી ૭૦૦ કિ.મિ. ઉત્તરે બૉંબ ફેંકાયા. તે જ દિવસે વિશાખાપટ્ટનમ્ ઉપર હુમલો થયો. મદ્રાસ ઉપર બૉંબ ફેંકાશે એવી અફવાઓના કારણે દરરોજ અંદાજે પચાસેક હજાર લોકો ઘરોને તાળાં મારી મદ્રાસ શહેર છોડી ભાગવાં લાગ્યાં.

આ સમયે ત્રિચિની પેઢી, શ્રી નંદુભાઈના નાના ભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ અને શ્રી ગોપાલમામાના બે દીકરા - શ્રી સુરેશભાઈ અને શ્રી અશોકભાઈ સંભાળતા હતા. કુંભકોણમ્‌ની પેઢી શ્રી ગોપાલમામાના વડીલ દીકરા શ્રી હસમુખભાઈ ઉર્ફે લાલાજી સંભાળતા. તેઓ હજુ ઓગણીસેક વર્ષના જ હતા. ત્રિચિ અને કુંભકોણમ્‌ની પેઢીઓ બંધ કરી બધાં ગુજરાત ચાલ્યાં ગયાં. આવા સંકટના સમયે પૂજ્ય મોટાએ શ્રી નંદુભાઈને ત્યાં જઈ બન્ને પેઢીઓ સંભાળવાનું કહ્યું.

શ્રી નંદુભાઈ, કાંતાબા અને બાળક સિદ્ધાર્થને લઈને ટ્રેનમાં દક્ષિણમાં જવા નીકળ્યા. રસ્તામાં એક નાના ગામડામાં ટ્રેન અટકી ગઈ. સિદ્ધાર્થને દૂધની જરૂર હતી. શ્રી નંદુભાઈએ ટ્રેનમાંથી ઊતરીને થોડે દૂર ક્વાર્ટરમાંથી દૂધ લીધું અને ગરમ કરાવવા રહ્યા ત્યાં ટ્રેન ઊપડી. નંદુભાઈએ દૂધ લોટામાં રેડી ટ્રેન પકડવા દોટ મૂકી. ટ્રેનની સામેની દિશામાં હતા એટલે ચાલતી ટ્રેનમાં દોડીને ચડી ગયા ! આવાં સાહસો તેમણે ઘણી વાર કર્યાં હતાં.

આમ, શ્રી નંદુભાઈ સાબરમતી આશ્રમ છોડી તા. ૭-૩-૧૯૪૨ના રોજ  ત્રિચિ અને કુંભકોણમ્ ગયા અને બન્ને પેઢીઓને ફરીથી શરૂ કરી ત્યાં સુવ્યવસ્થા ઊભી કરી. આ રીતે શ્રી નંદુભાઈએ વેપારમાંથી નિવૃત્તિ લઈ લીધી હોવા છતાં શ્રીમોટાના કહેવાથી પોતાનો પેઢી પ્રત્યેનો ધર્મ પ્રેમથી બજાવ્યો એ પણ પ્રભુભક્તિ જ હતી. શ્રી નંદુભાઈનું ફરી ત્યાં આવવાથી પેઢીનો સ્ટાફ ખૂબ જ ખુશ થયો. શ્રી નંદુભાઈનું સ્ટાફ પ્રત્યેનું વર્તન એવું પ્રેમાળ હતું.

## કિરાપટ્ટી નિવાસ

આ રીતે બન્ને પેઢીઓ પહેલાંની માફક શરૂ થઈ ગઈ. ૧૪ જુલાઈ, ૧૯૪૨ના દિવસે કૉંગ્રેસ વર્કિંગ કમિટીએ અંગ્રેજોને તરત દેશ છોડવાનો ઠરાવ પસાર કર્યો. ૮મી ઑગસ્ટે મહાત્મા ગાંધીએ 'કરો યા મરો'નો નારો આપી, ભારત છોડો આંદોલનના શ્રીગણેશ કર્યા.

પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને ચેતવ્યા કે 'ભારત છોડો આંદોલનને લીધે તમને બધાંને બ્રિટિશ સરકાર ફરીથી પકડી લેશે. માટે, તમે એકાંતમાં ચાલ્યા જાઓ.'

## કિરાપટ્ટીમાં નિવાસ - સાડા ત્રણ વર્ષ

પૂજ્ય શ્રીમોટાની સલાહથી શ્રી નંદુભાઈ પેઢીઓ છોડી ત્રિચિથી થોડે દૂર કિરાપટ્ટી નામનું ખ્રિસ્તી લોકોની વસ્તીવાળું એક પરું આવેલું છે, ત્યાં ૧૯૪૧માં લીધેલા એક નાના મકાનમાં કાંતાબા અને બાળક સિદ્ધાર્થ સાથે રહેવા લાગ્યા. આ મકાનનું નામ 'પ્રેમકુંજ' રાખવામાં આવ્યું. અહીં તેઓ ૧૯૪૬ સુધી રહ્યા. ત્રિચિથી નજીક હોવાથી જેઠીબા અને શ્રી ગોપાલમામા, કિરાપટ્ટી આવતાં જતાં. આ સમય દરમિયાન ૧૯૪૨ની ચળવળના ભાગેડુ

માણસ તરીકે જાહેર થયેલા શ્રી નાનુભાઈ - નિત્યાનંદ ભટ્ટ તથા શ્રી હેમંતભાઈ પણ કિરાપટ્ટીમાં શ્રી નંદુભાઈને ઘેર રહેતા હતા. શ્રી નાનુભાઈ ૧૯૪૩ થી ૧૯૪૬ સુધી અહીં રહ્યા હતા. શ્રીમોટાએ તેમને ૧૯૪૪માં મૌનમાં બેસાડ્યા હતા. આ ગુપ્તવાસ દરમિયાન શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાની ગઝલોની નકલ કરવાનું કામ કર્યું અને નાનુભાઈ પાસે પણ કરાવતા.

('જીવનસ્ફુલિંગ', પ્રથમ આ., પૃ.૨૧૦)

## પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનો પ્રથમ સ્પર્શ

શ્રી નંદુભાઈ કિરાપટ્ટી નિવાસ દરમિયાન પૂજ્ય શ્રીમોટાની ગઝલો અને અન્ય લખાણો ઉતારવાનું કામ કરવા લાગ્યા. આ પહેલાં ક્યારેય તેઓ પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના પરિચયમાં આવ્યા ન હતા. અહીં તેઓ પૂજ્ય શ્રીમોટાનાં લખાણો વાંચતા અને ઉતારતા. આ લખાણો તેમને હૈયે ઠર્યાં. અક્ષરદેહના સત્સંગથી આનંદ, જ્ઞાન, સમજ અને પ્રેમ પ્રગટ્યાં અને સાધના સારુ જરૂરી વાતાવરણ મળતાં સાધના પણ થતી રહી, તેમની બુદ્ધિની સૂક્ષ્મતા પણ વધતી રહી. ગઝલોના વાંચન અને ઉતારાથી ભાવ ઊપજ્યો, ઠર્યો ને વ્યાપ્યો. કિરાપટ્ટી નિવાસના સાડા ત્રણ વર્ષનો ગાળો ચિરસ્મરણીય થઈ રહ્યો. જો સાબરમતી આશ્રમે જ રહેવાનું થયું હોત તો આ ભાવ ના ઠરત.

પૂજ્ય શ્રીમોટા ૧૯૪૨ પછી દક્ષિણમાં વધારે સમય રહેવા લાગ્યા હતા. દરેક વર્ષનો વધારે ગાળો શ્રીમોટા શ્રી નંદુભાઈને સાધના કરાવવા તેમની સાથે રહેતા. બાકીનો સમય તેઓ કરાંચી, ગુજરાત અને મુંબઈમાં આવતા જતા. સુરત અને નડિયાદ આશ્રમ અસ્તિત્વમાં આવ્યા પછી શ્રીમોટાનું વધારે સમય ગુજરાત અને મુંબઈમાં રહેવાનું થતું.

## ૧૯૪૨માં મુંબઈમાં ફાળો ઉઘરાવતા શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા પણ કરાંચીથી સિંધિયાના વહાણ દ્વારા મુંબઈ આવ્યા અને મુંબઈથી સીધા ત્રિચિ-કિરાપટ્ટી આવ્યા. અહીં તેઓ સપ્ટેમ્બર અને ઑક્ટોબર એમ બે મહિના શ્રી નંદુભાઈ સાથે રહ્યા.

કિરાપટ્ટીમાં ઑક્ટોબર, ૧૯૪૨ની એક રાત્રે પૂજ્ય શ્રીમોટાના ગુરુમહારાજે શ્રીમોટાને કહ્યું, 'સાલા, તું પડી શું રહ્યો છે ? ગુજરાતમાં આટલાં બધાં છોકરાં ભૂખે મરે છે. આશ્રમની છોકરીઓ ભૂખે મરે છે. ખાવાનું કંઈ છે નહિ. ગાંધીજીના આશ્રમમાં પણ પૈસા નથી. તું જા...' તરત જ બીજે દિવસે સવારે શ્રીમોટા નીકળી ગયા. મદ્રાસ આવીને મુંબઈ આવ્યા.

શ્રીમોટાએ મુંબઈમાં ઑક્ટોબરથી ડિસેમ્બર સુધી ફાળો ઉઘરાવ્યો. આ દરમિયાન શ્રીમોટા મુંબઈથી કાંતાબા અને શ્રી નંદુભાઈને નીચે મુજબ પત્રો લખતા રહ્યા હતા.

## પોંડિચેરી આશ્રમમાં જોડાવાનો વિચાર

દક્ષિણમાં રહેવા આવ્યા પછી શ્રી નંદુભાઈનું પોંડિચેરી શ્રીઅરવિંદ આશ્રમનું આકર્ષણ ઓછું થયું ન હતું. આ દરમિયાન તેઓ દર વર્ષે પોંડિચેરી જઈ આવતા. શ્રીઅરવિંદ આશ્રમ જવું કે શ્રીમોટા સાથે રહેવું એ દર વર્ષે નક્કી કરતા.

આ બાબતે પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને લખ્યું કે —

હરિઃૐ તા. ૨-૧૨-૧૯૪૨

ખાર

જત, તમે પૂજ્ય માતાજી સાથે જોડાવાના જે વિચારો કરેલા, તેમાં આપણી જાતનું જે પૃથક્કરણ કરવું જોઈએ, તે તમે પૂરું કર્યું

નથી. તે શક્તિ શું સ્વભાવને જીરવ્યા વિના આપણને સ્પર્શ કરી શકશે ખરી કે ? સ્વભાવ કે પ્રકૃતિને સંયમમાં પ્રગટાવવાનું સાધનામાર્ગનું તો તે કર્મ છે. ત્યાં પણ આપણી ઇંદ્રિયોનાં રસ, મન, બુદ્ધિ, પ્રાણ અને અહમ્ - એનાથી બનેલા સ્વભાવની ઉપરવટ થવાપણું રહેલું છે.

જો ત્યાં જવાનું હોય તો ત્યાં પણ તેમનામાં પ્રેમભાવથી એકરસ થઈ જવાપણું રહે છે. ત્યાં પણ સર્વ પ્રકારનું જ્ઞાનભક્તિપૂર્વકનું સમર્પણ કરી દેવાનું હોય છે. વળી, ત્યાં પતિપત્નીએ સાથે રહેવાનું તો હોતું નથી. છૈયાંછોકરાંને પણ સાથે રાખવાનાં હોતાં નથી. ત્યાં પણ આપણા મનનું કહ્યું કરવાનું હોતું નથી. તેમ જ આપણા સ્વભાવ પ્રમાણે વર્તવાનું હોતું નથી. ઇંદ્રિયોના રસમાં ક્યાંયે ફસાઈ જવાનું હોતું નથી. એમની પાસે જવાનું હોત તોપણ ઉપરના નિર્ણય ઉપર આપણે આવવાનું બન્યું હોત. **જો ત્યાંના સાધકો એમ માનતા હોય કે અમે તો માને શરણે ગયા છીએ અને 'મા' બધું અમારે માટે કરશે તો તે મિથ્યા હકીકત છે. 'શરણે ગયા છીએ' એવું માત્ર બોલવાથી 'શરણે' જઈ શકાયું હોતું નથી.** એટલે કોઈનું કહેલું આપણે આપણામાં યોગ્ય રીતે પ્રગટાવવું હોય તો તેનામાં હૃદયપૂર્વકની એકતા પ્રગટે તો જ તેમ બની શકે.

જો અહીં તેમ વર્તી નથી શકાતું તો ત્યાં કેવી રીતે વર્તી શકાવાનું છે ? તેનો ખ્યાલ કરજો. તેથી ત્યાં ન જાઓ, એવું મારું કહેવું નથી. ત્યાં જવાથી કલ્યાણ થતું હોય તો જરૂર જાઓ. મારે તો કશો ભેદ નથી. **સાધનાની ઉચ્ચતર કક્ષાઓ વટાવ્યા પછી નામરૂપનો લય થઈ જતો હોય છે.**

શ્રીઅરવિંદે તેમની પત્નીને લખેલા કાગળો તમે વાંચ્યા છે ? તે કાગળો તમે ફરી વાંચી જજો. તો આપણને આ દિશાનું સાચું જ્ઞાન પ્રગટશે.

પોંડિચેરીમાં બધી લીલાલહેર છે અને ત્યાં મન ફાવે તેમ વર્તી શકાય છે, એમ માનવામાં નર્યું અજ્ઞાન રહેલું છે. 'ત્યાં નરી સરળતા છે અને જેમ જીવવું હોય તેમ જીવી શકાય છે.' એવી સમજણ હોય તો તે ખોટું છે. ત્યાં પણ તપ છે, ભક્તિ છે, કર્મયોગ છે અને પળેપળનો સમર્પણ યજ્ઞ છે.'

('જીવનમંથન', પાંચમી આ., પૃ. ૧૭૪ થી ૧૭૯)

૧૯૪૨-૪૩માં પૂજ્ય શ્રીમોટા, મુંબઈમાં ફાળો ઉઘરાવતા હતા ત્યારે એ સમયે પૂ. હેમંતદાદાનાં બહેન સુવર્ણકાંતા અને તેમના પતિ શ્રી પ્રતાપરાય દેસાઈએ શ્રી નંદુભાઈ, કાંતાબા અને શ્રી હેમંતદાદા સાથે પોંડિચેરી શ્રીઅરવિંદ અને તિરુવન્નમલઈમાં શ્રીરમણ મહર્ષિનાં દર્શને જવાનું ગોઠવ્યું હતું. ત્યાંથી પાછાં ફરતાં તેઓ ત્રિચિ આવ્યાં અને પૂજ્ય શ્રીમોટાને મળ્યાં હતાં.

• • •

# ૧૪. શ્રીમોટાનું પ્રોત્સાહન

(અનુષ્ટુપ)

તૂટી છો ભલે જાય છતાં તે વળતો નથી,
શી તેને નમતાં વાર યોગ્ય નિમિત્તમાં નથી,
જેવું નિમિત્ત તેવો તે લેતાં આકાર આવડે,
એના જેવો બીજો એવો નિષ્ણાત કોઈએ ન છે.

ઊર્ધ્વ માર્ગે જવાની છે, જેની તત્પરતા ઊંડી,
તેવાને ના મૂકી દે છે, કોઈ કાળેય તે કદી,
શી અડચણની વેળા ગૂંચવાયેલ ક્યાંક છે,
તે વેળાએ જ તો એવો સ્હાયે ધાયે જ ઊડીને.

(‘શ્રીસદ્‌ગુરુ’, ત્રીજી આ., પૃ. ૮૯, ૯૮)

શ્રી નંદુભાઈને શ્રીઅરવિંદના સાહિત્યમાં ખૂબ જ રસ હતો. એ સમયે પૂજ્ય શ્રીમોટાનું વધારે સાહિત્ય પ્રકાશિત થયું ન હતું. વળી, શ્રી નંદુભાઈને જે આધ્યાત્મિક માર્ગદર્શન જોઈતું હતું, તે શ્રીઅરવિંદના સાહિત્યમાંથી મળી રહેતું. શ્રીઅરવિંદના સાહિત્યમાં અને શ્રીમોટાના પત્રોનાં લખાણમાં ઘણું સામ્ય રહેતું. શ્રીમોટા તો કદીપણ ઉપદેશ આપતા નહિ, તેમની શિષ્યને ઘડવાની કાર્યપદ્ધતિ પ્રાયોગિક હતી. શ્રી નંદુભાઈને જે બૌદ્ધિક આધ્યાત્મિક સમજણની જરૂર હતી, તે શ્રીઅરવિંદના સાહિત્યમાંથી મળી રહેતી હતી. આથી, તેઓ પોંડિચેરીથી પ્રગટ થતું ત્રિમાસિક ‘દક્ષિણા’ સાબરમતી આશ્રમે પણ મંગાવતા. શ્રી નંદુભાઈએ, શ્રીઅરવિંદના સાહિત્યનો પુષ્કળ અભ્યાસ કર્યો હતો. આથી, તેઓ કહેતા, ‘આવું પૂજ્ય શ્રીમોટાએ તો વારંવાર લખ્યા કરેલું છે, માત્ર આપણી જ ખાટલે ખોડ છે.’

## શ્રીઅરવિંદના સાહિત્ય દ્વારા મને સમજશો

પૂજ્ય શ્રીમોટાએ તા. ૫-૧૨-૧૯૪૨ના ખારથી લખેલા એક પત્રમાં જણાવ્યું છે કે 'શ્રીઅરવિંદનાં દર્શને જવાનું દિલ થાય, એને હું અહોભાગ્ય ગણું છું. તમે જરૂર રજા મંગાવજો. એમનામાં આ જીવનો હૃદયનો પ્રેમભક્તિભાવ અને આદરભાવ જ્ઞાનભાવે પ્રગટેલો છે. ત્યાં જવાનું બને એ તો મને ઊલટું ઘણું ગમે છે. ત્યાં જવાથી કરી અને તેમના સાહિત્યનું વાંચન થવાથી, તમે બધાં ઊલટું મને સાચી રીતે અને વધારે સમજી શકવાનાં છો. **હરિ જ માત્ર સાચો છે, એ જ આપણા જીવનનું સર્વ કંઈ છે. એ જ આપણા જીવનનો સૂત્રધાર છે. એવા અનુભવો એના અસ્તિત્વની સાબિતી આપતા રહે છે. તેથી, અનુભવને સાચો ગુરુ અને સાચું જ્ઞાન કહેલું છે.'**

('જીવનમંથન', પાંચમી આ., પૃ. ૧૯૭)

પૂજ્ય શ્રીમોટા પણ કહેતા કે, 'સાધના કરનાર પ્રત્યેક સાધકે તેનો (શ્રીઅરવિંદના સાહિત્યનો) કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ એવો મારો મત છે. આધ્યાત્મિક ક્ષેત્રનું એવું મહત્ત્વપૂર્ણ લખાણ હજુ સુધી ગુજરાતી સાહિત્યમાં સંપૂર્ણ રીતે કેળવાયેલું નથી. સાધકને તે ઘણું ઉપયોગી નીવડે તેવું છે.' **તેઓ શ્રીઅરવિંદનું 'મા'* પુસ્તક વાંચવાની સલાહ આપતા.**

શ્રીમોટા, શ્રી નંદુભાઈ તથા શ્રી હેમંતભાઈને શ્રીઅરવિંદ આશ્રમમાં જઈને 'આપણી' સાધનાની રીત તથા તેની સમજણનો પ્રકાર ને ત્યાંની (શ્રીઅરવિંદ આશ્રમ) જીવનની સાધનાની રીત ને સમજણ એ બન્નેમાં શો તફાવત હોઈ શકે વગેરે બાબતમાં જાણવાનું મળી શકે તો તે જાણી લાવવાનું કહેતા.

---

* 'મા'નાં વિવિધ સ્વરૂપો - મહેશ્વરી, મહાકાલી, મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને એ સૌનું એક સ્વરૂપ-મહાશક્તિ વિશેનું પુસ્તક.

## પોંડિચેરી આશ્રમમાં રહેવાને માર્ગદર્શન
## તા. ૧૭-૧-૧૯૪૩ નવસારી

પોંડિચેરી જવાના છો તો ત્યાં ૧૫ દિવસ વહેલા જવું. ત્યાં બધો સમય ભાવનાથી ગાળવો. એકાગ્રતાથી ગાળવો. નકામી નકામી ચર્ચાના ચૂંથણામાં ન પડવું. ખુલ્લા થવું અને ખુલ્લા રહેવું. સાચી સમજણ સ્વીકારવાને તત્પર રહેવું. ત્યાં રહેવાય તેટલા દિવસ ખૂબ ખૂબ આનંદમાં, પ્રસન્નતામાં અને તે વાતાવરણમાં હ્રદયસ્થ ખૂબ ખૂબ લાભ લેવાય તેમ જાગૃતિપૂર્વક, જ્ઞાનભક્તિપૂર્વક રહેવું.

## બાળકોને શ્રીઅરવિંદનાં દર્શનની અનુમતિની
## સિદ્ધાર્થથી શરૂઆત

હવે, ખાસ, શ્રીઅરવિંદનાં દર્શને સિદ્ધાર્થને લઈ જવાનો છે, તે નક્કી. બાળકને તેમનાં દર્શન નથી કરવાં દેતાં, તે હકીકત ભલે સાચી હોય, કિંતુ આપણે તો હકીકતની મર્યાદાને પણ ઓળંગી જવું છે.

## દર્શન પહેલાં કેળવવાની ભાવના

દર્શનસમય પહેલાં, ભાવનાથી કોઈ એક પ્રાર્થનાના ભાવ સાથે એકાગ્રતા કેળવવી. દર્શનની પળે પણ તેવી એકાગ્રતા સાથે તેવી પ્રાર્થના ભાવપૂર્વક કરવી. લાઇનમાં પોતાને જ્યાં ઊભા રહેવાનું આવે, ત્યાં દૂરથી ત્રાટકના એકાગ્રભાવ સાથે હ્રદયસ્થભાવને પ્રેરી પ્રેરીને એમની સાથે જ્ઞાનભક્તિપૂર્વકનું તાદાત્મ્ય હ્રદય હ્રદયથી સંધાયા જાય એમ પ્રવર્તવું. આવું કંઈ એકદમ નહિ બને અને આપણે દર્શન પહેલાંના ૧૫-૨૦ દિવસના ગાળામાં ભાવનાને એકાગ્ર અને કેંદ્રિતપણે રાખી રાખીને, દઢાવી દઢાવીને આપણે વર્તવાનું છે, તે લક્ષમાં રાખશોજી. ત્યાંના વાતાવરણનો સૂક્ષ્મ

ભાવ શાહીચૂસની જેમ ચૂસી લેવાને માટે હૃદયથી સ્વીકારાત્મક બનવાનું છે, તે જાણશો. તેઓશ્રીનાં દર્શન કરવાંનો પ્રત્યક્ષ સમય આવે, તે પહેલાં આપણા મનની સ્થિતિ ધ્યાનની મધ્યસ્થ વેળાએ જેવી રહે તેવી કરવાની છે. પહેલેથી કશા વિચાર ન કરવા કે ન ઉદ્ભવવા દેવા. તે સમયે આમ કરીશ કે તેમ કરીશ, એવું કશા પરત્વે દ્વિધાપણું ન થવા દેવું, ભાવથી ભાવમાં એકાગ્રતા અને કેંદ્રિતતા થાય તો આમાંનું કશું ન ઉદ્ભવતાં આપમેળે તે ભાવમાં જરૂર રહી શકાય છે.

## દર્શન પછીના સમયમાં

દર્શન પછીનો સમય કોઈ એકાંત સ્થળે જઈને ધ્યાનમાં ગાળવાનો હોય. દર્શન પછી કોઈની સાથે હળવું, ભળવું, મળવું નહિ. દરિયાકિનારે કોઈ સુંદર એકાંત સ્થળે જઈ, યા જ્યાં મુદ્દલે કોઈની અવરજવર ન હોય ત્યાં જઈ ધ્યાનાદિમાં ગાળવો. દર્શનથી પ્રગટતી અસરનો આવો રચનાત્મક જ્ઞાનપૂર્વકનો ઉપયોગ કરવો તે આપણા કાજે ઉત્તમ છે.

તે ગાળામાં તમારે મને ત્યાંથી કાગળ ન લખવો. કાગળ લખવામાં સમય જતો ન રહે અને તે સમયનો બને તેટલો વધારે જ્ઞાનભક્તિપૂર્વકનો સદુપયોગ થયા કરે તે ઉત્તમ. બાળકને પણ ત્યાં લઈ જઈને એકાદ દિવસ તમારે બેસી જોવું. તે બેસી શકતો હોય તો ઉત્તમ. પ્રયત્ન અને પ્રયોગ બન્ને કરી જોશો.

(‘જીવનમંથન’, પાંચમી આ., પૃ. ૨૬૭ થી ૨૬૯)

તમે બધાં જીવનમાં એક પ્રકારનું કમાવાને માટે તે તીર્થમાં જઈ રહેલાં છો અને ત્યાં જતાં પહેલાં તમને બધાંને મળી લઉં, અંતરથી જોઈ લઉં, ભેટી લઉં અને પછી બસ તમે જાઓ, એવું દિલમાં થયું એટલે જ ત્યાં વહેલા આવવાનું મન થયા કરે છે.

ક્યારે બધું ફગાવીને ત્યાં આવતો રહું, એમ પણ થયા કરે છે, પરંતુ જીવનમાં જે જે કંઈ મળતું હોય તેનો તેનો પણ અર્થ છે. એટલે કશું નકારાય નહિ.

('જીવનમંથન', પાંચમી આ., પૃ. ૨૭૯-૮૦, ૨૮૧).

હરિઃૐ તા. ૧૨-૨-૧૯૪૩

ત્રિચિ

શ્રીઅરવિંદનાં દર્શન કરવાંની બાબાને રજા મળી તેથી ઘણો ઘણો આનંદ થયો. 'તમે રજા નહિ મળે' એમ જ કહેતા હતા, પણ ભગવાનની કૃપાશક્તિ ન્યારી છે. આ હૃદયની પ્રાર્થના ભગવાને કૃપા કરીને ફળાવી, તે એક નોંધવા જેવી હકીકત છે.

('જીવનમંથન', પાંચમી આ., પૃ. ૩૧૧)

## પૂજ્ય માતાજી અને શ્રીરમણ મહર્ષિમાં પૂજ્ય શ્રીમોટાનાં દર્શન

હરિઃૐ તા. ૨૪-૨-૧૯૪૩

કુંભકોણમ્

આ જીવનાં તમને પૂજ્ય માતાજીમાં અને પૂજ્ય રમણ મહર્ષિમાં દર્શન થયાં તેથી શું વળે ? તમને તેથી જો મારા કહેવા-કરવામાં અને તે પ્રમાણે જીવન ગાળવામાં જીવતોજાગતો ઉત્સાહ, નદીના પ્રવાહના જેવો ન રહ્યા કરતો હોય તો તે બધું, એટલે કે તેવાં દર્શન થવાં મારે મન તો મિથ્યા જેવાં છે.

('જીવનમંથન', પાંચમી આ., પૃ. ૩૫૧)

• • •

# ૧૫. કિરાપટ્ટીમાં

## કિરાપટ્ટીમાં મૌન સાધનાની શરૂઆત

ફાળો ઉઘરાવવાનું કામ પૂરું કરી ફરી શ્રીમોટા ફેબ્રુઆરીથી એપ્રિલ, ૧૯૪૩માં ત્રિચિ, કુંભકોણમ્ અને કિરાપટ્ટી આવી રહ્યા અને શ્રી નંદુભાઈની મૌન સાધનાની શરૂઆત થઈ. ઘરના એક રૂમનાં બારીબારણાં બંધ રાખવાનાં. શૌચ-પેશાબ બધું રૂમની અંદર જ કરવાનું. કોઈનું મોં જોવાનું નહિ. બહુ નાનો ઓરડો હતો. શરૂઆત સાત દિવસથી કરી હતી. કિરાપટ્ટીમાં વધારેમાં વધારે ૨૧ દિવસનું મૌન લીધું હતું. એક મૌન દરમિયાન ધ્યાનમાં મૃત્યુનો અનુભવ પણ થયો હતો.

કાંતાબહેનનું પ્રથમ અનુષ્ઠાન સપ્ટેમ્બર, ૧૯૪૨માં અહીં જ થયું. મૌનરૂમમાં કાંતાબહેન મોટેથી બૂમો મારતાં જે દૂર સુધી સંભળાતી અને સાથે સાથે તેઓનું ધૂણવાનું પણ થતું. આથી, બાળ સિદ્ધાર્થને નોકર સાથે દૂર મોકલી આપવો પડતો.

## કાંતાબહેનના ૨૧ દિવસના મૌનમાં ઉજાગરા અને આરતી

સદ્ગુરુનું ચેતન આપણા આધારમાં કદીક એવા અણધાર્યા પ્રસંગોએ કામ કરતું ચોક્કસપણે અનુભવાય છે, તે હકીકત સાચી છે, જેમ કે કાંતાબહેનને 'પ્રેમકુંજ'માં ૨૧ દિવસના સતત અખંડ ઉજાગરા કરાવવાનું બન્યું હતું.

કાંતાબહેન દિવસના બધું રોજનું કામ કરતાં, બપોરે થોડો આરામ કરવાનો ને આખી રાત જાગતા રહીને અંધારા ઓરડામાં આંટા મારતાં મારતાં મોટેથી, ધીમેથી **હરિઃૐ**નો જાપ કરતાં. શ્રીમોટા ને બીજા કોઈ સભ્યો ત્યાં સૂઈ ન રહે. જોકે શ્રીમોટા

કાંતાબહેનને નામસ્મરણમાં સાથ આપતા રહે જાગ્રત રહીને, મૌન પાળીને કે એવી રીતે સૂક્ષ્મપણે. **એકવાર નામસ્મરણમાં કંટાળો આવતો હતો ત્યારે કાંતાબહેને પૂજ્ય શ્રીમોટાને ચિઠ્ઠી લખી કે 'જય જગદીશ હરે..' આરતી જેવી પ્રાર્થના લખી આપો તો તે ગાઈ શકાય. એટલે શ્રીમોટાએ તે જ સમયે હાલ જે આપણે સૌ 'ૐ શરણ ચરણ લેજો..' ગાઈએ છીએ તે આરતી - પ્રાર્થના લખી આપી.**

એક રાતે કાંતાબહેન હરિઃૐ રટતાં રટતાં આંટા મારી રહ્યાં હતાં, રાતનો સમય ઠીક ઠીક એવો પસાર થઈ ગયો હતો. સર્વત્ર શાંતિ પથરાયેલી હતી. શ્રીમોટા એક બાજુએ આડા પડેલા. તેઓ નિદ્રાધીન હોઈ તેમનાં નસકોરાંનો અવાજ આવવા લાગ્યો. તેથી, કાંતાબહેનને થયું કે 'શ્રીમોટા સૂઈ ગયા છે. લાવ જરા નીચે બેસીને થોડો આરામ કરી લઉં !' જેવાં એ નીચે બેઠાં કે શ્રીમોટાનો મૃદુ અવાજ આવ્યો, 'કાંતા, ચાલુ રાખો બા.'

'કેમ તમે ઊંઘી ગયા હતાને, ક્યાંથી જાગ્યા ?' કાંતાબહેને સાશ્ચર્ય પૂછ્યું.

'અરે કાંતા ! તને જાગતી રાખીને હું ઊંઘતો હોઈશ ?' શ્રીમોટાના પ્રેમ અને વાત્સલ્યપૂર્ણ બોલે કાંતાબહેન સ્ફૂર્તિમાં આવી ગયાં ને નામસ્મરણ ચાલુ રાખ્યું. આ રીતે તેમણે અનુષ્ઠાન પૂરું કર્યું, પણ કાંતાબહેન કહેતાં, 'મારી પોતાની શક્તિને કારણે જો હું એટલા બધા દિવસ જાગી શકી હોત, તો તો જીવનનો પલટો ક્યારનોય થઈ ગયો હોત, પરંતુ તેમ તો નથી થયું. આ તો પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિને કારણે તેમ થયું હતું.'

## અભયની કેળવણી

શ્રી નંદુભાઈ કિરાપટ્ટીમાં રહેતા ત્યારે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. તેમના ઘરની બાજુમાં જ લશ્કરની છાવણી હતી. શ્રીમોટા

અડધી રાતે કાંતાબાને કહે, 'કાંતાબા, જાઓ દૂર દૂર નળ છે ત્યાંથી પાણી ભરી લાવો જોઈએ.' અને શ્રી નંદુભાઈને કહે, 'તેને ખબર ના પડે તેમ તમે સંતાતાં સંતાતાં પાછળ જજો.' આમ, કાંતાબહેન તો પાણી ભરી લાવ્યાં. કાંતાબહેનને શ્રીમોટા ઉપર એટલી શ્રદ્ધા કે મોટા હોય એટલે કાંઈ મુશ્કેલી ના આવે, શ્રીમોટા સમર્થ છે. આ રીતે શ્રીમોટા અભયની કેળવણી આપતા. ફરી પાછા શ્રીમોટા સપ્ટેમ્બરથી નવેમ્બર, ૧૯૪૩માં કિરાપટ્ટી આવી રહ્યા હતા.

## પૂજ્ય શ્રીમોટાનો શ્રી નંદુભાઈના કુટુંબને સ્પર્શ

એક વખત અચાનક શ્રી નંદુભાઈને શ્રીમોટાએ પૂછ્યું, 'તમે બાને વર્ષે દિવસે કશું આપો છો ?' શ્રી નંદુભાઈ કહે, 'બાને શું આપવાનું હોય. મારા મોટા ભાઈ વાડીભાઈને ત્યાં રહે છે. એમની ત્યાં બધી સંભાળ લેવાય છે, તો પછી બીજી શી જરૂર ?' શ્રીમોટા કહે, 'તમે તમારી બૈરીને આપો છો ?'

શ્રી નંદુભાઈએ હા કહી. તો તરત શ્રીમોટા બોલ્યા, 'તો એને પૈસાની શી જરૂર છે ? એ તમારી સાથે છે. એને પણ એની જરૂરિયાત માટે બધું મળે છે, તો પછી એને પૈસાની જરૂર શી ? જેમ બાને જરૂર શી તેમ બૈરીને પણ જરૂર શી ?' શ્રી નંદુભાઈને થયું વાત સાચી છે. પછી એમણે વિચાર્યું કે શું કરવું ? એટલે દર વર્ષે પાંચસો રૂપિયા બાને આપવાનું નક્કી કર્યું. આજની સરખામણીએ તો એ વખતે રૂપિયાની ખરીદશક્તિ ઘણી હતી. બીજા ભાઈઓએ પણ પાંચસો રૂપિયા આપવાનું નક્કી કર્યું. પછી મોંઘવારી વધતી ગઈ અને દર વર્ષે એક હજાર આપવાના નક્કી કર્યા.

શ્રી નંદુભાઈ કહે, 'બા તો એની પાસેના પૈસા મંદિરમાં આપશે અને બીજે ગમે ત્યાં આપશે. એના કરતાં હું સારી જગાએ

આપું.' શ્રીમોટા કહે, **'તમે બાને રૂપિયા આપ્યા પછી એ દરિયામાં ફેંકી દે તોપણ તમારે જોવાનું નથી. તમે તો મા પ્રત્યેની તમારી ફરજથી આપ્યા પછી એ પૈસાનું માલિક કોણ ? એ કે તમે ? એને જે કરવું હોય તે કરે. એ પૈસા એના છે. તમે જે જગાએ આપો, એ એને માન્ય ન હોય !'**

૧૯૬૫માં બા માંદાં પડ્યાં અને એમની પાસે પંદર હજાર રૂપિયા હતા તે શ્રીમોટાને આપી દીધા. ત્યારે શ્રી નંદુભાઈના ભાઈઓને થયું કે બાને શ્રીમોટાએ પૈસા એટલે જ અપાવ્યા હતા, પરંતુ શ્રીમોટાએ તો એ પંદર હજાર બારડોલીમાં આદિવાસી કન્યાઓની આશ્રમશાળામાં આપી દીધા.

('શ્રીમોટા સાથે હિમાલયયાત્રા', બીજી આ., પૃ. ૨૪)

શ્રીમોટાની એમને ઘડવાની આ રીતથી આખા કુટુંબને ફાયદો થવા લાગ્યો. શ્રીમોટાએ પતિપત્ની, કુટુંબીઓને અંદરોઅંદર મનમેળ કરાવ્યો. બાળકોની સાથે એકરસ કરાવ્યા.

## ચમત્કાર કો નમસ્કાર

ભગવાન માનથી ફુલાતો નથી, હરખાતો નથી, અપમાન, અવમાનના કે ઓછા માનથી દ્વેષ પામતો નથી, દુભાતો નથી.

શ્રી ગોપાલદાસમામાને શ્રીનંદુભાઈ, શ્રીમોટા સાથે જોડાયા એ ગમ્યું નહિ. 'તમે નીકળ્યા ગાંધીજીના કામ માટે અને તમે શ્રીમોટા સાથે જોડાઈ ગયા. મંજીરા વગાડવા એ બરાબર નહિ.' એમ એ કહેતા, પણ શ્રી નંદુભાઈ તો મક્કમ હતા. શ્રી નંદુભાઈ તો પેઢીમાંથી નિવૃત્ત થવા માગતા હતા. પૈસાની એમને જરૂર ન હતી. એમની પાસે પૂરતા પૈસા હતા. મામાને એમ કે શ્રીમોટાની નજર શ્રી નંદુભાઈના પૈસા ઉપર છે. ૧૯૪૨માં મામા રોજ

ત્રિચિથી કિરાપટ્ટી આવે પણ શ્રીમોટા હોય એટલે એમની પાસે બેસે નહિ. શ્રીમોટા, મામાને જુએ એટલે શિષ્ટાચાર પ્રમાણે નમન કરે. ત્યારે મામા વ્યંગમાં શ્રીમોટા સાંભળે એમ બોલે કે 'નમન નમન મેં ફેર હૈ, બહુત નમે નાદાન, દગલબાજ દોઢા નમે, ચિત્તા ચોર કમાન.' આ સાંભળીને શ્રીમોટા તો હસે.

શ્રી નંદુભાઈના મામાના દીકરા શ્રી હસમુખભાઈ ઉર્ફે લાલાજીનાં લગ્ન ૧૯૪૪માં અમદાવાદમાં થયેલાં, એ પ્રસંગે મામાએ ત્રિચિમાં જમણવાર કર્યો હતો. રૂબરૂ આમંત્રણને બદલે કહેણ મોકલ્યું. શ્રીમોટા સિવાય બધાંએ જમવા જવાનું હતું. શ્રી નંદુભાઈએ શ્રીમોટા વગર જવાની અનિચ્છા બતાવી, પરંતુ શ્રીમોટા કહે, 'એ ચાલે નહિ. મારે કારણે તમારામાં મામા માટે મનની સહેજ પણ ઊણપ આવે, તો મને માથું કાપી નાખ્યા જેવું થાય. માટે, તમારે જવાનું અને હું પણ સાથે આવીશ. ભલેને ન નોતર્યા. હું તમારા ઘરમાં રહું છું અને આપણે સમજી લેવાનું કે સકુટુંબ આમંત્રણ આપ્યું છે.'

આ રીતે શ્રીમોટા પણ સાથે ગયા. ત્યાં કોઈએ આવકાર્યા નહિ કે કોઈએ વાત પણ ન કરી. એટલે ચૂપચાપ જમીને પાછા આવી ગયા. શ્રી નંદુભાઈને હવે લાગ્યું કે મામા હદ કરે છે. મામાને શ્રી નંદુભાઈ ઉપર પુત્ર કરતાં પણ વિશેષ પ્રેમ, વિશ્વાસ અને ભાવ હતો.

હસમુખભાઈનાં પત્નીને વાઈ આવતી. કુંભકોણમ્‌માં દવા કરાવી પણ મટ્યું નહિ. એટલે મામા કહે, 'મોટા, આમાં કંઈ કરી શકે ?' શ્રી નંદુભાઈએ શ્રીમોટાને વાત કરી એટલે શ્રીમોટા કહે, 'ઈશ્વરની કૃપા હોય તો થઈ શકે. મારામાં તો કાંઈ નથી.' મામા કહે, 'મોટાને અહીં મોકલો.'

શ્રીમોટા કહે, 'જુઓ મામા, ડૉક્ટરનું કામ હોય તો ડૉક્ટરને ત્યાં જાઓ છો કે નહિ ? જો તમારે મારી દવા કરાવવી હોય તો મારે ત્યાં કિરાપટ્ટી આવો. હું તમારે ત્યાં નહિ આવું. એ વાતાવરણમાં મારાથી કશું થશે નહિ.' મામાએ એમનાં દીકરા અને વહુને મોકલી આપ્યાં. પોતે જાતે મળવા પણ આવ્યા નહિ.

શ્રીમોટા પાસે આવ્યા પછી હસમુખભાઈનાં પત્નીને ફરી વાઈ આવી નહિ અને રોગ બિલકુલ મટી ગયો.

એ રીતે મામીને પણ વાઈ આવતી હતી. મામી એક મહિનો કિરાપટ્ટી રહ્યાં ને વાઈ મટી ગઈ. એ પછી બે વર્ષ વાઈ ના આવી.

આ ચમત્કારો જોયા પછી મામાનું વલણ એવું થઈ ગયું કે કોઈ પણ કામમાં શ્રી નંદુભાઈને પૂછવાને બદલે શ્રીમોટાને પૂછીને જ કામ કરે. ઘર ધોળાવવાનું હોય, છોકરાનો વિવાહ કરવાનો હોય, ધંધામાં સોદો કરવાનો હોય ત્યારે 'મોટા, તમારી શી સલાહ છે ?' એમ પૂછે.

તે જ મામા ૧૯૪૮માં ત્રિચિની પેઢીની ઑફિસના મુખ્ય ઓરડામાં મુખ્ય સ્થાને પૂજ્ય શ્રીમોટાનો ફોટો બિરાજાવે છે. એમનો આ ભાવ ૧૯૬૮ સુધી એમના મૃત્યુપર્યંત રહ્યો. એમનું મૃત્યુ પણ કોઈ જાતનું દુઃખ ભોગવ્યા વિના હરિઃૐના જાપ સાથે થયું.

('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૪૨ થી ૪૪)

• • •

# ૧૬. મૉન્ટેસોરી અભ્યાસ અને હિમાલયયાત્રા

પૂજ્ય શ્રીમોટા ૧૯૪૪ના જૂન, જુલાઈ, ઑગસ્ટ અને નવેમ્બર, ડિસેમ્બરમાં ત્રિચિમાં હતા. જેઠીબાની ઈચ્છા હિમાલય યાત્રા કરવાની હતી, પણ જેઠીબા જાણે કે નંદુભાઈને આમાં કશો રસ નથી. એ સમયે નંદુભાઈને પ્રાકૃતિક સૌંદર્ય વિશે કોઈ જ રુચિ ન હતી. બાએ પૂજ્ય શ્રીમોટાને વાત વાતમાં કહ્યું કે, 'મોટા, હિમાલયની યાત્રા થાય તો બહુ સારું !' શ્રીમોટાએ એ વાત પકડી લીધી. એક દિવસ શ્રીમોટાએ શ્રી નંદુભાઈને કહ્યું, 'આપણે હિમાલયની યાત્રાએ જવું છે.' શ્રી નંદુભાઈએ જવાની તૈયારી દર્શાવી ત્યારે શ્રીમોટાએ કહ્યું, આપણી સાથે બાને પણ લેવાની છે.' નંદુભાઈ કહે, 'ભલે.'

પછી શ્રીમોટા કહે, 'તમારે એક બાળક છે, તેને માટે શું વિચાર્યું છે ?' શ્રી નંદુભાઈ કહે, 'મેં તો કંઈ વિચાર્યું નથી.' શ્રીમોટા કહે, 'તો તમે બાળક ઉત્પન્ન કરો છો અને તેની જવાબદારીનો કોઈ ખ્યાલ નથી તમને ? બાળકની સાઈકૉલૉજી તમે જાણો છો ? બાળક સાથે કેમ વર્તવું એ જાણો છો ?' શ્રી નંદુભાઈ કહે, 'આમાંનું કશું જાણતો નથી.' શ્રીમોટા કહે, 'તમે અને તમારાં પત્ની અમદાવાદ જાઓ. વિદ્યાપીઠમાં એનો વર્ગ ચાલવાનો છે, એમાં અરજી કરીને દાખલ થઈ જાવ. ત્રણ મહિનાનો કોર્સ છે, તે પૂરો કરો. ભણવા જાવ. મૅડમ મૉન્ટેસોરી હિંદમાં આવેલાં છે અને તેમની શિબિર છે. તમારે પરીક્ષા આપવાની જરૂર નથી કે સર્ટિફિકેટની તમારે જરૂર નથી. જાણી લો એટલે બસ અને સાથે સાથે હિમાલયયાત્રાની તૈયારી કરી પાછાં આવજો.'

૪૦ વર્ષની ઉંમરે બાળમનોવિજ્ઞાન શીખ્યા. શ્રી નંદુભાઈને પહેલાં તો આ ઉંમરે ભણવા જવા માટે કચવાટ થયો હતો, પરંતુ ત્યાર પછી બાળમનોવિજ્ઞાનમાં રસ પડવા લાગ્યો. બાળક સાથે કેમ વર્તવું તે સમજણ પડવા લાગી, પણ તેમ છતાં પાછું એ પ્રમાણે વર્તાતું નહિ. સમજણ એક વસ્તુ છે અને વર્તવું તે જુદી વાત છે. શ્રી નંદુભાઈ અને કાંતાબા મૉન્ટેસોરીનો ત્રણ મહિનાનો કોર્સ કરી સાથે સાથે હિમાલયયાત્રાની તૈયારી પણ કરી લઈ, બાળકોનું મનોવિજ્ઞાન શીખીને ત્રિચિ પાછાં આવી ગયાં.

## હિમાલયયાત્રા

૧૯૪૫ના એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં બાવન દિવસની હિમાલયયાત્રા ત્રિચિથી અમદાવાદ આવીને શરૂ કરી. બધી તૈયારી તો મૉન્ટેસોરીના અભ્યાસ સમયે થઈ ગઈ હતી. લોકો સામાન્ય રીતે મે મહિનામાં હિમાલયયાત્રાએ નીકળતા હોય છે. એપ્રિલ મહિનામાં વહેલી શરૂઆત કરવાના ફાયદા એ કે ભીડ અને ગંદકી ના હોય અને ગેરફાયદો એ કે જરૂરી ચીજવસ્તુ મળવી થોડી મુશ્કેલ હોય.

શ્રીમોટા, ૬૦ વર્ષનાં જેઠીબા, કાંતાબા, પાંચ વર્ષનો સિદ્ધાર્થ અને શ્રી નંદુભાઈ - આમ પાંચ જણાં અમદાવાદથી દિલ્લી થઈ હરિદ્વાર ગયાં. ત્યાં થોડું રોકાઈ દેવપ્રયાગ સુધી બસમાં ગયાં અને ત્યાં એક મકાન ભાડેથી રાખી પાંચેક દિવસ રહ્યાં. દેવપ્રયાગથી જેઠીબા અને સિદ્ધાર્થ માટે ડોળી કરી અને બાકીનાં ત્રણ જણાં ચાલતાં નીકળ્યાં. એ માટે ચાર મજૂરો અને એક રસોઇઓ સાથે લીધા.

૧૯૪૫માં રૅશનિંગ ચાલે એટલે કૉલસા, ઘાસતેલ અને ખાંડ છૂટથી મળે નહિ. એટલે જે મળે એનાથી ચલાવી લેવાનું. બાર ફૂટ લાંબી અને આઠ ફૂટ પહોળી ચટ્ટીમાં રહેવાનું. ચટ્ટીનો માલિક સીધું આપે એ જ એની કમાણી. સૂવા માટે શેતરંજી અને એક ઓશીકું. જેઠીબા અને શ્રીમોટા માટે એક પાતળી ગોદડી. શ્રીમોટાને સવારે ચાર વાગ્યે ચા જોઈએ અને તેના માટે ઘાસતેલ હોય નહિ એટલે લાકડાંની વ્યવસ્થા કરી રાખવી પડે. પાંચ વાગ્યે યાત્રાએ ચાલવાનું શરૂ કરી દેવાનું. વહેલા ઊઠી ૧૧ વાગ્યા સુધી સળંગ ૧૦ માઈલ તો ચાલવાનું જ. શ્રીમોટા અને કાંતાબા આગળ પહોંચી રસોઈની તૈયારી કરી દે. રસોઈઓ એમની સાથે હોય એટલે એ રસોઈ કરાવી દે. પાછળ આવતાં બધાં માટે ગરમ પાણી નાહવા માટે તૈયાર રાખે. પછી ખાવામાં ફક્ત બટાકાનું શાક અને ભાખરી. નંદુભાઈને ત્રણ ચાર ભાખરી ભાગે આવે. ભૂખ બહુ લાગે એટલે એનાથી સંતોષ થાય નહિ. દૂધ નહિ અને ખાવાનું પણ આવું ! પૈસાનું પાકીટ શ્રીમોટા પાસે હોય. શ્રી નંદુભાઈને શ્રીમોટા સાથે સંબંધ થયાને પાંચ વર્ષ થયાં હતાં. એમને ગુરુશિષ્યનો ભાવ કેવો હોય એની જાગૃતિ હજુ ન હતી. એક મિત્ર તરીકેનો ભાવ હતો. શ્રી નંદુભાઈને શંકા પણ થતી કે ‘મોટા, ખાવામાં કરકસર કરી પૈસા બચાવે છે. એ પૈસા મોટા રાખી લેશે.’ શ્રી નંદુભાઈએ શ્રીમોટા પાસે ખાવા અંગે રજૂઆત કરી એટલે શ્રીમોટા એકદમ તાડૂક્યા અને પૈસાનું પાકીટ આઠ ફૂટ દૂરથી નંદુભાઈ તરફ ફેંક્યું અને બોલ્યા, ‘આ તમારું પાકીટ. હવે બધો હિસાબ તમે રાખજો. મારાથી આગળ જઈને તમારે જે રસોઈ કરાવવી હોય એ કરાવજો. મને પૂછશો નહિ. શ્રી નંદુભાઈ તો ડઘાઈ

ગયા અને શ્રીમોટાની માફી માગતા કહ્યું, 'આપ આ સ્વીકારો. હવે, હું એક અક્ષર પણ નહિ બોલું. તમે જેમ કહેશો એમ કરીશ.'

સિદ્ધાર્થને અમદાવાદથી નીકળ્યા ત્યારથી ઝાડા થયા હતા. તે દેવપ્રયાગ પહોંચ્યા ત્યાર પછી બંધ થયા હતા અને શ્રીમોટાને ઝાડા શરૂ થયા જે બાવન દિવસ ચાલુ રહ્યા.

સાથે જે બોજીઓ હતા એમાંથી એક નબળા બાંધાનો પાતળો એવો હતો. પાલખી ઉપાડવાથી તેના ખભે ચામડી છોલાઈ ગઈ. એ ઘા પડ્યો તેનું ડ્રેસિંગ યાત્રાએથી પાછાં ફર્યાં ત્યાં સુધી ચાલુ રાખ્યું અને ઘા મટાડ્યો. શ્રીમોટાએ તે બોજીને છૂટો કરવાની ના કહી હતી.

## આર્ત અને આર્દ્રભાવે પ્રાર્થના

હિમાલયયાત્રામાં આગળ જતાં મગ્ગુ નામનો પર્વત ચડવાનો આવે છે. એક કહેવત છે કે 'કાબુલ કી લડાઈ ઔર મગ્ગુ કી ચડાઈ'. આ ચઢાણને બે રસ્તા છે. એક અઘરો રસ્તો છે જેમાં એક જ દિવસમાં ચડી જવાય છે અને બીજો રસ્તો સહેલો છે તે લાંબો છે અને બે દિવસે ચડાય છે. રસ્તા બરફથી છવાયેલા હતા. વહેલા ગયા હોવાથી હજુ કેડી પડી ન હતી. શ્રીમોટાએ ટૂંકો પણ એક દિવસનો અઘરો રસ્તો પસંદ કર્યો. તેમાં વચ્ચે ચટ્ટી કે કશું પણ ન આવે. ચઢાણઉતરાણ કરતાં અઢાર માઈલનો રસ્તો હતો. સવારે પાંચ વાગ્યે નીકળે તો સાંજે છ વાગ્યે મુકામ ઉપર પહોંચાય. લગભગ બાર કલાક એકધારું ચાલવાનું.

શ્રીમોટા અને કાંતાબા આગળ નીકળ્યાં હતાં. કેડી ઉપર બરફ છવાયેલો હોવાથી રસ્તો લપસણો હતો. લગભગ સાડા ચારના સુમારે કાંતાબાનો પગ લપસ્યો અને દસ બાર ફૂટ નીચે જઈ પડ્યાં. વચ્ચે એક ઝાડ આવી ગયું ને બચી ગયાં. નહિતર

સીધા ખીણમાં પડત. ખીણ પચાસ ફૂટ ઊંડી હતી. જેઠીબાએ કાંતાબાને પાલખીમાં બેસવાનું કહ્યું અને તેઓને શ્રી નંદુભાઈએ પોતાની લાકડી આપી. પંદરેક ફૂટ આગળ ગયા હશે ત્યાં બરફમાં ઊભેલી પાંચ ફૂટ ઊંચી લાકડી દેખાઈ ! શ્રી નંદુભાઈને થયું કે 'ઈશ્વરની આ કેવી કૃપા કે મારા માટે લાકડી તૈયાર રાખી છે ?'

બરફમાં ચાલવાને લીધે બૂટનાં તળિયાં ઘસાઈ ગયાં હતાં એટલે બૂટ લપસતા હતા. એટલે શ્રી નંદુભાઈએ બૂટ કાઢી નાખ્યા. ગરમ મોજાં પહેર્યાં હતાં તે પણ ફાટી ગયાં.પાટાપિંડી કરીને ચાલવાનું શરૂ રાખ્યું. આ દરમિયાન વરસાદ શરૂ થઈ ગયો. શ્રીમોટા અને કાંતાબા મુકામે પહોંચી ગયેલાં સામે ઊભેલાં દેખાતાં હતાં. તેઓ હાથ હલાવીને 'આવો, આવો' એમ કહેતાં હતાં. અડધા કલાકમાં આ અંતર પૂરું ના થાય તો અંધારું થઈ જાય તેમ હતું. પછી તો આગળ વધી શકાય નહિ અને રાત કેવી રીતે કાઢવી ? આમ, શ્રી નંદુભાઈ મુંઝાયા. એ પળે એમણે પ્રભુને પ્રાર્થના કરી, 'હે ભગવાન ! તું અમારામાં ગમે તેમ શક્તિ મૂક અને અંધારું થતાં પહેલાં અમને મુકામે પહોંચાડ.' બા પણ ધીમે ધીમે ચાલી શકતાં હતાં. એ વખતે શ્રી નંદુભાઈથી કદી ન થઈ હોય એવી  પ્રાર્થના થઈ ! શ્રી નંદુભાઈને પ્રાર્થના કરવી ગમતી નહિ. ભગવાન પાસે માગવું એ ભિખારીવેડા જેવું લાગતું, પણ તે વખતે હૃદયથી જે પ્રાર્થના થઈ એ યાદ આવતાં પછીથી પણ શ્રી નંદુભાઈની આંખમાં આંસુ આવી જતાં ને એમ થતું કે 'ભગવાન, આવો દિવસ ફરી ક્યારેય ન આવે !'

**(આ પ્રસંગના આઠ વર્ષ પછી તા. ૨૦-૪-૧૯૫૩ના રોજ શ્રી નંદુભાઈ કુંભકોણમ્ આશ્રમમાં મૌનમાં બેઠેલા હતા ત્યારે નિવેદનમાં લખે છે કે** 'આપણી હિમાલયયાત્રા વેળાની મગ્ગુ

પર્વતની ચઢાઈ વેળા જે પ્રાર્થના મારાથી આર્ત અને આર્દ્ર ભાવે થયેલી તેનું મૂળ કાલે રાત્રે સમજાયું કે તે વેળા તેમ જે શક્ય બનેલું તેનું કારણ તેની પાછળ ભીતિ હતી. અનેક જાતની ભીતિઓ હતી. યાત્રા કથળશે, કંઈક અકસ્માત થશે, અણધારી વિકટ કંઈક નવી પરિસ્થિતિ ઉપસ્થિત થશે, આદિ એવા ડર તેની પાછળ ભૂમિકામાં હોવા જોઈએ. બીજી રીતે જોઈએ તો પ્રભુની મદદની ગરજ ત્યારે જાગેલી - ઉત્કટપણે - ગરજ જાગેલી ને તે ગરજ જાગવામાં ઉપરની ભીતિઓ કામ કરતી હોય. જ્યારે આ સાધનાપંથમાં જીવન વેડફાઈ જવાની ભીતિ કે માનવદેહ એળે જવાની ભીતિ તેના તાદૃશ્યપણામાં લાગી નથી, એટલે પ્રગટવી જોઈતી આર્તતા અને આર્દ્રતા પ્રગટતી નથી એમ લાગ્યું.'

ઈશ્વરની કૃપાથી અંધારું થતાં પહેલાં જ મુકામે પહોંચ્યાં પણ ચટ્ટી તો ખૂલી ન હતી અને તાળું મારેલું હતું. એટલે તાળું તોડી અંદર દાખલ થયા. બીજે દિવસે સવારે ચાલવાનું શરૂ કરી અગિયાર વાગ્યા સુધી ખાધા પીધા વગર ચાલ્યા રાખ્યું. આમ, ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ અને બદરીનાથ જઈ આવ્યાં. જેઠીબાની ઈચ્છા બદરીનારાયણ મંદિરમાં રાજભોગ કરાવવાની હતી. એ વખતે સાતસો પચાસ રૂપિયામાં રાજભોગ થતો. શ્રીમોટાને એમ કે આ રૂપિયા જેઠીબા ફેંકી દે છે ! આથી, શ્રીમોટાએ પ્રાર્થના કરી કે 'હે ભગવાન ! એવું કંઈ કરાવ, બાની અંધશ્રદ્ધા દૂર થાય' અને બન્યું પણ એમ જ કે જેઠીબાએ રાજભોગનો વિચાર પડતો મૂક્યો.

પાછાં ફરતાં શ્રીમોટાએ કાંતાબાને કહ્યું, 'મારે ઘી જોઈએ છે. લઈ આવ.' કાંતાબા કહે, 'પૈસા આપો, લઈ આવું.' શ્રીમોટા

કહે, 'પૈસા આપે તો સહુ લઈ આવે, પણ પૈસા વિના લાવે ત્યારે ખરું.' પછી કાંતાબા ભીખ માગીને ઘી લાવ્યાં. આમ, શ્રીમોટાએ એમનો સંકોચ ભાંગ્યો.

**યાત્રા બાવન દિવસ ચાલી. આ દરમિયાન પાંચસો વીસ માઈલ પગે ચાલીને યાત્રા કરી. છતાં બધાંનાં શરીરનાં વજન વધેલાં હતાં.** હરિદ્વાર પાછાં આવી યાત્રા પૂરી થઈ અને શ્રીમોટાએ પૈસાનું પાકીટ શ્રી નંદુભાઈને પાછું સોંપ્યું. શ્રીમોટા કહે, 'તમારું આરોગ્ય જળવાય અને બધાં હેમખેમ પાછાં ફરીએ એ જવાબદારી માટે હું તમને થોડું ઓછું ખાવાનું આપતો હતો.' પછી શ્રીમોટાએ કહ્યું, 'હવે તમારે જ્યાં ફરવું હોય ત્યાં ફરો. જે ખાવું હોય તે ખાઓ અને જેમ મોજ કરવી હોય તેમ કરો. હવે તમે છુટ્ટા. હવે તમે માંદા પડો તો તમારી જવાબદારી. તમને ખ્યાલ છે કે આપણે પાંચ માણસોમાં એક વૃદ્ધ અને એક બાળક છે. એમને લઈને હું નીકળ્યો છું. કોઈ માંદું પડે તો મારી પાસે કંઈ ડૉક્ટર હતા ? હું શું કરત ? વળી, આપણે એવી રીતે નીકળેલાં કે જ્યાં સાથ મળે નહિ. રસ્તામાં કોઈ મળે નહિ. ઝરણાંનું પાણી ભારે. એ પચે નહિ. ઘણાંખરાં લોકો હિમાલય જઈ આવ્યા પછી માંદા પડી જાય છે. ખાવામાં સંયમ ન રાખે. બહારનું આચરકૂચર ખાતા હોય. ગમે તેવું પાણી પીતા હોય. ઝરણાંનાં પાણી પચવામાં ભારે. એટલે દાળ ચડતી નથી. જો દાળ ચડતી ન હોય તો ખોરાક કેવી રીતે પચાવી શકે ?'

શ્રી નંદુભાઈ કહે, 'તમારે આ મને પહેલેથી સમજાવવું હતુંને !' શ્રીમોટા કહે, 'મારે શા માટે સમજાવવું પડે ? તમારી જાતે સમજી લેવાનું હોય અને સાંભળો ! હું તમને ક્યારેય કશી બાબતે સમજાવીશ નહિ. તમારે જાતે જ સમજી લેવાનું ! તમારે મને જે

પૂછવું હોય તે પૂછજો. એનો હું તમને જવાબ આપીશ, પણ ખુલાસાઓ નહિ, કેમ કે **ખુલાસા આપવાથી આપણને સમાધાન થાય છે એવું હોતું નથી. કંઈ પણ કશું પોતાની મેળે સમજાય એ સાચું. તમે પોતે શોધો એ તમારો સાચો ઉદ્યમ.**

હજી તમારી શરૂઆત છે. ગુરુમાં હજી તમારી શ્રદ્ધા તો છે નહિ. તમારી શ્રદ્ધા હોય તો ખુલાસાનો વાંધો નહિ, પણ એવી શ્રદ્ધા થવી મુશ્કેલ છે. એટલે તમારે પોતે જ ઉકેલ શોધવાનો હોય. મારી સાથે જે રહેતા હોય એ પૂછ્યા કરતા હોય કે 'આનું શું - આનું શું' એ મને ગમતું નથી. માટે, એવું પૂછવું પણ નહિ.'

ત્યારથી શ્રી નંદુભાઈએ નિશ્ચય કર્યો કે ક્યારેય કશું પૂછવું નહિ. સાધનામાં ઊઠતા પ્રશ્નોના જવાબ શ્રીમોટા આપતા પણ એમ કહેતા કે, 'તમારા મનમાં તુક્કા ઊઠે એના જવાબ આપવા હું બંધાયો નથી અને આમેય સાધના અંગેના પ્રશ્નોના ઉત્તરો પણ પોતે જ શોધવા મથવું જોઈએ.'

## 'શ્રીગંગાચરણે'ની રચના

બાવન દિવસની યાત્રા પૂરી કરી બધાં હરિદ્વાર પાછાં ફર્યાં. શ્રીમોટા કહે, 'એવી ધર્મશાળા શોધો કે જેનાં પગથિયાં પાસેથી ગંગાજી વહેતાં હોય.' એટલે એવી ધર્મશાળા શોધીને ત્યાં રહેવાં ગયાં. શ્રીમોટા, ગંગાકિનારાનાં પગથિયાં ઉપર બેઠા અને પગને ગંગાના પ્રવાહમાં રાખ્યા અને બોલ્યા, 'મારે અહીં ગંગાજીની સ્તુતિ કરવી છે.' એટલે શ્રી નંદુભાઈએ કાગળ અને પેનનો પ્રબંધ કર્યો. આ સ્થળે શ્રીમોટાએ એક જ બેઠકે સડસડાટ **'શ્રીગંગાચરણે'**ની રચના કરી.

('શ્રીમોટા સાથે હિમાલયયાત્રા', બીજી આ., પૃ. ૧૮ થી ૨૧)

## ‘મોટા’ સંબોધનની શરૂઆત

શ્રીમોટા હિમાલયથી પાછા ફર્યા ત્યારે વધેલા પૈસાનું પાકીટ શ્રી નંદુભાઈને પાછું આપતાં બોલ્યા ‘તમને એવો વિચાર આવેલો કે વધેલી રકમ મોટા રાખી લેશે ! એટલે એ બચાવી રહ્યા છે !’ શ્રીમોટાએ એ પૈસા પછી જેઠીબાના નામે શ્રી હેમંતભાઈના દાદા ‘મહીપતરામ રૂપરામ’ અનાથ આશ્રમ, અમદાવાદમાં દાનમાં આપી દેવડાવ્યા. ત્યારે શ્રી નંદુભાઈને થયું કે શ્રીમોટાએ કરકસર કરેલી તે પોતાના માટે ન હતી ! જેઠીબાએ આ જાણ્યું ત્યારે બાએ મોટાને કહ્યું, **‘તું મારો છઠ્ઠો દીકરો છે ! હું તને હવે ‘મોટા’ કહીને બોલાવીશ.’** ત્યાર પછી ચૂનીભાઈ સૌના ‘મોટા’ તરીકે ઓળખાવા લાગ્યા. શ્રી નંદુભાઈની જ્ઞાતિમાં લહાણ થઈ હોય અને પાંચ ભાઈઓનાં પાંચ વાસણ મળ્યાં હોય તો બા એમના આ છઠ્ઠા દીકરા શ્રીમોટા માટે બજારમાંથી એક વાસણ ખરીદીને શ્રીમોટાને આપે !

(‘શ્રીમોટા સાથે હિમાલયયાત્રા’, બીજી આ., પૃ. ૨૩)

## કર્મ પ્રત્યે વફાદારી

હિમાલયયાત્રા દરમિયાન એક પ્રસંગ બન્યો. એક વૃદ્ધ માણસ ઘોડા ઉપરથી પડી ગયો. શ્રીમોટા અને બીજા બધાં તો આગળ હતાં. શ્રી નંદુભાઈ સૌથી પાછળ બા સાથે રહેતા. એ લોકો મુકામે પહોંચી ગયાં. એ ડોસા ખીણમાં પડી ગયા તેની મદદે શ્રી નંદુભાઈ ગયા. બીજા લોકો પણ હતા. બધાંમાં આગળ પડતો ભાગ લેવો અને સિચ્યુએશન (પરિસ્થિતિ) હાથમાં લેવી, સંજોગોને પોતાને વશ - હાથમાં લઈ લેવા એ શ્રી નંદુભાઈની ખાસિયત હતી. એમની પાસે દવાની પેટી હતી અને એનો ઉપયોગ કર્યો. આમાં દોઢેક કલાક પસાર થઈ ગયો. આમ, પહોંચવામાં મોડું

થયું. શ્રીમોટા કહે, 'કેમ મોડા આવ્યા ?' શ્રી નંદુભાઈએ બધી વાત કરી. શ્રીમોટા કહે, 'તમે એકલા હોત અને આ કર્યું હોત તો વાંધો ન હતો. બીજા લોકો ત્યાં હતા. બીજા લોકો મદદ કરવા ધસી પણ આવ્યા હતા, પણ તમને જે આગળ પડીને ભાગ લેવા - કરવાનો જે શોખ છે, મોહ છે તેને કારણે તમે ત્યાં રોકાયા અને અહીં અમારી શી સ્થિતિ થઈ હશે તેનો ખ્યાલ છે તમને ? એ દોઢ બે કલાક શું થયું હશે ? અમને થાય કે કેમનું થયું ? પડી ગયા ? અમને તો ચિંતાનો પાર ના રહ્યો. તમને જવાબદારીનો ખ્યાલ ના રહ્યો કે હું એકલો નથી. કુટુંબ સાથે છું.' કોઈની મદદે જવું એ તો ઘણું સારું છે, પણ તમે એ દૃષ્ટિથી ગયા નથી. તમે તો આગળ પડતો ભાગ લઈને આગેવાની કરવા ગયા હતા. એની સામે મારો વાંધો છે.'

આવું બધું એ વખતે શ્રી નંદુભાઈને સમજાયું નહિ, પણ પછીથી સમજાયું કે **જ્યારે એક જવાબદારી સ્વીકારી લીધી હોય ત્યારે બીજી જવાબદારી સ્વીકારાય નહિ.** શ્રીમોટાએ પ્રત્યક્ષ દાખલો પોતાના જીવનમાં બતાવ્યો છે. સૂરજબાનાં મૃત્યુ સમયે તેઓ બનારસમાં પરસદભાઈ બાપુની બે દીકરીઓને સાચવવા રહેલા તે પ્રસંગ. (આ પ્રસંગ 'જીવનદર્શન', આઠમી આવૃત્તિ, પૃ. ૩૬૬-૩૬૭માં છે.)

શ્રીમોટા સાથે હિમાલયયાત્રાના ફળસ્વરૂપ શ્રી નંદુભાઈને શ્રીમોટાના તાદાત્મ્યભાવના અનુભવો થયા, શ્રીમોટાને પૈસાની આસક્તિ નથી એ અનુભવાયું, કાંતાબાને ઘીની ભિક્ષા માગી લાવવાનો સંકોચ દૂર થયો. પોતાની જનેતા પ્રત્યેની ભક્તિમાં વધારો થયો. શુષ્ક અને જડતાભર્યાં વલણો પલટીને એમનો પ્રકૃતિપ્રેમ ખીલ્યો. આ બધો ફેરફાર શ્રીમોટાએ કરાવ્યો.

આ રીતે જૂનના પ્રથમ અઠવાડિયામાં બધાં અમદાવાદ પરત ફર્યાં. પછી શ્રી નંદુભાઈ, કાંતાબહેન અને સિદ્ધાર્થ ત્રિચિ જઈ રહ્યાં.

## પ્રકૃતિ પ્રેમની ખીલવણી - હિમાલયયાત્રા પછી

શ્રી નંદુભાઈમાં પ્રાકૃતિક સૌંદર્ય માણવાની વૃત્તિ હતી નહિ. પર્વતો કે ગિરિકંદરાઓ જોઈ એમને કુદરત ઉપર ભાવ જાગે એવું થતું નહિ. એમને તો એ પથ્થર જ હતા. ફૂલછોડ કે વનસ્પતિ વાવવાં કે ઉછેરવાં પ્રત્યે તેમને જરા પણ રુચિ નહિ. ક્યાંય બાગ, બગીચા કે જંગલો જુએ તો એમાં એમને આકર્ષણ થતું નહિ. એમને એમ થતું કે વાવવાં હોય તો ફળાઉ વૃક્ષો વાવવાં, શાકભાજીના છોડ વાવવાં જેમાંથી ઉપયોગી ઉત્પાદન થાય, બે પૈસા પણ મળે, પણ આવા બિનઉપયોગી છોડ કે વેલા ઉછેરવાથી તો સમય બગડે. એટલો સમય બીજાં સારાં કામમાં ઉપયોગમાં લેવાય, આવી એક ગ્રંથિ બંધાઈ ગયેલી. આ બધા સંસ્કાર મહાત્મા ગાંધીજીને કારણે પડેલા. કુંભકોણમ્‌માં કાવેરી નદીનો પાણીનો પ્રવાહ જોઈને પણ ઉલ્લાસ કે ખુશી ન થાય ! એમ જ લાગે કે 'આ નદી છે અને નદીમાં પાણી વહે છે ! એમાં શું ? નદીમાં પાણી છે એ જ નળમાં આવે છે, તો નદીએ નાહવાની શી જરૂર છે ?' આથી, હિમાલયમાં પણ શું છે ? પથ્થર જોવાના, પાણી જોવાનું બધું એકનું એક જ છે. એમાં વિશેષતા શી છે ? એ શ્રી નંદુભાઈને સમજાય નહિ. આ તો શ્રીમોટાને આપણે ગુરુ માન્યા છે અને બાની ઇચ્છા પૂરી કરવી છે. એટલે આ કરીએ છીએ. એટલે શ્રી નંદુભાઈને મન હિમાલયની યાત્રાનો આનંદ ન હતો. હિમાલયની યાત્રા પૂર્ણ થઈ ત્યાં સુધી એમનું આવું માનસ રહ્યું હતું.

કુંભકોણમ્‌માં કાવેરી નદી પર આશ્રમ છે. કેટલો રમણીય છે. તોય શ્રીમોટા કેટલીક વાર ખાવાનું બનાવરાવીને પંદર વીસ માઈલ દૂર વધારે એકાંત અને રમણીય જગાએ જઈને ઉજાણી કરાવતા. તે સમયે નંદુભાઈને થતું કે 'અહીં પણ ઉજાણી જેવું જ કરી શકાય એમ છે તો પછી પંદર વીસ માઈલ દૂર જવાની શી જરૂર ? શ્રી નંદુભાઈને એ વખતે આ બધું ગમતું નહિ. તોય શ્રીમોટા તો કહે, 'તમારે ના આવવું હોય તો ના આવશો. અમે તો જવાના.'

## પૈસાનો હિસાબ

શ્રી નંદુભાઈ પૈસાનો પૂરેપૂરો હિસાબ રાખતા. એમને હિસાબ માગવાની - રાખવાની ખૂબ ચીવટ. શ્રીમોટા એમના કુટુંબના સભ્યોને લઈને ફરવા જાય અને પછી પૈસાનો હિસાબ આપે. અમુક રકમ વાહનખર્ચની - અમુક રકમ નાસ્તાની, તો એ હિસાબ શ્રી નંદુભાઈ લે અને ચોપડામાં નોંધી લે. કુટુંબમાં ખર્ચ કર્યું હોય તોપણ ચોપડામાં લખે. શ્રીમોટાએ એક વખત શ્રી નંદુભાઈને કહ્યું, 'આ તમે શું કરો છો ? કુટુંબના છોકરાઓ માટે કે બા માટે પૈસા ખરચો એ કંઈ ચોપડામાં લખાતા હશે ? તમે ભાઈઓ લાખો રૂપિયા કમાઓ છો અને બેપાંચ રૂપિયા કુટુંબમાં વપરાય એને ચોપડામાં ખતવાતા હશે ?' આટલું શ્રીમોટાએ કહ્યું પછી શ્રી નંદુભાઈની આંખ ઊઘડી. આવી ગ્રંથિ તૂટી.

પછી શ્રીમોટાએ સમજાવ્યું કે તમે ભાઈઓ જુદે જુદે સ્થળે રહો છો એ ભલે બરાબર હોય, પણ બધાં જ અવારનવાર ભેગાં મળો એવું કરવું જોઈએ. બધાં ભેગાં મળીને યાત્રાએ જાઓ. બાળકોને હિમાલય લઈ જાઓ, ડાકોર જાઓ, એમ કુટુંબના સભ્યો

પરસ્પર મળો. આ શું તમે લોકો એકબીજાના હિસાબ કરો છો ? ૨૫ રૂપિયા તમારા ખાતે ઉધાર. તમારા માટે આ વસ્તુ મોકલી, તમે ખર્ચ કર્યું. તે આ તમારે વસૂલ કરવાના. આ શું બધું ? તમે બધા લોકો વેપારી છો. આવી બધી નાનીનાની બાબતોમાં લેવડદેવડના હિસાબો રાખો છો ? કટાક્ષથી આવું બધું કહ્યું. આ માટેનો ખર્ચ કરવા માટે એક ટ્રસ્ટ કરો. આ વાત માનીને પાંચ ભાઈઓએ પાંચ પાંચ હજાર રૂપિયા આપીને ટ્રસ્ટ કર્યું.

આમ, શ્રી નંદુભાઈના કુટુંબને અને મામાના કુટુંબના દીકરાઓ એટલે નિકટના પરિવારનાં બધાંને એમનાથી ફાયદો થયો.

૧૯૪૯માં શ્રી નંદુભાઈ તથા કાંતાબા, કુટુંબના આઠથી ચૌદ વર્ષનાં બાર છોકરાંઓને લઈને બીજી વાર હિમાલયયાત્રા કરી આવ્યાં. આ રીતે પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈમાં હિસાબી વૃત્તિની ગ્રંથિ તોડી અને પ્રકૃતિપ્રેમનો ઉદ્‌ભવ કર્યો.

('શ્રીમોટા સાથે હિમાલયયાત્રા', બીજી આ., પૃ. ૨૭, ૨૮)

• • •

## ૧૭. ઑક્ટોબર, ૧૯૪૫ શ્રીમોટાના વહાલભર્યા પત્રો

પૂજ્ય શ્રીમોટા નવેમ્બર, ૧૯૪૫માં હરિજન સેવક સંઘની સાબરમતી શાખાની શાળાની બાળાઓ માટે ફાળો ઉઘરાવવા દક્ષિણમાં આવવાના હતા. તે પહેલાં શ્રીમોટાએ ઑક્ટોબરમાં શ્રી નંદુભાઈ તથા કાંતાબહેનને વહાલભર્યા પત્રો લખ્યા કે :

**ઑક્ટોબર, ૧૯૪૫ શ્રીમોટાના વહાલભર્યા પત્રો**

**ગંભીર સ્વભાવ**

હરિઃૐ તા. ૪-૧૦-૧૯૪૫

અમદાવાદ - ડૉ. કાંતિભાઈના ઘરેથી

પ્રિય ભાઈ,

'પ્રેમકુંજ'નું વાતાવરણ આ કાળે એટલું પ્રસન્નતાવાળું અને આનંદકિલ્લોલથી ગાજી ઊઠતું બની જવું જોઈએ છે અને તે તમારા હાથમાં છે. ભગવાન તમને એવા નાચતા, કૂદતા અને હસતા રમતા કરી દ્યો. એ સંકોચ તૂટવો પણ જરૂરનો છે. ખૂબ આનંદમાં રહેજો. અને તમારા પ્રેમસંદેશ પાઠવ્યા કરજો.

હરિઃૐ તા.૫-૧૦-૧૯૪૫

હરિજન આશ્રમ, સાબરમતી

પ્રિય ભાઈ,

**તમે મારા કોણ છો તે શબ્દોથી વ્યક્ત થવું પણ આકરું છે. સ્ત્રી પોતાના પતિના ભાવને સમગ્ર સારા જીવનથી પણ સમગ્રપણે આવરી શકતી હોતી નથી અને તેથી જ તે પતિ જીવનમાં આવરેલી હોવા છતાં તેનાથી પર છે એવું એનું જીવનનું રહસ્ય છે. તેમ તમારા જીવનમાં ભળેલો હોવા છતાં અને ત્યાં પણ તદાકાર હોવા**

**છતાં તટસ્થભાવે તેનાથી અતિરિક્તપણે પણ આ જીવ છે. જીવનનો ભાવ જીવનમાં તેને સંપૂર્ણપણે જીવનથી વ્યક્ત થઈ શકવાનો બને છે ત્યારે તે ભાવ પોતાનો બને છે. અને સમગ્રપણે પછી બીજાને આપવાને તે પ્રેરાતો હોય છે. એ 'એકોહમ્ બહુશ્યામ્' એ સૂત્રની ભાવના જ્યાં જુઓ ત્યાં દૃષ્ટિગોચર થાય છે.'**

તમારા તા. ૨૯-૯-૧૯૪૫ના કાગળમાં તમે લખ્યું છે કે ભજનોમાં શરૂ શરૂમાં પ્રાર્થનાભાવ રહેતો, પણ નિત્ય તેવું થવાથી અને તેનાં તે જ ભજનો હોવાથી તેમાં રસની નિષ્પત્તિ થતી નથી. તેથી, તે સમયે તેવી જાતનું લેખન વાંચન થાય તો તે ઈષ્ટ કે કેમ ? તે તમે પુછાવ્યું છે. એક તો તેવું કરવા જતાં સમગ્ર વાતાવરણની એકતાનો ભંગ થાય અને એનાથી ભિન્ન રુચિ અથવા તો વાતાવરણના ભાવની ગાઢતામાં ખલેલ પડવા પણ સંભવ રહે. બીજા ભજનો બોલતાં હોય ત્યારે આપણે ધ્યાનની ધારણામાં હૃદયસ્થ લક્ષ રાખીને બેસીશું તો તે આપણા માટે યોગ્ય છે. સર્વની સાથે તેવા તેવા ભાવે ભળતાં મનને કે સ્વભાવને તે ગમતું નથી. તમારા સ્વભાવનું તે એક લક્ષણ છે. તમને એકલતા ગમે છે, પણ તે એકલતામાં બીજાથી ભાગવાની વૃત્તિ રહેલી છે અને તેવી રીતે બીજાથી જુદા પડવું તે આપણે માટે યોગ્ય નથી, તે જાણશો.

**...... પરંતુ જેમની જેમની સાથે આ જીવાત્માનો સંબંધ થયો છે, તેઓ આ જીવનાં આદિ અનાદિપણાનાં સગાં છે અને તેમની સાથેનું પ્રારબ્ધકર્મ તેમની સાથે તાદાત્મ્યભાવ સાથે ભોગવતાં ભોગવતાં તે જીવાત્માનું ભાન ભગવાનના તાદાત્મ્યભાવમાં રહી શકે એવા પ્રકારની કોઈ સૂક્ષ્મ ટેક્નિક પ્રભુકૃપાથી આ જીવને લાધી છે અને તેનું મહત્ત્વ અને રહસ્ય ભગવાનની કૃપાથી તે જીવને સમજાઈ જાય તો તેવો જીવ ઊંચો આવ્યા વિના રહી પણ**

**નહિ શકે. એક જીવના શરીરને થયેલું બીજા જીવનું શરીર ઘણું દૂર હોવા છતાં તે તેવી સ્થિતિમાં રહે અને તે પરથી જો તે જીવ સાચી રીતે વિચારવાનું કરે તો આપોઆપ તેનાં શ્રદ્ધા વિશ્વાસ પ્રગટી શકવાનાં સંભવ રહે અને જે જીવ આવી રીતે બીજા જીવ સાથે તાદાત્મ્ય થઈ શકે અને એવી શક્તિ જે જીવમાં છે તો તે જીવ બીજી બાબતમાં પણ બીજા જીવ સાથે તેનાપણામાં તાદાત્મ્યપણે થઈ શકવાનો શક્યતાવાળો છે, તે પણ સમજાય તેવું છે. ભગવાન જેમ ગૂઢપણે સર્વના જીવનમાં રહી પોતે રસ ભોગવે છે, કારણ કે તે ભોક્તા પણ છે અને સાથે સાથે પાછો મુક્ત છે.** તેવું આધ્યાત્મિક જીવનના પંથમાં તેવી એક કક્ષા છે કે હશે એમ મને જરૂર લાગે છે અને તે સર્વોત્કૃષ્ટ છે અને આત્યંતિક કક્ષા છે એવો મારો દાવો નથી.

તમારું તા. ૨૯-૯-૧૯૪૫નું કરેલું ભજન મને તો ખૂબ ખૂબ ગમ્યું. ખૂબ આર્દ્રતાથી અને આર્તતાથી એવાં ભજન માનસિકપણે બોલવાં જ. ભાવ ત્રાટક વખતે તો ખાસ. જ્યારે તમે હરિજન આશ્રમમાં રહેતા હતા ત્યારે ૧૯૪૦ના શરૂઆતના ગાળામાં તમને મેં લખેલું કે સાધકે કોઈનાં ભજનો ન ગાવાં, પરંતુ પોતાની વૃત્તિને સમજીને જેવી તેને આપણે કરવા ઈચ્છીએ છીએ તેવી જાતની ભાવના તેમાં મૂકીને આપણે આપણું જ ગાવું તે વધારે અનુકૂળતાવાળું છે. પૂ.ગાંધીજીના જન્મદિને તમારો કાગળ મળ્યો નથી, પરંતુ તેમાં રૂપિયા પાંચ સિદ્ધાર્થને નામે જમા કરાવીશ, તે જાણશોજી.

હરિઃૐ

પ્રિય કાંતુ,

હું જે ભાઈ નંદુને લખું તેનું દૃષ્ટિબિંદુ તદ્દન જુદા જ પ્રકારનું છે અને તેની પાછળનો પ્રેમભાવ પણ જુદા જ પ્રકારનો છે.

**નંદલાલના ગુણની કિંમત ને તેનું મહત્ત્વ હું જેટલો સમજું છું ને જાણું છું તેટલા બીજું કોઈ સમજી ના શકે.** માનવીમાં રહેલો કોઈ પણ ગુણ પછી તે રજસ હોય, તમસ હોય તો દોષરૂપે નથી. સ્વભાવના પટમાં તેનું વહેવાનું બને છે, માટે જ તે તેવી રીતે જણાય છે. **વિષ્ણુ એટલે સાત્ત્વિકતા, બ્રહ્મા એટલે રજસ અને શંકર એટલે તમસ.** પણ એ ગુણની ભૂમિકા ભગવાનના વ્યક્ત થવાના ભાવપણામાં રહેલી હોવાથી શંકરના તમસને કે બ્રહ્માના રજસને આપણે દોષરૂપે ગણી શકીશું નહિ. એટલે કોઈ પણ ગુણ દોષરૂપે નથી. એ ગુણની ભૂમિકા ભગવાનના ભાવ પર રહે એટલું જ આપણે કરવાનું છે, તો સર્વ કોઈ વૃત્તિ ત્યાં ખોટી બની શકતી નથી. કોઈ માનવી બીજા માનવીને યથાર્થપણે કદી પણ ઓળખી શકતો નથી અને કદી જો તે ગુમાન કરે તો તે તેનું મિથ્યા છે. એટલે માનવીએ માત્ર પોતાને જ પિછાનવાનું રાખવું એમાં જ એનું કલ્યાણ છે.

રોજનાં કર્મમાં અને રોજિંદા વહેવારમાં જેને જીવનનો ખ્યાલ સતત આંખમાં કણી પડેલ હોય તે જેમ સતત ખ્યાલમાં રહ્યા કરે તેમ જેને જીવનનો ખ્યાલ રહ્યા કરે તે જ જીવન પામી શકવાનો છે, બાકી તો રામ રામ કરો મારા બાપા !

જે સેવા પ્રેમભાવે થયા કરે તેમાંથી તો મનની શાંતિ, પ્રસન્નતા, સમતા આદિ વધ્યા જ કરે, ઘટે નહિ, એ એનું એક પ્રત્યક્ષ લક્ષણ - માપ છે.

હરિઃૐ તા. ૭-૧૦-૧૯૪૫

હરિજન આશ્રમ, સાબરમતી

પ્રિય ભાઈ,

જીવસ્વભાવની વૃત્તિઓ એમ ને એમ દૂર થવાની નથી. અને જો થાય છે તો સહજમેળે દૂર થાય છે. જીવસ્વભાવની વૃત્તિઓ

ઊઠે તે વખતે જીવાત્મા જો જાગ્રત રહી શકે તેવા વલણ પ્રમાણે ન દોરાવાને જ્ઞાનભક્તિભાવે પ્રયત્ન રહે તો તે તદ્દન સરળ છે. માત્ર સર્વ કર્મના પ્રવાહમાં આપણા જીવનધ્યેયની જાગ્રતિ જાગતી રહેતી બની જાય તો કશું જ અઘરું નથી. સર્વ કર્મોમાં જેને આપણે આપણું નિર્માતા માનીએ છીએ તેની જીવંત પ્રેમભક્તિ જ્ઞાનપૂર્વકની હૃદયસ્થ ધારણા રહ્યા કરે, તોપણ આપણું જ્ઞાન સુતરું સુતરું રહ્યા કરે.

**માનવીજીવનનું રહસ્ય અને મહત્ત્વ સાચી રીતે શ્રદ્ધાપૂર્વક જ્ઞાનભક્તિભાવે જ્યારે ઠસી જાય છે ત્યારે જ જીવનનો સાચો ઉદય થવા માંડે છે.** જેમ કે મુંબઈમાં કે બીજે ઠેકાણે બૉંબ પડેલા ત્યારે લોકોનું મન ત્યાંથી ભાગવાનું થયેલ. ત્યારે જે મુશ્કેલીઓ હતી એવી મુશ્કેલીઓમાં સામાન્ય સ્થિતિમાં માનવી નીકળવાનું સાહસ કદી ના કરે, પરંતુ મનની નીકળી જવાની વિવેકપૂર્વકની તમન્ના એટલી બધી હતી કે તેવી બનેલી તેથી તે સામેની ઊપજતી સર્વ મુશ્કેલીઓને ત્યારે ત્યારે તે તે માનવી ગૌણ ગણતા ને ગમે તે થતાં તેનો સામનો કરીને અથવા તો બેળે બેળે કરીને તે ત્યાંથી ભાગી જ છૂટેલાં. એમાં ભલે માનવીજીવનની કાયરતા હશે, પરંતુ લખવાનો ઉદ્દેશ તો એ છે કે **કંઈ કશા પરત્વે માનવીની જ્યારે તમન્ના પ્રગટે છે ત્યારે તે કાંઈ કર્યા વિના રહી શકતો નથી. એટલે એવી તમન્ના વધારવાની કે જીવતી કરવાને આપણે સતત સર્વ કર્મ કરતાં કરતાં પણ તેની ભાવનામાં ઓતપ્રોત મનને કેળવ્યા કરવાનું રાખ્યા કરીએ, એ જ પ્રાર્થના.**

એ જ લિ.

તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

## દક્ષિણમાંથી ફરી સાબરમતી આશ્રમ રહેવાં આવ્યાં

સિદ્ધાર્થ હવે પાંચ વર્ષનો થવા આવ્યો હતો. તેના ભવિષ્યનાં અભ્યાસ અને કેળવણી માટે કયા સ્થળે રહેવું તેની વિચારણા ચાલી હતી. તેના ગુજરાતી અભ્યાસ માટે ગુજરાતમાં સ્થાયી થવું જરૂરી હતું. શ્રી હેમંતભાઈએ પણ આ બાબત શ્રી નંદુભાઈને પત્ર લખીને પોતાનું મંતવ્ય જણાવ્યું.

હરિઃૐ તા. ૧૦-૧૦-૧૯૪૫

અમદાવાદ

ઘણું ઘણું વહાલા ભાઈ,

તમે લખો છો કે આશ્રમમાં રહેવાનું તમને એક જ આકર્ષણ છે તે જાણ્યું, તે બાબત તો શું લખું ? પણ મને તો તટસ્થપણે લાગ્યું છે કે સિદ્ધાર્થની કેળવણીનો પ્રશ્ન પણ કંઈ નાનોસૂનો નથી. તેનો સારામાં સારો ઉકેલ મારી દૃષ્ટિએ આશ્રમમાં તમારા રહેવાથી મળી શકશે. અલબત્ત, આ બાબતમાં તમારો મત શો છે તેની મને ખબર નથી, પણ એમ લાગે છે કે શા માટે મારે અનુમાન કરવાં ? એટલે બંધ કરું છું. ભગવાન કરે ને આપણી વચ્ચેનો સંબંધ ખૂબ ઝડપથી ગાઢ થાઓ, એ જ પ્રાર્થના.

લિ. હેમંતના રામ રામ

હરિઃૐ તા. ૨૦-૧૦-૧૯૪૫

અમદાવાદ

પ્રિય ભાઈ,

હરિજન આશ્રમ, સાબરમતી એમ તો તારમાં લખવું જ જોઈએ, કારણ કે અમદાવાદમાં એક બીજો હરિજન આશ્રમ છે. તમારે આશ્રમમાં રહેવું વધારે યોગ્ય છે એવું જે મારુ મંતવ્ય છે, એવું મારાં

જે એકાદ બે આડાંઅવળાં વાક્યોથી સમજાયું છે, તો તે વાક્યો લખી મોકલવા વિનંતી છે. તમારા પોતાના તે બાબતના ચોક્કસ મત વિના અને અભિપ્રાય વિના તે બાબતમાં મારે કશું નહિ વિચારવું એમ લાગે છે. મેં કશો ચોક્કસ નિર્ણય બાંધી લીધો નથી. તેવાં એકાદ બે વાક્યોનો પરસ્પર ને પૂર્વાપર સંબંધ પણ જોવો ઘટે.

## પૂજ્ય શ્રીમોટાની ચેતવણી

હરિઃૐ તા. ૨૦-૧૦-૧૯૪૫

અમદાવાદ

પ્રિય ભાઈ,

પ્રભુ તમારું સાંનિધ્ય ન મુકાવો. તમારે ચરણે ઢળાવો. દિવ્ય રૂપાંતર તમોથી જ મારું થવાવાનું છે.' એ તમારી ભાવના તો ઉત્તમ છે, પરંતુ હજી તો તવાતાં તવાતાં કંઠે પ્રાણ આવી જશે. ને એવી વેળાએ જ્યારે તમારી ઉપર જણાવેલી ભાવના જીવતીજાગતી રહી શકે તો જ તે જીવનને રૂપાંતર થવાવામાં પ્રેરણાત્મકપણે ભાગ ભજવી શકે.

એ જ લિ.

તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

આ રીતે સિદ્ધાર્થની કેળવણીને લક્ષમાં રાખી હરિજન આશ્રમ, સાબરમતીમાં સ્થાયી થવાનું નક્કી થયું. આ ઉપરાંત, પૂજ્ય જેઠીબા હરિજન બાબત મરજાદ ધર્મ પાળતાં તે દૂર કરવાનો હેતુ પણ હરિજન આશ્રમમાં રહેવાનો હતો, જે પછીથી પૂજ્ય શ્રીમોટાની કૃપાથી સફળ થયો હતો.

આમ, સિદ્ધાર્થની જૂન, ૧૯૪૬માં સ્કૂલ શરૂ થાય એ પહેલાં સાબરમતી આશ્રમમાં રહેવા જવું એમ ગોઠવાયું.

**નવે.૧૯૪૫ થી જાન્યુ ૧૯૪૬માં ફાળો ઉઘરાવવા શ્રીમોટા સાથે**

શ્રી નંદુભાઈ સાબરમતી આશ્રમમાં સ્થાયી થાય એ પહેલાં પૂજ્ય શ્રીમોટા નવેમ્બરમાં ત્રિચિ આવી પહોંચ્યા. ૧૯૪૨માં પૂજ્ય શ્રીમોટાએ એકલાએ ફાળો ઉઘરાવ્યા પછી ફરીથી શ્રી નંદુભાઈને સાથે રાખીને ફાળો ઉઘરાવવા નીકળ્યા હતા.

૧૯૪૫માં ગુજરાત હરિજન સેવક સંઘની સાબરમતી શાખા પાસે શાળાની છોકરીઓને ખવડાવવાનાયે પૈસા ન હતા. ડિસેમ્બર મહિનામાં શ્રીમોટાએ શ્રી નંદુભાઈને કહ્યું, 'ચાલો, આપણે ફાળાના પૈસા ઉઘરાવવા માટે.' શ્રી નંદુભાઈ અને શ્રીમોટા આખો મલબાર કિનારો, કોચીન, કાલીકટ, મેંગલોર, ત્રિવેન્દ્રમ્ એ બધે ફરતાં ફરતાં લંકા સુધી ગયેલા. બેંગલોર પણ ગયેલા. શ્રી નંદુભાઈ કહે, 'મોટા, રાત્રે અહીં ફુવારા સરસ ઊડે છે.' પૂજ્ય શ્રીમોટા કહે, 'આ ફુવારા બુવારાની પછી વાત. અત્યારે પૈસા ઉઘરાવવાની વાત કરો. મારે કાંઈ જોવું નથી. જોવા માટે પછી લઈ આવજો. આ ટ્રિપમાં તો કામ કરવાનું જ લક્ષ. બીજી બાજુ લક્ષ જ ના જવું જોઈએ. એ એક જ કામ કરીએ' ('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૮) આમ બધે ફરીને લગભગ પાંત્રીસ સાડત્રીસ હજારની રકમ એકઠી કરી હરિજન સેવક સંઘને ચરણે ધરી. છતાં હરિજન સેવક સંઘના હોદ્દેદારોએ શ્રીમોટાનો આભાર માનતો ઠરાવ કે કદર કરતો પત્ર પણ શ્રીમોટાને લખવાની તસ્દી લીધી ન હતી. એટલું જ નહિ પરંતુ ફાળો ઉઘરાવવાનો મુસાફરી ખર્ચ કે બીજા ખર્ચ વિશે કોઈએ પૂછ્યું પણ નહિ ! ('જીવનસ્ફુલિંગ', પ્રથમ આ., પૃ. ૭૮)

• • •

# ૧૮. મહાત્મા ગાંધીજીના સાંનિધ્યમાં

પૂ. બાપુજી ગૌહાટી - આસામથી સોદેપુર, અલીપુર અને ડમડમ જેલની મુલાકાત લઈ તા. ૨૧-૧-૧૯૪૬ના રોજ મદ્રાસ આવી પહોંચ્યા હતા. મદ્રાસમાં દક્ષિણ ભારત હિંદી પ્રચાર સભા ઑફિસની બાજુના બંગલામાં તેમનું નિવાસસ્થાન રાખવામાં આવ્યું હતું. મદ્રાસમાં તેઓ વિધવિધ કાર્યક્રમોમાં હાજરી આપી પ્રવચનો કરતા હતા. સાંજના પ્રાર્થનાસભા પણ હોય જ. પૂ.બાપુજી તા. ૨-૨-૧૯૪૬ના રોજ મદુરાઈ મીનાક્ષી મંદિર અને પલનીમાં પણ એક મંદિરમાં દર્શનાર્થે જવાના હતા. પૂજ્ય ગાંધીજીના અંતેવાસીઓ શ્રી છગનલાલ જોષી અને શ્રી નરહરિ પરીખ પણ ત્રિચિ પેઢીએ પૂજ્ય શ્રીમોટાને મળવા આવ્યા હતા.

પૂજ્ય શ્રીમોટાએ ફાળો ઉઘરાવ્યા પછી પૂજ્ય ગાંધીજી દક્ષિણની મુલાકાતે આવતા હોવાથી શ્રી નંદુભાઈને પૂજ્ય બાપુજીનાં દર્શનાર્થે જવા અને તેમના સાંનિધ્યમાં રહેવા નીચેના પત્રો દ્વારા માર્ગદર્શન આપ્યું હતું.

## પૂજ્ય શ્રીમોટાના પત્રો

હરિ:ૐ તા. ૨૨-૧-૧૯૪૬

ત્રિચિ

પ્રિય ભાઈ,

આ સાથે ‘ગાંધીવાણી’ વાંચવા મોકલું છું. તે વાંચીને હેમંતભાઈને મોકલશો. એવી રીતે ત્યાં સાંજે પ્રાર્થનામાં પૂ. બાપુજી બોલે તે લખી લેશો, તો તે નિરાંતે એનું સારી રીતે ઉતારીને પરમાનંદભાઈને મોકલી પણ શકાય અથવા આપણને જ તો તેટલું સાંભળવાનું ને ચિંતવન કરવાનું જરૂર મળી શકે.

હરિઃૐ  તા. ૨૪-૧-૧૯૪૬

ત્રિચિ

પ્રિય ભાઈ,

'તમારો તા. ૨૨-૧-૧૯૪૬નો નિરાંતે લખેલ કાગળ મળેલ છે. હકીકત જાણી, જો કદાચ કંઈ મદુરાઈ કે પલની જવાનું રાખો તો સાથે સુરેશને ત્રિચિથી લઈ જવાનું જરૂર ગોઠવશોજી. બીજા દિવસમાં એની નિશાળ એટલી છો ભાંગે. એ પણ મોટું શિક્ષણ છે અને એવો મોકો મળે તે જીવનમાં યાદ રહી જાય તેવું છે. માટે, તે બાબતનું કંઈ વિચારો તો અહીં લખશો.

'મનને' અને 'દુઃખસાધના' એ ઉપર બાપુજીનો અભિપ્રાય મળે તો વિચારશો. પૂ. સૂબેદાર સાહેબને હેમંતભાઈએ વાત કરેલી કે પૂ. બાપુનો તેવો કાગળ તેમની પાસે છે, પણ તેમને તે કંઈ જડ્યો ન હતો. એ હકીકત પણ એમને જરૂર કહી શકાય. સરળતાથી ને સહેલાઈથી બની શકે તો ઠીક નહિતર કશું જ કરવાની જરૂર નથી. મારી બાબતમાં કંઈ પણ વાત ન કાઢવા કે કરવા વિનંતી છે.

હરિઃૐ  તા. ૨૫-૧-૧૯૪૬

ત્રિચિ


પ્રિય ભાઈ,


મદુરાઈ પૂ. બાપુજી વગેરે જવાના છે તો શ્રી મોહનભાઈને ત્યાં પેલી સુંદર ચિત્રવાળી એના ઈતિહાસ સાથેની ચોપડી છે તે મંગાવીને શ્રી મોહનભાઈની સંમતિ સાથે શ્રી પ્યારેલાલજીને બતાવશો. એમનું મન હશે તો રાખશે નહિતર તે તેમને પરત કરજો. પૂ. બાપુજીને એ મંદિરનો ઈતિહાસ તો ત્યાંના કોઈક

સ્થાનિક કહેશે જ, પણ આ પુસ્તક એમના જોવામાં આવે તો એમને તે ગમે તેવું છે. જો યોગ્ય લાગે તો ફોનથી મંગાવી લેવાની વ્યવસ્થા શ્રી મોહનભાઈ જ કરી લેશે.

ભાઈ સિદ્ધુને મહાત્મા ગાંધીને પોતે મળવાની બાબતમાં સ્વપ્ન આવ્યું હતું ને એ પોતે કે ઘરના કોઈ પણ તે બાબતમાં કશું જ જાણતાં ન હતાં તેવી સ્થિતિમાં - તે હકીકત પણ જણાવવી. આ હકીકત કહેવાનો હેતુ આપણા છોકરાની બડાશો જણાવવા માટેની નથી, પણ બાળમાનસ વિશે પૂ. બાપુજી પાસેથી કંઈક જાણવાનું મળે તે હેતુ છે. બાળમાનસનો વિકાસ ને એની કેળવણી એ વિશે પૂ. બાપુજીના વિચારો પણ જાણવાનો જરૂર પ્રયત્ન કરવો જ. તમારે તે માટે એમની પાસે જરૂર વખતની માગણી કરવી જ. એ પોતે તેવો વખત જરૂર આપશે. એમાં સંકોચ રાખવાની જરૂર નથી. **હાથઉદ્યોગ દ્વારા જ શિક્ષણનું મહત્ત્વ ને તે ઉદ્યોગ કરાવતાં કે કરતાં કરતાં જ કેળવણી બાળકને આપવાનું તેઓ કહે છે. 'એનું સાહિત્ય જોકે તમે વાંચ્યું નથી અને એ વાંચવાનું આપણને જણાવે તો તે સ્વાભાવિક છે', પણ બાળક વાતાવરણમાંથી જ પોતાના સંસ્કારને જીવતા કરતું હોય છે. એટલે બાળમાનસને જો યોગ્ય વિકાસવાળું બનાવવું હોય તો વાતાવરણની શુદ્ધતા, સાત્ત્વિકતા અને એની કેંદ્રિત જેવા પ્રકારની નિષ્ઠા હોય તેવા પ્રમાણનું બાળમાનસ ઘડાવાનો સંભવ રહે છે. બાળક એકમાત્ર યંત્ર નથી તેમ જ બાળકને અયોગ્ય લાડ એ પણ એટલું જ નુકસાનકર્તા છે. એ બધું પૂ. બાપુજી જાણે છે જ, પણ એ બાબતમાં એમની પાસેથી બાળમાનસનો વાતાવરણ ને કેળવણી દ્વારા વિકાસની પદ્ધતિનો ખ્યાલ તમે મેળવવાનું કરશો તો તમને સિદ્ધાર્થને ભણાવવાની બાબતમાં ઘણું જ ઉપયોગી થઈ પડવાનું છે. બાળક ખાલી 'સ્ટોર**

શ્રી નંદુભાઈનું આનંદપ્રદ સંભારણું
તા. ૧૧-૮-૧૯૨૪ને સોમવાર, પારીપ્લાઝ (દરિયા કિનારો-ફ્રાંસ)







શ્રી નંદુભાઈ અને શ્રી કાંતાબહેન




શ્રી નંદુભાઈ અને શ્રી કાંતાબહેન (જાપાનમાં પડાવેલ ફોટો)



એન. ગોપાલદાસ એન્ડ સન્સ પેઢીના ભાગીદારો



પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી નંદુભાઈ અને અન્ય પરિવાર સાથે ફેમિલી ફોટો



honestly

He never deceives himself nor others & he will never do so. His character is sterling & he does with all his heart & sincerely what he believes (whether right or wrong from other's point of view, is out of question)


Sincerity of Purpose

શ્રી ગોપાલમામાએ, શ્રી નંદુભાઈ વિશે પૂજ્ય શ્રીમોટાને લખેલ પત્ર



સાબરમતી આશ્રમમાં હાલમાં
શ્રી ગાંધીજીના નિવાસસ્થાન હૃદયકુંજની આગળ જે
ઓટલો છે ત્યાં નંદુભાઈનું નિવાસસ્થાન હતું





શ્રી હેમંતકુમાર ગુણાભાઈ નીલકંઠ ઉર્ફે હેમંતદાદા



સાબરમતી આશ્રમમાં નંદુભાઈનું નિવાસસ્થાન



શ્રી ગાંધીજી સાથે નાનકડો સિદ્ધાર્થ
ઉંમર વર્ષ ૬, તા. : ૨૩-૦૧-૧૯૪૬, મદ્રાસ

**હાઉસ ઑફ ઈન્ફર્મેશન' બને એના કરતાં એ ઉત્તમ ચારિત્ર્યવાળું બને એવા ગુણોની ગ્રાહક ભૂમિકાવાળું બને તે વધારે ઈચ્છવા યોગ્ય છે. આપણે બન્નેની સમગ્રતા સાથેનો સમન્વય કરવો છે. પહેલું ન હોય તો ચાલે પણ બીજું એનાથી વિશેષ મહત્ત્વનું છે.**

મૅડમ મૉન્ટેસોરીના મૂળભૂત સિદ્ધાંતો ને આદેશની ભૂમિકાના ચોકઠામાં ને **એના સંસ્કારના પ્રાણપ્રતિષ્ઠાની ભૂમિકામાં મૂકવાનું કામ આપણે કરવાનું છે. એ કહે છે તે જ માત્ર ખરું છે તેવી ભ્રમણામાં રહેવાનું નથી. બાળકોને પ્રાર્થના - અમુક ઉંમર થતાં સાત કે આઠ - સરસ સુંદર ભાવાત્મક શ્લોકો કે એવું અથવા તો ભજન વગેરે મોઢે થવાનું પણ જરૂરનું છે જ. તેથી, બાળકોને સંસ્કાર કાજે માબાપોએ - એટલે તમારે બન્નેએ સવારસાંજ નિયમિત પ્રાર્થના કરવાનું ઘણું જ જરૂરી છે. તો જ તમારું બાળક તે શીખવાનું છે. ભાષણ આપે તે કરવાનું નથી. કરી બતાવશું તો તે કરશે. એટલે મૉન્ટેસોરી કેટલુંક ગોખવાનું ના કહે તોપણ તેવું જરૂરનું છે. જોકે તેવું કરાવવામાં બાળકને રસ ઉત્પન્ન કરાવનારું વાતાવરણ પ્રકટાવવાનું કામ માબાપનું છે. એ જરૂર પૂ. બાપુજી સાથે આ બાબતમાં વાતચીત કરજો જ.**

હરિઃૐ          તા. ૨૬-૧-૧૯૪૬

ત્રિચિ

પ્રિય ભાઈ,

પૂ. નરહરિભાઈને પણ (કાગળ) પહોંચતો કરશો કે આપી દેશો. સિદ્ધાર્થને પણ તે કાગળ આપશો.

પેલા પ્રેસ ફોટાની નેગેટિવ માટે પૂ. બાપુજી સાથેના મંડળમાં એક યુ.પી.નો એ.પી.નો કોઈ કૉરસ્પૉન્ડન્ટ પણ હોય છે, તેની

પૂછપરછથી પણ તેની ખબર મેળવી શકાશે. તમે તેટલું કામ તો જરૂર કરી શકશો ને કોઈ સારા સ્ટુડિયોમાં તેની નકલ કઢાવીને તે નકલ પર જ પૂ. બાપુજીના બે અક્ષર લખાવી લેવાની પેરવી જરૂર કરશો. તે ફોટામાં સૌ. બહેન કાંતા પણ પડી ગઈ છે. જોકે તમને પણ તે નેગેટિવ મેળવવાની વૃત્તિ થઈ હશે જ. તમને ત્યાંનાં કામમાં આવાં કામ ચીંધવાનું બને છે, પણ એનો પણ ઉપાય નથી જ.

હરિઃૐ તા. ૨૯-૧-૧૯૪૬

કુંભકોણમ્

પ્રિય ભાઈ, સૌ. બહેન કાંતા,

'દિનમણિ' - નામના છાપામાં સિદ્ધાર્થનો ફોટો આવ્યો હતો તથા તા.૨૬ના 'સંડે ટાઈમ્સ'માં તેવું સૌ. બહેન પ્રમીલા કહે છે. સૌ. બહેન કાંતાનો ફોટો ગાંધીજી સાથેનો આવેલો છે, તે પણ કોઈ ઠેકાણે તપાસ કરીને જોઈ લેવાનું બને તો વિચારશો. હજી મેં અહીં જોયો નથી.

એ જ લિ.

તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

• • •

## ૧૯. તા. ૨-૩-૧૯૪૬ ટ્રાન્સનો અનુભવ

ટ્રાન્સ એટલે એક જાતનો શક્તિપ્રપાત. ટ્રાન્સ સમયે શ્રી નંદુભાઈમાં સાત્ત્વિક ગુણ પ્રગટી ગયો હતો, પણ એ કાયમ રહે નહિ. ('શ્રીમોટા સાથે વાર્તાલાપ', આઠમી આ., પૃ. ૭૮)

પૂજ્ય શ્રીમોટા માર્ચ મહિનામાં ત્રિચિથી અમદાવાદ પરત ફરવાના હતા. તે પહેલાં પૂજ્ય ગાંધીજીના સાંનિધ્યનો લાભ લઈ આવેલા શ્રી નંદુભાઈએ ૨૧ દિવસનું મૌનઅનુષ્ઠાન લીધું હતું.

આ મૌનઅનુષ્ઠાનના ૧૪ દિવસ પછી એક દિવસ એમને ગુદામાં ખૂબ લાય બળવા માંડી. કબજિયાત હતી. એમણે કહ્યું, મને એનિમા માટેનું સાધન આપી દો.' શ્રીમોટા કહે, 'સાધન - બાધન કંઈ આપવાનું નથી. રહેવું હોય તો રહો નહિતર નીકળી જાવ.' શ્રી નંદુભાઈએ હઠ પકડી 'સાધન નહિ આપો તો હું જમીશ નહિ.' શ્રીમોટા કહે, 'તમારે જેમ કરવું હોય તેમ કરો.' આમ, મૌનએકાંતનું છેલ્લું સપ્તાહ કેવળ પાણી લઈને જ ઉપવાસમાં પસાર થયું

તા. ૨-૩-૧૯૪૬ શનિવારને દિવસે મૌન પૂર્ણાહુતિની સાંજે શ્રી નંદુભાઈ બહાર નીકળ્યા અને રાતના અગિયાર વાગ્યા સુધી બહાર ખુલ્લામાં સૂઈ રહ્યા. રાતના ૧૨ વાગ્યે સાત દિવસના ઉપવાસ પછી શાક અને મગનું જાડું પાણી લીધું. બીજે દિવસે દુન્યવી કામકાજમાં તેઓ પરોવાયા. પછી શ્રીમોટા સાથે થોડીક વાત કરવા બેઠા ત્યારે પવનનો સુસવાટો થતો હતો એમ લાગ્યા કરતું હતું. આ બાબત તેમણે શ્રીમોટાને જણાવી. શ્રી નંદુભાઈને ગળાની તકલીફ પહેલેથી ખરી, તે બહુ લાંબો સમય બોલી શકતા નહિ. એમને માટે બે માઈલ ચાલ્યા જેટલો થાક લાગે એથી વધુ થાક એક કલાક બોલતાં લાગે.

હવે, આગલા સાત દિવસના ઉપવાસ, આગલી રાતની માત્ર બે જ કલાકની ઊંઘ - આમ હોવા છતાં આ દિવસની રાતે એમનામાં કોક દિવ્યશક્તિનો સંચાર થયો હોય એમ એમણે રાતના દસ વાગ્યે હિંદીમાં અને અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું. એમનું બોલવાનું ઘણું જ ઊંચું છતાં પણ મધુર અવાજે થતું હતું. એમણે પોતાનાં સ્વભાવનું, વલણનું, વૃત્તિઓનું પૃથક્કરણ હિંદી બોલીમાં કર્યે જ રાખ્યું. હિંદીમાં બોલવાનો એમને લેશ પણ અભ્યાસ ન હોવા છતાં આમ બન્યું એ ભારે આશ્ચર્ય હતું. પોતાને એમ થયું કે આટઆટલી સાધના કરવા છતાં ગુરુનાં ચાકરી અને પ્રેમ પામવા છતાં, કશું પણ સમર્પણ થયું નથી અને થઈ શકતું નથી. આથી, પોતાનું સર્વ સમર્પણ કરવું જોઈએ.

એમનાં પત્ની કાંતાબહેન અને બીજાં સ્નેહીઓને શ્રી નંદુભાઈની આ રીતની વાત સાંભળીને અને એમની વાણીમાં અને અવાજમાં થયેલા પરિવર્તનને જોઈને આશ્ચર્ય થયું. શ્રી નંદુભાઈને માનસિક અસ્થિરતા તો નહિ પ્રકટે એવી દહેશત પણ થઈ. આથી, બધાં ચિંતિત પણ થયાં. પોતે જે કંઈ સતત બોલ્યે જતા હતા, છતાં પોતે લેશ પણ બેભાન નથી એવી ખાતરી કરાવવા ઘર તથા દુકાનની ઝીણી ઝીણી વિગતો જણાવી. પોતાના સ્વભાવ અને પોતાનાં પત્નીના સ્વભાવનું પૃથક્કરણ કરતી આ હિંદી - અંગ્રેજી વાણીનો પ્રવાહ છેક સવાર સુધી ચાલુ જ રહેલ. રાતભર આમ બોલાયે જતું હતું, ત્યારે પડોશીઓને આથી ખલેલ પહોંચશે એમ જણાવેલું, છતાં અત્યંત જુસ્સાથી પણ ભાવપૂર્વક આ રીતનો વાણીપ્રવાહ ચાલુ જ રહ્યો. વચ્ચે પાણી પીવાની પણ જરૂર જણાઈ ન હતી.

શ્રી નંદુભાઈ જ્યારે મૌનરૂમમાં હતા ત્યારે બહારની બાજુ એક નાજુક છતાં વિલક્ષણ ઘટના બની ગઈ હતી. પડોશમાં રહેતી એક વ્યક્તિને ત્યાં રહેતો જેકી નામનો કૂતરો હડકાયો થયો છે એવો વહેમ આવેલો. આ કૂતરો શ્રીમોટા પાસે આવતો. ઘણી વાર એને ધમકાવીને કાઢી મૂકવામાં આવે તોપણ જમીન ચાટતો આવે. એ કૂતરાને પેલા સજ્જને બંદૂકથી ઠાર માર્યો. શ્રીમોટાએ કૂતરાનો અગ્નિસંસ્કાર કર્યો અને એનાં અસ્થિ નદીમાં પધરાવ્યાં હતાં. આ હકીકત શ્રી નંદુભાઈએ જાણેલી.

આ જેકીની વફાદારી આગળ પોતાની જાતને એ તૃણવત્ ગણાવવા લાગ્યા. એના સમર્પણથી અને અંતિમકાળે થયેલા એના ઉદ્ધારથી પોતાની ગુરુભક્તિમાં રહેલી પોતાની ઊણપ એમને કણાની જેમ સાલવા લાગી. એમણે જે જે જુસ્સામાં બોલવાનું ચાલુ રાખેલું, એમાં એમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે પોતાની તમામ મિલકત શ્રીમોટાને અર્પણ કરી દેવી.

બહાર નીકળ્યા ત્યારે એકદમ સુસવાટા સાથે કાનમાં પવન પેઠો. રાત્રે દસેક વાગ્યે સૂવા ગયા ત્યારે આપોઆપ હિંદી અને અંગ્રેજીમાં બોલવાનું શરૂ થયું. એકાએક મનમાં ભાવ જાગ્યો ને શ્રીમોટાને કહ્યું, **'મારી પાસે જે કંઈ છે તે મારે તમને આપી દેવું છે.'**

શ્રીમોટા કહે, 'આપવાથી કંઈ વળશે નહિ, ભાઈ ! તેથી કંઈ તમારી પ્રગતિ થઈ જશે તેમ આશા રાખશો નહિ. પૈસાથી કશું વળશે નહિ. માટે તે વાત જવા દો.' શ્રી નંદુભાઈએ તો હઠ લીધી. રાત્રે ૧૦-૧૧ વાગ્યાથી બોલવાનું શરૂ થયું તે લગભગ ૧૬ કલાક ચાલુ રહ્યું. હિંદીનો બિલકુલ મહાવરો નહિ તોપણ હિંદીમાં અને અંગ્રેજીમાં બોલ્યા કર્યું. 'મોટા, મારી પાસે જે કંઈ

છે તે મારે તમને આપી દેવું છે અને પછી તમારી સાથે વધારે મજબૂત રીતે સાધનામાં જોડાવું છે.' શ્રીમોટાએ વધારે સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ શ્રી નંદુભાઈ સમજ્યા નહિ. તેઓ વધારે ને વધારે ઉત્સાહપૂર્વક બોલતા ગયા. કાંતાબહેનને થયું કે આની કંઈ ડાગળી તો છટકી નહિ ગઈ હોયને ! શ્રીમોટાએ શ્રી નંદુભાઈને કપાળે હાથ મૂક્યો તો શ્રી નંદુભાઈએ કહ્યું, 'ડોન્ટ ટચ મી. બી ઑફ ! (મને અડશો નહિ. આઘા રહો). એમ બીજે દિવસે બે વાગ્યા સુધી ખુલ્લા તાપમાં પડી રહ્યા. 'ઊઠીશ નહિ જ્યાં સુધી મારી પાસે જે કંઈ છે તે તમને આપી ના દઉં. રજિસ્ટર્ડ કરીને પાકે પાયે તમને આપી ના દઉં ત્યાં સુધી હું ખાઈશ નહિ. પેશાબ-પાણી નહિ કરું. ઊઠીશ નહિ. માટે, રજિસ્ટ્રારને બોલાવો. બધાંની સાક્ષી લો.'

આ કહેવા સાથે પૃથક્કરણ કર્યા કરતી વાણી તો વહેતી જ રહી. પોતે જે કાંઈ બોલે છે એ પોતે સાંભળે છે, સમજે છે અને પૂરી સભાનતાથી બોલે છે એમ એ જ પળે તટસ્થપણે અનુભવાયા કરાતું હતું. મનના બન્ને સ્તરો જુદા પડ્યા હોય એમ લાગતું હતું.

આમ ચાલતું રહ્યું. ડૉક્ટર કે વકીલ મળ્યા નહિ. એમને કહેવામાં આવ્યું કે આજે રવિવારનો દિવસ છે એટલે રજિસ્ટ્રાર બહારગામ ગયા છે. હવે સોમવારે જ કોર્ટમાં રજિસ્ટ્રેશન થઈ શકશે. શ્રી નંદુભાઈ કહે, 'બીજે દિવસે નહિ કરી શકું. અત્યારે મને જે ઉત્સાહ છે તે પછી નહિ રહે. પછી મારું મન પાછું પડી જશે. એટલે મારે એમ કરવા દેવું નથી.' પણ શ્રીમોટાએ એવું કંઈક કર્યું કે કંઈ થયું નહિ અને શ્રી નંદુભાઈને ઊઠવું પડ્યું.

શ્રીમોટાની ધન પ્રત્યેની નિરાસક્તિનો આ શ્રી નંદુભાઈનો પહેલો અનુભવ. લોભનો સંપૂર્ણ અભાવ. આજની (વર્ષ ૧૯૮૧ની ગણતરીએ) કિંમતે લગભગ દોઢ કરોડ રૂપિયા થાય એટલી રકમ હતી. પૂજ્ય ગોપાલમામાએ આ જાણ્યું ત્યારે એમનો શ્રીમોટા પ્રત્યે વિશ્વાસ પાકો થયો. પૂજ્ય શ્રીમોટા શ્રી નંદુભાઈના સમર્પણભાવને પામ્યા હતા, છતાં વહેવારની દેખીતી સપાટી પરનો એમનો સૂક્ષ્મ વિવેક ઘણી ઘણી બાબતો સૂચવી જાય છે,

('શ્રીમોટાની મહત્તા', ચોથી આ., પૃ. ૪૨ થી ૪૪)

આ ઘટના કેટલાંક તત્ત્વોને પ્રકાશિત કરે છે :

(૧) સાધકની આધાર શુદ્ધિ જેટલા પ્રમાણમાં થતી હોય છે, એટલા પ્રમાણમાં દિવ્ય અનુભવોની શક્યતા વધતી જતી હોય છે. સાધક પોતે એવી પળોએ પ્રભુનું 'યંત્ર' હોય એમ વર્તતો હોય છે.

(૨) સંસારી જીવો માટે મુક્તાત્માની વર્તનકળા કળવી અશક્ય છે, કેમ કે મુક્તાત્મા સંસારી ધોરણે વર્તતા નથી અને એમના આધારમાં એ દિવ્યતત્ત્વ હંમેશ સક્રિય જ હોય છે.

આ પ્રસંગ પછી શ્રી હસમુખભાઈ ઉર્ફે લાલાજી અને પ્રમીલાબહેન સાથે ૮ દિવસ શ્રી નંદુભાઈ, કાંતાબા અને સિદ્ધાર્થ કોડાઈકેનાલ હિલ સ્ટેશન ઉપર તા. ૨૦-૩-૧૯૪૬થી તા. ૨૮-૩-૧૯૪૬ સુધી રહેવાં ગયાં હતાં.

• • •

# ૨૦. સાબરમતી આશ્રમ આવતાં પહેલાં

## સુમેળભર્યું સ્ત્રીજીવન

હરિઃૐ તા. ૨-૪-૧૯૪૬

સાયલા

મારી વહાલી વહાલી કાંતુડી,

હવે તો તારો છૂટકો જ નથી. તારે સર્વભાવે નંદુનામાં ભગવાન ધારણાએ હૃદયથી શરણાગતિ કેળવીને એવો જીવતો સદ્‌ભાવ બતાવવો રહ્યો કે જેથી સાચેસાચ મારી લાજ ટકે ને વધે. તું જ મારી નિમિત્ત તે અંગે બનેલી છે. જો તું મારા પર હૃદયથી, મનથી અને કરણથી પ્રેમભાવ રાખતી હોય તો તેવું થવું એ તારો ધર્મ આપોઆપ બને છે.

નંદુ તને હવે તો કંઈ ના કહે કે સૂચવે તેમ છતાં તારી બુદ્ધિ, તારો યોગ્ય ધર્મ એનાથી શો છે એ તને આપોઆપ સહજપણે ઊગી શકે તો જ આનંદ થાય. **તારા સદ્‌વર્તનથી તારા હૃદયના ભાવથી એને સંપૂર્ણ સંતોષ વળે ત્યારે જ જીવને નિરાંત વળે.**

આધ્યાત્મિક જીવનમાં સુમેળ ને શાંતિ તથા પ્રસન્નચિત્તતાનું વાતાવરણ ઘણું અગત્યનું મનાયેલું છે. એટલે એવો સુમેળ તું પ્રગટાવતી રહેશે. ને **ઘરમાં શાંતિ ને ઘરના વાતાવરણમાં પ્રસન્નતા ફેલાવવાનું કામ બહેનોનું છે.** તારા તરફથી ધક્કા ન વાગે એવી કૃપા કરજે. આપણું લખવામાં જ ન રહે તેટલું જોજે.

વધારે તો શું કહું ? તારો પાલવ પકડ્યો છે તો એને સાજોતાજો પાર ઉતારજે. સિદ્ધાર્થને આંક, પલાખાં વગેરે પાકું કરાવજે. એનો અભ્યાસ જેટલો સંભાળાય તેટલો સંભાળજે. નંદુને સદાય પ્રસન્ન રાખજે. એનો પડતો બોલ હૃદયથી નદીનાં પૂરની પેઠે તારાથી ઝીલી શકાય ને એવું ખરેખર તને લાગે તો જ

અંતરનું સાચું પ્રમાણવું. તારામાં એ શક્તિ છે. તું ધર્મભાવે એવી થશે તો અમારુંયે ઠેકાણે પડશે. **અભાગીને ભાગ્યશાળી કરવો હવે તો તારા હાથમાં છે.** લિ. તારા હાલ તો અફળાતા કુટાતા

અભાગી મોટાનાં વહાલ તથા પ્રણામ

હરિઃૐ તા. ૪-૪-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

ઘણાં વર્ષો પર કરાંચીથી મેં એક કાગળમાં (હેમંતભાઈ પરના) લખેલું કે **'તમે મને પ્રખ્યાત કરશો અને ભાઈ નંદુ મને ધન્ય કરશે.'** આજે પણ તે વાક્ય મને સાચું લાગે છે.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

**પૂજ્ય ગાંધીજીએ સિદ્ધાર્થને લખેલો પત્ર**

મુંબઈ, તા. ૧૧-૩-૧૯૪૬

ચિ. સિદ્ધાર્થ,

તારો કાગળ મળ્યો. રૂપિયા પાંચ પણ મળ્યા. તું તો મારાથી ક્યાંય આગળ ચડી ગયો. ત્યારે ૭૬મે વર્ષે તો કોણ જાણે કેટલો વધ્યો હશે. આનો જવાબ તું દઈ શકે ? તું મજામાં હશે. અમે પાંચેક દિવસમાં પાછા પૂના જઈશું. લિ. બાપુના આશીર્વાદ

**૬ વર્ષ ૪ મહિનાના સિદ્ધાર્થને પૂજ્ય શ્રીમોટાએ લખેલા ત્રણ પત્રો**

હરિઃૐ તા. ૨-૪-૧૯૪૬

ઘણું વહાલા ભાઈ સિદ્ધાર્થ,

તું બહુ યાદ આવે છે. તેં પૂજ્ય બાપુજીને કાગળ લખ્યો હશે. મોટી બાએ મૌનએકાંત લીધું છે. માટે, **તું ભગવાનનું નામ**

**લેજે. ને બાને મદદ મળે તે માટે ભગવાનની પ્રાર્થના કરજે. ભગવાન બાળકની પ્રાર્થના સાંભળે છે, કારણ કે બાળક તદ્દન નિર્મળ ને નિર્દોષ પાપ વિનાનું હોય છે.**

**આપણને ખાવાનું મળે છે, પહેરવાનાં સારાં સારાં લૂગડાં મળે છે, રહેવા કરવાનું મજાનું ઘર મળે છે, ગમતાં ને આનંદ આપે એવાં માબાપ મળે છે, એ બધું ભગવાનને લીધે છે. ભગવાન આપણને બુદ્ધિ આપે છે. જે કંઈ મળે છે તે બધું ભગવાનને લીધે મળે છે. આપણી સંભાળ ને કાળજી પણ ભગવાન રાખે છે. રાત્રે સૂતી વખતે ભગવાન આપણું રક્ષણ કરે છે. એવા ભગવાનને જે ભૂલે તે પાપી કહેવાય.**

મોટા તને સ્વપ્નામાં આવ્યા હતા કે નહિ ?

ભાઈને તું ખૂબ હસાવે છે ખરોને ? કાંતાબા તથા ભાઈને તું ખૂબ રાજી રાખશે. ભાઈને વાતો કરાવજે.

હેરાન કરવાનું કે મારવાનું મન થાય તો મોટાને તેમ કરવું. કોઈને ધક્કો પણ ન મરાય. મોટાને મરાય, પણ એકલા એકલા ઓરડામાં જઈને કોઈ ના જુએ તેમ. કદી કદી એને બોલાવજે હોં.

તું હવે ક્યારે મળશે ? પૂજ્ય બાપુજી સ્વપ્નામાં આવે ત્યારે એમને તું કાગળ લખજે હોં.

મારા વતી પૂજ્ય કાંતાબા તથા ભાઈને વહાલ કરજે. બા તથા ભાઈ મને યાદ આવે છે. તને યાદ આવે છે ખરાં ?

હરિઃૐ          તા. ૧૪-૪-૧૯૪૬

સાયલા

પૂજ્ય ભાઈ સિદ્ધાર્થ,

તારો કાગળ મળ્યો છે. તું સાયલા આવશે ત્યારે વજુકાકા

તને સુંદર બે ધોળા મોટા ઘોડાની ગાડીમાં જરૂર બેસાડશે. આશ્રમમાં આપણે હવે વહેલાં વહેલાં રહેવા જવાનું થશે. તું ત્રિચિથી આવે ત્યારે પૂના પાસે પૂ. બાપુજી રહેતા હોય તો તેમનાં દર્શન કરવાં ઊતરજે. પૂ. ભાઈને તું કહેજે. ભાઈ (શ્રી નંદુભાઈ) તને ના હસાવે તો તું કેમ ભાઈને હસાવતો નથી ? તારે તો ગમ્મત કરી કરીને ભાઈને ખૂબ જ હસાવવા જોઈએ. હવે હસાવીને મને કાગળ લખજે. ભાઈ તને ગુફાઓ જોવા લઈ જવાના છે. પહેલાંના વખતમાં ભગવાનનું ભજન કરવા પર્વતને હથિયારોથી કોરી કાઢીને ગુફાઓ બનાવેલી ને ત્યાં જેને ભગવાનને મેળવવા હોય તે એકાંતમાં રહેતા. જેમ તું રહ્યો હતો તેમ એવી ગુફાઓ જોવા ભાઈ તને લઈને જવાના છે. મુંબઈમાં પણ તેવી ગુફાઓ (મુંબઈમાં એવી ગુફાઓ બે ઠેકાણે છે, એનું નામ એલિફન્ટા ને જોગેશ્વરી છે) તે પણ ભાઈ તને બતલાવશે તથા બીજું બધું જોવા પણ લઈ જશે, પણ એ બધું તને બતાવવા લઈ જાય ને જો તું ધ્યાનપૂર્વક એ બધા ફરવાના દિવસોમાં જાણે કરે નહિ તો તું પાછો પડી જાય તે મને તો ના ગમે. માટે, ખૂબ અભ્યાસ કરતો રહેજે. ભાગાકાર ગુણાકારમાં આગળ વધજે. બાની પાસે કૉષ્ટકો શીખજે. હમણાં મને આળસ આવી છે તેથી બાને તથા ભાઈને મેં કાગળ લખ્યો નથી. મુંબઈમાં તારા માટે ભાઈ બીજી ચોપડીઓ પણ લેશે. તું જે જુએ તે બધું લખે તો મને બહુ આનંદ થાય. કાગળ તો જરૂર લખતા રહેવું. પૂ. મોટી બા તો મૌનએકાંતમાં છે. ને તારી પેઠે હરિઃૐ, હરિઃૐ એમ બોલ્યા કરે છે. અહીં નાનો બાબો છે. એનું નામ હરિદત્ત છે. હું જે ગામમાં હાલ છું એનું નામ સાયલા છે. તે ગામ કાઠિયાવાડમાં આવેલું છે. આપણે જે મુલકના છીએ એનું નામ ગુજરાત છે. ને ગુજરાતનો એક ભાગ કાઠિયાવાડ

ગણાય છે. ભાઈ તને નકશામાં કાઠિયાવાડ બતાવશે. તું મને બહુ જ યાદ આવે છે. ચંદ્રકાંતકાકા ત્યાં આવ્યા છેને ? મુંબઈ તું જાય ત્યારે બાલાકાકાને તથા કાકીને પગે લાગજે ને પૂ. મોટા કાકા હોય તોપણ એમને પગે લાગજે. અમદાવાદમાં પૂ. દાદાને, મામીને, ચોકલેટકાકીને, બંસીકાકાને - બધાંને પગે લાગજે. ને લાકડીવાળા દાદાને ત્યાં પણ જજે ને પગે લાગજે.

તને લાંબો કાગળ ગમે છે તેથી લાંબો કાગળ લખ્યો છે. તારે જ્યારે મને કાગળ લખવો હોય ત્યારે લખવો. ખૂબ આનંદમાં રહેજે ને બધાંને આનંદ કરાવજે.

હરિઃૐ તા. ૧૯-૪-૧૯૪૬

સાયલા

પૂજ્ય ભાઈ સિદ્ધાર્થ,

તું મારા કાગળની આશા રાખે છે તે તો મને ગમે છે, પરંતુ જેટલા કાગળ લખશે તેના જવાબ તને આપીશ, તે જાણજે. પૂ. બા તથા ભાઈ તો ઘણી વેળા કાગળો લખે તેથી એમને મારા જવાબો પણ વધારે મળે. તેઓને કાગળો હું તો વધારે શીખવવા મોકલું છું. તેઓ કાગળોમાંથી શીખવાનું કરે છે. તું શીખવાથી કંટાળે છે ખરો ? હરિદત્તને જોતાં તું મને બહુ યાદ આવે છે. હરિદત્ત તો બહુ રડે છે. તે હજી નાનો છે, પણ તેં તારાં માબાપને કદી પણ પજવ્યા નથી. એવો ડાહ્યો નાનપણમાં રહ્યો છે તો હવે મોટપણમાં એવો ડાહ્યો રહીશ કે કેમ ? તે મને લખજે. ભાઈ હરિદત્તથી તો એની બા તોબા તોબા હેરાન થઈ જાય છે. તે એવો હોવા છતાં એનામાં પણ તારા જેવું ઘણું છે. તું એક બાજુનો છે તો તે બીજી બાજુનો છે. તું એને તારી સાથે રાખશે ખરો ? એને

તું રમાડશે ને ભણાવીશ ખરો ? તે તું મને લખજે. વજુકાકા હરિદત્તથી ખિજાતા નથી. એ તને ઘણી વાર યાદ કરે છે. જયામાસી પણ તને જોવા ઇચ્છે છે. મને તો તને મળવાનું મન થયું છે. તું ક્યારે આવશે ? તું જ્યારે પર્વતોમાંની ગુફાઓ જુએ ત્યારે કોઈ એક સારી ગુફામાં ધ્યાન કરવાનું જરૂર રાખજે. ત્યાં મને તું યાદ કરશે ખરો ? **ઘેર હોઈએ કે મુસાફરીમાં હોઈએ પણ ભણવાનું કદી પણ છોડવું નહિ. એટલું કૃપા કરીને તું રાખજે.**

પૂના પાસે મહાત્મા ગાંધીજી હોય તો એકાદ દિવસ પણ હેરાનગતિ થાય, મુશ્કેલી પડે તોપણ તું એમનાં દર્શન કરવાં જજે ખરો. તને તારા મૌનએકાંતની વાત પૂછે તો તારે તે વાત બાપુજીને કરવી. આશ્રમમાં જઈને ભાઈ તને કાંતવાનું પણ શીખવી દેશે. પછી તારે રોજ કાંતવું. એમાંથી સૂતર થશે ને એ સૂતરમાંથી તારાં પહેરવાનાં કપડાં થશે. કહે કેવી મજા ! તારી સાથે તું મને રાખશે ? આ વખતે તું મારી સાથે કરાંચી આવશે ? તું વિમાનમાં ઊડવાનો હતો તેનું શું થયું ? ભાઈ કે બા કદી કદી ઊડે છે કે નહિ તે એમને પૂછી જોજે. તું ભાઈ તથા બા સાથે વાતો ખૂબ કરજે હોં ! તારા વાળ કેવડા થયા છે ? હરિદત્તના વાળ મોટા થયા છે. તે તા. ૨૧-૪-૧૯૪૬ના રવિવારે કાપી નાખીશું. પણ રોફિન* નહિ. તું પૂ. બાપુજીને મળે ત્યારે જરૂર પૂછી લેજે કે સાદા વાળ સારા કહેવાય કે રોફિન ? જરૂર આટલું પૂછી જોજે.

મારે તને વહાલ કરવું છે. મનથી તો કરું છું ખરો. તને કદી સ્વપ્નમાં મોટા આવે છે ખરા ?

એ જ લિ. તારા મોટાના ઘણા ઘણા
સપ્રેમ પ્રણામ

---

* લાંબા વાળવાળી હેરસ્ટાઇલ

હરિઃૐ          તા. ૧૯-૪-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ તથા બહેન કાંતુ,

હવે તો તમને કોઈ કાગળ લખવા કરવાનું નહિ રહે, કારણ કે આ કાગળ તમને તા. ૨૬ સોરો મળશે ત્યારે તો તમે નીકળવાની તૈયારીમાં હશો.

મુંબઈમાં સિદ્ધાર્થને લશ્કરી મનવાર બતાવવાનું મન હોય તો Bombay Steam Navigation Co.ના મૅનેજર શ્રી બચુકાકાને એમની Ballard Viewની સિંધિયા હાઉસની ઑફિસમાં પહેલેથી ફોનથી વખત નક્કી કરીને મળવા જજો. એમને એ બાબતમાં પૂછી જોશો. કોઈ સગવડ મળી શકતી હોય તો તેઓ કદાચ મદદ કરી શકે. જો મળે તો મારા ઘણા સપ્રેમ પ્રણામ કહેશો ને રૂબરૂ ભલામણ પત્ર માટેનો આભાર માનશોજી. મુંબઈમાં મ્યુઝિયમ હોય ને જવું હોય તો તે પણ બતાવશોજી. રેડિયો કેવી રીતે વાગે છે એ બાબતમાં પણ ત્યાંના રેડિયો સ્ટેશને કોઈની ઓળખાણ કાઢીને પણ વ્યવસ્થા થઈ શકશે.

મુંબઈ રહેવાનું છે એના શિક્ષણ અંગે, કાંતુને સહેલગાહ કરવા માટે નહિ એ કાંતુ ખ્યાલમાં રાખે.

હરિઃૐ          તા. ૩૦-૪-૧૯૪૬

અમદાવાદ

પ્રિય ભાઈ તથા પ્રિય સૌ. બહેન કાંતા,

આ કાગળ મળતા સુધીમાં જો ન નીકળી શક્યાં હો તો આવો ત્યારે કુંભકોણમ્‌થી ચૂનાની એક શીશી લેતા આવશોજી. ને ત્યાંથી એવી રીતે નીકળશો કે જેથી કાર્લાની ગુફા તથા મુંબઈમાં

જોગેશ્વરી તથા એલિફન્ટાની ગુફાઓ - મુંબઈનું મ્યુઝિયમ તથા ઝૂ ગાર્ડન વગેરે બધું સિદ્ધાર્થને બતાવી શકાય.

બહેન કાંતાને માલૂમ થાય કે જો તું પણ બધે ફર્યા કરવાનું રાખે તો બહેન સૌ. સુશીલાને ખરાબ લાગે. માટે, ગુફાઓ વગેરે જોવા જવામાં એને સાથે રાખી શકાય એવી રીતે વ્યવસ્થા ગોઠવશોજી. ને ઘરના કામકાજમાં પૂરી મદદ કરવાનું રાખવું.

## પૂજ્ય શ્રી નંદુભાઈની ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ

સેક્સ (કામવાસના), વેલ્થ (લક્ષ્મી) અને પાવર (સત્તા) આ ત્રણ ઉપરનો જેને કાબૂ હોય, તે મુક્ત ના પણ હોય તેવી શક્યતા છે, પરંતુ તેવી જેની દશા હોય તે થોડા કાળમાં મુક્ત બની જાય ખરો. ('જીવનદર્શન', આઠમી આ., પૃ.૪૫૯)

હરિઃૐ તા. ૨૭-૫-૧૯૪૬

કરાંચી

પ્રિય ભાઈ તથા સૌ. બહેન કાંતુ,

જીવનમાં અનેક પ્રકારના urge જાગે છે, એવો urge જ્યાં લગી જીવનમાં ભભૂકતો રહ્યા કરતો હોય છે ત્યાં લગી જીવનમાં ઉત્સાહ ઉમંગ લાગ્યા કરે છે. તે વેળા તે urgeના વલણમાં અથાક મહેનત લેવામાં પણ આનંદ જ પડતો હોય છે. એવા urgeના વલણમાં માનવીનું મન તદાકારપણું સેવતું અનુભવેલું તમે જોયું હશે જ. માનવીના જીવનમાં કોઈકને passion (ધૂન)નો urge (પ્રેરણાત્મક બળનો ધક્કો) જાગે, કોઈકને લક્ષ્મીનો, કોઈકને રૂપનો, કોઈકને યશનો, કોઈકને સત્તાનો, કોઈકને મહત્તાનો, કોઈકને સૂક્ષ્મપણાના અમલનો અને તેવા તેવા urgeના પ્રેરાયો જીવ એમાં બસ ગુલતાન થઈને રમ્યા કરે છે. કોઈક જીવને જે જે પ્રકારની

ધૂન લાગે છે અથવા તેવા તેવા પ્રકારનું મનનું વલણ રહેતું હોય છે, તે વલણને વ્યક્ત કરતું સાધન મળ્યું કે મન એમાં બસ ઝંપલાવે છે જ. એમાં ત્યારે તે પરિણામનો વિચાર કરી શકતું હોતું નથી. જેને કંઈ પણ કશાનો urge જાગે છે એવાને એક પ્રકારની ધૂન પ્રકટે છે ને ધૂનમાંથી એને તે પરત્વેનું એકધારું વલણ રહ્યા જ કરે છે. હવે, આપણા જીવનમાંથી ધનનો urge **ગયો, વિષયવૃત્તિનો** urge **તદ્દન રૂપાંતર થયો છે એમ ભલે ન ગણાય પણ તેનો** urge **રહ્યો નથી, રૂપનો પણ તેવી રીતે** urge **રહ્યો નથી, યશનો પણ તેવો** urge **રહ્યો નથી - ને એવા કોઈ પ્રકારના ધગધગતા** urge **વિના જીવનમાં ઉલ્લાસ પણ જાગી શકતો નથી. હજી આપણને ભગવાન પરત્વેના જીવન પરત્વેનો સાચો અનુરાગ** urge **હૃદયથી જાગ્યો નથી. એ જાગતાં આપણું કામ પાકવાનું. એ જાગવા કાજે તો સાધના છે, જીવન છે, સગાંવહાલાં છે, જે કંઈ મળેલું છે તે બધું તે અર્થે જ વપરાય તો તેને જાગતાં વાર ના લાગે.** એવા urgeને જગાડવાની લક્ષણાવૃત્તિ આપણાં પ્રત્યેક વિચાર, વૃત્તિ ને કર્મના અંતરમાં રહ્યા કરે કે એવું ભાન આપણે રાખ્યા કરીએ તો મન તો બિચારું સાવ પામર છે, એ તો ત્યારે નમાલું બની રહે છે. **પ્રભુ તેને જ મદદ કરે છે, જે સતત એના ભણી જ લક્ષ, ધ્યાન, ચિત્ત, પ્રાણ રાખ્યા કરે છે. કોઈ પણ જાતના urge વિનાનું જીવન ખાલી જ લાગ્યા કરે તેમાં કશી નવાઈ નથી.**

એ જ લિ.

તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

• • •

## મે, ૧૯૪૬ થી સપ્ટેમ્બર, ૧૯૪૯

## ૨૧. શ્રી નંદુભાઈ ફરી સાબરમતી આશ્રમમાં

૧૯૪૬, જૂન પછી હવે ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ સભ્યોની હંગામી સરકાર બનવા જઈ રહી હતી. આઝાદી હવે હાથવેંતમાં હતી. ગુપ્તવાસમાં રહેવાની હવે જરૂર ન હતી. એટલે અને સિદ્ધાર્થ ૭ વર્ષનો થયો હોવાથી તેને ભણાવવાની જવાબદારી પણ શ્રી નંદુભાઈ ઉપર હતી. આથી, મે, ૧૯૪૬માં શ્રી નંદુભાઈ, કાંતાબા અને સિદ્ધાર્થ સાથે ફરીથી સાબરમતી આશ્રમમાં પોતાના નિવાસસ્થાનમાં રહેવા આવી ગયાં. શ્રીમોટા સાબરમતી આવતા ત્યારે શ્રી નંદુભાઈને ત્યાં જ ઊતરતા. સાબરમતી આશ્રમજીવનમાં ઘણા પ્રસંગો બન્યા હતા.

પૂજ્ય શ્રીમોટાના ભત્રીજા શ્રી શાંતિભાઈ આશ્રમમાં બાલમંદિર ચલાવતા હતા. સિદ્ધાર્થને પ્રથમ બાલમંદિરમાં તેમની પાસે મૂક્યો. તે પછી પ્રાથમિક શાળા અભ્યાસ માટે શ્રેયસ વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં સિદ્ધાર્થ ધોરણ ૩ સુધી શ્રીમતી લીનાબહેન મંગળદાસ પાસે ભણ્યો.

ત્યાર પછી ધોરણ ચારથી શાહીબાગ સ્થિત સી. એન. વિદ્યાવિહારમાં પ્રવેશ મેળવ્યો. આ સ્કૂલના મુખ્ય સંચાલક શ્રી સ્નેહરશ્મિ હતા કે જેઓ ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય કવિ, નવલિકાકાર અને નવલકથાકાર, પ્રસિદ્ધ કેળવણીકાર અને ઈતિહાસલેખક હતા. ઘરમાં શ્રી હેમંતભાઈ સિદ્ધાર્થના શિક્ષક હતા. સિદ્ધાર્થના અભ્યાસની જવાબદારી તેમના શિરે હતી. ઉપરાંત, સમય સંજોગો પ્રમાણે પૂજ્ય શ્રીમોટા પણ સિદ્ધાર્થને ભણાવતા.

## સાધના વિના વીતેલાં વર્ષો

હરિ:ૐ તા. ૨૩-૮-૧૯૪૯

પૂજ્ય પ્રિય,

૧૯૪૬, જૂનથી ૧૯૪૯, જાન્યુઆરી સુધી (શ્રેયસનો થોડોક ગાળો બાદ કરતાં) સિદ્ધાર્થ પાછળ અઢી વર્ષ આશ્રમમાં અને છ એક મહિના કિરાપટ્ટીમાં - મળીને ત્રણેક વર્ષ તેની પાછળ તેની કેળવણીમાં રસ લેવામાં ગાળ્યો. તે ઉપરછલ્લી દૃષ્ટિએ સાધનામાંથી ચ્યુત થવા જેવું લાગે. જ્યારે સર્વગ્રાહી દૃષ્ટિ મન ઉપર આવરણ આવી જતાં તૃપ્ત થાય છે ત્યારે તેમ લાગે પણ ખરું, પણ એ પણ એક રીતે સાધનાનો અંશ જ હતો. આધાર શુદ્ધિની ક્રિયામાં એ એક સોપાન હતું. તે ગાળામાં સિદ્ધાર્થ જેટલું પામ્યો હશે તેના કરતાં વધુ કદાચ હું પામ્યો છું. બાળમાનસમાં, કેળવણીમાં, જીવનદૃષ્ટિમાં, સાહિત્યમાં, ભાષાશુદ્ધિમાં એમ અનેક ક્ષેત્રોમાં ઉત્તરોત્તર મારો વિકાસ અબાધિતપણે ચાલુ રહેલો અને તેની અસર જીવનપટ ઉપર કાયમી રહી. આમ, એ ત્રણ વર્ષમાં પણ આગળ પ્રગતિ કરી છે એમ આજે લાગ્યું.

લિ. છોરું નંદુના પાયલાગુ

## પૂજ્ય શ્રીમોટા દ્વારા સિદ્ધાર્થની કાળજી

શ્રી નંદુભાઈ તો મૌનમાં હોય ત્યારે શ્રીમોટા શ્રી નંદુભાઈના કુટુંબની ખાસ કાળજી લેતા. સિદ્ધાર્થને સ્કૂલે જવાનો સમય થાય એટલે શ્રીમોટા સાથે બેસાડીને એને જમાડતા. રસોઈ તૈયાર ન હોય તો શ્રીમોટા કાંતાબાને કહેતા, 'કાંતુ ! સ્વાદિષ્ટ દાળ બનાવ ને જલદી સિદ્ધાર્થને પિવડાવી સ્કૂલે મોકલ.' શ્રીમોટાને સ્વાદિષ્ટ

રસોઈનું બહુ જ્ઞાન હતું. પૂજ્ય શ્રીમોટાએ કાંતાબાને સ્વાદિષ્ટ રસોઈ બનાવતાં શીખવ્યું હતું.

સિદ્ધાર્થના અભ્યાસ બાબત શ્રીમોટા ખૂબ જ કાળજી રાખતા. સિદ્ધાર્થને ભણવા કરતાં રમતગમતમાં વધારે રસ હતો. એટલે પૂજ્ય શ્રીમોટા શ્રીનંદુભાઈના ઘરના વરંડાના હીંચકા ઉપર બેસે અને સિદ્ધાર્થને પોતાની નજર પડે એમ મહાત્મા ગાંધીજીના નિવાસસ્થાન 'હૃદયકુંજ'ની ઓસરીમાં દીવાલને અઢેલીને લેસન કરવા બેસાડતા.

## મીરાંકુટિરમાં મૌનમંદિરની શરૂઆત

શ્રીમોટાએ ૧૯૪૬, જૂનથી સાબરમતી આશ્રમની મીરાં-કુટિરમાં મૌન સાધનાની શરૂઆત કરાવી હતી. તેમાં ભોજન, શૌચ, પેશાબપાણી વગેરેની દેખભાળ શ્રીમોટા જાતે કરતા.

મૌનરૂમ એટલે કે મીરાંકુટિર, ૧૨ થી ૧૩ ફૂટ લાંબો અને ૬ ફૂટ પહોળો ઓરડો હતો. એક કંતાનના પડદાથી તેના બે ભાગ પાડતા. એક ભાગની અંદર સાધકને રહેવાની વ્યવસ્થા હતી અને બીજા ભાગમાં મળમૂત્ર કરી શકે એવી વ્યવસ્થા હતી. જે કોઈ સાધના અર્થે આવતા તેનું મૂલ્ય જે કાંઈ મળતું તે હરિજન આશ્રમને ચોપડે શ્રી નંદુભાઈ જમા કરાવી દેતા. બીજા મૌનમાં બેસતા ત્યારે એમનું બે વાર જમવાનું અને ચા-કૉફી શ્રી નંદુભાઈને ઘેરથી આવતું. આમ, ૧૯૫૦ સુધી મીરાંકુટિરમાં મૌન સાધનાની પ્રવૃત્તિ ચાલુ રહી.

શ્રી નંદુભાઈએ અનેક વખત અહીં મૌન લીધું હતું. શ્રી ભીખુકાકા પણ સુરતથી મૌનમાં બેસવા આવતા. સાથે કેરીઓના ટોપલા વગેરે લેતા આવતા, શ્રી ભીખુકાકાનો ખોરાક ઘણો. એટલે

કાંતાબાને કહેતા, 'રોટલીનો ઢગલો કરજો હોં ! મારે રોટલી વધારે જોઈશે.'

## આશ્રમમાં પાળવાનાં વર્તનવહેવાર અંગે શ્રીમોટાનું માર્ગદર્શન

હરિઃૐ તા. ૮-૬-૧૯૪૬

કરાંચી

પ્રિય બધાં,

બને તેટલું ઘરખર્ચ કરકસરથી જ ચલાવવાનું છે, તેમ જ રસની કેરી વગેરે જોઈએ તેટલી લાવી શકાય પણ બીજી આફૂસ કેરી વગેરે ના લાવવી. ખાવાનું મન થાય ત્યારે શહેરમાં જઈને તેમ કરવું. આશ્રમમાં આપણા વર્તનથી કે ઉડાઉપણું તો નહિ, પણ સ્વાદના રસથી બીજા લોકોને મનમાં કશુંક પણ ઊઠે એવું ન થવું જોઈએ. આશ્રમના સામાન્ય રહેનારાંઓને ભારે લાગી આવે કે તરી આવે એવું આપણું જીવવાનું ન હોય. આમાં બીજા કોઈનો દાખલો ન લેવાય. બીજા કોઈ જેમ કરતાં હોય તેમ કરે.

વળી, હેમંતભાઈએ આઠ વાગ્યે ઑફિસમાં જવાનું રાખ્યું છે, તે બરાબર નથી. સિદ્ધાર્થને ભણાવવાનું એમને માથે છે, એટલે તેમણે તે રીતે તે ગોઠવવું જોઈએ અથવા તેઓ કયો કયો વખત એને આપે છે તે પણ મારે ખાસ જાણવાની જરૂર છે. કાંતુ એનો વખત કેમ ગાળે છે તે પણ મને લખે. નંદુ પણ જણાવે.

હરિઃૐ તા. ૧૮-૬-૧૯૪૬

સીતાપુર

ભાઈ નંદુને માલૂમ થાય કે દિવસમાંના સવારના ભાગમાં કોઈ પણ સમયે ધ્યાન પ્રાર્થના માટે સમય મેળવી તો લેવો જ. આખા દિવસના કાર્યક્રમમાં પણ એનું સતત સ્મરણ, ધ્યાન અને

ભાવ રહ્યા કરે એટલા અભ્યાસ કાજે દિવસમાં ધારણા તો રાખવી જ. જેટલું થાય તેટલું પણ બહુ નહિ તો નાનકડું.

આશ્રમમાં આપણે ઘેર કોઈ આવે કરે ત્યારે એને સાવ એકલું કે અતડું તો ના જ મૂકી શકાય. તમારો સ્વભાવ વાત કરતાં કામમાં જ વધારે વળગી રહેવાનો છે. નિરાંતે બેસી કંઈ પ્રસ્તુત વિષયની વાત કરવી એ તમારા સ્વભાવમાં નથી. એટલે કંઈ નહિ તો સ્વભાવની પકડ તોડવા તમારે તેમ કરવું જ જોઈએ. શ્રી હેમંતભાઈને વાતો કરવાની ટેવ છે, એટલે તો એમણે તેમ ના કરવું જોઈએ. માટે, તમારે બન્નેએ આ બાબતમાં પરસ્પર વાત કરીને તોડ કાઢી કંઈક નિર્ણય પર આવી જવું એવી મારી સલાહ છે.

**'આધ્યાત્મિક જીવન એટલે જીવનમાં પડેલી પકડથી મુક્ત થવું તે.'**

એ જ લિ.

તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

• • •

## ૨૨. પૂજ્ય કાંતાબા અને આશ્રમજીવન

જેમ કસ્તૂરબાની સમજણ મહાત્મા ગાંધીજી જેવી ના હોઈ શકે, તેમ શ્રી નંદુભાઈની અને કાંતાબાની સમજણ એકસરખી ના હોય. ઈશ્વરની અદ્‌ભુત રચનામાં પતિપત્નીની પ્રકૃતિ હંમેશાં સામસામી જ જોવા મળે છે. આમ છતાં મહાપુરુષોની પત્નીઓ ધન્યવાદને પાત્ર તો હોય જ છે. મનુષ્ય જગતના ઈતિહાસમાં રામસીતાથી માંડીને અનેક યુગ્મો થયા છે, જેમાં સ્ત્રીઓએ પોતાના પતિ સાથે ત્યાગમય જીવન જીવી બતાવ્યું છે. મહાન આત્માઓને અને તેમની પત્નીઓને પરસ્પર સુમેળ સાધવા ઘણો ભોગ આપવો પડે છે. યુગ્મોનાં નિર્માણમાં પણ ઉત્ક્રાંતિનો ઈશ્વરીય હેતુ હોય છે. દરેક પોતપોતાની જગ્યાએ યોગ્ય હોય છે.

શ્રી નંદુભાઈએ કાંતાબા સાથે લગ્ન કર્યાં પછી ૧૯૩૦માં મહાત્મા ગાંધીજી સાથે દાંડીયાત્રામાં જોડાઈને જીવન સાર્થકતાની યાત્રા શરૂ કરી હતી. પેરીસથી પાછા ફર્યા બાદ ૧૯૩૦માં શ્રી નંદુભાઈએ તો ગોપાલમામાને પોતાને વેપારને બદલે મહાત્મા ગાંધીજી સાથે જોડાવું છે તેમ જણાવ્યું હતું, પરંતુ મામાની અનુમતિ ન મળતાં મદ્રાસ જતાં આંખમાંથી આંસુ વહ્યાં હતાં, એવી એમની દેશસેવાની તાલાવેલી હતી. પૂ. ગાંધીજીના 'નવજીવન'ના વાંચનથી તેમના આદર્શોને જીવનમાં ઉતારવાના શ્રી નંદુભાઈએ પ્રયત્નો શરૂ કરી દીધા હતા. આવી જીવન સાર્થકતાની યાત્રાની દરેક પળોમાં કાંતાબહેન એમની સાથે ઊભાં રહ્યાં હતાં. પતિપત્ની બન્નેની જીવન સાર્થકતાની વ્યાખ્યા એક ના જ હોઈ શકે. છતાં કાંતાબા શ્રી નંદુભાઈની પડખે ઊભાં રહ્યાં હતાં અને પોતે પણ પૂજ્ય શ્રીમોટાના માર્ગદર્શન હેઠળ સાધનામાર્ગ અપનાવ્યો હતો.

તેઓ બન્નેએ ૧૯૩૩-૩૪માં ભારત ભ્રમણ અને વિદેશ પ્રવાસો પણ કર્યા. શ્રીમંતાઈના અનેક શોખો કાંતાબહેને પૂરા કર્યા. તે સમય તેમનો જાહોજલાલી ભોગવવાનો કાળ હતો. તેઓએ ૧૯૩૯ સુધી બધા પ્રાપ્ત મોજશોખોને માણ્યા.

૧૯૩૯માં ફરી શ્રી નંદુભાઈના જીવનમાં જીવન સાર્થકતાની ઝંખના સળવળી ઊઠી. તેમણે મહાત્મા ગાંધીજી સાથે જોડાવાનો આખરી નિર્ણય લીધો અને તે માટે વર્ધા જઈને આશ્રમ જીવન અપનાવવાનું નક્કી કરી લીધું. આ નિર્ણયમાં પણ કાંતાબહેને સહકાર આપ્યો. યોગાનુયોગે હરિજન આશ્રમ, સાબરમતીમાં એક ઓરડીમાં રહેવાનું થયું. તે કાળે શ્રી નંદુભાઈમાં ગાંધીવાદની ગ્રંથિ બંધાઈ ગઈ હતી. સાદાઈને અપનાવવા ઘર વસાવ્યું, જે કોઈ પણ ગૃહિણીથી સ્ત્રી સહજ સ્વીકાર ના થાય. ઘર કોને કહેવાય અને એક સગર્ભા સ્ત્રીની શું સ્થિતિ હોય તેનાથી શ્રી નંદુભાઈ બિલકુલ અજ્ઞાન હતા. આ અજ્ઞાનતાએ કાંતાબહેન પ્રત્યે તેમને કઠોર બનાવી દીધા હતા. સગર્ભાવસ્થા દરમિયાન કાંતાબહેનને મોહનથાળ ખાવાની ઈચ્છા થઈ અને એમણે બનાવેલ મોહનથાળ શ્રી નંદુભાઈએ ગાંધીવાદ અનુસાર સાબરમતી નદીમાં પધરાવી દીધો હતો. ત્યારે કાંતાબહેનના દિલ ઉપર શું વીત્યું હશે ! આ સમયે પૂજ્ય શ્રીમોટા અને સૂરજબા સાથે પરિચય ન હોવા છતાં તેઓ કાંતાબહેનની વહારે આવ્યાં હતાં. પૂજ્ય શ્રીમોટા બોલ્યા હતા કે 'પેલો લાંબા વાળવાળો એની બૈરીને બહુ હેરાન કરે છે !' પતિની આવી કઠોરતા કાંતાબહેને સહન કરી હતી.

૧૯૪૦માં શ્રી નંદુભાઈ પૂજ્ય શ્રીમોટા સાથે સાધના અર્થે જોડાયા પછી એમનાં વર્તનવહેવારમાં પરિવર્તન આવવા માંડ્યું.

આથી, કાંતાબહેનને જરૂરી સ્વતંત્રતા મળતી થઈ અને તેમની ઈચ્છા મુજબની ગૃહરચના થવા લાગી. કાંતાબહેને પણ સાધનામાર્ગ અપનાવ્યો. તેઓ અવારનવાર મૌનઅનુષ્ઠાન કરવાં લાગ્યાં. તેમનું પ્રથમ મૌનઅનુષ્ઠાન કિરાપટ્ટી નિવાસ દરમિયાન ૧૯૪૨માં થયું હતું.

પૂજ્ય શ્રીમોટા સાથે રહેવું એ ખાવાના ખેલ ન હતા. જેને શ્રીમોટા સ્વીકારતા તેમની જરાસરખી ઊણપ પણ તેઓ ચલાવી ન લેતા. સાથે સાથે તેમનો અદ્‌ભુત અનોખો પ્રેમ પણ અનુભવવા મળતો.

કાંતાબહેનમાં સ્ત્રી સહજ બધી જ નબળાઈઓ હતી, જે પૂજ્ય શ્રીમોટાના તેમના ઉપર લખાયેલા પત્રોમાં મળી આવે છે.

## કાંતાબા વિશે શ્રી નંદુભાઈ

## (શ્રી નંદુભાઈના પૂજ્ય શ્રીમોટા ઉપરના પત્રોમાંથી)

## કાંતાબાનું ખડખડાટ હાસ્ય - શ્રી નંદુભાઈ

હરિઃૐ તા. ૮-૮-૧૯૪૯

મૌનમાં

બાકી, હું જાણી જોઈને તેવો ગંભીર રહેવા કે દેખાવાનું ઈચ્છતો નથી. ઊલટું હવે સમજાતું જાય છે કે તેથી વાતાવરણમાં ઉલ્લાસ રહેતો નથી. કાંતુનું ખડખડાટ હાસ્ય કેવો આનંદ વાતાવરણમાં પ્રેરે છે. તેવું હાસ્ય મનેયે સાંપડો. ખરી શિષ્ટતા સ્મિતમય મુખને રાખવામાં છે. દિવેલ પીધા જેવું મુખ કોને ગમે ? તેથી, હાસ્યને યાદ લાવીને, તેવું વર્તવા પણ સાધનાનું એક અંગ સમજીને હવે તેમ યાદ લાવીને વર્તવાનું કરીશ.

વહાલપની પણ ખામી છે જ. તે દિશામાં પણ પ્રયત્ન જરૂર કરીશ. અને આ બે વસ્તુઓ સ્મૃતિપટે તાજી રહે તેવી તરકીબ

પણ કંઈક યોજીશ. આજ લગી આ અંગે જીવતા પ્રયાસ કર્યા નથી, હવે કરીશ.

## કાંતાબાની ઉદારતા

હરિઃૐ તા. ૧૦-૮-૧૯૪૯

સાબરમતી આશ્રમ નિવાસ દરમિયાન પૂજ્ય શ્રીમોટાના સૂચનથી શ્રી વાડીભાઈના દીકરા સુરેન્દ્રને સાથે રાખ્યો, જેથી સિદ્ધાર્થને પણ તેની સોબતનો લાભ થાય અને બન્ને કુટુંબો વચ્ચે સારા સંબંધો જળવાઈ રહે. આ રીતે કિરાપટ્ટીમાં પણ પ્રથમ દીપક અને પછી શિરીષને સાથે રાખ્યા હતા.

## કાંતાબાના ગુણોની કદર

હરિઃૐ તા. ૧૦-૯-૧૯૪૯

કાંતુ તેનું આડુંઅવળું કબૂલ કરે છે, પણ બીજા જ દિને તે વીસરાઈ જતું આ વખતે પણ અનુભવાયું છે. ને તે કબૂલવામાં પણ સ્વતઃપણે તે કબૂલાત નથી હોતી, પણ સામા તરફથી તેનું તેવું જાણ થવાનું વ્યક્ત થયા પછી તે કબૂલે છે. છતાં એટલું પણ કબૂલે છે તે આનંદની વાત છે. તેના ગુણોની યાદ કેટલીયે વાર આ મૌનગાળામાં આવી છે, પણ તે પોતે પત્રો વાંચતી હોવાથી તે બધું વ્યક્ત કરતાં મને સંકોચ થયો. એ રીતે કે તેમાં સૌજન્ય ને ઔચિત્ય નથી. બાકી, મારું મન જાણે છે કે - તેના પ્રતિ મને કેટલો ભાવ છે ! ને તેનામાં જે જે સારું છે તેની તારીફ મેં કેટલીયે વાર કરી છે.

હરિઃૐ તા. ૨૩-૪-૧૯૫૦

કાંતુ જાણી જોઈને કરકસર કરતી નથી એમ પણ નથી. તેનું ઘડતર જે રીતે થયું હોય તે પ્રમાણે તે કરે. શરૂમાં મેં ધ્યાન ના આપ્યું તે હવે પાકા ઘઢાએ કાંઠા ચઢાવવા જેવું થાય છે. બાકી,

તેનો સાથ આનંદપૂર્વકનો છે જ. ને સૌ પોતાની પ્રકૃતિ પ્રમાણે જ વર્તી શકેને ? એટલે કાંતુનો દોષ હું જોતો નથી. આટલું બધું લંબાણથી કદાચ તેના અંગે, તેના ખાતર જ લખવાનું બન્યું. તમોએ નિમિત્ત આપ્યું. એટલે આ પત્રથી કાંતુ માઠું નહિ લગાડે એ તેને વિનંતી છે.

કાંતુની બીજી ઘણી લાયકાતો છે - ગુણ છે. તેનાથી હું અજ્ઞાત કે અબૂજ પણ નથી, પણ સ્વજનને જ્યાં જ્યાં સુધરવાની તક હોય ત્યાં તે ચીંધી બતાવવાથી તેનું જ કલ્યાણ છે. તેથી, ઘણી વાર એ સમજથી કહેવાનું બને છે. ને ઘણી વાર હું પોતે મારી પ્રકૃતિવશ વર્તીને તેને કહું છું. ટોકું છું. આમ બન્ને પ્રવાહો વચ્ચે કદીક અથડાઉં - અફળાઉં છું. બાકી, અમો બન્ને સરખાં છીએ.

'ઓછાં તો આપણે છીએ કોઈ ને કોઈ વાતમાં,
બીજા ઓછાં બીજી વાતે, એક સૌ સરખાં ભલાં.'

એટલે એ તેના દોષરૂપે નથી લખ્યું, પણ એકમાત્ર હકીકત તેના ખ્યાલમાં ઊગે તેથી લખ્યું છે. બીજી બહેનો કરતાં તેનામાં ઘણું ઘણું વધારે તત્ત્વ છે તો તેનાથી ઊંચી કક્ષાની બહેનો કરતાં ઓછું પણ છે. ને એ તો સૌને લાગુ પડે તેમ છે. એટલે કૃપા કરીને તે દોષ ચીંધવાના રૂપમાં નહિ લે તે વિનંતી છે. તેનો પ્રયત્ન પણ તે ઊણપ દૂર કરવાનો રહેલો જોયો છે, પણ તેની ઊણપ દૂર કરવાની સાતત્યતા લાંબો કાળ ટકતી નથી ને પાછું પડી જવાય છે, જેમ હરકોઈને તેમ જ બને છે. એટલે આ બધું એક હકીકતની દૃષ્ટિથી લખું છું, તેમ ગણશોજી.

પણ આ બધું તમો કાં નથી જાણતા ? પણ આ નિમિત્તે કાંતુની આગળ વ્યક્ત થવાની આ વિષય અંગે તમોએ તક આપી તે સારુ આભાર માનું છું. હું માનું છું કે મને ખર્ચનો પ્રશ્ન નથી

કઠ્યો ને કાંતુને ન્યાય દેવા ખાતર કહેવું ઘટે કે તેને પણ નથી કઠ્યો કે કઠતું ને શ્રમ તો તે ઉઠાવે છે. બધાંની માવજતમાં એટલે તેને તે પણ નથી કઠ્યું એમ મારો ખ્યાલ છે. તેણે કદી કંટાળો તે બાબતનો દાખવ્યો નથી એ સારુ તેને ધન્યવાદ છે.

લિ. છોરું નંદુના પાયલાગુ

## પોતાના દાંપત્યજીવન વિશે શ્રી નંદુભાઈ

કાંતાને સ્વાદિષ્ટ રસોઈ બનાવવાનું શ્રીમોટાએ શીખવ્યું. બાકી, હું તો બાફેલું પણ ખાઈ લેતો. ગૃહસ્થજીવન કેવી રીતે પાળવું અને સંસારમાં કેમ રહેવું એ અમને શ્રીમોટાએ શીખવ્યું.

મેં મારા સેક્સનો પ્રશ્ન ક્યારેય એમની પાસે છેડ્યો ન હતો. તેમ છતાં બધી રીતે એમણે મને સુધાર્યો છે. મારે પત્ની સાથે કેવી રીતે વર્તવું એ પણ એમણે મને શીખવ્યું છે. પત્ની પ્રત્યેનું મારું વલણ જોહુકમીભર્યું હતું તેમ કહેવાય. એ વલણ પણ તદ્દન બદલાઈ ગયું. ઘર બાવાના જંગલ (બાવાની ઝૂંપડી) જેવું લાગતું, એ બધું ધીમે ધીમે નીકળી ગયું અને સમજાવા માંડ્યું કે ઘર તો ગૃહિણીનું છે, એની ઇચ્છા મુજબ ઘર ગોઠવાય. એ આપણી સાથે છે ત્યાં સુધી આપણે દેખભાળ રાખવાની છે. તો એની ઈચ્છાને શા માટે સંતોષવી નહિ ? એટલે ધીમે ધીમે ઘરમાં ફર્નિચર આવ્યું. ઘડિયાળો આવી, પાટો આવી. એટલે પત્નીને તો સંતોષ થાય કે ચાલો આ તો સારું થયું. એટલે એની ઈચ્છા મુજબ આપણે કરતાં થયા. ઘરમાં શું ખાવું ને શું ના ખાવું, ને શું કરવું ને શું ના કરવું એ બધું એની ઈચ્છા મુજબ થવા દેવું. એમ કરતાં કરતાં સમય વીતવા લાગ્યો. ઘરમાં બધું એની ઈચ્છા મુજબ થવા લાગ્યું, એટલે પત્નીને થવા લાગ્યું કે આ રસ્તો સારો છે. હવે તો મને એવું કશું જ નથી

થતું. કશું બોલ્યા કે માગ્યા વિના રહી શકાય એવી સ્થિતિ પણ રહે છે. જે તે કંઈ બને છે કે આવી મળે છે એ બધું જ કલ્યાણકારી છે, એ વાત મને દૃઢ થઈ ગઈ છે.

## શ્રી નંદુભાઈએ ૧૯૫૧ના મૌન દરમિયાન આપેલી પૂજ્ય કાંતાબાને અંજલિ

હરિઃૐ તા. ૧૭-૫-૧૯૫૧

કુંભકોણમ્ આશ્રમ

મૌનનો ૬૧મો દિવસ

પૂજ્ય પ્રિય,

આજે કાંતુ સાથે લગ્નગ્રંથિથી જોડાયાંને ૨૧ વર્ષ પૂરાં થાય છે. ૨૧ વર્ષે બાળક સ્વતંત્ર થાય છે તેમ ૨૧ વર્ષનાં લગ્ન બાદ પતિપત્ની લગ્નસંબંધના સ્થૂળ સંબંધોથી મુક્ત થાય તો તે ઈષ્ટ છે, યોગ્ય પણ છે ને જરૂરી પણ હોય. અમારા સંબંધમાં તેમ થાય તેવી મારી ખેવના છે. કાંતુને મારી પ્રાર્થના છે કે આની અગત્યતા સ્વીકારે. તે મને હવે આમાં પણ સાથ આપે. રાજીખુશીથી આનંદથી સાથ આપે ને તમારા આશીર્વાદ તેમાં હો.

કાંતુએ મને આ વિષયમાં સારો સાથ આપેલો છે. જેમ બીજી અનેક બાબતોમાં સાથ આપેલો છે તેમ લગ્ન બાદ ૩ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળવામાં તેણે સારો સાથ આપ્યો. તે પછી સંસારી જીવન જીવવામાં પણ સાથ આપ્યો ને વચગાળે ઐચ્છિક બ્રહ્મચર્ય પાળવામાં પણ સાથ આપ્યો. ત્યાર બાદ પૂજ્ય ગાંધીજીની સૂચના અનુસાર માસિક એક વખત જ સ્થૂળ સંબંધ ભોગવવાની સૂચનામાં પણ તેણે ઠીક સાથ આપ્યો ને છેવટે છેલ્લાં ૧૨ વર્ષથી (હા-બરાબર પૂરાં ૧૨ વર્ષ થયાં) પૂર્ણ સ્થૂળ બ્રહ્મચર્ય પાળવામાં તેણે

ઠીક ઠીક આનંદથી સાથ આપેલો છે. તેમ હવે પછીનાં વર્ષોમાં બે ડગલાં આગળ વધીને આગળ ધસી આવતાં વર્ષોની મર્યાદા સ્વીકારીને ને આધ્યાત્મિક જીવનને પૂર્ણપણે શોભે તેમ હવે પતિપત્નીના સંબંધોને તે રૂપમાં પણ તિલાંજલિ આપીને ભાઈ-બહેનના સંબંધમાં જીવવાનું બને તે ઈષ્ટ લાગે છે. તેમાં બન્નેનો ઉત્કર્ષ છે. આ એક દિનની, આજની લાગણીના ઊભરામાં આવીને લખતો નથી. ઘણા દિનથી આ વિચાર ઘોળાયા કરેલો છે તેને આજે વ્યક્ત કર્યો છે. મને આશા અને અભિલાષા છે કે કાંતુ સંમત થશે. જે રાજીખુશીથી આ વિચારને ઝીલીને મને પ્રોત્સાહન આપશે. આ નવા થયેલ આશ્રમમાં વસનાર આશ્રમવાસી તરીકે પણ હવે તે જ શોભે. પછી ભલે ગમે ત્યાં વસતા હોઈએ પણ એકવાર આ આશ્રમમાં દીક્ષિત થયા એટલે કાયમ આ આશ્રમવાસી જ લેખાઈએ - વસવાટ કામચલાઉ ગમે ત્યાં હોય. આજથી ૯ વર્ષ ઉપર ત્રિચિમાં તા. ૧૭-૫-૧૯૪૨ના રોજ તમોએ અમો બન્નેને લક્ષમાં રાખીને મંગલાષ્ટક કાવ્ય જે રચેલું તે અમને સંબોધેલું છે, તે યાદ આવે છે. જે **'જીવનસંદેશ'**માં છપાવાયેલું છે. તેમાં વ્યક્ત કરાયેલ ભાવના - સાચું ઐક્ય પામવાની ભાવનાને લગ્નના હેતુને સરળ કરવાની ભાવના તેના યથાર્થપણામાં પરિણમો એ આજના દિને મારી પ્રાર્થના છે.

૨૧ વર્ષો ક્યાંયે વીતી ગયાં, આંખના પલકારામાં જાણે વીતી ગયાં. જાણે હમણાં જ લગ્ન થયાં છે. આ ૨૧ વર્ષના સહચર્યના પૃથક્ પૃથક્ પ્રસંગો તાજા થાય છે, પણ તે સર્વને તાજા થવા દેવાનો આ ગાળો ના હોય ને તેના ઉપર પડદો પાડું છું. ફક્ત એક બાબતનો ઉલ્લેખ કરી લઈ તમોએ મને, તેના પતિનો

મારો સાચો ધર્મ દેખાડ્યો છે. તે સારુ તમારો જીવનભરનો ઋણી છું. આ એક જ હકીકત તમારા જીવનભરના ઋણી રહેવાને બસ છે. તો બીજી તો અનેકાનેક છે. તેનો હિસાબ જ કેમ નીકળે ? તોપણ આ માત્ર એક જ હકીકત અમને બન્નેને તમો સાથે પ્રેમભક્તિ કદરભાવે સંકળાયેલ રાખવાને પૂરતી છે. મનમાં પૂરો સદ્‌ભાવ હોવા છતાં પૂરી યોગ્ય સમજણના અભાવે મેં તેને અનેક વખતે દુઃખી કરી છે. પૂરી વફાદારી, પ્રેમ અને ભાવ હોવા છતાં અણસમજણથી તેને મેં અનેકવાર દૂભવી છે. તે સર્વની તેણે મને ક્યારનીયે ક્ષમા આપેલી જ છે. છતાં ફરીથી તેની હું માફી માગી લઉં છું. પ્રભુનો પાડ માનવાનો કે તેણે તમો સાથે સંબંધ સંપડાવ્યો અને મારી આંખ ખોલાવી તે સર્વ અંગે તમારો લળીલળીને આભાર માનું છું ને મારી કૃતજ્ઞતાની લાગણી - ભાવના - વ્યક્ત કરવાની રજા લઉં છું. તમો ને તમારામાંની ચેતનાને મારા અનેકાનેક પ્રેમભક્તિભાવભર્યા આજના દિનના પ્રણામો છે.

કાંતુ સાથેનાં લગ્નસંબંધથી મને પૂરતો સંતોષ છે અને જે પ્રેમભાવે તેણે મને મારાં સર્વ કાર્યોમાં સાથ આપેલો છે, તે સારુ તેનો હું ઋણી છું. પ્રભુએ મારા જીવનમાં તેના જેવી પત્ની આપીને મને અનેકવિધ સરળતા કરી આપી છે. ને મારી તેને પ્રાર્થના છે કે હવે પછીના મારા જીવનમાં તેના પતિનાં મારાં માન, આદર, કદર ને પ્રેમભાવનાને વ્યક્ત સ્વરૂપમાં યથાયોગ્ય આકાર મળો. ને તે તે ભાવનાઓને અનુરૂપ પ્રત્યક્ષ વહેવારમાં જીવવાનું બનો. તે આજના દિનની બીજી પ્રાર્થના છે.

તેના દાગીના ફરીને થઈ શક્યા તે પણ આનંદની વાત છે. તેને મનમાં અચૂક રહી જાત કે આ લોકોએ મને છેતરી ને હું ફસાઈ પડી.

એટલે એકવાર ફરીથી તેને ખાતરી થશે કે તેવો કોઈ હેતુ હતો જ નહિ. ને હવે તો જે દાગીના હતા તે કરતાં પણ વધુ સારા ને પ્રમાણમાં પણ વધુ દાગીના બનવાના કે બન્યા હશે. એટલે તેને પૂર્ણ સંતોષ થાઓ એમ ઈચ્છું. તેને તે અંગે જબ્બર ગ્રંથિ છે. તે આ વખતે જ અનુભવ્યું - તેના ખરા રૂપમાં એટલે જે થયું તે ઠીક જ થયું છે.

વર્ષો વીતતાં વાર લાગતી નથી. કાળ માથે અચૂક લટકતી તલવાર સાથે છે જ. તે નિશ્ચયાત્મક ઘટના હોવા છતાં પામર માનવી તેને જ મુખ્યપણે વીસરી જાય છે, ને જાણે કે બનનાર જ નથી તેમ વર્તે છે. તે પણ તેની જ માયા છે. શી જબ્બર માયા છે !

લિ. છોરું નંદુના પાયલાગુ વાંચશોજી.

## ગૃહસ્થ આશ્રમજીવન

હરિઃૐ તા. ૨૦-૬-૧૯૪૬

રાત્રે સાડાનવ વાગ્યે

પૂજ્ય વહાલા મોટા,

વહાલા મોટા હવે તમો ક્યારે આવશો એમ મનમાં થયા કરે છે. કદીક વાર તો ઝટ આવો તેમ થાય છે. અત્યારે હું એકલી છું. તેઓ શહેરમાં ગયા છે - એમના કામે અને સિદ્ધાર્થ અને હેમંતભાઈ સૂઈ ગયા છે. કદાચ તેઓ અત્યારે આવે ખરા, સાંજના ગયા છે.

અહીંના નોકર અપ્પુની બીના તો તમે જાણી છે. તેમાં વહાલા મોટા એવું તો સરસ બન્યું કે મને તો તેમાં તેના જવામાં પ્રભુની કૃપા અને પ્રભુઈચ્છિત બન્યું લાગ્યું. તેથી, તેના જવાથી મને તો એક રીતે આનંદ જ થયો. તેના કારણમાં પ્રિય સિદ્ધાર્થના પ્રશ્ને

વધુ ભાગ ભજવ્યો ગણાય. 'પ્રેમકુંજ'માં જ્યારે હું અનુષ્ઠાનમાં હતી, અમો બન્ને હતાં, તે વખતે તમો સિદ્ધાર્થને કંઈ કામ કરવાનું અથવા લાવવાનું કહેતા તો 'નોકર છું ? યા નારાયણને કહો.' વગેરે અનેક રીતે તે જવાને કરવાને અચકાતો ને ચોખ્ખી, કદી ના પણ કહેતો. તે જ વસ્તુ અત્રે આશ્રમે આવ્યા બાદ પણ ભાગ ભજવતી 'અપ્પુને કહોને', 'તમે કરોને' આમ કહેતો, પછી સમજાવટથી કરતો ખરો. તમે મારા અનુષ્ઠાન વખતે બેએક વાર કહેલું કે 'જો આ નોકર હોવાના શ્રાપ.' ને નોંધમાં મેં લખેલું કે હવે ભાવિ આશ્રમ જીવનની સ્થાપનાએ નોકર નથી રાખવો અને તે અંગે વાત આપણે થયેલી. છતાં મારી ભૂમિકા એટલી તૈયાર નહિ હોવાના કારણે તમે લખ્યું કે કોઈ નોકરને સાથે લઈ જાવ, ત્યાં નહિ મળે, મુશ્કેલી છે - નોકરની અને અપ્પુને સાથે લીધો.

હવે તે બાદ પણ જે આશ્રમ જીવનનો હેતુ હતો કે સ્વાશ્રયી થવું તેમાં મને પૂરી સરળતા ન હતી. તેનું મનમાં દુઃખ હતું કે જે આશ્રમ જીવનનો ખ્યાલ છે અને ખાસ કરીને સિદ્ધાર્થને જે રીતે કેળવવો છે તેની તૈયારીમાં મુખ્ય નોકર ના હોય તો સરળતા, વિકાસ તે બાજુનામાં થઈ પડે. મને કામ કરતી - પાણી, કપડાં વગેરે કરતી જોશે તો તેને કદી કામ કરવાની ઊર્મિ-વૃત્તિ ઊગવાની હશે તો તે પણ થશે અને મારામાંથી પણ તામસ જડતા જશે કામમાં થોડી ઝડપ આવશે. અને વખતસર બધું યોગ્ય કરવાની ટેવ પડશે. આમ, વિચારોમાં હતી ત્યાં તમારો કાર્ડ આવ્યો કે **'વહાલુડી કાંતુ, જીવન કેળવીને સિદ્ધાર્થનું જીવન કેળવાશે.'** આવું કંઈક લખેલું, તે કાર્ડ અત્યારે નથી. કદાચ હેમંતભાઈ પાસે હોય, ફાઈલમાં નથી. પણ આવા અર્થનું હતું, કારણ તે બહુ જ વખતસરનું

હતું. તે પણ આવ્યા બાદ બીજા કે ત્રીજા દિને અપ્પુ ગયો. એટલે હું બોલી, 'મોટાએ પરમ દિવસે જ લખ્યું છે તે આની આગાહીરૂપે બન્યું.' જે થયું તે સારા માટે. આમાં પણ આનંદ છે ને સાચે જ આનંદ છે. હેમંતભાઈએ તે દિવસે અને બીજા દિવસે ત્રણેક વાર પૂછ્યું કે 'કેમ કાંતાબહેન આનંદમાં છોને ?' મેં કહ્યું, 'જરૂર, આનંદમાં છું. જે થયું તે સારા માટે.'

પછી ત્રણ દિવસ બન્ને વખતનાં વાસણ મેં માંજ્યાં પછી જીવીબહેનને રાખી, કારણ તેમાં ફાવટ ના આવી. હાથે ચાંદી પડવા માંડી અને બાકીનું બીજું બધું કામ કરવાનું રાખ્યું. તેમાં વાપરવાના નળથી પાણીનો ઘડો તેઓ ભરતા, ફાનસ - પથારી તેઓ કરતા. બાકીનું વાસીદું - ૪ રૂમનું - બેનું તેઓ વાળી લેતા - પૂજા રૂમ અને ભણવાનો રૂમ, રસોડું, ભઠ્ઠી લીંપવી અને ગોળી વગેરે બધું હું કરતી. પીવાનું પાણી લાવતી. આમ, બધું ઘણા જ આનંદથી કરતી. હમણાં તો અનાજ સાફ કરવાનું અને મસાલો વીણવા, ચાળવાનું વગેરે પણ ખૂબ પહોંચે છે. અથાણામાં ૦ાા (અડધો) મણ ગૉળ, કેરી ને તેનો મસાલો કરવામાં વખત ગયો. ૦ાા (અડધો) મણ બટાકિયાં વધારેથી કરી નાખ્યું. તે વખતે અપ્પુ હતો. હવે ૧૦ શેર કેરીની રાઈતી આજે નાખવી છે. મસાલો કાલે કર્યો. કેરી તેમણે છોલી કાપી દીધેલી. તે મીઠામાં નાખી. આમ, હમણાં પરચૂરણ કામ ઠીક પહોંચે છે. ચણાની દાળ ઘેર કરી - ભરડીને. તેવામાં આમ હાથે કામ કરવાનું આવતાં ટેવ ના હોવાને કારણે ખેંચ જરૂર પડતી. થાક પણ ઠીક પ્રમાણમાં લાગતો. છતાં તે બધાંમાં બેળે બેળેની વૃત્તિ ન હતી, પણ ઊલટો આનંદ ઉત્સાહ હતો અને નક્કી કર્યું કે હવે મારે શરીર ઘટાડવાની દૃષ્ટિએ

તામસ જડતા કાઢવાને માટે અને ઝડપનો વેગ વધારવા માટે તેમાંથી કયું કામ ક્યારે કરવું, તેની યોગ્ય સૂક્ષ્મ સૂઝ આવે તે હેતુ સાથે બરાબર ૧૧ વાગ્યે કોઈ પણ હિસાબે રસોઈ કરવી. વાસીદું વાળી લેવું, ગોળી ગાળવી, પાણી પીવાનું ભરવું, રસોડામાં ભરવું, ચાનાં વાસણ વગેરે ઊટકી લેવાં, કપડાં ધોઈ લેવાં અને નાહી લેવું. આ બધું ૧૧ વાગ્યામાં રસોઈ સાથે થવું જોઈએ એમ મન સાથે નિશ્ચય કર્યો ને જ્યાં કશાની ટેવ નહિ ત્યાં આમ કરવાનું નક્કી કરતાં ખેંચ જરૂર પડતી પણ ઝડપનો વેગ હરિઃૐ જાપ સાથે સારો રહેતો. તેથી આનંદ હતો.

ત્યાં વાસણ માંજવાની બાઈની શોધ કરી ત્યારે શરૂમાં બધેથી ના આવી. પછી જીવીને રાખી. સવર્ણમાં તો કોઈ જ ન મળ્યું. હેમંતભાઈ તેમનાં કપડાં હાથે ધોતાં. તેમણે (શ્રી નંદુભાઈએ) કહ્યું કે તમારાં કપડાં જીવીને આપો, અમે તો પહેલેથી ધોઈએ છીએ. તમને નહિ ફાવે. પણ (હેમંતભાઈ) કહે, ‘નોકર સ્થાયી ના હોય તેવા વખતે તમે બધાં હાથે ધૂઓ ને હું જીવીને આપું તે મને ઠીક નથી લાગતું. હું મારી મેળે જ ધોઈશ’ અને ધોતાં હતાં, પણ તે વખતનો તેમની દૃષ્ટિથી પૂરો સદુપયોગ થતો ના લાગ્યો. એકાદી વાર સહજભાવે બોલ્યા એવું ત્યારે પણ મેં કહ્યું કે તમે જીવીને આપોને ! પહેલાં તે ધોતી જ હતીને ! તો કહેતા કે પૂ. બા આવશે ત્યારે જોઈ લઈશ-લેવાશે, હમણાં નહિ.

આમ ચાલતું હતું ત્યાં એક ભાઈ નોકર છોકરાને લઈને આવવાના હતા. પહેલાં તે ભાઈને બાઈ નોકર વાસણ માટે લાવવા કહેલું. તેના જવાબમાં હેમંતભાઈને તેમણે જણાવ્યું કે બાઈ તો નથી મળતી છોકરો છે, લાવું ? ને હેમંતભાઈએ હા પાડી. પછી

ઘેર આવીને મને વાત કરી કે રાખવો છે ? મેં કહ્યું મારી ઈચ્છા સ્થાયી નોકર રાખવાની નથી. પ્રભુએ કૃપા કરીને આ તક આપી છે. જીવન કેળવવાની અને અપ્પુ પ્રભુ ઈચ્છાથી ગયો તો હવે બીજો નથી રાખવો. વાસણ માટે તો હમણાં જીવી રાખેલી છે અને બીજું સિદ્ધાર્થની કામ કરવાં અંગેની વૃત્તિ જે નથી તે નોકરના અભાવે કામ પ્રત્યે પ્રેરાશે, મને કામ કરતી જોઈને તેને ઊર્મિ થવાની હશે તો થશે અને મારામાં પણ આગળ લખ્યું તેમ જે નથી તે કામ કરવાથી આવશે. સ્વભાવની ઉપરવટ જતાં શિખાશે. પૂજ્ય શ્રીમોટા જેવી મને જોવા ઈચ્છે છે તે આ જ કામ કરવાની યોગ્યતામાંથી જ થવાનું છે. ને હમણાં જ તેમણે પોસ્ટકાર્ડમાં લખ્યું છે. આમ, ઘણી રીતે મારું તેમને સમજાવ્યું ને કહ્યું કે મારી તો જરીકે ઈચ્છા નથી અને સિદ્ધાર્થને યોગ્ય રીતનું જીવન આપવું હોય જીવીને તો આ પરિસ્થિતિમાં રહીને જ અપાશે એમ હું માનું છું. અને તેમણે પણ શ્રીમોટાને હમણાં કાગળ લખ્યો તેમાં નોકર ના હોય તો અમારા અને તેમાંથી સિદ્ધાર્થના જીવન માટે શક્યતા છે એવો અર્થ હતો. તો હેમંતભાઈ કહે હા, તે તો મેં વાંચ્યો હતો અને શ્રીમોટાનો હેતુ પણ એ છે એમ પણ મને લાગે છે.

પણ સવારમાં ખૂબ દોડધામ પડે છે. કપડાં ધોવાંમાં વખત ખૂબ જાય છે ને કાગળ નથી લખાતો. તો પેલો વખત સદુપયોગમાં લખવામાં જાય. જો સ્થાયી નોકર હોય તો. જોકે મને નથી ગમતું ધોવાનું તેમ નથી એટલે મેં જણાવ્યું કે તો તમો જાણો. મારી ઈચ્છા નોકર રાખવાની નથી તે મેં જણાવ્યું અને નહિ રાખવાના હેતુમાં સિદ્ધાર્થનો અને ભાવિ આશ્રમજીવનનો હેતુ મારો મુખ્ય છે. 'પ્રેમકુંજ'માં સિદ્ધાર્થના 'નોકર એ શ્રાપ છે' એવા જે તેણે અનુભવ કરાવ્યા ને ભાઈને મેં કહ્યા, આ પણ કારણ નોકર ના રાખવામાં.

પણ આ બધી વિગત વહાલા ભાઈને કંઈ ઊતરી નહિ અને રાત્રે ૮ વાગ્યે નોકરને લઈને દેવાભાઈ આવ્યા અને તે નોકરભાઈને મહિને રૂ. ૧૨/- થી હમણાં રાખ્યો છે. કામ જોઈ વધારવો એમ નક્કી કર્યું છે. કપડાં બધું આપવાનું અને તે આપણે ત્યાં જ રહે, સૂવે, જમે. ગઈ કાલ બપોરથી શરૂ થયો છે. બાકી, મને તો કામ કરવામાં આ વખતે ખૂબ આનંદ આવતો હતો અને અપ્પુ ગયો તે પ્રભુની કૃપા માનતી - ગણતી હતી. ને કાશીબા, મોટી વગેરે બેત્રણ જણને કહ્યું પણ ખરું કે હવે નોકર નથી રાખવો. વાસણ મંજાવીશ. બીજું હાથે કરશો ? આમ, પ્રશ્ન પૂછતાં હું જણાવત કે હા થશે. તેય એક જીવનમાં જરૂરનું છે ને શરીરને કસરત મળશે. તમો બધાં કરો છો તેમ હું પણ કરીશ ને હમણાં કરું છું તેમાં કશું પણ અઘરું નથી લાગતું, ઊલટો આનંદ આવે છે. સિદ્ધાર્થનું મન પણ કામ કરવામાં થશે. એટલે તેઓ કહે હા, તે તો ઘણું જરૂરનું છે. તે દાખલા આપે શાંતિભાઈ, મોહનભાઈ, વનુબહેન વગેરેના કે નાનપણમાં કરેલું હોય તો જ મોટા થયે કરવાનું ગમે ને તેય આપણે ના કરીએ ને તેમને - બાળકને કરવાનું કહીએ તો શાના માને ? એ તો માને (કામ કરતી) જુએ ત્યારે પોતે કરે. તમે કરો છો તે સારું છે. તો તેનામાં ઊર્મિ જાગશે. એટલે કહેવાનું એ કે મારો હેતુ નક્કી પણ હતો નોકર નહિ રાખવામાં. પૂ. મોટી (નરહરિભાઈ પરીખનાં ધર્મપત્ની) વગેરેને પણ હું પોતે તો કહેવા ગઈ જ નથી. મને કામ કરતી જોઈને જિજ્ઞાસાની વૃત્તિ કે ગમે તે વૃત્તિથી તેઓ જ મને પૂછતાં ને ઉપરનો જવાબ આપતી. પ્રિય આનંદીબહેને ત્રણ દિવસ ઉપરનું કપડાં ધોતાં પૂછેલું ને વધુમાં પૂછ્યું કે આકરું નથી લાગતુંને ? ટેવ નહિ તેથી ને મેં નોકર નથી

રાખવો એમ જણાવ્યું છે. કામ કરવામાં વધારે આનંદ આવે છે, પણ તે મારું નિશ્ચયપણું ના ટક્યું. જેવી પ્રભુની ઇચ્છા. હજુ તેવી સ્થિતિ માટે હું, મારું મન તૈયાર અંતર્ગતપણે નહિ થયું હોય. નહિ તો નોકર ના આવે. ભાઈ તો તેમાં નિમિત્ત છે. ખરી વસ્તુ તો પ્રભુ જ જાણે - તમો પણ. એટલું હજુ લાગે છે કે ભલે મારું મન નક્કી કરે ને નિશ્ચયો કરે પણ આંતરમાનસ ભૂમિકા જ્યાં સુધી શુદ્ધ ના થઈ હોય - આધારશુદ્ધિ પૂરી ના થઈ હોય ત્યાં સુધી નિશ્ચયબળનું જોર પણ એટલું નમાલું રહેવાનું.

વહાલા મોટા, સિદ્ધાર્થનું હમણાં તો કશું નથી લઈ શકતી. તેને ભણાવવાનું પણ બધું પતી જતાં જરૂર લઈશ, તે નક્કી. તેઓએ પણ મને ઘણી મદદ આનંદથી કરી છે અને ખરીદીમાં પણ મદદ કરે છે. હવે વરસાદ શરૂ થયો છે.

તમો ક્યારે અત્રે આવવાના તે તો જણાવ્યું જ નથી. તો સાયલા જતાં પહેલાં અહીં આવીને ના જાવ ? તમો આવો એમ થયા કરે છે. કાંતવાનું પણ હવે શરૂ કરીશ ને જણાવીશ.

એ જ લિ. છોરું તમારી કાંતુના પાયલાગુ.

નંદલાલના પાયલાગુ.

## તામસ આળસ હઠાવો

હરિઃૐ તા. ૨૬-૬-૧૯૪૬

પ્રિય બહેન કાંતુ,

તારે જો સિદ્ધાર્થના જીવનમાં તામસ આળસ વગેરે હઠાવવાં હોય તો તે તારામાંથી દૂર કરવાં જ પડશે. કામ કરવાની ગતિ, ઝડપ, વેગ ખૂબ ખૂબ વધારવાં પડશે. તે વિના આરો નથી. વાતોનાં વડાં કર્યે કશું જ પતવાનું નથી. ભાવના જો આકાર ન

લઈ શકે તો તેવી ભાવનાનો કશો અર્થ નથી. **કોરી લૂખી ભાવનાથી કંઈ ભગવાન હૃદયમાં ઊતરી કે જાગી શકવાનો નથી.** ભાવનાનું યોગ્ય માપ નીકળી શકે છે. આધ્યાત્મિક જીવનમાં તો પળેપળ શ્રદ્ધાનાં પારખાં લેવાતાં હોય છે. તું સિદ્ધાર્થ કાજે કેવું વહાલ ધરાવે છે એનું માપ તું તારામાંથી તારાં તામસ આળસ દૂર કરવાને કેટલી તૈયાર થાય છે એના પરથી મને જણાશે. એનું ડિક્ટેશન, શબ્દ, પલાખાં વગેરે જે જે દિવસે જે જે વખતે લેવાનું હોય તે કાજે તારે નવરું રહેવાનું રાખવું. નોકર ના રાખવો એ જ તારે કાજે ઈષ્ટ છે તે તો લખી જ દીધેલું છે. તારા દિલમાં એ ઊગ્યું છે તેથી મને ઘણો ઘણો આનંદ થયો છે.

તું નંદુ સાથે સંપૂર્ણપણે મોકળી નથી થતી, એ મારું ઊંડું દુઃખ છે. જે કંઈ વાત તું હેમંતભાઈ સાથે કરી શકે તે તું એની સાથે કેમ ના કરી શકે ? મારી પાસે જેટલી તું ખુલ્લી થાય એના કરતાં પણ વધારે પ્રેમભાવે ને હૃદયની સરળતાથી એકદિલ કરતી થાય, એને કાજે નહિ પણ પોતાના કાજે સર્વ કંઈ કરતી રહે ને એના સૂચન પરત્વે પ્રેમભાવે સર્વ રીતે શરણાગતિ રહ્યા કરે ને તેમાં ધારણા પ્રભુભાવની જ રહ્યા કરે એવું હું માગું છું. હેમંતભાઈ સાથે જેમ તું હળવી રહી શકે, ગમ્મત વિનોદ કરી શકે તેમ તું નંદુ સાથે પણ કરી શકે જ. એની સાથે એ જ પહેલ, પહેલાં તેવું કદાચ ન ગમવાનો સંભવ હોય તોપણ તું તેમ વર્તે તે યોગ્ય છે. તે તારા જીવનમાં મહત્ત્વપણે પ્રથમ છે. તારું સ્થાન એનામાં એક થવાપણા કાજે છે, તે જાણજે.

નોકર વિના તું ઉત્તમ આનંદભાવે બધું કરી શકે તે જોવા મારું દિલ ઉત્સુક છે. **વિષમ પરિસ્થિતિથી જીવન જેટલું કેળવાય**

**છે, તેવું બીજા કશાથી કેળવાતું નથી. વિષમ પરિસ્થિતિથી માનવી જીવનની શક્તિ વધારે તેજસ્વિત ઉગ્ર બની શકે છે,** પણ કશું પણ હાય હાય કરીને બેળે બેળે ના કરતી. એ તો જીવનનો સર્વનાશ નોતરે છે, તે ધ્યાનમાં રાખજે. જીવનમાં ઉત્સાહ, આનંદનાં પૂર પ્રકટે ને એ આનંદ ઉત્સવનાં દર્શન જે જે મળ્યા કરે એને થતાં રહે તો મારું જીવ્યું તમારાં બધાંની સાથેનું યોગ્ય ગણાય. એવો ભાગ્યશાળી બનાવવાનું તમારાં બધાંના હાથમાં છે.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.

## સંગ્રામ અને સિદ્ધાર્થની કેળવણી

હરિઃૐ તા. ૨૬-૬-૧૯૪૬

સાબરમતી આશ્રમ

પૂજ્ય વહાલા મોટા,

જત, તમારો ભાઈ (નંદુભાઈ) ઉપરનો બધાંને ઉદ્દેશીને લખાયેલો પત્ર મળ્યો ને વાંચ્યો. વહાલા મોટા, સાચે જ નોકર જતો રહ્યો ત્યારે કામની ઝડપ કરવાની હતી અને તે અમુક વખતે જ થવું જોઈએ. બીજા કામને પહોંચી વળવા માટે અને એથી વધુ જેમ બને તેમ વેગ વધારવો. ઝડપ વધારવી અને વખતસર થવા જોઈએ એમ મનમાં થયા કરતું ને તેથી કામ પણ ઉતાવળું ને ઝડપી થતું. તેમાં પ્રભુએ આપેલી કૃપાનો મને પોતાને અનુભવ થતો અને કામ કરવામાં આનંદ થતો હતો. રાત્રે વાંચવા માટે પણ કેમ જલદી પરવારાય તેની પણ વેતરણમાં હતી જ. છેલ્લા બે દિવસ તો સવારના ૧૧ વાગ્યે જમવાના વખતને પણ નક્કી કરીને આટલું કામ થાય અને બરાબર ૧૧ વાગ્યે જમવાનું થાય. પરવારવું છે અને એમ બે દિવસ કરેલું - થયેલું. પ્રભુકૃપાથી અને

પછી તો બીજો ભાઈ નોકર આવ્યો. તે સંબંધી તો લાંબો ૮ સાઇડનો પત્ર લખ્યો છે. જે હવે મળ્યો હશે. નોકર આવ્યા છતાં પણ કપડાં હાથે ધોવાંનાં રાખ્યાં છે. તે નોકર ભાઈ ને હું, સાથે જઈને ધોયેલાં કપડાં લાવીએ છીએ. હેમંતભાઈનાં, મારાં અને બીજા આગળપાછળનાં થોડાં જે નીકળે તે અને સિદ્ધાર્થનાં અને તેના ભાઈનાં તેઓ બન્ને થઈને ધોઈ લાવે છે. સવારે જમવાનું બરાબર ૧૧ વાગ્યે થાય છે. એક કેલેન્ડર રાખ્યું છે. ૧૧ વાગ્યે જમવાનું થાય ત્યારે ચૉકડી કરવી અને ના થાય ત્યારે તે ખાનું ખાલી એટલે ખબર પડે કેટલા દિવસ ૧૧નો ટાઇમ સચવાયો. સાંજના ૬ વાગ્યે જમવાનો ટાઇમ રાખ્યો છે અને બરાબર તમ કૃપાથી હજુ લગી સચવાયો છે. સાંજની પ્રાર્થનામાં નિયમિતપણે અમે બધાં જઈએ છીએ. હજુ ૩ વાગ્યે ચાનું સચવાતું નથી, બીજા કામમાં પરોવાઈ જતાં, પણ તેનો પ્રયત્ન કરું છું, તે પણ નક્કી કરી દઈશ.

બપોરના બીજું વીણવાનું અને સાફ કરવાનું કામ પહોંચે છે. વચ્ચે થોડું વાંચું છું અને નોકર ભાઈને ઘરકામમાં અને બીજામાં પણ હું મદદ કરવા લાગું છું. તે નોકર નથી પણ મદદ કરનાર છે. એટલે મારે મારી ટેવ રાખવી જોઈએ. તેમાં સિદ્ધાર્થનો ખ્યાલ મુખ્યપણે રાખું છું.

**સિદ્ધાર્થને સીવેલાં કપડાં - ફાટેલાં સીવીને પહેરાવું છું. હમણાં જ બે ખમીશને થીંગડાં માર્યાં અને તે આનંદથી સિદ્ધાર્થ પહેરે છે. મારો ફાટેલો સીવીને પહેરેલો સાડલો તેને બતાવ્યો ને કહ્યું કે એમાં શરમ ના આવે. એવું પહેરતાં મનને આવડવું જોઈએને ? અને ઉત્તરમાં હા કહીને હવે પહેરે છે.** જમવામાં પણ બધું ખાતો થાય ‘નથી ભાવતું’ એ ભાવના જતી રહે અને ટેવ પડે બધું

ખાવાની, એ ખ્યાલ રાખીને કંઈ ને કંઈ નવું કરું છું. વચ્ચે તેને ભાવે તેવું પણ કરું છું. જેથી તેનો આનંદ ખાવાની વસ્તુમાં જળવાઈ રહે. નાસ્તા માટે કિરાપટ્ટીની જેમ કશું કરી નથી રાખતી પણ રોજ થોડું કંઈ કરું છું. વચ્ચે ઢેબરાં કરેલાં, ખાખરા મસાલાવાળા કરેલા. આજે સાદા ખાખરા અને થોડા ગાંઠિયા કરીશ. ખાખરા ૪-૬ દિવસ ચાલે અને ગાંઠિયા જેવું ૧-૨ દિવસમાં પૂરું થાય. ગઈ કાલે અગિયારસ હતી તેણે પણ કરેલી અને તેની ઇચ્છા કાણાંવાળી કાતરી ખાવાની થઈ એટલે થોડી તે કરેલી ને તે જ વખતે પૂરી થઈ. એટલે પહેલાંની જેમ સ્ટૉકમાં નથી કરતી, વાસી થાય તેમ અને તેને પણ જુદું જુદું મળ્યા કરે તે તમારો આપેલો સચોટ ખ્યાલ યાદ રાખીને આ પ્રમાણે ગોઠવ્યું છે.

રમતગમત માટે બાળમંદિરે પરમ દિવસે તેમના જણાવવાથી ગયેલી. તે મોટા છોકરા જોડે હળતો નથી. તેનાથી નાની ઉંમરવાળા સાથે તે હળી જાય છે, પણ મોટી ઉંમરવાળા લંગડી વગેરે એક બે રમતો જે રમે છે ત્યાં નથી ભળતો. એટલે હું ત્યાં લઈ જઈને ઊભી રહી. તેને સમજાવ્યો પણ ના ગયો. મને થયું એકબે દિવસ લાગટ આવશે એટલે છૂટો થશે ને હળી જઈને રમતે જોડાશે. આ હેતુથી હું તેની સાથે રોકાઈને થોડી મોડી ઘેર આવી અને તે છોકરાની રમત પૂરી થતાં તેમાંના જ ચાર છોકરાને બોલાવીને તે બાળકો, સિદ્ધાર્થ અને હું એમ મળીને લંગડી રમ્યાં. તેને પણ થોડી આવડી ને બોલ્યો હવે હું રમીશ. ‘મને આવડે છે’ એવો આત્મવિશ્વાસ તેને આવ્યો. ઘેર આવીને તેમને બધી હકીકત કહી પણ કંઈ ગળે ના બેઠી અને તેમણે નક્કી કર્યું કે હવેથી હું જ જઈશ અને આજે તેઓ ચાર વાગ્યે જવાના છે. તકલી પણ તેમની

સાથે શીખે છે. તેમને સારી આવડે છે. મને પણ આવડી ગઈ છે. સારી સુંદર તો ના જ કહેવાય.

પૂજ્ય મા સૌ. મોટી ગઈ કાલના આપણે ત્યાં જમે છે. એકલાં હોવાથી હું કહી આવેલી. આજે મોહનભાઈ આવવાના હતા મુંબઈથી પણ પૂ. નરહરિભાઈ વર્ધા જતાં વચ્ચે મુંબઈમાં માંદા પડ્યા છે. એમને બે (બન્ને) ખભામાંથી હાથ રહી ગયા છે. ફોટા લેવડાવ્યા છે. એમ મોટીએ 'પત્રમાંથી જણાવ્યું ને એથી મોહન રોકાઈ ગયો છે. વનુ-નારાયણ (પૂ.મહાદેવભાઈના પુત્ર) વર્ધા ગયા. તમારા ભાઈ મુંબઈ ને હું અહીં એમ વહેંચાઈ ગયાં છીએ. જુઓને !'

મોટી તો 'હવે કાલથી નહિ આવું. આમ મને કહેતાં હતાં, દાંતનું પણ કારણ અંદર છે. બે દિવસ જમી હવે ઘેર રોટલી કરી લઈશ' એમ જણાવતાં હતાં, પણ મેં જમવા કહ્યું છે. હિસાબ ખર્ચો હું લખું છું. ૩૦ રૂપિયાનો હપતો લઈને તે થઈ રહે એટલે બીજા ૩૦ લઉં અને ૮-૧૦ દિવસે તે હિસાબ હેમંતભાઈ તપાસી લે છે.

મોટા, હવે કારખાનાના સાબુ સારા નથી આવતા. ફીણ નથી સારું વળતું. તો આપણે ૫૦૧ના કે તે ના મળે તો સ્વસ્તિકના કે એવા સાબુ લઈએ તો વધારે સારું. આમાં આશ્રમને વાંધો નહિ આવે, કારણ લગભગ બધે ચાલે છે એવું એટલે આશ્રમમાં રહીને બહારનો સાબુ કેમ વપરાય તે કારણ તો નથી રહેતું. તો જો તમો જણાવો તો તે સાબુ મંગાવીએ. આ મોંઘા પણ આવે છે ને સારા નથી આવતા તો કોઈ મંગાવે તેમની સાથે આપણો સાબુ પણ મંગાવી લેવાય ? ૫૦૧નો સાબુ તો નહિ મળે પણ સ્વસ્તિકનો તો મળે છે તો જણાવજો.

હવે તમે ક્યારે આવવાના ? તે જણાવજો. ગુરુપૂર્ણિમાના મારા હૃદયથી ઘણા ઘણા લળી લળીને પાયલાગુ સાથે આશીર્વાદ માગું છું. **યાચું હું તે જીરવવાને શક્તિબળ દેવા પ્રાર્થના.**

સહવાંચન વિશે તો એમણે જણાવ્યું છે, રોજ રાતે વાંચીએ છીએ. ઊઠવાનું પ-પા વાગ્યે રાખ્યું છે અને પ-પાા (વાગ્યે) સિદ્ધાર્થને ઉઠાડું છું.

## નોકર વિના દિનચર્યા

હરિઃૐ તા. ૧૦-૭-૧૯૪૬

સાબરમતી આશ્રમ

પૂજ્ય વહાલા મોટા,

ભૂરાભાઈ જવાથી કશી અગવડ પડી નથી. બધું સારું સુતરું ચાલે જાય છે. બહાર મોટા પીપમાં પાણી તેઓ સવારે ભરે છે. ફાનસ તેઓ સાફ કરે છે અને પથારી સૌ પોતપોતાની વીંટીં લઈને મૂકેલી હોય તે અને ખાટલા, તેઓ સ્વસ્થાને મૂકી દે છે. કપડાં તેમનાં તેઓ, સિદ્ધાર્થ તેનાં, હેમંતભાઈ તેમનાં ધૂએ છે. સવારના શાક સમારવામાં હેમંતભાઈ સમારી આપે છે. આમ, તેઓમાં કામ થોડું વહેંચાઈ જવાથી અને એક હરિજન બહેન વાસણ માંજવાં આજથી આવેલ છે. એટલે મને હમણાં કશો વાંધો નથી આવ્યો. આનંદ ઉત્સાહ છે. જમવાનું, બપોરની ચા અને સાંજનું જમવાનું નિયમિત થાય છે. નાસ્તામાં હમણાં સુખડી ને ખાખરા છે. જમવામાં બે દિવસ પર થૂલી કરેલી. મીઠું નાખીને. કાલે મસાલાવાળા ચોપડા (ચાર પડવાળી જાડી ભાખરી) કરેલી. આજે તો બધાંને જ એકાદશી છે. ફરાળ કર્યું.

શ્રી હેમંતભાઈનું અનુષ્ઠાન આપણે અહીં જ કરવાનું રાખીશું. બધી સગવડ થશે. મનમાં બનતા પ્રયત્ને જાગૃતિ જરૂર રાખીશ. વિરોધાભાવ ના આવવા માટે અને તમારાં કૃપા આશીર્વાદથી જરૂર હું પહોંચી વળીશ તેની મને ખાતરી છે અને તેઓ પણ સાથમાં છે એટલે કામ કરવામાં ઊલટો વધારે આનંદ રહેશે. નાહવાનું ગોળી મૂકી છે, ત્યાં પણ રાખી શકાશે. પૂજાની રૂમમાં તેઓ બેસવાના હશે તો અને ગોળીવાળો રૂમ સાવ ખાલી કરવો હોય તો તે પણ થઈ શકશે. જ્યાં તમને ઠીક લાગે ત્યાં ગોઠવણ થશે. માટે, જરૂર અહીં અનુષ્ઠાન તેમનું કરવાનું રાખશો. પ્રિય જયુબહેનના વખતે જો જરૂર લાગે તો હું આવીશ, તમો જણાવશો ત્યારે. વજુભાઈ મજામાં હશે. તેઓનું અનુષ્ઠાન ક્યારે છે ? ૧૫૦માંથી ૧૦ હમણાં તો જુદા કાઢી રાખ્યા છે, બચત ખાતે કરીને.

સિદ્ધુલાલા મજામાં છે. રોજ સાંજે ૯માં ૧૦ વાગ્યે વાર્તા પૂરી કરીને ઊઠે છે. પછી હાથપગ ધોઈ કપડાં સ્વચ્છ પહેરી સૂઈ જાય છે. ફૂલ મોટીને ત્યાંથી લાવું છું અને અગરબત્તી સળગાવું છું.

## સુખી દાંપત્ય

હરિઃૐ તા. ૧૩-૭-૧૯૪૬

સાબરમતી આશ્રમ

પૂજ્ય વહાલા મોટા,

વહાલા મોટા, આવતી કાલે તા. ૧૪-૭ના રોજ ગુરુપૂર્ણિમા છે. પ્રભુ મને મારા પતિમાં અને એ દ્વારા મારા ગુરુમાં શ્રદ્ધા વધારાવો. વિશ્વાસની, શ્રદ્ધાની ગોળી ખૂબ ઘોળીને પિવાય તેમ થાઓ. જે અનુષ્ઠાને જીવનધ્યેય તમ પાસેથી પામી છું, તેમાં તમ

પ્રભુકૃપાથી જીવતી રહ્યા કરું અને કર્મયોગ જે પ્રભુકૃપાથી મળ્યો છે ત્યાં કશાથી દબાયા વિના કર્યે જવાય એ શક્તિ, હિંમત, બળ મળો એ પ્રાર્થના. શરીર પણ વચ્ચે ગચ્ચાં (અડચણ) નાખે તોય તેના તાબે ના થવાય તેટલી શક્તિ, હિંમત પ્રભુ પાસે માગી રહી છું.

હમણાં અમો ચારેનું સુમેળખાતું સારું ચાલે છે એમ મને પોતાને લાગે છે. હાથીદાંતનો ચૂડો બંગડી હમણાં નથી લેવી. ફરી જ્યારે તમો હશો ત્યારે વાત. સૌ. પ્રિય જયુબહેનને આપી છે, તે સ્વઇચ્છાથી આપી છે, કશાથી પ્રેરાઈને નહિ અને તે આપી છે, તેના બદલામાં બીજી લેવી છે તેમ પણ નથી.

સાચ્ચે મોટા, અહીં રહેવા કરતાં અમો બીજે હોત તો વધુ સારું એમ થયા વિના નથી રહેતું. એકવાર તમને પણ કહેલું તે જ હજુ મનમાં રહ્યું છે. અહીં રહેવાથી અલબત્ત, સિદ્ધાર્થનું સુધરે છે ને સુધરશે. તેના હિત ખાતર અહીં રહેવા ઇચ્છું છું. તોય સંતોષ નથી. તમો પાસે તો રહેવાનું મળે જ નહિને ! એમ થાય છે.

હમણાં ૩ દિવસથી તબિયત નરમ છે. માથું ખૂબ દુઃખે છે. લમણામાં સોય ઘોંચ્યાની માફક થાય છે. સણકા મારે છે. શરદી થઈ છે. નાકમાં સળેખમ છે. સિતોપલાદિ ચૂર્ણ લઉં છું. દિવેલનો રેચ લીધો હતો. શરીર આખું કળે છે, છતાં કામના કારણે રહેવા નથી દેતી. આજે તો કપડાં તેમણે બધાં ધોયાં. કાલે માથે બામ ખૂબ ઘસ્યો હતો. ફાનસ તેઓ કરે છે. પીવાનું પાણી પણ તેમણે આજે ભરેલું. શાંતિભાઈ, કાશીબહેનને ચાર દિવસ ઉપર જમવાનું કહેલું, પૂરણપોળી કરી હતી. કાલે છેલ્લો રસ કાઢેલો.

હરિઃૐ ગુરુપૂર્ણિમા, તા. ૧૪-૭-૧૯૪૬
સાબરમતી આશ્રમ

વહાલા મારા મોટા,

આજ શુભદિનના તમારી છોરું બાળક કાંતુના ઘણા ઘણા હૃદયના પાયલાગુ સ્વીકારશોજી. આજે તમારો પત્ર મળ્યો. વાંચી આનંદ થયો. પ્રભુ - યોગ્ય - તમારો ગુસ્સો, ખીજ આનંદથી લઈ લેવાની શક્તિ ને ભક્તિ મને આપો એ પ્રાર્થના.

તમારી તબિયત સારી હશે. સિદ્ધાર્થના ભાઈની હમણાં મને સારી મદદ સહાય છે. કપડાં અને પીવાનું પાણી, વપરાશનું પાણી તેઓ કરે છે. મને ઠીક થતું જાય છે. આજે ત્રણ પાતળા ઝાડા થયા હતા. બાકી શરદી, માથાના દુખાવામાં થોડું ઓછું થયું છે. કાળજામાં થોડું થોડું દુઃખે છે. એ તો જ્યાં કશાનો યજ્ઞ માંડ્યો એટલે આવા વિક્ષેપો આવવા સરજાયા છે એમ લાગે છે.

રાત્રે ૧૦ ને ૧૦ વાગ્યે -

(અનુષ્ટુપ)

હૃદયના તારને વહાલા, કૃપા કરી ઝણઝણાવીને,
હૃદયનો ચેતના ભાવ, બધે મુજમાં જગાવી દે.

હૃદયની ઊર્મિ ને શક્તિ, પ્રભુ પ્રકટાવી તે દઈને
મને ધ્યાનસ્થ એકાગ્ર પૂરી તુજમાં કરી દેને.

બધાં અંગોની નિર્ભયતા રાખી શકું એવું,
પ્રભુ બળ પૂરતો રે'જે તને હું એટલું વીનવું.

હ્રદયમાં એકમાં ભાવ રખાવીને ઊંડો મુજને,
પ્રભુજી ચેતના પ્રાણ મને આધારમાં દેજે.

નયન નિદ્રા ન આવે ને વિચારે જ્યાં ચઢું બાપુ,
બચાવી તું મને લઈને શરણમાં રાખજે યાચું.

એ જ લિ. તમારી છોરું કાંતુના પાયલાગુ

**શ્રી નંદુભાઈનો પત્ની પ્રત્યેનો સદ્‌ભાવ**

**અતિથિ દેવો ભવ**

હરિઃૐ તા. ૨૩-૪-૧૯૫૦

પૂજ્ય પ્રિય,

મને હંમેશાં રુચિ છે એટલે કે મહેમાન ક્યાંથી ? કાંતાને ઘરખર્ચ ઘણો થાય છે ને કરકસર કરવા મેં કહેલું તે ઉપરથી તેણે મને કહેલું કે ‘તો મહેમાનો ઓછા કરો તો ખર્ચ ઓછો આવશે.’ ને આ વાતચીત તમારી હાજરીમાં થયેલી. તે અંગે તેથી પ્રેરાઈને તમોએ કદાચ આમ લખ્યું હોય. મને ખાતરી છે કે મને અવરજવર અંગે કદી ખર્ચનો પ્રશ્ન ઊઠ્યો જ નથી.

જે કરકસર કરવાનું મેં કાંતાને કહેલું તે જ્યાં પૈસાથી પતતું હોય ત્યાં આનો ન ખર્ચવો ઘટે. રૂપિયાથી પતતું હોય ત્યાં બે ન ખર્ચવા ઘટે. ત્રેવડ અને કરકસર એ અંગે કહેલું, નહિ કે મહેમાનો આવે તેથી ખર્ચ થાય છે તે ભાવમાં, પણ વીસ વીસ વર્ષના સહવાસના અંતે પણ જ્યારે પોતાની પત્ની પણ સમજી ના શકે મને તો તમો જાણે સમજી શકો, પણ બીજા ક્યાંથી સમજી શકે ? જો ખર્ચ ઓછો કરવો હોય તો મહેમાનો ઓછા કરવા - એ તો હુંય સમજું છું, તો તેમાં કાંતાને મારે કહેવાની જરૂર ના હોય. મારે તે અવરજવર ઘટાડવાની હોય. એટલે મારી જાતને મારે ટકોરવાની

રહે. પણ મારો હેતુ તે નથી - ન હતો. મહેમાનો અંગે ગમે તે ખર્ચ થાય, તે ખૂંચતો નથી, પણ પ્રકૃતિવશ વર્તાઈને વેડફાય - બગાડ થાય - વ્યર્થ વ્યય થઈ રહ્યો હોય, કોઈનાય ઉપયોગમાં ના આવે તેવો બગાડ કે ખર્ચ થઈ રહ્યો હોય, આપણું રોજનું જીવનનિર્વાહનું ધોરણ જે હોય તેમાં જાણપૂર્વક અનાવશ્યક વધારો - ઊંચો વધારો કરવો ને તે આપણા ઉપભોગ માટે - તેવાં બધાં કારણોથી કરકસર કરવા કહેલું. બીજાઓ સારુ થયેલ વાજબી ખર્ચ કદી કઠતો - કઠ્યો નથી (વાજબી ખર્ચ અલબત્ત) ને આપણે વાજબી જ ખર્ચ બીજાઓ સારુ કરતાં હોઈએ છીએ. મહેમાન કોને ત્યાં ?

જો ખર્ચ જ ઓછો કરવાની ઇચ્છા હોત તો પાંડુને ને તેને ઝઘડો થતાં ક્યારનોય તેને જવા દીધો હોત. પાંડુ જતાં અવરજવર કુદરતી ઓછી થવાની - ને પાંડુનો ખર્ચ ઓછો થાય તે જુદું, પણ હંમેશ મારો પ્રયત્ન ઘરમાં નોકર - અવરજવરના કારણે આવશ્યક છે તેથી તે ટકે તેવો પ્રયત્ન રહ્યો છે.

પ્રવીણા અને સરોજને આવીને રહેવાને આમંત્રણ આપવા મેં તેને પ્રેરેલ. ચીમનભાઈની વિદુને રજાઓમાં આમંત્રણ આપેલ છે. વજુભાઈ અને જયાબહેનને બોલાવવાને, આવવાને આમંત્રણ તમો લીંબડી હતા ત્યારેય આપેલું ને મારી નોંધમાં અત્રે પણ છે કે તેમને બોલાવવાં ને મૌન સારુ પણ આમંત્રણ આપવા વિચારાયેલું. દત્તુભાઈને મૌન સારુ આમંત્રણ અપાયેલું. કપિલાબહેનને તથા પ્રબોધભાઈનેય પણ અપાયેલ ને પૂ. પ્રભાબાને પ્રેમથી આપેલું. આવું બધું જો ખર્ચાનો પ્રશ્ન કઠતો હોત તો સ્વતઃપણે ના ઊગત એમ મારું નમ્ર માનવું છે ને તમોને આશ્રમમાં રહેવાને વિનંતી પણ ના કરત, કારણ તેને આનુષંગી સંજોગોનો ખ્યાલ ન હોય તેમ તો ના જ બને.

બીજી બાજુથી ધર્માદામાં પણ રકમો અપાય છે, તે પણ ના અપાત. જો ખર્ચ જ કમી કરવાનો પ્રશ્ન હોત તો અનેક રીતે તે ઓછો કરવાને - બીજી રીતો છે. ઊલટું મહેમાનોને અગવડ ના પડે તેથી બધી વસ્તુઓ બેવડી વસાવી છે અને તેઓને બનતાં સુધી કશી પણ અગવડ ના પડે એવો મારો પ્રયાસ રહ્યો છે.

યુરોપના વસવાટ વેળા પૂજ્ય સરકારના સહવાસથી અને પૂજ્ય મહેતાના સહવાસથી જ્યારે જ્યારે મહેમાનો ઘરમાં આવ્યા હોય છે ત્યારે આનંદ પ્રવર્તી રહેલો મેં અનુભવ્યો છે.

વેપારના ગાળામાં પણ તેમ જ હતું. તેના લીધે તો મીઠા કેટલાય સંબંધો બંધાયા છે. જેમાંનો - પ્રિય મુ. છગનભાઈનો ને જે.બા.ની પેઢી સાથેનો સંબંધ છે ને તેવા બીજા કેટલાયે.

આશ્રમમાં આવ્યો ત્યારે પણ મુ. પરીક્ષિતભાઈ અને પ્રિય હેમંતભાઈ સાથે મહોબત કેળવવામાં પરોણાપ્રિય વૃત્તિ પ્રાધાન્યપણે જવાબદાર છે, એમ મને લાગે છે ને પરીક્ષિતભાઈ જમતા ત્યારે તેમને અંગે પણ કેટકેટલી અવરજવર રહેતી તે તમો જાણો છો જ. ને આજે પણ મહેમાનો હંમેશ મને રુચ્યા છે. ઊલટું હવે તેમ તે રીતે ન વર્તવાનું પણ સુચવાયેલું ને હવે સાધનામાં પ્રવેશ્યા બાદ તે પ્રવૃત્તિ આપમેળે મોળી પડી. જેથી, અનાવશ્યક સંબંધોમાંથી ઊગરી જવાય.

આવું વલણ એકધારું વર્ષો સુધીનું હોવા છતાં બિચારી કાંતા મને સમજી ના શકી અને તેણે ધાર્યું કે મારે મહેમાનો ઓછા કરવા, પણ તેમાં તેનોય શો વાંક ? એવું તો ઊંધું કેટલુંય હું બીજાઓનું ક્યાં નહિ સમજી બેસતો હોઉં ! તમારું જ ઊંધું કેટલુંય

સમજી બેસતો હોઈશ ને કાંતાનું ને પ્રિયનું (હેમંતભાઈનું) પણ. એટલે જગતમાં 'ઊંધું સમજવાનું' તો ચાલુ જ રહેવાનું છે. કાંતા કે કોઈ પણ એવો એક પણ પ્રસંગ મને જરૂર ચીંધી શકે છે કે જ્યારે મહેમાનો અંગે - તેમના અંગે ખર્ચ અંગે મેં દિલચોરી કરી હોય. મારું મન આ અંગે સાફ છે અને મને કોઈ ઊંધું તે અંગે સમજશે તો તેમાંય શું ખોટું છે ? હું જે નથી તે નથી. છું તે છું. તેમાં કશો બીજાના ધારવાથી, કહેવાથી કે માનવાથી ફેર પડવાનો નથી. તો તેમાં દુઃખ પણ ધરવાનું ના હોય. ખરાબ હોઉં ને સારો કોઈ ધારશે તો ઊલટું નુકસાન છે, કારણ કે કોઈક દી તેનો ભ્રમ ભાંગશે ને મને તે બેવડી રીતે પછી ખરાબ માનશે, પણ સારો હોઉં ને ખરાબ તે બાબતમાં ધારશે તો તેમાં આમ તો નુકસાન નથી, કારણ કોઈક દિન તેની ભૂલ તેને સમજાતાં બેવડા પ્રેમથી તે મને ચાહશે. એટલે હું નિશ્ચિંત છું. હજી કાંતા મને સમજે તો સારું કે મહેમાનોના અવરજવરના કારણે કે બીજાને આપવાના કે બીજાઓના કારણે થતો ખર્ચ મને કઠ્યો નથી.

આપણે દેહને તે દેવને ધરાવીએ છીએ, દેખાવ ખાતર કે આબરૂ વધારવા ખોટો ડોળ દમામી ખર્ચ ના કરીએ. કરકસર અને ત્રેવડ એ એક વસ્તુ છે ને કંજૂસાઈ તે જુદી વસ્તુ છે. કંજૂસ બનવા હું નથી ઇચ્છતો. દિલથી તેવી મુરાદ નથી. જરૂર પડે તેમાં હજારો ખર્ચાય તેનો વાંધો ના હોય, એટલે 'ઘરખર્ચો ઓછો' કરવાનું કહેવાનું તાત્પર્ય - ખર્ચ કઠે છે તે નથી. પ્રભુએ આપેલ લક્ષ્મીનો ઉત્તમ સદ્‌વ્યય મહેમાનોની સેવામાં રહેલો છે. અલબત્ત, આપણા ગજા પ્રમાણે, જીવનધોરણના રાહે ને વાજબીપણામાં ને તેવામાં કદી પ્રભુ દિલમાં ચોરી ના આણો.

મને તો ઊલટું કોઈ ને કોઈ જમતી વેળા, બીજા જમવામાં સાથે હોય તે ગમતું હોય છે. આવનાર જનારને ચાપાણી, નાસ્તો આદિ અચૂક દેવાનું દિલ રહેતું હોય છે ને તેવા આતિથ્યમાં તો સિદ્ધાર્થની પણ કેળવણી રહેલી છે ને તે ઉત્તમ સંસ્કાર છે. **જીવન - વિકાસમાં આતિથ્યનો પ્રેમભાવ ભારે ભાગ ભજવી શકે છે ને અતિથિ - મહેમાન કે પરોણાનો પ્રેમભાવ જે તેથી મળે છે ને સૂક્ષ્મ રીતે પણ ભારે લાભકર્તા છે. સ્થૂળપણે તો લાભ કરે જ છે.** એ તો વેપારમાંયે અનુભવ્યું છે. એટલે જ્યારે અવરજવરના પ્રશ્ન અંગેનો ખર્ચ કદી પ્રભુકૃપા કરીને મનમાં ઊઠવો ને હજી નથી ઊઠ્યો ત્યાં તમો અંગેના ખર્ચનો પ્રશ્ન તો ક્યાંથી ઊઠવાનો હોય ?

ભક્તોની સેવા તે પ્રભુસેવા કરતાંય વિશેષ છે એમ કહેવાયું છે, તો તમારા મિત્રો, સાધકો, પ્રશંસકો કે અનુયાયીઓની સેવા કરવામાં મને તો આનંદ જ હોય. વજુભાઈ આવે કે જયાબહેન આવે, તેમાં તો ઓર આનંદ રહે. કાંતુને અત્રે એ યાદ આવ્યું કે ખર્ચાનો પ્રશ્ન - મને જ્યારે પૈસા ઝાઝા ન હતા ત્યારે પણ મહેમાનો અંગે ન હતો કે નથી ઊઠ્યો.

લિ. છોરું નંદુના પાયલાગુ

• • •

## ૨૩. જીવનમાં પ્રથમ ઝંઝાવાત

હજુ આશ્રમમાં ઠરીઠામ થયાને એકાદ મહિનો થયો એટલામાં કોઈક કારણસર શ્રી નંદુભાઈના જીવનમાં માનસિક વાવાઝોડું આવ્યું અને અચાનક જ આવેશમાં આવી જઈ ખૂબ મોટો નિર્ણય લઈ લીધો કે હવે પૂજ્ય શ્રીમોટાથી સ્વતંત્ર રીતે એક વર્ષ સુધી આશ્રમમાં રહેવું છે. એ દરમિયાન જીવનમાં કોઈની દખલગીરી ના હોવી જોઈએ. આવો નિર્ણય તેમણે પૂજ્ય શ્રીમોટાને જણાવી દીધો.

પૂજ્ય શ્રીમોટા સાથે રહેવું એ ખાવાના ખેલ ન હતા. શ્રીમોટા એકવાર જેને પોતાના તરીકે સ્વીકારે તેની તલમાત્ર પણ ખામી ચલાવી શકતા નહિ. એવી પળોમાં તેમનો ક્રોધ સહન કરવો એ જેવા તેવાનું કામ ન હતું. જેનું અહમ્ ગળી ગયું હોય અને તેમની શરણાગતિ સ્વીકારી હોય તે જ તેમની સાથે ટકી શકે. આથી ઊલટું બીજી જ ક્ષણે શ્રીમોટા અનહદ પ્રેમનો વરસાદ વરસાવતા કે પેલો પોતાના જ અહમ્થી ઘવાયેલો બધું ભૂલીને સજીવન થઈ ઊઠતો !

શ્રી નંદુભાઈએ લીધેલા નિર્ણયના પ્રત્યુત્તરરૂપે શ્રીમોટાએ એક હૃદયદ્રાવક પત્ર લખ્યો :

**બસ નંદુ ! વહાલા નંદુ !**

હરિ:ૐ તા. ૧૭-૭-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

તમારા ત્રણ કાગળો આત્મનિવેદનરૂપેના મળ્યા છે. તમારા નિર્ણયને મારો હૃદયપૂર્વકનો ટેકો છે. મારે બચાવરૂપે કહો કે

સમજણરૂપે કહો તે કશું જ લખવું નથી. જેવો જે ધારે છે તેવો જ હું છું. મને તેમાં જરાકે શરમ કે સંકોચ નથી.

પ્રકાશન પ્રવૃત્તિ કે કોઈ પણ પ્રવૃત્તિ હાથમાં લીધી તો એને કદી પણ મૂકી દેવી નહિ એવું સમજાયેલું હોવાથી તે તો ચાલુ રાખીશ. તે સંબંધની તમારી યોજનામાં કાગળના રૂપે હજી ફાઈલમાં પડેલી હશે. તે વેળા તો ઘસીને જ ના પાડેલી, પણ પ્રભુકૃપા નિમિત્તે એકવાર શરૂ થઈ એને ચાલુ રાખવાનું મન છે. સંપાદક તરીકે રાખવા દ્યો તો તમારું નામ રાખ્યા કરવાનો વિચાર છે, કારણ કે મૂળ એ બધાં લખાણો એકઠાં કરવાનો વિચાર તમારો હતો. એટલે એટલું ૠણ અદા કરવાનો સદ્ભાવ રહી શકે તો આનંદ છે. બાકી, હવેથી એ કામ બાબતમાં પણ તમે જેટલું પ્રેમભાવે કરી શકો તેવું હો તે મને લેખિત આપશો તેટલું ચીંધ્યા કરીશ, બાકી તો હેમંતભાઈ પ્રેમભાવે મદદ કર્યા કરશે તો તેમની મદદ લઈશ. તેમની પણ નહિ મળે તો જાતે કરીશ. તમારે નામે ભલે છપાવ્યું હોય પણ એમાં કશું અજુગતાપણું લાગ્યું નથી. હવે સંપાદકના બે બોલ તરીકે કશું નહિ લખવાનું રાખું, તે જાણશો. હેમંતભાઈથી તેમ થઈ શકશે તો જોઈશું. કરાંચી કાગળ કૃપા કરીને ના લખશોજી.

સિદ્ધાર્થની કેળવણી કાજે જે ગમે તે જરૂર કરશોજી. તેમ જ ઘરખર્ચ માટે પણ જે વ્યવસ્થા કરવી ગમે તે પ્રેમભાવે આનંદથી સ્વતંત્રપણે કરશો. મને તે કબૂલ મંજૂર છે.

તમારે ત્યાં જરૂર આવીશ, રહીશ અને હવે તો વળી વધારે મજા પડવાની છે. હું પણ મુક્ત ને તમે પણ મુક્ત. તમે મને કશું લખશો કરશો તો તમને જરૂર લખતો રહીશ, પૂછશો તેનો યોગ્ય

જવાબ પણ આપીશ, અવારનવાર એકથી બીજે ગામ જતાં પણ ખબર આપતો રહીશ. એક વર્ષ સુધી તમારી પાસે બધાં દફતર રહ્યાં તે પછી એનો પણ ઈચ્છશો તો કબજો લઈ લઈશ. મને જે તે બધી વાતે આનંદ છે. મારાં કશાં શક્તિ કે ચમત્કાર નથી. મારે શ્રી લાલાભગત જેવું પણ કરી દેખાડવું નથી. જેવો હોઉં તેવો પ્રભુ મને સંભાળવાવાળો છે એની ખાતરી છે. જીવનમાં એનું ભજન સ્મરણ કર્યું છે એથી જીવનમાંના એક પછીના એક ફેરપલટા પ્રત્યક્ષ નજર સામે હકીકત પણ ઈતિહાસની જેમ एની કૃપાથી જોઈ શકું છું. જે મળે છે તે एની જ પ્રસાદી છે. તમે મળેલા તે પણ एની જ પ્રસાદી. મારે મનથી તો તમે જતા નથી. જ્યાં હો ત્યાં આનંદ મસ્તીમાં પ્રેમભાવે રહેજો. બસ મોજથી સ્વતંત્ર ગૃહસ્થ જીવન જીવો. સૌ. બહેન કાંતુ પણ બિચારી સુખી થશે. એને જો આ જીવ પરત્વેનું નૈસર્ગિક ખેંચાણ હશે તો એનું અનુષ્ઠાનનું એના યોગ્ય કાળે વિચારાશે. હવે કશી કંઈ બાબતમાં તમને લખવાનો નથી. આપણે ભાઈઓ છીએ. અત્યારે ત્યાં હાજર હોત તો તમને હૃદયભાવે જરૂર ભેટત.

**તમારામાં ઘણી વક્તા છે. દંભ પણ છે. તે તો તે દિવસે જ (તે રાતે કિરાપટ્ટીમાં 'પ્રેમકુંજ'માં કબૂલેલું). કોઈક એવી શક્તિ છે કે જેણે તમને તેમ બોલાવ્યા તેટલી પ્રતીતિ તો તમારાથી કદી પણ ભુલાશે નહિ. એવો તે સજ્જડ અનુભવ છે. એટલી પરમ કૃપા एની.** તમે જે આ જીવ વિશેના ઊલટા મુદ્દાઓ ઉઠાવ્યા છે, એનું સમાધાન જો મનથી થઈ શકે તો કૃપા કરીને કરજો. એને બીજરૂપે રાખી મૂકવાનો અર્થ નથી. તમે કહેશો તો રૂબરૂમાં મળીશું ત્યારે એના એક પછી એક જવાબો પ્રેમભાવે લઢ્યા વિના પણ તમને

દેવા તૈયાર છું. કેટલું ઊતરે કે ના ઊતરે તે તમો જાણો. લાલજીનું સંગીત કાજે તો મને યાદ છે ત્યાં લગી મેં સૂચવેલું જે એને પંદર આપવાની વાત કરેલી ત્યારે તમે જ સૂચવેલું કે એ દશમાં પતશે. ત્યારે તેમ મેં જણાવેલું એમ અત્યારે યાદ છે. બાકી, એને (સિદ્ધાર્થને) સંગીત આવડે એવો હેતુ તો આ જીવનો છે ને મા. લક્ષ્મીબહેનનું તો એટલા માટે લખેલું કે તમારા લખેલા કાગળમાં જ એવું રેફરન્સ હતું કે તેઓએ તેવું કહેલું જો તેમ થઈ શકતું હોય તો આનંદની વાત છે ને તેમાં મફતનો પ્રશ્ન જ ન હતો. **હું કોઈનું ઋણ રાખી શકતો જ નથી.**

આ જીવ કોઈને આપી શકતો નથી એ તદ્દન હકીકતથી વેગળું છે, પણ એનો બચાવ મારે કરવો નથી. તમે જે જે કહ્યું છે તે તે બધું જ કબૂલ છે, પણ એટલી વાત ચોક્કસ છે કે પ્રભુકૃપાથી હજી સુધી મેં કોઈનું કશું બગાડ્યું નથી ને એટલી તમને ખાતરી છે તે કાજે પ્રભુનો આભાર માનું છું. તમારી રજા હોય તો પ્રિય (હેમંતભાઈ) તથા વજુભાઈને તમારા કાગળ વંચાવું, કારણ કે એમનાથી છાનું રાખવામાં શો સાર !

તા.ક.

સાધનાના નામે કે ભાવે તમને આ જીવને લીધે જે જે કષ્ટ વેઠવાં પડ્યાં હોય તે કાજે તો શું ? એમાં જાગતો હેતુ તો એવો હતો કે સ્વભાવ પલટો બની શકે.

ભાઈ સિદ્ધાર્થના દિલમાં જે પ્રત્યાઘાત થાય છે ને તે જીવનું મન એટલું તો પકડી શકે છે એની એને ગતાગમ ના હોય. તમારા છેલ્લા અનુષ્ઠાનના દિવસની નોંધમાં એના મનમાં જે આ જીવ વિશેની પ્રત્યાઘાતની લાગણી છે, તે તમો બન્ને અંગે કરીને

રહેલી છે, જેમ જેમ તમારી પ્રેમભાવના વધશે તેમ તેમ તે દૂર થશે એવું લખેલું યાદ છે. એટલી પ્રાર્થના છે કે એનું જતન કરજો. એને જીવનના યોગ્ય ભાવનાભર્યા સંસ્કાર પ્રેરજો. આંખમાંથી આંસુ સરે છે, ભલે એને તમારા જેવા કૃત્રિમ ગણતા. એનો શો વાંધો છે ? એ પણ પ્રભુપ્રસાદી છે, જે સ્વીકારવી જ રહી. એના અભ્યાસની બાબતમાં અવારનવાર લખતા રહેશો, એટલું હજી પણ દિલમાં મમતાયુક્ત વલણ છે. તમને દિલમાંથી તો મૂકી શકતો નથી, પણ તે બાબતમાં તો સ્પષ્ટ આ પળથી તટસ્થ થઈ શકેલો છું, પણ એની બાબતમાં તમારો સ્પષ્ટ લેખિત કાગળ આવતાં, તે બાબતમાં પણ પ્રભુકૃપાથી તેમ જરૂર થઈ શકીશ તે જાણશોજી. દક્ષિણમાં જવાનું થાય કે લખવાનું થાય તો જાણી જોઈને તો લખવાનું કરવું કે કેમ ? અથવા તે બાબતમાં પણ કેમ વર્તવું તે મને લખશો કે જેથી હવે કોઈ બાબતમાં ગેરસમજૂત થવા સંભવ ના રહે.

તમે મને લેખિત સૂચનાઓ આપો કઈ કઈ બાબતમાં કેમ કેમ વર્તવું તો તે પ્રમાણે ખ્યાલ રહ્યા કરે. આ લખવાનું મજાક નથી, કારણ કે અત્યાર લગી તો આપણો સંબંધ જુદા પ્રકારનો છે. તેથી, હવે કોઈ પણ બાબતમાં આ જીવ વિશે કશું પણ અન્યથાપણું ના ઉદ્ભવે એટલું મારે एની કૃપાથી જોવું રહ્યું.

મારી અનેક પ્રવૃત્તિઓમાં મારો આરંભ નથી હોતો એવું ધારવું છે, પણ આરંભ થયા પછી તે અટકવાનું પણ જાણતો નથી. તેથી, તમારી બાબતમાં હવે પહેલાંની જેમ કાંતુ સાથે પણ મારાથી ના વર્તી શકાય. જોકે તમારે ત્યાં હોઈશ ત્યારે કોઈ જાતનો મનમાં મનથી ભેદ રાખી શકવાનો નથી, તે જાણશો ને

ઘર હોય તેમ વર્તવાનું રાખીશ, પણ આશ્રમમાં આવીશ તો હવે ત્યાં પહેલો નહિ ઊતરું. તમે કહેશો તો જ ત્યાં પહેલો ઊતરવાનું રાખીશ. આશ્રમ છોડીને બીજે ક્યાંક જવું હોય તોપણ તેમ વિચારશો ને નોકર વગેરે રાખવો હોય તોપણ કરશોજી. બસ, જેમ આનંદ ઉદ્‌ભવે તેમ કરશોજી. તમારામાં અમુક અમુક ગાળાના 'મૂડ'ના ઊભરા પણ આવતા હોય તો ના નહિ પણ તે સાથે મારે તો લાભ જ થયા છે.

જ્યારે આપણા દિલને આવું બનવાનું થયું છે તે વેળા શું પ્રભુકૃપા કંઈ થોડી જ મરી પરવારી છે ? ને એનું રૂપ કંઈ એક જ પ્રકારનું થોડું હોય છે ? આપણું સારું થાય તેમાં પણ એની કૃપા ને જેને મન નઠારું માને એ પણ એની કૃપા છે. **મારે મન તો તમે જે છો તે જ છો. એમાં કશો જ ફેરપલટો નથી. તમે મારા જ પ્રિય ભાઈ છો ને રહેવાના. તમે નકારશો તોપણ નહિ.** માત્ર આપણો પ્રેમભર્યો મીઠો સંબંધ રહેવાનો છે તેટલો પણ પ્રભુનો ઉપકાર, બાકી, કંઈ બળજબરી થોડી જ છે ?

તમે મનમાં કશું જ લાવતા નહિ. જે થયું છે તેમાં પ્રભુનો જ હાથ જોવાનું શીખશો ને હવે પણ જે બને તેમાં પણ એ પ્રભુનો મંગળ હાથ જોવાનો અભ્યાસ કેળવશો.

તમે વરસ તદ્દન સ્વતંત્રપણે રહો તે જ ઇષ્ટ છે, ને હું તો ઇચ્છું છું કે હેમંતભાઈ પણ ના હોય તે ઇષ્ટ છે, એનું કારણ કે એ જ્યાં લગી હજી આ જીવ સાથે છે ત્યાં લગી બીજું વાતાવરણ અથડાયા કરે તે પણ ઇષ્ટ નથી. તમો તમારા રાજા ને તે ભાવે પ્રેમથી, મોજથી રહો. હેમંતભાઈનું અહીં આવ્યા બાદ વિચારીશું (જો આવવાના હશે તો-) કારણ કે એના વિચાર વિનિમયથી

પરસ્પર લાભ થવાને બદલે કદાચ હાલ પૂરતો ગેરલાભ પણ હોય. તેથી, તે જુદા રહે તે જ ઠીક. તેમ છતાં એને પોતાને રહેવું હોય તો મારી ના નથી.

તમે સંપૂર્ણપણે નિશ્ચિંત થઈ જશો ને એમ સ્વતંત્ર રહીને જે કંઈ પ્રેમભાવે બને તે કરશોજી. એટલું યાદ રાખજો કે સિદ્ધાર્થને ઉત્તમ ભાવના સંસ્કાર મળે તેવું બધું બધી રીતે કરવા એની કૃપાથી પ્રેરાયા કરશો એવી ઉમેદ છે.

આશ્રમમાં રહેવાનો હેતુ તો પૂ. બાનો આભડછેટનું તૂત નીકળી જાય તે પણ એક હતો. તે બાબતમાં પૂ. બાનું વલણ રચનાત્મક છે તે જાણી આનંદ થયો છે. હવે તેથી સિદ્ધાર્થની બાબતમાં જેમ જે રીતે એનો વિકાસ સધાયા જાય તેમ વર્તવાનું કરશોજી ને એને અંગે અને તમારા અંગે ગમે ત્યારે મારું કામકાજ પડે તો જરૂર લખશોજી. **હું તમારો જ છું ને તમે મારા જ છો એવી ભાવના રાખવી.** તમારે કશું જ પુછાવવું નહિ, પણ મારે કંઈ કશું જોઈતું હોય તો તમને અન્યથા ભાવ આવવાનો સંભવ રાખ્યા વિના માગી શકું કે કેમ તે પણ લખશોજી. આપણે હવે સ્પષ્ટ વહેવાર રાખશો - રાખવાનો છે.

તમે મને દિલથી કરેલું સમર્પણ કંઈ પણ કશા અંદેશા વિના પાછું ખેંચી શકો છો. તેમાં જરૂર આનંદ છે. તે સાથે સાથે ત્રિચિના ચોપડે પડેલી રકમનો પણ હવાલો લઈ લેવા વિનંતી છે તથા બીજા એક હજારની જે ફિક્સ્ડ રકમ બૅંકમાં છે તે પણ કબજે લઈ લેશો તો આનંદ છે. પ્રકાશન કાજેની મળેલી રકમ તમારી પાસે હમણાં રાખશો તો મને સરળતા થઈ પડશે - દરેક બાબતની. પ્રેમભાવભરી ચોખવટ આપણે કરી લેવી તે સારું છે કે જેથી કશું મનમાં ઉદ્‌ભવે નહિ. હવે જે કંઈ કરો તે બાબતની કશી પણ

ખબર લખવાની જરાકે જરૂર નથી. માત્ર એક પરસ્પરના સંબંધના કારણે લખવાનું કરી શકો તે વાત જુદી છે.

તમે તમારા કુલમુખત્યાર છો. ને તમારો ભગવાન કંઈ થોડો જ જુદો તેથી થઈ શકવાનો છે ? આ પત્રનો જવાબ મળશે પછી બસ -

જીવન આનંદનો નંદુ જીવન આનંદ તો રે'શે,

સ્વજનને પોતાનું માનેલું તે અળગું તો કેમ જ થઈ શકે ? પણ માનવીના જીવનનો વિકાસ એમ જ થવા નિર્માયું હશે તો કોને ખબર ! જેમ હો તેમ તે પ્રભુનિર્મિત પ્રસાદી જ છે. કાંતુને મારા વતી પ્રેમભાવ કરજે. બસ નંદુ વહાલા નંદુ !

**મારો નંદુ !**

હરિઃૐ તા. ૧૮-૭-૧૯૪૬

સાયલા

પ્રિય બહેન કાંતુ,

હું તો કાળમીંઢ જેવો છું. ત્રાસ દેવામાં જ જેને આનંદ છે, એવો તો તે નિષ્ઠુર છે. આ કંઈ ખોટું લખ્યું નથી. **પ્રેમનો સ્વધર્મ ઘડવાનો છે, તે તો પથ્થરને ટાંકી ટાંકીને મૂર્તિને ઘડવાનું કરે, પણ ટાંકણું પડે તે જીરવાવું કારમું લાગે - કવિતામાં આ વિચાર રમ્ય ભવ્ય લાગે, પણ જીવનના અમલી વર્તાવમાં તો એની રમ્યતા, ભવ્યતા, દિવ્યતા કોઈક વિરલ જીવ અનુભવી શકે છે.** એટલે જો નંદુના પ્રત્યેક વચનમાં તું એકરાગ ભક્તિભાવે ન થઈ શકે તો તારે કાજે મને મૂકી દેવાનું યોગ્ય છે. પ્રભુને માર્ગે એમ કદી જઈ શકાવાનું નથી. એ રસ્તે થીંગડાં દીધે પાલવી શકે તેમ નથી.

નંદુના ડહાપણને તમે નહિ ઓળખી શકો, હું ઓળખું છું. અત્યારે વધારે લખું તો વળી એના મનમાં દ્વિધાપણું આવે ને એનું મન એને સમજાવવા કહે કે જોયું 'મોટા, હવે કેવી ખુશામત કરે છે.' એટલે કશું લખતો નથી.

**નંદુને ભગવાને મને મેળવી આપીને મને તો જે આપ્યું છે તે તો એક હું જાણું ને એક તે જાણે. એના મનમાં જે હશે તે પ્રભુની કૃપા થતાં સાફ થઈ જશે. પ્રભુનું જ ધાર્યું થાય છે, આપણું થતું હોત તો આપણે કોણ જાણે કેવાંયે હોત ! જીવનું ધાર્યું નથી થતું એ જ ઉત્તમ વાત છે.**

## નંદુને સાંત્વના

હરિઃૐ તા.૧૮-૭-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

કોઈ વાતે હલમલી ઊઠવાની જરૂર નથી. આનંદમાં આવી જાઓ. સર્વ રીતે પહેલાં હતા તેવા જ થઈ જાઓ. તમે કોઈ રીતે જુદા નથી. હવે માત્ર આપણે સરખાં છીએ. મિત્રધર્મ, સજ્જનતાભર્યો ગૃહસ્થધર્મ તો ઊભો જ છે. **વહાલા નંદુ, તારે કોઈ વાતે અમૂંઝણ કરવાની જરૂર નથી. તારામાં રહેલી શક્તિની મને કદર છે એનું ભાન પણ છે. સદાય તારો જયવારો થયા કરો, એ જ પ્રાર્થના છે.**

બધું હવે મનમાંથી કાઢી જ નાખવાનું છે. તું પાછો મનથી મનમાં મસ્તપણે વિચરે એટલું જ જો ગુરુએ માગી શકાતું હોય તો માગું છું. તને કોઈ વાતે દુઃખી જોવાનું મને પ્રભુ ના કરાવો, એ જ પ્રાર્થના છે.

## ઉત્કૃષ્ટ સ્ત્રીજીવન

હરિઃૐ તા. ૧૮-૭-૧૯૪૬

સાયલા

પ્રિય બહેન કાંતુ,

પ્રભુ જ એકમાત્ર જીવન આપે છે ને જીવન લે છે. ને લેતો હોય છે તે પણ કદાચ દેવાને કાજે પણ હોય. પ્રભુને માર્ગે સાચી શરણાગતિ પાક્યા વિના કદી પણ જઈ શકાતું નથી. **તને જીવનમાં સદ્ભાગ્ય કરી જે પતિનું સાધન મળેલું છે એના સદ્ભાવની પાકી ઉત્કટ તમન્નાથી, ભાવનાથી, એકમય થઈ જવાનું કેળવ્યા કરશે ને ભગવાનનું ભજન, નામસ્મરણ કર્યા કરશે તો તને ઘેર બેઠાં પ્રભુ દોરવવાનો છે.** મનમાંનું કશું પણ એવું ના રાખજે કે જેથી પોતાના પ્રિયને ના રુચે. પોતાના મનના વળાંકોને એના આનંદમાં જ વાળ્યા કરવાનું કરજે. એને ગમતું તે આપણને ગમતું એટલું જીવનસૂત્ર બનાવીને તે તે ભાવે વર્તવાનું રાખશે ને તેવા વર્તનમાં પ્રભુના ભાવની ધારણા જીવતી રાખ્યા કરશે તો તારું સદાય કલ્યાણ થવાનું છે.

હંમેશાં પોતાના પતિના સુમેળ ભાવમાં જ પ્રવર્તતા રહેવું ને મનના સ્વભાવને ઉચ્ચતર કરતાં રહેવામાં જીવનનું કલ્યાણ છે. એમ દૃઢપણે માનવું ને તેમ વર્ત્યા કરવું.

**મોજશોખ, વૈભવવિલાસ એ જીવન નથી, પણ જીવનનું મૃત્યુ છે એમ જાણજે.** 'હા' એક વખત સર્વથી પર થઈ ગયા પછી તે તે દરેકની વાત જુદી છે, પણ મનમાં મોહ ભર્યા પડ્યા હોય, મનમાંની રાગાત્મક વૃત્તિઓ તરવર્યા કરતી હોય તેવી ભૂમિકાથી તો મોજશોખ, વૈભવવિલાસ તે બધાં પડવાનાં સાધન છે. જેટલી શરીરની

મજૂરીથી કામ લેવાશે તેમાં વધારે પ્રાણ ચેતના, સ્ફૂર્તિ મળ્યા કરશે. **બાળકના જીવનમાં ઉચ્ચ સંસ્કાર પોતાનામાં ખીલ્યા વિના કદી પણ ઊગી શકવાના નથી, તે વાત પણ નક્કી છે.** એનામાં એવું આવે તે તો તમે બન્ને જણાં ઈચ્છો છો તો તેટલી હકીકત ધ્યાનમાં લેવાનું બન્યા કરશે તો તે પ્રભુની કૃપા થઈ એવું ગણીશ.

તને બહુયે વેળા આ જીવથી દુ:ખી કરવાનું બન્યું હશે તો તે તું હૃદયના ઉદારભાવે વહાલી બહેના ! **ક્ષમા આપજે ! નંદુના વચનને કદી ઉથાપતી નહિ. એને હૃદયનો સંપૂર્ણ સહાનુભૂતિભર્યો આનંદભાવે સાથ દીધા કરજે. તારું જીવન ઊજળું બનો એવી મારા હૃદયની અભીપ્સા છે.**

સિદ્ધાર્થને હૈયાના હારની જેમ જાળવજો. બસ, વધારે તો શું કહું ? વહાલી બહેન કાંતુ, તેં મને ઘણોયે અવગણ્યો છે, તે તું તારા મન સાથે હિસાબે ગણી લેજે. તને તેવું કદી આ જીવે કર્યું નથી એટલું સાચું હોય તો તને અનેક વાર દીધેલા આઘાતોની મને હૃદયથી માફી આપજે ને સદાય આશીર્વાદ દેતી રહેજે. પૂ. બાની સેવા ખૂબ ખૂબ કરતી રહેજે. કાગળ તો લખતી રહેજે.

**નંદુભાઈએ લીધેલા નિર્ણયનું કારણ નીચેના પત્રમાં છે.**

હરિ:ૐ તા. ૧૮-૭-૧૯૪૬

સાયલા

પ્રિય(હેમંતભાઈ) તથા બહેન કાંતુ,

જત, ભાઈ નંદુની શાંતિમાં તમારાથી બની શકે તેટલો સાથ દેજો. એને પ્રસન્નચિત્તતા દેજો. એણે કશું જ ખોટું કર્યું નથી. એણે માત્ર ૧૯૪૦માં પોતે હતો તેવું સ્વતંત્ર જીવન જીવવાનું વિચાર્યું છે ને તે પણ એક સાલ કાજે. એવા નિર્ણય પર આણવાને

આ જીવ જ નિમિત્ત છે. એ જેને તેને ત્રાસ જ દે, તો પછી બીજું થાય પણ શું ? તમારે પણ એ પ્રસાદી ખપતી હોય તો પાસે રહેજો એ જ પ્રાર્થના છે. એમાં એનો કોઈ જ દોષ નથી. દોષ હોય તો સકળ મારો છે. જેને જે કંઈ કહેવું હોય તે મને કહેજો.

## પૂજ્ય શ્રીમોટાએ નંદુભાઈ પાસે વડીલોને લખાવેલો પત્ર

હરિઃૐ

જત, હરિજન આશ્રમમાં આવ્યો તે વેળાથી તે એક આશ્રમ - જીવન છે ને તે મોટાની દોરવણી પ્રમાણે વર્તવાનું છે એમ સમજણ હતી, ને તેમાં સ્વભાવને પલટાવવાનો હેતુ હતો, પરંતુ મોટાનો સ્વભાવ ઘણો જ તીખો, કડક ને ગમે તેમ કહે તેવો લાગ્યા કરવાથી હાલમાં એક સાલ ૧૯૪૦માં હતો તેવો જ સ્વતંત્ર ગૃહસ્થ તરીકેનું જીવન ગાળવાનું વિચાર્યું છે. હાલ એકાદ સાલ એવું જીવી જોવું છે. સાધનાની કઠિનતા કહો કે મોટાની કઠિનાઈ ઘણી કઠતી હતી તેથી આવું પગલું લીધું છે. મોટા, મારા એક વડીલ તરીકે તો છે જ ને અહીં આવતા જતા રહેશે. મારા જીવનની કોઈ પણ ફેરવણી થાય તો તે મારે તમને જણાવવાનો ધર્મ છે એમ સમજી આટલું લખ્યું છે.

આ પ્રમાણે અથવા એમાં જે યોગ્ય લાગે તે ફેરફાર કરીને પૂ. મામા, મોટા ભાઈને લખી શકો તો તેમાં કશું ખોટું નથી. આ તો માત્ર સલાહ છે.

## અર્જુન, શ્રીકૃષ્ણને ઓળખી ના શક્યો

આ પત્રમાં પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈનું ધ્યાન દોરવા રૂપકનો ઉપયોગ કર્યો છે. આડકતરી રીતે શ્રીમોટાએ કહ્યું છે કે જેમ અર્જુન, શ્રીકૃષ્ણને ભગવાન તરીકે ઓળખી શક્યો ન હતો તેમ શ્રી નંદુભાઈ પણ શ્રીમોટાને ચેતન પુરુષ તરીકે ઓળખી શકતા ન હતા.

પ્રિય ભાઈ,

જત, નીચે પ્રમાણેનો કાગળ પૂ. બાપુને (પરસદરાય મહેતા - સં.) કરાંચી લખશોજી.

હરિઃૐ

મુ. પૂ. બાપુ,

જત, ચૂનીભાઈ કરાંચીમાં જે લખાણ લખતા હતા, તેનું નામ **'જીવનસંગ્રામ'** રાખ્યું છે ને તેમાં સંપાદક તરીકેના બે બોલ જોડે લખ્યું છે તે પ્રમાણે લખ્યા છે, તે તમારી જાણ કાજે મોકલું છું. બીજું લખાણ તો તૈયાર છે, પણ ટપાલખાતાની અવ્યવસ્થાને કારણે રજિસ્ટર્ડ તે નહિ થઈ શકે એમ હોવાથી મોકલ્યું નથી.

હાલમાં તો આશ્રમમાં છીએ. જીવનમાં માનવીમાત્રને અર્જુનના જેવી દશા થાય છે. શ્રીભગવાનને ન ઓળખી શકવામાં અર્જુનનું અભિમાન એ એક મુખ્ય આવરણરૂપ હતું. ને શ્રીભગવાન પાસેના પાસે હોવા છતાં એને તે સ્વરૂપમાં તે ઓળખી શક્યો ન હતો. તો આપણે તો કોણ માત્ર ? કંઈ અર્જુન એકલો જ હતાશ પામેલો છે એવું કશું જ નથી. એ તો પ્રત્યેક જીવનની જીવનકથા છે. વધારે તો શું લખું ?

ચિત્રાબહેન બી.એ.માં બીજા વર્ગમાં પાસ થયાં, તે તો હમણાં જ જાણેલું. એમને અમારા બન્ને તરફનાં સસ્નેહ અભિનંદન. કાંતા તમને સપ્રેમ પ્રણામ લખાવે છે.

લિ. તમારા નંદુના પાયલાગુ.

• • •

## ૨૪. સમાધાન

હરિઃૐ તા. ૨૨-૭-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

અહીંથી એક લખેલા કાગળમાં લખેલું કે **'એના ડહાપણને તમે કોઈ ઓળખતા નથી, હું ઓળખું છું.'** એ વાક્ય તમને યાદ હશે જ. તમે જે વિચાર બદલ્યો તેમાં તમે ને હું તથા બીજા તમને જે વળગેલા છે તે પણ પ્રભુની મંગળમય ધન્ય કૃપાનો અનુભવ પામીએ એ જ એક પ્રાર્થના. તમારું એમાં વિવેકયુક્ત ડહાપણ છે. તમારા આધાર વિના તમારા નિમિત્તે પ્રભુકૃપાથી જે જે મળેલાં છે, એમની સેવા થઈ શકવાને મારો આધાર તૂટી જતાં તે પણ બધું કડડભૂસ થઈ તૂટી જાત, પણ એમાં ક્યાંયે આસક્તિ ન હોવાથી તમને આજીજી કે કાલાવાલા કરવાનું પણ શક્ય જ ન હતું. તમારા લોકોનું આધારબળ એ જ મારી જીવવાની શક્તિનો સંચાર થવાની રચના જે એની જ એકમાત્ર કૃપાથી એ રીતે વ્યક્ત થતી રહ્યા કરે છે. એવો આધાર એ જ મારું જીવનનું જોમ છે, એ જ બળે ગાજું છું. તમારા જીવનમાં જેમ જેમ શુદ્ધિ પ્રકટે, જેમ જેમ ચેતનાશક્તિના અનુભવનો પ્રત્યક્ષ જીવતો સંપર્ક થાય ને એની તમને બધાંને પ્રતીતિ થતાં નિષ્ઠા જામતાં, આ જીવ જગતમાં ભલભલા સામે ટક્કર ઝીલી શકે, પણ ત્યાં લગી એની તાકાત પ્રભુની હોવા છતાં એવી તાકાત જોર કરી જ શકતી નથી. તમારા જ આધારે તે ફૂટવા લાગી હતી, એને પાંખ આવવા લાગી છે, ને જરાતરા ફડફડાટ થવા માંડ્યો છે. તમે ઇચ્છો તો એને ગગનગામી ઉડ્ડયન કરાવી શકવાની સંભવિતતા ઊભી કરી શકો તેમ છો. ને એમ કરવામાં આપણા જીવનનું તો કલ્યાણ છે જ તે

સાથે સાથે પ્રભુની ભક્તિસેવાનો ક્ષેત્રમર્યાદાનો વિસ્તાર પણ વધે જ છે, પણ એ બધાં કાજે તમારા પર જ મારે ઊભવાનું રહે છે, તમે એની કૃપાથી મારો ભાર ઝીલી શકો ને તે પણ પ્રેમભાવે હૃદયના ઉમળકાથી ઉલ્લાસથી જીવનનું તેમાં સમર્પણ છે એવું જ્ઞાનભાનપૂર્વક સમજાયા જાય ને એ રીતે મારું આડુંઅવળું, ગમે તેવું ન સમજાતું કે અજુગતું લાગતું જે તે બધું ઊગ્યા કરે તેમાં તેમાં એકમાત્ર કોઈ ને કોઈ શુભ હેતુ બુદ્ધિથી વિચારવાનું બન્યા કરે તો આ જીવ મસ્તભાવે બસ એવો તો એની કૃપાથી ગર્જ્યા કરે કે તમને પણ તેથી આનંદ થયા જાય. આજે પણ તમારાં બધાંના આધારબળ વિના કોઈને પણ કંઈ કશું કહી શકવાની તાકાત તો મારામાં નથી. જે કંઈ છે ને હશે કે રહેશે તે તમો બધાં જે એની કૃપાથી મળેલાં છો એમાં જીવન પાંગરતાં આ જીવનું હીર કાંઈ ઓર રીતે જ પ્રકટ્યા કરવાનું છે. વાછરડું ખીલાના જ આધારે કૂદે, તેમ મારો એકમાત્ર આધાર તમે બધાં છો. **મળેલાં સર્વ કોઈના ગુણદોષ બન્ને એના યોગ્ય પ્રમાણમાં પૂરેપૂરું જાણતો હોવા છતાં ગુણની કદર કરવાનું કામ રાખ્યું નથી. માત્ર દોષ ઉપર જ દૃષ્ટિ રાખ્યા કરેલી છે. સર્વ મળેલાં જીવની દોષની દુનિયામાં મંથન જગાડવું ને એમાં પ્રભુકૃપાથી જો ચેતન પ્રકટવાનું હોય તો ભલે એ રીતે એમાં જ મારે તો રમવાનું છે.** ભગવાનની કૃપાનો અનુભવ મને તો એમાંથી જ પ્રત્યક્ષ મળ્યા કરે છે. આ કંઈ બુદ્ધિની રમતની વાત નથી, પણ જીવનઅનુભવની વાત છે. સામાન્ય જે કોઈ જીવ જો બધાંના એકમાત્ર દોષને જ જો જોયા કરવાનું કરે, એનું જ ચિંતવન રહ્યા કરે, એમાં એનું રમવાનું બન્યા કરે તો તે જીવ પેલા જીવો પર પૂરો પ્રેમભાવ કરી જ ના શકે એવું એનું શાસ્ત્રીય પૃથક્કરણ છે. પ્રભુકૃપાથી મને પ્રત્યેક પર

પ્રેમભાવ વિના બીજી કશી ભૂમિકા નથી રહેતી. એટલે જ પ્રભુના ભાવની દિવ્યતા, રમ્યતા, તટસ્થતા, ગૂઢતા એ બધાંનો તમારાં બધાંના જીવન દ્વારા જે અનુભવો મળ્યા કરે છે એમાં આ જીવના જીવનનો વિકાસ છે. એટલે જ તમે બધાં મારા જ સ્વાર્થ કાજે છો.

## ખુલાસો

## પૂજ્ય શ્રીમોટા સાથેના વર્તનમાં સાવચેતી રાખવા વિશે

હરિઃૐ તા. ૨૩-૭-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

મારી સાથે વૃત્તિમાં વૃત્તિ ભેળવીને જે જે કાંઈ વાત વિશે તમે વાત કરવાનું કે તે રીતે જાણી લેવાનું રાખતા હશો તો ભ્રમણામાં પડી જવાનો સંભવ રહે છે. તેવી રીતે કદી ભૂલેચૂકે પણ અખત્યાર ન કરવા વિનંતી છે. ને કદાચ જાણીને એવી રીતે જે વાતો કરી હોય ને એના પરથી જે મારા વિશેના નિર્ણયો બાંધવામાં તો ઊલટા ભારે ભુલાવામાં તમે પડશો.

વળી, મારે તમને એક વાતમાં સંપૂર્ણપણે જણાવી દેવું જોઈએ કે તમે તમારે સંપૂર્ણ સત્યને આધારે ચાલ્યા કરજો. મારા કહેવાથી કે મારી કોઈ લાક્ષણિક ઢબને કારણે તમારે કદાપિ અસત્યને ચીલે ચાલવાનું નથી. એવું ચાલવાનું આવે તો તેની સ્પષ્ટ ના પાડજો. મારે લીધે જ તમારે આ વર્ષોમાં કશુંક એવું અજુગતું કરવું પડેલું છે એમ માનવામાં ભ્રમણા રહેલી છે. **કૃપા કરીને તમારે સત્યને જ વળગી રહેવું.** ભૂલેચૂકે પણ જો એનાથી બીજી રીતે જવાનું, કહેવાનું કે સૂચવવાનું આવે તો તે કાં તો તમારે ઊંડું સમજવાનું, વિચારવાનું ને તેમ છતાં તેમાં અસત્ય લાગે તો તેમ ના કરવું. તેમાં મારા હેતુને રહેલાં દર્શનનો ખ્યાલ કરવો ને તે પણ જો

એના યોગ્ય અર્થમાં સાચી રીતે સમજાય તો જ તે કરવું. મારે લીધે જ કોઈ પણ જીવ થોડુંઘણું પણ અસત્ય આચરતો થાય અથવા તો એવું એને લાગે તો તે મને તો મરવા જેવું લાગે. આમાં તમારે ખોટું લગાડવાનું કશું જ કારણ નથી. એક વખત ચોખવટ કરી દેવી તે ઉત્તમ વાત છે.

## ભલભલા સાન ખોવે શ્રી નંદુભાઈના ગુણો

હરિઃૐ તા. ૨૪-૭-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

### હરિનો રસ ચાખે રે કોઈક દીવાના

એ રસ ચટકાનો કંઈક અનુભવ જેણે કર્યો દિલ હોય,
તે એક જાણે સંકટ ગિરિઓ કેવાં આવે પથમાં રે.
...હરિનો

ઉર, મન, ચિત્ત ને પ્રાણની શ્રદ્ધાના પાયાને મૂળથી ડગાવે,
એવી પળો જ્યારે આવે છે ત્યારે ભલભલા સાન ખોવે..

એ રસનો સ્વાદ લેવા રે જાતાં કોઈક પડે નવ ભૂલાં
બાકી બીજાં અડબડિયાં ને ગોથાં ખાતાં ખાતાં થાય લૂલાં..

રણસંગ્રામે જીતવા શૂરા પરવરે હોંશ જ ધારી,
કૈંક ઘવાયે ને કૈંક મરાયે વિરલા ટકે હઠધારી..

મન હૃદયમાં ચેતના ધારી ખંતે ખૂંપ્યો જે રહેશે,
એક દી એવો ભાળશે જ્યારે રસમાં તરબોળ થાશે.
...હરિનો

આ ભજનની યથાર્થતા હવે તમને પણ યોગ્ય રીતે સમજાશે એવી આશા છે. તમારામાં હઠનો ગુણ તો છે એટલે તમે ટકી શકવાની ભૂમિકાવાળા વધારે જરૂર કહી શકાય, બાકી તો એમાં ઘવાવું પણ પડશે ને મરવું પણ પડશે. આ માર્ગે ઘણાં ગયાં છે, હજી પણ જાય છે, પણ ઘણાં ખરાં તો ભૂલાં જ પડેલાં છે. ને બીજાં બધાં તો અડબડિયાં ને ગોથાં ખાતાં ખાતાં લૂલાં પણ થાય છે.

ઉર, મન, ચિત્ત ને પ્રાણની શ્રદ્ધાના પાયાને મૂળથી ડગાવે,
એવી પળો જ્યારે આવે છે ત્યારે ભલભલા સાન ખોવે..

આ હકીકત એટલે કે શ્રદ્ધાના પાયા બધાયે કરણમાં દઢાયા હોવા છતાં પણ એને મૂળથી પણ ડગાવવાની શક્યતા સાધકના જીવનમાં પ્રકટતી જ હોય છે. તેવી વેળા ભલભલા પણ સાન ખોવે છે, એટલે તમે એવી કોઈ સ્થિતિમાં આવી ગયા હો તો તે તદ્દન સ્વાભાવિક છે. કિંતુ **તમારી શક્તિની કદર મને છે તેટલી ભાગ્યે જ કોઈકને હશે. તમે હારને જલદી સ્વીકારી શકો તેવો તમારો સ્વભાવ નથી.** વળી, સાધકને જ્યારે જેમ જેમ કોઈકના કહેતાં જ વર્તવાનું આવ્યા કરે છે તેવી વેળા એનું અહં એને એની સમગ્ર શક્તિ સાથે પડકાર દેતું જાગતું પણ થઈ જતું હોય છે. ને તે એને એવું તો સુઝાડ્યા કરે છે કે ન પૂછો વાત. એટલી એક સદ્ભાગ્યની વાત હતી કે તમારામાં ત્યારે થોડોઘણો પણ સંયમ એટલે તટસ્થતા જાગેલી હતી. તમે ઝટ કોઈકને તાબે થઈ જઈ શકો એવા છો જ નહિ, પણ જે જે કોઈ તમારી આગળપાછળ હોય એને એક યા બીજી રીતે તમારા જ વર્તુળમાં એટલે કે છાયામાં લાવી દઈ શકવાને સૂક્ષ્મપણે પ્રેરાયેલા જ રહ્યા કરતા હો છો. આ બધું ભલેને જાણ કે સમજપૂર્વક ન બનતું હોય પણ એવું બધું એ તમારા સ્વભાવની લાક્ષણિકતા છે, તે જાણશોજી.

• • •

# ૨૫. સાયલા અને શિરડીથી પૂજ્ય શ્રીમોટાના પત્રો

## અદ્ભુત અનુભવનો કાંતાબાએ લખેલો પત્ર

હરિઃૐ તા. ૨૬-૭-૧૯૪૬

સાયલા

પૂજ્ય વહાલા મોટા,

જત, ગત પરમ દિવસે ચિ. સિદ્ધાર્થના સમાચાર માંદગીના સાંભળી વાંચીને જે દિલમાં થતું હતું તેને પ્રભુસ્મરણમાં વાળવા પ્રયત્ન કરતી હતી. એનું વ્યક્તપણે તમોએ કહેલું પણ ખરું અને સૌ. જયુબહેનના અનુષ્ઠાને તમો ગયા બાદ પ્રાર્થના કરવા બેઠી ને તરત જ પાછળ કરોડરજ્જુમાં પ્રવાહ સાપની જેમ ચાલ્યો. ભ્રૂકુટિમાં ઝણઝણાટી થવા લાગી ને ઓહમ્ ૐ પ્રકાશ થયો તે છેક સુધી રહેલો.

શરીર શિથિલતામાં ગયું અને એક હરિઃૐનો અવાજ આવ્યા કરતો તે હું બોલતી ન હતી એમ લાગ્યું, પણ હૃદયના ભાગેથી ને ભ્રૂકુટિની વચ્ચેથી સ્પષ્ટ અવાજ આવતો ને સતત ખ્યાલ એ રહેલો કે, હે પ્રભુ ! મને પૂરી શરણાગતિમાં રખાવ. જીવનના, નવા જીવનનો ખ્યાલ - યાદ સતત રખાવ. તેમાં જીવતી રહેવા શક્તિ આપ. ભાવના, તમન્ના આપ. બાબાને સારો કરી દે. જેથી મને જે શીખવાનું જીવનમાં ને કર્મયોગમાં પ્રાપ્ત થયું છે તેનો પૂરો લાભ લઈ શકું. હું જાણું છું કે તને રટવો ભૂલી ગઈ હતી. સ્મરણ-નામજાપમાં પૂરા જીવપ્રાણ ન હતા તેથી આવું મને ટકોરવા તેં કર્યું. આજે જે કંઈ હૃદયમાં થાય છે તે બધું ને પછીનું બધું તને સમર્પણ કરું છું. જેટલા આવડે છે તેટલા શુદ્ધભાવે - પ્રેમભાવે. આમ, શરૂમાં પ્રાર્થના કરેલી ને પછી પ્રભુએ કૃપા કરીને ધ્યાન કરાવ્યું.

વળી, રાત્રે તમો સાથે પગ દાબતાં પ્રાર્થના સારી રખાવી, બધી રીતે નિઃસંકોચપણે સરળપણે કૃપાથી રખાવી અને પ્રિય વજુભાઈની હરિઃૐની ધૂને પણ ઘણી તેમાં મદદ કરી. ત્યારે પણ થોડી વાર ધ્યાન જેવું સ્થિર થઈ જવાયેલું. આ બધી તમારી - મારી માની જ કૃપા છે.

ગઈ કાલે પણ તમો અનુષ્ઠાને ગયા ત્યારે ઘણું મન હતું, પણ રસોઈમાં કામ હોવાથી તે પણ પ્રાર્થના જ છે એમ સમજીને તે કરતી રહી. પછી દૂધ વગેરે થઈ જતાં તમને વાર છે એમ હતું એટલે બેઠી. બેસતાં જ ધ્યાન, ચિત્ત, મન એકાગ્રપણે થવા માંડ્યું ને ભ્રૂકુટિમાં ઝણઝણાટી થઈ. પ્રાર્થના મનમાં કરીને જાપ કરવા લાગી. પછી તે અવાજ પણ ઊંડો ઊતરવા લાગ્યો, બોલવામાં ધીમાશ આવી અને 'હરિઃૐ' હૃદયમાં સ્થિર થવાની શરૂઆતમાં હતું. ઊઠવાની જરાકે ઇચ્છા ના થઈ, પણ વજુભાઈ પાટલા મૂકવા ગયા તેનો અવાજ આવતાં ઊઠી. ગત પરમ દિવસે તો કશી ખબર જ પડેલી નહિ. જો તમો જાગ્રત કરવા ના આવ્યા હોત તો કોણ જાણે ક્યારે જાગૃતિમાં આવત તે તો તમો જ જાણો. શરીરની કે બહારના અવાજની જરા પણ તેમાં અસર થઈ ન હતી, પણ કાલે એવું થયું ન હતું. થવાની શરૂમાં હતું એમ લાગ્યું, પણ ઊઠીને કામે વળગી છતાં મન - ચિત્ત પેલામાં ખેંચાતાં હતાં. એટલે વાસણ વગેરે કરીને તમો પાસે આવી, બેઠી. વજુભાઈને ધૂન ચલાવવા કહેવા ઇચ્છા થઈ પણ સ્વતઃપણે કરે તો સારું એમ માની ના બોલી અને જયાબહેન ભજનો ગાતાં હતાં. એટલે તેમને ના કહેવું એમ પણ હતું. એટલે હું પગ દાબતાં જાપ સાથે પ્રાર્થનામાં બેઠી અને પ્રથમ વાસનાવૃત્તિને સમર્પણ કરી કે હજુ છે તે પણ નિર્મૂળ થઈ જાઓ.

તે દિવસે (ગત પરમ દિવસે) પણ તેને સમર્પણ કરેલી. જોકે હું સ્પષ્ટ આ વખતે તેમાં ફેર જોઈ શકું છું અને માત્રા ઘટી છે તેમ આટલા દિવસના અનુભવે માનું છું. જે અનુષ્ઠાન પહેલાં હતું તેમાં પણ ઘણો ઘટાડો છે. પણ વહાલા મોટા ! હવે તો મન, વિચારથી અને પ્રાણ, વાસનાથી પણ તે સાવ નિર્મૂળ થાય તેવું આ વખતે તમો પાસેથી મળો એ પ્રાર્થના યાચના છે.

આમ, સતત ખ્યાલ હૃદયે હતો અને તેમાં પ્રભુકૃપાથી ધ્યાનની - પ્રાર્થનાની પ્રભુએ કૃપા કરી અને થોડી વાર પગ દાબ્યા બાદ હાથ થંભ્યો એટલે પાછી જે ઊંડાણમાં જતી હતી ત્યાંથી જાગ્રત થઈ ને પાછી દાબવા લાગી - જાપ કરવા લાગી અને તમે જે ગઝલમાં મને પ્રાર્થના લખી આપેલી તે પ્રાર્થનાભાવે બોલવા - ગણગણવા લાગી. પ્રાર્થનામાં ને ભજનો સાંભળતાં પગ દાબવા લાગી, પણ પછી ક્યારે ત્યાં થંભી તેની ખબર નથી. ભજનો તો સંભળાયાં જ નથી. પછીથી કે વચ્ચેનાં. શરૂઆતનાં સાંભળેલાં. આ વખતે કંઈ અવાજ ન હતો, જાપ ન હતો, હૃદયે ખેંચાણ સિવાય કશું ના લાગ્યું. ભ્રૂકુટિમાં વીજળીના દીવા જેવો પ્રકાશ ખૂબ તેજવાળો હતો, ને આછી કોઈની સ્વરૂપ મૂર્તિ હતી. ને મને કહ્યા કરે માગ, માગ ! શું છે ? કેમ બોલાવે છે ? મેં કહ્યું મારે કશું નથી જોઈતું. શરણાગતિ આપો. જીવનનું ધ્યાન સતત રખાવો ને જે મોટાએ હમણાં પ્રાર્થના (આરતી) લખી છે, તે જીવનમાં ઊતરાવો. જોકે લખતાં તો મને નથી ગમ્યું તેમ દેખાવ કરેલો ને બચાવમાં બધાં મશ્કરી કરશે સાંભળશે તો, એમ કહેલું પણ તે જ મારા જીવનમાં ખાસ જરૂરની છે એમ નક્કીપણે મને લાગતું. આમ, બે મનના વચ્ચે નવા જીવનનું મન જીત્યું ને તે પ્રાર્થના સતતપણે રહી. એ પરથી પણ હવે જીવનદિશા નક્કી થઈ છે

એમ સ્પષ્ટપણે મને લાગે છે. ને શરીરભાન ભૂલવા લાગી. હું નીચે ઢળું છું એમ અસ્પષ્ટપણે ખ્યાલ ગયેલો પણ ધ્યાન તે બાજુ ના ગયું. હાથપગ શરીર એક બાજુએ મૂકેલાં લાગ્યાં, ને હું એટલે એક શરીર મન અને પેલા પ્રકાશની એક ઝાંખી સ્વરૂપ મૂર્તિ (સૂક્ષ્મ મન) જુદાં હતાં. ને આગળ લખી તે વાત થતી હતી. શરણાગતિની અને તમોએ લખેલી પ્રાર્થના થતી હતી. આખું ચિત્ત લક્ષ તે પ્રકાશ સામે જ ચોંટેલું હતું. કોઈકે બૂમ મારી તે સંભળાયેલી ખૂબ ઊંડે, પણ ધ્યાન ના ગયું. પછી થોડી વારે તે પ્રકાશમાંથી બોલ્યું કે 'તારો હાથ પકડીને તને બોલાવે છે.' તે સાંભળ્યું પણ મેં ના પાડી. મારે જોઈએ છે તે આપો. એટલે ત્યારે મારા હાથને કોઈ અડ્યું તેમ મને લાગેલું. પકડ્યાની જેમ પણ તે ચોક્કસપણે નહિ. પછી કોઈએ મને ઊંચકીને મૂકી દીધી. થોડું વાગ્યું પણ તેની પરવા ના રહી. વળી પાછી હતી તેવી ત્યાં જ સ્થિર થઈ. 'કાંતાબહેન ઊઠો મોટા' આટલું સંભળાયું ને પાછું તે બાજુથી લક્ષ જતું રહ્યું. મનને ના ગમ્યું. આમ, વચ્ચે વિક્ષેપો પડતા તેથી પેલા પ્રકાશમાંથી એક કિરણ મારા હૃદયમાં એવું પેઠેલું હતું કે દોરો બાંધ્યો હોય તેમ, ને તેમાં ગમતું હતું. એકભાવ ને એક જ પ્રાર્થના ત્યાં કર્યા કરવામાં ને પછી તે પ્રકાશમાંની મૂર્તિ હસી પડી ને કહે, **'જા, જા, તું માગે છે તે તારા મોટા જ આપશે. તું પ્રયત્ન કરજે.'** ને એટલામાં કોકે મને જોરથી ઊંચકીને બેઠી કરી. આ વખતે તે ધ્યાનમાં હળવાશ આવેલી, થોડી ઉડાન હતી. ને મેં બેવાર ઉં ઉં એમ હુંકાર દીધો, પણ શરીર પર કાબૂ જરીકે ન હતો ને કોકે મને તાણી. મેં ઝબકીને જોયું તો મારા જ મોટા ! આનંદ થયો. મને પથારીમાં તમે સુવાડ્યા બાદ પણ તેજ - હૃદય સામે હતું. પછી ક્યારે ઊંઘી ગઈ તે ખબર નથી. આજે પણ આનંદ છે.

મારી આ નવા જીવને પ્રવેશ્યા બાદની જે જે પરીક્ષાઓ અહીં થઈ છે તેમાં મુખ્યત્વે આ પણ છે - હતી, પણ હજુ તેમાં ને બીજામાં ઘણું આગળ જવાનું છે તે પણ સમજું છું. પણ વહાલા મોટા ! હવે આ વખતના તમારા સમાગમે તેમાં વધુ પ્રગતિ કરાવો. આ આપણું કંઈ એક જ જયાબહેનના અનુષ્ઠાનનો હેતુ નથી, પણ તેમાં મારા જીવનમાં મેળવવાનું ઘણું હતું તે ખ્યાલ તમોને હશે, એમ પણ મને લાગે છે અને ત્યાં આ નિમિત્ત પ્રભુએ આપ્યું ને સેવાની તક આપી. તેમાં પણ શંકાઓનો ઘટાડો સ્પષ્ટપણે જણાય છે. આગળના આવતાં અનુષ્ઠાન માટેની પૂર્વ તૈયારી આમાં થાય છે. પૂજ્ય જયાબહેને પણ આમાં મને ઘણી મદદ કરી છે, તે માટે તેમનો પણ આભાર માનું છું. ને વધુ તો તેમણે મને જે અહીં આવવાની ને રહેવાની અનુકૂળતા સરળતા આપી, હૃદયથી તેથી તેમનો (શ્રી નંદુભાઈનો) ઘણો ભક્તિભાવથી આભાર માનું છું. તે બધી પ્રભુની જ કૃપા છે.

વહાલા મોટા ! બધું જ તમારાં ચરણકમળે સમર્પણ શક્તિ જીવન વહેણે આપો એ જ યાચના ને આશીર્વાદ તમારી પાસે યાચું છું.

એ જ લિ. તારી નાદાન બાળકી છોરું કાંતુના પાયલાગુ

## પૂજ્ય શ્રીમોટાની નંદુભાઈ પ્રત્યે પ્રેમપિપાસા
## તમે આગળ રહેવાને સર્જાયેલા છો

હરિઃૐ તા.૨૭-૭-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

કોણ જાણે મારું મન એવી જાતનું બની જતું હાલની દશામાં છે કે એવા કોઈ પણ જાતનો જેવો લાગણીનો ઉદ્રેક થાય કે તેમાં

મન જતું રહે છે અને તેની ગતિ ઘણી ઘણી વધી જાય છે. તેનું એકાકારપણું કોઈ રીતે તૂટે, જે કોઈ તે વખતે તેમાં ભંગ પડાવે તો મારા ક્રોધનો તે સામનો વહોરે છે.

કૃપા કરીને આ દિવસમાં ખૂબ મસ્ત રહેશો અને પ્રભુભાવની ધારણા જે તે કર્મમાં જાગૃત રહી શકે એવી ભાવના દઢાવજો. **તમારાં બધાંના પર મારી તો લાજ રહેલી છે. તમારાં બધાંના આશ્રયે જ ને આશરે જ મેં તો જગતમાં ઝુકાવેલું છે. તમારા સાથ વિના હું તો સાવ લૂલો છું.** બીજું કંઈ નહિ તો આપણી વચ્ચેનો પ્રેમભાવ એટલો તો ઉત્કટ બનવો ઘટે કે ત્યાં અભેદની જ ભાવના પ્રવર્તે. હું તમારો છું એટલી પણ ભાવના કેળવાઈ જવાને કાજે તમારામાં તેવા ભાવની નિષ્ઠા જાગી શકે એટલાં કારણો તો ભગવાને આપણને આપેલાં છે અને આપણાથી બીજી કોઈ શક્તિનું અસ્તિત્વ છે એવું તો ભગવાને પુરવાર કરાવેલું છે. પછી તે શક્તિ ગમે તે હોય તે વિશે ભલે મતભેદ હોય. અત્યાર સુધીના અનુભવમાં તમારું ખાસ કશુંયે બગડ્યું નથી અને કુટુંબની પણ એની જ કૃપાએ ને એની જ ભાવનાએ થોડીઘણી પણ સેવા થયેલી છે. જીવનમાં બધાં પક્ષે સુમેળ હૃદયભાવનાથી ફળે એવા જ એકમાત્ર પ્રયાસ થયેલા છે તથા તેટલા ગાળાના જીવનમાં આપણને થયેલા અનુભવ પરથી તેનાથી કશું જ એવું થયું નથી કે જેથી કોઈ પણ રીતનું ક્યાંયે ખોવાપણું હોય. એવી રીતનો ભગવાને સ્વજન બનાવેલો છે એના પર એકમાત્ર કૃપા કરજો. તમારા ઉત્કટ પ્રેમભાવ વિના મારાથી તમારામાં જિવાતું નથી એ મારું ઊંડું દર્દ કોણ સમજી શકે ને કોને હૈયે તે વસે ? કિંતુ મારે તેની ફરિયાદ કરવી નથી. ફરિયાદ તો એનાં ચરણકમળમાં જ

સતત કર્યા કરવાની પ્રાર્થનાકળા એણે કૃપા કરીને શિખવાડેલી છે. એટલે તો સદાય મસ્ત અને નિશ્ચિંત રહી શકું છું. બાકી, મારા જેવો તો અટવાયેલો આ જગતમાં કોઈ ન હતો. પ્રભુએ જ સામું જોયું છે. ને હજી પણ તે જ જોશે એનો હૃદયે આઠેકોઠે જીવતો વિશ્વાસ એણે વારંવાર બેસાડ્યા કરેલો છે અને જે જગતમાં કૃપા કરીને પડાવેલો છે એટલે કે જીવનનું જે ક્ષેત્ર આ જીવનમાં તેણે મને આપ્યું છે તેમાં તો તમે બધાં જ મારો આધાર છો. તમારા વડે જ નભવાનું છે ને જીવવાનું છે. તમારા હૃદયનો એવો સાથ-ભાવ મળતાં તો સારાયે જગતને આંખમાં રાખીને મસ્તપણે ગર્જતો ફરું. એવું સદ્ભાગ્ય પકવવાને કાજે જ તમે બધાં મળેલાં છો. એ આજ આવે કે કાલ આવે તેના વિશે પણ નિશ્ચિંત છું. આજેયે જે સ્થિતિ છે તે પ્રભુની કૃપાથી જ છે. એ કોઈનું પણ અશુભ આ જીવને હાથે નહિ થવા દે એની પણ અનેક વાર ખાતરી એણે કરાવી છે. એટલી ને એવી જીવતી ખાતરી આ જીવને ન હોત તો તે ગુરુવેડામાં ન પડ્યો હોત. મારે તમારાં બધાંમાં જીવવું છે અને તમને બધાંને કલ્પના પણ નથી એટલી ક્રૂર રીતે - કામની જેમ - આ જીવ તે જીવની સાથે વર્ત્યો છે એટલે જ તમારી સાથે તે રીતે વર્તું છું અને તેવા સહેવાવાના સમયે જેમ પૂજ્ય મોટી બાનું, મોટા ભાઈનું કે પૂ. મામાનું સહી લો છો તેટલી પણ કૃપા આ જીવ પર કરશો એવી પ્રાર્થના છે. બાકી તો તમારો છું ને તમારો રહેવાનો છું. એટલું આજે પ્રાર્થનાભાવે તમને લખું છું. હૃદયનું દર્દ કેવું છે એની ખબર પણ ભગવાન તમને કોઈ દિવસ પાડશે. એક જીવના શરીરમાં આવેલું તેની સાથેના બીજા જીવના શરીરમાં આવી શકે છે, એવો પ્રત્યક્ષ અનુભવ કોઈ જીવની તેવી

યોગ્ય લાયકાત ન હોવા છતાં પણ ભગવાને કરાવેલો છે, એ પણ ગળે ઊતરી શકે એવું છે. તો એવા જીવતા પ્રસંગોથી કરીને એની મહત્તા જે જાગતી નથી, કારણ કે હૃદયમાં એવો પ્રેમભક્તિભાવ ભર્યો સ્નિગ્ધતાથી કરીને હૃદયમાં જે ઊતરીને નીતરેલો છે એવો ભાવ જાગ્યા વિના એવા થતા જતા અનુભવોની અસર પણ અને તેની છાપ જીવનનાં પગલાંમાં પૂરેપૂરી ઊઠી શકતી નથી. **હૃદયને ખૂબ પ્રેમથી આર્તતાવાળું બનવા દો. સર્વ કોઈનું જે જે કંઈ મળતું રહે સર્વ કોઈના સંબંધમાં આવતાં સૌ સાથેનાં વર્તનમાં ને વહેવારમાં હૃદયની એવી પ્રેમ સ્નિગ્ધતા ને મુગ્ધતા કેળવ્યા કરવાનો પણ જ્ઞાનભાવે અભ્યાસ પાડ્યા કરશો એવી તમને આજના પરમ મંગલદિને પ્રાર્થના છે.**

તમારા કાજે મારા દિલમાં જે આશા છે અને તમારી શક્તિની જે કદર છે તે પરથી તમને આ કાગળ લખવાનું પ્રેમભાવે કરેલું છે. **તમે આગળ રહેવાને જ સર્જાયેલા છો. તમારી આખીયે કારકિર્દી નિહાળો અને એનું અવલોકન કરો. ए ભગવાને જ તમને આગળ આણેલા છે અને મૂકેલા છે એની જાણ પ્રત્યક્ષ ભલે તમને હોય ન હોય કિંતુ તમારા જીવનમાં एનો હાથ છે એટલુંયે જો તમે બુદ્ધિથી વિવેકપૂર્વક વિચારો તો તે તમને પણ તમારી બુદ્ધિ કબૂલ કરાવડાવશે. માટે, एને જ જે તે બધું કરતાં કરતાં આપણે તો સમજવાનું રાખવું. એ જ આપણી તો સાચી સાધના છે.**

## સિદ્ધાર્થમાં તમે એકરાગ બનો

સિદ્ધાર્થમાં તમે એકરાગ બનો એવું તો હું જરૂર ઇચ્છું છું, પણ તે પણ સંપૂર્ણ તટસ્થતા અને તે બાજુનો તમારો જીવનનો

ગાળેલો સમય તે Cause પરત્વેની આસક્તિમાં ન પરિણમે એવો જાગૃત પ્રયત્ન કેળવજો. **જ્યાં જ્યાં આસક્તિ ત્યાં ત્યાં આંધળાંપણું તે પણ નક્કી જાણજો.** સિદ્ધાર્થમાં આપણે પ્રેમ તો અનંતગણો કરવાનો છે, પરંતુ મારી ફરિયાદ તમને છે કે તમારા હૃદયનો સદ્‌ભાવ એના પર રેડાતો નથી. એ સદ્‌ભાવમાં તમારી માત્રા જીવતી સતત વધ્યા કરે એવી મારી વિનંતી છે. બાકી, તમે એને માટે સંસારી માબાપ તરીકે કર્યું છે ને હજી કરો છો તે માટે મારા તમને હૃદયના ધન્યવાદ છે. કિંતુ મને તેટલાથી બસ નથી થતું. મારું કામ જુદું છે. મારો પ્રદેશ જુદો છે. એનામાં તમારો સદ્‌ભાવ ખૂબ રેડો. એના વિશેના ભક્તિપૂર્વકના ઉત્તમ વિચારો કરો એ કાજે હૃદયની એવી સદ્‌ભાવપૂર્વકની ભાવના કેળવો. ને જે તે કર્મના અંતરમાં એવો જીવતો ભાવ રહે તે જોયા કરો તોયે જીવન ધન્ય થઈ જાય એવી તમારી સેવા એ જગતનો પવિત્ર સંસ્કાર છે. એવા સંસ્કાર આપનારાં પણ માબાપો જે સમાજમાં હશે તે સમાજની ચેતનાશક્તિમાં પ્રાણ પૂરવાને તેમનો સાથ સમાયેલો જ છે એમ નિશ્ચય જાણશો. તેની એવી સેવાને કોઈ સેવા તરીકે માનવાને કે ન માનવાને તૈયાર  ન હોય તે તેમને સોંપ્યું. આપણે મન તો તે પ્રત્યક્ષ પ્રભુની જ સેવા છે.

## કર્મમાં આસક્તિ વિશે

હરિઃૐ તા. ૧-૮-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

કર્મમાં આસક્તિ ન થઈ જવા દેવી ઘટે. કર્મ ગમે તેવું થયા કરે ત્યારે મનમાં જે કચવાટ અકળામણ - અશાંતિ થયા કરે છે

તે રાગ થયા જેવો સૂચવે છે, તે જાણશોજી. પોતાને જેમ યોગ્ય લાગતું હોય તે જ થયા કરે એ જાતના તમારા સૂક્ષ્મનું વલણ પણ જે રીતે વ્યક્ત થયા કરે તેમાંથી પણ સમજાય કે તે કર્મ આસક્તિ કે રાગપૂર્વકનું બન્યા કરે છે કે નહિ.

સદ્‌ભાવ રેડવાની વળી રીત શી ! એ કંઈ સમજાવ્યે ન આવી શકે એ તો અભ્યાસથી જીવતો બને. આ અંગે તો શું લખું ?

## મારા વર્તન અંગે સંશય હઠાવો

હરિઃૐ તા. ૫-૮-૧૯૪૬

સાયલા

પ્રિય ભાઈ,

તે પણ ભગવાનની કૃપા સર્વ કંઈ ઠીક કરાવશે. એવું કંઈ સમજાવ્યે કદી કોઈને ગળે ઊતરતું નથી. માનવું હોય તો માનવું. તમે તમારા stand (વિચારો) પર રહી જે કંઈ કોઈને પણ સમજી શકવાના નથી. હજી તમને પ્રાર્થનાભાવે કહું છું કે આ જીવ કેમ વર્તે છે કે કેમ નથી વર્તતો એના તરફ લક્ષ મહત્ત્વ આપ્યા કરતાં એના કહ્યા કરવામાં જીવ ઊતરે તો ઉતારવો એમાં શ્રેય રહેલું છે. હું ખોટું કરતો હોઈશ તો એનું ફળ ભગવાન મને ચખાડ્યા વિના રહેવાનો નથી. તમારા કાજી તમે બનો તેમાં તમારું કલ્યાણ છે. ભગવાને કૃપા કરીને જીવનવિકાસ કાજે તમને મારી પાસે ધકેલ્યા ના હોત તો તમને પણ કશું ના કહ્યું હોત. માટે, મારી તરફનું તમારું વલણ ને તેવું દૃષ્ટિબિંદુ જેટલું વહેલું મૂકી દેવાશે તેમાં આપણું સારું જ છે. મન કહેશે કે 'તમને સમજવા માટે તે તે જરૂરનું છે' પણ ખોટી ભ્રમણાત્મક દૃષ્ટિ છે. પહેલાં તો પોતાની જાતને બરાબર જાણી પ્રીછી લેવાતાં જ કોઈના

જીવનનું યોગ્ય મૂલ્યાંકન થઈ શકવાનું છે. આ જીવે ૧૯૩૯ સુધી તેવું કોઈ સામે ઊંચી નજરે જોયું નથી. એની કૃપાથી જે કર્યું છે તે જ તમને કહું છું. ને કદાચ ધારો કે ભૂલ કરતો હોઈશ તો ગોદા ખાવાનો જ છું એમાં કશો સંશય નથી, પણ જેને સંશય ઊઠે તે જીવનું નબળાઈનું લક્ષણ છે. એટલું પાકું ગળે ઊતરી શકશે તો ઘણું કમાયા છો એમ જાણી કૃતાર્થ થઈશ.

**પોતાની અવગણના પ્રત્યે પૂજ્ય શ્રીમોટાનો પુણ્યપ્રકોપ**

કોઈ સંજોગોવશાત્ પૂજ્ય શ્રીમોટાને ઓઢવા આપેલી રજાઈ મેલી હોવાથી શ્રી નંદુભાઈને શ્રીમોટાના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો. આ બાબત શ્રીમોટાએ તેમનો તથા કાંતાબહેનનો ઊધડો લીધો હતો, તે નીચેના પત્રમાં જણાઈ આવે છે.

હરિઃૐ તા.૧૫-૧૧-૧૯૪૬
શ્રીસાંઈબાબા શિરડી

પ્રિય ભાઈ તથા કાંતુ,

તમે સાચાં હશો તેમાં મને પોતાને તો આનંદ જ છે, પણ એટલી વાત તો ચોક્કસ કે હવે આપણો સંબંધ એટલી કક્ષા પરનો છે અલબત્ત, મારા હૃદયથી કે આ જીવ પરત્વેની કશી કંઈ બેપરવા કે બેદરકારી તે સહી નહિ લે. તેમાં તમારું જ કલ્યાણ છે તે વાત પણ મારે મન તો હકીકતપણે છે. બાકી તો બીજા જીવોની અવગણના સહી લેતાં મને વાંધો નથી. પ્રસંગ મળતાં કોઈકની લાત પણ ખાઈ લઉં, પણ તમારામાંનું કોઈનું પણ તેમ મારાથી નહિ બની શકે તે મારે જણાવી દેવું ઘટે.

અનેક વર્ષ સુધી સમતા, તટસ્થતા, શાંતિ, ધીરજ આદિ ગુણો એના વિકાસની મર્યાદાએ પહોંચ્યા બાદ આ જાતનું આ

જીવનું વર્તન એ પણ જીવનવિકાસના એક પસાર થતા જતા moodનું લક્ષણ જ છે. તમને જે ન સમજાય કે ન કળાય કે ગળે ન ઊતરે તે બધું કંઈ ગેરવાજબી ન ગણી શકાય. એવું સમજવા કાજે હજી ઘણી વાર છે. તમારું પોતાનું, તમારી પત્નીનું ને તમારા પુત્રનું - ઐહિક રીતનું પણ ઠીક કરવાને જે મથે છે એવાનું તમે કંઈ કરો એમાં મોટી ધાડ મારતાં નથી. ને મેં કર્યું છે એનો બદલો હું માગતો નથી, પણ તમે મારા હૃદયનાં સ્વજન હોવાથી તમારી વર્તણૂકમાં થતો દોષ એ મને ખૂંચે છે. તમારી જાતને હું તે વેળા જુદી ગણી શકતો નથી. ને તમને ન ટકોરું તો તમે પોતાની જ સમજણે કે બુદ્ધિથી ઠીકઠાક થઈ જાઓ એવી કક્ષામાં હજી તમે થયેલાં નથી. હજી તો તમને (નંદુને) એવું કશું કહેલું નથી તેટલામાં તો એનું મન ઊછળી પડે છે, તે શું બતાવે છે ? ઓઢવાના મેલા કાજે જે લખેલું છે તે ફરી શાંત સ્વસ્થ ચિત્તે વાંચી જવા ફરી વિનંતી છે. જે કંઈ લખ્યું હોય તે શાંત ચિત્તે સ્વસ્થતાથી હૃદયનો પ્રેમભાવ ઊભરાવીને ભક્તિભાવે વાંચવાનું ને સમજવાનું રાખવું. પોતાનો બચાવ કરવા ના બેસી જવું અથવા પોતે યોગ્ય જ છીએ એમ ગાંઠ વાળી ના બેસવું.

## કાંતાબાને શીખ

હરિઃૐ તા. ૨૩-૧૧-૧૯૪૬

શ્રીસાંઈબાબા શિરડી, જિ. અહમદનગર

પ્રિય કાંતુ ,

હજી પણ જો તારે પ્રભુના પંથમાં ન રહેવું હોય તો એમાં ક્યાંયે બળાત્કાર નથી. નંદુને ગમે તે તે કરે ને તને ગમે તે તું કરે, પણ મારી પાછળ આવવામાં હૃદયની પ્રેમભક્તિભરી નીતરતી ભાવના નહિ હોય તો એ બોજો લઈને જરાકે આગળ નહિ ચાલી

શકાય ને કડડભૂસ થઈને ક્યાંક ફસકી જવાશે.

સાયલામાં તળાવની પાળ પર ધોતાં ધોતાં (વજુ પણ હતો) તે વેળા જે શબ્દો કહેલા છે તેનો અમલ પણ હજી પૂરો ભાવનાથી થઈ શકતો અનુભવી શકતો નથી. તો તારે ભાઈ નંદુની પત્ની થવું છે કે કશુંક બીજું ? જો પત્ની થવું હોય તો તે ભાવનાથી થવું છે કે શરીરથી ? જીવનને સમજવાનું દિલ ન હોય તો ભાવના કેમે કરી ઊગી શકવાની નથી. જીવનને સમજવાનું કરવાનું દિલ હશે તો ભાવના ઊગશે જ. **જ્યાં સુધી કોઈ પરત્વે હૃદયનાં નિષ્ઠાપૂર્વકનાં ભક્તિ પ્રેમ જાગ્યાં નથી ત્યાં લગી એનું બોલેલું ગળે ઊતરી શકતું નથી.** એવી રીતે નંદુનામાં જો તારું મન ગળી જવાનું ના કરી શકે (ગળી જવાનું એટલે કે જે કહેવામાં આવે તેનું પ્રેમભક્તિભાવે પાલન થયા કરે ને એ પાળવામાં કોચવાવાપણું ના નીપજે કે ન રહે, મનમાં કશો કંઈ બળાપો ન થાય કે કશો ઉદ્વેગ - ક્‌લેશ - સંતાપ કે કઢાપો ન થાય તો એનું, સારું કહેલું પણ તને એના પૂરા યથાર્થ ભાવાર્થમાં સમજાઈ શકાવાનું નથી, તે નક્કી જાણજે. જો તારાથી ઘરનું કામકાજ પ્રેમભાવે ન થઈ શકતું હોય તો ના પાડી દેવી. બેળે બેળે ઢસરડો તાણવાથી જીવન રૂંધાય છે, જે કંઈ કરવાનું છે તે પોતાના જ ઘરના કામકાજમાં હૃદયની ચેતના ભક્તિ જાગતી નથી કે નથી બની શકતી તો પછી બીજું શું થઈ શકવાનું છે ? જીવનને કચરી કે ચગદી નાખવામાં હું તો માનતો નથી, તેથી, **જે કંઈ બેળે બેળે પ્રેમ વગરનું થાય છે તેમાં જીવન રૂંધાય છે, કચરાય છે, વેડફાય છે, જે કશા પ્રાણ ફૂટેલા હોય તે પણ બુઝાઈ જાય છે. માટે, જે હોય તે પ્રેમભાવે કર્યા કરવાથી હૃદયનું પ્રફુલ્લિતપણું વધે છે, હૃદય ફોરું ફોરું રહ્યા કરે છે.**

મારા રસ્તા પણ તેડા* છે. મારા ગુરુમહારાજનું ઘરાણું** કોઈ અનેરા પ્રકારનું છે. જેમ પ્રત્યેક સંસ્કૃતિની વિશિષ્ટતા હોય છે ને એનું મહત્ત્વ પણ હોય છે, તેમ ગુરુપરંપરાઓનું છે. જેમ જગતમાં જન્મવાનું બન્યું ને શરીર મળ્યું તો તે દ્વારા જ તેમને તેમને મુક્તિનાં સાધન બનાવવાનું શક્ય બની શકે છે. તે પણ માત્ર જે જીવને લાગી છે એને જ, જેને એવી પડી છે, જેને એવું ઊગ્યું છે એવો જીવ એને સાધન બનાવી શકવાનો છે, તેવી જ રીતે ગુરુપરંપરાને પણ સાધન તરીકે સ્વીકારવાનો મહિમા આ યુગના માનવીની બુદ્ધિની કલ્પનામાં ઊતરી શકે તેમ નથી.

તારે મને માનવું હોય તો પ્રેમભક્તિ વધારી વધારીને તે રીતે માનવાનું કર્યા કરવું ને તને જે કહેવામાં આવ્યું હોય તે કરી બતાવીને - તે કર્યા કરવામાં જ ધન્યતા અનુભવવી. જો તેવી ધન્યતા ન અનુભવાતી હોય તો જાણવું કે દિલમાં સાચો પ્રેમભાવ ઊગેલો નથી. સાચા પ્રેમભાવનું એ માપ ને લક્ષણ છે.

તને કે કોઈને પણ ગોદાટી તો કર્યા કરવી, એમાં જરાક કશું નિમિત્ત મળ્યું એટલે બસ, જોઈતું હતું ને વૈદે કહ્યું એના જેવું થાય છે. તેમાંય અહંતા ન આવી જાય તે જોતાં રહેવું ને હેમંતભાઈના સ્વભાવની બાબતમાં તારે કશી પણ ટકોર ના કરવી. એ તારો ધર્મ નથી. તું પહેલાં પોતે સુધરવાનું કરી લે, તો બીજાને તેમ કરવું હશે તો કરશે.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

● ● ●

---

* હિંદીમાં ટેડે પરથી તેડા = અલગ અલગ બાજુના, અલગ પક્ષના

** હિંદીમાં ઘરાના પરથી ઘરાણું = કુળ, ખાનદાન

## ૨૬. શ્રી નંદુભાઈના ખભાનું આણંદમાં ઑપરેશન

શ્રી નંદુભાઈ આણંદની પ્રખ્યાત ડૉ. કૂકની હૉસ્પિટલમાં તેમના ખભાના હાડકાના ઑપરેશન માટે દાખલ થયા હતા. આ જ હૉસ્પિટલમાં પૂજ્ય શ્રીમોટાને જ્યારે ૧૯૨૮માં બોદાલ આશ્રમમાં સાપ કરડ્યો હતો ત્યારે ડૉ. કૂકે સારવાર આપી હતી અને તે વખતથી તેમને અજપાજપ થયો હતો. તેમ જ પૂજ્ય શ્રીમોટાના મોટા ભાઈ શ્રી જમનાદાસભાઈને પણ આ હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. તા. ૧૩-૧-૧૯૪૭ના રોજ ઑપરેશન થયા પછી તા. ૩૧-૧-૧૯૪૭ સુધી શ્રી નંદુભાઈ દવાખાનામાં રહ્યા હતા અને એમની સાથે પૂ. કાંતાબહેન સેવામાં સાથે હતાં. અહીં શ્રી નંદુભાઈને પૂજ્ય શ્રીમોટાનો થયેલો દિવ્ય અનુભવ :-

### ડૉ. કૂકની આણંદની હૉસ્પિટલમાં દિવ્ય અનુભવ

**તા. ૧૩-૧-૧૯૪૭ના રોજ શ્રી નંદુભાઈનો ક્લૉરોફૉર્મનો અનુભવ :**

'ક્લૉરોફૉર્મની અસર છેક સાતમા શ્વાસે મને થતી હોય એમ લાગવા માંડ્યું ને જ્યાં મારી ચેતના જાગૃતિ લુપ્ત થતી હોય તે વેળાએ મોટાએ બૂમ મારી કે, **'નંદુ ! તારી પાસે જ હું છું,'** એવું મને સંભળાયું. ને જ્યારે બધું પતી ગયા કેડે મને મારી ઓરડીમાં લાવીને સુવડાવવામાં આવેલો ત્યારે લગભગ પૂરા બે કલાક સુધી હિંદીમાં ને અંગ્રેજીમાં સતત આત્મનિવેદનરૂપે બોલ્યા કરવાનું બનેલું. એ બોલવાનું તો એવું હતું કે તે બોલાયે જ જવાય. વળી, નસ્તર થઈ ગયા બાદ મારું બોલવાનું થયેલું ત્યારે જે બોલતો તેનો જુસ્સો કોઈ ઓર હતો. એમાં ક્યાંય ખંચકાવાપણું

કે વિચાર કરવાપણું ન હતું. મોટાની હાજરી હોય એમ લાગેલું ને જે વેળાએ મોટાની બૂમ બરાબર બેભાન થતી વેળાએ સંભળાઈ ત્યારે મોટા મારા માથા પાસે ઊભા રહ્યા ને હું જાણે મોટાના હૃદયમાં સૂતો હોઉં તેમ લાગ્યું ને મોટા મારે માથે હાથ ફેરવતા હોય એવું લાગેલું, ને આ બધી હકીકત ભાનપણાની ભૂમિકામાં અજાણપણે મારાથી બોલાયેલી હતી. તે બે કલાક પછી મારું ભાન સપૂચું ચાલી ગયેલું. ક્લૉરોફૉર્મ ઊતર્યા કેડેની એની અસરનું કોઈ લક્ષણ લાગેલું ન હતું. ઊલટી, ગળફા કે ફીણ જેવું કશું જોકે આવ્યું ન હતું, પૂરી સ્વસ્થતાપૂર્વક બધું પતી ગયું.'

**તું મારા જીવનની આશા - ઉષા છે.**

હરિ:ૐ તા. ૨૧-૧-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ ,

તમને ક્લૉરોફૉર્મ લીધા બાદનો જે અનુભવ થયો તે કાજે પ્રભુનો પરમ ઉપકાર. તે વખતે કિરાપટ્ટીમાં થયેલું ત્યારે બુદ્ધિ ભૂલેચૂકે શંકા કરતી રહે કે તે તો કદાચ ભાંગને લીધે થયું હોય, જોકે એ લીધેલી ભાંગ તો નહિ જ જેવી હતી. તેટલાથી કંઈ તેવું થઈ શકે એવું હતું જ નહિ, પણ એવું થવામાં કોઈકની ચેતનાશક્તિનો જ પ્રભાવ ને પ્રતાપ છે, એવું દિલમાં ઉગાડવા તથા જે કોઈક પ્રભુકૃપાથી મળેલું છે એની યથાર્થતા હૃદયમાં ઉગાડવા પ્રભુએ તે પરમ કૃપા કરેલી છે, પણ જીવને એવું ભાન રહી શકતું નથી એ એનું દુર્ભાગ્ય છે. તેમ છતાં **તમે મને મળેલા છો એને હું મારા જીવનના ભાગ્યોદયનું સૂચકચિહ્ન માનું છું. તમારા દ્વારા કેટકેટલાંનાં જીવનને સ્પર્શવા મને એની કૃપાથી તક**

**મળેલી છે.** તેમાં પણ અનેક જીવોએ જુદાં જુદાં કલ્પના, શંકા, સંશયો આ જીવ વિશે ધાર્યા કરેલાં છે, પણ એ તો જીવસ્વભાવ છે. તમારા કે આપણા કુટુંબમાં ભળવાનો જે પ્રસંગ એક પછી એક સાંપડ્યા કરેલો છે તે જો તમે ના મળ્યા હોત તો તે બધું ક્યાંથી થઈ શક્યું હોત ! એવી રીતે પ્રભુની ભક્તિ ને સેવા થઈ શકવાનું જો કંઈ પણ પુણ્ય હોય તો તે પ્રભુ તમને અર્પો એ જ एने પ્રાર્થના છે.

તા.ક. મારાં કોઈ કર્મનું કુશળપણું માત્ર તમારી સમજણ કે ધારણા પરથી માપવાનું કૃપા કરી ના કરવું. કર્મની કુશળતા જાળવતાં જાળવતાં જ પ્રભુકૃપાથી જે તે પરિસ્થિતિમાં પ્રવર્ત્યા કરવાનું બને છે. એટલે દિલમાંથી સર્વ પ્રકારના વસવસાને ફગાવી દેશોજી.

તમારું માનસ નસ્તર મુકાયા પછીનું સ-રસ ભાવનાવાળું થતું જતું લાગે છે. **જે શોધક ને સાધક પોતાના દોષને પ્રેમભાવે આનંદની ભૂમિકાથી સ્વીકારવા લાગ્યો તે કાળથી જ એની ઉન્નતિ થવા લાગી. માનવીને પોતાનાં દોષ કે ભૂલ પ્રેમભાવે સ્વીકારાઈ શકાય એ તો કંઠે પ્રાણ આવવા જેવું બને છે. જે જીવ દોષ પ્રેમભાવે, ભક્તિભાવે સ્વીકારવાનું કરી શક્યો તે 'કાલે' તેમાંથી જરૂર ઊગરવાનો છે, પણ જે જીવ પોતાને દર્શાવાતાં ભૂલો કે દોષથી જે તેવું બતાવતો હોય એના પર રોષ કે ક્રોધ ઢોળે છે એવા જીવનો ઉદ્ધાર થતાં જરૂર વિટંબણા જ પડવાની.**

તમને એકવાર મેં ૧૯૪૩ના મધ્યગાળામાં લખેલું કે **તમે મને ધન્ય કરશોજી. પ્રભુકૃપા તો છે જ પણ તમે માત્ર હવે જો કૃપા કરવાનું રાખો તો નંદુ ! સાચે જ તું મને ધન્ય કરી શકે એવો મારો**

**તું ફાંકડો લાલ છે. તું મારા જીવનની આશા - ઉષા છે. પ્રિય મને પ્રખ્યાત કરશે** એમ પણ તે કાગળમાં સાથે સાથે હતું. તને તે યાદ પણ કદાચ હશે. આપણા ઊંચા આવવાપણામાં કેટકેટલાંનું શ્રેય સમાયેલું છે, તે કૃપા કરીને જોવા પ્રાર્થના છે. મકાનના ચણતરમાં પાયારૂપે દટાવાનું ને ચણાવાનું સદ્ભાગ્ય થવું પડે તો થવું.

મારો એક અનુભવ જીવનમાં શીખવા કાજે ને વર્તવા કાજે ધ્યાનમાં રાખવા જેવો છે કે પ્રત્યેક જીવની ધારણા, માન્યતા, સમજણ કદી પણ એક જેવી રહેતી નથી. અલબત્ત, મહાત્માઓ છે એની હકીકત જુદી. તે કાળે કાળે ફરતી રહેવાની. તેથી, જે જે કોઈ મળેલાં હોય એમના તે તે ગાળાના તેવા તેવા 'મૂડ'ની સ્થિતિની માન્યતા, ધારણા, સમજણ કે વિચારણા પર આપણે કશું વધારે મહત્ત્વ આપવાનું ના હોય. માત્ર તટસ્થભાવે તે તે સાંભળવાનું ત્યારે તેમ કરવું. આ આપણી પોતાની બાબતમાં પણ તેમ જ સમજવું.

સાત વર્ષનો ગાળો સંશયોના સમાધાન ગાળામાં ગયો છે તે પણ સાર્થક છે. હવે હાલના તમારા ભાવભર્યા માનસને જોતાં એમાં જો કૃપાથી કરી ઠરવાનું થયા કરતાં બીજી અવસ્થાનું પગરણ મંડાઈ જાય તો કેટકેટલું ઉત્તમ! **એક વખત જીવ પ્રેમભાવથી માનવાની સ્થિતિમાં ઊગે તો તે સ્વીકારવાની સ્થિતિ એમાંથી જન્મે છે, તે નક્કી જાણશોજી.**

અમુક પ્રકારની ભાવનાને જીવનમાં પહેલાં તો દૃઢ થઈ જવું પડે છે. તે પછી જ તે વર્તનમાં આકાર લઈ શકતી હોય છે. પહેલાં જેમ વીજળીના પ્રવાહને ઉત્પન્ન કરી એને સ્ટોરેજ કરવામાં આવે છે.

ભગવાનની મંગળમય કૃપાએ તમને જે અનુભવ કરાવ્યો છે એનાથી પણ આ જીવને જે જે આ બાબતમાં વળગેલાં છે એનામાં અસર પાડવામાં તે ઘણો જ મોટો ભાગ ભજવવાનો છે. જે એક છે તે જ અનંત છે, તે ભાવના જે એકમાં ઊગે એનાથી બીજાને પણ અસર થયા કરે જ, એટલે **એમાં પણ પ્રભુની પરમ કૃપાના તમે જ નિમિત્ત ને મધ્યબિંદુ થયેલા છો. તમારો ઉપયોગ તો કેટકેટલો મારે કરવાનો છે, જો તમે ભાવમાં નિષ્ઠાવાન બની જાઓ તો.** આટલાથીયે એટલે કે આવા નાનકડા તમને થયેલા અનુભવથી પણ કેટકેટલી અસર બધાંનાંમાં થવાનો સંભવ પાક્યો છે, તે તમે વિચારશોજી.

## પૂજ્ય શ્રીમોટાની ઑટોબાયોગ્રાફી ક્યારે ?

હરિઃૐ તા. ૨૬-૧-૧૯૪૭
કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

તા. ૧૧-૧-૧૯૪૭ના રોજ પૂ. મામા, પૂ. મોટા મામા, પૂ. મોટા ભાઈ, હસમુખલાલા, પૂ. મામી તથા પ્રમીલા વગેરે જમવા બેઠાં હતાં ત્યારે પૂ. મામાએ મને જણાવ્યું કે 'મોટા, તમે તમારી ઑટોબાયોગ્રાફી લખો તો ઘણાંને એમાંથી જાણવાનું મળે ને પ્રેરણા પણ મળે.' મેં કહ્યું કે **'મને ભગવાનની કૃપાથી જે સ્વજન મળ્યાં છે એમાંનું કોઈ ભગવાનની ભાવનિષ્ઠામાં જીવન વર્તવાની કળામાં પ્રગટતું થઈ જાય તો જ તેવું થવાની શક્યતા બનવાની હોય તો બની શકે. બાકી, મામા ! આ જીવે જે કંઈ સાધના આ તે કર્યું છે તેના તો જીવંત પુરાવા છે. જીવનમાં અમુક અમુક જે જે થયેલું છે તે પણ સંસારમાં રહીને જ કરેલું છે, પણ જ્યાં લગી**

**કોઈનાં શ્રદ્ધાવિશ્વાસ જીવતાં આ જીવમાં બન્યાં નથી ત્યાં લગીનું બધું નકામું. શ્રદ્ધાવિશ્વાસ પાકાં જીવતાં જન્મ્યાં વિના આ હૃદયનો તાર તેમાં પૂરેપૂરો પ્રવેશી શકતો નથી. કોઈક વેળા કંઈક થઈ જાય છે તે તો પેલા જીવનાં શ્રદ્ધાવિશ્વાસ જન્માવવાં પૂરતી ઝાંખી કરાવવાનો ખ્યાલ તેમાં હોય છે. તેમાંથી જે જીવ ચેતવાનો હોય તો ચેતી શકે છે.** એમ તે દિવસે ઘણી ખુલ્લી વાતો થઈ.

(૧૯૫૯માં પૂજ્ય શ્રીમોટાની ઑટોબાયોગ્રાફી સમાન પુસ્તક **'જીવનદર્શન'** પ્રગટ થયું અને એ રીતે પૂજ્ય શ્રીમોટાનાં વચનો મુજબ આપણે કલ્પી શકીએ કે કોણ ભગવાનની ભાવનિષ્ઠામાં પ્રગટતું થયું હતું ? - સં.)

• • •

## ૨૭. પૂજ્ય શ્રીમોટાના પ્રેરક પત્રો

### હવે તો અંતરનાં ચક્ષુ ખોલો !

હરિઃૐ તા. ૩-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

માત્ર બીજું કશું જ ના કરો, પણ સારું કે નરસું જે કંઈ થયા કરે તે બધું પ્રભુને જ્ઞાનભક્તિયોગભાવે અર્પણ કર્યા કરવાનો જીવતો અભ્યાસ જો માનવી કેળવવાનું કર્યા કરતો હોય તોપણ એનું અહમ્ ગળતું જાય. તેમ ન બને તો આ જીવની અંતરની ચેતનાશક્તિમાં દૃઢ ભક્તિપૂર્વકનાં શ્રદ્ધાવિશ્વાસ રાખે ને જે કંઈ કહેવામાં આવે તે પ્રમાણે કંઈ પણ વિચાર ઊઠવા દીધા વિના વર્તવાનું કરો. કોઈ પણ ઉપાયે શરણભાવ ઊગે એવું થવા દો.

તમે હતા તે જ દવાખાનામાં મારા મોટા ભાઈને રાખેલા ને હું પણ ત્યાં ઘણી રાતો રહ્યો છું, તે તમને ખબર નહિ હોય.

અગાસના મંદિરે હું તો રહ્યો છું. નડિયાદમાં હતો ત્યારે મને ત્યાં ભજનનો આનંદ પડતો. પૂજ્ય લઘુ સ્વામી મહારાજ શ્રીમદ્‌ના પરમ ભક્ત હતા. **જે કોઈને જાણવું હોય તો તેના ભક્ત થયા વિના જાણી શકાતું નથી, તે વાત હકીકતપણે છે.**

સાત વર્ષના ગાળામાં આ જીવનાં અનેક પાસાંનો તમને અનુભવ થયો હોવો જ જોઈએ. એના સંબંધથી સાત વર્ષનો સરવાળો ક્યાંય કશું અજુગતું, ગેરલાભ કે કશું એવું થયું હોય તો તે વિચારવાનું કરો, ને જો ક્યાંય એવું ન જણાય તો બસ ઝંપલાવો. તમારી સાહસશક્તિને પાંખ આવવા દ્યો. જ્યાં જ્યાં ધર્મ સમજીને તેમ ભાવનાથી વર્તવાનું કર્યું છે ત્યાં ત્યાં એની કદર પણ આ જીવ

કર્યા વિના રહી શક્યો નથી. એના દંડની તમને હજી ફડક રહે છે. મોટાનો ઉગ્ર સ્વભાવ તમને હજી નડતો લાગે છે, પણ જો મનમાં મેલ ન હોય, મનમાં સર્વભાવે સરળતા હોય, પ્રામાણિકતા હોય, આર્જવતા હોય, ભાવના હોય, તો એને (મોટાને) તમને બધાંને નકામું નકામું વઢવાનો કંઈ ઓરિયો વીતતો હોતો નથી. એ જ્યારે જ્યારે ઉગ્ર જણાતો હોય તે વેળા જો આપણે આપણામાંનું તપાસવાનું તટસ્થતાથી કરીશું તો આપણો દોષ આપણને લાગ્યા વિના તો રહેવાનો નથી, ને હું જો ક્રોધ કરતો હોઈશ તો એનો ગેરલાભ મને મળવાનો જ છે, પણ આપણે તો એમાંથી જે સમજવાનું ઘટે તે જો સમજી લેવાનું કર્યા કરીએ તો મારા ઉગ્ર સ્વભાવની ફડક રાખવાની કશી ના હોય.

બુદ્ધિની મદદથી ભાવનાની ઉત્તેજના થવા દ્યો ને પ્રત્યેક કર્મમાં પૂ. મોટા ભાઈના એક મોકલેલા કાગળમાં લખ્યું છે તેમ ધારણા કેળવવાનો અભ્યાસ કરવાનું રાખો.

## ભક્તિનો અર્થ

હરિઃૐ તા. ૫-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય તથા પ્રિય ભાઈ,

**ભક્તિનો અર્થ બીજો ગમે તેટલો સૂક્ષ્મ ને ગૂઢ ભલે હોય પણ જીવનમાં પ્રત્યક્ષ સંજોગોમાં મળેલો ધર્મ જે પ્રામાણિકતાથી, વફાદારીથી, ભાવનાથી, એકનિષ્ઠાથી ને એના સમગ્રપણાની યોગ્યતાથી, તટસ્થતાથી, સમતાથી, પ્રસન્નતાથી જે કોઈ કરે છે તે જ ભક્તિનું સાચું સ્વરૂપ છે.** માની ભક્તિ કરે પણ પ્રત્યક્ષ માને તેવી રીતે તેના પ્રત્યેના વર્તનમાં તેવી ભાવના ન હોય તો તે કરેલી ભક્તિ નિરર્થક છે. તેવી રીતે જીવનમાં મળતાં કે મળેલાં કર્મો જો યથાસ્થિત, વ્યવસ્થિત ઉપર કહ્યા પ્રમાણે ન થતાં હોય તો

મારે મન તેવી ભક્તિનો કશો અર્થ નથી. ભક્તિની ભાવના કર્મમાં જો ન નીતરી શકે તો એવી ભક્તિ શું જીવને તારી શકવાની હતી ? જો મારા સાધન વડે સ્વભાવનું રૂપાંતર કરાવવાનું જીવનનું ધ્યેય હોય તો જે જે કામ ચીંધવામાં આવે તેમાં જો આપણને પોરસ ન ચઢી શકતો હોય કે આનંદ કે ઉમંગ ન પ્રકટતો હોય તો મારા જેવાનું સાધન પણ નકામું જ સમજવું. ભલે ધારો કે ઉમંગ ન થતો હોય પણ તે કેળવવાનો હૃદયનો પૂરેપૂરો જીવતો અભ્યાસ રહેતો હોય તો એવી ભાવનાની માત્રાની પારાશીશીનો પણ કંઈક તો આંક ક્યાંક તો હોવો જોઈશેને ?

## પૂજ્ય શ્રીમોટાની આશા

હરિઃૐ તા. ૭-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તું પૂરો સાબદો થઈ જા. તું મારો ટેકો જો નક્કર બની જાય, જો તારો હૃદયપલટો ભાવનામય જ્ઞાનભક્તિની ભૂમિકામાં થઈ જાય તો કેટકેટલાં કામની શક્યતા ભરી પડેલી છે. એક પાકે તો બીજાને પાકતાં વાર નથી લાગવાની. મારા મનથી તો તને આ ક્ષુલ્લક અનુભવ થયો ગણાય, પણ એટલાથી પણ કેટકેટલાં જીવને મારાથી સ્પર્શ કરી શકવાનું બનશે, તે તો વિચારી જો. હવે બધા સંશયોને ફગાવી દો.

## અનુભવમાં મનની ભૂમિકા

હરિઃૐ તા. ૮-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

કેટલીક હકીકતનો અનુભવ પૂરેપૂરી ચોકસાઈ ને ખાતરી-

પૂર્વકનો હોય, છતાં એ કાજેની ભૂમિકા શ્રદ્ધાભક્તિયુક્ત ભાવથી ભીંજાયેલી ન હોય તો તેવી હકીકતનો ખાતરી કરેલો અનુભવ હોવા છતાં જે અનુભવને નકારી શકાય એમ નથી છતાં તે અનુભવ આધારના પ્રત્યેક કરણમાં ઘર કરી શકતો હોતો નથી ને તેવા પ્રકારના બીજી કોઈ પળે પ્રસંગ ઊગતાં પેલી હકીકતનો નક્કર ખાતરીદાયક ને ખાતરીલાયક પૂરેપૂરો અનુભવ હોવા છતાં — એની સામેનો વિચાર મન ઉઠાવ્યા વિના રહી શકતું નથી. તેવી વેળાએ સાધકે સંપૂર્ણ હૃદયથી ચેતનાથી પ્રેરાઈને જાગ્રત થઈને મનને તેવી વેળા જબરજસ્તપણે યુદ્ધ આપવું જોઈએ ને એને જરાકે મચક ના આપીને એને હરાવવાને એનું નકારાત્મકપણું તોડવાને ભગીરથ પ્રયત્ન આદરવો ઘટે ને તેવી પળે મનના ઊઠેલા તેવા વિચારને ફગાવીને સાધકે હજી પોતાની ભૂમિકા કેવા કેવા થરની છે એનો વાસ્તવિકતાભર્યો જાગ્રત ખ્યાલ રાખીને તે ભૂમિકાનું કશું વિચારેલું હોય એને ક્યાંય વજન કે મહત્ત્વ ન આપી દેવાય તેવા ભાનમાં રહેવું ઘટે. બાકી, મનની ભૂમિકા ભક્તિભાવથી રંગાયેલી બની નથી ત્યાં લગી ગમે એવા દૈવી ભૂમિકાના અનુભવ હોય, પણ એને ફગાવવાને જ ફગાવી દેવાને જ મન તો ઉદ્યત રહેવાનું છે. એટલે મનની સાથેનું જાગ્રત યુદ્ધ જે સાધક આપ્યા કરતો હોય છે તેવો સાધક થયેલા અનુભવનો પ્રેરણાત્મકપણે લાભ ઉઠાવી શકતો હોય છે.

પ્રભુ તમને સદ્‌બુદ્ધિ પ્રેરીને શ્રદ્ધાયુક્ત ભક્તિભાવ સિંચે એ પ્રાર્થના છે.

## હિમાલયના પ્રસંગો અને સંશય

હરિઃૐ　　　તા. ૧૧-૨-૧૯૪૭

પ્રિય ભાઈ,

કાંતુના ગુણની તમે કદર કરો છો તે તો મને ગમે જ, પણ મને તો તે ઘણી અધૂરી લાગે છે. એના પર મને અનહદ પ્રેમભાવ,

વહાલ છે. એ મારા વિકસતા જતા જીવનના કેટલાક ઉત્તમ હિમાલય પરના અનુભવોની સાક્ષીરૂપ છે. હું તો કહું છું કે 'સૉંગ ઑફ બર્નાડિટ'* માં જેમ કમિશન નિમાયું હતું તેમ તે તે ગાળાના આ જીવના અનુભવો વિશે તમે તેવું કમિશન નીમો ને એને cross (ઊલટ તપાસ-ચકાસણી) કરો ને પછી જે નિર્ણય આવે તે સ્વીકારો. કેટલીક વેળા વરસાદ પડતાં પ્રભુને પ્રાર્થના કરેલી તેની સાક્ષી તે પોતે છે. પ્રત્યેક દેવમંદિરની ટોચે પહોંચતાં પહેલાં કેવી કેવી ગદ્‌ગદ પ્રાર્થના થતી તે પોતે જાણે છે. ત્રણેક માઈલ પડતા વરસાદમાં ચાલવા છતાં તેનું કે મારું કપડું પલળ્યું નથી, આવા હિમાલયના કેટલાયે પ્રસંગો એને યાદ હોય તો હજી પણ તે લખી રાખે તો ઉત્તમ છે. તમે, હેમંતભાઈ બીજા કોઈ પણ એને એ બાબતમાં આડુંઅવળું પૂછી પૂછીને જે સત્ય નીકળે તેને તે રીતે ને ભાવે સ્વીકારો. સાત વર્ષનો ગાળો સંશયોનો સમાધાન ગાળામાં ગયો છે તે પણ સાર્થક છે. હવે હાલના તમારા ભાવભર્યા માનસને જોતાં એમાં જો કૃપાથી કરી ઠરવાનું થયા કરતાં બીજી અવસ્થાનું પગરણ મંડાઈ જાય તો કેટકેટલું ઉત્તમ છે. એક વખત જીવ પ્રેમભાવથી માનવાની સ્થિતિમાં ઊગે તો તે સ્વીકારવાની સ્થિતિ એમાંથી જન્મે છે, એ નક્કી જાણશોજી.

અમુક પ્રકારની ભાવનાને જીવનમાં પહેલાં તો દૃઢ થઈ જવું પડે છે. તે પછીથી જ તે વર્તનમાં આકાર લઈ શકતી હોય છે.

---

* ફ્રાંસના લુર્ડઝ ગામમાં જન્મેલી 'બર્નાડિટ' નામની છોકરીને વર્જીન મધર મેરી (ઈસુ ખ્રિસ્તનાં માતા)નાં વારંવાર દર્શન થાય છે. જેની સચ્ચાઈ જાણવા કમિશન (તપાસ) નિમાય છે અને અંતે તે સાચું ઠરે છે અને 'બર્નાડિટ'ને સંતનો દરજ્જો આપવામાં આવે છે. આ સત્ય ઘટના પરથી બનેલ અંગ્રેજી ફિલ્મ વર્ષ ૧૯૪૩.

પહેલાં જેમ વીજળીના પ્રવાહને ઉત્પન્ન કરી એને storage (સંગ્રહ) કરવામાં આવે છે તેમ.

## દંભ

હરિઃૐ તા. ૨૦-૨-૧૯૪૭

મદ્રાસ

પ્રિય કાંતુ,

તારી કામ કરવાની ગતિ ઘણી જ ઢીલી છે. તને પહેલવહેલી જોઈ ૧૯૪૦, સપ્ટેમ્બરમાં. જોઈ ત્યારથી જ ગતિ વધારવાનું કહેવામાં આવ્યું છે. છતાં એ બાબતમાં તું કોઈને સંતોષ ન આપી શકે તો પછી કાગળની ભાવનાને માટે શું કરવાની ? આથવાની ? હું તો કહું છું કે મરી જાઓ તો ભલે પણ હૃદયની ભાવનાને સાચી પાડો. **જેવાં હોઈએ તેવાં જ દેખાઈએ. ક્યાંય દંભ ના હોય જીવનમાં, વર્તનમાં, બોલીમાં, ચાલીમાં, કશામાં પણ દંભ ના હોય તો જીવનમાં વિકાસ કેમ ન થાય ? થાય જ. આપણા બધાંમાં દંભ ભર્યો પડેલો છે, તે નક્કી જાણજો. એમાં તું એકલી નથી પણ આપણે બધાં જ સમજવાં.** ભલે ! પહેલાંના કરતાં પ્રમાણ કદાચ ઓછું થયું હોય પણ અંતર બહારની અભેદતા હજી ભાવનાપૂર્વકની પ્રકટેલી નથી. તો તું તો તેવું વર્તવા માંડ. કોઈ પણ એક જીવ તેમ કરી શકે તોય મને તો જીવ્યું ધન્ય લાગે. તને જે અનુભવોની પરંપરા હિમાલયમાં થયેલી છે ને જે વિશે મેં હમણાં નંદુના કાગળમાં લખ્યું છે, તો તે કાજે તને ઊથલાવી ઊથલાવી પૂછવામાં આવે તો તે પ્રમાણે cross examination (ઊલટ તપાસ - ચકાસણી)માં તું ઊભી રહેવા તૈયાર હોય તો તું, નંદુ તથા હેમંતભાઈને છાતી ઠોકીને કહેજે. બન્ને વખતે તારું

મેન્સિસ તદ્દન બંધ રહી ગયેલું. તે પણ તેમાં ઉમેરાવું ઘટે છે. કેટકેટલી વેળા તું કેવી સખત પછડાતી ને એવું પછડાવું અહીં બને તો તું પોતે ચાર દિવસ સુધી ઊઠી શકે કે કેમ તે શંકાસ્પદ છે. તો તેવું પડવાનું બનતાં હાડકાનું દુખવું કે ન ચાલવાનું બન્યું, તે પણ વિચારવા જેવું છે. આ જીવમાં કંઈક તાત્પર્ય બળ્યું છે એના પુરાવા તો તમને પૂરા મળેલા છે. કોઈ પણ ઠેકાણે જાઓ તમને આવી રીતે પોતાની પાકી ખાતરીપણા વિશે મનાવવાનું બની શકવાનું નથી. તેમ છતાં જ્યારે તમે વર્તી શકતા નથી ત્યારે મારે શું સમજવું ? એ જ કે હજી આપણા જીવનમાં નર્યો દંભ ભર્યો પડેલો છે.

તારે કપડાં બાબતમાં જેમ કરવું હોય તેમ કરી શકે છે. હવે એમાં મારે  કશું કહેવાનું હોતું નથી. એ તો વખતનાં વાજાં વખતે જ વાગે. **જીવ પોતે કસોટીકાળમાં કેવો ઊભો રહી શકે છે, એની ભાવના કેવી હોય છે, એ પરથી જ એનું સત્ત્વ પરખાતું હોય છે.** એ કળાનું કોને ભાન છે ? હવે, એ બાબતમાં મને રસ નથી. તારા કરતાં તો આજકાલની પ્રમીલા સારી કે કહેતાં વાર ને પહેલી વખતે બંગડી કાઢી દીધી ને આ વખતે માત્ર પાંચ સાડી જ વાપરવાનું કબૂલ્યું છે. તમારી સાથે તો કેટકેટલો કાળ ગાળ્યો. પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપો એવી પ્રાર્થના છે.

• • •



શ્રી નંદુભાઈની સપરિવાર શ્રી ગાંધીજીની મુલાકાતે
-૧૯૪૬, મદ્રાસ



ચિ. સિદ્ધાર્થ　　　　　　　　　　મુંબઈ ૨૨ ૩ ૭૬

તારો કાગળ મળ્યો. રૂ. ૫ મળ્યા. તું તો મારાથી કમાવામાં આગળ ચડી ગયો. મારે ૭૫ મે વર્ષે તો [illegible] નહીં કરવી પડશે રૂ. ૨૦. [illegible] તું [illegible]? તું મજા માં છે. [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]　　　　　　　　　　આશીર્વાદ



પૂજ્ય ગાંધીજીનાં અસ્થિ અમદાવાદ ઍરપોર્ટ-સાબરમતી આશ્રમ ખાતે લવાયા
કાંતાબા અને નરહરિભાઈ પરીખ આશ્રમના સંચાલક, ગાંધીજીના અંતેવાસી




પૂજ્ય શ્રીમોટા



શ્રી સિદ્ધાર્થભાઈ



પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈ



શ્રીમોટા (૧૯૪૧માં) સાધક મિત્રો સાથે.
ડાબી બાજુથી : શ્રી વજુભાઈ જાની, શ્રીમોટા,
શ્રી નંદુભાઈ શાહ અને શ્રી હેમંતકુમાર નીલકંઠ

# ૨૮. નિરાશાનું મોજું

## પૂજ્ય શ્રીમોટાના પત્રો

હરિઃૐ તા. ૨૨-૩-૧૯૪૭

આશ્રમ

પ્રિય ભાઈ,

શું થયું છે ? કેમનું છે ? કેમ કંઈ કૃપા મહેરબાની ઘટી કે શો ગજબ થયો ? કંઈ કાગળ જ ન મળે. તા. ૧૭-૩-૧૯૪૭નો પી.સી. છે તે છે. આશાનો તાંતણો પ્રભુકૃપાથી જેમ તેમ કરી જરાક બંધાવાપણું બને ત્યાં માનવીનું દિલ વળી ક્યાં છટકબારી કરે ! હવે તો રાગ કરો બાપલા ! સાત સાત વર્ષનાં વહાણાં વાયાં ! **'પ્રણામ પ્રલાપ'**માં ગાયું છે કે ભિખારીને તમારે બારણે બોલાવીને એને શાને કાજે ભૂખે મારો છો ? તે હકીકત મને તો યથાર્થ લાગે છે.

હરિઃૐ તા. ૨૩-૩-૧૯૪૭

કરાંચી

પ્રિય ભાઈ તથા કાંતુ,

તમે શા માટે Link તોડતા હશો ? એટલું તો છેવટે કંઈ નહિ તો થવા દો. જો બીજી સાધના શક્ય હાલ ન હોય તો એ (પત્રવહેવાર) પણ એક સાધન જ છે. એને પણ પ્રેમભાવે વળગી રહેવામાં તમને શી હરકત નડતી હશે તે સમજાતું નથી.

તમને નિરાશા થઈ તે મને ગમ્યું છે. નિરાશા થઈ ને તે વૃત્તિ તમને જરા ઊંડું મંથન કરાવે તો મને વધારે ગમે. ભગવાનની ધારણા કર્મમાં રહેવી એ કંઈ નાનીસૂની વાત નથી. દિલમાં ભગવાનની ભાવના જાગ્યા વિના, જીવતી થયા વિના કર્મમાં તે કદાપિ રહી કે ટકી શકે જ નહિ એમ મારું માનવું છે. આપણે

હજી કશી સાધના કરી શકેલાં નથી તેનાં મને ચિંતા કે અફસોસ પણ નથી. વળી, **આ યોગ એ કંઈ વર્ષોનો સવાલ નથી. જીવન જીવનનો તે તો યોગ છે.** એટલે એમાં હિસાબ નીકળી શકે તેવો નથી. તેમ જ તેમાં કશી એવી ગણતરી પણ કરી શકાય જ નહિ ને તે પણ થઈ શકે જે કંઈ થોડુંઘણું કરેલું તે પણ મનની યદ્વાતદ્વાવાળી ભૂમિકા પર જેના આધારે કરવાનું હતું તેના પર જ શ્રદ્ધાવિશ્વાસ જાગેલાં કેટલાં હતાં ? હજી પણ કેટલાં હશે તે તો રામ જાણે. એ કાજે ભક્તિભર્યો સદ્‌ભાવ જરૂરનો છે. જેમ નાણાં વિના વેપાર જ ના થઈ શકે. અલબત્ત, સટ્ટાનો વેપાર થાય છે ત્યાં પણ પરસ્પરના વહેવારમાં શ્રદ્ધાવિશ્વાસ તો હોય છે. તો તે પણ એક પ્રકારની મૂડી જ ગણી શકાય. તમે કે આપણે બધાં પાસે તેવી મૂડી ઊગી શકી નથી. તેથી, એનું દુઃખનું દર્દ જેટલું મને સાલે છે તેટલું કોઈને પણ નહિ સાલે. ભલા ! **કંઈ જ ન થાય તોપણ તમને પ્રભુએ મેળવી આપેલા ને જેના Bonafides (શુભ દાનત) एनी કૃપાએ પુરવાર કરાવી આપેલા છે. एनामां પૂરેપૂરાં શ્રદ્ધા, વિશ્વાસ ને રાગ રાખતાં થઈ જઈએ તોપણ કામ થઈ શકે જ. જેને એવું મન થઈ જાય એને નિરાશા રહે જ શેની ?**

તમે મારી બાબતમાં હિસાબ નથી રાખવાનું કર્યું તે જાણ્યું છે. મને તો તેમાંય આનંદ છે. બાકી, રાખો તેમાં પણ વાંધો નથી, પણ જે કરીએ તેનો પછીથી કદી પણ કશો વિચાર પણ ન ઉદ્‌ભવે એવી મનની સ્થિતિ જે તે તેવું કરવું તે યોગ્ય છે એવી સલાહ પણ મારે તમને તમારા શ્રેયમાં આપવી જ ઘટે. તેવું થયા વિના જો તેમ કરવાનું હોય તો મનમાં એનું મૂલ્યાંકન જાગવું જોઈએ. તો જ તેવું કરવું યથાર્થ છે. બાકી તો જેમ થયા જશે તેમાં આનંદ જ છે.

## શ્રી નંદુભાઈના ભાવમાં ઉતાર ચઢાવ

હરિઃૐ તા. ૩-૪-૧૯૪૭

કરાંચી

પ્રિય ભાઈ,

ગમે ત્યારે તમારી વૃત્તિ ઊભળી આવે ત્યારે શું ? તમને પહેલાં 'પ્રેમકુંજ'નો ૧૬ કલાકનો અનુભવ થયો તે પછી બીજા જીવની સ્થિતિ ઉત્તરોત્તર શરણાગતિની ભાવનાવાળી થવી ઘટતી હતી. તેને બદલે તમારો પારો (ભાવનાનો) ઘટતો જતો મને તો લાગેલો. તે તમે આશ્રમમાં આવી વસ્યા ને મને રાજીનામું સાયલા મોકલાવ્યું તે Culminative present (અત્યંત ચરમસીમાના આવેશમાં લીધેલો તાત્કાલિક નિર્ણય) હતું, તે પછી વળી ઠીક થવા લાગ્યું. તમને નસ્તરનો બીજો અનુભવ થયો તે ગાળા પછી તમારામાં ભાવની દશા ઠીક પ્રવર્તતી હતી. તે પાછી મોળી થતી અનુભવું છું, તે જાણશોજી.

જોકે એનાં કયાં કારણો એમ તમે મને પૂછો તો કહી ના શકાય. માટે, તમારે ચેતવું હોય તો ચેતવા જેવું છે. વળી, આ વેળા મૌનમાં જે કહેવામાં આવે તેનું પ્રેમભક્તિથી પાલન કરવામાં મન તૈયારી બતાવે તેટલી કાળજી રાખવાની છે. મન સૂચનો ન ફેંક્યા કરે તેટલી જીવતી જાગ્રત ચેતનાશક્તિ પ્રભુકૃપાથી રાખશોજી. **હરિઃૐ બોલ્યા જ કરવાનું છે.** ત્રાટક વગેરે જે કંઈ કરો તે બધું જ બોલતાં બોલતાં કર્યા કરવાનું છે. ધ્યાન વગેરે કરવાનું હોય તો તે પણ ભલે, પણ તમારે તે બોલતાં બોલતાં જ જે કંઈ થાય તે કરવાનું છે. બોલાશે જ એવી શ્રદ્ધા રાખશોજી. નન્નો કૃપા કરીને ના વાસી દેશોજી.

એટલું યાદ રાખજો કે **જે કંઈ આપણે કરવાનું હોય એની ઉત્કટ હૃદયની દાનત પાકતાં એમાં એટલે તેવી બાબતમાં ગતિ થયા વિના રહી જ ના શકે,** તે નક્કી જાણજો. આ માપ લક્ષણને બધી બાબતમાં લાગુ પાડી શકાય તેવું છે, તો શું તમારી દાનત તેવી નથી ? એમ પ્રશ્ન થાય તો તે સ્વાભાવિક છે. દાનત તમારી ભલે હશે પણ તે સુષુપ્ત દશામાં હશે. **જ્યારે કંઈ પણ કશા વિશે હૃદયની દાનત જાગ્રત થઈને જીવતી બને છે ત્યારે મનમાં એ વિષયમાં પ્રેર્યા વિના તે રહી શકતી જ નથી.** આ સૂત્રને તમે સદાય ખ્યાલમાં રાખવાનું કરશોજી.

## શ્રદ્ધાવિશ્વાસનાં માપ લક્ષણો

હરિઃૐ તા. ૨૪-૩-૧૯૪૭

કરાંચી

પ્રિય ભાઈ તથા કાંતુ,

**જો સાચા દિવ્યાત્મા એવા ગુરુમાં જીવનો રાગ જાગી જાય તોપણ એને નિરાંત જન્મ્યા વિના રહેતી નથી. ને જેને જીવનમાં નિરાંત પ્રકટેલી છે એનાં લક્ષણો જીવનના પરિચયથી આપણને અનુભવાયા વિના રહી શકતાં હોતાં નથી.**

(અનુષ્ટુપ)

જે યાદ રે' છે સ્વપ્નમાં, જે યાદ થાય વિયોગમાં,
તે યાદ રે' સન્મુખ તો પોબાર પાસા પ્રેમમાં.

આપણે હજી તો સાધના કરી શકેલાં નથી, ભાવના જાગતી થયેલી નથી. ને જે મળેલાં છે એનામાં રાગ પણ જાગ્યો નથી. છતાં તે આપણા જીવનમાં પ્રભુકૃપાથી વ્યક્ત થઈ શક્યો છે. તો જો આપણો રાગ થાય કે સકળ કર્મમાં એની ધારણા રહે તો એ કેમ વ્યક્ત ન થઈ શકે ? તે પણ ના, તોપણ એનામાં સંપૂર્ણ શ્રદ્ધાવિશ્વાસ ભાવવાળો રાગ પ્રકટાવો, ને એની માત્રા બળવત્તર

જેમ જેમ થતી જાય તેમ તેમ જીવનમાં નિરાંત, નિશ્ચિંતતા આવતી જતી અનુભવી શકશો જ. કશા જ ઉધામા કે ઉદ્વેગ બધા ઊડી જતા અનુભવી શકશો. તો જ તે બધું સાચું, બાકી તો ગપ્પાં જ સમજવાં અથવા ગપ્પાં નહિ તો મિથ્યા - આપણાં શ્રદ્ધાવિશ્વાસ પાકતાં જાય છે, એનાં એ માપ લક્ષણો છે.

**જે નિરાશા આપણને આપણા ધ્યેયના માર્ગમાં એક ડગલું આગળ ધપાવે તે નિરાશા જીવતી સ્થિતિની નિરાશા છે, પણ જે નિરાશા આપણને વધારે મડદું બનાવે તે તો જીવદશાની જ નિરાશા છે એમ જાણવું.** જેમ અમુક પ્રકારનું સાત્ત્વિક કર્મ હોય તે જો માનવીના અભિમાનને પોષ્યા કરતું હોય તેના કરતાં તો કોઈ જીવથી થયેલું પાપ ને તે પાપથી એના હૃદયમાં અખંડ પ્રાયશ્ચિત્તની વેદના જાગી, એ જીવને જે મંથન કરાવી ભગવાન પરત્વેનું એનું મન જે પાપ જગાડે છે, તે પણ સાત્ત્વિક કર્મ કરતાં અનેક દરજ્જે ચડિયાતું છે, તે જાણજો.

## સ્વજનના હૃદયને પ્રેમની આરજૂ

હરિઃૐ તા.૨૫-૩-૧૯૪૭

કરાંચી

પ્રિય બધાં,

(ગઝલ)

અરેરે ! કાં હૃદય ખોલી હૃદયમાં ના બિરાજો છો !
સ્વજન થઈને હૃદયમાં તે મને કાં ડંખ આપો છો !

તમારે બોલવું સહેલું, અહીં તો જાન રેંસાયે
ભલાં ! કાં બેકદર હૃદયે ! કૃપાદૃષ્ટિ કરો સામે.

હૃદયમાં જો હૃદય ના છે, કહેવું કાં હૃદય એને ?
વખા શાને પડાવો છો ? જરા જાગો જીવન સાથે.

જીવનમાં પ્રેમ જો ના છે, જીવનમાં તો બળ્યું શું છે ?
જીવન તે ના જીવન જેમાં ઝલક જો પ્રેમની ના છે.

જતાં કરવા જીવન સોદો હૃદયપ્રેમે સ્વજન સાથે,
ગયા વેચાઈ ત્યાં સહેજે અમે તો ભાવના નાતે.

સ્વજનને મન રમત એ તો સ્વજનને આરજૂ મારી,
હૃદય સાથે સ્વજન કોઈ રમત રમશો ન કૈં અમથી.

તલપતું ને તડપતું શું અમારું તો હૃદય રે' છે !
હૃદય રંજાડવા અમને મઝા દિલ શું પડે તમને ?

હૃદયથી પ્રેમ બાંધ્યો છે હૃદયને બાંધવા કાજે,
અમારી રે ! સ્વજનકેરાં કરે નફરત હૃદય શાને ?

હૃદય આનંદને કાજે હૃદયમાં પ્રેમ લાગ્યો છે,
હૃદયથી ને હૃદય સાથે ન કાં જોડાઈ તે રે' છે.

હૃદય શું પ્રેમની તરસે રૂંધાયેલું ઝૂરે ભારે
પડી એની અરે ! કોને, ગતાગમ કોઈને શી છે ?

હૃદય તો પ્રેમને ઝંખે, હૃદય શો પ્રેમ માગે છે,
હૃદયના પ્રેમની ભૂખ અરે ! ના કોઈ ભાંગે છે.

હૃદયનો પ્રેમ હૈયામાં સમાઈ શો જવા ઝંખે !
ઉછાળા મારી મારીને પડે પાછો હૃદય ડંખે.

ભલે લાતો સ્વજન મારે છતાં વહાલાં સ્વજન મુજને
ભલાં થઈ - પ્રાર્થના મારી - સ્વજન જીવજો હૃદયભાવે.

બધે આ મોકલજો. સાબરમતી - સાયલા.

• • •

## ૨૯. નંદુભાઈ અને કાંતાબાને પૂજ્ય શ્રીમોટાની શીખ

### બાળ કેળવણી

હરિઃૐ તા. ૧૮-૧-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય કાંતુ,

તું મા થઈ છે, પણ મા થવાને જરાકે લાયક નથી. માનો ધર્મ શો હોવો ઘટે તેનું તને હજી ભાન જાગ્યું નથી. બાળકનાં કુટેવો, એના દોષ, એનું અયોગ્યપણું જે માને ઊગી શકતું નથી તે બાળકને શું કેળવણી દઈ શકવાની છે ? **જે મા પોતે પોતાના જ દુર્ગુણ કે દોષ જોવાને તૈયાર નથી અથવા જે માને પોતાના જ દોષ સૂઝતા નથી તેવી મા બાળકના જીવનમાં ઊગતા દોષોને કેવી રીતે ટાળી શકવાની છે ? જે પોતે પોતાનાથી થતી ભૂલ જોઈ શકે છે ને તે ભૂલ દોષ સુધારવાને મથ્યા કરે છે, જે પોતાના જ દોષ કાઢવામાં ખંત, ઉત્સાહવાળું છે, જેને હંમેશાં પારકાંના ગુણ જોવાનો જીવતો અભ્યાસ છે, તેવો જીવાત્મા જ કંઈક અંશે મા થવાને લાયક છે. બાળકના દોષ જે મા છાવરે છે, બાળકને જે પંપાળે છે, બાળકનું જે મા ખોટું ખોટું તાણે છે તે બાળકની સાચી મા નથી, પણ બાળકના જીવનમાં કાંટારૂપી ઝાડ ઉગાડનાર એની શત્રુ છે, તે નક્કી જાણજે.**

તારે એકનું એક બાળક છે એટલે માનું વહાલ એને ખોટાં ખોટાં લાડ લડાવવામાં નથી અથવા એને વધારે ખવરાવવામાં નથી. ખાવાની બાબતમાં હજી મારે તને ટોકવું પડે છે એ મારું હું દુર્ભાગ્ય સમજું છું. બાળકને વધારે ખવરાવવાથી જ તે સશક્ત

થઈ શકે છે તે તો નર્યું અધૂરું જ્ઞાન છે. એટલે તારે એને જે આપવાનું હોય તેનું સપ્રમાણ જાળવવાનું કરવું જ જોઈએ. થોડુંક ખાય પણ તે પચે ને એ શરીરમાં ભળે તો તેવું અનાજ ખાધેલું વરે પડે. (તંદુરસ્તી આપે). જે અનાજ ખાવામાં આવે ને પૂરું શરીરને ઉપયોગી જે ન થઈ શકતું હોય તેનાથી તો બાળકના શરીરમાં વધુ બગાડો થવા સંભવ રહે છે. **જે કંઈ નવું કશું ખાવાનું આપવાનું હોય, બહારથી આવેલું હોય કે ઘેર કરેલું હોય તે જમવાટાણા સિવાય કદી પણ અપાય જ નહિ** એવું એને ગળે વસી જવું જ જોઈએ. ગમે ત્યાં જાય ત્યાં પણ તે તેવું ન લે એવું શિક્ષણ એને આપણાથી મળી શકવું જોઈએ. એને ખાવું હોય તેની ના ન હોવી ઘટે પણ એનો સમય યોગ્યપણે જળવાતો રહે તેમાંય ત્યાં તો ખાસ સંભાળવાનું છે. કશું આચરકૂચર એને આપવું જ નહિ.

ફળફળાદિ આપવાનું હોય તો તે સારા પાણીથી ધોઈ કરીને આપવું ને તે પણ ખાધા પછી, પણ એની ટેવ તો ન જ પાડવી. **બાળકને હાથપગની કેળવણીની ઘણી ઘણી જરૂર છે,** પણ હજીય તારે ગળે તે વાત ઊતરી શકતી નથી. એના હાથપગથી કામ લેવાનું જો તમે બન્ને નહિ કરો તો પછી મારે પણ તમારી સાથે કેમ વર્તવું તે વિચારવું પડશે. એના પર બળાત્કાર કરવાની જરૂર નથી, પણ એને સમજાવીને તેવું કામ કરાવવાની જરૂર છે. જોકે બીજાં માબાપનાં છોકરાં કરતાં એને કામ કરાવવાની ટેવ તો પાડેલી છે, પણ મારે મન તે પૂરતું નથી. વળી, **બાળકના જીવનમાં અદેખાઈ ઘર કરી ના બેસે તે તો ખાસ કાળજી લેવાની છે. એટલા કાજે એની પાસે એને સમજાવીને તે પ્રેમથી હસીને પોતાનું હોય તે બીજાં બાળકોને આપતો થાય એમ ટેવ એને પડાવજો.**

**એવી ટેવ પડાવવા ખાતર સો એક રૂપિયાનું ખર્ચ થાય તો તે ખર્ચ લેખે આવવાનું છે. બાળકને જે ખૂબ ખૂબ ગમતું હોય તે એને લાવી દેવું ને તે જ એની પાસે બીજાને અપાવી દેવું. ખરું શિક્ષણ તો બાળકના જીવનમાં ઉત્તમ ગુણો ખીલે તે છે. વાંચતાં લખતાં આવડ્યું તેટલું બસ નથી.** બાળક પણ જો સમજુ હોય તો પોતાના દોષ પોતે કહી શકતું હોય છે, પણ એવું જાણવાની જ કોને પડી હોય છે ? મુ. પૂ. મોટા ભાઈ બેઠા હતા ને હું અશોકને ભણાવતો હતો ત્યારે અશોકને જ પૂછેલું કે 'તારામાં કયા કયા દોષો છે ?' તે તેણે પોતે મને ગણાવેલા પણ મને હૃદયથી ખાતરી છે કે મા. સૌ. બહેન તે વિશે કશું પણ જાણતાં નથી. ને પૂ. મામાનું તો શું કહેવું ! મા. સૌ. બહેન એને જાણીને પણ શું કરવાનાં ? એમને હજી મારે એટલો પરિચય નથી. જે તને કહી શકું તેટલું એમને કહેવાનું થતાં એમનાથી સાંખી શકાય તેવું પણ નથી. બાળકનું જીવન બરબાદ થતું જ્યાં ત્યાં નરી આંખે દેખાય છે ત્યારે સહી શકાતું નથી એવી આ જીવની નિર્બળતા છે. જો તું પણ બાળકની મા થવાની પણ પાકી તૈયારી નહિ કરે ને બાળકનામાં ગુણ કેળવવાનું નહિ કરે તો મારે ને તમારે રામ રામ સમજવા. બહુ વાર સુધી તમારું અજ્ઞાનપણું સહન કર્યું. હવે તે સહન કરવામાં મને ગરજ નથી. તમારે મારું કહ્યું બાળકની કેળવણી બાબતમાં કરવું હોય તો સંબંધ રાખજો, નહિતર તમે છૂટા ને મારું તો શું કહેવું ! મારું તો આખું જગત છે. તમારા પર કંઈ મારો આધાર નથી. મારો આધાર તો ભગવાન પર છે. એટલે બાળકના જીવનમાંના દોષો માએ જાણીને તે દોષો ટાળવાને જો તું ના મથે તો તું મારે મન તદ્દન નકામી છે.

જે માને પોતાની ભૂલ, પોતાના દોષ સ્વીકારવાની અંતર્દષ્ટિ છે, તે જ મા માત્ર બાળકના દોષ સમજીને એને મઠારી શકવાની છે.

બાળકનાં થયેલાં ભૂલને કે દોષને માએ કદી પણ છાવરવાં નહિ, પણ બાળકે પોતે ખોટું કર્યું છે એનું એને સખતપણે ભાન જગાડવાનું માએ કરવું જોઈએ, એ એનો ધર્મ છે. બહારથી પણ જો બાળક અયોગ્ય કરીને આવે તો તે અયોગ્યતાનું ભાન બાળકને આપણે કરાવવું જ ઘટે. બાળક ઘરમાં કે બહાર શું કરતો હોય છે એ બાબતનું જ્ઞાન માએ કોઈ ને કોઈ રીતે સમજી લેવાની જરૂર હોય છે. બાળકને જૂઠું બોલવાની ટેવ એના નાનપણમાં પડતી હોય છે. એવી ટેવ બાળક પોતાનાં માબાપ પાસેથી શીખતાં હોય છે. જેટલા દોષ કે દુર્ગુણ બાળકનામાં છે તેનું મૂળ માબાપનામાં છે એમ જાણવું. તે ઉપરાંત, વાતાવરણમાંથી પણ બાળક શીખતું હોય છે. તેથી, માતાપિતાએ બાળક શું શું શીખી લાવે છે, તે જાણવાની ખાંખત રાખવી જ પડશે. **બાળકને જન્માવીને માબાપ એક મોટી પવિત્ર જવાબદારી માથે વહોરે છે. એ જવાબદારીને જે માતાપિતા ફગાવી દે છે, એમને બાળક જન્માવવાનો કશો અધિકાર નથી.** એ તો માત્ર ઇંદ્રિયસુખના લાલસાવાળાં પશુયોનિના સંસ્કારરૂપે માત્ર માનવદેહમાં છે એમ સમજવું ને માનવું. કોઈ કહેશે કે આટલું બધું સંભાળવાની આ જગતની ઘટમાળમાં અને બિચારા લોકને ખાવાનું કમાવા પાછળ રાતદિન જે કાળી મજૂરી કરવી પડે છે ને જેને જરાકે વખત મળતો નથી તેવાં શું કરે ? અરે ! તેવાં ન કરી શકે તો ભલે. તને તો વખત છેને ? જેમના ઘરમાં ઠીક ઠીક પૈસો છે એમના ઘરમાં બૈરાં નકામો વખત એદીપણે ગાળે છે. એવાં બૈરાં, પોતાનું જીવન બરબાદ કરતાં હોય છે.

માત્ર ખાવુંપીવું, પડી રહેવું ને ઘરનું જરાતરા ઉપર ઉપરનું કામકાજ કરવું, બસ એમાં એમની આખી કારકિર્દી સમાઈ જતી હોય છે.

તારે ભલે આશ્રમમાં કામ કરવું પડતું હતું, પણ તું તારા કાગળમાં લખે છે તેમ હજી તું તારા ધણીનો પડ્યો બોલ ઉપાડી શકવાની ખરી ભાવનાવાળી થઈ શકી નથી. તો હવે મારે તને શું કહેવું ? બહેન જયુને મેં લખેલું કે **'જે સ્ત્રી પોતાના ધણીને રાજી રાખી શકતી નથી તે એની સ્ત્રી નથી પણ એની રખાત છે.'** એ 'રખાત' તો ખરાબ શબ્દ કહેવાય, પણ રખાતમાં તો પરસ્પરનાં દિલ રાજી રહ્યા કરતાં હોય છે ને એકબીજાને રાજી રાખવા મથતા હોય છે એવું મેં કેટલેક સ્થળે પ્રત્યક્ષ જોયું છે. ત્યારે શું આપણે તું ને હું એના કરતાં પણ ઊતરતી દરજ્જાનાં થયાં ? **જો તારાથી તારા વરનો પડ્યો બોલ ઉપાડી શકાતો ન હોય તો મારે દુનિયામાં કયું મોં લઈને જીવવું ?** જેની સાથે છ સાત વર્ષ ગાળ્યાં એનામાં પણ જો તેટલું ન ઊગી શક્યું તો પછી તું કે હું બેમાંથી એક તો મિથ્યા જરૂર હોવું ઘટે. જો તું ના કહે કે 'હું તો મિથ્યા નથી' તો પછી મારે પોતે તો તેમ માનવું રહ્યું. **જે કોઈ સ્ત્રી પોતાના ધણીની પછવાડે ફના થઈ જવા તૈયાર થઈ શકતી નથી તે પ્રભુને શું ભજી શકવાની છે ?** સરસ ભજન ગાનારને ભજનમાં ભાવના પણ હોય ને કેટલાંક તો ભજન ગાયા બાદ રડે, તેવાંને પણ પોતાના ધણીને ઊંચા સ્વરે કહેતાં કે સંબોધતાં મેં કાનોકાન સાંભળેલાં છે. તું કહીશ કે 'ત્યારે શું એમને કશું નહિ ને મારે જ બધું કર્યા કરવાનું ?' મારું તને એમ કહેવાનું કે એ પ્રશ્ન જ અજ્ઞાની માનવીનો છે. જેને જે કરવાનો ધર્મ હોય એના પાલનમાં જ જે મસ્ત રહે છે, એના પાલનમાં જ જેને આઠે કોઠે શરીરમાં દીવા

પ્રકટે છે એને બીજા શું કરે છે ને શું નથી કરતાં એના પરત્વે એનું ધ્યાન જવાનું જ નથી. વળી, એવો જીવનનો ધર્મ જે હૃદયપૂર્વક પાળવાનું કરે છે એના પરત્વે સહુ કોઈ યોગ્ય રીતે જ વર્તવાનું છે, તે નક્કી જાણજે.

આ તો પોતે કરવું નથી ને બીજાનાં ગતકડાં કાઢવાં છે તે હવે જોયું જવાનું નથી. બહુ વાર જોયું, હવે તો કાં તો કરો અથવા આ બધો છાલ છોડો. **જે પોતાના ધણીનો પડ્યો બોલ ઝીલી શકવા તૈયાર નથી, એટલી જેની શરણતા નથી, એટલી જેની તૈયારી નથી તે ભગવાનને પંથે જવા જરા પણ લાયક નથી,** ને ભગવાન વળી કોણ છે ? એ કંઈ ચાર હાથવાળો, મોર મુગટધારી બંસીધારી કોઈ પૂતળું નથી. એ તો નરી કલ્પના છે. **ભગવાન તો જે જે મળેલાં છે એનામાં જ વસેલો છે.** એ ભગવાનની જે સેવાભાવના નથી કરી શકતું તેવું, તેવી સેવાભાવના ત્યજીને બીજા ભગવાનને ભજવા જાય છે તે તો મિથ્યા આડંબર કરનારાં છે એમ જાણવું ને માનવું.

**મળેલો ધણી, મળેલાં બાળકો, મળેલો સંસાર એ જ આપણો ભગવાન છે. એમનામાં ભગવાન ઊગે, એમનામાં સદ્‌વર્તન જન્મે, એમનામાં સર્વ ઉત્તમ ગુણો ખીલે, એમનું જીવન સર્વશ્રેષ્ઠ બને, એમનું જીવન કલ્યાણપંથે વધે, એમના શ્રેયમાં જ પોતાનું શ્રેય છે એમ વર્તવાનું જેને હૃદયથી ગમે છે ને તે પ્રમાણે જે જીવવાનું કરે છે તે જ ભગવાનના પંથે ખરી રીતે તો જતાં હોય છે.** બાકી તો બધી ખોટી આળપંપાળ છે. આ ઉપર કહ્યું તે પ્રમાણે વર્તવાનું કરવું હોય તો મારી સાથેનો સંબંધ રાખવો, નહિતર તું તારે રસ્તે ને હું મારે.

વળી, એક વાત મારે તને લખવાની છે. કેટલીયે વાર મેં તને કહ્યું છે કે બૈરાં બૈરાં મળે છે ત્યારે કેવી કેવી વાતો કરે છે. મને અનુભવે સમજાયું છે કે તું પણ એમાં બધાંમાં ભળીને એવી જ વાતોમાં મશગૂલ થતી હોય છે. ભલે બીજાં બૈરાં જેટલી તું ન મશગૂલ થતી હોય, પણ હજી તને એવી ટેવ ગઈ તો નથી. તેથી, કોઈ પણ બૈરાં સાથે મળવાનું થતાં કાંઈ પણ એવું સંભળાય તો નમ્રતાપૂર્વક ત્યાંથી ઊઠી જવાનું રાખવું. ભલે પછી તેવું કોઈ વૃદ્ધ હોય કે આપણું વડીલ હોય તોપણ એની પરવા ના કરવી. બૈરાંની વાતો કેવી હોય છે એનો મને પૂરેપૂરો ખ્યાલ છે. જો મને મૂછો વગેરે ન હોય તો માથે વાળની વિગ (બનાવટી વાળની ટોપી) પહેરીને, બૈરીનો વેશ પહેરીને બૈરાં સાથે વાતે વળગાડી શકવાનું બને તો એમની પાસેથી હું તો કેવી કેવી વાતો કઢાવું ! તને સૌ. ઇંદુબા પરનો પત્ર જે મેં એમને આનંદ આશ્રમમાં લખ્યો હતો તે મોકલ્યો છે, એમાં કેવી વાતો આપણે કરવી ઘટે તે બતાવ્યું ને સમજાવ્યું છે. હવેથી બૈરાં સાથે જો તારે એવી વાતો થશે ને જો જાણવામાં મને આવશે તો તારે ત્યાં હોઈશ તોય ત્યાં જમવા કરવાનું રાખીશ નહિ, તે જાણજે. અલકમલકની વાતો તારે હવે કરવાની ને જાણવાની હોય નહિ. જીવનને ઉપયોગી વાતો કરવાનું કે સાંભળવાનું જેને મન હોય તેવી વાતો કરવી ને તેવું સાંભળવું.

ઉપર પ્રમાણે વર્તવું હોય ને એનો સમજણપૂર્વકનો ખ્યાલ રાખવો હોય તો જ તારે હવે મારી સાથે સંબંધ રાખવો, ના કહેવામાં કશી હરકત નથી. મને જરાકે ખોટું લાગવાનું નથી. કાગળ વાંચીને સૌ. જયુને મોકલજે.

## ખુલ્લા થવાની માગણી

હરિઃૐ તા. ૨૦-૧-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા બહેન કાંતુ,

જે હવે કરવાનું બને તે મોકળા દિલે ને ખુલ્લા મનથી કર્યા કરવું. સહેજ પણ મનમાં સગડગ જાગે તો ના કહેવી ઉત્તમ વાત છે. તે મને વધારે ગમે, પણ મનમાં કોઈ કોઈ ભરી રાખે છે ને કંઈ વિચાર ગોઠવ્યા કરે તે તો ઘણું સાલે છે. તમારી પાસે તો હવે મારે સર્વ પ્રકારના ખુલ્લા થવાપણાની માગણી છે ને તે તમે પૂરી પ્રભુકૃપાથી કરતા રહેશો. બને તેટલું નામસ્મરણ કરતા રહેશોજી. સવારસાંજ પ્રાર્થના જરૂર કરતા રહેવું, ત્યાં મુશ્કેલી તો પડવાની જ, પણ એ તો એમ જ હોય.

## પતિપત્ની બન્નેને

હરિઃૐ તા. ૩-૪-૧૯૪૭

કરાંચી

પ્રિય કાંતુ,

તારા બે કાગળ મળ્યા છે. નોકરનું આવવાનું તો યોગ્ય અવસરનું હતું. તે તારે ગળે ઊતરી શક્યું છે, એ જાણી આનંદ તો લાગે જને ? **માનવીની બુદ્ધિ જ્યારે કદરદાની કરતી લાગે ત્યારે પરસ્પર પ્રેમભાવના જીવતી થવાનો પૂરતો સંભવ રહે છે,** પણ મારા મનમાં થોડાક દિવસથી એક શંકા પેસી ગયેલી છે, એનું રહસ્ય તો કોણ સમજાવે ? તે એમ છે કે હજી તમે પતિપત્ની એકબીજાને સમજી શકેલાં નથી. તને નંદુ સમજી શકતો નથી ને તું એને સમજી શકતી નથી. એકબીજા જે કંઈ કરતાં હોય કે એકબીજાથી જે કંઈ

થયું હોય કે થતું હોય એ કેમ તેમ બનતું હશે એના મૂળમાં ઊતરવાનું કોઈથી હજી બનતું નથી, તે જાણી ખેદ થાય છે. ખેદ એટલા કાજે કે બન્ને મારે મન સ્વજન છો. બન્ને પતિપત્નીના સંબંધે છો. તો જો આટઆટલાં નજીકનાં આવેલાં તેવાં બે જીવો જો એકભાવે એકરસ એકબીજાને પૂરાં ન સમજી શકે તો મારા જેવાનું શું ગજું ?

હવે ખાસ વાત કે જો નર્મદાકાંઠે જવાનું હોય તો તારું શરીર ઠીક રહેતું ન હોવાના કારણે તું તથા સિદ્ધાર્થ અહીં આશ્રમમાં રહેવાનું કરો તો ઠીક. ત્યાં તારું શરીર ઠીક ન રહેતું હોય ને કોઈ તે જાણતું કરતું ના હોય જે તારાથી કામ બરાબર ના થતું હોય તો મારાથી તારા પર જ ચિડાઈ જવાનું બન્યા કરશે. એટલાં બધાંમાં તને વઢવાનું કર્યા કરીશ એની માઠી અસર તારા પર પણ થયા વિના રહેવાની નથી. તારું શરીર હવે ખેલ બહુ કરે છે. તેથી, આવા શરીરે તારે ના આવવું ને આવવું હોય તો બધાંને જણાવવું. નંદુને, બધાંને ને બાને પણ. જો તારી સહન કરવાની તાકાત હોય ને મૃત્યુને પણ વધાવવાની શક્તિ દાનત હોય ને તે બધું પ્રેમભાવે સહન કરવાની તાકાત હોય તો બેલાશક (ચોક્કસ) આવજે.

## સાસુ પ્રત્યે યોગ્ય વલણ

હરિઃૐ તા. ૧૭-૪-૧૯૪૭

સાયલા

પ્રિય કાંતુ,

પૂ. મોટી બા અંગે હજી તારું વલણ યોગ્ય પ્રકારનું થયેલું નથી. એની દ્વારા મારી માના જીવની મુક્તિની સાધના આ જીવ કરી રહેલો છે. પૂ. મોટી બાને વિશે કશું પણ ખોટું યદ્વાતદ્વાપણે

તારાથી વિચારાયું તો તે હું સહન નહિ કરું. હજી પણ (તે વાત જવા દો) બીજી બાબતમાં તને મારે અંગે પણ જે વિચાર ઊઠે છે તે તદ્દન યથાર્થ નથી હોતા. હવે પ્રભુકૃપાથી મેં મારો રસ્તો બદલ્યો છે. મેં મારા જીવ પૂરતી પુરાવા સાથે સાબિતી આપી ચૂકી છે તેનું સામર્થ્ય કંઈ આ જીવ નથી પણ પ્રભુની પરમ કૃપા છે. હવે જો સંબંધ રાખવો હોય તો જે પ્રમાણે કહેવામાં આવે એનાથી શરીરથી તો શું પણ મનથી ઊંધું વેતરાશે તો પછી તે સાથે મારે કશી લેવાદેવા નથી, તે નક્કી જાણશોજી. મારી માને જે કોઈ અવગણવાનું કરશે તે ભલેને પછી નંદુ હોય તોપણ તે મારા મનથી રદબાતલ છે. મારી મા અન્યાય કરતી મને લાગશે ત્યારે એને પ્રભુકૃપાથી ભક્તિભાવે નતમસ્તકે હૃદયથી તેવો ભાવ તેનામાં જીવતો કરી એને કહેવાને ખડેપગે તૈયાર રહીશ, પણ તમે તો અનેક દોષોથી ભરેલા, અનેક વાસના ને પાપથી ભરપૂર બીજાના દોષ જોવા પ્રેરાઓ છો તે વેળા શરીરના રોમેરોમમાં કંઈક થઈ જાય છે કે આ તે કેવાં સ્વજન પ્રભુએ બક્ષ્યાં. અરે ! પ્રભુને કાં શૂળીએ ચઢાવો ? તે પણ મારી પોતાની જ કર્મભૂમિકાને કારણે મળેલાં છે. તે પણ માથા ઉપર લેવું. મારે સ્વજનનો માટીનો ભાર ખાલી ખાલી વહેવો નથી. સ્વજન કામનો - ખપનો છે. જીવન કાજે જીવનના રળતર કાજે જો સ્વજનને જીવનની કમાણીની જ ના પડી હોય તો તેવાં સ્વજન મારે મન સ્વજન નથી. બહુ દિવસો રાહ જોઈ જોઈ આંખ હૃદય થાક્યાં પણ કોઈ આવતાં નથી ને એ આવે કેમ ? પ્રભુના નાદનાં તાન લાગ્યા વિના કોની તાકાત છે કે માયાનાં પ્રાબલ્યથી છૂટી શકે ? તો ભલે, તમે ને માયા - બસ ગુલતાન કર્યા કરો.

જીવનમાં જેને વરી છે, જેનો હાથ પકડ્યો છે, એને કાજે સર્વ ભાવે સર્વ રીતે એનામાં જ સમાવાનું જીવતું ધ્યાન રાખજે.

તે વિશેની પણ હજી તને લગની લાગતી નથી ત્યારે મારે તો શું કરવું ? એટલું તો કરી બતાવ. એનામાં તો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ તારા શરણાગતિભાવે, એકભાવે શમાવી દે એટલું પણ થઈ શકવાનું કરી બતાવે તોય હું તો ગંગા નાહ્યો.

## નંદુભાઈની કાર્યરતતા અને ભવિષ્ય - કાંતાબાને ટકોર

હરિઃૐ તા. ૨૮-૯-૧૯૪૭

સાયલા

પ્રિય કાંતુ,

જેમને વિશે તેવું સૂચવવામાં આવે છે તે તો સાવ નવરાં જેવાં ગમે તેમ વખત ગાળતાં હોય છે, જ્યારે નંદુને તો કામ હોય છે ને તે કામ ઘણુંક તો મારું જ હોય છે. હજી એને તેવાં તેવાં કામમાં ગુરુની ચેતના સ્મૃતિ જાગતી કે જીવતી રહી શકતી નથી ને એવો અભ્યાસ કેળવવાનું હૃદયથી બન્યું નથી, પણ જ્યારે તેવું બનશે ત્યારે તો એનો સંસાર વળી ઓર પ્રકારનો હશે. મહાત્મા ગાંધી ઊઠે છે ત્યારથી કામ, કામ ને કામ જ કર્યા કરે છે. ત્યારે શું કસ્તૂરબાએ તારી પેઠે ફરિયાદ કરેલી હશે ! એ એમના પતિ કેડે કેવા યજ્ઞભાવે ન્યોછાવર થઈ ગયાં. સદ્ગત મહાદેવભાઈ તો પૂજ્ય ગાંધીજી સાથે ને સાથે સતત રહ્યા કરતા. એમની પત્નીને જરા પણ સમય આપી શકતા ન હતા, તે હકીકતની વાત છે. શું તેથી તેઓ દૂર દૂર થઈ ગયેલા હશે ? તું પોતે જ સૌ. મોટીને પૂછી જોજે કે તેમને પૂ. નરહરિભાઈ કેટકેટલો વખત આપતા ? પણ મને કહેવા દે કે સામાન્ય પતિની સમજણ કે આદર્શ કે ભાવનાની તોલે આપણો પતિ ક્યાંય ચઢી જાય તેવો છે.

## નંદુભાઈનું કાંતાબા પ્રત્યેનું વલણ

હરિઃૐ તા.૧૫-૧૦-૧૯૪૭

સાયલા,

પ્રિય ભાઈ,

જત, કાંતુને મેં એની દૃષ્ટિએ જે યોગ્ય છે તે તો લખ્યું છે, પણ તમારી દૃષ્ટિએ તમારું એની પરત્વેનું કઠોર વર્તન તે પણ એના હૃદયમાં અસંતોષ પ્રકટાવનારું પ્રબળ કારણ છે. બે જીવ એક ઘરમાં રહેતા હોય પણ કોઈ જો જીવને મોકળો મૂકીને વાતચીત ન થતી હોય તો કોઈને પણ લાગે. તમે પોતે જ મને વિક્ટોરિયા બાગમાં કબૂલ કરેલું કે 'તમારું એના પરત્વેનું તેના પ્રત્યક્ષપણામાં વર્તન કઠણ થાય ને તેનાથી દૂર થવાપણું થતાં તેના ગુણની કદર થાય, પણ તે મનની મિથ્યા ભ્રમણા છે. જો ગુણની કદર ખરેખરી થયેલી હોય તો એની અસર પ્રત્યક્ષમાં ઊડી કેમ જઈ શકે ? માટે, જે ગુણની કદરની વાત તમે કરો છો તે ભલે ઉપરછલ્લેપણે ખરી હોય પણ તે મિથ્યા પ્રમાણવી. બાકી, પુરુષ જીવનું જોહુકમીપણું તો અપાર છે. તમારામાં બીજાના કરતાં પ્રમાણમાં કંઈક ઓછું હશે એટલો જ ફરક છે. એને જે મેં લખ્યું એમાં જેમ હકીકત છે તેમ આ પણ તમને લખ્યું છે, તે હકીકતપણે છે.'

## પૂજ્ય શ્રીમોટાનું નંદુભાઈ વિશે પ્રમાણપત્ર

હરિઃૐ તા. ૨૩-૧૦-૧૯૪૭

સાયલા

એક કાગળ એમને (પરીક્ષિતભાઈને) લખી દઈશ, હેમંતભાઈ મારફતે 'નંદલાલને માટે મેં જે લખ્યું છે ને જેને તમે પ્રમાણપત્ર ગણ્યું છે, તે ખુશીથી તેનો ગમે ત્યાં ઉપયોગ કરો તેમાં મને હરકત નથી. બલકે રાજી છું. **તેના ગુણ જે કોઈ અનુસરશે તેનું**

**કલ્યાણ જ થવાનું છે.** અમારા આખા કુટુંબમાં મારે મન તે જીવ માટે કેટલો ઊંચો અભિપ્રાય છે, તે હું જ જાણું છું. મેં તો પૂ. બાને પણ એક બે વાર કહેલાનું યાદ છે કે **'તમારે પેટ નંદલાલનો જીવ આવ્યો તેથી તેના ગુણની કદર આપણ બધાંને નથી થતી, પણ તે જીવ સાધારણ સામાન્ય કોટિનો નથી. ઊંચી કોટિનો છે. તે વખત જશે તેમ આપણ બધાંને સમજાશે.'**

## રસોઈકામ વિશે

હરિઃૐ તા. ૨૯-૧૧-૧૯૪૭

પ્રિય કાંતુ,

તારે એક ટેવ પાડવાની છે. ખાવા કરતી વખતે નાહી ધોઈને જવું. કપડાં ધોયેલાં પહેરવાં. વળી, જમવાનું જે કરવું તે પૂરા ઉમળકાથી, આનંદથી ભજન ગાતાં ગાતાં કરવું કે જેથી ખોરાકમાં તેવી ભાવના પ્રસરે. નાહીને મનને પ્રસન્નતાવાળું રાખી રાખી, ભગવાનને જેમ રાજી કરવાના હોય તેમ ભાવ હૃદયમાં જીવતો કર્યા કરીને એને ગમે ભાવે એવું ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન બનાવવાનું થાય ને જે તેવું ભોજન જમે તે જીવ મસ્ત બને તો આપણી તે સાધના યોગ્યપણે ફળી ગણાય.

## કાંતાબાનો એક અનુભવ

હરિઃૐ તા. ૧૪-૧૨-૧૯૪૭

સાબરમતી આશ્રમ

પૂજ્ય વહાલા મોટા,

આજે ચણાની દાળ ૨ા (સવા બશેર) શેર દળી હતી. શરૂમાં આકરું ના લાગ્યું પણ અધવચ્ચેના ગાળામાં છાતીમાં ગભરામણ થવા લાગી, શ્વાસ ના લેવાય, માથું ઘૂમ થઈ ગયું. છાતી ભરાઈ આવે. સમજ કંઈ ના પડે. ઘંટી કેમે ખેંચાય નહિ. છતાં જાપ

કરીને ખેંચવા માંડું તોય ફાવટ ના આવી. છાતીના હૃદયના ધબકારા જોરથી થવા લાગ્યા.

આમ છતાં પહેલાં એક વિચાર જોરથી આવ્યા કરેલો. તેની સામે ઘણું ઝઝૂમવું પડેલું. તેને કાઢવા જઉં - મથું, જાય વળી પાછો આવે. આમ ઘણું થયું. જાપ મોટેથી કર્યો, પ્રાર્થના કરી પણ કંઈ ના વળ્યું. આ દળતાં દળતાં જ થયેલું. ને મારી સામે વીફરેલું. ઘણો પ્રયત્ન કર્યો. છેવટે ન જ ફાવી ત્યારે હારી. હાર્યાની બૂમ પાડી ને ‘ઓ મોટા, હવે તો સાવ જ હારી છું. મન સામે નથી ઊભું રહેવાતું, એને તું જ ઠેકાણે લાવ. મારા બધા પ્રયત્નો ફોગટ ગયા છે - જાણું છું કે તે તદ્દન વિરુદ્ધમાં જ વિચારાવે છે, મનાવે છે, ઠસાવવા મથે છે ને હું તેથી ઉપરની બાજુએ વળવા મથું છું. અનેક રીતે સમજાવ્યું પણ હારી ફોગટ. હવે તું જ કંઈક દયા કર ને આ મનને યોગ્ય સમજમાં આણ. આ મનની વ્યગ્રતાને શાંત પાડો ને હામ શક્તિ આપો.’ આમ બોલીને પ્રાર્થના કરી. ખીલડે તમો છો એ ભાવ રાખીને માથું તેના પર ઢાળી દઈને, બે હાથે ખીલડો ઝાલીને પ્રાર્થના કરી. થોડી વાર આમ પ્રાર્થના કર્યા પછી જાપ કર્યો ને તેમાં ભાવ પ્રેમ રસ જાગે ને રસથી થાય તેમ માગ્યું. થોડી વાર શાંત પડી રહી તેમ જ હે પ્રભુ ! દયા કરો, કૃપા કરજો, કરીને દળવા માંડ્યું. જાપ પણ દળતાં દળતાં મોટેથી કરવા માંડ્યા. ને પછી તો જાણે કશું થયું જ નથી, મનમાં ને શરીરના થાકમાં કે કંઈ કશે, પણ એવી સ્ફૂર્તિ આવી ગઈ અને દળાયેલું અડધા ઉપર રહેલું તે બધું સરસ ઝીણું. મનને સંતોષ થયો. દળવાનો, પણ તે વ્યગ્રતા જતી રહી તેથી પણ ઘણો સંતોષ ને આનંદ થયો.

આજે 'દીવાર' પૃથ્વીરાજનું નાટક જોવા જવાનું છે. શાંતિભાઈ પૂછવા આવેલા. તેમણે એક શોની ટિકિટ લેવાનું જણાવ્યું છે. બેસવાનું ૭ાના શોમાં. પૂ. બાઈ, આનંદીબહેન વગેરે હતાં. પાછાં ફરતાં રાત્રે બહેન ડૉ. પ્રભાબહેનને ત્યાં સૂવાનું ગોઠવ્યું છે. આજે જોવા જવાનું હોવાથી બપોરે સૂઈ ગઈ હતી, જેથી ત્યાં ઊંઘ ના આવે.

## કાંતાબાનો પિયર પ્રેમ

હરિઃૐ તા. ૨૭-૧૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય કાંતુ,

તને પિયરનો પ્રેમ હોય તે ઈષ્ટ છે, પણ તને ત્યાંનો ખોટો મોહ છે, તે મને તો જરૂર ખૂંચે.

તું નંદલાલને જે ન ગમે તે ન કરવાનું કરે એવું તારું દિલ થઈ ગયું હોય તો તો મને આનંદ થાય, પણ એવી ભક્તિ પ્રકટવી એ કોઈ નાનીસૂની વાત નથી. તારામાં બે થર છે. એક ઉપરનો ને બીજો અંદરનો. અંદરમાં છુપાયેલું પડેલું રહે છે તે તો કોઈ ના જાણે. નંદલાલને તારે એક તો જે યોગ્ય ના હોય તે અંગે પૂછવું ને એ પોતે ના કરે એટલે એના અંગે તને મનમાં ખૂંચતું રહ્યા કરે, એમ એને કડવા બનવાનો પ્રસંગ તો આપણે જ આપવો ને ઉપરથી એના અંગે મનમાં ખૂંચવાપણું જાગે. એમ બેવડો કર્મદોષ જે કર્મમાંથી ઊભો થાય તે કર્મમાં મનને શેને કાજે પ્રેરાવાનું કરવું ?

## કાંતાબાને હળવો પત્ર

હરિઃૐ તા. ૯-૧-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય કાંતુ,

પોતાના ધણી સાથે વર્તવાની તેં જે રીત સમજાવી તેથી મને ઘણો જ આનંદ થયો છે. અનુભવો તો કોઈને ના કહેવા. લાંબો

પરિચય થાય ને તે માનવી એનો ઊંધો અર્થ ન કરે એવું લાગે તો જ તે અનુભવો કહી શકાય, તે જાણજે.

તારી સમજણ માટે મને આનંદ થયો છે. કાંતુ, તેં આ આત્માના વ્યક્ત થતા જીવનવિકાસના જે અનુભવ જાતે પોતે જોયા છે તેવું કોઈએ પણ જોયું નથી. કોઈને એમ પણ લાગે કે કાંતુ તો ભોળી છે ને તે બિચારી મોટાથી ભોળવાઈ ગયેલી હશે, પણ તેવું તો ક્યાંય નથી. તેથી, તારા પર મારો ઘણો આધાર છે. તને હું તો ઘણો જ વઢું છું ને ક્રોધ પણ કરું છું, પણ તને હું વીસરી શકતો નથી. જો તું મને દીપાવી શકે તો મારું ઘણું કામ સરળ બની જાય, ને માત્ર માગું છું સમર્પણભાવે નંદુના જીવનમાં ઓતપ્રોત થઈ જવાનું, ને તેવું હૃદયના ઉમળકાથી બન્યા કરે ને તને તેમાંથી આનંદ મળતો લાગે તો પછી મને કશાની પરવા નથી. ભલે પછી તે અંગે કોઈ તેમ માને કે ન માને એની પણ મને તો પરવા ના રહે.

તું નંદુના મૌન વખતે ખૂબ પ્રેમભક્તિમાં રહેજે, ને વાતાવરણ એટલું તો પ્રસન્ન રાખજે કે જેથી નંદલાલભૈયાને તેનો પોરસ ચઢે. તારાથી બધું જ કામ પાર પડી શકશે એની મને ખાતરી છે.

નંદુ પર હું પોતે પણ છોડી દેતો હોઉં છું. એના કર્મના યોગ્યપણામાં મને વિશ્વાસ ઘણો છે. તે આપણો છે ને આપણો રહેવાનો છે. આપણને હૃદયના થનગનતા પ્રેમભાવનો ખપ છે, પણ તે શરીરની ભૂખ કાજે નહિ, પણ એ પ્રેમરસગંગામાં નાહીને એમાં પાવન થવા કાજે, અવગાહન થવા કાજે, પ્રેમરસ ગંગામાં ઊંડા ઊતરવા ને જીવનને ઓર મસ્તીમાં ગાળવા કાજે આપણને

એનો ખપ છે. એનો ખપ છે સાધન કાજે, ઉપયોગ કાજે, નહિ કે ઉપભોગ કાજે. એ જે જે કાંઈ કરે - કહે, સૂચવે તે તે બધું ઉમળકાથી જેમ જેમ સ્વીકારાતું જશે તેમ તને પોતાને જ એનો પ્રેમભાવ મળતો જતો અનુભવવાનો મળશે જ એમ લાગે છે. ને ધારો કે ના મળે તોય આપણે કશું જ ખોવાનું નથી. આપણે તો જે તે કરવાનું છે તે આપણા પોતાને જ કાજે. નંદુને મારા વતી વહાલ કરીને એક ચુંબન કરી લેજે. સંકોચ રાખવાની જરૂર નથી. એ ચિઢાય તોય ભલે એને તું ભારે તપશ્ચર્યાથી રીઝવી શકવાની છે.

લિ. તારા મોટા ખોટાના સપ્રેમ ઘણાા ઘણા પ્રણામ

## શ્રી નંદુભાઈના મૌન સમયે કાંતાબાની ફરજો

હરિઃૐ તા. ૨-૨-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય કાંતુ,

વહેલું ઊઠવાનું, દળવાનું, નામ લેવાનું વગેરે બાબતમાં હમણાંનું કંઈ જાણવાનું મળતું નથી.

ભાઈ નંદુના મૌન વખતે વખતસર ખાવાનું આપવાનું, સવારે વહેલા ઊઠીને એને ચા કે કૉફી આપવાનું રહેશે. બપોરે બરાબર ત્રણ વાગ્યે ચા દેવાની ને સાંજે ૬ાા વાગ્યે બરાબર ખાવાનું. સવારે ૧૦ાા વાગ્યે ખાવાનું. આ ઉપરાંત, એને નાહવાનું પાણી, (સાબુની) ગોટી, કપડાં વગેરે આપવાનું તથા ટબ વગેરે સાફ કરવાનું. આ બધું કરવાનું કામ ને તે પણ ઉત્સાહથી. માટે, અત્યારથી મનથી પાકો નિશ્ચય કરજે, ને ગમે તેમ થાય તોપણ આનંદથી તે તે બધું કરીને પ્રભુકૃપાથી પાર ઊતરવું જ છે એમ

દઢપણે મનને તૈયાર કરતી રહેજે. જોજે પાછું ના પડાય. મારા સ્વભાવને તો તું જાણે છે. મારાથી તારા પર ક્રોધે થવાય તો એના યોગ્યપણાનું ચિંતવન કરજે. શા માટે મોટા ગુસ્સે થાય છે એનું યોગ્ય કારણ પોતાનામાં છે એમ વિચારી તે પ્રમાણે સુધરવાનો ખંત ઉત્સાહ દાખવજે.

તારાથી થતી રહેતી ભૂલો ને એનો એકરાર તથા ફરી એવું ના બને તે અંગેનું લખાણ કાગળમાં હોવું ઘટે. કોઈને પણ આપણાથી થઈ જતો અન્યાય કે કોઈના વિશે ઊંધું વિચારાયું હોય તો તેવું પણ કાગળમાં આત્મનિવેદનભાવે આવવું ઘટે જ.

તને મૌનના ગાળામાં મારા પૂરતો ભાર ઓછો કરવાને માનનીય ગંગાસ્વરૂપ કાશીબાને ત્યાં હું પોતે જમવાનું કરીશ, તે તું જાણજે, પણ જો તને તેથી ખોટું લાગતું હોય તો આપણે ત્યાં જમવાને મને વાંધો નથી.

• • •

# ૩૦. વ્યાસબેટમાં અનુષ્ઠાન

## વ્યાસબેટમાં અનુષ્ઠાનની પૂર્વ તૈયારી

હરિઃૐ        તા. ૩-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

પહેલાં તો અનુષ્ઠાન બાબત : જ્યારે મે માસની આશ્રમમાં રજા પડશે ત્યારે હવે તો વાત. મેં પૂ. મોટા ભાઈની સાથે છ માસ રહેવાની મુદત આપી છે, તેમને જો આશ્રમમાં ફાવી જશે તો ઉત્તમ વાત છે. નહિતર કોઈક એકાંત સ્થળે જવાનું વિચારીશું. અલબત્ત, તે તો તેમના માનસ ઉપર આધાર રાખે છે, પણ જો તેઓ ત્યાંથી આવે ને નર્મદાકાંઠે વ્યાસબેટ પરની કોઈ ધર્મશાળામાં બધાંનું રહેવાનું તેઓ ગોઠવવાનું કરે તો આપણે પણ મે માસમાં ત્યાં જ અનુષ્ઠાનનું રાખવું કે જેથી સિદ્ધાર્થનું પણ પડે નહિ. તમે તથા પ્રિય લેતા હતા તે હું લઈ શકું, ને એનું તેટલા ગાળા પૂરતું હાથમાં આવતાં જેમાં તેનું મન ખૂંપેલું ન હોય ત્યાં ભાર દેવાનું બનતાં મન એનું એમાં વળવા લાગવાનો સંભવ બને તો બને. (સિદ્ધાર્થના અભ્યાસ વિશે)

જો તેવું ઉપરનું નહિ ગોઠવાય તો બીજે ઠેકાણાનું વિચારીશું. કંઈક ત્યારે ઉકેલ આપમેળે થઈ જશે, પણ સિદ્ધાર્થનું ગોઠવાયા વિના કે એનું બગડે એવી રીતે તો કેમ કરીને કશું થાય ?

## ૧૯૪૭ વ્યાસબેટમાં અનુષ્ઠાન

### તા. ૧૬-૫-૧૯૪૭ થી તા. ૩૧-૫-૧૯૪૭

૧૯૪૭, મે મહિનામાં શ્રી નંદુભાઈને અનુષ્ઠાન કરવું હતું. એટલે કોઈ શાંત, એકાંતવાળી જગ્યા વિશે શોધખોળ કરી કે જ્યાં

આવશ્યક ચીજવસ્તુઓ સરળતાથી મળી રહેતી હોય. આખરે નર્મદા કિનારે અતિ પવિત્ર જગ્યા વ્યાસબેટ ઉપર પસંદગી ઢોળવામાં આવી. કહેવાય છે કે વ્યાસબેટમાં મહર્ષિ વેદવ્યાસે શ્રીમદ્ ભાગવતની રચના કરી હતી. અહીંથી બરકાલ અડધો માઈલ દૂર છે. બરકાલમાં ભીમે બકાસુરનો વધ કર્યો હતો. બરકાલમાં બધી જરૂરી વસ્તુઓ મળી રહે છે. સાબરમતી આશ્રમથી પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈ, મોટા ભાઈ શ્રી વાડીભાઈ, કાંતાબા, સિદ્ધાર્થ, મોટા ભાઈનો પુત્ર સુરેન્દ્ર અને પુત્રી સરોજ, કાશીબા (શ્રીમોટાનાં ભાભી) અને તેમનો દીકરો શાંતિલાલ, પૂજ્ય જેઠીબા, નોકર પાંડુ - આટલો મોટો રસાલો તા. ૫-૫-૧૯૪૭ ના રોજ નીકળીને ચાંદોદ - ડભોઈ પહોંચ્યાં. ત્યાં ૫ દિવસ રોકાયાં. તા. ૧૦-૫-૧૯૪૭ના રોજ માલસર એક દિવસ રોકાયાં. માલસરથી બીજે દિવસે નીકળી અનસુયા થઈને સાંજે વ્યાસબેટ પહોંચ્યાં. તા. ૧૨-૫-૧૯૪૭ જે ધર્મશાળામાં ઊતર્યાં હતાં ત્યાં બધો સામાન - કપડાંલત્તાં, ઓઢવા પાથરવાની વસ્તુઓ, રસોઈનો સામાન, કૉલસા, ચા ખાંડ, ગૉળ વગેરે અનેક વસ્તુઓ - જેમાં શ્રીમોટા માટે પાન, તમાકુ પણ હતાં - બરાબર ગોઠવ્યો. ધર્મશાળાના મૅનેજર શ્રી દયાશંકરભાઈ હતા. તેમણે ચાર ઓરડા ફાળવી આપ્યા હતા. ઓરડાઓ પ્રમાણમાં મોટા હતા. પૂજ્ય જેઠીબા પણ અનુષ્ઠાન કરવાનાં હતાં. આમ, એક ઓરડો શ્રી નંદુભાઈ માટે અને એક પૂજ્ય જેઠીબા માટે હતો.

તા. ૧૩-૫-૧૯૪૭ના રોજ બધાં કરનાળી સ્થિત નર્મદામંદિર - ગંગનાથનાં દર્શને ગયાં. બીજે દિવસે ‘ચડતી ઊતરતી પનોતી’- કુબેર ભંડારેશ્વરનાં દર્શને ગયાં. ત્યાંથી ચાંદોદ જઈ તા.૧૫-૫ના રોજ વ્યાસબેટ પાછાં ફર્યાં. તા. ૧૬-૫થી અનુષ્ઠાન શરૂ થયું અને તા. ૩૧-૫ના રોજ અનુષ્ઠાન પૂરું કર્યું.

અનુષ્ઠાન સમયે શ્રી નંદુભાઈના હૃદયની એક પ્રાર્થના :

રઘુવર ! તુમ કો મેરી લાજ !
સદા સદા મૈં શરણ તિહારી, તુમ બડે ગરીબ નિવાઝ* ।
પતિત ઉદ્ધારણ બિરુદ તિહારો શ્રવનન સુની આવાજ ॥
હૂં તો પતિત પુરાતન કહીયે, પાર ઉતારો જહાજ
**અઘ ખંડન, દુઃખ ભંજન જન કે, યહી તિહારો કાજ
તુલસીદાસ પર કિરપા કરિયે ભક્તિ-દાન દેહુ આજ ॥
રઘુવર ! તુમ કો મેરી લાજ !

**કિરાપટ્ટીમાં થયો હતો તેવો શક્તિપાતનો અનુભવ**

તા. ૧-૬-૧૯૪૭ રવિવાર શ્રી નંદુભાઈ નોંધે છે કે 'આજે સવારે શૌચ જવાનું બનેલું, જરાક લોહીની અસર હતી. ગુદામાં બળતરા હતી. પાણીમાં નદીએ નાહવા ગયો. સાડાસાતથી દસ સુધી પાણીમાં રહ્યો, પણ ચામડી ખૂબ તરડાતી હતી. પવન ફૂંકાતો હતો. એટલે શરીર થરથરતું હતું. પૂજ્યે કહેલું એટલે પાણીમાં રહ્યો.

સાડાદસ વાગ્યે ઘેર આવ્યો, પણ શરીર કળતું હતું. તાવ આવવાની શરૂઆત જેવું લાગ્યું, ૮ ગ્રેઈન ક્વિનાઈન અને સેરીડોનની એક ગોળી લઈ લીધી ને બે કલાક ઊંઘી ગયો. પસીનો વળીને તાવની અસર જે શરૂ થવાની હતી તે ચાલી ગઈ.

આ વખતે પોણાત્રણ વાગ્યે બાજુના ઓરડામાં ધર્મશાળાના મૅનેજર શ્રી દયાશંકરભાઈને તાવ ચઢ્યો હતો. પૂ. કાશીબાએ માટીના પાટા તેમને સૂચવ્યા. મેં આ સાંભળ્યું. મને પણ થઈ આવ્યું કે માટીના પાટા ગુદાએ હું મૂકું તો મને પણ આરામ રહે. પૂજ્યને જણાવ્યું. તેમણે સંમતિ આપી. ત્રણ વાગ્યાથી પાટો કરીને

* ગરીબનિવાઝ = કૃપા કરનાર, કૃપાળુ
** અઘ = અહમ્, અજ્ઞાનનો અંધકાર, પાપી

તે ઉપર ચપટ પલાંઠી વાળીને બેઠો. બેઠો ત્યારથી એક જાતની ધ્યાનની સમાધિ ચઢી. ધ્યાન કરવાનું મન થાય. શરૂમાં હરિઃૐ કર્યા કર્યું. પછી ધ્યાન ધરવા - કાનમાં પૂમડાં નાખીને બેઠો. ત્યાં પૂજ્ય આવ્યા ને વાતો કરી, પણ ત્યારે પણ ધ્યાનની ખુમારી ખરી. તેઓ ગયા ને ફરીથી પૂમડાં નાખીને ધ્યાનમાં બેઠો. સાડા પાંચ વાગ્યે અંદાજે, જે ખુમારીનો પવન મગજ ને હૃદયે ઘૂસ્યો કે બસ આનંદ આનંદ થઈ રહ્યો. એકાગ્રતા, લીનતા હૃદયે રહ્યા જ કરે. મન વચ્ચે વચ્ચે બીજે વિચારોની લહેર ચઢી, ફરી આવે પણ એકાગ્રતા ના છૂટે. પછી તો એક જાતના સુસવાટા કરતો પવન કાને, હૃદયે, મગજે ચઢવા લાગ્યો ને કિરાપટ્ટીમાં થયેલ તા. ૨-૩-૧૯૪૬ શનિવારની રાત્રિનો અનુભવ - તેની પુનરાવૃત્તિ જાણે થશે એમ લાગ્યું. બસ બોલવાનું મન થયા કરે. મનમાં બોલ્યા પણ કર્યું. એવો જ ઉન્માદ આવેલો. એક જ બેઠકે ચાર કરતાંયે વધુ કલાકથી બેસવાનું બનેલું. એક જ આસને પલાંઠી વાળીને ને પૂજ્ય શ્રીમોટા વગેરે આવતાં બૂમ મારીને બોલવાનું મોટેથી હિંદીમાં બોલવાનું બન્યું. આ વખત ઝાઝું બોલવાનું બન્યું ન હતું.

આ દિવ્ય ચેતનાના અનુભવનો સક્રિય લાભ લેવા માટે હતો. આ અનુભવથી આધાર શુદ્ધ થાય. મન, પ્રાણ ચિત્ત, અહમ્‌નું રૂપાંતર થાય, શરણાગતિ આવે આદિનું હતું. કિરાપટ્ટીમાં બરાબર ૧૪મા દિને હરસને અંગે ઉપવાસ, પાણી,  મધ ઉપર જવાનું થયું હતું. અત્રે પણ બરાબર ૧૪મા દિને તેની પૂર્ણાહુતિ કરવી પડી ને પાણીમાં બેસવા બહાર જવાનું થયું. પૂર્ણાહુતિને અંતે કિરાપટ્ટીમાં ૧૬ કલાકનો અનુભવ થયેલો તેવું અત્રે ૩ કલાકનું બન્યું. સવા પાંચથી સાડાઆઠ સુધી ધ્યાન રહેલું.

આ અનુભવ મનનો તુક્કો છે કે ખરે જ દિવ્ય ચેતનાની પ્રસાદી છે તે મેં મનને ફરીફરીને પૂછ્યું, વિચાર્યું ને અંતે એમ જ લાગ્યું કે તે દિવ્ય ચેતનાની પ્રસાદી છે. તો આવા અનુભવોથી પ્રકૃતિનું રૂપાંતર શા માટે બનતું નથી ? ને જો તેમ ના થાય તો આવા દિવ્ય અનુભવોનો અર્થ પણ શો ? માટે હે પ્રભો ! મને આવા અનુભવથી સાધનામાં વેગ મળજો.

આ અનુભવને વિનંતી - પાઈલ્સને મટાડવાની કરવાની ઈચ્છા થઈ આવી. દિવ્ય ચેતનાને તેવી પ્રાર્થના કરવાનું દિલ થયું, પણ બીજાએ મને તેમ કરવાની ના પાડી છતાં મને લાગે છે કે અડધીપડધી પ્રાર્થના થઈ ગઈ હશે ખરી !

પૂજ્ય પ્રિયના (શ્રીમોટાના) હૃદય મધ્યેથી આ દિવ્ય ચેતના આવી હોય તેવું લાગતું હતું. તેથી, ત્યારે હૃદયના મધ્ય ભાગ ઉપર મન આંખો સ્થિર કરી ભાવ ત્યાં કેંદ્રિત કરવાનું કરતો હતો. હૃદય ઉપર જરાક જોર દેવાથી એકાગ્રતા વધતી હતી અને જાણે પવન ઉપર ઉપર લઈ જતો હતો. પૂજ્યે જણાવ્યું કે 'હરિઃૐ જાપ કરો, ઊંડાણમાં જાવ.' આ પછી હરિઃૐની ઊંડી મોટી બૂમો મારી. હૃદયગુહામાં જાણે પ્રવેશતો ના હોઉં, અંધકારમાં તેમ થવા લાગ્યું. થોડીક વાર ત્યાં તેમ રહ્યો હોઈશ. ડૂબકી મારું ને બહાર આવું, તેમ ચાલ્યા કર્યું. કોઈક spirit — દિવ્ય ચેતનાએ જાણે મારો કબજો લીધો ના હોય તેમ લાગ્યા કરતું.

## પૂજ્ય જેઠીબાનું અનુષ્ઠાન-પૂજ્ય શ્રીમોટાના શબ્દોમાં

પૂજ્ય જેઠીબાએ પણ અનુષ્ઠાન કર્યું હતું. પૂ. બા, રોજ (દરરોજ) ગયા અનુષ્ઠાન કરતાં આ વખતે ખૂબ પ્રેમભાવથી નામસ્મરણ કરે છે ને તે પણ ખૂબ તાનમાં આવીને બે કલાક

સતત એકધારા અવાજે તાળીઓ પાડીને વાતાવરણને ગજાવે છે. વ્યાસમાં તાપ ઘણો જ પડે છે ને બફારો એટલો તો થાય છે કે શરીર એમાં સુસ્વાસ્થ્યવાળું રહી કેમ શકે ? પૂ. મોટી બાને ધન્યવાદ ઘટે છે. તાપ ને બફારો એટલો છે કે આ શરીર સહન કરી શકતું ન હતું. તેથી, બાને કહ્યું કે, 'અનુષ્ઠાન ચોમાસામાં કરજો ને નીકળી જાઓ.' તેમણે લખેલું કે 'રાત કાઢવી આકરી પડે છે.' ભારે કઠણાઈ તે સહી શકે તેવાં છે.

## બાહ્ય વ્યક્તિત્વ ભાંગીને ભૂકો કરી નાખવાનો છે

આપણા વાતાવરણથી, સંજોગથી, બુદ્ધિના પ્રભાવથી, મનના ફાંકાથી, જીવનના વહેવારમાં મેળવેલા કે મળેલા લાભથી, વહેવારમાં મળેલા જયથી અને જશથી, આગળપાછળના લોકની અસરથી વગેરે એવાં એવાં અનેક કારણોથી આપણામાં એક પ્રકારની અહંપ્રેરિત personality (વિશિષ્ટતાયુક્ત વ્યક્તિત્વ) નો થર જામેલો હોય છે. દેખીતી રીતે તો એ સ્થૂળ છે, પણ ખરી રીતે એના સૂક્ષ્મ અંતરપટ ઘણા હોય છે અને એ જીવનવિકાસના માર્ગમાં ભારે અંતરાયરૂપ છે, કારણ કે એવા વિશિષ્ટતાયુક્ત વ્યક્તિત્વના અહંપ્રેરિત ફંદામાં આપણે પૂરેપૂરાં રંગાયેલાં હોઈએ છીએ અને તેનું જ્ઞાનભાન આપણને હોતું નથી. એની વૃત્તિ દરેક પ્રસંગે, દરેક સ્થળે, દરેક વૃત્તિમાં પોતાના નાકનું ટેરવું ઊંચું જ રાખતી હોય છે. એનો તો ભાંગીને ભૂકો જ કરી નાખવાનો છે.

## મુંડન

શ્રીમોટા કહે, 'અહીંયાં આપણે મુંડન કરાવીને છોકરાઓને દીક્ષા આપી દઈએ.' સિદ્ધાર્થ કહે, 'ના, હું ના મૂંડાવું. ભાઈ (નંદુભાઈ) કરાવે તો હું કરાવું.' એ જાણે કે ભાઈ તો ના જ

પાડવાના છે. એની ઉંમર એ વખતે સાતઆઠ વર્ષની હતી. નંદુભાઈ, શ્રીઅરવિંદની અસરને કારણે લાંબા વાળ રાખતા હતા. નંદુભાઈ કહે, 'તું કરીશ તો હું મૂંડાવીશ.' એટલે આમ શ્રી નંદુભાઈએ માથું મૂંડાવી નાખ્યું. જોકે શ્રી નંદુભાઈને લાંબા વાળનો મોહ ન હતો. એક વખત ગાંધી આશ્રમમાં જોડાયા ત્યારે કાંતાબાને કહ્યું, 'મને ચૂનીભાઈ અને હેમંતભાઈ જેવા ઝીણા ઝીણા વાળ રાખવા દો.' કાંતાબા કહે, 'ના એ તો નહિ. વાળ તો રાખવાના. હું તમારું કહ્યું માનું છું, તેમ તમારે પણ મારું એટલું નહિ માનવાનું ?' એટલે વાળ લાંબા રાખ્યા હતા તે વ્યાસબેટમાં મુંડન કરાવ્યું.

## ભિક્ષા માગવાનું કપરું કામ

એક ધનવાન મનુષ્ય માટે ભિક્ષા માગવી એટલે સ્વમાન-અહમ્‌ને એક બાજુ મૂકી, લાજ શરમ છોડી, કોઈ પાસે હાથ લંબાવવા જેવું કપરું કામ બીજું કોઈ નથી. એ પણ શ્રી નંદુભાઈએ કરી બતાવ્યું.

શ્રીમોટા કહે, 'હવે તમે ભીખ માગવા જાઓ. તમે સંન્યાસી થયા તો હવે 'ભિક્ષાન્ન દેહિ' કરીને અનાજ માગી લાવો, હાથે પકાવો, જંગલમાં રહો અને ખાઓ.'

આ પ્રસંગનું વર્ણન કરતાં શ્રી નંદુભાઈ લખે છે કે, 'તા.૩-૬-૧૯૪૭ મંગળવાર : આજે સવારે ભિક્ષા માગવા, સુરેન્દ્ર, સિદ્ધાર્થ અને હું નીકળ્યા. મેં હાથમાં કરતાલ લીધી હતી. વ્યાસબેટથી બરકાલ અડધો માઈલ અંદાજે થાય. ત્યાં સુધી હરિઃૐની ધૂન સાથે કરતાલ સાથે ગયા. હું માછીવાડો અને બ્રાહ્મણવાડામાં ગયો. છોકરાઓએ પાટીદારવાડામાં ૬ ઘેર ભિક્ષા માગી. માગવું પડતું ન હતું. કરતાલથી હરિઃૐની ધૂન સાંભળીને

લોકો આપતાં. નીચી નજરે, સ્થિર એક નજરે હું હરિઃૐની ધૂન રટતો. ભિક્ષા મળતાં નમસ્કાર બે હાથ જોડીને કરતો. એક જ ઘેરથી ભિક્ષા ના મળી. ત્યાંથી પણ નમસ્કાર કરીને નીકળ્યો.

એક ઘેરથી કેરી ને ચોખા, બીજા એક ઘેરથી ૪ મઠિયાં ને ધાણી અને બે ઘેરથી દાળચોખા અને એક ઘેરથી દાળ મળી.

દાઢી વધેલી છે. અંદર લંગોટ પહેરેલો છે. ઉપર મદ્રાસી ઢબનું ફેંટિયું પહેર્યું છે. કમર ઉપરનો ભાગ ખુલ્લો છે. પગ, માથું પણ ખુલ્લું છે. ને જાપ સાથે યાચક બનીને ભિક્ષા માગવાની મજા ! નવીન અનુભવનો આનંદ આવ્યો. આપણા ઘેર પણ ભિક્ષા માગી હતી. કરતાલની ધૂન સાથે. દિલમાં થોડો સંકોચ શરૂમાં હતો. તે નીકળવાનું થોડું બન્યું તેથી આનંદ થયો.

પછી તે ભિક્ષાના અન્નની ખીચડી રાંધી, છાવણીમાં છીએ. જંગલમાં - સીતાફળના વનમાં છીએ. એક મોટા લીમડાના ઝાડની આજુબાજુ ગોળ ફરતું સીતાફળનું વર્તુળ, છોડવાઓનું છે. સુંદર રમણીય ઘટા છે. નિર્જન તદ્દન એકાંત છે.

છોકરાઓએ ખીચડી રાંધી. જમ્યા. સાંજે ભાખરના લાડુ બનાવ્યા. આનંદથી જમ્યા. રાત્રે છાવણીમાં જ સૂતા. પૂ. મોટા ભાઈ અને પૂ. પ્રિય પણ સૂવા આવ્યા હતા. સાંજે, રાત્રે ભજનો-ધૂન - વાર્તાઓ કર્યાં. સીતાફળના એક મોટા છોડ આસપાસ વર્તુળાકારે નાચતા, કૂદતા - ધૂન મચાવી હતી.

તા. ૪-૬-૧૯૪૭ બુધવાર - આજે વ્યાસમાં જ ભિક્ષા માગી. ત્રણ ઘેરથી મળી. એક ઘેરથી ના મળી. ત્રણ જગાએથી પાકાં સીધાં મળેલાં, પણ ગમે તે એક જ વસ્તુ ભિક્ષામાં લેવાનો આગ્રહ રાખેલો હતો. કરતાલ સાથે હરિઃૐની ધૂન સાથે.

આમ, વ્યાસબેટમાં ઘેર ઘેરથી માગીને દાળ, ચોખા બધું લઈ જંગલમાં ગયા. ખીચડી પકાવી. એકાંતમાં રહ્યા અને પછી સાંજે આવ્યા. બોડું માથું નંદુભાઈને ગમતું ન હતું તોપણ કરાવ્યું.

## કાંતાબાનો અભય

વ્યાસબેટમાં શ્રીમોટા કહે, 'કાંતા, તું અહીંથી વેગળી થઈને કૂવામાં જઈને બેસ.' નજીકમાં એક અવાવરું કૂવો હતો. એમાં સાપ પણ આવે. એમાં બે ત્રણ પગથિયાં ઊતરીએ એટલે બખોલ હતી. એ બખોલમાં કાંતાબાને બેસાડ્યાં. કાંતાબા ત્રણ રાતદિવસ બખોલમાં રહ્યાં. ડર તો ઘણો લાગ્યો. મોટા કહે, **'હું છું પછી તું ગભરાય છે શું કરવા ? તારું રક્ષણ કરનાર હું બેઠો છું.'** ઘરનાંને પણ લાગ્યું કે મોટા આ ઘણું દુ:સાહસ કરાવે છે, પણ કાંતાબા ત્રણ દિવસ હેમખેમ રહ્યાં. એટલી કાંતાબાને શ્રદ્ધા હતી.

## નંદુભાઈનાં મૌનનિવેદનો અને શ્રીમોટાની ટિપ્પણી

હરિ:ૐ તા. ૧૭-૫-૧૯૪૭, સોમવાર

## સાધનામાં પ્રાણ પ્રગટ્યા નથી

૭ વાગ્યે ત્રાટક, ૧ કલાક - ઘણા વખતે કરવા બેસવાનું બન્યું. ૪૦ મિનિટ બાદ આસન ફેરવવું પડ્યું. મોટેથી જાપ સાથે ત્રાટકમાં ખાસ આનંદ ના આવ્યો. હરિ:ૐ મોટેથી બોલવામાં એક જાતનો જાણે શ્રમ પડતો હોય ! તે બોલવામાં રસ - આનંદ નથી આવતો. ૧ કલાક ત્રાટકનો પૂરો કર્યો. આંખો ધોઈને સૂતે સૂતે આંખો બંધ રાખીને જાપ કરવાનું કર્યું. આમ કરવામાં બેએક વખત પાંચ પાંચ મિનિટ ઝોકું આવી ગયું. આંખો પણ પ્રથમ દિન હોવાથી બળતી હતી. ધૂપ સવારે ત્રાટક વખતે થયો હોવાથી ઓરડામાં ધૂપની ધૂણી હતી. એટલે પણ આંખો બળવામાં જરા

ઉત્તેજના મળી હશે. સવારે ધૂપની જરૂર નથી. બપોરે જમ્યા બાદ અને સાંજે જમ્યા બાદ ધૂપ થાય તો ચાલશે. - ઠીક પડશે - નહિ થાય તો આનંદ છે. સરળતા રહે તેમ કરાય.

ઊંઘ ઠીક આવી હતી. લંગોટીથી ઠીક રહે છે. જાપ સાથે હૃદયે ચિંતવન - ધ્યાન - રાખવાનું કરું છું. દિવસે પણ આંખો બંધ રાખવાનું મન રહે છે. આંખો બંધ રાખીને જાપ કરવા ગમે છે.

બપોરે ઊંઘનો હુમલો વારંવાર આવ્યા કરતો હતો. યુદ્ધ આપ્યું હતું, પણ પાંચ દસ મિનિટમાં ઝોકાં બેત્રણ વાર આવી ગયેલાં. મોટેથી જાપ સાથે અનુષ્ઠાનનાં વિરોધી બળો આ સહુ મને લાગે છે. 'આમ, મોટેથી જાપ કર્યે શું વળે ? એવાં અનુષ્ઠાનથી શો લાભ ?' એવી લહરી મનની પણ આવી ગઈ. એ બધા શત્રુના હુમલાઓ છે, તે સમજાય તો છે.

બપોરે ચા બાદ ૩.૩૦ વાગ્યે ધ્યાનમાં બેઠો, કાનમાં પૂમડાં નાખેલાં હતાં. પ્રથમ દસેક મિનિટ જાપ મોટેથી કરીને ધ્યાનમાં જવાનો પ્રયત્ન કર્યો, પણ બોલવાથી હૃદયે એકાગ્રતા ન જામી. જામતી ન હતી. ધીમે ધીમે જાપ નાના અવાજે થવા લાગ્યો પછી મનમાં કરવા માંડ્યો ને ધ્યાનની એકાગ્રતા જામી. હૃદયે એક જાતનો આનંદ થવા લાગ્યો ને ધ્યાનનું ઊંડાણ વધ્યું. ૪.૩૦ વાગ્યે ધ્યાનમાંથી ઊઠ્યો. ૧ કલાક થયું. આથી આનંદ થયો.

આડાઅવળા વિચારો દિવસના ભાગમાં વચ્ચે આવતા પણ જાગૃતિ રહી શકતી હતી અને તેમાં લાંબી વાર ભેળવાયેલા રહેવાનું ન હતું. મનનું એકાંત ખાસ જળવાવું જોઈએ, એ ખ્યાલ સર્વોપરી રહ્યા કરે છે.

આટાં - ૨ થી ૩.૧૫ - તેથી ઠીક રહે છે. બપોરે તાપ ખાસ લાગતો નથી, પણ જરા જરા ઉકળાટ સાંજના સૂતી

વખતે લાગે છે. છતાં ઊંઘ તો આવેલી. ખુલ્લામાં ઊંઘના કલાક ઓછા હોય તો પૂરતું થઈ રહે છે, જ્યારે ગઈ રાત્રે ૯.૩૦ વાગ્યે સૂઈ ગયેલો.

હરિઃૐ તા. ૧૮-૫-૧૯૪૭, રવિવાર

સવારે - ધ્યાન - ૧ કલાક - ધ્યાન વખતે જાપ મોટેથી કરવાનું મન નથી જ થતું. જાપ કરવા જાઉં છું તો ધ્યાન થતું નથી. તો ધ્યાન જતું કરવું ? બોલવાનો કંટાળો - બોલવાનો થાક - બોલવાનો નિરુત્સાહ આદિ લાગણીઓ મોટેથી જાપ કરવામાં વચ્ચે આવે છે. મોટેથી જાપ કરવામાં રસ - આનંદ નિષ્પન્ન નથી થતો. મનમાં જાપનો પણ રસ-પ્રેમ નથી ત્યાં મોટેથી તો વાત જ શી ?

જાપ સમયે 'હરિઃૐ'ની બૂમ સમયે પ્રભુને આહ્વાન કરતો હોઉં તેમ ઘણી વાર ભાવ થઈ આવે છે. ને 'હે પ્રભો ! મારા હૃદયે આવીને વસો !' તેવી લાગણી થાય છે. પ્રાર્થનાનો ભાવ ત્યારે નીતરતો લાગે છે.

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ

નામસ્મરણ વિશેનો કંટાળો એ તો મનને કરવું નથી અથવા કરાવવા દેવું નથી. મન વળી ક્યાં કોઈ સાધનમાં રાચે છે એવું એ બતાવી શકે એવું છે ખરું ? કોઈ પણ સાધનમાં એને રાચવાનું ગમે છે ખરું ? જેને ધ્યાન કહેવામાં આવે છે તે તો ધ્યાન નથી, એ સ્થિતિમાં તટસ્થતાની ચેતનાપૂર્વકની જાગૃતિ પણ નથી હોતી. **ધ્યાન તો એનું નામ કે વિચારો, વૃત્તિ, લાગણી કે ભાવનાનો લય થતો જતો અનુભવવો.** જેને ધ્યાન કહેવામાં આવે છે તેમાં પણ વિચારો તો કેવા કેવા હોય છે ! તે વેળા પણ રચનાત્મક જ વિચારો હોતા નથી.

મને (Mind) હજી અનુષ્ઠાનની મહત્તા પણ સ્વીકારી નથી, એ સૂચવે છે કે હજી આપણને દિલમાં એ બાબતની હૃદયની સાચી ઝંખના જાગી નથી. **ઝંખના જાગ્યા વિના મનની સરળતા કદી પણ જાગી શકતી હોતી નથી.** એવી સ્થિતિમાં મનને સમજાવી સમજાવી એનાં સ્ફુરણોમાં તણાયા વિના, એને તાબે થયા વિના, એને સમાધાનપણે વર્તાવીને બુદ્ધિથી સમજણપૂર્વક આવાં અનુષ્ઠાનની મહત્તા ગળે ઉતારવાની જરૂર છે. આપણને પોતાને એવા સાધનનું મહત્ત્વ, રહસ્ય દિલમાં જમાવવા કાજેનું મન જગાડવું જ પડશે.

પૂ. ચાચાજી ને પૂ. વિમુબહેન કાજેનું તમારું સ્વપ્નું ને જે રીતે એ ઘટના તે માનવાનું કરે છે, તે મનને એવી ઘટનાને એ રીતે ગ્રહણ કરવાની સંસ્કારની દૃષ્ટિ પડેલી હોય. મનનાં પ્રત્યેક વિચાર, વૃત્તિ, લાગણી ને ભાવના એની સાથેની તટસ્થતાની ચેતનાભરી જાગૃતિ આપણાથી કેળવાઈ શકાઈ નથી. મન આવતા કે ઊગતા વિચારોમાં તણાઈ કે ખેંચાઈ જતું હોય છે જ. મનને એમાંથી ખેંચાતું જતું અટકાવવાનો જીવતો તો શું પણ પૂરો પ્રયત્ન થયો લાગતો નથી. બાકી, આટલાં વર્ષ થયાં મનની વિચારવાની આવી લઢણ હોય તો તે પરથી ઉપરના જ અનુમાન પર આવી શકાય તેવું છે. આમાં તો કરીશું તેવું જ ઊગવાનું છે. કરતાં રહીશું, મનને વળાવવાનું કરીશું તો જ કંઈક દૈવત પ્રાપ્ત થઈ શકવાનું છે, તે નક્કી જાણશોજી.

ધૂપ સાંજે કરીશું.

મનની સામે બળાત્કારે સામનો કરવાનું પણ અર્થ વિનાનું હોય છે, પણ એની સાથે ઝઘડ્યા વિના જો તટસ્થતા કેળવવાનું બની શકે તો ઉત્તમ થાય. ભગવાનની ભાવના - ધારણા - કંઈ એમ ને એમ કેળવાઈ શકાતી નથી. એ તો કર્યે કર્યે જ થયા જશે.

તેમ છતાં તમને પોતાને અનુષ્ઠાન વગેરે ન રુચતું હોય ને કઠતું હોય તો બેચાર દિવસ જોવું ને તેમ છતાં ઠીક ન પડતું હોય તો ને મન માંકડી ન માંડતું હોય તો બેળે બેળે - મનના તરંગોવાળા વમળમાં ભરાયા કરીને કંઈ પણ કશું થયેલું ઊગી શકતું નથી. તેથી, તે પ્રમાણે તે વેળા વિચારશોજી.

જે કંઈ બનવાનું થાય તેમાં જેટલો ઉમંગ, ઉત્સાહ, હૃદય આનંદ પ્રેરાયા જાય તે જ ફાવી શકે. જે કંઈ કરવાનું છે તે પોતાને જ કાજે છે. તેવો ભાવ દૃઢાવીને જે તે કરવાનું છે.

તમે માત્ર મનની હકીકત લખી છે ને જે જે થાય છે તે જણાવ્યું છે. મનનું મોકળાપણું જેટલું થાય તેટલું ઉત્તમ. આવા કાળે પણ જે જીવ ખુલ્લો નથી થઈ શકતો, તે જીવ શું સાધના કરી શકવાનો છે ? એટલે પૂરેપૂરા મોકળા થવું એ તો ઉત્તમ છે. તમારું મન આઘાત ખાવાને જરાકે ટેવાયેલું નથી. તેથી, મન તમને મોકળું કે ખુલ્લું ન થવાવાનું કરે તોપણ આપણે પોતે તો તેમ કરવું જ. તેવું કરવાથી - કરવા જતાં મારે તમને લખવાનું બને તો તે મન તે ભાવે સ્વીકારવા ને પ્રેમભાવે લેવા તૈયાર ના થાય, પણ મનને તેમ કર્યા વિના છૂટકો નથી.

ધ્યાન જતું કરવાની જરૂર નથી. **ધીમે ધીમે હૃદયસ્થ લક્ષ રાખીને હરિઃૐ, હરિઃૐ બોલ્યા કરવું. ટીપું ટીપું પાણી પથરા પર પડતું હોય છે તો એ પથરો કોરાતો જોયો છે તો આવા નામસ્મરણનો અભ્યાસ મનને કેળવવામાં મદદ કરતો બની શકે છે, પણ મનની ભૂમિકા રચનાત્મક જેટલી હોય તેટલી તે વધારે ફળવે છે.** સન્માર્ગે જવાની તમન્ના હજી સાચી પ્રકટેલી નથી. તે ન હોય ને કોઈ ઉચ્ચ જીવાત્મામાં જીવતાં શ્રદ્ધાવિશ્વાસ હોય તોય

તેવી ભાવના પણ જીવનનો વિકાસ કરાવે તેવી મનની સ્થિતિવાળા જીવને સાધનાની પણ જરૂર ના રહે, પણ કંઈક તો જોઈએ જ.

વળી, વ્યાસમાં તાપ ઘણો જ પડે છે ને બફારો એટલો તો થાય છે કે શરીર એમાં સુસ્વાથ્યવાળું રહી કેમ શકે ? તમને તે કઠતું નથી એટલું વળી ઉત્તમ ગણાય જ.

માટે, એ તો પ્રેમભક્તિથી ઉન્માદ જગાવી જગાવી મનને રંગાવવાનું કરશોજી.

## નિવેદન

હરિઃૐ તા. ૨૦-૫-૧૯૪૭

૨૪ કલાકમાં ઊંઘના ૬-૭ કલાક બાદ કરતાં બાકીનો વખત કામરહિત રહીને નામજપનું કામ કરવું સહેલું નથી - દોહ્યલું છે. મારાથી તો નથી જ થતું. દિવસ સારી પેઠે લાંબો લાગે છે. ઉત્સાહ અને પ્રમાદના પિરિયડ્સ આવ્યે જાય છે. એક ટાસ્ક જેવું લાગે છે. કદીક કદીક, આનંદ, ઉન્માદ, પ્રસન્નતાની છોળો નથી. કરતાલ અને મંજીરાનો આશ્રય લેવાનો જો ના હોય તો આટલાય જાપ ના થઈ શકે એમ લાગે છે. ભાવ ઉદ્દીપનનું કામ આ મંજીરા અને કરતાલ પૂરું પાડતું લાગે છે. એકલા બેઠા નામજાપ કરવાનું જો હોય તો મને તો પૂરેપૂરી નિષ્ફળતા જ મળે. મારાથી બનતો પ્રયત્ન પુરુષાર્થ કરવા મથું છું, પણ તેથી સંતોષ નથી થતો. આ વખતનું અનુષ્ઠાન જરા આકરું લાગે છે. બફારો કે ગરમી સતાવતી નથી. રાત્રે બન્ને પાથરવાની ચાદરો ભીની થઈ જાય છે ને ફ્લોરિંગ પણ ભીંજાઈ જાય છે - પસીનાથી. ત્રણેક વખત જાગવાનું બને છે. પાસું બદલતી વખતે જાગવાનું થાય જ છે. છતાં રાત્રે ઊંઘ આવે છે. રાત્રે અકળામણ નથી. દિવસે પણ ગરમીની મુશ્કેલી

નથી. મુશ્કેલી નામજપમાંથી રસ નથી નીતરતો તે છે. વચ્ચે વચ્ચે પ્રાર્થનારૂપમાં જાપ થાય છે. નામસ્મરણ પણ સારું ભાવવાળું થાય છે. ભાવ પણ જાગે છે, પણ તે ઑફ ઍન્ડ ઑન અમુક પિરિયડ્સની જેમ - સળંગપણું ભાવનું નથી ટકતું. બુદ્ધિથી પણ નામસ્મરણની મહત્તા કેટલી સ્વીકારાઈ હશે તે ભગવાન જાણે ! બાકી, બેઠે બેઠે નામજપ કરવામાં શેં થાક લાગે ? શું મોટી મહેનત કરી નાખવાની છે ! પણ તે પણ ઠીક નથી થતું. જેટલું નામસ્મરણ થાય છે તેમાંથી ૫૦% અર્ધું ભાવવાળું - હૃદયસ્થ લક્ષ રહીને થતું હશે ખરું. બાકીનું કોરું કોરું.

કશું કરાતું ન હતું એના કરતાં આ સારું છે, પણ સતત પ્રભુભાવમાં નથી રહી શકાતું તે રુચતું નથી. ખોરાક ઓછાવધતાને પણ ઝાઝો સંબંધ નથી લાગતો. મન જ થાક ચઢાવતું હશે. મનને પણ પ્રાર્થના કરવાનું શરૂ કર્યું છે. હજુ નામસ્મરણ સાથે હૃદયે એકાગ્રતા નથી જામતી. જો ત્યારે બોલવાનું બંધ કરું છું તો એકાગ્રતા જામે છે ને તેના પરિણામે પગનાં તળિયે ઝણઝણાટી શરૂ થઈ જાય છે.

આડાતેડા વિચારોમાં ચઢી જવાતું નથી. તરત જાગૃતિ આવી જાય છે. પ્રમાણમાં મને લાગે છે કે ગયા અનુષ્ઠાન કરતાં બીજા વિચારો ઓછા આવે છે. મનની વિચારો કરવાની ગતિ ઘટી લાગે છે.

મંજીરા અને કરતાલ સાધનની જેમ રેંટિયાના સાધનનો ઉપયોગ કરવાનો બપોરે જ્યારે જ્યારે આંખ ભારે થતી લાગે કે મન થાકે ત્યારે કરવાનો વિચાર આવેલો, પણ તે તો પાછું મનનું એક અવલંબન થઈ જાય ગણીને તે વિચાર દૂર કર્યો છે. મંજીરા કે કરતાલનો ઉપયોગ પણ નાછૂટકે જ કરતો હોઉં છું. જ્યારે મન થાકી જાય ત્યારે તે હાથમાં લઉં છું. ચાલવાનું - આંટા મારવાનું

પણ ત્યારે જ તેમ જ રાખું છું. એક સ્થળે બેસીને નિરાવલંબપણે ભાવથી જેટલું નામસ્મરણ થાય તેટલું વધુ ઈષ્ટ તે ખ્યાલ જીવતો રાખવાનું કરું છું. આ વખતના આટલાય આવા અભ્યાસથી જરૂર નામસ્મરણમાં ફેર પડશે એમ લાગે છે. થાકું છું ત્યારે મનમાં પણ નામસ્મરણ કરું છું, પણ મનમાં નામસ્મરણ ક્યારે અટકી જાય તેની જાણ ના થાય અને મન છેતરી જાય છે. હૃદયે ત્રાટક કે ધ્યાન સમયે એકાગ્રતા જ્યારે જામી હોય છે, ત્યારે બોલવું ગમતું નથી. બાહ્ય સાધનોનાં સરળતા - સગવડતા - વાતાવરણ વગેરે તો બધું સારું મળ્યું લાગે છે. ઓરડો પણ સારો મોટો મળ્યો છે. અલગ અલગ ઓરડા મળ્યા તે તો ઘણું જ ઉત્તમ થયું. બપોરનો દોઢેક કલાક જરા આકરો જાય છે.

પ્રભુએ કૃપા કરીને જેવી બીજી બધી બાબતોમાં મને સરળતા કરી દીધી છે તેવી આ નામસ્મરણમાં પણ જરૂર સરળતા કરી દેશે. પુરુષાર્થ કરવાનું બળ પણ તે જ આપશે.

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ

નામમાં સતત ભાવ રહેવો એ તો દીર્ઘકાળપર્યંતની એકધારી સાધના વિના તે શક્ય નથી. જેટલું સાધન પ્રેમભાવે થઈ શકે તેટલું કરશો. કરીશું તેટલું ઊગવાનું છે, તે નક્કી જાણશો.

## નિવેદન

હરિઃૐ તા. ૨૧-૫-૧૯૪૭

ત્રાટક - સવા બે કલાક - શરૂમાં ખેંચ હતી પણ પાછળથી સારું. ધ્યાન - જાપ આદિ થયે જાય છે. બે દિનથી આ ડાયરી લખવાનું પણ મન થતું નથી. આજે એક પણ ઝોકું નથી આવ્યું. આંટા મારવાનું વધુ રાખેલું. ખાસ બેઠો ન હતો. જરા વાર બેઠેલો

ત્યારે સાંકળ ચાલી તે ચાલી. દસેક મિનિટમાં ચેતી જવાયું. આજે બપોરે ઊંઘ ના આવી. ઝોકું ના આવ્યું ત્યારે આડાઅવળા વિચારો આવે ને જાય. વિરોધી બળનો જાણે બીજો પ્રકાર ! નામસ્મરણ કંઈક ઠીક થતું જતું લાગે છે. ગઈ રાત્રે સૂતી વખતે તમે સ્વપ્નમાં આવો એમ ઈચ્છ્યું હતું, પણ તેમ બન્યું ન હતું. શાથી એમ થતું હશે ?

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ

સ્વપ્નમાં આવવાની ઈચ્છા એ કઈ ભૂમિકા કે થરની છે તેના પર તેના ફળવા ના ફળવાનો આધાર રહે છે. કેટલીક ઈચ્છા પાછળ ખૂબ તનમનાટ હોય તોપણ તે ફળતી આપણે અનુભવી શકતાં નથી. **'આત્મા'નું એક સ્વરૂપ સત્ય સંકલ્પ કહેલું છે. એટલે આત્મનિષ્ઠ ને તેથી ભાવનિષ્ઠ થયેલા જીવની ઈચ્છા 'આજ કે કાલ' ફળ્યા વિના રહી શકતી હોતી નથી.** બને તેટલા શરણ - પ્રેમભક્તિભાવે રહ્યા કરવાનું છે. બહાર મન લક્ષ આપ્યા કરે તે વેળા એને પ્રાણ કે જોર ન મળે તેવી ચેતના જાગૃતિ રાખ્યા કરવી.

## નિવેદન - શ્રદ્ધાવિશ્વાસ વધતાં જાય છે

હરિઃૐ તા. ૨૨-૫-૧૯૪૭, ગુરુવાર

પૂજ્ય પ્રિયશ્રી,

તમોમાં મારાં શ્રદ્ધાવિશ્વાસ વધતાં જાય છે એમ મને લાગે છે. તમોમાં - તમારાં કાર્યોમાં. જોકે એ લખવું સહેલ છે - ને લખ્યું તેથી બની જતું નથી કે મનાઈ જતું નથી. તેનાં માપ લક્ષણો જણાયાં વિના રહી શકતાં નથી, પણ પ્રમાણમાં relatively પહેલાં કરતાં ઉત્તરોત્તર, મારી સ્થિતિ તમો - તમારાં કાર્યો પરત્વે કમી ને કમી* ડહોળામણવાળી થતી જાય છે.

---

* હિંદીમાં **कमी** પરથી કમી = ઘટતું જવું, ઓછું થવું.

ગઈ કાલે સાંજે તમે નાહીને ડિલ પણ લૂછ્યા વિના ત્રણેક વાગ્યે ઓરડામાં આવીને નોટ વાંચવા બેઠેલા ત્યારે એકીટશે હું તમો સામું જોઈ રહ્યો હતો. આ ૮ વર્ષમાં કદી મને તમો સુંદર મુખાકૃતિવાળા નહિ લાગ્યા હોય તેટલા ગઈ બપોરે લાગેલા. આંખ, કાન, નાક, હોઠમાં - સર્વ ફરી ફરીને વારંવાર જોઈ જ રહેલો.

તમારી શક્તિ અનેક પાસાંવાળી હોવાનું પણ ભાન મને ઉત્તરોત્તર વધતું જાય છે. જેમ શ્રીકૃષ્ણની શક્તિનો પરિચય તેમના કાળમાં - સમકાલીન વ્યક્તિઓમાં બહુ જ જૂજ માણસોને થઈ શકેલો, તેમ તમારો ખરો પરિચય ભાગ્યે જ કોઈને હજુ થયો હશે. તેટલું જ - તેટલા થયે જો આટલું વળગવાનું બન્યા કરે છે તો વધુ સંગીન પરિચય થાય તો કેવો કેટલો બધો લાભ થાય !

બે દિન ઉપર એક વિચાર આવેલો. પૂ. શ્રીરામકૃષ્ણ પરમહંસની શક્તિનો પૂરો વારસો કોઈનેય મળ્યો હશે ખરો ? સ્વામી વિવેકાનંદ મુક્તાત્મા થયા હશે ખરા ? કે કોઈ બીજા શિષ્ય ?

અમારો - મારા જેવાનો વિકાસ આ જીવનમાં - આ ભવમાં તો હવે Preparatory(પ્રારંભિક, પ્રાથમિક) જેવો જ થયા જવાનો લાગે છે. સ્વામી વિવેકાનંદ આદિ શિષ્યો ખરી યુવાનીના કાળમાં થયા. ને તેમના પૂર્વના જીવનમાં પ્રાથમિક ભૂમિકા કેટલીયે up(ઊર્ધ્વ - વિકાસશીલ) થઈ હશે તે કોણ જાણે ?

એટલે મારા જેવાએ તો પ્રયત્નશીલ રહીને આ જીવનમાં જે કંઈ પ્રાપ્ત થઈ શકે તે પ્રાપ્ત કરવાનું રહે છે. **આ જીવનમાં નંખાયેલાં બીજ સંસ્કાર - આવતા જીવનમાં ફળશે જ ફળશે, એ પરમ સંતોષ છે.**

તમો સાથે રહેવાની - સમીપમાં રહેવાની મારી ભૂમિકા મને લાગે છે કે કંઈક અંશે વિકાસ પામતી જાય છે અને તમો સમીપમાં રહીને મેળવવાના લાભના લોભે તો પ્રિય હેમંતભાઈનું વ્યાસમાં ગોઠવાય તો તેટલો સમય - મહિનો સવા મહિનો - ચાલુ ઘર જેવી સ્થિતિમાં લાભ અમો સૌને મળે-સિદ્ધાર્થનેય - તેની માનેય (કાંતાબાને) ને મને પણ - જોકે હજુ સાથે રહેવાની - કચાશ ઘણી છે, પણ ઉત્તરોત્તર તે દિશામાં પ્રગતિ છે તેથી આનંદ થાય છે. સાથે રહેવાનું થવાતાં જતાં તેમાં વેગીલો વેગ કદાચ મળે પણ ખરો.

જાપ કેમ કરીને સતત રહે ? વાલ્મીકિ જેવાથી કેમ ઓવરનાઈટ ગુરુમંત્ર જાપ કરવા સતત ૨૪ કલાક વર્ષોનાં વર્ષો બેસી શકાયું હશે ? હીરા જોવાના આપો યા ઘરાક સાથે વાટાઘાટ વાતો કરવા મૂકો તો કલાકોના કલાક પસાર થઈ જાય છે, કારણ તેમાં રસ છે. તેવો રસ, હરિનામમાં લાગ્યો નથી. મુદ્દલે રસ લાગ્યો નથી. એટલે નામસ્મરણમાં રસ જામતો નથી. ૧ વાગ્યા લગી આંટા માર્યા - બેઠક ઊંચી બનાવીને પછી થાક ખાવા બેઠો ત્યાં બેઠાં બેઠાં અંદાજે ૩૦ મિનિટ ઝોકું આવી ગયું. ખુરશીની માફક ઊંચી બેઠક તેટલા માટે તો ખાસ કરેલી કે ટટ્ટાર બેસી શકાય છતાં હાર ખાધી જ.

**જગતમાં કંઈ શીખવા જેવું હોય તો સ્વેચ્છાએ મન મારતાં શીખવું એ જ ખરું શીખવા જેવું લાગે છે.** ને મન મારવું એટલે યમુનાગતિ ઉલટાવવી - મનને ન રુચતું હોય તેમાં પ્રેમે પ્રવેશવું.

બધો જ સમય અંતર્મુખતા રખાવી એટલે નામસ્મરણ થવું કઠિન લાગે છે. અંતર્મુખતા જો આવી જાય તો નામસ્મરણ થાય જને ! બાહ્ય સ્થૂળ - બધાં જ પ્રકારની સરળતાઓ - સગવડતાઓ

હોવા છતાં જો પ્રભુને ભજવું મુશ્કેલ લાગતું હોય તો બાહ્ય વિષમ પરિસ્થિતિમાં શુંયે થાય !

## શ્રીમોટાનો જવાબ

હરિ:ૐ

અંતર્મુખતા એ સહજ દશા પ્રકટાવવા કાજે સતત અભ્યાસની જરૂર રહે છે. અભ્યાસ વિના કશું શક્ય નથી. વાલ્મીકિને ઓવરનાઈટ મંત્ર રહી શક્યો નહિ હોય. અલબત્ત, કોઈક તીવ્રતમ વૈરાગીને તેમ થઈ જવા સંભવ ખરો. એવાને પણ સાધન વિના સાધ્ય ફલિત થઈ શકતું નથી. કોઈક સમયે સારી એકાગ્રતા જામેલી હોય તે વેળાના વાક્યનું શ્રવણે પડવું એ ચોંટી જતું હોય છે.

જીવનનું ધ્યેય જો માત્ર બુદ્ધિથી પણ નક્કી થયું હોય ને મન ન સમજ્યું હોય તો મનને સમજાવવા કોઈ ને કોઈ સાધનની જરૂર રહેવાની જ. ને એ સાધનની ભાવનાને ફળાવવા જતાં તો હજી આપણે કશું જ હોમ્યું નથી. એ જો સાચી રીતે ફલિત થવાની હશે તો તો એમાં સર્વ કંઈ હોમવું - હોમી દેવું જ પડશે. તે વિના કશું ફળવું કદાપિ શક્ય નથી. જે કંઈ હોય કે છે તે ભગવાનનું ને ભગવાન કાજે છે. એ માત્ર શાબ્દિકપણે મિથ્યા છે, પણ તે અંતરસ્થ થઈ ગયેલું જ્યારે બનશે ત્યારે જ સાધનની સાધના ફળતી જશે એમ જાણવું ને માનવું. બાકી તો ત્યાં સુધી મંડ્યું રહેવું તે વિના બીજો કોઈ ઉપાય નથી.

## નિવેદન - ધ્યાનમાં પ્રગતિ

હરિ:ૐ તા. ૨૩-૫-૧૯૪૭, શુક્રવાર

ત્રાટક - સવાબે કલાક - એકંદરે ઠીક - એકાગ્રતા ઓછી

બપોરે -

આજે સારું હતું. અડધો કલાક જરા નિરુત્સાહ હતો, પણ પાછળથી તે સરખું સારું થઈ ગયેલું.

જાપ : સારો થયેલો - ભાવ સાથે.

ધ્યાન : આ સાત દિનમાં સૌથી સારું ધ્યાન આજે થયું. અવાજ બહાર હોવા છતાં બેસતાંની સાથે જ શરૂ થયેલું અને ગાઢું હતું. ૫૫ મિનિટ રહેલું. લીનતા સારી હતી. ધ્યાન બાદ અડધો કલાક સૂતાં સૂતાં જાપ ધ્યાન કર્યાં. પછી નાડીના ધબકારા ગણ્યા તો ૫૪ થયેલા. બપોરે ફરતો હતો ત્યારે ૭૬ થયેલા. આ ધબકારા ગણ્યા બાદ બન્ને હાથના એક પછી એક આંગળાનાં ટેરવાંઓ સામ સામે અડકાડતાં નાડીના થડકારા સ્પષ્ટ અનુભવાતા હતા. અંગૂઠે અંગૂઠો - ટચલી આંગળીએ ટચલી - એમ વારાફરતી બધાં ટેરવાંમાં અનુભવ્યા. પછી એકીસાથે પાંચ આંગળા સાથે પાંચ આંગળા અડકાડીને બધાના સામટા થડકારા અનુભવ્યા. હૃદયે એકાગ્રતા જામતાં આ થડકારા સ્પષ્ટ અનુભવાતા હતા.

આજે ધ્યાન બાદ ૬ વાગ્યાથી ૭.૪૫ સુધી જમવાના સમય સુધી સતત નૉન સ્ટૉપ નામસ્મરણ કરતાલ મંજીરા વિના હૃદયસ્થ ધ્યાન સારું થઈ શકેલું અને ઠેઠ સૂતો ત્યાં લગી હૃદયસ્થ ભાવ હતો.

નામસ્મરણમાં મને લાગે છે કે દિવસો વધતાં રસ આવતો જશે ખરો અને જો એટલું પણ આ અનુષ્ઠાનમાં થાય તો ખરી કમાણી થઈ ગણાય. ધ્યાનમાં મને સાધારણતઃ મજા - આનંદ આવતાં રહ્યાં છે, પણ આજ લગી જાપ ત્યારે રહેતો - રાખતો ન હતો. હવે હૃદયસ્થ ધ્યાન રાખીને સાથે જાપ પણ કરવાનું કરું છું.

મંજીરા-કરતાલનો ઉપયોગ ધીમે ધીમે ઓછો કરવા ખ્યાલ છે. ભાવ બઢાવવા તેનો ઉપયોગ કરીશ.

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ તા. ૨૪-૫-૧૯૪૭, સવારે

કશાનો વિચાર કર્યા વિના બસ ઝંપલાવો. મસ્તપણે ધૂન ચલાવો. તમે નાચો છો - કૂદો છો ત્યારે રોમેરોમ મારાં ખડાં થાય છે. ખૂબ નાચો - મસ્તપણે ધૂન ચલાવો. જેમ મોકળા થશો તેમ - ને મનથી મુક્ત થઈને બસ ઝુકાવો, સઘળું ભૂલી જાઓ. તમે જ માત્ર જગત છો અત્યારે તો. આ વખતે બીજાં અનુષ્ઠાનો કરતાં સારું છે. તમને એટલી તો ખાતરી છે કે બીજા લોકની જેમ કોઈને પણ ખોટું ખોટી રીતે કહેવાનું બનતું નથી ને દરેકનાં લક્ષણો તમને જણાવેલાં છે. પહેલાં તમને ધ્યાનમાં ૪૫ સુધી 'બીટસ્' જતાં એ શાંતિનું સૂચક છે. ટેરવે જે હવે અડવાથી પણ જે જણાય છે તે શાંતિ ને એકાગ્રતા સૂચવે છે, પણ એના કરતાં પણ ગાઢી શાંતિ ને એકાગ્રતા થયા વિના હૃદયની ગુહામાં ઊંડો પ્રવેશ કરી શકાતો નથી. માટે, બધું જ છોડીને મસ્તપણે કૂદો, નાચો ને ઝુકાવો.

## નિવેદન - ત્રાટકમાં પ્રગતિ

હરિઃૐ તા. ૨૪-૫-૧૯૪૭, શનિવાર

આજ સવારે ત્રાટક કરવાને સ્થાને બપોરે ૧૨થી કરવાનો વિચાર ઊગ્યો. અને સવારે આંખો બંધ સાથે હૃદયસ્થ ધ્યાનમય જાપ કરવાનું દિલ થતાં તેમ કર્યું અને એક કલાક તેમ થયા બાદ એમ ને એમ જાપ - બેસીને ને આંટા મારીને કર્યા. સવારે ૧૦

વાગ્યે બેસીને જાપ કરતો હતો ત્યારે પગને તળિયે - બન્ને પગનાં તળિયે બળતરા શરૂ થઈ - ઝણઝણાટી પણ થઈ અને ધ્યાનમાં એક પ્રકારની ખેંચ હૃદયે થતાં તળિયાં બળતાં હોય તેવું થવા લાગ્યું. આ ચિહ્ન નામજાપમાં આવતો રસ - આનંદ અને હૃદયે ખેંચાણ મને લાગ્યા, હજુ જાપમાં શુદ્ધ નિરપેક્ષ આનંદ નથી જ. મનને ટકોરીને - સમજાવીને જાપ કરાવાય છે. સ્વતઃ (સ્પૉન્ટેનિયસ) સ્વઊર્મિભર્યો જાપ હજુ હવે શરૂ થવાનો હશે, પણ હવે કંઈક જાપમાં આશા બંધાતી જાય છે.

જમીને ૧૨ વાગ્યે ત્રાટક કરવા બેઠો. પહેલાં અડધો કલાક જરા મુશ્કેલ લાગ્યું, પણ પછી ભાવ જાગ્યો ને રોજ કરતાં પણ સારું થયું. ૩ કલાક જારી રાખ્યું. કલાકે કલાકે આસન ફેરબદલી કરવી પડતી હતી, પણ સતત જાપ સાથે મોટેથી નામસ્મરણ કરી શકાયું હતું.

ધ્યાન બહુ સારું ના થયું ગણાય, પણ શાંતિ હતી. એકાગ્રતા પણ હતી. આનંદ અને પ્રસન્નતા છે. ધ્યાન પછીનો કે રાત સુધીનો સમય વધુ સારો જાય છે. પેશાબ અને મળનાં વાસણ હું સ્વચ્છ કરું છું તે બરાબર છે ? ખૂબ ઓછા પાણીમાં જ તે કરી લઉં છું.

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ તા. ૨૫-૫-૧૯૪૭, રવિવાર

મળપેશાબનાં સાધનો ધોવાની જરૂર નથી લાગતી. પેશાબનું માટલું ખૂબ તડકામાં મૂકવામાં આવે છે. પેશાબનું માટલું વારાફરતી જુદું જુદું હોય છે. મળનાં વાસણને પણ પહેલાં તો ધૂળ રેતીથી સાફ કાંતા કરે છે ને તે પછી માટીથી ઘસીને - માંજીને ધૂવે છે.

તમારા સ્વભાવની ચટ (જિજ્ઞાસા, ખંતીલો સ્વભાવ) અમને એવું બધું કરાવે છે. શૌચ સ્નાન એ તો મહત્ત્વનાં અંગો છે. ને જવું જ પડે કે કરવું જ પડે માટે કરવાનું હોય છે. સ્નાન વિના જો ચલાવી શકો તો તે હું તો પસંદ કરું. તેવી સ્થિતિમાં રહીને પણ મનને સ્વસ્થતામાં રાખવાની ટેવ કે જ્ઞાનપૂર્વકનો અભ્યાસ પાડવો જરૂરી છે. મેં તો તેમ કરેલું છે. સાધનાની દશા પાકતાં તો શૌચની ક્રિયા ને ખાવાની ક્રિયાથી પર થવાનું રહે છે. આપણે કશાયના જ ગુલામ નથી એવો જ્ઞાનપૂર્વકનો અનુભવ થઈ જવાની જરૂર રહે છે, ને એક એવો પણ કાળ આવે છે જ્યારે જાણે શરીર વિના પણ પોતે છીએ એવું સ્પષ્ટ દીવા જેવું અનુભવવામાં આવે છે. જેમ તે 'આ નથી, આ નથી' એમ કરતાં કરતાં બધાંની પરનો અનુભવ થયા કરવાનો રહે છે.

દાઢી કાઢવી હોય ને હજામત કરવી હોય તો મને જરાકે વાંધો નથી, પણ જો મનને ગમે તેવી સ્થિતિમાં પણ સરળ ને શાંત - સ્વસ્થ રહી શકે તેવું કેળવવું હોય તો નર્ક ને મૂતરમાં પણ પડી રહીને મન તેવું રહે ત્યારે તે ખરું તેવું થયું છે એમ ગણી શકાય. બાકી તો રામ રામ જાણવા. ત્રાટક બપોરે પણ કરી શકો છો, પણ તેમાં તંદ્રા કે નિદ્રા ન આવી જવા દેવી.

## નિવેદન

હરિઃૐ

આ સાત દિન નાહ્યો તેના પ્રાયશ્ચિત્તરૂપે સાત દિન ડિલ પણ ન લૂછવાનું (મુદ્દલે નહિ લૂછવાનું) કરું ? તમે ડિલ લૂછવાનું પાંચ છ વાર જણાવેલું, નાહવાનું નહિ, પણ મારા મને નાહવાનું સમજી લીધું ને નાહ્યો.

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ

નાહવાનું નહિ થતાં શરીરે સ્થિતિ બહુ જ મુશ્કેલ બની જશે ને મન એને યથાયોગ્યપણે રાખવા નિભાવી નહિ લે, તેથી નાહવાનું તો રાખશો. એનો વાંધો નથી.

## નિવેદન

હરિઃૐ તા. ૨૭-૫-૧૯૪૭, મંગળવાર

સવારના નામસ્મરણ આદિ તો ઠીક ચાલે છે. બપોરના જમ્યા બાદ જરા કઠણાશ પડે છે. ત્રણ દિન ત્રાટક બપોરે કરી જોયું પણ ફાવ્યું નહિ. તેથી, આજથી સવારથી કરવાનું રાખ્યું છે.

ગમે તે કારણસર આ વખતનું અનુષ્ઠાન (વિના કારણે) ટીડિઅસ (કંટાળાજનક)ને લાંબું લાંબું જાણે ઘણી વાર લાગે છે. મનને જાપ માટે જેટલું સમજાવવાનું કરું છું તેનો બદલો તે નિમ્ન મન - મૂવમેન્ટસ્‌માં (એકાગ્રતાભંગ - બેધ્યાન) લેવાનું કરતું જણાય છે. સદ્‌ભાગ્યે આવો પિરિયડ ટૂંકા ગાળાનો - દસ પંદર મિનિટનો હોય છે, પણ આવું થાય છે ખરું. ઘણી વાર તો પ્રયત્નમાં હારી જવાય છે, ને હાથ હેઠા પડે છે. ત્યારે વળી મન કહે છે કે ‘થઈ રહ્યું ત્યારે ! હવે તારો ઊગરવાનો આરો નથી. જીવન પશુપક્ષીની જેમ - ખાવપીવું ને કામ કરવું તેમાં વ્યતીત થવાનું. જગતમાં જેમ સારું જગત ઘરેડમાં જીવે છે તેમ. ભગવાનના થવા કાજે પ્રભુકૃપાથી સાધન સાંપડેલ છે, તેનો સદુપયોગ કરવો નથી, તેમાં મન ટકતું નથી, તો જા નર્કની ખીણમાં - બીજો આરો નથી’ એટલે અંધારાં આવી જાય છે. કંઈ સૂઝતું નથી, મૂઢ બની જવાય છે. તે વળી પાછું જોરશોરથી નામસ્મરણ કરવાનું શરૂ કરું છું ને આવું બપોરના ૧૨થી ૨ વચ્ચે ગમે તે કાળે એકવાર થઈ આવે છે. પાએક કલાક પૂરતું.

આજે તો બપોરે જમ્યા બાદ પેટ ભારે, ત્રણ વાગ્યા લગી રહ્યા કર્યું હતું. ચા પીધી પણ તે પછી તો મોળ આવવા લાગી. પછી ધ્યાનમાં બેઠો. પોણો કલાક ધ્યાન સારું થયું. પછી સૂતે સૂતે અડધો કલાક ધ્યાન કર્યું - એકીવખતે પલાંઠીથી પોણો કલાક - ૧ કલાકથી વધુ બેસી શકાયું. ઢીંચણ દુઃખી આવે છે.

પછી જાપ કરવા બેઠો. મન તો ના જ માને. બેઠો ને બગાસાં આવવાં શરૂ થયાં. મનને મચક નહિ આપવા નિર્ણય કર્યો. પલાંઠી દુખવા લાગી શરૂથી જ. કમ્મર મરડાવા લાગી. ધૂપસળી સળગાવી હતી. ૬ વાગ્યા લગી (સવા પાંચ વાગ્યે બેઠેલો). ઊઠવું નહિ જ એમ નિર્ણય કર્યો. પછી એમ થયું કે ધૂપસળી પૂરી ના થાય ત્યાં લગી બેઠકે ન ફેરવવી યા જાપ ચાલુ જ રાખવા. મને (Mind) ઘણી કરામત કરી. કંઈ કંઈ વાંધાવચકા અને ગચ્ચાં નાખવા માંડ્યાં, પણ નિશ્ચય કરેલો એટલે જોરશોરથી ધૂપસળી પૂરી સળગી રહી ત્યાં લગી જાપ કર્યા ને મનને મચક ના આપી. જેમ એક નિશાળિયાને ટાસ્ક આપેલ હોય તેમ કરવું પડેલું.

## શ્રીમોટાનો જવાબ

હરિઃૐ

આનું જ નામ યુદ્ધ આપવું. એમ યુદ્ધ આપ્યા કર્યે જ મનને નિમ્નગામી જતું વાળી શકાશે. રાતે દરેક જીવને તેવી (કામવાસનાની) વૃત્તિ રહેવાની. બાળકને ઇંદ્રિય ટટ્ટાર રહે છે તે પણ વિકારનું કારણ છે. એનું જ્ઞાન એને હોતું નથી. વિકાર ટાળ્યા ટળી શકતા નથી. એ તો ઓગળી જવા જોઈએ. એમાંથી મન પરાઙ્મુખ થયા વિના એમાંથી મનનો અનુરાગ પ્રભુપદમાં જામ્યા વિના તે રસ કદી પણ મટી શકતો નથી. તેથી, તેને ઓગાળવાનો એકમાત્ર ઉપાય પ્રભુપદની આસક્તિ લગાડવાનો છે.

મનને આ અનુષ્ઠાન વધારે આકરું લાગે છે એનું કારણ આ વખતે નામસ્મરણ પર જોર વધારે આપવાનું છે. દર વખતે તો મન પોતાના તુક્કાએ ચઢ્યા કરતું હશે. **મનને જોવાનો તટસ્થતાભર્યો ખેલ એ પણ એક પ્રકારની કેળવણી છે.** પોતાના માનેલા કે રાચેલા કે ગમી ગયેલા સ્થળમાંથી નીકળવાનું તો ગમતું હોતું જ નથી. મનનું તે લક્ષણ પણ નથી. જેમાં એને રસ, લગન છે ત્યાં એને શ્રમ પડતો લાગતો નથી.. એવાં રસ કે લગની જ્યારે પ્રભુનાં ચરણકમળમાં  લાગી જાય, તે વેળા મનને શ્રમની ફરિયાદ નહિ હોય. **જેમ પ્રત્યેક કર્મના સંસ્કાર પડ્યા વિના રહેતા નથી તેમ આવાં અનુષ્ઠાનના પણ સંસ્કાર પડ્યા વિના કેમ રહી શકે ?** માત્ર તે ક્યારે ફળે તે એક પ્રશ્ન છે ખરો. કાળધર્મને જે જાણે છે તેવા કોક વિરલા માત્ર જાણી શકે. માનવીએ તો પોતે પોતાના ધર્મકર્તવ્યના પાલનમાં જ સંતોષ માનવો ઘટે. જે કરે છે તે જ પામે છે. જગત કંઈ પણ જાતનું પરિણામ જોઈ શકાય તેવું છે તો આવા શ્રમનું પરિણામ મિથ્યા કેમ થઈ શકે ? મન સામનો કરે તે વેળા મનને અનેક રીતોએ પ્રેમભાવે સમજાવ્યા કરવું પણ એને તાબે તો ના જ થઈ જવું. નામ લેતાં જ રહીને એને સમજાવ્યા કરવું.

## નિવેદન

હરિઃૐ તા. ૨૮-૫-૧૯૪૭

આ પહેલાંનાં અનુષ્ઠાનોમાં મૌનગાળામાં મનને સરળતા હતી. મૌન પાળવું મનને રુચે છે. એટલે તેમાં શ્રમ નથી રહેતો. બોલવામાં સામી દિશાએ જવાનું રહે છે. મન તુક્કાઓમાં તો ગયા અનુષ્ઠાનોમાં જવાનું યાદ નથી. વિચારોની લહર આવતી ત્યારેય સમજાતી અને તેમાંથી છૂટા થઈ જવાતું. મોટેથી નામસ્મરણ

કરતી વેળા પણ વિચાર લહરીએ મન ચઢી શકે છે. એટલે તેવો ડર તો બન્નેમાં રહેલો લાગે છે. અલબત્ત, મૌનમાં તે ડરનું પ્રમાણ વધુ રહે છે, પણ તેવું તો બનતું ન હતું એવો ખ્યાલ છે. કિંતુ મારા મન વિશે એક વાત મને ગઈ કાલે સૂઝી - જેમ માનવીમાં તામસ, રજસ હોય છે તેમ મારું મન તામસ કરીને એક જગાએ પડી રહેવું પસંદ કરતું હશે. જેમ ધ્યાનમાં એક જગાએ ચિત્તને એકાગ્ર કરીને રહી શકાય છે તેમ મન જડસુંની જેમ બીજા વિચાર કર્યા વિના એમ ને એમ પડી રહી શકે છે. વળી, વિચાર આવતાં અટકાવી શકાય છે, અટકી જવાય છે. ને મનને એમ પડી રહેવું રુચે છે. જ્યારે જાપમાં તો સક્રિયપણે કામ કરવાનું મનને રહે છે. મનમાં પણ જાપ કરતાં શ્રમ તો રહે છે જ, પણ મોટેથી કરવા જેટલો નહિ. મનના જાપ ક્યારે અટકી જાય તે ઝટ ખબર ના પડે. મોટેથી કરતાં અટકાતાં ખબર પડી જાય છે.

બોલવામાં ઉત્સાહ દર વખત બધી પળોએ ટકી શકતો નથી હોતો. એટલે બોલવાનું મન થતું નથી અને બેળે બેળે બોલવામાં પ્રાણ નથી રહેતા.

મન કાં તો યોગીની જેમ સચેતનપણે નિષ્ક્રિય રહી શકે યા જડની જેમ અચેતનપણે નિષ્ક્રિય રહી શકે. મારું મન જડની જેમ અચેતનપણે નિષ્ક્રિય રહેતું હશે એમ લાગે છે. કદીક કદીક અપ્રાણ ચેતનપણે નિષ્ક્રિય પણ રહેલું અનુભવ્યું છે.

મનને ઘણું સમજાવું છું કે 'જો દા.ત., રેંટિયો કાંતવાનું હોય તો ઊંઘ ક્યાં ઊડી જાય છે ? જાપનો થાક પણ ક્યાં ઊડી જાય છે ? ત્યારે જાપ પણ કેમ મોટેથી થઈ શકે છે ? તો ભગવાન કરતાં રેંટિયો વધ્યો ! રેંટિયો જીવન છે કે ભગવાનની

સાધના ?' આવી સમજણનો પોરસ ક્ષણિક રહીને પાછું પૂર્વવત્ થઈ જવાય છે.

'રેંટિયાની વાત જવા દો - બીજું કામ હોય, દા.ત., ભણાવવાનું, પત્રો લખવાનું, વાંચવાનું યા બહાર કોઈના કામે જવાનું - તો ઊંઘ, થાક ક્યાંય ઊડી જાય છે ? તો આ બધું સાધના કરતાં વધ્યાં ?' પણ આ બધી સમજણોની અસર ક્ષણિક જ અનુભવાય છે.

જાપ કરતી વખતે ખસૂસ હૃદયે ધ્યાનસ્થ રહેવાનું કરું છું. નહિતર તો જાપનો કશો અર્થ પણ ના રહે ને આવું ધ્યાનસ્થપણું લાંબો કાળ ટકી શકતું નથી. હૃદયે ધ્યાન રહી શકે છે ત્યારે જાપમાં રસ પડે છે. નહિતર રસ ઊડી જાય છે.

ત્રાટકમાં મૌન રાખીને હૃદયે હૃદયસ્થ ધ્યાન રાખીને વિના જાપે મન નિષ્ક્રિયપણે વિચારરહિત દશામાં રહી શકે છે ને ત્યારે એક જાતનો રસ - આનંદ અને હૃદયે ખેંચ રહે છે. ને તેથી સમય ક્યાં ચાલ્યો જાય છે તે જણાતું પણ નથી. બેત્રણ કલાક તેમ આસાનીથી બનતું. જ્યારે આ વખત જાપ કરવા જતાં હૃદયે લક્ષ રહી શકતું નથી. ને રસ ઊડી જાય છે ને સમય લાંબો ને ભારે લાગ્યા કરે છે. એટલે પણ આ અનુષ્ઠાનમાં આકરાપણું લાગે છે. પેલામાં સમય ક્યાંય ચાલ્યો જતો. ત્રણેક કલાક ત્રાટકમાં, ત્રણેક કલાક ધ્યાનમાં - થોડાક કલાક જાપમાં ને તૂટક તૂટક એમ વહેંચાઈ જતું.

જાપમાં પણ એક જ પ્રકારની ધૂન એક જ ઢબની મારાથી લઈ શકાતી નથી. લાંબો સમય એકની એક વસ્તુથી કંટાળો મનને ઊપજે છે જે સ્વભાવની નબળાઈ છે. દા.ત., એકની એક વાત બેત્રણ વાર બેત્રણ જણને કહેવી ના ગમે. એકનું એક કામ

અનાવશ્યક બેત્રણ વાર કરવું ના ગમે. એકવાર લખેલું બીજી વાર વાંચવું - વાંચી જવું ના ગમે. એકવાર વાંચેલું પણ બીજી વાર (અમુક અપવાદો સિવાય) વાંચી જવું ના ગમે. એમ એકની એક ધૂન એક જ પ્રકારની એક જ ઢાળમાં લેવી આજે પણ મુશ્કેલ બને છે. આથી, ભજનનો આશરો લેવાઈ જાય છે. બાકી, કંઈ જીવને ભજન ઉપર પણ પ્રીતિ તો નથી જ. ભજન, પ્રાર્થના આદિમાં પ્રાણ - રસ હજુ નથી આવતો. નામસ્મરણ કરતાં તે કંઈક વધુ રુચે એટલે પસંદ કરવાનું હોય ત્યાં તેમને નાછૂટકે પસંદગી દેવાનું બને.

## ઉત્તેજનાની ટેવ

નાનપણથી મનને કંઈક ને કંઈક 'ઉત્તેજના'ની ટેવ પડી ગઈ લાગે છે. રોજ ઊઠતો (નાનો હતો ત્યારે) ત્યારે પહેલો વિચાર એ આવતો કે આજે શું ? કંઈક નવીનતા તે દિન હોય - ક્રિકેટ મેચ કે જમણ કે કંઈક ભ્રમણ કે કોઈકનું આગમન કે કોઈ રમત કે કોઈ નવા સમાચાર યા તેવું હોય તો તે દિન ઉમંગથી શરૂ થતો. નહિતર નિરુત્સાહમાં જતો. તેવું જ મોટપણે પણ પછી રહેલું. જીવનમાં કંઈક ને કંઈક 'ઉત્તેજના' આગળ ધકેલ્યા જતી. સ્ટીમ્યુલસ જેને કહેવાય છે તેમ. યુરોપિયન સમાજને કંઈક ને કંઈક ઉત્તેજના રોજ જીવનમાં જોઈએ છે તેમ મારું પણ આવું જ રહ્યા કરેલું છે. આ પણ મારી એક મુશ્કેલી છે. નાનપણમાં શિક્ષણ અભ્યાસ બાદ વેપાર પણ એવો જ યુરોપ અને હિંદમાં મળ્યો કે રોજ નવું નવું સ્ટીમ્યુલસ મળતું જ રહે. નવા નવા ઘરાકો સાથે સોદા, વેપાર, વાતો ને સોદાઓ કરવાની ઉત્તેજના આ બધાં કારણોથી ઠેઠ લગી એ લઢણ લાગુ રહી ગઈ એટલે જ એક જ સ્થળે અડધો કલાક એમ ને એમ બેસવું તે મારે માટે અશક્ય. કોઈ માનતું ને મને પોતાને પણ અશક્ય લાગતું.

બપોરના હરિઃૐ જાપ શરૂ કરતાં જ બગાસાં ક્યાંયથી શરૂ થાય છે જાણે !

## શ્રીમોટાનો પ્રકોપ

હરિઃૐ

જીવનના ધ્યેયની મહત્તા, જીવનનું રહસ્ય ને જીવનની ગંભીરતા એનો સાચો ખ્યાલ હજી જાગ્યો નથી. એ વાત નક્કી છે. એ પણ આવાં અનુષ્ઠાનોમાંથી જ જાગી જવાનો છે.

તમારી ખોરાક અંગેની સૂચનાઓ મનસ્વીપણાની છે. તમને પોતાને પોતાપણે જ ચાલવાનું ગમે છે. એકવાર તમે પાનાં પર સવારસાંજનો ખોરાક કેટલો ને કેવી રીતનો એમ લખી આપો એટલે તે પ્રમાણે આપવામાં આવશે. તમારામાં મનસ્વીપણું ઘણું છે. જો તમારે વળવું હોય તો વળવાનું કરો.

તમારામાં મનસ્વીપણું છે એનો વિસ્તાર મર્યાદા ઘટે ને ક્ષેત્ર નાનું થઈ જાય એટલે ને તેટલાય ક્ષેત્રમાં પ્રવર્તે જ. કોઈ દાખલા તે કાજે જરૂર નથી. જે છે તે છે જ. તમે ....... ખાધેલા નથી, અથવા ખાધા હશે એની રીત જુદી જ કોઈ હશે.

પૂજ્ય મોટી બાનો વધારે સ્વભાવ તમારામાં ઊતર્યો છે. પિતાશ્રીનો સ્વભાવ વધારે પૂ. મોટા ભાઈમાં ઊતર્યો છે.

**જીવનમાં સાધકે પોતાનો બારીકાઈભર્યો પૂરેપૂરો અભ્યાસ કરીને સ્વભાવને જાણવો ઘટે. એ સ્વભાવને જાણતો હશે તો જ તે કોઈક ધન્ય દિવસે એથી પર થવાને પ્રયત્નશાળી બનશે.** વહેવારમાં પણ કશુંક જાણેલું ઓચિંતું કોઈ કાળે ખપમાં આવ્યાનું અનુભવમાં છે. તો આવો અભ્યાસ મિથ્યા કેમ થઈ શકે ?

'મને ધ્યાનમાં આનંદ રહે છે.' તે શું ? વિચારો નથી હોતા-અવાજ ઝાઝો નથી સંભળાતો (કાનમાં પૂમડાંને કારણે પણ) હૃદયે એકાગ્રતા રહે છે. આ ધ્યાનનો પ્રકાર શરૂનો પ્રકાર હશે. છતાં મને ત્યારે અને ત્યાર બાદ ભાવ, જાપ વગેરે કરવા ઠીક રહે છે. પણ ધ્યાન સમયે જાપ પર જોર રાખું છું તો ધ્યાન થતું નથી.'

તમે તમારે ઝુકાવ્યે જ રાખો, જે થવાનું હશે તે થશે જ. ધ્યાનમાં જેમ વિષયોમાંથી ચિત્ત હઠી શકે છે તેમ જ્ઞાનપૂર્વક બીજી વખતે પણ ચિત્તને વિષયોમાંથી હઠાવી શકવાનું બનતું હોય તો જ ધ્યાન કહી શકાય. ધ્યાન એ તો ચેતનાત્મક ભાવના છે. થઈને બેસી ના રહે. એ એનું કામ કરે જ. દરેક વસ્તુ એના લક્ષણથી ઓળખાય. ધ્યાનમાં જેમ જેમ એકાગ્રતા આનંદ જામતાં જાય તે સહજ હોય છે. પ્રયત્નપૂર્વક તે ઊગી શકતાં હોતાં નથી. ધ્યાનનો શરૂનો પ્રકાર છે તે હકીકત છે, પણ કોઈ પણ સાધનથી - આપણે આપણા અખત્યારપણાથી મનને પ્રેમભાવે આપણામાં માંકડી કરતું બેસાડવું જ પડશે. ધ્યાનમાં ફાવે તો તેનો વાંધો ન હોય પણ એનાથી મનમાંનું સ્વચ્છંદીપણું કેટલું ઘટે છે ને મનને જ્યારે ધારીએ તેમ વર્તાવી શકવાને કેટલા કાબેલ બનીએ છીએ તે આપણું કામ છે. જૂના જમાનાની સાધના પ્રમાણે આ સાધના આંધળી નથી. નામ પર જોર દીધા વિના (અલબત્ત, ધ્યાન વેળા જ) ધીમે ધીમે તે લીધા કરવું ને જ્યારે એની મેળે બંધ થઈ જાય ત્યારે ભલે - ધ્યાન બંધ થવા જે ઉત્સાહ - આનંદ પ્રકટે તે કામમાં જ્ઞાનપૂર્વક લેવો ઘટે ને એમ ઉત્સાહ મોળો પડતાં વળી ધ્યાન કરવું ને આનંદ ઉત્સાહ મેળવવો ને વળી પાછું મંડવું.

• • •

# ૩૧. સિદ્ધાર્થની કેળવણી

## અભયની કેળવણી

સાબરમતી નદી શ્રી નંદુભાઈના ઘરથી માત્ર ૧૫ ફૂટ દૂર હતી. ઘરની પાછળ નદીનો ઓવારો હતો. ત્યાં પૂજ્ય શ્રીમોટાએ સિદ્ધાર્થને સાબરમતી નદીમાં લઈ જઈ તરવાનું શીખવ્યું.

શ્રીમોટા સાત આઠ વર્ષના સિદ્ધાર્થને સાઈકલ ઉપર સાબરમતી આશ્રમથી પાંચ કિલોમિટર દૂર શાહીબાગમાં આવેલી શાળામાં ભણવા પણ મોકલતા. એકવાર તો બસની ટક્કર ખાઈને પડ્યો હતો. તેમ છતાં શ્રીમોટાએ સાઈકલ ઉપર મોકલવાનું ચાલુ રખાવ્યું હતું.

સાબરમતી આશ્રમ નિવાસ દરમિયાન આ જ વર્ષમાં શ્રીમોટા, સિદ્ધાર્થને કહે, 'જા, રાતે ૧૦-૧૧ વાગ્યે એકલો ચાલતો જઈને શહેરમાં ચીમનભાઈ મહાજનની દુકાને જા અને ત્યાં જઈને ફોન કરજે.' સાબરમતી આશ્રમથી છ કિલોમિટરના અંતરે ચીમનભાઈની દુકાન હતી. આજે સાબરમતી આશ્રમની આજુબાજુ જે વસ્તી થઈ છે અને મકાનો બંધાયાં છે, તેમાંનું તે વખતે કશું નહિ. એટલે રાતે બીક જેવું રહેતું.

સાત વર્ષના સિદ્ધાર્થને એક વખત એકલો નડિયાદ મૂળજીભાઈને ઘેર મોકલ્યો હતો. ટિકિટના પૈસા આપ્યા. સાબરમતી સ્ટેશનથી બેસાડ્યો. એને ખબર ના પડે તેમ શ્રીમોટા પણ એની પાછળના ડબામાં બેસી ગયા. નડિયાદ ઊતરીને પછી શ્રીમોટા તો ઘેર પહોંચી ગયા. સિદ્ધાર્થ આવ્યો નહિ. કલાકેક થઈ ગયો. પછી અથડાતો કુટાતો દોઢ કલાકે ઘેર પહોંચ્યો.

તા. ૧૧-૧૧-૧૯૪૭ કાળીચૌદશના દિવસે શ્રી નંદુભાઈ, એમનું કુટુંબ, શ્રીમોટા સાથે સાયલામાં હતું. સિદ્ધાર્થ સાત વર્ષનો હતો. કાળીચૌદશની રાત્રે શ્રીમોટા, સિદ્ધાર્થને કહે, 'તું તળાવે જઈને પાણી ભરી આવ.' લોટી આપી અને શ્રી નંદુભાઈને કહે, 'એને ખબર ના પડે એમ તમે પાછળ જાવ. આડુંઅવળું થાય તો સાચવજો.' સાતેક મિનિટનો રસ્તો હતો. સિદ્ધાર્થ ગયો, પાણી લઈ પાછો ફર્યો કે કાળું કૂતરું કરડ્યું. અંધારામાં કાળું કૂતરું દેખાયું નહિ. સિદ્ધાર્થે ચીસ પાડી. નંદુભાઈ એને ઘેર લાવ્યા. કાંતાબાને થયું કે હવે શું થશે ? ચૌદ ઈંજેક્ષન લગાવવાં પડશે અને તે માટે સુરેન્દ્રનગર જવું પડશે, પણ શ્રીમોટાએ ઉપાય બતાવ્યો. ઘરમાંથી એક પૈસો લાવી ઘાવ ઉપર છીંકણી લગાવી પૈસો મૂકી પાટો બાંધી દીધો. સિદ્ધાર્થને જીવનભર કશું થયું નહિ !

આટલી નાની ઉંમરે સિદ્ધાર્થને સાયલામાં વજુભાઈ જાનીએ ઘોડેસવારી શીખવી. એક વખત સિદ્ધાર્થ ઘોડા ઉપરથી પડ્યો પણ ખરો, પણ ડર્યો નહિ.

## સાબરમતીથી કુંભકોણમ્ સાઈકલ પ્રવાસ

૧૯૫૩માં સાબરમતી આશ્રમથી ૧૩-૧૫-૧૭ વર્ષના ત્રણ છોકરાઓને સાઇકલ ઉપર કુંભકોણમ્ મોકલ્યા હતા ! સાઇકલ પણ નવી નહિ, જૂની જ. એ ત્રણમાંથી બે છોકરાઓ તો તેમનાં માબાપના એકમાત્ર સંતાન હતાં. એમાં ૧૩ વર્ષનો છોકરો એ સિદ્ધાર્થ હતો. એ કાળમાં પહાડો અને જંગલો વચ્ચેથી રસ્તાઓ ઉપર સાઇકલ ચલાવી ૨૨૦૦ કિ.મિ.નું અંતર આટલી નાની ઉંમરે કાપવું એ કેટલું મોટું સાહસ કહેવાય ! એમનાં માબાપની શું સ્થિતિ થઈ હશે ! એ કાળમાં વળી ફોન કે મોબાઇલ પણ હતા નહિ. એ વખતે ડાંગમાં તો ખરેખરાં ગાઢ જંગલો હતાં.

મુંબઈથી પૂનાના ઘાટો પર થઈને જવાનું. જોડે થોડા પૈસા હતા. કોઈ જગ્યાએ ઉતારાની સગવડ નહિ. જ્યાં જગ્યા મળે ત્યાં ઊતરવાનું. જે મળે તે ખાવાનું. બધે ફરતાં ફરતાં બેંગલોર ને ત્રિચિનાપલ્લી થઈ કુંભકોણમ્ પહોંચ્યા હતા.

શ્રી નંદુભાઈની સાધના એ જીવનયોગ હતો. બાહ્ય તેમ જ આંતરિક સાધનાનો સમન્વય હતો. પોતાને નિમિત્ત કારણે મળેલાં સ્વજનો પ્રતિની પોતાની સાંસારિક ફરજો ચૂક્યા વગર બજાવી હતી.

• • •

# ૩૨. શ્રી નંદુભાઈની પ્રકૃતિ

## પૂજ્ય શ્રીમોટાના પત્રો

### નંદુભાઈનો સંકોચશીલ સ્વભાવ

હરિઃૐ        તા. ૭-૧-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

અલ્યા ભાઈ નંદુ ! બાને ભેટવામાં તને સંકોચ. ગજબ કહેવાય. ને એટલું કાઢવા ખાતર પણ તેમ ન કરી શકાયું ! તો તો કોઈ બીજો કોઈ સંકોચ કઢાવવાનું બને જ કેવી રીતે ! માને ભેટવું છે તેમાં શું વળી ? ને તે પણ મારા નિમિત્તે. મારું લખાણ વંચાવીને તેમ કરવાનું હતું. આ તો ખરેખર મને હૃદયમાં આઘાત દેનારી ઘટના છે. જે માત્ર તદ્દન સરળ છે, જેમાં કંઈ પણ દોષ નથી ને સર્વ રીતે ને સર્વ ભાવે શુદ્ધ છે, તે જો ન બની શક્યું તો...

### જીવન વર્તનકળા શીખો

હરિઃૐ        તા. ૧૧-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમે મને એ તો લખ્યું જ નહિ કે તમે પૂ. મોટી બાને ભેટ્યા હતા કે નહિ. મેં તો મોટી બાને લખેલું કે નંદુ આવે તો એને ખૂબ પ્રેમભાવે તમારે છાતીએ વળગાડવો, પણ તમે તો કશું જ લખ્યું નથી. તમારી તે મડાગાંઠ પ્રભુકૃપા તોડાવશે. આશ્રમમાં આવવાનું થતાં તમને બધાંના દેખતાં બેત્રાણ બચ્ચીઓ (ચુંબન) કરી લેવાનું ને અડપલાં કરવાનું મારે કરવું પડશે. માટે, આ

નોટિસ આપી છે એમ ગણજો. મને એવી ચેનચાળાની કળા પણ પૂરેપૂરી આવડે છે, તે નક્કી જાણજો.

જે કોઈ જીવ આપણને વહાલું લગાડવા કે થવા આવે તો એનાથી હજારગણું ચેતીને ચાલવું. આ શિખામણ સોનેરી ગણીને વર્તવું. જે જીવનો એવો સ્વભાવ છે કે બધાંને વહાલું થઈ પડાય તે જીવમાં સારું ખોટું બતાવવાની પણ ચાલ હોય જ. એકના એક બનાવને તે બીજી રીતે મૂકી શકે છે ને આપણે જો એના પરત્વે રાગયુક્ત વલણમાં હોઈએ તો તે હકીકતને તે રીતે જ સ્વીકાર કરવાને પ્રેરાયેલ રહ્યા કરીએ છીએ. રાગ એ એવું આવરણ માનવીને આગળપાછળ ગાંડું થઈને વળગે છે તે બીજી બાજુ કે તે હકીકતની સમગ્રતાનો સાચો ખ્યાલ જન્મવાની તક જ માનવીને સાંપડી શકવાની શક્યતા જ ઊભી રહેવા દેતી નથી. કોને માનવું, શું માનવું ને એને કેટલું મહત્ત્વ આપવું એ કળા આપણને આવડવી જ પડશે. એટલું નહિ પણ કઈ વખતે ક્યાં સહાનુભૂતિ પ્રેરણાત્મકપણે રાખવી, ક્યાં મૌન ધારણ કરવું, ક્યાં કેવું ને કેટલું બોલવું તથા બોલવું તો તેમાં કેટલો જુસ્સો હોવો ઘટે તે કળાનું પણ ભાન આપણે જગાડવું જ પડશે, કઈ ભાવના જગાડવાની છે ને એનો હેતુ શો છે એની પાછળ અંતરમાં તે કાળે આપણામાં ચેતનાશક્તિની તટસ્થતાભરી સમતાયુક્ત જાગ્રતિ કેટલી ને કેવી છે તેનો પણ સાધકને જીવતો ખ્યાલ હોવો જ જોઈશે. તે વિના તે બિચારો ક્યાંય ઘસડાઈને તૂટી પડે. જગતના જીવનો સ્વભાવ જાણવો, પિછાનવો ખરો, પણ એના વિશેની ઈતરાજી, દ્વેષ, અદેખાઈ એવું નકારાત્મકપણું આપણામાં એથી કરી જાગે નહિ તે પણ જોતાં રહેવાનું હોય છે.

## કોઈનાથી અંજાઈ નહિ જવું

હરિઃૐ તા. ૧૧-૭-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

તમને મેં તો મોકલેલા તે એટલા કાજે કે એવાનાં દર્શન અનુભવથી આ જીવની કક્ષા અથવા તો એનાથી કરી તમારા દિલમાં જે જે ઊભરાય તે તેથી તમે સરખામણીથી વિચાર કરી હૃદયની યોગ્યાયોગ્યતાનો પાકો વિચાર બાંધી શકો તથા એવા સંતનાં દર્શન પણ આપણને લાભકારી જ છે. તમે કોઈનાથી અંજાઈ જાઓ એવા નથી, એ તમારા જીવનની ખાસિયત મને પ્રાણપ્યારી થઈ પડેલી છે. તમારી આ જીવ પરત્વેની વફાદારી તમારા જીવનને પલટાવવા કાજેની જરૂરી યોગ્ય ભૂમિકા તમને પ્રાપ્ત કરાવો, એ પ્રાર્થના.

જોકે તમારે માટે એટલો તો વિશ્વાસ છે જ કે તમે જેટલું યોગ્ય પ્રમાણવાળું ને હકીકતવાળું હશે તેટલું જ કહેશો ને જેની તમને પ્રત્યક્ષ જાતમાહિતી હશે તેટલું જ કહેશો. આપણે કોઈને મૂંડવાં નથી. જેને ખંજવાળ લાગશે ને પ્રભુકૃપાથી મળવાના હશે તે મળશે એટલે આપણે આ બાબતમાં નિઃસ્પૃહતા ધારવી.

## વિપ્રદાસ

હરિઃૐ તા. ૬-૮-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમે મને 'વિપ્રદાસ' વાંચવાનું બીજી વખત કાગળમાં લખેલું. મેં તો અડધી વાંચીને મૂકી દીધી છે, કારણ કે ડૉ. પ્રભાબહેન તે નવલકથામાંના વિપ્રદાસ તમને કલ્પતાં હતાં તો તે માન્યતા જરાકે

સાચી નથી. વળી, તે જો તેમને પોતાને 'વંદના' ધારતાં હોય તો તે પણ યોગ્ય નથી. મારે તો વિપ્રદાસ કે વંદના એ બેના Character વિશે - પાત્ર વિશે કોને કોને તે બંધબેસતું છે તે જ એકમાત્ર તે વાંચવાનો મુદ્દો હતો. ક્યાં વંદના ને ક્યાં ડૉ. પ્રભાબહેન ! બન્ને વચ્ચે આસમાન જમીનનો તો ફરક છે ને તમને તે વિપ્રદાસ માનતાં હોય તો વિપ્રદાસના પાત્રના ગુણો ને એનું જે આકલન તેમાં થયું છે તેવું તમારામાં નથી. એટલે પછી આગળ વાંચવાનો મને એમાં કંઈ રસ રહ્યો નહિ. મારે વિપ્રદાસ ઘણા વખતથી વાંચવી તો હતી જ અને તે ડૉ. પ્રભાબહેનનું તમારા વિશેનું તેવું મંતવ્ય ઊંચા પ્રકારનું જરૂર ગણાય અને મને તે ગમે પણ ખરું, પરંતુ માનવી બોલે છે કંઈક અને એના દિલમાં હોય છે કંઈક. એમ તો પ્રત્યેક માનવી થોડાવત્તા પ્રમાણમાં તે રીતે જ વર્તતો હોય છે. મનસા, વાચા, કર્મણાની સળંગતા, સરળતા, પ્રામાણિકતા ભાગ્યે જ કોઈ વિરલ સદ્‌ભાગી જીવમાં હોય છે. બાકી, જગત તો ગતાનુગતિક ચાલ્યા જ કરે છે ને ચાલ્યા કરવાનું.

## આગ્રહી સ્વભાવ

હરિ:ૐ                તા. ૯-૮-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

તેમનો દોષ ઘણો હોવા છતાં તમારો આગ્રહી સ્વભાવ પણ એને જરૂર કઠે છે. આગ્રહ ક્યાં થાય છે એમ તમે મને પૂછો તો તે હું ભલે ન બતાવી શકતો હોઉં, પણ તે તમારા લોહીમાં છે. ......પર તમને આગ્રહો કરતાં અનેક વેળા જોયા છે. તેના એકલા

પર શાને ? જે જે તમારા પરિચયમાં વધતા આવ્યા, જે વધારે સંબંધમાં આવ્યો તો તેના પર તમારો સ્વભાવ તે રીતે જ વર્તવાને તૈયારીવાળો હોય છે જ. જાગ્રતિ રાખીને જો તટસ્થતાપૂર્વક ચાલવાનું રાખશો તો લાભ તમને જ છે.

## પાર્કર પેનની ભેટ

હરિઃૐ તા. ૧૯-૯-૧૯૪૭

સાયલા

પ્રિય ભાઈ,

Parkerની એક જાતની પેન જેના મોઢા પર અમુક જાતનું ઢાંકણું હોય છે. ને જેની કિંમત ૬૫ કે ૭૦ જેટલી હોય છે, તેવી પેન લેવાનો મારો વિચાર છે. તે તો કાયમ જ છે. ને તે તમારે લેવી પડશે. તમે બધું આપો ને મારે કશું ન આપવું ? મારે આપવા જેવું છે તે તો જ્યારે ભગવાન કૃપા કરીને અપાવે ને એવી ભૂમિકા પાકે ત્યારની વાત ત્યારે, પણ તે પહેલાં પણ કાંઈક આપવું ઘટે. જે વિચાર આવેલ હોય એને જવા દેવાનું તો સમજ્યો નથી. એને સક્રિય સ્વરૂપ આપવામાં જ સમજ્યો છું. માટે, તે બાબતમાં કશી દલીલ તમારી સાંભળવાનું બનવાનું નથી.

હરિઃૐ તા. ૨૫-૯-૧૯૪૭

સાયલા

પ્રિય ભાઈ,

છેવટની ધારણા (મૌનની) કોઈ પણ તેવા જીવ વિશેની ૯૧ દિવસ સુધીની છે. મૌન પછીના ગાળામાં જીવનો આ બાબતનો ભાવ, જ્ઞાનપૂર્વકનો અભ્યાસ ને એની ગતિ કર્મના વર્તનમાં કેવાં કેવાં રહ્યા કરે છે, એના પર એના જીવનવિકાસનો સાચો આધાર રહ્યા કરતો હોય છે.

## ખૂબ હસો

હરિઃૐ          તા. ૧૨-૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમને કૃપા કરીને મારી પ્રાર્થના છે કે તમે ખૂબ હસો ખૂબ હસો ને ખૂબ પ્રસન્નતાપૂર્વક જે તે કર્યા કરો. જગત તો એમ ને એમ ચાલ્યા જ કરવાનું છે. કંઈ કશાનો ભાર દિલ મન પર રહી ના જાય તે જોયા કરવાનું છે. હું પણ લખું તે દિલમાં સમજ પ્રેરાવવા ને ઉતરાવવા લખું છું. તેથી, એનાથી મનમાં કશાં ઉચાટ કે ચિંતા તો ના જ થવાં દેવાં.

સર્વસ્વ અહમ્ નીકળી ગયા વિના આ માર્ગમાં કશું જ ના થઈ શકે. નમ્રતા પૂરી હૃદયના સદ્ભાવની ભૂમિકા પરની કેળવાયેલી હોવી જોઈશે. એવી નમ્રતા આવ્યાનાં પણ માપલક્ષણો છે. તે વેળાએ માનવી જીવ નિરાગ્રહી બનતો જતો હશે. એના આગ્રહો ગળવા માંડે ત્યારે સમજવું કે ખરી હૃદયની નમ્રતા જીવનમાં પ્રકટવા મંડી છે, એ જ એનું માપલક્ષણ છે.

## હસો અને હસાવો

હરિઃૐ          તા. ૬-૧૨-૧૯૪૭

ઘાટકોપર

પ્રિય ભાઈ,

તમે ખૂબ હસતા બની જાઓ તો મને વધારે આનંદ પડે. ખુલ્લા હૃદયે હસવાથી જેટલી પ્રસન્નતા ને સરળતા પ્રકટે છે તેટલી કશાથી નથી પ્રકટતી.

હરિઃૐ તા. ૧૩-૧૨-૧૯૪૭
ઘાટકોપર

પ્રિય ભાઈ,

ભાઈ હસમુખલાલે (મામાના પુત્ર) મને જણાવેલું કે આ વખતે તમે ખૂબ જ હસતા હતા, તે જાણીને મારે તમને હૃદયના અભિનંદન આપવાના છે અને ભાઈ હસમુખલાલને જે આનંદ તમે આપ્યો અને તેથી કરીને તેને જે સંતોષ થયો છે એવા આનંદ ને સંતોષ જે જે કોઈ તમારા સંપર્કમાં આવે તેને તમે આપતા રહેશો, એવી મારી તમારા વિશેની સમજણ મારા દિલમાં રહે છે.

**જે જે કંઈ કામ કરવાનું આવે તે રામનું જ કામ છે ને એવી જીવતી ભાવના તે તે વેળા દૃઢાવવાનો જીવતો અભ્યાસ બને અને તે કર્મની શરૂઆતમાં અને થતાં થતાં પણ થઈ રહેતાં, જ્ઞાનભક્તિપૂર્વક ભગવાનને સમર્પણ થયા કરવાનું બને તો તેના જેવી કોઈ ઉત્તમ સાધના નથી.** સાધનાનો ફલિત ભાવ પ્રસન્નતામાં જો ન પ્રકટી શકે તો કંઈ પણ સાધના થતી જ નથી એમ જાણવું. ઉત્સાહનાં પૂર ઓસરવા માંડે તો તેનાં કારણો પ્રત્યેકે પોતાનામાં શોધવાં જ જોઈએ. તમને કાગળ લખવાની રુચિ બહુ જાગતી નથી તો એનો વાંધો કશો નથી, પરંતુ પ્રત્યેક કોઈ પરિસ્થિતિમાં પડ્યા ન રહેવું. એને ઊંડા ઊતરીને સમજવાનું કરવું ને એનાં કારણો શોધી કાઢવાં. જે અસંતોષ જીવનને વિકાસ કરવામાં વેગ ન આપે તેનું મૂળ બરાબર આપણે ખોળવું જ જોઈએ. બાકી, કશામાં ઉત્સાહ ન પ્રવર્તે તેવી સ્થિતિ તો દુઃસહ્ય ગણવી.

## પેનની ભેટ પછી ઘડિયાળની ભેટ

હરિઃૐ                તા. ૧૭-૧૨-૧૯૪૭

ઘાટકોપર

પ્રિય ભાઈ,

બે દિવસ પર તમારા કાજે હાથનું ઘડિયાળ લેવાનો વિચાર જાગેલો છે. પૂ. મોટા ભાઈએ તો મને આજે કહી પણ દીધેલું કે 'મારે ખાતે જેટલાની લાવવી હોય તેટલાની લાવજો.' બહુ ભારે કિંમતનું લાવું તો તમને ના રુચે, પણ તમોને ના રુચે એવું મારે કરવું છે. ને તેથી ભારે હોય તેવું જ લાવવું છે. તે પણ મારે ખાતેથી ને તે પછી કાંતુ માટે પણ લાવીશ. નહિતર એને એમ થાય કે મોટાને તો નંદુ વહાલો છે. તમારે વધારે બહાર જવા આવવાનું હોવાથી ઘડિયાળ હોય તો ઠીક, પણ કાંતુને કાજે પણ લાવીશ તેમ એને પણ કહેજો.

## બાળકોને તાલીમ

હરિઃૐ                તા. ૨૨-૧૨-૧૯૪૭

ત્રિચિ

પ્રિય ભાઈ,

ભાઈ સુરેન્દ્રના ભણતરનો પાયો ઘણો જ કાચો છે, તે હકીકત જાણી છે. બહેન સરોજ પોતે વહેલી ઊઠે છે ને દળવાનું પણ પોતાની મેળે કરે છે, તે જાણી ઘણો આનંદ. તારી કને છોકરાને જીવનકેળવણી (તાલીમ) બરાબર મળી શકે તેવું છે, પણ એવી કડક શિસ્તપાલન કોઈને લાગે તેમ છતાં તમારામાંનું કડકપણું તેવું લાગવાનું હોતું નથી. છોકરાના જીવનમાં તેવું જરૂરનું છે. તમારા

હાથ તળે એવી તાલીમ જો મારું ચાલે તો કેટલાંકને અપાવાનું ઇચ્છું તો ખરો જ.

## મિ. રાવ નંદુભાઈ વિશે

હરિઃૐ તા. ૨૪-૧૨-૧૯૪૭

ત્રિચિ

પ્રિય કાંતુ,

તને શું લખું ? અત્યારે આ લખી રહ્યો છું તે વેળા મિ. રાવ (પેરીસના બૉસ) મળવા આવ્યા, મેં એમને કહ્યું, 'નંદુ હજી તમને યાદ કરે છે જ ને તમારી માનસિક કે કોઈ મુશ્કેલીમાં જરૂર ભાગ લેવાનું થતાં તેને આનંદ થાય, ને કોઈ કોઈ વાર કાગળ લખો તો તેને આનંદ થાય.' તેણે કહ્યું છે કે હવે તે બૉસ નથી ને તમે એના મુનીમ નથી. પછી તેમણે જે કહ્યું તેથી કાંતા મને શું થયું હશે ! એમણે કહ્યું, 'મારામાં આજે જે શક્તિ છે ને જે ગુણ છે ને મને જે કાંઈ સુખસંપત્તિ મળ્યાં છે તે બધું જ નંદુભાઈને લીધે છે ને રોજ જમતી વખતે એમને યાદ કરીને જ પ્રથમ કોળિયો ભરું છું. તેમણે જેવું મારું જીવન ઘડ્યું છે તેવું કોઈએ ઘડ્યું નથી.' કાંતુ તને શું કહું ? તારાં પણ એવાં વખાણ જે એની વાસ્તવિકતામાં હોય તેવાં સાંભળવાને હૃદય તો ઝંખે જ છે.

હરિઃૐ તા. ૧૬-૧-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

વહેવારના કર્મક્ષેત્રમાં તો તમને મારા અનેક ધન્યવાદ છે. તે કળા પણ આટલી ઊંડાઈની કંઈક અંશે આ જીવ કનેથી શીખવા પામ્યા હો તો નવાઈ નથી.

## બધાંને પ્રિય

હરિઃૐ                    તા. ૪-૩-૧૯૪૯

કુંભકોણમ્,

પ્રિય ભાઈ,

તમારું આશ્રમમાં રહેવાનું કેટલાંયને આશ્વાસનરૂપે બનતું જતું લાગે છે એમ જોઈ રહ્યો છું. Even પરીક્ષિતભાઈ પણ પોતાનું અંતર તમારી કને ખોલે છે ને ડૉક્ટર તેમ જ પ્રતાપભાઈ આદિને પણ તમારામાં ભાવ છે. કોઈનાય હૃદયને સહાનુભૂતિથી સાંભળવું એ પણ પેલાના મનને હળવું બનાવે છે. ને એને એક પ્રકારનું સાંત્વન પણ મળે છે.

હરિઃૐ                    તા. ૧૭-૧-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

(અનુષ્ટુપ)

સ્વજનો થકી શાં હૈયાં આળાં ઘાયલ તો થતાં !
થયેલાંને વધુ આળાં બનાવ્યાં પ્રેમીઓ કરે !
અમોને સુખ નિરાંતે દેવાનું ના ઊગે કશું,
અમોને પ્રેમનો ભાવ આપવા ના બને કશું.

બેંગલોરવાળા શ્રી ઠાકોરભાઈએ પ્રિયને (હેમંતભાઈને) એમ જણાવેલું કે **'જો નંદુભાઈ કોઈનું ખૂન કરવા પણ પૈસા માગે તો તે જેટલા કહે તેટલા વિના વિચારે આપી દઉં.'** તે વાંચી ઘણો જ આનંદ થયો. તે વાક્ય મેં પૂ. મામાને પણ વાંચી સંભળાવ્યું હતું. કુમાર લાલાજી, પ્રમીલા આદિને પણ કહેલું. એમનો કેટલો બધો પ્રેમવિશ્વાસ તમો મેળવી શક્યા હશો ! તારો પ્રેમવિશ્વાસ મેળવવાને

શ્રીભગવાને હજી અમને પૂરાં લાયક નહિ ગણ્યાં હોય. વહાલાં જનોનો પ્રેમ મેળવવાને કાજે ધીરજ ધરી તપવામાં ને એવા તલસવામાં પણ એક પ્રકારનો આનંદ છે, એવું રહેંસામણ જે હૃદયનું થાય છે તે તો ખેંચાતું હૃદય હોય છે, તે જ સમજી શકે છે.

હરિઃૐ તા. ૨૬-૧-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય કાંતુ,

મારી તો ઇચ્છા રહે છે. તને કેળવવી તે તારે હાથ છે. વહાલા નંદુને પ્રસન્ન રાખશે તો તમને (પોતાને) પ્રસન્ન રાખવા બરાબર છે, તો જ મારા પ્રેમનો કંઈ અર્થ છે. જો તું એનામાં ન ભળી શકી તો મારામાં ભળવાનું શક્ય જ નથી.

## શ્રી નંદુભાઈ અને શ્રી ચીમનભાઈ મહાજન

તે સમયે **'મહાજન બુક ડેપો'**નું નામ મોટું હતું. તેના માલિક શ્રી ચીમનભાઈ માણેકલાલ શાહ પુસ્તક પ્રકાશક અને વિક્રેતા હતા. શ્રી વજુભાઈ જાનીના એમ.એ. ના અભ્યાસના સંસ્કૃતનાં પુસ્તકો એમ જ પડી રહેલાં. એટલે પૂજ્ય શ્રીમોટાએ શ્રી નંદુભાઈને મહાજન બુક ડેપોમાં વેચી આવવાનું કામ સોંપ્યું. શ્રી નંદુભાઈએ એક કાગળ ઉપર પુસ્તકોની યાદી બનાવી તેની સામે તેના લેખકોનાં નામ અને કિંમત લખી કોઠો બનાવી સવારે સાડાઆઠ વાગ્યે મહાજન બુક ડેપો ઉપર પહોંચી ગયા. આ કોઠાવાળી યાદીમાં છેલ્લી કૉલમ ખાલી રાખી હતી. તે કૉલમ શ્રી ચીમનભાઈને બતાવીને તેમાં દરેક પુસ્તકની શી કિંમત આપશો તે લખી આપવા જણાવ્યું. શ્રી ચીમનભાઈ કહે, આ યાદીનું મારે કામ નથી. તમે પુસ્તકો જ અહીં લઈ આવો. શ્રી નંદુભાઈએ રાત્રે જાગીને લિસ્ટ

તૈયાર કરેલું એ નકામું જતાં જરા ખચકાયા, પરંતુ તરત કબૂલ થયા અને આશ્રમ જઈ, બધાં પુસ્તકો લઈ પાછા સાડાઅગિયાર વાગ્યે આવ્યા. શ્રી ચીમનભાઈ એ વખતે જમીને આવ્યા એટલે શ્રી નંદુભાઈએ પુસ્તકોનો થેલો ખાલી કર્યો. પાથર્યો અને કહ્યું, 'તમે બેસો અને કિંમત કહો.' આમ, પુસ્તકોનો સોદો થયો અને પૈસા ચુકવાયા. શ્રી નંદુભાઈ કહે, 'તમારી કામ કરવાની ઝડપ ખૂબ કહેવાય. મેં તો ધારેલું કે હું પાંચ વાગ્યા સુધી છૂટો નહિ થઈ શકું, પણ તમે તો મને બાર વાગ્યે જ છૂટો કરી દીધો.' વાત કરવાની આ કુનેહથી શ્રી ચીમનભાઈને આનંદ થયો. મેડા ઉપર લઈ જઈ બધું શ્રી નંદુભાઈને બતાવ્યું. શ્રી નંદુભાઈએ શ્રી ચીમનભાઈનો ધંધામાં રસ જોયો, ગુણ જોયા. શ્રી ચીમનભાઈ તે વર્ષે દક્ષિણમાં ફરવા જવાના હતા, એટલે શ્રી નંદુભાઈએ કહ્યું, 'દક્ષિણમાં મારે સારો પરિચય છે, હું તમને ભલામણપત્રો લખી આપીશ.' આ સમયે શ્રી ચીમનભાઈને શ્રીમોટાનો પરિચય ન હતો. આ રીતે તે બન્નેનો પરિચય વધતો ગયો.

દક્ષિણમાંથી પરત આવ્યા પછી શ્રી ચીમનભાઈ સાઈકલ લઈને શ્રી નંદુભાઈને સાબરમતી આશ્રમે મળવા ગયા. રસ્તામાં વિચારતા હતા કે 'આશ્રમે ચા મળશે કે નહિ ? ચા પીધા વિના તો કેમ ચાલશે ?' જેવા શ્રી નંદુભાઈના ઘર તરફ ગયા ત્યાં વરંડામાં શ્રીમોટાએ તેમને કહ્યું, 'આવો ભઈલા ! ચા પીવી છેને ? જુઓ હું ચા પીવું છું અને તમે પણ પીવો.' ત્યાં શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય પણ બેઠા હતા. આમ, શ્રીમોટા સાથે પ્રથમ મિલનથી જ શ્રી ચીમનભાઈને આકર્ષણ જાગ્યું.

તેઓ બીજી વાર શ્રી નંદુભાઈને મળવા ગયા ત્યારે શ્રી નંદુભાઈ મૌનમાં હતા - સાબરમતી આશ્રમે જ. એટલે શ્રીમોટા તેમને

વળાવવા છેક વાડજથી પણ આગળ સુધી ગયેલા ને તે પણ ઉઘાડા પગે ! પણ તેમના વિશે ચીમનભાઈને કંઈ સમજાયું ન હતું.

પછી તો તેઓ ગાઢ સંબંધ થતાં પૂજ્ય શ્રીમોટાના ભક્ત થઈ ગયા અને પુસ્તક પ્રકાશનના કાર્યમાં મદદરૂપ બની રહ્યા.

શ્રી રમાકાંત જોષી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ગુમાસ્તા - ધારાના ઇન્સ્પેક્ટર હતા. તેઓ એક પ્રામાણિક ઇન્સ્પેક્ટર હતા. શ્રી રમાકાંતભાઈ ઘણી વખત શ્રી ચીમનભાઈ મહાજનના બુક ડેપોની અચાનક વિઝિટ કરે અને ગુમાસ્તાધારાના નિયમોના ભંગ બદલ દંડ પણ કરે. ચીમનભાઈ અને રમાકાંતભાઈ બન્ને શ્રીમોટા સાથે સંકળાયેલા હતા. છતાં શ્રી રમાકાંતભાઈ પોતાની ફરજ સમજીને ચીમનભાઈને દંડ ફટકારતા. એટલે એક વખત ચીમનભાઈએ શ્રીમોટાને રમાકાંતભાઈની ફરિયાદ કરી, પણ શ્રીમોટા કહે, ‘એ તો એની ફરજ બજાવે છે, હું એને કાંઈ કહી ના શકું. તમે નંદુને મળો. એ કાંઈક રસ્તો કાઢશે.’ આમ, નંદુભાઈએ બન્નેને સાબરમતી આશ્રમના ઘરે બોલાવ્યા. બન્ને પક્ષને સાંભળ્યા અને કુનેહ વાપરી બન્નેના સંબંધો સારા કર્યા. શ્રી નંદુભાઈમાં આવી બે પરસ્પર વિરોધી પક્ષોને સમાધાન કરાવી આપવાની વિશિષ્ટ કુનેહકળા હતી. (માહિતી સ્રોત : શ્રી સિદ્ધાર્થભાઈ)

**શ્રી ચીમનભાઈ મહાજન અને શ્રી નંદુભાઈ વિશે પૂજ્ય શ્રીમોટા**

હરિઃૐ તા. ૨૬-૧૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

શ્રી ચીમનભાઈનો તમારા પરનો પ્રેમભાવ વધતો જતો જોઈને મને તો ઘણો જ આનંદ થયો છે. તમે જે રીતે એમને વાળવાનું કર્યું છે, તે તો ઉત્તમ જ થયું છે. એમના જીવનને તમે ઘણા મદદગાર

થઈ શકવાના છો. એમને ત્યાં આપણી બીજી ચોપડીઓ 'હૃદયપોકાર', 'કેશવચરણકમળે', 'ગંગાચરણે' આદિ વેચાવવા મૂકી શકવાની વ્યવસ્થા થાય તેમ હોય તો જોશોજી અથવા એમની મારફતે બીજે ક્યાંક પણ થઈ શકે તેમ હોય તોપણ પૂછી તો શકાય.

## શ્રી ચીમનભાઈ મહાજનને શ્રી નંદુભાઈ માટે અનન્ય પ્રેમ વિશે શ્રીમોટા

હરિઃૐ તા. ૧૨-૫-૧૯૪૮

મહાજન બુક ડેપો

અમદાવાદ

પ્રિય ભાઈ,

હમણાંનું કોઈને લખવાનું બનતું જ નથી, પણ આ લખવાનું પણ અપવાદરૂપ જ ગણાય. ને તે અનિવાર્ય પણ છે. ભાઈ ચીમનભાઈના જીવનમાં આપણને બધાંને ભારે રસ છે ને તમોને એમનામાં ને એમને તમારામાં જે ભાવ રહ્યા કરેલ છે, એ પ્રત્યક્ષ અનુભવવાનું પણ મળ્યું.

પહેલાં એટલે ચૈત્ર વદ ૧૪ને દિવસે કન્યા જોવા કરવાના નિમિત્તે શહેરમાં દુકાને આવવાનું હતું, તે દિવસે ભાઈ ચીમનભાઈને તમારી હાજરીની આશા ઘણી જ રહ્યા કરેલી ને તેને બદલે તમારો તાર મળ્યો ત્યારે એમને આઘાત થયેલો. તેમના તમારી પરત્વેના આવા ભાવને કાજે આપણને તો તે પૂર્વ જન્મના કોઈ આંકડાનું જ જ્ઞાન કરાવી શકે તેમ છે. તે પછી બપોરે (તે જ દિવસે) તેમના મારા પરના કાગળના સમયે જઈ શકવાનું બનેલું. તેથી, તેમનો તે આઘાત હળવો બનેલો. તે છોકરી અને તેમની માસીબા સાથે બેસીને ચીમનભાઈને વાતો થયેલી. તેમાં વાત નીકળતાં નીકળતાં લગ્ન કઈ તિથિએ આવી શકે તેમ છે,

તે પણ વિચારવાનું બનતાં લગ્ન પણ અક્ષયતૃતિયાનું લગભગ નક્કી થઈ ગયું. આ બધા કાળ દરમિયાન ભાઈ ચીમનભાઈને એમ લાગ્યા જ કરે જે ભાઈ મારા જીવનમાં આટલો બધો રસ ધરાવે છે તેની હાજરી નથી, તે એમને સાલતું હતું જ, ને અક્ષયતૃતિયાને દિવસે સવારે વેવિશાળનું નાળિયેર વગેરેની વિધિ સવારે ૯.૩૦ વાગ્યે દુકાને થયેલી. તે વેળા પણ પ્રભુકૃપાથી હું હાજર હતો. તે વેળા પણ તમારું એક પત્તું એમને મળેલું તેથી તેમને ઘણું સારું લાગેલું ને પૂ. પિતાજી તથા માતાજીને પણ ઘણું ગમેલું. શ્રી ચીનુભાઈ ને શ્રી ચંદુભાઈ આદિને પણ આનંદ થયેલો.

ત્યાંથી પોણાસાત વાગ્યે નીકળીને ગાડીમાં મહાજન બુક ડેપોએ આવ્યો ત્યારે ભાઈ ચીમનભાઈ વગેરે જવાને તૈયાર થયેલા. તદ્દન સાદાઈમાં જવાનું હતું. પહેરવેશ પણ સાદો ને પાંચસાત જણાં ચાલતાં ચાલતાં કન્યાને પિયેર ગયેલાં, પણ જ્યાં મહાજન બુક ડેપોએ આવ્યો ત્યાં જ ખબર પડી કે તમારો તેમને તે જ દિવસે એટલે કે ગઈ કાલે પત્ર બપોરે મળેલો જે વાંચી એમને તો ઘણો જ આઘાત થયો હતો. ને આંખમાંથી આંસુ વહ્યાં જાય. શ્રી ચીનુભાઈએ (તેમના મિત્ર થાય છે) તેમને ઘણા સમજાવ્યા કે 'નંદુભાઈ દૂર બેઠા છે ને તેમણે જે સલાહ આપી છે તે તમારા હિતમાં છે ને તમે એમનો જ પ્રત્યક્ષ લાભ ન ઉઠાવી શક્યા હો તો તેથી તમારે શોકાતુર થવાની જરૂર નથી.' ભાઈ ચીમનભાઈને એમ જ લાગ્યા કરતું હતું 'જે ભાઈ મારા જીવનમાં આટલી ઝીણવટથી રસ લઈ રહેલા છે, તેની મદદ હું ન લઈ શક્યો ને ઉતાવળું પરણવાનું કરી બેઠો એનું મને લાગી આવે છે. બીજી બાજુ જેટલું સમજી શકાય તેટલું સમજીને લગ્નની પવિત્ર

જવાબદારી સમજીને - જે નિર્ણય પર અવાયું ને તેમાં ભાઈની ગેરહાજરી દિલમાં ખૂંચે છે.' હું સાંજે આવ્યો ત્યાં લગી ભાઈ ચીમનભાઈ તેવા મૂડમાં હતા. તમારે કાજેનો તેમનો પ્રેમભાવ ખરેખર મને તો જીવનમાં બોધપાઠ નીવડ્યો છે. સ્વજન મળજો તો આવાં મળજો. તમે એમને માટે જે લાગણી ધરાવો છો એનાં મહત્ત્વ ને કદર એમના દિલમાં જેવી રીતે જીવતાં રહેલાં છે તેનું દર્શન થયું. એને હું જીવનનું એક સૌભાગ્ય ગણું છું. આપણા ભાઈઓમાંથી પણ તેવો ભાવ તમારે કાજે કોઈ ધરાવતું હશે કે કેમ તે પણ જરૂર શંકાસ્પદ ઘડીકભર તો લાગે જ લાગે.

શ્રી ચંદુભાઈ (ચીમનભાઈના મોટા ભાઈ) પણ બધા પ્રસંગોએ હાજર હતા જ. બધાંનો ભાવ ચીમનભાઈ પર ઘણો જ હતો. પૂ. પિતાજીનો આ વખતે એવો નિશ્ચયભર્યો મક્કમ સંકલ્પ કરીને આવેલા કે 'ચીમન પરણે પછીથી જ મારે ઇડર જવું.' એટલે તેમનો સંકલ્પ પણ ફળ્યો.

લિ. તમારા ભાઈના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

**લગ્ન સમયે ગૉર મહારાજ કહે, શનિ - મંગળ નડે છે તો જપ કરવા પડશે અને રૂ. ૩૫/-ની રકમ આપવી પડશે**

શ્રીમોટા કહે, 'જપ અમે કરી લઈશું.'

('જીવનસ્ફુલિંગ', પ્રથમ આ., પૃ. ૨૧૭)

આમ કરતાં કરતાં શ્રીમોટા સાથે એમને સ્વજનનો સંબંધ થઈ ગયો. ચીમનભાઈને સિનેમાનો શોખ એટલે એકવાર શ્રીમોટા તેમની સાથે સિનેમા જોવા પણ ગયેલા. આખરે તેમના સત્સંગથી સિનેમા જોવાનું બંધ થઈ ગયું અને તેઓ દર વર્ષે ત્રણચાર સપ્તાહ મૌનએકાંતમાં ગાળતા થયા હતા.

# ૩૩. સ્વજનને ફરિયાદ

હરિઃૐ     તા. ૨૪-૧૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

**ગળે ફાંસો લગાવે છે કદીક એવું સ્વજન અમને**

(અનુષ્ટુપ)

અમારા ઉરમાં જેવો હૃદયનો પ્રેમ ઝબકે છે,
ઝબકવામાં મીંચાવાની ક્રિયામાં દર્દ ભારે છે.

અમારાં દર્દની કોને કશીયે કૈં પડી ના છે,
નસીબે તો સહેવાનું, સહેવામાં રહેલું છે.

સ્વજન જીવન થકી મારે જગતમાં જીવવાનું છે,
સ્વજન જીવન થકી વિશ્વે અમારે શોભવાનું છે.

અમારા અંગકેરું તો સ્વજન કેવું ઘરેણું છે,
ગળે ફાંસો લગાવે છે કદીક એવું સ્વજન અમને.

**શ્રીઅરવિંદનું સાહિત્ય વાંચતા રહેશો**

તમારું મૌન આશ્રમમાં પેલી ઓરડી મળશે તેમાં જ થવાનું. ભૂમિકા તૈયાર કરશોજી. કેટલાય દિવસો બાદ તમારો તા. ૧૮-૧૨-૧૯૪૭નો કાગળ મને ગમ્યો. પૂજ્ય શ્રીઅરવિંદનું સાહિત્ય તમે વાંચતા રહેશો. તેમાં કશો વાંધો નથી. ઊલટું તે તો પ્રેરકબળ તરીકે નીવડી શકે.

## સ્વજનોની બેકદર ભક્તિ અંગે પુણ્યપ્રકોપ

હરિઃૐ          તા. ૨૫-૧૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

જત, તમે મને લખેલું કે પૂજ્ય શ્રીઅરવિંદના સાહિત્ય અથવા કહો કે તત્ત્વજ્ઞાનનાં લખાણનાં મહત્ત્વનાં લક્ષણો મારાં લખાણમાં ઘણાં જ મળતાં આવે છે. પૂ. પુરાણીજીને 'પ્રેમગાથા'*નું લખાણ મોકલવાનો મારો મુદ્દો તો એટલો જ હતો કે તેઓ તો પૂજ્ય શ્રીઅરવિંદના પરમ ભક્ત છે ને જો આ જીવે એમનાં જ લખાણમાંથી તફડાવ્યું હોય તો તો તેઓ તેમ જણાવ્યા વિના તો રહી જ ના શકે. ઊલટું તેમણે તો તેમણે લખેલા કાગળમાં એમ લખ્યાનું યાદ છે કે પ્રાચીન - અર્વાચીન ભક્તોની હરોળમાં ચૂનીભાઈ ભક્ત ક્યાંય ચઢી જાય એવા થવાનો સંભવ છે. શબ્દો આ જ છે એવું નથી, પણ ભાવાર્થ ક્યાંક તેવો છે. વળી, તમે છેક ૧૯૪૦ના માર્ચ, એપ્રિલમાં જે સારભૂતરૂપે એક તખ્તો બનાવ્યો હતો જેની એક નકલ ઘાટકોપરમાં પણ છે, પૂજ્ય શ્રીમોટા ભાઈ સાથે કર્મયોગનાં લખાણ વાંચતા હતા, તે વેળા તેમને તે લખાણનો તખ્તો મેં બતાવ્યો હતો ને તે ગાળામાં જે કંઈ તમને સૂચવવામાં કે લખવામાં આવ્યું હતું તેનો સાર કર્મયોગમાં આવે છે ને **'કર્મગાથા'**માં જે છપાયું છે તેમાંનો ઘણો ભાગ પૂજ્ય શ્રીઅરવિંદનાં લખાણોને મળતો જ આવે છે. આ ગરીબ માનવીથી જેટલું કંઈ લખાયેલું છે તેટલું લખાણ તે જીવે કરેલી સાધનાના પરિણામરૂપે છે તેટલું તે સાબિત કરી આપવાને પૂરતું છે, પણ આપણામાંનાં

* પુનિત પ્રેમગાથા

કોઈને પણ આ જીવની તેવી મહત્તા ઠસેલી નથી, એ જેટલો પરવાવાળો છે તેટલો જ બેપરવાવાળો છે, એ જેટલો કામી છે તેટલો નિષ્કામી છે, એ જેટલો ક્રોધી છે તેટલો જ તે નિષ્ક્રોધી છે. એના પણ પ્રસંગો એના જીવનમાં પ્રત્યક્ષપણે સર્વ કોઈને પૂરા જાણવામાં આવી શક્યા છે. એ બિચારો જીવ પૈસાથી પણ પર છે તેવું અનુભવે આપણામાંનાં બધાંને લાગ્યું હશે જ. વળી, તે લિંગભેદથી વર્તતો હોય એવું પણ નથી ને એનું ભાન પણ આપણામાંનાં કોઈકને તો થયું હશે જ. આવું પ્રત્યક્ષપણે એનું પુરવાર થતું જતું જીવન, જાણ્યામાં આવતું જતું હોવા છતાં કેમ ત્યારે જીવનો વિકાસ નહિ થતો હોય ? એવી શંકા આપણને તો લાગે જ લાગે. કિંતુ જે જે જીવ મળેલાં તે તે જીવે આ ગરીબને પોતાનાં મન, હૃદય, ચિત્ત, પ્રાણ, અહમ્ આપેલાં જ નથી. એટલું જ નહિ પણ સંશયોના મારા ચલાવેલા છે. ને પ્રેમ તો આપવો દૂર રહ્યો પણ એના પ્રેમભાવને અવગણીને ધુતકાર્યો પણ છે. જ્ઞાન જન્મવા કાજેની જે ભૂમિકા હોવી કે થવી ઘટે તે કરવાનું કોઈનું દિલ થતું જતું નથી, ને મને કહેવાનું કોઈનું બને તો તે તદ્દન વ્યર્થ છે. જીવનમાં જેને આ માર્ગે ચાલવાની નેમ, હામ, સાહસ ને ધ્યેય ના હોય તે સર્વ મુક્ત છે. મેં કોઈને પણ બાંધી મારેલા નથી. કોઈ ભવિષ્યમાં મારો દોષ કાઢશો તો તે આ જીવ સાંખી શકવાનો નથી, તે નક્કી જાણશોજી. આપણને સર્વ કોઈને પોસાતું હોય ને તેવી ગરજ ના હોય તો તો સવેળા ચેતવું એ જ ઈષ્ટ છે.

આ જીવના પરિચયમાં એક માનવી આવેલો છે. તેણે એક જાતનું કર્મ કરેલું છે. એના અંગે તે જીવે અમુક કાંઈ સ્વીકારેલું છે. તે પછી તે જીવ બીજે દૂર રહે છે ને આ જીવ પણ તેનાથી

આઘે રહે છે. પેલો માનવી જ્યાં રહે છે ત્યાં તે કર્મના પુરસ્કાર અંગે કંઈક વાતચીત થાય છે, જેની જાણ આ જીવને પડી શકવી શક્ય પણ નથી. ને તે માનવીને મળવાનું થતાં કર્મની કથનીનું પરિણામ જણાવવાનું થાય છે. તે જ માનવીને એવો બીજો અનુભવ પ્રત્યક્ષ થાય છે. કોઈ ત્રીજા માનવીને તે મળવાને બોલાવી લાવે છે, જેની આ જીવને ખબર નથી હોતી. જે મળવા આવે છે તેને કાજે એક કાગળ તે જ દિવસે ખોળીને તે કાઢી મૂકતો હોય છે ને પેલા ત્રીજા ભાઈના દેખતાં જ તે કાગળ તેમના આવવાની જાણ કોઈ પણ સ્થૂળ રીતે તો કોઈએ કરેલી જ નથી. આવા તો કેટલાય પ્રસંગો બની ગયેલા હશે. છતાં પણ જેનાથી કરી તે માનવીના દિલ પર એની કશી અસર જો જાગી શકતી નથી તો તેવાનો ઉદ્ધાર થવો શક્ય નથી. એવા માનવીને જો ઉપર જણાવ્યા તેવા પ્રસંગથી એના હૃદયને પ્રેમભક્તિભાવ વધવાનું ના બને અને હૃદયથી સર્વભાવે સમર્પણ થયા કરવાનું ના થતું હોય તો સાધના થતી જ નથી એમ જાણવું ને પ્રમાણવું. કેટલાક પ્રસંગ તો પ્રભુકૃપાથી આ ગરીબના જીવનમાં એવા થયેલા છે કે તેવા પ્રસંગ જો કોઈ ચોપડીમાં વાંચવાનું બને તો તે બનાવની અસર વાચકના મન પર જાગ્યા વિના રહી શકતી નથી, પણ પ્રત્યક્ષ તેવા પ્રસંગની છાપ જેના નિમિત્તથી તેવો પ્રસંગ પ્રભુની પરમ કૃપા યોજતી હોય છે, તેની અસર જો આપણા પર થઈ ના શકતી હોય તો આપણે પોતે આપણા જીવનને તપાસવું ઘટે છે ને ફરી ફરી વિચારવું ઘટે છે. **ખાલી ખાલી ભમ્યા કરવાથી કશો લાભ નથી. તેથી તો ઊલટું વધારે નિરુત્સાહના દરિયામાં ધકેલાતા જવાના છીએ ને તે વેળા મને દોષ દેવામાં આપણે શૂરા બનીશું.** જ્ઞાન પ્રકટાવવા કાજે અથવા

જીવના સ્વરૂપમાં મૂળભૂત ફેરફાર થવા કાજેની જે ભૂમિકાની ખાસ જરૂર હોય તે કાજેનું તો આપણને કોઈને ભાન પણ ના જાગતું હોય અથવા તો જેના આધાર વડે જીવનની શુદ્ધિ કરવાની છે તેનામાં સર્વાંશે પ્રેમભક્તિ પણ જાગી શકતી નથી ને આપણે આપણું પૂરેપૂરું જોવાનું પણ કરવું નથી. ને કોઈક જુએ તો યોગ્યપણામાં પ્રકટવાનું શહૂર ધારણ કરવું નથી કે કેળવવું નથી તો પછી નાહકના બકરીના ગળાના આંચળની જેમ વળગી રહેવામાં સાર કે માલ નથી.

હરિઃૐ તા. ૨૬-૧૨-૧૯૪૭

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા કાંતુ,

આ વખતનું 'દક્ષિણા' વાંચ્યું. મને તો એમાં આનંદ આવ્યો. તેમાં 'બુદ્ધિ' વિશે જે લખ્યું છે તેવું જ મારું તો માનવું છે. વળી, ઇંદ્રિયોના અનુભવથી પ્રભુની ભાવના સમજી શકાવાની નથી, તે હકીકત પણ તેમાં છે ને તેવું લખાણ તો કેટલીય વાર લખેલું છે.

મારે સ્વજનોને શીખવવાનું તો ઘણું છે, પણ તેવી ભૂમિકા જ મને ક્યાં મળે છે ? જે પ્રકારની શુદ્ધિ આધારની ઘટે તે એક તો ના મળે ને જ્ઞાનભક્તિપૂર્વકની જિજ્ઞાસા ને નમ્રતા તે પણ હજી કાચી છે. ને મૂળમાં જે ગુરુ કર્યા તેનામાં જ સંશય ને શંકાઓ જગાડ્યા કરીને એનો ભાવ તે આપણામાં રેડાતો હોય એને પણ આપણે પોતે જ મિથ્યા કરી રહેલાં હોઈએ છીએ. જોકે હવે તેવું નથી રહ્યું, પણ છેક તો સાવ નિર્મૂળપણું જાગ્યું છે તેવું તો ના જ કહેવાય.

## ખાતરીવાળો માલ

હરિ:ૐ તા. ૧-૧-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમે પૂજ્ય શ્રીઅરવિંદનાં લખાણોનું સામ્ય જણાવેલું. તેમાં તમારી કદરભાવના જ હતી, તે તો સાવ સાચું છે, પણ મારું કહેવાનું તો એ હતું કે પ્રભુકૃપાથી આ જીવના વ્યક્તવ્ય Manifestationમાંથી એનામાં પ્રભુચેતના જાગેલી છે એવું પુરવાર થયેલું છે. બીજા કોઈ સાધુ, સંત કે એવા ઉચ્ચ આત્માઓની તો આપણને કશી ખાતરી હોતી નથી, પણ આ તો ખાતરીવાળો માલ છે છતાં કેમ સંઘરી કે સ્વીકારાઈ શકાતો નથી, એ પણ એક કૉયડો છે. મારે મન જોકે તે કૉયડો નથી. મને તો બધું દીવા જેવું દેખાય છે. પ્રભુની કૃપા માત્ર બળવાન છે. તમને મન હોય કે ના હોય છતાં આ માર્ગની તપશ્ચર્યા કરાવી કરાવીને ઊંચે લેવાનું કરાવવાનું જ કર્મ રહેલું છે. તમે મને એકવાર કહેલું કે 'બીજા કોઈના કરતાંય સમય ...સમય જે કાંઈ કરવાનું હતું તે તો કર્યા કરતો હતો.' પણ તે કર્યા કરવાનું જે ભૂમિકા પરથી બનતું, જેવી ભૂમિકા તેવો જ ઉઠાવ બને. તેવું હોવા છતાં તમને પોતાને પ્રત્યક્ષ પ્રયોગથી સિદ્ધ થયેલું છે કે તમારી નાડીના ધબકારા ૫૦ થી ૫૪ લગીના થઈ જતા હતા. એ હકીકતને તો તમે નકારી શકો તેમ નથી. **અભ્યાસ ને વૈરાગ્ય એ બેનું સાતત્ય જળવાયા વિના આ માર્ગમાં આગળ જવાવાનું કદી પણ શક્ય નથી. વળી, તમે જેને ગુરુ માનો છો તેનામાં સર્વ ભાવે સમર્પણથી જ્ઞાનભક્તિપૂર્વક શરણતા કેળવાયા વિના તે પણ બિચારો શું કરે ?** તાદાત્મ્યભાવનો પ્રત્યક્ષ પુરાવો તે તો આપી ચૂકેલો છે, પણ આપણા તરફથી સામી

બાજુથી એવો તાદાત્મ્યભાવ એની સાથે હૃદયથી ના જગવી શકાતો હોય ત્યાં પરિણામ પણ કેમ નીપજી શકે. માટે, મારી તો પ્રાર્થના છે કે તમે આ વખતના મૌનમાં એવી ભક્તિભાવની ભૂમિકાથી બેસો તો કંઈક જીવવાપણું બને.

તેથી મારે તમને પણ warn કરી (ચેતવી) દેવા જ ઘટે કે જો તમે લોકો કંઈ કશું earnestly (ગંભીરતાપૂર્વક) કરતા નહિ બની જાઓ તો આખરે આપણે ભાગે નિરુત્સાહનાં પૂરમાં જ તણાવાનું રહ્યા કરશે ને પછી તેનો દોષ મારા પર ઢોળવાનું કરાવ્યા કરશે. પ્રભુકૃપા જો હશે ને મને તે રીતે પ્રેરવ્યા કરશે તો દુનિયાની કોઈ પ્રવૃત્તિમાં તમને કોઈને ચેન જ ન પડે તેમ તે કૃપા તો મથતી જ રહેવાની. તેથી, કોઈ ને કોઈ કાળે તમારા મનને આ માર્ગમાં વળ્યા વિના આરો આવવાનો નથી, તે જાણશોજી.

**તમારું મૌન નજીકમાં આવે છે. તેથી, તમને હલાવવાનું શરૂ કરેલું છે. કૃપા કરીને રચનાત્મક રીતે હાલવાનું થયા જાય તો લાભ, લાભ ને લાભ જ છે.**

હરિઃૐ તા. ૯-૧-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમારાં બધાંની સેવા પ્રભુકૃપાથી જે થઈ છે તે ભલે તમારા હૃદયમાં ન ઊતરી શકી હોય, પણ આ જીવ પર પ્રેમભક્તિ વરસાવવામાં ઊણપ મને લાગે છે. તમે પોતે મારું કામ કર્યા કરો છો તેની ના નથી, પણ તે કામ કરતાં કરતાં જે ભક્તિભાવ હૃદયમાં પ્રકટવો ઘટે તે પ્રકટતો નથી એટલે તેવાં કામથી મને સંતોષ રહેતો નથી, ઊલટું કેટલીક વાર તો હૃદયમાં લાગે પણ છે.

• • •

# ૩૪. જીવનમાં દ્વિતીય ઝંઝાવાત

## ગાંધી નિર્વાણના બીજા દિવસે

હરિઃૐ તા. ૩૧-૧-૧૯૪૮, સવારે
હરિજન આશ્રમ, સાબરમતી

પૂજ્ય પ્રિય,

પૂજ્ય બાપુજી તો ગયા ! ગઈ સાંજે ૬.૪૫ વાગ્યે જાણ્યું. આંચકો અનુભવાયો. આંસુ સર્યાં ને સરવાં ચાલુ રહ્યાં. રેડિયો ઉપર સરદાર અને જવાહરનાં ભાષણો સાંભળ્યાં. ને રાત્રે થોડી તે અંગેની પ્રાર્થના કરીને ૧૦.૪૫ વાગ્યે સૂતાં. સવારે પણ પ્રાર્થના કરી.

મારા જીવનના તે આદ્ય ગુરુ હતા - છે. તેમનાથી પ્રેરણા પામ્યો છું. જીવનનું ઘડતર શરૂ થયું છે તે સર્વ તાજું થયું ને તે તાજું થતાં હૃદય ગદ્‌ગદ થયા કરતું. આજે સ્વસ્થતા છે.

ગઈ કાલે સાંજે ૬ વાગ્યે 'ગાંધીજીની તીર્થયાત્રા'એ નામનો લેખ અખંડ આનંદમાંથી વાંચતો હતો. એક પ્રસંગ વાંચીને મૂક્યો ને જમવા ગયો - જમીને બહાર આવતાં આ માઠા સમાચાર જાણ્યા. તેઓના અવસાન સમયે કદાચ આ લેખ જ હું વાંચતો હોઈશ. કોઈ દિન નહિ ને કાલે જ એ વાંચવાનું આવ્યું !

લિ. છોરું નંદુના પાયલાગુ

## પૂજ્ય શ્રીઅરવિંદ સાથે જોડાવાનો નિર્ણય

આખો દેશ પૂજ્ય ગાંધી બાપુના મૃત્યુના શોકમાં ડૂબી ગયો. શ્રી નંદુભાઈના તો એક સમયના તેઓ ગુરુ હતા. હજુ તો ત્રણ દિવસ પહેલાં આશ્રમ બનાવવાની વિચારણા અને તે માટે ઉત્સુકતા વ્યક્ત કરી હતી, ત્યાં ફરીથી શ્રી નંદુભાઈ નિરાશામાં સરી પડ્યા

અને પૂજ્ય શ્રીમોટાને પોતાનો ભાવિ ઈરાદો જણાવી દીધો. તેના પ્રત્યુત્તરમાં **પૂજ્ય શ્રીમોટાએ લખ્યું કે :-**

હરિઃૐ તા. ૨-૨-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

'મારી સાથે રહેવાનું અનુકૂળ માનસ ૮ વર્ષે પણ જો ના થયું હોય તો હવે થવાની આશા બંધાતી નથી.' એમ તમે લખો છે. કિંતુ તે વાજબી નથી. તમે **'જીવનસંગ્રામ'** વાંચ્યું લાગતું નથી. ફેરફાર એ તો જીવનનો એક સળંગ કાર્યક્રમ છે. જો ફેરફાર તો થયા કરવાના તો પછી આપણામાં પણ કેમ નહિ થાય ? મારી સાથે રહેવાને આપણું અનુકૂળતાવાળું થાય તે અંગેના સર્વ ભાવે ને સર્વ રીતના હૃદયથી સતત એકધારા પ્રયત્ન કરતા રહીએ ને એ પ્રયત્ન એ જ આપણા સંતોષનું કારણ હોવું ઘટે. જે **જીવ પોતાના જીવનધ્યેયને ટોચે પહોંચવા કાજેનાં જે યોગ્ય કર્મ છે તે યોગ્ય કર્મ કર્યા કરવામાં જ પોતાની ઈતિકર્તવ્યતા ને કૃતકૃત્યતા અનુભવે છે, તેવાને જીવનમાં નિર્બળતા પ્રવેશી શકતી પણ નથી, તે નક્કી વાત છે.**

**ભૂત વળગે તેને તો કોઈ કાઢી શકે, પરંતુ તમારે ગળે અથવા તો જે કોઈ એવા ચેતનમાં પ્રકટેલા છે, એવા આત્માઓ કોઈને ગળે વળગેલા છે, તે તો છૂટી શકે તેવું નથી.**

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ

**શ્રીસદ્ગુરુ**

પૂજ્ય શ્રીમોટા કહે છે કે '....પરંતુ **મારે તો શ્રીપ્રભુકૃપાથી મળેલાંમાં પ્રવેશવું છે અને એ પ્રવેશ તો પ્રકૃતિ દ્વારા જ થઈ શકે.**

**તેથી, મળેલાં સામા જીવોનો પ્રેમભક્તિપૂર્વકનો જ્ઞાનાત્મક સહકાર જ્યાં સુધી ન મળે ત્યાં સુધી કંઈ કશું કામ (જ્ઞાનનું), કંઈ પણ થઈ શકવાની યોગ્ય શક્યતા પ્રગટી શકતી નથી.** આવી સ્થિતિ હોવા છતાં ચેતનાનિષ્ઠ આત્મા એથી કંઈ હારી જતો નથી. મળેલાં જીવોમાં પેલા ચેતનાનિષ્ઠનો સંકલ્પ વારે વારે પછડાઈને પાછો ફરતો હોય છે. એવી એક વારંવારની પ્રક્રિયાને કારણે પેલા ચેતનાનિષ્ઠની સાથે પેલા જીવ પ્રકારના શરીરવાળાનો સંબંધ કાયમનો થઈ જતો હોય છે. તેથી, પેલા જીવને ભલેને કેટલાયે જન્મ થાય, તેમ છતાં પેલા ચેતનાનિષ્ઠનો તેના શરીરનાં મનાદિમાં પડેલો સંકલ્પ, પેલાના જુદા જુદા હયાત શરીરના વખતે તેનાં મનાદિમાં ઝબકારા મારતો હોય છે અને અંતે તો તેને ચેતનાના પ્રવાહમાં ઘસડી ગયા વિના તે સંકલ્પ રહેવાનો નથી, તે પણ એક અનુભવના પ્રદેશની હકીકત છે.'

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ., પૃ. ૩૫-૩૬)

(અનુષ્ટુપ)

તે છટકી જવાનું તો કદીયે જાણતો નથી,
જવાબદારી પોતાની સ્વીકારી, વર્તતો ચહી,
છતાં જવાબદારી કૈં ના હોય એમ જીવને,
-નિરાંતે નિજની ચાલે નિશ્ચિંતે વર્તતો જગે.

એ જેવો વળગેલો રહે, તેવું તો કોઈથી કદી,
-વળગી ના શકાતું છે, કેવો તે દૃઢ દિલથી,
આપણે જઈએ ભૂલી, કિંતુ તે નથી ભૂલતો,
એનો સંબંધ જીવંતો અખંડ, અકબંધ શો !

સદ્‌ગુરુ પ્રેમની તોલે જીવનો પ્રેમ તુચ્છ છે,
એવાનો પ્રેમ સંપૂર્ણ અનંતાનંત પાર છે,
પ્રેમસ્વરૂપ પોતે છે, એનાં પાસાં અનેક છે,
એવો જીરવવો પ્રેમ દુષ્કર, દોહ્યલો જ છે.

છો અપમાન, સત્કાર એને બન્નેય જીવને,
-મળ્યા કરે, છતાં તેમાં તેનો જીવ ન જાય છે,
તટસ્થ પૂર્ણ બન્નેમાં શોકહર્ષ કશો ન છે,
સદા સંતુષ્ટ સંપૂર્ણ પોતામાં શો નિરંતરે !

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ., પૃ. ૫૮-૫૯)

શ્રીમોટા સાથે જોડાયાને આઠ વર્ષ થવાં આવ્યાં હતાં. આ સમય દરમિયાન શ્રીમોટાના ચેતનપણાના અનેક અનુભવો થયા, પોતાની અને પોતાના કુટુંબીઓની પ્રકૃતિમાં પણ થયેલા ફેરફારો અનુભવ્યા. છેલ્લા એક વર્ષ થયા પોતાની સાધનામાં પ્રગતિ અનુભવાતી ન હતી. ધ્યાન કલાક સુધીયે થતું નહિ. જપ અડધો - એક કલાક થતો. મોટા અક્ષરે લખીને દીવાલ ઉપર ટાંગેલા સાધનામર્મના ૩૭ મુદ્દા પ્રમાણે પણ વર્તી શકાતું ન હતું. શ્રી નંદુભાઈ જણાવે છે કે 'અહીંના કરતાં બીજે જઈએ તો મને ફાયદો થશે. મને ન તો આસક્તિ હતી એમના શરીરની, ન તો આશ્રમની કે કોઈ પણ. એ આવે તોય રાજી ને જાય તોય રાજી. મારે તો સાધના કરવી છે એ જ વાત હતી. આથી, બીજો હરખ શોક ન હતો, જોકે આમાં એક જાતની ઉદાસીનતા હતી. કંઈ ઊંચી સિદ્ધિ ન હતી.

શ્રીઅરવિંદના સાહિત્યનું હું વાંચન કરતો હતો. આથી, એમ દૃઢ થયેલું કે હર્ષ કે શોક કશું જ કરવું નહિ, પણ આ બધું

બુદ્ધિની સમજથી થતું હતું. આથી, આવો હું પ્રયત્ન કરતો હતો. મેં એમને એમ પણ કહેલું કે 'મને એમની સાથે એવા અનુભવો થયા છે કે એને નકારી શકતો નથી.' શ્રીમોટા કહેતા કે 'ગમે તેવા ચમત્કારિક અનુભવો તમને થાય પણ તમારામાં યોગ્ય ભૂમિકા નહિ હોય તો માથા પરથી પસાર થઈ જશે.' શ્રીમોટાની સાથે મેં ઘણા ચમત્કારો અનુભવ્યા છે પણ મને એનું મૂલ્ય નથી, પણ આ જે હું પાંચ વર્ષથી એમની સાથે રહ્યો છું. આથી, મારા સ્વભાવમાં ફેરફાર થયો છે કે નહિ એ જ મારે જોવાનું. **શ્રીમોટાએ ખાસ કહેલું કે આપણામાંના કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, રાગ, દ્વેષ વગેરેમાં ફેરફાર થાય છે કે નહિ એનું જ ધ્યાન રાખવાનું.** આ વાત મેં પકડી રાખેલી.

આવી પરિસ્થિતિમાં મન ફરી બળવો કરી ઊઠ્યું કે હવે પોંડિચેરી જઈને શ્રીઅરવિંદના આશ્રમમાં જોડાઈ જવું છે. એ બાબત શ્રીઅરવિંદ આશ્રમ પત્ર પણ લખી નાખ્યો. આઠ વર્ષના પુત્ર સિદ્ધાર્થના અભ્યાસાર્થે પોંડિચેરીની એકૅડૅમીમાં દાખલ કરવાનું ફૉર્મ લઈ આવ્યા.

## બાહ્ય દેખાવ

શ્રી નંદુભાઈએ પોતાના જ અનુભવથી **'આશ્રમની અટારીએથી'** પુસ્તકમાં 'મુક્ત અને મુખકાંતિ' પ્રકરણમાં લખ્યું છે કે 'સામાન્યતઃ તો એમ બને છે કે અમુક વ્યક્તિ મહાન છે, તે ખ્યાલથી જ આપણા પોતાના તેમના પ્રત્યેનાં ભક્તિ અને ભાવને કારણે આપણને મુખ ઉપર તેજ જણાય છે. બે મહાન વ્યક્તિઓ- સ્વામી રામદાસ અને પૂજ્ય શ્રીઅરવિંદને લઈએ તો એ બન્નેને

જોતાં જ સૌ કોઈ વંદશે. તેમના પ્રતિ આકર્ષાશે. મારી સમજણે તે બન્નેનો રંગ શુભ્ર છે એ કારણ છે. મુખાકૃતિ આકર્ષક છે. મુખ ઉપર એક જાતની ચામડીનો ચળકાટ છે. શ્રીઅરવિંદને તો ભવ્ય દાઢી પણ છે. મોટે ભાગે જે લોકો આકર્ષાય છે, તે તો આંતરિક ગુણવિકાસને કારણે નહિ, પરંતુ બહારના ભવ્ય દેખાવને કારણે તેમાં વળી એવી વ્યક્તિએ જો ભગવાં વસ્ત્રો પહેર્યાં હોય અને તેમની નામના સંત તરીકેની કે સાધુ ભક્તજનની હોય તો સૌ કોઈ આકર્ષાય અને પગે લાગે. આમ છતાં તેમની આધ્યાત્મિક ભૂમિકા મુદલે પેદા થઈ નથી. અરે ! જગતના સામાન્ય માનવીના કરતાં પણ ઊતરતી કક્ષાની તે વ્યક્તિ હોય ! જ્યારે બીજી બાજુથી અનાકર્ષક વ્યક્તિઓ એવી જાણી છે કે જેનો આધ્યાત્મિક વિકાસ ઘણી ઉચ્ચ ભૂમિકાએ થયો હોય ને મુક્ત પણ હોય. લોકો તો બહારના દેખાવથી આકર્ષાય છે, નહિ કે આંતરિક ગુણની પરીક્ષાથી. કારણ લોકોને આંતરિક ગુણવિકાસની શી ખબર પડી શકે !'

શ્રીઅરવિંદ તે સમયે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા મહાન યોગી હતા. તેમનું નામ ૧૯૪૩ અને ૧૯૫૦, એમ બે વખત નોબેલ પ્રાઇઝ માટે સૂચવાયું હતું.

આનાથી વિપરીત બાહ્ય દેખાવ ધરાવતાં પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈને આકર્ષી શકતા ન હતા. રાષ્ટ્રિય કે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ તો શું પૂજ્ય શ્રીમોટાને હરિજન આશ્રમમાં પણ કોઈ સાચી રીતે ઓળખતું ન હતું.

આશ્રમમાં માત્ર ટૂંકામાં ટૂંકી ચડ્ડી પહેરીને ફરનાર, 'બાઘા' જેવો જાણી જોઈને દેખાનાર, કહેવાતી સભ્યતા જરાકે ના પાળનાર,

ગાંધીજીના આશ્રમ જેવા ગંભીર વાતાવરણમાં પણ મો...ટેથી બૂમો પાડીને કેટલાંયને આઘાત અને તે નહિ તો તાજુબી અને કંઈક ઘૃણા અને અવમાનના ઉપજાવનાર, કેટલાંયને અભણ દેખાનાર, કેટલીક આશ્રમની કન્યાઓ તો ગાંડો ગણતી અને પજવતી, ત્યાંની સભ્ય રીતભાતમાં પણ તદ્દન બોડકું માથું રાખી તદ્દન નિઃસંકોચપણે ફરનાર, અક્કલ હોશિયારીનો તો મોઢા ઉપર છાંટોય ના મળે અને એવી રીતે 'ગધેડા'ની ઉપમા પણ પામનાર એવા મારા ઉપર આ બધાંનો આટલો ભાવ ક્યાંથી ! આશ્રમમાં ઘણીયે વખત મારી સાથે એકાંતમાં બેસવાથી શાંતિ, આનંદ, પ્રસન્નતાના અનુભવો તમને થયા છે.

('જીવનસંશોધન', ચોથી આ., પૃ. ૧૬-૧૭)

**પૂજ્ય શ્રીમોટાને કોણ ઓળખી શકે કે આ મુક્ત પુરુષ છે !**

પૂજ્ય શ્રીમોટા લખે છે કે 'આ જીવને ફાટફાટ થતા હૃદયથી અને તલસાટથી કોઈ જીવ ચાહી શક્યો નથી. અમને ચેતનની દૃષ્ટિએ સમજનારા હજી તો કોઈ જાણ્યા નથી. એક પૂજ્ય 'ગોદડિયા મહારાજ' કરીને છે, તે અમને સાચી રીતે જાણે છે અને ઓળખે છે. મળેલાં સ્વજનોએ હજી અમને હૃદયથી પૂરા ઓળખ્યા નથી. એ અમારું કમભાગ્ય નથી, પરંતુ જેમણે સંગ કરીને હૃદયથી સંગ કરી જાણ્યો નથી તેમનું કમભાગ્ય છે.'

('જીવનમંડાણ', પાંચમી આ., પૃ. ૧૨૪-૨૫)

**પોતાની પ્રકૃતિ**

શ્રી નંદુભાઈનું વ્યક્તિત્વ એક જ્ઞાની-યોગી જેવું હતું. મંદિર, પ્રાર્થના, ભક્તિ વગેરે એમના સ્વભાવને અનુરૂપ ન હતું. શ્રી

નંદુભાઈને ધ્યાન-ત્રાટક વગેરેમાં વધારે રસ હતો. આ કારણે લાંબા વાળ અને લાંબી શુભ્ર દાઢીવાળા મહાન યોગી શ્રીઅરવિંદ તેમને વધારે આકર્ષક લાગતા હતા. તેમની અસર નીચે શ્રી નંદુભાઈ પોતે પણ ૧૯૪૫ સુધી લાંબા વાળ રાખતા.

## વ્યવસ્થિતિ

શ્રી નંદુભાઈનો એક મોટો ગુણ વ્યવસ્થિતિનો હતો. શ્રીઅરવિંદનો એક તેજસ્વી યોગીનો દેખાવ, તેમની પ્રસિદ્ધિ અને તેમના પોંડિચેરી આશ્રમના શિસ્તપાલનવાળા નીતિનિયમો બુદ્ધિનું પ્રભુત્વ ધરાવતાં, શ્રી નંદુભાઈને વધારે પ્રભાવિત કરતા હતા. શ્રીઅરવિંદ આશ્રમમાં સમયની પાબંદી હતી અને અનેક નીતિનિયમો હતા, જ્યારે શ્રીમોટા સાથે સાધનામાં મુક્ત વાતાવરણ હતું અને સંપૂર્ણ સ્વતંત્રતા હતી. શ્રી નંદુભાઈનું જીવન વ્યવસ્થિતિથી ટેવાયેલું હતું એટલે એમને શ્રીઅરવિંદ આશ્રમ સાથે વધારે તાલમેલ બેસે તેવું લાગતું હતું.

## ગુરુની સમીપતા

બીજું કારણ ગુરુની સ્થૂળ નિકટતા હતી. પૂર્ણપુરુષને પિછાનવો અને તેની બરાબર કદર કરવી એ કંઈ સહેલી વાત નથી. સાધારણ રીતે આપણામાં પૂર્ણપુરુષ વિશે ભિન્ન ભિન્ન વિચારો પ્રવર્તે છે. પુસ્તકોનાં વાંચનથી, આપણી પોતાની કલ્પનાના તરંગોથી, આપણી પોતાની સમજણના દૃષ્ટિબિંદુથી અને સમાજના પ્રચલિત વિચારોથી, પૂર્ણપુરુષની રહેણીકરણી વિશે અમુક દૃઢ ખ્યાલો આપણામાં પહેલેથી જ ઘર કરી બેઠેલા હોય છે.

('જીવનસંદેશ', સાતમી આ., પૃ.૩૧૧)

જ્યારે સાધક અને ગુરુની સ્થૂળ નિકટતા વધતી જાય છે ત્યારે જ મુશ્કેલી ઉદ્‌ભવે છે. આ સ્થૂળ નિકટતાના કારણે અનેક નાનામોટા પ્રસંગોને ઝીણવટથી અવલોકવાનું સાધકને બને છે. તે વખતે જાણેઅજાણે ગુરુના વર્તનનું મૂલ્યાંકન થઈ જાય એ સ્વાભાવિક છે, પરંતુ તે વખતે જો સાધક સભાન ન હોય તો એને માટે ખતરો છે. એ પોતાના સ્વીકારેલા ધોરણથી ગુરુના વર્તનને મૂલવવા જશે તો એમાં ખતરો છે.

('આશ્રમની અટારીએથી', પ્રથમ આ., પૃ. ૮૬)

ગુરુ જ્યારે સમીપ હોય છે ત્યારે જુદી જુદી પ્રકૃતિના અનેક માણસો સાથેનું તેનું વર્તન કેવું રહ્યા કરે છે, તે જોવાનું સાધકને મળ્યા કરે છે ખરું પણ ત્યારે શરૂઆતમાં સાધકને ગુરુના વર્તનમાંથી મેળવવાની કે સમજવાની જીવનની દૃષ્ટિ સાંપડેલી ન હોવાથી તેને ગુરુમાં દંભ, અહંભાવ, ડૉળ અને એવું કંઈ કંઈ લાધ્યા કરશે. મારી ઠોકીને કહો કે બીજી રીતે કહો, પણ ગુરુ પોતાનો પ્રભાવ, ઓજસ, મહત્તા, શક્તિ સાધકના દિલમાં-જોરજુલમથી ઠસાવવા માગે છે એવું પણ સાધક કલ્પ્યા વિના રહેતો નથી. જુદી જુદી વ્યક્તિઓ સાથે સાપેક્ષપણે અને યોગ્ય રીતે સરળપણે જ વ્યક્ત થતા જતા ગુરુના વહેવારને પણ માત્ર આડંબર તરીકે એવો સાધક માની બેસે એવો પણ પૂરો સંભવ છે.

સમીપતાથી ગુરુ પ્રત્યેનું આકર્ષણ ઓછું થઈ જવાનો સંભવ રહે છે. પોતાની નજર સામે જ દેખાયા કરેલો હોવાથી સાધકનું મન તેનો વિચાર કરતું અટકી પડે છે અને તેનામાં એટલું પરોવાઈ રહેતું નથી કે જેટલું તે દૂર હોય છે ત્યારે, આ માનસશાસ્ત્રીય

સત્યનું શરૂની કક્ષાનું જ્ઞાન પણ ગુરુને હોવાથી તે પેલા સાધકના વલણ પ્રત્યે સમતા ધારણ કરે છે.

('જીવનસંદેશ', સાતમી આ., પૃ. ૨૨-૨૩)

## શ્રીસદ્‌ગુરુ

(અનુષ્ટુપ)

જેને વિચારવાનું તે જેમ જે કરવું ગમે,
તેને તે તે પ્રમાણેનું થવા દેતો શું હોય છે !
આડે કશાની ના આવે, પોતે નિત્ય પ્રવાહમાં,
-પોતાના જ વહેતો તે, જીવંતો વળી આપમાં.

એ તો થતું જે હોય છે જેમ તેને તેમ થવા જ દે,
શો અનાસક્ત એવો તે ! ને નિરાગ્રહી પૂર્ણ છે,
આડખીલી કશા વચ્ચે તે કદીય થતો ન છે,
પોતાની મેળે સૌને તે સ્વતંત્ર વર્તવા જ દે.

('શ્રીસદ્‌ગુરુ', ત્રીજી આ., પૃ. ૮૧-૮૨)

શ્રી નંદુભાઈએ પૂજ્ય શ્રીમોટાને કહ્યું, 'મારે અરવિંદ આશ્રમમાં જવું છે.' શ્રીમોટા કહે, 'મારી રજાની જરૂર નથી. તમે ત્યાં જશો ત્યાં મારું જ ધામ છે. આ પણ મારું જ ધામ છે. તમે જ્યાં જશો ત્યાં મારા ભાઈ તરીકે યાદ કરીશ અને વેલ્કમ કરીશ. આપણો સંબંધ છૂટી જવાનો નથી. તમને જ્યાં તમારું હિત લાગતું હોય ત્યાં ખૂબ ખુશીથી જાવ. ખૂબ આનંદથી જાવ.' આ સાંભળ્યું એટલે નંદુભાઈને થયું કે સામાન્ય ગુરુઓ પોતાના શિષ્યોને જોડે રાખવા માટે અને ખાસ કરીને બે પૈસે સુખી હોય તેને ખાસ

જકડી રાખવા માટે પ્રયત્ન કરે છે. શિષ્યોની સંખ્યા વધારવા માટે પણ પ્રયત્ન કરે. જ્યારે શ્રીમોટાએ તો મને ખૂબ પ્રેમથી, ખુશીથી, આનંદથી જવાની સંમતિ આપી. એક શબ્દ પણ એમણે દિલગીરીનો કે નાખુશીનો દર્શાવ્યો નહિ. આમ છતાં શ્રી નંદુભાઈએ તો પોંડિચેરી જવાનું નક્કી કરી નાખ્યું !

## મુક્તનું જીવન ક્યારે કૃતાર્થ થાય ?

હરિ:ૐ તા. ૬-૨-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

'પુનિત પ્રેમગાથા'માં પૃ. ૧૯૫ 'પ્રેમભાવ સ્પર્શ' શીર્ષકનું જે તમને તા. ૯-૨-૧૯૪૪ના રોજ લખાયેલું છે, તેનું તે જ મારે તમને હૃદયથી આજે પણ કહેવું છે ને કહેવાનું છે. કૃપા કરી મનન કરજો.

### પ્રેમભાવ સ્પર્શ

(શાર્દૂલવિક્રીડિત)

હૈયાકેરી વરાળ કાઢી તમને હું સંભળાવ્યા કરું,
પ્હોંચી ના શકતી દીસે હૃદયમાં, વચ્ચે નડે છે કશું,
તોડી કોટલું નાખવું જરૂરનું તે કેમ પૂરું બને ?
એવા કૈંક વિચાર આ હૃદયમાં સ્ફુર્યા કરે છે હવે.

કેવો પામર માનવી તણખલા જેવો, કહી શું શકું ?
તોડીયે તૃણ ના શકું, બળ પ્રભુ! મારામહીં ના કશું,
શો આધાર ધર્યા કરું તુજ પરે સૌ વાતમાં હું પ્રભુ !
હૈયાની મુજ પ્રાર્થના તુજ પદે મૂક્યા કરું છું પ્રભુ !

ના ઉતાવળ કૈં કશે પ્રભુ ! મને સૌ ધાર્યું તારું બનો,
છોને કાસળ નીકળી મુજ જતું ચિંતા ન એની ધરું.
ધાર્યું માનવીનું થતાં, મનમહીં ગર્વિષ્ઠ શું લાગતો !
એનું ચિંત્‌વન જ્યાં થવું ઉર ઘટે, પોતાનું ત્યાં ધારતો.

પોતાની ઉરશક્તિ માપમહીં જે શક્તિ પ્રભુની ગણે,
પોતાનું ચહ્યું કૈં થતાં પ્રભુતણો આભાર શો માનશે !
તે નિર્માલ્યપણું હ્રદે નીરખશે, કર્તવ્ય સૌ નિજમાં,
એમાં સર્વ કૃપા પ્રતાપ પ્રભુનાં જાણી રહે નમ્ર ત્યાં.

જ્યાં જ્યાં સ્પર્શ થતાં જ પ્રેમ હ્રદયે કોનોય એને હ્રદે,
જેને ખ્યાલ પ્રભુતણો ઉર ઊગે તેમાં ખરે ધન્ય તે,
જે જે સર્વ થતું કૃપા પ્રભુની તે એમાં નિહાળી ઠરે,
એવાનું શરણું ગ્રહી કર પ્રભુ લાવ્યા કરે છે ઊંચે.

પોતાને તૃણ માનીને પ્રભુબળે જે સૌ મથે છે હ્રદે,
જે આધાર પ્રભુ પરે જીવનની સૌ વાતમાં તો ધરે,
જે શ્રદ્ધા પ્રભુની પરે ધરી ધરી મંડ્યો રહે છે સદા,
તેના નાવતણા બધા સઢ વિશે વાયુ ભરે નાથ ત્યાં.

જ્યાં સુધી શરણે પૂરા થઈ ગયા ના હો તમે ઈશને,
ત્યાં સુધી હ્રદયે કૃપા પ્રભુતણી પૂરી ન ખેલી શકે,
પોતે એકલી તે કૃપાબળ પરે જ્યારે ઝઝૂમી શકે,
તે વેળા જ સ્વતંત્રતા જીવનની તે ન્યાળવા લાગશે.

જ્યાં હોવાપણું આપણું ભળી જતાં એનામહીં સૌ હ્રદે,
ત્યારે પ્રકૃતિખેલમાંય પ્રભુની તે ચેતનાને જુએ,

પૂંઠે વર્તી રહ્યા સહુમહીં ગુણો તે ચેતનાના બળે,
તેથી સારું ન ખોટું ક્યાંય દીસતું ગુણો વિના અન્ય કૈં.

ક્યાંયે ના બળ છે સ્વતંત્ર ગુણનું, એની પૂંઠે ચેતના,
આખું વિશ્વ રમે ગુણોની રમતે શું કેવું કેવું મહા !
જેવી હો ભૂમિકા ગુણોની જીવને તેવી દડે ચેતના,
જેવું બાળ રમે ઘડી રમકડું ને ફોડી નાખે કદા.

યદચ્છા પ્રભુચેતના જગતમાં શા ખેલ એવા રમે !
એનું સાક્ષીપણું હૃદે દઢ થતાં આનંદ શો ત્યાં ઝરે !
એ આનંદ થકી વળી પર રહ્યો આનંદ ઊંચો ખરે !
લાડીલો પ્રભુનો હૃદે વિરલ કો આનંદ તે પામશે.

કેવી ક્ષુલ્લક વાતમાં મન હજી શું આપણે રાચીશું ?
ગુણો ખેલ કર્યા જશે અવનવા ત્યાં ન્યાળવું યોગ્ય શું ?
ગુણોની રમતેથી ચિત્ત સઘળું ઉઠાવી લો પ્રેમથી,
એની પાછળ જે રમી રહી દીસે તે ચેતના લો ગ્રહી.

સર્વે કામ કરાવતી જગતમાં પૂંઠે રહી ચેતના,
ને દેખાવ ગુણો ધરી જ અમથો વચ્ચે રહ્યા છે ઊભા,
ને તેનું ઉપરીપણું કરી શકો જો દૂર પૂરેપૂરું,
તો શક્તિ પ્રભુચેતનાની હૃદયે નિહાળશો સર્વ શું !

('પુનિત પ્રેમગાથા', ચોથી આ., પૃ. ૧૯૫-૧૯૭)

તા. ૯-૨-૧૯૪૮ના રોજ આપણા સંબંધને ૮ વર્ષ પૂરાં થાય. મને છાતીએ હાથ મૂકીને એટલું તો લાગે છે કે આ જીવે તમારામાં પૂરા મળવાનો પ્રભુકૃપાથી પ્રયત્ન કરેલો છે. તમને

જગાડવા પ્રભુકૃપાબળથી જે થયું હોય ને તે થયું છે. હવે તો તમે દયા ને કૃપા કરો તો મારો દહાડો વળે. જ્યાં લગી મળેલાં સ્વજનોમાંથી એકની પણ નિષ્ઠા પાકી ન બનેલી હોય ત્યાં લગી જીવ્યું પ્રભુભાવે કૃતાર્થ ન ગણાય. તે ભાન પ્રભુકૃપા હૃદયમાં તમને જગાડો, એ જ પ્રાર્થના.


## બાપુનાં અસ્થિ

હરિઃૐ તા. ૬-૨-૧૯૪૮


હરિજન આશ્રમ, સાબરમતી.

પૂજ્ય પ્રિય,

આજે પાંચ વાગ્યે હું કાંતતો હતો ત્યારે પરીક્ષિતભાઈ કહેવા આવ્યા કે 'હું બાપુનાં અસ્થિ અને રાખ લેવા મુંબઈ જાઉં છું. કૉંગ્રેસ સમિતિમાં ફોન મુંબઈથી હતો કે કોઈકને મોકલીને મંગાવી લો. આજે પ્લેનમાં આવનાર હતા. તેવો પ્યારેલાલજીનો ફોન હોવાથી શહેરના સંભાવિત (પ્રતિષ્ઠિત) ગૃહસ્થો કમિશનર, કલેકટર, નરહરિભાઈ, પરીક્ષિતભાઈ, રોહિત મિલ્સવાળા વગેરે સૌ ઍરોડ્રામ ગયેલા, પણ અસ્થિ ના આવ્યાં ને બીજા પ્લેનમાં ડાયરેક્ટ મુંબઈ તે ગયાં. છાપાંમાં પણ આજે છપાઈ ગયેલું. તેથી, લોકો આશ્રમે પણ સાંજના આવેલા. અમદાવાદ કૉંગ્રેસ સમિતિને સરકારનો ફોન હતો કે રાખ ઑફિશિયલી જે આવવાની હતી તે આવી ગઈ છે, તે લઈ જાઓ. ને અસ્થિ અનઑફિશિયલી ખાસ સાબરમતી એકલા માટે આવનાર હતાં, તે અંગે સમિતિએ આજે દિલ્લી ફોન કર્યો કે કેમ અસ્થિ આજે ના આવ્યાં ? ત્યારે જવાબ મળ્યો કે જયસુખલાલ ગાંધી સાથે મુંબઈ તે પહોંચ્યાં છે, તે મંગાવી




પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી નંદુભાઈ, કુંભકોણમ્



શ્રી નંદુભાઈ



શ્રી નંદુભાઈ





સાધના - શ્રી નંદુભાઈ, કુંભકોણમ્ આશ્રમ,
(૧૯૫૧)

# શ્રી નંદુભાઈ




કુંભકોણમ્ આશ્રમનું પ્રવેશ દ્વાર


કુંભકોણમ્ આશ્રમનું બિલ્ડિંગ



કાવેરી નદીને કિનારે ઝરૂખામાં બેઠેલા પૂજ્ય શ્રીમોટા



પૂજ્ય શ્રીમોટા સાથે શ્રીનારાયણ સ્વામી

ઘરનું વાસ્તુ પૂજન





પૂજ્ય શ્રીમોટાના શુભહસ્તે ઘરનું વાસ્તુ પૂજન



શ્રી સિદ્ધાર્થભાઈનાં લગ્ન પ્રસંગે પૂજ્ય શ્રીમોટા, શ્રી નંદુભાઈ, કાંતાબા અને પરિવારના વડીલો

પૂજ્ય શ્રીમોટા સાથે શ્રી નંદુભાઈ અને શ્રી સિદ્ધાર્થભાઈ







શ્રી નંદુભાઈ, શ્રી સિદ્ધાર્થભાઈનાં લગ્ન પ્રસંગે

લ્યો. સમિતિએ પરીક્ષિતભાઈનું નામ અસ્થિ અને રાખ લેવા મોકલવાનું નક્કી કરીને નરહરિભાઈને સંદેશો મોકલાવ્યો કે 'પરીક્ષિતભાઈ માટે સેકંડ ક્લાસની ટિકિટ રીઝર્વ કરાવી છે. આજે તે રાખ ઑફિશિયલી સરકાર પાસેથી અને અસ્થિ જયસુખલાલ પાસેથી લઈ જવા જાય ને લઈને વળતાં સેકંડ ક્લાસમાં પાછા ફરે ને ખર્ચ સમિતિ આપશે. આ સમાચાર પરીક્ષિતભાઈએ મને કહ્યા. મેં દુઃખ સાથે તેમને કહ્યું કે 'પૂ. બાપુનાં અસ્થિ સેકંડ ક્લાસમાં ? અને તેય Crowded second classમાં ? Sanctity of sacrad bones is this ? સરકાર પણ સમજતી નથી. સમિતિ પણ સમજતી નથી. કાં તો રીઝર્વ ફર્સ્ટ ક્લાસમાં લઈ આવો કે કાં તો પ્લેનમાં લઈ આવો. પરીક્ષિતભાઈ કહે, 'પણ પૈસા સમિતિ આપનાર હોવાથી તેઓ જેમ ગોઠવણ કરે તેમ જ થાયને ?'

મેં તરત જ કહ્યું કે 'પૈસાનો પ્રશ્ન હોય તો મારા ખર્ચે તેમ કરો.' પરીક્ષિતભાઈ કહે, 'અમને તો સેકંડ ક્લાસ આવવા જવા માટે સમિતિએ ઑફર કરેલ. તેથીયે આનંદ હતો - સંતોષ હતો, પણ તમો સૂચવો છો તે જરૂર better તો છે જ.' પછી અમો બન્ને નરહરિભાઈ પાસે ગયા. ને તેમણે વનુબહેન વગેરેએ પ્લેન પસંદ કર્યું. ટ્રેનમાં એક તો રીઝર્વ ફર્સ્ટ ક્લાસ એટલે બે ટિકિટના રૂ. ૧૪૦ અંદાજે થાયને. પ્લેનમાં રૂ. ૭૦ અંદાજે થાય. તેથી, એક તો એ અને બીજું કે ટ્રેનમાં લાવશો તો ટ્રેનમાં ચોરીઓ થાય છે. મારફાડ થાય છે. જાગવું પડશે તે જોખમ. તેથી, પ્લેન જ સારું. એટલે સર્વાનુમતે પ્લેનનું નક્કી થયું છે. પરીક્ષિતભાઈ સીધા મોરારજીભાઈને ત્યાં ઊતરશે ને પ્લેન પેસેજ રીઝર્વ કરાવી લેશે ને

અત્રે અમદાવાદ ફોન કરે. આવવાની ડેટ અને સમયે નરહરિભાઈ ત્યાં ઍરોડ્રામે લેવા જશે અને મોરારજીભાઈ વગેરે ટ્રેનની સલાહ આપે તોપણ પ્લેનમાં જ આવવું એમ નરહરિભાઈએ જણાવ્યું. પરીક્ષિતભાઈ બિચારા મુઝાણા હતા પણ નરહરિભાઈએ કહ્યું કે 'આપણે પેસેજના પૈસા આપી જ દેવા ને કહેવું કે ટિકિટ મેળવી આપો. પછી કશી ભાંજગડ નહિ. કદીક ટ્રેનની વાત નીકળે તો કહેવું કે એક મિત્રે તેનો ખર્ચ આપેલ છે.

આમ નક્કી થયું ને મેં રૂ. ૮૦/- પરીક્ષિતભાઈને આપેલ છે- પેસેજ પેટે. તેઓ તો કહેતા હતા કે સરકારની જ ફરજ છે, પ્લેનમાં મોકલવાની વગેરે હું પ્લેનનું ફેર (ભાડું) મેળવવા કોશિશ તો કરીશ.

આમ, પ્રભુએ મને તાત્કાલિક સુઝાડ્યું અને અડધા કલાકમાં પ્રભુકૃપાથી આમ ગોઠવાઈ શકાયું તેથી આનંદ થયો.

અસ્થિ શેમાં લાવશો એમ મેં પૂછ્યું. પરીક્ષિતભાઈ કહે, 'રાખ માટે તો સુખડની પેટી છે - સરકારે કરાવી છેને.' અસ્થિ તાંબાના લોટામાં આવશે. લોટો સાથે લીધો છે. આથી, મેં ચાંદીનો ઢાંકણાવાળો લોટો તથા સુખડ અને હાથીદાંતની તમે સિદ્ધાર્થને આપેલ પેટી - એ બે આપ્યા ને નરહરિભાઈએ ચાંદીનો લોટો પસંદ કર્યો છે. ને આપણે ત્યાં જમીને પરીક્ષિતભાઈ નીકળ્યા. તે આખરે જતી વખતે નીકળતાં પહેલાં તૈયાર થઈને પરીક્ષિતભાઈ ખાસ મળવા આવ્યા. આટલું લખ્યું ત્યાં તેઓ આવ્યા. બે હાથ જોડીને મને નમન કર્યું, કાંતુને નમન કર્યું ને ગળગળા થઈ ગયા. પ્રથમ વાર જ મેં તેમને આમ અત્યંત આર્દ્ર હૈયાવાળા ને નમન કરતાં ભાળ્યા.

અસ્થિ પ્લેનમાં લાવવાનું નક્કી થતાં પરીક્ષિતભાઈને તે ગમ્યું. નરહરિભાઈને તો ગમ્યું જ ને મને તો ખૂબ જ ગમ્યું. સાથે સાથે એમ પણ થયું કે કમભાગ્ય છે હિંદનું કે આપણી ભાવનાઓ પણ અદૃશ્ય થતી જાય છે. ન તો સૂઝ્યું સરકારના પ્રધાનોને કે ન તો સૂઝ્યું કૉંગ્રેસ સમિતિને. પ્રભુએ જ મને નિમિત્ત બનાવ્યો છે. જે અસ્થિને માટે લોક પડાપડી કરે, જેને માટે આજે સંભાવિત ગૃહસ્થો ઍરોડ્રામે ગયેલાં. તે અસ્થિ હિંદના શ્રેષ્ઠવર દેહનાં અસ્થિ સાધારણ માણસની જેમ સેકંડ ક્લાસમાં એક ટિકિટમાં લાવવાનું નક્કી થયું હતું. એક સાધારણ સેનાપતિનાં અસ્થિને ને અસ્થિ એટલે દેહ જને ? દેહનું સૂક્ષ્મ સ્વરૂપ પણ લોકો આમ આવી રીતે ટ્રેનમાં ના લાવે. જે સુઝાડ્યું પ્રભુએ તે માટે તેનો મહદ ઉપકાર - તમારો મહદ ઉપકાર. 'પરીક્ષિતભાઈ જેવા પવિત્ર આત્માની પસંદગી કરી કૉંગ્રેસ સમિતિએ', એવું નરહરિભાઈ બોલેલા. આવાં અસ્થિ પૂજ્ય બાપુનાં અસ્થિ તેમના જ આશ્રમમાં લાવવાને સરકાર સ્પેશિયલ પ્લેન મોકલે તે જ ખરી રીતે યોગ્ય ગણાય. પ્રધાનો તેમના કામે સ્પેશિયલ પ્લેનમાં જાય ને બાપુનાં અસ્થિ Crowded second classમાં ? હતભાગ્ય હિંદીજનોની ભાવનાને શું થવા બેઠું છે !

લિ. છોરું નંદુના પાયલાગુ

હરિ:ૐ ता. ૭-૨-૧૯૪૮

હરિજન આશ્રમ, સાબરમતી,

પૂજ્ય પ્રિય,

આજે સવારે પૂ. નરહરિભાઈ પોતે આપણા ઘરે આવ્યા

અને મને કહે, 'રાત્રે બે વાગ્યે શાંતિકુમારનો તાર છે કે અસ્થિ આજે સવારે પ્લેનમાં આવે છે, ને બીજો તાર સરલાદેવી સારાભાઈને પણ કર્યો છે. બે ઘડી ખાતરી માટે ત્યાંથી પણ સંદેશો છે. તો તમો નવ વાગ્યે તૈયાર થઈ જજો. ગાડી બોલાવી છે. આપણે ઍરોડ્રામ જઈશું.

કાંતુને પણ સાથે આવવા કહેલું. તેથી, અમો બન્ને તથા સિદ્ધાર્થ (સુરેન્દ્રને શાળા હતી) ત્રણ ઍરોડ્રામ ગયેલાં. રોહિત મિલ્સના ચીનુભાઈની બે કાર આવેલી. ત્યાં ૭૦ માણસો શહેરમાંથી આવેલાં. કૉંગ્રેસવાળા તથા શેઠિયાઓ આશ્રમે અસ્થિ લાવ્યાં છે. રોહિત મિલ્સવાળા ચીનુભાઈએ તથા વાડીલાલભાઈએ ૧૭ વર્ષ બાદ ઓળખાણ - તે સમયની તાજી કરી. તેઓએ જ વાત કાઢી ને ગાયકવાડ હવેલીમાંથી હું કેવી રીતે નાઠેલો તે વાત નરહરિભાઈને ને બધાંને ચીનુભાઈએ કહી બતાવી. ને આવતાં ને જતાં તેમની સાથે જ હું તેમની કારમાં આવેલો. તે સહેજ. તેઓ મને જરા વિસ્મરી ગયેલા ને પૂછ્યું કે 'ત્રિચિવાળા ઝવેરી જને તમે ?' પછી ઓળખાણ કાઢીને વાતો થઈ બધી નરહરિભાઈના ઘરમાં.

અસ્થિ - (હાડકાં) રાખ પરીક્ષિતભાઈ હવે લાવશે. સરકારી રાખ તે અંગેનો પણ કાર્યક્રમ કૉંગ્રેસ કરવાની છે. અસ્થિ હાલ આપણા નવા કરાવેલા સિંહાસન જેવા બાજઠ પર મૂક્યાં છે, ને ફૂલો બધાં પણ આસપાસ વેર્યાં છે ને તે બધું આપણી પાટ ઉપર મૂક્યું છે. પાટ ઉપર બાજઠ ને તે ઉપર અસ્થિ. બાજુમાં ચાંદીની આપણી ફ્રેમ - હરિઃૐની. ફ્રેમમાં બાપુનો ફોટો ને તેની પાસે

અખંડ ઘીનો દીવો આપણા કોડિયામાં - આ બધું નરહરિભાઈના કહ્યાથી ને સૂચવ્યાથી કર્યું છે. બાજઠ ધન્ય થયો એમ જરૂર લાગ્યું.

અસ્થિ તા. ૧૨સુધી આશ્રમમાં સમાજ, જનતા માટે બહાર રહેશે ને તે તા. ૧૨મીએ જે તે ઘટતું થશે.

તમારું લખવું અક્ષરશઃ સત્ય છે - **બાપુ જીવ્યા આત્મસાક્ષાત્કાર માટે ને મર્યા રામનામ હોઠે અને હૈયે રાખીને. તે યા તેમના જીવનના એકાદ પાસાને માનવી અનુયાયી ભક્ત, વળગીને તેને જીવનમાં ઉતારે તો સારું.**

કાંતુ અને હું આજે સવારે જમ્યાં નથી. અસ્થિ આવવાના કારણે સાંજે જમીશું. - લિ. છોરું નંદુના પાયલાગુ

## પૂજ્ય શ્રીમોટાનો આંસુ નીગળતો પત્ર

હરિઃૐ તા. ૧૨-૨-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમારા તા. ૬ ને ૭ના પત્રો મળ્યા. તમારા તે પત્રો વાંચી આંખમાંથી આંસુની ધારા વહી ચાલી. તેમાં હૃદયમાં ઘણો જ ભાવ ઊભરાયો. તમને આંસુ નીગળતાં કેટલી કેટલી વાર કાગળ લખેલા છે કે જેનાં ચિહ્ન કાગળ પર હોય.

તમે પૂજ્ય બાપુજીનાં અસ્થિ ને ભસ્મ કાજે ખપમાં આવ્યા તેથી ઘણો જ આનંદ થયો છે. એ મહાત્માના શરીર જતાં પહેલાં તમોને એની સાથે રહેવાનું સદ્ભાગ્ય પ્રભુએ કરાવ્યું. તેમાં એનાં કૃપાહેતુ હતાં જ. એ કૃપાહેતુનું તમને ભાન જાગો, એ જ પ્રાર્થના.

## ગાંધીજીનાં અસ્થિ-ભસ્મ પૂજામાં

હરિઃૐ તા. ૧૬-૨-૧૯૪૮

કુંભકોણમ્

પ્રિય ભાઈ તથા પ્રિય કાંતુ,

અહીં કુંભકોણમ્માં તા. ૧૯-૨-૧૯૪૮ને ગુરુવારે સવારે સાત વાગ્યે પૂજ્ય બાપુજીનાં અસ્થિ-ભસ્મ આવવાનાં છે ને ખૂબ લાંબું મોટું સરઘસ નીકળવાનું છે. જોકે તેમાં હું પોતે તો જઈ શકવાનો નથી.

**કુંભકોણમ્ મોટું તીર્થ છે** એમ જાણીને કુંભકોણમ્ને ભાગે તે પવિત્ર અસ્થિ ભસ્મ મળી શક્યાં હશે. આશ્રમમાં તેમાંની ભસ્મ હોય તો તે જરાક જેટલી ચાંદીની ડબ્બીમાં તમારે રાખવી એમ મારી તમને વિનંતી છે, પણ સંમતિ પૂ. નરહરિભાઈની મેળવીને લેવાય તેમ હોય તો જ. તમારી પૂજામાં તે રાખવી. મૌનમાં પણ તેને પૂજામાં રાખવી.

• • •

## ૩૫. પોંડિચેરી જવાના નિર્ણયના પ્રત્યાઘાતો

HARIOM તા. ૩-૯-૧૯૪૮
વઢવાણ શહેર

My Dear brother,

Got your p.c. of yesterday. You think too much and that too without any meaning and sense. Kindly think creatively and think of life and its creator, that will be really something worthwhile in life. I pray lovingly not to ponder over the .........things but ponder over the things permanent and the life divine. Remain deep in meditation mood; after all that is the real wealth. I pray for you and to you as I pray for myself to my lord for not .........your ego too much in worldly things.

- With truely yours in love Mota

હરિઃૐ તા. ૩-૯-૧૯૪૮
(ગુજરાતી અનુવાદ) વઢવાણ શહેર

પ્રિય ભાઈ,

તમારો પત્ર ગઈ કાલે મળ્યો છે. તમે કોઈ પણ અર્થ વિનાનું અને સમજણ વિનાનું વધારે પડતું જ વિચાર્યા કરો છો. કૃપા કરીને જીવન વિશે અને જીવનદાતા વિશે રચનાત્મક વિચારો કરવાનું રાખો. તે જ હકીકત છે અને જીવનમાં ઇચ્છવા યોગ્ય છે. **હું તમને પ્રેમપૂર્વક પ્રાર્થના કરું છું કે જીવનમાં સ્થૂળ વસ્તુઓનું ચિંતન, મનન કરવા કરતાં તો જે શાશ્વત, અનંત અને દૈવી પ્રકૃતિનું અલૌકિક પવિત્ર તત્ત્વ છે, તેનું મનન, ચિંતન કરવું. હંમેશાં સાધનાના ભાવમાં ઊંડા ધ્યાનમગ્ન રહેવું તે જ આપણી સાચી**

**સંપત્તિ છે.** હું જેટલી પ્રાર્થના મારા પોતાને માટે શ્રીપ્રભુ પરમાત્માને કરું છું તેટલી જ પ્રાર્થના તમને અને તમારે માટે પણ કરું છું. 'દુન્યવી સ્થૂળ બાબતોમાંથી તમારો અહમ્ સંપૂર્ણ કાઢી આપે.'

- તમારા પ્રેમમાં સદાય મગ્ન મોટા

## આશ્રમ બનાવવાનું મોકૂફ રાખ્યું

છેવટે કુંભકોણમ્‌માં હરિ:ૐ આશ્રમ માટે એક જગ્યા પસંદ પડી અને શ્રીમોટાએ એકાએક કહ્યું, 'નંદુભાઈ, બધાંને પૈસા પાછા આપી દો.' નંદુભાઈ કહે, 'શું કહો છો મોટા ?' શ્રીમોટા કહે, 'હા, હું કહું છું. પૈસા પાછા આપી દો. મારે આશ્રમ કરવો નથી અને જ્યારે કરવાનું મન થશે ત્યારે મારા પૈસાથી હું કરીશ. હું જમીન લઈશ અને નાની સરખી મઢૂલી બનાવીને રહીશ.' જેમના જેમના પૈસા હતા તેઓને પાછા આપી દીધા. જે લોકોમાં વધારે ભાવ હતો તે કહે, 'મોટા, અમે તો તમને આપી દીધા હતા. તમે આ પાછા આપો છો ?' શ્રીમોટા કહે, 'એમ કરો જ્યારે મારે જરૂર હોય ત્યારે હું માગીશ અને તેનું વ્યાજ મને આપજો અને મૂડી તમારી પાસે રાખજો.'

## આશ્રમપ્રવૃત્તિ બંધ રાખવાનું કારણ

હરિ:ૐ તા. ૪-૯-૧૯૪૮

વઢવાણ શહેર

પ્રિય ભાઈ,

આશ્રમની પ્રવૃત્તિ બંધ થઈ તે સારું જ થયું છે. એ વિશે મારા મનમાં બેમત નથી. જે ત્રણ જીવ મારી સાથે રહેવાનાં હતાં, તે જીવના પણ આ જીવ પર પૂરતો (પૂરેપૂરો ભલે ન હોય) જીવતો વિશ્વાસ ન બેઠો હોય ત્યાં લગી સાથે રહેવું

લગભગ અશક્ય તો ના કહું પણ જતે દિવસે અસહ્ય લાગવા માંડે તો તેમાં કશી જ નવાઈ ના લાગે. આ ભાન પહેલાં જાગવું જોઈતું હતું. કેમ ના જાગ્યું એનાં પણ કારણો તો હોઈ શકે, પણ એવી પરંપરામાં ઊતરવાનું પણ યોગ્ય લાગતું નથી. મારો કર્મસંબંધ જ તમારાં બધાં સાથે એવા પ્રકારનો હશે તેમાં કોઈનોય શો દોષ !

**'પુનિત પ્રેમગાથા'માં એક ઠેકાણે ગાયું છે કે : જેમને મેં મારાં ગણેલાં છે, તેમને એક દિવસ મારાં કરીશ ત્યારે જ જંપીશ, એ મારી વાણી મિથ્યા નથી.** પ્રભુ તે કોઈક સમયે સત્ય ઠેરવશે જ એવો દૃઢ વિશ્વાસ હૃદયમાં વસેલો છે ને તે કાજેની અપાર ધીરજ પણ છે, પણ હવે રહેવાની રીત મારે બદલવી રહી. જે રહેવાથી કરી જો કામ ન સધાઈ શકાતું હોય તો તમારું કે મારું તેવા રહેવામાં પણ કશો જ માલ નથી. **ખાલી ખાલી કોઈના રોટલા ખાવામાં આ જીવે કદી માન્યું નથી.** કોઈ જીવની સેવા પણ અમથી લીધી નથી. ભલે પ્રત્યક્ષપણે તેવા જીવના શરીરની તેવી રીતે સેવા આ જીવે ન કરી હોય. જો પ્રત્યેક જીવ વિચારે તો આ જીવના સંપર્કથી એને મળેલું છે જ. અનેક પ્રકારની સમજણ પણ મળેલી છે. કશું કોઈએ ખોયું હોય એમ લાગેલું નથી, તેમ છતાં કોઈ જીવ પોતે ખોયાની માગણી કરશે તો તે યોગ્ય જણાતાં તે પણ ભરપાઈ કરવાનું પ્રભુકૃપાથી થઈ શકશે. **એની કૃપા આગળ કશું પણ અશક્ય નથી. પ્રભુકૃપા સર્વ સમર્થ છે.**

હરિઃૐ તા. ૭-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

**મને આવા જીવનમાં વ્યક્ત થવાપણા અંગે તારું જીવન નિમિત્તરૂપે છે ને આશ્રમ પણ જો થવાનો હોત તો તે પણ તારા**

**જ નિમિત્ત અર્થે.** જો થયો હોત તો તારી સાથે લડવું પડતે તો તે કરીને તારો વિરોધ કે ગુસ્સો સહી લઈને ને અંતમાં તારા તદાગ્રહને હઠાવીને પણ તને સાધનામાં ઘોંચવાનું પ્રભુકૃપાબળે કરાવવાનું થાત, થાત ને થાત જ. તો હવે તે હેતુ તું ફળાવવાનું કરે, ને મારે કોઈ ઠેકાણે રહેવાનું થાય તો પહેલાં તું મારું પાકું નિમિત્ત થઈ જાય ને જીવનનો નક્કર મરણિયો નિરધાર કરી લે તેવી તારાં ચરણકમળમાં આ તારા વહાલા સ્વજનની પ્રેમભક્તિભાવે પ્રાર્થના છે. વહાલા ભાઈ ! **તું મારું જે કહે તે છે, મારા જીવનનો આધાર તારા પર છે.** ને તારા પર મારે જીતવાનું કે હારવાનું છે, જોકે તેમાં તેવાપણું કારણ હેતુએ ના હોય તે વળી જુદી વાત છે, પણ તારા નક્કરપણાનો આધાર મળી જતાં મને આપણાં બધાં સ્વજનોને મઠારવામાં પ્રાણચેતન આવી જવાનાં છે. જગત સારુંય તરછોડે પણ તારી ભાવના અમરપણે મારામાં જીવતી રહી શકે એવા આધારની મને ઘણી ઘણી જરૂર રહે છે, તો જ જગતમાં મારે ભાગે આવેલ ધર્મ યોગ્ય રીતે અદા કરી શકું. તું મારા જીવનનું કામ પાર ઉતારી શકે એવાં બળ, શક્તિ, સાહસ, હિંમત, ધીરજ આદિનાં પૂરતાં મૂળ તારા જીવના ચેતનપણામાં હું જોઈ શકું છું. શરીરના રોગપણાના ઉપરથી આ વાત પર નીકળી જવાયું.

## આશ્રમમાં સ્થાયી થવાની શ્રીમોટાની પૂર્વ શરત

હરિઃૐ તા. ૨૩-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

હમણાં મારું રહેવાવા અંગે કશી અટકળો ના કરવા વિનંતી છે. મારું કશું ચોક્કસ આમ જ થશે તેમ કૃપા કરી ના ગણવું.

મારે આશ્રમમાં આઠનવ પુસ્તકો છપાવવાં કાજેનું લખાણ પૂરું કરી દેવા ત્યાં રહેવાને લખ્યું છે, તે કાયમ છે. વચ્ચે નડિયાદ ઊતરવાનો તે વાત ખરી, ને તે જગાની તપાસ પણ કરવાનો.

આશ્રમમાં કાયમી વસવાટનો મારો ખ્યાલ હતો પણ નહિ, કારણ કે તેમ થાય તેમાં તમારાં બધાંની ગરજ વધવાની નથી, બલકે ઘટવા પૂરતો સંભવ. કશો કંઈ પરત્વે અમુક ચોક્કસ ધોરણ રાખી શકાય તેમ નથી. જેમ જેમ થતું જશે તેમ તેમ થયા જવાનું છે, ને સ્થાયી થવાપણામાં જો તમે મારા બધા કાગળો વાંચ્યા હોય તો તેમાં એક શરત સતત આવ્યા કરેલી છે, જો તમારી નક્કર ભૂમિકાનો આધાર મળે તો જ તેમ કરવાનું છે, નહિતર રખડતા રામ તો છીએ જ. ને તે મળશે એ આધારે હાલમાં જે થાય છે તે થવા દઉં છું, તે જાણશોજી. મારા હમણાંના બધા જ કાગળોમાંનું તે મુખ્ય લક્ષણ છે ને તમારા ખ્યાલમાં પૂરું ઊંડું ઊતર્યું લાગ્યું નથી, તો કૃપા કરીને ત્યાં જે કાર્બન નકલો હોય તે બધી ફરીથી વાંચી જવાને વિનંતી છે ને હું ખોટો હોઉં ઉપરની impressionમાં તો મને સુધારવા વિનંતી છે. હું મારા ફોટા અંગે કોઈને કંઈ નહિ કહું, એનું કારણ - હું કહું તો તે પૈસા લે પણ નહિ, ને મારે હાથે હું મારા ફોટા કઢાવડાવવાનું ના કરું. તેથી, તેમને કહેશો કે તેઓ પોતે જેને લખવું હોય તેને લખે, ને ભવિષ્યમાં પણ મારા ફોટા અંગે મને કોઈ ના લખે. **ફોટાનો આધાર ભાવનાને ચેતનવંતી બનાવવાનો છે, તે ન થતું હોય તો ફોટા એ ખાલી મૂર્તિપૂજા છે ને તેવું થવાવા દેવું ને તેમાં સંમતિ દેવી એ પણ મૂર્ખામી છે ને અજ્ઞાન છે.** શરીરની કથડતી દશા છે. પ્રેમભાવથી કૃપા કરો.

વહાલા ભાઈ, તું કૃપા કરીને કોઈ રીતે મારા પર નારાજ ના થતો ને તારાં પ્રેમભક્તિભાવની મને ગરજ છે.

## હઠાગ્રહી સ્વભાવથી પર થાઓ

હરિઃૐ તા. ૫-૯-૧૯૪૮

વઢવાણ શહેર

પ્રિય ભાઈ,

તમારો તા. ૪-૯નો કાગળ મને ખાસ ગમ્યો છે. સલાહ પ્રમાણે વર્તવાનું હોય, તો જ સલાહ આપું એવું કરેલું નથી. હવે પણ કરવાનું મન નથી, પણ તમને તમારી મનની દશાનું ભાન તીવ્રપણે જાગે ને મનના સ્વભાવને યોગ્ય રીતે ઓળખી શકો ને પોતે પોતાનું તટસ્થતાથી વધારે તલસ્પર્શી નિરીક્ષણ કરતાં બની જઈ મનના વલણથી દોરવાતાં અટકી જાઓ એવું જોવાનું દિલ રહે છે જ. વળી, બીજી બધી બાબતોની ચોકસાઈભરી વ્યવસ્થા, કાળજી ને યોગ્ય કર્મની વહેવારયોગ્ય દક્ષતા, એ બધાંમાં મનને વધુ પરોવવાનું મૂકીને એ બધું પ્રભુભાવનામાં, નામસ્મરણમાં કરવાનું કરો તો સારું.

તમારા સ્વભાવનો 'સ્ટ્રેસ' (ભાર) કાંતુને પણ કઠે છે ને હેમંતભાઈને પણ. કાંતુ ભલે ના કહે પણ તે હકીકત છે. તમારો સ્વભાવ - સ્વતંત્રપણે - કોઈના વિકાસમાં મદદકર્તા નથી. તમારી તેવી નેમ નથી એ તો સ્પષ્ટ છે. તમારી ચોકસાઈ, તમારી વ્યવસ્થાની કાળજી આદિ તમારી ટેવ જે જીવને તેટલી સમજણ તેવી જાતની નથી તેને તે કઠનારું થઈ પડે છે. એટલે તમે તે બાજુનો તમારા મનનો 'સ્ટ્રેસ' ઘટાડીને આ બાજુ વાળી શકો તો તે તમારે કાજે યોગ્ય થશે.

**તમારો સ્વભાવ જ એવો છે કે પોતાનું જ ધાર્યું કરવું ને બીજા કને પણ તેમ કરાવવું.** આવો આશય 'કોન્સિયસલી' (જાગૃતિપૂર્વક) ભલે તમારો ન હોય પણ હકીકતે તેવું છે. સહુ કોઈને પોતપોતાની રીતે વહી શકવાનું તમારા સ્વભાવ કને લગભગ અશક્ય બને. આ બધું સ્પષ્ટ લખું છું, તે તમોને દોષ દેવા નહિ પણ તમને તે ગળે ઉતારવા. માત્ર વિચારવાપણાથી મનની કરામતો કોઈની દૂર થઈ જાણેલી નથી. મનના સ્વભાવને જાણીને તેના નકારાત્મકપણાને પડતું મૂકીને મનને શ્રેયને માર્ગે વળાવવાનું કરવું એ જરૂર દોહ્યલું કામ છે. ને તે કર્યા વિના એ માર્ગે જઈ શકાવાનું પણ નથી, તે પણ નક્કી વાત છે. માનવી જો પોતાના મનને સ્પષ્ટ આરસીની જેમ જોવાનું પણ રાખી શકે ને પોતાનું જેવું જે કાંઈ હોય તે પૂરેપૂરું સ્વીકારવાની હૃદયની દાનત રાખે તો તેમ કરતાં કરતાં પણ તેવો જીવ કોક કાળે તો સમજણના ઘરમાં પ્રવેશી શકે છે.

મને તમે પુછાવશો કે નહિ પુછાવો તોપણ જે કાળે જે યોગ્ય લાગતું જવાનું હશે તે પ્રમાણે તમને લખવાનો. એટલે મારી સલાહ માનો ને તે પ્રમાણે વર્તવાનું કરો તો જ સલાહ આપું એમ નથી, પણ જો મનનું યોગ્ય રચનાત્મક વલણ કરાવવાનું હોય તો તો તા. ૩-૯-૧૯૪૮ના કાગળમાં સલાહની બાબતમાં જે સલાહ આપી છે, તે હજી પણ યોગ્ય માનું છું.

## પુસ્તકોમાં નામ ન આપવાનાં કારણો

નામ ન આપવાની પાછળનાં મારાં હેતુ ને સમજણ જુદાં છે. જે કોઈ આધ્યાત્મિક માર્ગમાં જાણીતા કે પ્રકાશમાં આવેલા છે તેના કરતાં કેટલાય ઘણા વધારે તો અજાણમાં જ રહે છે. એટલે

એ રીતે રહેવાનું દિલ છે. ચોપડીઓ દ્વારા જેમને અંગત સંબંધ છે ને તે તો જાણવાના જ તો, તેવા જાણવાના હોય તો ભલે જાણે. **કરોડોની મિલકત હોવા છતાં છેક ગરીબ ને અજાણ ને તેવા જ વર્તનમાં રહેવું તે બહુ જ ઓછા જીવો કરી શકે તેવું છે.** મારું વલણ પ્રભુકૃપાથી તે બાજુનું છે. કદાચ પ્રખ્યાતિ મળે તો એને પણ ભગવાનની ધારણાભાવના વધારવાને કાજે જ સાધન તરીકે एની જ એકમાત્ર કૃપાથી વાપરવાનું જરૂર દિલ કરું.

નદીમાં, એકાંતમાં જઈ ખૂબ મોટેથી પા કલાક હરિઃૐ, હરિઃૐ બૂમો લગાવશોજી. જેથી, માનસિક હળવાશ જરૂર અનુભવી શકશો.

હરિઃૐ તા. ૫-૯-૧૯૪૮

વઢવાણ શહેર

પ્રિય કાંતુ,

હમણાં તો ત્યાં આશ્રમમાં તારું કે કોઈનું પણ મૌન લઈ શકાય એવી પરિસ્થિતિ નથી. એ તો હવે બધું થાળે પડ્યા પછીની વાત.

જો તારામાં ભાઈ નંદુ પ્રત્યેની હૃદયની પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની શરણાગતિ આવી ગઈ હોત તો મારું કામ ઘણું જ આગળ વધ્યું હોત. હજી કાંઈ બગડી ગયું નથી. તે તો આપણું જ અંગ છે. એની વ્યવસ્થાની ચોકસાઈ, એની કાળજી ને સંભાળ ને યોગ્ય પ્રકારની વહેવારની તેજસ્વિત દક્ષતાભર્યો કારભાર ને એની પ્રસંગોચિત યોગ્ય સૂચનાઓ, એ બધું હજી આપણને કઠે છે. આપણામાં તેવો તેના જેવો ગુણ ના હોય તો તે આપણે કેળવવા જેવો છે.

# સ્વજનો પાસે હૈયાવરાળ

હરિઃૐ          તા. ૬-૯-૧૯૪૮

વઢવાણ શહેર

પ્રિય ભાઈ,

આશ્રમ થયો હોત ને આપણાં લટિયાં જે વેળા સાથે ને સાથે વણાયેલાં હોત, તે વેળા મારાં મન, કાયા ને વાચાથી થતાં અનેક પ્રકારનાં, અનેક રીતનાં, કર્મથી તમારાં મનમાં ગડભાંજો જાગતી રહ્યા જ કરત. જ્યાં લગી આ જીવમાં તમારાં બધાંની શુભ નિષ્ઠા જીવતી થયેલી નથી, ત્યાં લગી તેવા હુમલા તો થાય જ ને એને જે જીવ જાગ્રત થવા માગે છે તે કદી પણ તાબે થતો હોતો નથી. ને એમ જ્યાં મનનાં કરતૂકોને જે જીવ વશ થતો જાય છે ને મનથી ને પોતાનાં રીત, સમજણ, માન્યતા, ટેવ, સ્વભાવ આદિથી જ જે તે જેમ તેમ જેવું સમજાયા જવાનું બન્યા કરે ને તેની ગતિ વધ્યા કરે તો તેમાંથી મનમાં નિરાંતની લાગણી રહી જ ના શકે. તમે પોતે ધારો કે ભારે રકમથી મકાન ખરીદ કરી મને ભલેને તદ્દન નજીવી રકમની ભાડાચિઠ્ઠીથી તે મકાન આપી દો ને આ જીવનું શરીર ટકે ત્યાં લગી એ મારા કબજામાં રહે, પણ વખત એવો આવે કે કાળ જતાં તેમાં સંભવ છે કે મારે એકલાને જ રહેવા વારો આવે. તે કાળે બધી જાતનાં લખત પાકાં થઈ રજિસ્ટર્ડ થઈ ગયાં તે કાળે તે તે બધું ફેરવી નંખાવવું જરા વસમું પડે. ને મારે એકલાને રહેવાને તો મારે કશું કરવું નથી. હા, મેં એમ લખેલું કે જો કંઈ કશું આશ્રમ જેવું નહિ થાય તો આ જીવ ૧૯૪૮ના અંતમાં કે ૧૯૪૯માં ક્યાંક સ્થિરપણે બેસી જશે, પણ તેની પાછળનો મુદ્દો તો આશ્રમની પ્રવૃત્તિમાં પ્રાણ કે વેગ પૂરવા પૂરતો હતો. જોકે તેવું લખવામાં સિન્સીઆરિટી (ખરા દિલનો ભાવ)

કે ઑનેસ્ટી (પ્રમાણિકતા) ન હતા એમ નહિ, ને આજે એ જ વલણ પર અવાતું જવાય છે કે હવે જે જે જીવો મને બોલાવીને એના વિશે કે એનાં કર્મ વિશે કશું ઊંધું ધારવાનું ન કરવું હોય તે જ બોલાવે. જેને પોતાના સ્વભાવ કે મનનો એવો પાકો ભરોસો ન હોય તે ભલે ન બોલાવે એ બાબતનો કશો જ હર્ષશોક નથી. કોઈ પણ જીવનાં એવાં અન્યથાપણાં મારે શા કાજે સહન કરી લેવાં ? એવા જીવો એમને ઘેર ભલા ને હું મારે ઘેર ભલો. તેમ છતાં જે જીવને મારે અંગે પ્રેમભાવ હશે ને જેવો છું તેવો સ્વીકારી લેવાની હૃદયની ખેવના હશે, તે જ બોલાવશે તો આનંદ છે, ને નહિ બોલાવે તોય આનંદ છે. આમ, વસ્તુસ્થિતિ બનતી જતી હોવાથી દેખાય છે કે **ભગવાને કૃપા કરીને મને તમારો સાચો મિત્ર પુરવાર કર્યો છે. મિત્રનું કોઈ પણ રીતે કશું ખોટું ન થવા દેવાય.** આજે જે થયું છે તેથી મને હૃદયમાં પૂરો સંતોષ થયો છે.

માનવીજીવ પોતાનાં જ મિત્ર, ભાઈભાંડુ, માતાપિતા, પત્ની આદિનાં કર્મ અકર્મનાં યોગ્યતા અયોગ્યતા પર કશું ઝાઝું સ્ટ્રેસ આપતો હોતો નથી. ને એવાં બધાંનું તેના મનમાં કદીક કશું આવે છે તો તે બધું લાંબી વાર ટકેલું હોતું નથી ને તેવું તેવું વારંવાર ઊથલા ખાતું હોતું નથી, તેમને પ્રેમભાવ ભલેને ના હોય પણ જેવાં હોય છે તેવાં સહી લેવાં પડે છે. ભલે સ્વીકારી લેવાં ના પડતાં હોય. તેવું પણ આ જીવની બાબતમાં બનેલું નથી. એટલું મને સ્પષ્ટપણે લખી લેવા દ્યો. જોકે પ્રત્યક્ષપણે તેવા જીવથી તમારું, તમારી પત્નીનું, તમારા બાળકનું, તમારા કુટુંબની પ્રત્યેક વ્યક્તિનું કંઈક ને કંઈક શુભ જ થયેલું છે. જોકે આ કાંઈ ઉપકાર ગણાવડાવવા કાજે લખું છું તેમ નથી, પણ હકીકતે છે. એવું પ્રત્યક્ષ બનેલું હોવા છતાં એવા જીવને પ્રેમભાવે આપણાથી સ્વીકારાઈ શકાયો નથી

ત્યારે એમાં કોઈ ભેદ ન્યારો જ હોવો ઘટે, એ પણ વિધિની ઘટના. તેમ છતાં **તમે મારા જ છો ને તેમ રહેવાના છો જ.**

## પોંડિચેરી સ્થાયી થતાં પહેલાં સલાહ

હરિઃૐ તા. ૭-૯-૧૯૪૮

વઢવાણ શહેર

પ્રિય ભાઈ,

જો તમે દક્ષિણમાં જવાનું નક્કી કરો, તો તેમ કરતાં પહેલાં તમારે તથા કાંતુ ને સિદ્ધાર્થે પણ પોંડિચેરીમાં બે એક માસ રહેવું. તમને સિદ્ધાર્થને ત્યાં મૂકવાનો વિચાર આવેલો તો તેની કેળવણી બાબતની કેટલી શક્યતા ને સંભવિતતા ત્યાં છે તે તપાસી જોવું. વળી, તમારી હાલની માનસિક દશા કાજે પણ ત્યાં બે માસ રહેવું વધારે શ્રેયસ્કર લાગે છે. આ અંગે તમે પોતે સ્વતંત્રપણે પણ વિચારવાનું રાખશોજી.

તમે જે લખો છો કે તમારા ભવિષ્યના રહેવાના સ્થળ વિશે એકવાર મારી સાથે વહેલી તકે વાત કરી લેવા માગો છો તે ઠીક છે, પણ પૂ. મોટા ભાઈ પાછા આવે ત્યાં લગી તો ત્યાં જ રહેવાનું છે એમ વિચારેલું છે જ. તે પછી તે વેળા તેઓ આમ જાય તે સમયે જેમ સંજોગો ઊગે તેમ કરવાનું રાખવું. ત્યાં સુધી તો જાણે ત્યાં છીએ એમ વિચારી વર્તવાનું કરવું. એમાં મોટી કશી જ મથામણ નથી. આપણે મન કરીએ તોપણ હાલમાં તો ત્યાં જ રહેવાનું છે. એટલે મને તો જરૂર એમ લાગે છે કે આ બાબતમાં કશી ડહોળામણ કરવાની જરા પણ જરૂર નથી.

હાલમાં જે નિર્ણય લીધેલા છે, તે રીતમાં ને તેમાં કશો ફરક પડી શકે તેમ નથી. તમે જે રીતે જેટલું નકારાત્મક રીતે મારે અંગે વિચારેલું છે, તેવું ને તેટલું બીજા કોઈ જીવે નહિ કરેલું હોય. ને

મને લાગે છે કે પ્રભુકૃપાથી તમારી ને આપણા (તમારા) કુટુંબની સેવા આ જીવ દ્વારા પ્રભુએ વધારે કરાવેલી છે. ભલે તે દેખાતી ન હોય, તેમ છતાં મારા મનમાં તો તે વિશે નક્કીપણું જ છે. બીજાને ત્યાં મને રહેવામાં જે સરળતા રહે છે તે આપણે ત્યાં તમારા માનસિક વલણને અંગે તેમ રહેતું નથી. ભલે તમે આ શરીરની સેવા કરતા હો કે બીજી બાબતમાં બધું ધ્યાન રાખતા હો ને તેમાં ચોકસાઈ, સંભાળ, કાળજી હો, પણ તે બધાંની પાછળ તમારા હૃદયનાં પ્રેમભક્તિ, નીતરતાં ભાવભર્યાં ન હોય પણ એને બદલે કાંઈ ને કાંઈ મનમાં ઊછળ્યા કરતું હોય એટલે તેવું તેવું તમારું કરેલું ફળી ના શકે. **પ્રત્યેક કર્મના સંસ્કાર તે તે કરતી પળે મનની ગતિ, સમજ, વિચારણા, પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ કેવાં કેવાં જીવતાં રહેતાં હોય છે તે તે રીતે પડતાં હોય છે.** તમારી બધાંની સાથે રહેવાને મને મન નથી એમ તો નથી જ. બલકે ઘણું જ છે, પણ હવે તો તમારે તમારા મનને પૂછી જોવાનું. તમને એનો ભરોસો પડતો હોય તો મને બોલાવવો, નહિતર નહિ. એમાં તમને ને મને પરસ્પર બન્નેને આનંદ રહેશે. બાકી તો આપણે પત્રવહેવારથી મળતાં રહીશું ને કાંતુને મારી સાથે રહેવાનું મન થાય તો એ હું જ્યાં હોઉં ત્યાં તમારી સંમતિ મેળવીને આવી શકે છે.

## પોંડિચેરી જઈને ત્યાંનો અભ્યાસ કરો

હરિઃૐ તા. ૮-૯-૧૯૪૮

વઢવાણ શહેર

પ્રિય ભાઈ,

આજે સવારે એક કાગળ લખીને તમોને મોકલ્યો છે. હમણાં કશા મુદ્દે ચર્ચવાની જરૂર નથી. 'જૈસે થે.' એ સ્થિતિ બરાબર છે.

જ્યારે પૂ. મોટા ભાઈ આવી જાય તે વેળા જેમ ચર્ચવું હશે તેમ જોયું જશે. શ્રીઅરવિંદ આશ્રમમાં સારા સારા સાધકોની માનસિક દશા ૧૨-૧૨ વર્ષ થયાં છતાં શંકા પ્રશ્નોની રહી છે. તે ત્યાં ગમે તે ભલે હો. તમે જે લખો છો તેમાં પૂજ્ય શ્રીઅરવિંદ પરત્વે કશું નહિ હોય. મારા અંગે તમે નકારાત્મકપણે કેટલીય વાર વિચાર્યું છે. જેના ઉકેલ ને સામી બાજુ પણ નક્કર હોઈ શકે તેમ બનતું હોવા છતાં શ્રીઅરવિંદ આશ્રમમાં તેમ હોય ને શ્રીઅરવિંદને તેવા લોક તેમ કહેવા જતા હશે કે કેમ ? એ એક સવાલ અને બીજો પૂજ્ય શ્રીઅરવિંદને અંગે એમના જીવન અંગે તેઓ શંકા કુશંકા કરે છે કે કેમ તે જાણવા જેવું છે. તમને વિનંતી છે પોંડિચેરી જઈને તમારે તે જાણવું. ને ધારો કે ત્યાંના સાધકો પૂજ્ય શ્રીઅરવિંદ અંગે તેવી કુશંકા ધરાવવાનું કરતાં ને પૂજ્ય શ્રીઅરવિંદ તે મનમાં જ ન લેતા હોય તો તે તેમને તેમને કાજે યોગ્ય હશે. મારે હવે તેવી સ્થિતિમાં રહેવાની મરજી નથી. તેનું કારણ તમારા મનને તેવી દશા મારે અંગે કરી થતી હોય તો તમે તમારે ત્યાં ભલા ને હું મારે ત્યાં ભલો. જરૂર પડે ત્યાં હાથ જોડી બેસી રહેવામાં માન્યું નથી. જો તમે બધાં બેસી રહો તો આ જીવથી કેમ બેસી રહી શકાય ? મને સૂઝે તે હું કરું. અહીં વઢવાણ આવવાની જરૂર નથી.

• • •

# ૩૬. શ્રી નંદુભાઈની પૂજ્ય શ્રીમોટા દ્વારા લેવાતી કાળજી

## નાદુરસ્ત તબિયત કાજે હસતા રહો

હરિઃૐ               તા. ૧૩-૧૧-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

તમારો તા. ૯-૧૧-૧૯૪૮નો કાગળ મળ્યો છે. પ્રથમ તો તમારા શરીરની હકીકતથી મને તો લાગ્યું કે તમને અહીં મારી કને જ બોલાવી લઉં, પણ તેથી શું ! અહીં વાતાવરણ બદલાય પણ સારા વૈદ ન મળી શકે. શ્રી બુદ્ધિપ્રસાદની દવા મહિનો માસ કરી જુઓ, પછીથી સમજાય ને દવા તો ભલે લ્યો પણ કૃપા કરીને તમે ગંભીરપણું મૂકવાનું કરો. **You are too serious, at least you look so.** **(તમો બહુ જ ગંભીર છો અને હકીકતે જો ન હો તોપણ દેખાવે તો ગંભીર છો જ) તમે હળવા થાઓ. ખૂબ હસવાનું કરો. હસવાથી મન જેટલું હળવું બને છે તેટલું કશાથી નથી બનતું. ટોળટપ્પાં, વિનોદ એ બધું દવાની ગરજ પૂરતી સારે છે.** તમે હળોભળો છો ને છોકરા સાથે રમો પણ છો, પણ કોઈ રીતે ખૂબ મોકળું હસવાનું થતું નથી. તમારી પ્રસન્નતાની માત્રા પહેલાંના કરતાં ઘટી લાગે છે. કિરાપટ્ટીમાં તમારો એક ગાળો જ્યારે પ્રસન્નતાની માત્રાનો હતો તે વેળા તમારા શરીરનું વજન ૧૧૨ (રતલ) ઉપર થોડુંક થયેલું એવો ખ્યાલ છે. માટે, તમે ખૂબ ખૂબ પ્રસન્નચિત્ત બનવાનું કરો, દવાની સાથે આ વૈદની પણ તે દવા કરવાનું કરો જ. શહેરમાં જવા આવવાનું ને આથડવાનું ઓછું કરી નાખશો. શરીરને કઠે એવો શ્રમ કશો કરશો નહિ.

જેટલું બને તેટલું પ્રેમભાવે ઉમળકાથી નામસ્મરણ કરવાનું કરો. ખૂબ ખૂબ હસો ને મહિના માસમાં જો શરીરનું વજન ના વધે તો પછી તમોને ગમે તેમ કરીને અહીં બોલાવવા જ પડશે.

તમે જરૂર ખૂબ ખૂબ આનંદમાં રહેશો. હમણાંનું મનને વિમાસણમાં પડવું પડે એવું બન્યા કરેલું હોવાથી મન પર તેવી અસર હોવાથી શરીર બગડે, જોકે શરીરની બગડવાની ભૂમિકા હોવાથી જ તે તેવો ભાગ ભજવી શકે.

તમારા શરીરના સમાચાર જરૂર આપતા રહેશોજી. ખૂબ ખૂબ હસજો ને મજામાં રહેશોજી.

હરિઃૐ તા. ૧૫-૧૧-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

તમારું વજન માત્ર ૧૧ દિવસમાં દોઢ શેર ઘટ્યું. તેથી, આપણે શરીરની બાબતમાં પૂરતી કાળજી લેવાની જરૂર છે. શરીર એક ભારે સાધન છે, એ સાધનનું મહત્ત્વ હજી આપણને કોઈને પૂરું સમજાયું નથી. શરીર થોડુંક ઢીલું પડતાં જેમ વેવલા ન બનીએ એ જેટલું યોગ્ય છે તેમ તે તેટલું જ ઢીલું થતાં એને યોગ્ય પ્રમાણમાં કરવાને કાળજીવાળા ને સાવધાન બનીએ ને રહીએ તે તેટલું જ જરૂરનું છે. લાલાજી હાલમાં અહીં છે, તે પ્રેમથી ખાસ આગ્રહથી લખાવે છે કે ભાઈને એમના વતી લખો કે તેઓ કુંભકોણમ્ જરૂર આવે ને તેમનું શરીર ત્યાં સુંદર થઈ જશે ને એટલી એમની સેવા કરવાનો અમને બન્નેને લાભ મળશે. અમને કોઈ તેવી તક મળી નથી. કુંભકોણમ્નાં હવાપાણી એમને માફક આવશે જ. માટે વિચાર કરશો. તમે કોઈ પણ રીતે શરીરનું વજન વધે એવું કરો

ને અમને બધાંને એવા સમાચાર આપો એટલે આનંદ થાય. પૂ.મામાને પણ તમારા શરીરના સમાચારથી લાગતું હતું. તમે તો શરીરની બાબતમાં બહુ ઊંચાનીચા થાઓ તેવા નથી તેવી મારી તમને ફરિયાદ છે. જરૂર પડ્યે તમે ચેતો એવા નથી એમ નથી એ કબૂલ મંજૂર છે ને તે ગુણ પણ ગણાય, પરંતુ એની હદ છેક સુધી આવી ત્યાં લગી તમે સફાળા જાગતા નથી એટલું લાગે છે, ત્યાં સુધી તમે જરા પણ સળવળો નહિ તે પણ મારી ફરિયાદ છે ને તમને શરીર બાબતમાં દબાણ, આગ્રહથી કે પ્રેમના હક્કદાવાથી કોણ કહી શકે ?

હરિઃૐ તા. ૧૭-૧૧-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

હવે તમે હસવા માંડ્યું કે નહિ ? નહિતર પછી અમારે અહીંથી અશોકરાજાને હસવાનું ઈંજેક્ષન લઈને ત્યાં મોકલવા પડશે. અશોકરાજા પણ અમને ગમ્મત કરાવવામાં સજીવ ભાગ લે છે ને હસાવે છે. તમે લખો તો ત્યાં મોકલી આપીએ. તેમને ડૉક્ટર થવાનું પણ મન થાય છે કદી કદી.

હરિઃૐ તા. ૨૩-૧૧-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

લાગણીનું, Technique (ટેક્નિક-કળા) સમજવા ખાતર લખેલું છે. જ્યારે માનવીનું શરીર માંદું પડે છે ને ક્ષીણ બને છે ને એનાં જ્ઞાનતંતુ નબળાં પડે છે અથવા તો કેટલાક જીવો sensitive (લાગણીવાળા) ઘણાં ઘણાં હોય છે. તેવા જીવને કશુંક ઉગ્રરૂપે બોલાતું વચન અથવા કોઈનું ન રુચતું બોલવું પણ દિલમાં

ઉશ્કેરાટ મચાવી મૂકે છે. ને મનને તંગ બનાવે છે ને એની અસર શરીરે થયા વિના રહેતી નથી. માનવી શરીરે સાજોતાજો હોય છે, એનાં જ્ઞાનતંતુઓ ખેંચ કે તાણના બળ કે અસરને સહી શકે તેવાં હોય છે ત્યાં લગી શરીરને થયેલી અસર એના સ્પષ્ટ વ્યક્તપણામાં જણાઈ આવતી નથી એટલું જ, પણ વચન પછી તે પોતાનાથી ઉચ્ચારાયેલું હોય કે બીજાનાથી ઉચ્ચારાયેલું હોય, પોતાનાં લાગણી, ભાવના, ક્રોધ આદિ વૃત્તિઓથી પણ શરીર, મન આદિ પર અસર થયા કરતી હોય છે. આમ, અસરોના પ્રકારમાં તે રોચક પણ હોય ને અરોચક પણ હોય. અરોચક હોય તે શરીરને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે શરીરને ઊંધી અસર પહોંચાડે જ અથવા જેથી જ્ઞાનતંતુને વધારે ખેંચ પડે કે તાણ પડે તોપણ શરીર પર માઠી અસર થયા વિના રહેતી હોતી નથી. શબ્દની અસર મન - શરીર પર ઘણી હોય છે, તેથી જ આપણામાં **'શબ્દ એ બ્રહ્મ'** એમ મનાયું છે. તેવી જ રીતે લાગણી શરીર પર ભારે અસર ઉપજાવી શકતી હોય છે. તેથી, મારી તમને વિનંતી છે કે તમારે મસ્તની ભાવનામાં રહેવાનું છે તો તેથી શરીર પર ઘણી સારી અસર થાય. તમારા શરીરનું વજન પણ વધે. બસ care free (એનો અર્થ એવો નથી કે તમે બસ ચિંતામગ્ન જ રહ્યા કરો છો) થઈને ખૂબ ખૂબ પ્રસન્નચિત્ત રહ્યા કરવાનું કરો તો ઘણો આનંદ થાય.

હરિઃૐ તા. ૬-૧૨-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

હસવા બદલ તમને મારા હાર્દિક અભિનંદન છે. જરૂર હસજો ને પેટ પકડીને હસજો. બસ હસજો જ હસજો.

## વહાલા નંદુના પત્ર માટે આતુરતા

હરિઃૐ     તા. ૨૯-૧૧-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

આજ કેટલાક દિવસ પછી તમારા હસ્તાક્ષરનો કાગળ મળ્યો. બે દિવસથી તો ચેન પણ ના પડે. તમે રોજ કાગળ લખો એટલે એની અપેક્ષા પણ રહે. સાથે સાથે એમ પણ થતું કે રેલવે વહેવાર તોફાનના કારણે અટકેલો છે એમ છાપાંમાં વાંચેલું ને બધું સમજાતું હતું. છતાં એવી લાગણી થાય. પૂ.મામી મને કહે, ‘માનો ન માનો મોટા ! તમે ગંભીર ઘણા છો, નંદુભાઈનો કાગળ નથી તેથી તેમ હશે.’ તમારા કાગળને આજે ચૂમી પણ લીધો હતો. કદાચ મામી જોઈ પણ ગયાં હોય. આજ કાલ પોણાનવ વર્ષ થયાં. આટલો ગાળો કાગળ મળ્યા વિનાનો અનુભવાયો નથી.

હરિઃૐ     તા. ૨૬-૧૨-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

બધા ભાઈ વચ્ચેના સંબંધમાં મૂળ આંકડારૂપ મારે મન તો તમે છો. તમારા વિશે બધા ભાઈઓનું વહાલ પહેલાંના કરતાં જાગતું થયેલું અનુભવી શકેલો છું. એમ પણ હોય કે તમારા પરત્વેના મારા આકર્ષણને અંગે આવું મને લાગતું હોય, પણ તેમ હોવા છતાં મને ઉપલું વિધાન સાચું લાગે છે.

• • •

# ૩૭. છૂટા પડતાં પહેલાં

## પૂજ્ય શ્રીમોટાનું પુસ્તકોનું આયોજન

હરિઃૐ તા. ૨૯-૧૨-૧૯૪૮

કુંભકોણમ્ - ઈંદુબાનું ઘર

પ્રિય ભાઈ,

આ વખતે આ દક્ષિણમાં આવી ગયાનું થયું. ભવિષ્યમાં તો કોઈના બોલાવ્યા વિના મારે જવાનું નથી. ને મૌનને વિશે પણ કોઈના જણાવ્યા વિના કશી પ્રવૃત્તિ નથી. તેથી, આ બાજુથી નીકળ્યા બાદ ક્યાં રહેવું ? તમારે ત્યાં રહીને મારે હેમંતભાઈ કને ત્રણચાર ચોપડીઓ છપાય તેટલું લખાણ તૈયાર કરાવવું છે. હવે તો પહેલું હેમંતભાઈના કાગળોમાંથી જેટલું થાય તેટલું પૂરું કરી લેવું ને તે પછી તમારા ને કાંતાના કાગળો પૂરા કરી દેવા ને તે પછી બાકી બધાંના કાગળમાંથી. આમ, છએક ચોપડીઓનું લખાણ તૈયાર કરાવી દેવું છે. એને માટે ઓછામાં ઓછા છ માસ તો જોઈએ જ, વધારે ગણીએ તો નવ માસ. હવે તેટલો લાંબો ગાળો તમારી સાથે રહેવાનું થતાં આપણે બધાં પરસ્પર પ્રેમભાવથી, સુમેળભાવથી ને આનંદભાવે રહી શકીએ એવું માગી લઉં છું. હું પોતે અમુક રીતે જ વર્તી શકીશ એમ તો કેમ કરીને કહી શકું, પણ મારાં લીધેલાં કામમાં પરોવાયેલ હોઈશ એટલે કશો વાંધો તો નહિ આવે ને ખાવાની બાબતમાં તો કાંતુને તકલીફ આપવાનું થવાનું, પણ એટલો મોટો ગાળો રહેવાનું થતાં, થોડો સમય કાશીબાને ત્યાં પણ જમવાનું કરીશ જ. ને વજુનો કાગળ પરમ દિવસે જ એને ત્યાં જવાનો આવ્યો છે. એટલે બેએક માસ તો એને ત્યાં પ્રિય ને હું જઈને રહેવાના. આવો હાલમાં તો આ

બાજુથી નીકળ્યા બાદનો ત્યાં આવ્યા કેડેનો કાર્યક્રમ છે.

બધા કાગળો લખાઈ ગયા કેડે તે તે બધું ગંગાજીમાં મારે પધરાવી દેવું છે. જે જે કાંઈ છે તે બધું છપાઈ જાય તેની વ્યવસ્થા હમણાં કરવાની નથી, પણ ચોપડી છપાવવા કાજેનું મૅટર હમણાં છ ચોપડી જેટલું અથવા તેટલું તો તૈયાર કરી લેવું જ છે. જોકે હેમંતભાઈની સંમતિ આ કામમાં મેં લીધી નથી, પણ તે મને મળશે એવી આશા છે. તે ધારો કે સંમતિ નહિ આપે તોપણ તે કામ કરવું છે તેટલું તો ચોક્કસ. જેટલાં થોથારિયાં (નકામા લાગતા કાગળો) પડ્યા છે તે ખલાસ કરી દઈને તેમને સ્વાહા કરી દેવા છે. તે કામમાં કદાચ વર્ષ જાય તોય ભલે. આ કામ માટે તમારા હૃદયની સહાનુભૂતિ ને હૃદયનો ઉમળકાભર્યો સહકાર મળી રહેશે એવો મને વિશ્વાસ છે. ને આ કામ હાથ લેતાં જે જે કોઈનો મને તેમને ત્યાં બોલાવવાનો કાગળ આવશે તો એક પ્રશ્ન રહેશે કે મારે સાથે હેમંતભાઈને લઈ જવા પડશે. તો તેમનું ભાડું મારે આપવાનું રહે. તેમને અડધું ભાડું આપણા સાહિત્ય પ્રકાશન ફાળામાંથી આપીએ, પા ભાગ પોતે આપે ને પા ભાગ જેઓ મને બોલાવે તેઓ આપે. આવું હાલ તો નક્કી કરવાનું. તમારી પોતાની મંજૂરી તે બાબતમાં મળી ગયા બાદ હેમંતભાઈને તે બાબતમાં લખવાનો છું. તમે કહેશો કે 'તે બાબતમાં તમે પોતે સર્વ વાતે જે કરો તે કરી શકો છો તેમાં મારી મંજૂરીની વાત યથાયોગ્યપણે નથી.' મારાં એ કામમાં તમારો હાથ છે, તમે પોતે જ તેમાં નિમિત્તરૂપે છો. તમે તે કામ ન ઉદ્ભવવાનું કર્યું હોત તો તે આટલું થયું જ ના હોત, ને પુસ્તકો છપાવવાની યોજનાનું મૌલિકપણું પણ તમારું જ હતું ને તે કાજેના ફાળાની યોજના પણ તમારી જ હતી. હું

તો માત્ર વાણોતર છું. મારું કશું નથી. ને આ કામમાં માત્ર તમને રસ લેતા કરવાને ખાતર આવું લખું છું તેવું પણ નથી. તમારા હૃદયના પ્રેમાળ ઉત્સાહ વિના મારા પગમાં જોમ પ્રકટી શકવાનું નથી તે મારે મન નક્કર હકીકત છે, તે જાણશોજી. માટે, મને તમારો જવાબ નિરાંતે આપશોજી.

ત્રિચિ તા. ૩૧-૧૨-૧૯૪૮ના રોજ બપોરે પહોંચી જઈશ. જો તમારાં સંમતિ ને આશીર્વાદ (આ શબ્દ તમને કદાચ ભારે પડતો લાગે પણ કામને માટે તે શબ્દની ભાવના હોવી તેમાં કશું અજુગતું નથી) મળે તો પછી હેમંતભાઈના મૂળથી બધા કાગળો ને તે અંગેની તમે તૈયાર કરાવેલી નોટો - તેમના જ કાગળો જેમાં ઉતારેલા હોય - તે બધા સાથે હેમંતભાઈને હું મારી કને બોલાવી લઉં. આ અંગે પહેલાં તમારો જવાબ મને મળી જવો ઘટે.

**નંદુભાઈના ૨૧ દિવસના ઉપવાસમાં માર્ગદર્શન અને રિસામણાં !**

હરિઃૐ તા. ૧-૧-૧૯૪૯

ત્રિચિ

પ્રિય ભાઈ,

તમે શરીરને કાજે ઉપવાસ કરેલા છે, તે ગઈ કાલે જાણ્યું. શરીરની ઉંમર ૪૦ થઈ ગયા બાદ એને ભારે ઊથલપાથલ થાય એવું કશું ન કરાવવું ઘટે. પૂજ્ય ગાંધીજી તેમના શરીરને તેવું કરાવતાં, પણ એમનું શરીર એવા અભ્યાસને ટેવાયેલું, પણ તમે કર્યું છે તો એનો લાભ તમને મળે એમ જરૂર દિલમાં થાય જ. હવે સાત દિવસ તો પાણીના પ્રભુકૃપાથી નીકળી ગયા. હવેના દિવસોમાં દૂધ કે છાસ જે લેવાના હો તે મર્યાદામાં લેશો તથા મગનું પાણી શરૂ કરો ત્યારે માત્ર પાણી જ, તેમાં મગ ન આવે

તેવું કરશોજી. મગનું પાણી ભલે વધારે લેવાય, પણ કેટલાંક એવું કરે છે કે મગને કચરી નાખે ને એનું જાડું પાણી લે છે, પણ તમે જ્યારે પ્રયોગ જ કર્યો છે તો મગને સારા ખૂબ ચઢવા દઈને તેનું પાણી લેવું ને તે વઘારવું. મરચું ન નાખે. મરી પણ થોડાં. ને એકવીસ દિવસ પછી પણ અનાજમાં રાબ કે ઘેંસ કે એવું લેવા માંડશોજી, ને ભવિષ્યમાં ભૂખ જેવું ન લાગે તોપણ અનાજ થોડો સમય મૂકી દેવું ને દૂધ કે દહીં (તદ્દન મોળું) ને ફળ (જે રુચિકર હોય તે) પર રહેવું, ને થોડો વખત એમ લીધાથી આપોઆપ અનાજ માટેની ભૂખ જણાશે.

હવે મારે પણ વધારે વખત કદાચ સંભવ છે કે આશ્રમમાં રહેવાનું થાય, કારણ કે કોઈનાય તેડાવ્યા વિના જવું નહિ ને પોતે તેવી તૈયારી કરે કે બતાવે નહિ ત્યાં સુધી મારે કશું કહેવાનું નથી. એટલે કોઈ ઠેકાણે રહેવાનું તો થશે જને ? અત્યાર લગી તો બધે ભમ્યા કરતો હતો, પણ હવે તો કોઈનાય બોલાવ્યા વિના જવાનું નથી. તેથી, આશ્રમમાં રહીને હેમંતભાઈ ને હું મળીને મારું કામ કરતા રહીશું. હું પોતે થોડો વખત કાશીબાને ત્યાં જમવાનું ને થોડો વખત આશ્રમમાં પણ, બીજાને ત્યાં પણ. એનું કારણ તો મારો સ્વાદીલો સ્વભાવ, ને હવે તો જ્યાં જવાનું થાય કે થશે ત્યાં પહેલેથી મારા શરીરની આદતો વિશે લખી જણાવવાપણું પણ યોગ્ય લાગે છે. મારે તો માનવીપણામાં ખપવું લાગે છે. સમાજને સંતપણાની સાચી સમજણ પણ કશી યોગ્ય ખબર નથી હોતી. સમાજમાં ચાલતી આવેલી સમજણ ને એના સંસ્કાર પ્રમાણે લોક તે પ્રમાણે તેવા ખ્યાલ સેવે. મારે તો પ્રભુકૃપાથી કશાથી આમ કે તેમ કશામાંય ખપવું નથી. એલિસબ્રિજમાં પણ જવાનું નિમંત્રણ

મળી ગયું છે. એટલે મારું લખવાનું કામ તમારી હૃદયની સહાનુભૂતિ ને સંમતિ મળી ગયા કેડે તે અંગે હેમંતભાઈને લખવાનો છું. હેમંતભાઈની હાલની શરીરની પ્રકૃતિને તે અનુકૂળ પણ થઈ પડશે. બીજી સાધના તે હાલમાં કરી શકે તેવું તો લાગતું નથી. ને **આખો દિવસ આવું કામ કરવાનું આવતાં એક જ ક્ષેત્રના સતત વિચારમાં રહેવાનું થાય તો તે પણ મનને એક જ દિશામાં પરોવી રાખવાનું જો બની શકે તો તે ઉત્તમ કર્મ છે.** સાંસારિક કે એવાં બીજાં કર્મ કરતાં આ જાતનું કર્મ ઉત્તમ.

## બાની સેવા

હરિઃૐ                    તા. ૩-૧-૧૯૪૯

ત્રિચિ

પ્રિય ભાઈ,

તમારાં બધાં કને મારી માગણી છે ને તમારાં બધાંનાં હૃદયનાં સહાનુભૂતિ, મદદ ને આશીર્વાદથી બાને ભગવદ્ સ્મરણમાં લઈ જવાનું પ્રભુકૃપાથી મારા જેવાથી બની શકવાનું છે. આશ્રમમાં આ વખતે બા એક માસ રહી. તેથી, બાને સારું લાગ્યું હતું. તેથી, મને ઘણો આનંદ થયો. તમે બાને વાંચી સંભળાવતા હતા તે તો મને ઘણું ગમ્યું હતું. મારા તમને તે કાજેના હૃદયના આશીર્વાદ છે. તમે તો જાણો છો કે હું કોઈને પણ કદી પણ આશીર્વાદ એમ શબ્દ વાપરતો નથી. મારે મન એ શબ્દનું બહુ મોટું મહત્ત્વ છે. પૂજ્ય બાની સેવાને એની ઇચ્છાને સંતોષવા પાછળનું મારું દૃષ્ટિબિંદુ સમજાવવા આદ્યોપાતળો પ્રયત્ન કર્યો છે. મોટા ભાઈને તો બાનામાં ઘણી ભાવના છે, ચાલતાં સુધી તો બાનું ઉથાપશે નહિ ને બાને પણ એમનામાં રાગ છે એટલે એમને ગળે તો આ મારું કહેવું

ઊતરી જશે. નંદુ પણ મને આ બાબતમાં સમજી શકશે જ. બીજા ભાઈઓને પણ આમાં કશું અજુગતું ન હોવાથી સમજાશે.

## પૂજ્ય શ્રીમોટાના જીવનની કૃતકૃત્યતા

હરિઃૐ તા. ૫-૧-૧૯૪૯

ત્રિચિ

પ્રિય ભાઈ,

મને તમારા જીવનની વાસ્તવિકતામાં પૂરતો વિશ્વાસ છે. આધ્યાત્મિક જીવનની શક્યતાઓનો ખ્યાલ પ્રભુકૃપાથી મને છે. મને તમારામાં પૂરતો ટેકો છે ને તે તમે જ્યારે મારા આધારમાં રહેલા ચેતનપણાના જ્ઞાનસ્વરૂપના તદ્અર્થપણામાં ને એના યોગ્યપણામાં હૃદયથી માનતા થઈ ગયા હશો તે વેળા તમારી બધીય સગડગ શમી ગયેલી તમે પોતે અનુભવી શકવાના છો એની મને ખાતરી છે. મને પ્રભુકૃપાથી મારા આધારની નક્કરતાનો જીવતો ખ્યાલ થોડેઘણે અંશે છે. રેતીના પાયા પર મકાન ચણાયેલું નથી. જીવનની આધ્યાત્મિક નક્કરતાનું વાસ્તવિકપણાનો અનુભવ પ્રભુકૃપાએ કરાવેલો છે, પણ તેથી સંપૂર્ણતાનો ખ્યાલ પણ નથી, ચેતનની અવસ્થાઓના Miles stonesને તેના તબક્કાઓનાં માપલક્ષણો તે તે કાળની જીવની રૂપાંતરની સ્થિતિ એ બધું દીવા જેમ સૂઝે છે, પણ એને ઠાલવવાનું યોગ્ય નિમિત્ત પ્રાણચેતનાવાળું મળેલું નથી. એવું મળ્યા વિના તેવું લખાઈ શકાવું પણ મારે માટે તો દુર્લભ છે ને તેવું લખવાનો અભરખો પણ નથી. આ બધું લખાણ પણ તમારા જ પ્રતાપે લખાયેલું છે. તેથી, મને તો તમારા જીવનમાંથી મારા જેવા અજાણ્યા અંધકારમાં ને એક છેવાડાના ખૂણામાં પડેલા જીવની જે કંઈ નક્કરતા સંપડાવવાના જીવતાં

જાગતાં પ્રત્યક્ષ નિમિત્ત બનેલા છો. તમે મને ના મળ્યા હોત તો મારી આજે જે દશા છે તે હોત કે કેમ તે વિચારવા જેવું તો છે જ. આજે તમારા લીધે જ બીજા જીવો સાથે મારે સંબંધ, પરિચય થયો છે. જગત મને નથી ઓળખતું પણ તમને, પૂ. મોટા ભાઈને ને પૂ. મામા આદિને ઓળખે છે. ને તેમની તેમની જગતના પ્રકારની મહત્તા, પ્રભાવ ને જગતની કારકિર્દીને લીધે જગત મને પણ ગણતું બને તેવું થયેલું છે. એટલે જગતમાં પ્રવેશનો આધાર મને તો તમારા પરથી જ મળેલો છે. પહેલાં સંબંધ ભલે હેમંતભાઈથી હોય પણ તે સંબંધ તો તમારી સાથે બંધાવારૂપે પણ હોવાનો પૂરતો સંભવ છે. તેમને તમને જ્યારે તે ને હું બન્ને જાણતા ન હતા ત્યારે તેમને મેં તમારી સાથે વાતોચીતો કરી પરિચય કરવાનું કહેલું હતું, તે તો પ્રત્યક્ષ હકીકત છે એને નકારી શકાય તેવું પણ નથી. એટલે મારા જીવતરની આધારભૂમિકા તો તમારા લીધે છે. તેનો મને જો નક્કર ટેકો મળી જાય તો જગતમાં છાતી કાઢીને ભલભલાના ગર્વ તોડવાને પ્રભુકૃપાથી શક્તિમાન થઈ શકું. હું કોઈને પણ જે કહી શકું છું તે કંઈ ભૂમિકા વિના તેમ તો ન જ કરી શકાય. ને તે ભૂમિકાનું પ્રાણબળ તો તમે બધાં છો. જગત તો એવું એવું જોઈને જ એકબીજાને માનતા થતા હોય છે. મને કોઈ માનવાનું કરે છે તો તેમાં આવું આવું ઘણું સમાયેલું હોય છે. ને તેથી કરી જ્યાં ત્યાં મને (તે કદી પણ શોધવા કે કરવા નથી ગયો કે વધારવા પણ નથી ગયો) સહજમેળે જ્યાં જ્યાં પ્રવેશ સંજોગ ઊભા થયા છે, તે તે ખરી રીતે તમારે લીધે જ છે. એટલે મને તો તમારામાં નક્કરતા લાગેલી છે. તમારામાંની શ્રદ્ધા જીવતી થતાં - બધું તમને પણ ઊગી જવાનું છે, તે પણ

મને આજે પણ પ્રત્યક્ષ દેખાય છે, પણ તે બતાવવાનું થાય તોય આજે તે ગળે ઊતરી શકે તેમ નથી. માટે, જેટલો બને તેટલો પ્રભુભાવનાનો હૃદયથી કરી પ્રેમભક્તિભાવે પુરુષાર્થ એની કૃપાથી કર્યા કરવાનું કરો, બસ એ જ આપણું એક મુખ્ય કર્તવ્ય છે ને એ જ આપણો ધર્મ છે, ને એ જ આપણો પ્રાણ છે, ને એ જ આપણું જીવન છે એમ બુદ્ધિની ઉત્તેજિતપણાથી પણ દૃઢાવતા રહ્યા કરો. માનવીના જીવનના અનેક તબક્કાઓ આવે છે ને જાય છે. તે તબક્કાઓને તે રીતે જ હંમેશને માટે તેમ માન્યા કરવાનું હોય પણ નહિ. આજે જેવાં છીએ તેવાં ને તેવાં જ કાલે રહીશું તેવી માન્યતામાં વાસ્તવિકપણું નથી. જગત એટલે જ ફેરફાર, ને ફેરફારને જે પોતાના જીવનમાં એક નક્કર જીવતી હકીકતરૂપે જો હૃદયથી સ્વીકારવાનું કરી શકે તો તેવો માનવી કદી પણ પોતાના વિશે આશા વિના કશું પણ બીજું ધારી જ ના શકે. પોતે કદી પણ સ્થિતિસ્થાપક દશાવાળો રહી શકવાનો જ નથી એમ જ તેને તેનો જીવતો અનુભવ બોલે ને ટકોરે. માટે, તમારે કૃપા કરીને જેટલું વધારેમાં વધારે થાય તેટલું પ્રેમભક્તિભાવે પ્રભુભાવના ચેતનનું કામ કર્યે જવું. પ્રત્યેક જે જીવનમાં મળે છે તેનો જો હેતુ છે તો મને પ્રભુકૃપાથી તમને મેળવવાનો પણ કંઈક હેતુ હોવો જ ઘટેને ? આખરે હું તો માટીનું માળખું જ છું. ને ચેતનની અવસ્થાને એક ને એક બેની જેમ કેવી રીતે ઇચ્છું તોય બતાવી શકું ? એ જોવાની ને અનુભવવાની એવી તાદૃશ્યતાવાળી ને હૃદયની તેવી કેળવાઈ ગયેલી દશા વિના તેમ થવું કદી પણ શક્ય નથી. આ વિજ્ઞાનશાસ્ત્રની એક હકીકતને શરત પણ હોય છે. મારે મારો પુરાવો મારી ઠોકીને કોઈના પર બેસાડવાનો પણ ના હોય ને એવું કદી પણ ના થઈ શકે. **મને તો અનંત ધીરજ ને અનંત**

**આશા છે કે જે જે સંબંધો પ્રભુકૃપાથી મળેલા છે તે સંબંધો પ્રત્યેક તરવાના જ છે, તેમાં મને લવલેશ શંકા કે સગડગને સ્થાન નથી,** પણ આજે કોઈ મનમાં તેવી રીતે જીવતા ન થઈ શક્યા હોય તો ત્યાં હું પણ શું કરી શકું ? મારી લાચારી ને અપંગતા કેટકેટલી હોય તે કેવી રીતે તમને બધાંને સમજાય ને સમજાવાય ! ને કલ્પનામાં પણ કેમ આવે ? ને લખવા જતાં તે નિરર્થક પણ લાગે. માટે, તમારું મહાભારત કામ તો તે જ છે ને તે જ પ્રભુકૃપાથી થયા કરે તેમાં જીવપ્રાણ આવે તે જ ઈષ્ટ છે.

બાકી, હું કાંઈ પણ કશું માગતો નથી ને ઈચ્છા પણ નથી, ઈચ્છા માત્ર એટલી જ છે કે જીવનસાધનાના કામમાં તમારામાં પ્રાણચેતના પ્રકટી જાય તો બસ ! જીવન ધન્ય ને કૃતકૃત્ય થયું, એ જ પ્રભુકૃપાની સફળતા.

હરિઃૐ તા. ૧૨-૧-૧૯૪૯

ત્રિચિ

પ્રિય ભાઈ,

હીરાનું મૂલ્ય તો ઝવેરી હોય તે જ આંકી શકેને ! તેથી, તમારા જીવાત્માની મને ખબર છે. તેથી, તમને વળગી રહેવાનું થયા જ જવાનું છે. એ તો છૂટ્યું છૂટી ના શકે, ભલેને દૂર હોઉં કે દૂર થયો હોઉં પણ ભાવ તો રહેવાનો જ. તમે મને લખી આપો અથવા કહો કે ‘મોટા ! આટઆટલું ના કરો તો મને મારું મન, બુદ્ધિ મઠારવામાં પૂરતાં બળ મદદ મળી રહે.’ તો તેમ કરવાને પણ તૈયાર તો હોઉં, પણ મારું ઠેકાણું શું ? ઠેકાણા વગરના માનવી જોડે પડેલાં પાનાં નિભાવી લેવામાં કૃપા કરીને આનંદ માનવાનું નહિ પણ માણવાનું કરજે એટલી પ્રાર્થના. તારામાં હીર છે તે જોયેલું છે ને તે તને ના સમજાતું હોય તો કેવી રીતે

સમજાવી શકું ? **બને તેટલો આ માર્ગનો પુરુષાર્થ કરતા રહેવું એ નકામું જવાનું નથી.** મારા યદ્વાતદ્વાપણામાં પણ પ્રભુકૃપાનું સાફલ્ય થતાં તે પણ ગળે ઊતરવાનું હશે તો ઊતરશે જ તેની ખાતરી છે. જો પ્રભુકૃપાના બળે મારા જેવામાં કંઈ હીર હોય તો તેને પણ ઊભા થવા કે રહેવા કે વ્યક્ત થવા કે તેવી રીતે જન્મવા કાજે ભૂમિકા - નિમિત્ત તો હોવું જ જોઈશે. તેમ થયા વિના કે હોયા વિના તે પણ લૂલો પાંગળો જ રહ્યા કરે છે. જ્યારે હું તમને તે અંગે લખી રહ્યો હોઉં છું ત્યારે તે કાંઈ નકામું નકામું નથી પણ તે વાસ્તવિકપણે સત્ય છે. જેમ ગણિતશાસ્ત્રમાં એક ને એક બે એ જેટલું ખરું છે તેટલું જ તે ખરું છે. જોકે તેથી તેની તેના પ્રમાણની તમારી બાબતમાં યથાર્થતા સમજીને હૃદયની નમ્રતાને વરવાનું કરો તે સાથે પણ છે.

હરિઃૐ તા. ૧૪-૧-૧૯૪૯

ત્રિચિ

પ્રિય ભાઈ,

તે અંગે આ એક કાગળ પૂ. સૂબેદાર સાહેબને ઉદ્દેશીને લખ્યો છે, તેને તમારી સંમતિ, હૃદયની શુભેચ્છા મળી શકે તો જ રવાના કરવાનો છે. **મારા હવે પછીના જીવનના ગમે તેવા તબક્કામાં તમે જ મારા જે તે હો ને છો. તમને ભલે તે ન સમજાય પણ જે મને તો દીવા જેવું સમજાય છે. તમારો વેચાયો વેચાઈ પણ જાઉં એનો અર્થ એ છે કે તમારી મંજૂરીની પૂરી અપેક્ષા ને સાથ મને જેમાં તેમાં જોઈશે જ. જો તમારા ગુલામ તરીકે મારી કને કામ લેવાનું સ્વીકારો તો ત્રણ મહિના રહું,** પણ ખાલી બોલી મૂકો તે ન ચાલે. મારા હૃદયની આઘાતની ભાવના કૃપા કરીને સમજશોજી.

## પૂજ્ય શ્રીમોટાનો અસંતોષ

હરિઃૐ            તા. ૧૭-૧-૧૯૪૯

પ્રિય ભાઈ,

કાંતાનું મૌન જ્યારે લેવાય તે વેળા જમવા કરવાની બાબતમાં વિચારી લઈશું. તમે રાંધો તેની સાથે મારી સંમતિ નથી. હા, તમે જે વાત મન પર લ્યો તે પૂરી કરી શકો એવા છો ને તેમ કરીને જ જંપો એવા ધૂની છો એમ જે તે બધાં તમારે વિશે કહે છે, પણ એક મને પોતાને જ તે બાબતમાં ખાતરી થવાપણું લાગેલું નથી કે જીવનની આધ્યાત્મિક ભાવનામાં તમને એવી ધૂન હજી ના પ્રકટી શકી તે ના પ્રકટી શકી. પૂ. મામા, પૂ. મોટા ભાઈ આદિ તમારા તે સ્વભાવના પરિણામે માનતા લાગે (ને તે સ્વાભાવિક છે) કે મોટાને નંદુ એવી ધૂનથી વળગેલો છે જેમ........ને તેમ, પણ મારે મન તો તે સાવ મિથ્યા ભ્રમણા છે. તું કદી મને હજી એવી ધૂનથી વળગેલો જ નથી એવું કે તેવું વળગવાનું હજી થઈ શકેલું જ નથી. તેવું થાય એમ જરૂર ઈચ્છું, પણ એ તો જે હોય તે હોય. રાંધવાનું તારે કરવાનું હોય જ નહિ. જો તેમ હશે તો રોટી, પાંઉ ને દૂધ — જેમ કિરાપટ્ટીમાં પ્રથમ વાર કરતા હતા તેમ કરીશું. લહેર પડશે, છોકરાને પણ ભાવે છે.

## પુસ્તકોનું આયોજન અને રિસામણાં

હરિઃૐ            તા. ૨૧-૧-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

ક્યાં રહેવું કે ઠરવું તેનો આકાર મનમાં નક્કી થયો જ નથી ને હમણાં તો પાંચેક માસ પછી ત્યાં જ આવવાનું મન છે. બધાં કાગળિયાં ફાગળિયાં ચોપડીઓમાં ઊતરાવી લઈ તે કામ પૂરું કર્યા બાદ જે તે થવાનું હો તે ભલે.

પ્રત્યેક તબક્કામાં ને પ્રત્યેક કર્મમાં હૃદયનાં સાથ ને સંમતિ તમે લખો છો કે શાં ખપનાં ? પણ ભલા ભાઈ, તમે એવું કેમ લખતા હશો. તે જ ઘણાંને ખરેખરાં ખપનાં હોય છે. તમે કેમ નથી જાણતા કે તમારી ભૂમિકા જેટલી મને જે તે બાબતમાં નક્કરપણે મળ્યા કરે તેટલું તે પ્રકારમાં બળ જીવતું રહ્યા કરે, વળી, તમે પણ જે તે બધું ભલે કરો પણ જીવનનું મહત્ત્વનું કર્મ તો સાધના છે. એ સાધનાના ભાવને પ્રાણવંત કર્યા કરીને રાખીને જે કર્મ કરવું ઘટે તે કરો. એમાં જ લગની લગાડો.

તમારી આર્થિક મદદ મને ગમે ત્યાં ને ગમે ત્યારે મળતી જ રહેશે તે પણ જાણ્યું છે, પણ તેના કરતાં તમારા હૃદયનો ભાવ મળ્યા કરે તે મારે તો જોઈએ છે. તમારા સ્વભાવમાં એક એવું મેં જોયું છે કે વ્યક્તિ સ્થૂળ રીતે હયાત ના હોય ને આઘી હોય ત્યારે તમે એને અંગે સારું વિચારી શકો છો, પણ તેના સ્થૂળ સમીપપણામાં તેવું તમારું થઈ શકતું નથી. મારું આ ધારવું કે માનવું ખોટું હોય તો તેમાં મને વધારે આનંદ છે.

તમે બન્ને જણાં જ્યાં રહેવાનું થાય ત્યાં અવારનવાર મારી કને રહેવા આવશો તે જાણી ઘણો આનંદ થયો છે, પણ તે ક્યારે બનશે તે તો રામ જાણે. હાલમાં તો પાંચ માસ કેડે તમારી કને આશ્રમમાં આવીને ઊભો રહેવાનો છું. બાકી તો તે કાળમાં શી શી પરિસ્થિતિ જાગે તે તો રામ જાણે ! અત્યારે મારા મનમાં કશી પણ તે અંગેની ભૂમિકા નથી. કશું સંતાડી રાખીને આમ હાલમાં ઉપરથી કહું છું તેવું નથી. કશું જ તે બાબતમાં મનમાં નથી એની સાબિતી તો બીજી શી આપી શકાય ? એ તો પરસ્પર એવાં શ્રદ્ધા વિશ્વાસ આપસમાં કેળવાયેલાં હોય તો પરસ્પરની એવી વાત હૃદય સ્વીકારી લેતું હોય છે જ. જ્યાં મન કે બુદ્ધિ શંકા નથી

લાવતું ત્યારે તે બાબતમાં હૃદયની ઈંદ્રિય શુદ્ધ સાત્ત્વિકભાવે કેળવાઈ ગયેલી ગણાય છે.

મને તો ખાતરી જ છે કે તમે મારી એટલે ચેતનની નજીક આવતા જ રહેવાના છો, ને તેમ તે થવાવાનું જ છે તે પણ ખાતરી છે.

તમોએ આપેલું ધન લીધું છે ને હજી પણ લઈશ, જો તમને તેથી મનમાં કાંઈ પણ ના ઊઠવાનું હોય તો જ. તમારું આપેલું હું એનો ગમે તે વ્યય કરું, ગમે તેને ભલે આપી દઉં, ને એનો તમે પોતે જાતે ગમે તેવો વ્યય થતો જુઓ છતાં પણ મનમાં કશું ના ઉદ્ભવે તેવું થાય ત્યારે જે મળશે તે આનંદ જ છે. આ તો તમે મને કંઈક આપો ને પછી જો તે અંગે કાંઈ ને કાંઈ અન્યથાપણે વિચારાયું તો તેવું અપાયેલું મિથ્યા જાય ને મારે કોઈ ને કોઈ રીતે તે સહેવાનું આવે, એવા સહેવામાં દુ:ખ નથી હોતું તે ભલે પણ તે હકીકત કોઈને ગળે ઊતરવી પણ શક્ય લાગતી નથી. હાલને તબક્કે તમે તે બુદ્ધિથી તો સમજી શકો તેટલી હાલતમાં તો છો જ. એટલે તમારે આપવાની બાબતમાં જે આપવું હોય તે લેવાની મારી નામરજી છે તેવું નથી, પણ ઉપર કહ્યું તેમ હોય તો તૈયારી છે જ ને વળી મારા પ્રભુએ તો આ જીવને અંગે તમે બધું આપી દેવાવાનું કહેલું ને તેવું તમારા સૂક્ષ્મ અંતરનું વલણ હતું તે પ્રભુએ પ્રત્યક્ષ કરી બતાવ્યું છે એટલું મને તો બસ છે, ને મારા ગમે ત્યાં જીવવાનો આધાર તમારા હૃદયના પ્રેમભાવ ને સદ્ભાવ પર જ સંકળાયેલો છે. તેથી, તે જીવનનાં મારાં બળને તો હું ભીખી ભીખીને તમારી કનેથી લેવાનો જ છું, ને તે તમારે આપ્યે જ છૂટકો છે. તમારા પરનો મારા દિલનો પ્રેમભાવ વધ્યો છે એની પણ મને તો પાકી ખાતરી છે.

• • •

# ૩૮. પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈના ગૂઢ સંબંધની હકીકતો

## પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈના ગૂઢ સંબંધનું રહસ્ય

ગમે તેના જીવનમાં વિના કારણે તે (સંત) કદી પ્રવેશતો નથી. એને એવી કોઈ જાતની ગરજ પણ હોતી નથી. સાથે સાથે એ પણ ખરું જ છે કે સંતના પોતાના જીવનના, સાધકના જીવનના, ગૂઢ પ્રારબ્ધ કર્મસંજોગે જો કોઈ સાધક તેના પ્રત્યે આકર્ષાઈને તેની સાથે જોડાવા માગે છે તો પછી સાધકની યોગ્યાયોગ્યતા વિશે તે કશું જોતો નથી. સાધકનો જીવનવિકાસ કરવાનું કાર્ય પણ તે પોતે જ પોતાના માટે કરતો હોય છે, કેમ કે એને મન સાધકમાં પોતાની જાત સંકળાયેલી જણાયેલી હોય છે. આમ હોવાથી એ સંત, સંતપણાની કોટીમાં આવ્યા પહેલાં તે સ્થિતિ પ્રાપ્ત કરવાને માટે પોતાની જાત પ્રત્યે જેવો નિષ્ઠુર બન્યા કરેલો હોય છે, તેવો જ નિર્દય તે સાધક પ્રત્યે પણ વખત આવ્યે જરૂર થશે. દરેકની સાથે તે નિષ્ઠુરતાથી જ વર્તશે એવું પણ નથી, પરંતુ કયા સાધકના પોતાની સાથેના કર્મપ્રારબ્ધના સંજોગો કેવા છે, તેની તેને જાણ હોવાથી યોગ્ય વ્યક્તિ સાથે યોગ્ય સમયે તે વ્યક્તિના કલ્યાણ અર્થે જ તે આવું વર્તન કરશે. શરૂઆતમાં સાધક પેલા સંતનું આવું વર્તન સમજી શકતો નથી અને તેથી તેના પ્રત્યે તે ક્રોધે પણ ભરાય કે મનમાં અન્યથાપણે તે વિચારે, પરંતુ તેથી સાધકને પોતાને જ નુકસાન થાય છે.

આપણી ગમે તેવી સમજણથી કે આપણા કોઈ સ્વાર્થની ગણતરીને લીધે પણ જો કદી એકવાર સંતપુરુષ સાથે આપણી સંમતિથી અનુષ્ઠાન થયું તો સંતપુરુષ આપણને કદી છોડશે નહિ.

સાધકને ગમે તેવું દુઃખ અને કષ્ટ થાય તોપણ જે કંઈ યોગ્ય કરવાનું હશે, તે કરતાં સંત અચકાશે નહિ.

('જીવનસંદેશ', સાતમી આ., પૃ. ૯૧-૯૨)

## પૂજ્ય શ્રીમોટા અને શ્રી નંદુભાઈના ગૂઢ સંબંધનો ખુલાસો

હરિઃૐ તા. ૨૩-૧૦-૧૯૪૮

ત્રિચિ

પ્રિય ભાઈ,

**તમારા બન્ને (હેમંતભાઈ અને નંદુભાઈના સાથે રહેવાના નિર્ણય)ની સમજણથી મને ઘણું ગમ્યું છે. તમારાં બધાંના પ્રેમભાવ ને સદ્‌ભાવ વિના મારામાં કશું જ બળ નથી, તે જેટલા જીવતા પ્રમાણમાં હોય તેટલા જ અંશે જીવતો રહેવાનું બને છે, બાકી તો સાવ અપંગ ને લૂલો જ છું. આ આધ્યાત્મિક હકીકત છે, એમાં જરા પણ અતિશયોક્તિ નથી.** તેથી જ તેવી તમારાં બધાં કને મારા જણાતા દોષને મનમાં ના રાખતા. જેટલો પ્રેમભાવ ને સદ્‌ભાવ જીવનવિકાસને કાજે મારે ખાતર નહિ પણ પોતાને ખાતર જ તે જિવાડવાનું કર્યા કરશો તો અંતે કશું ખોવાપણું રહેતું નથી. કૃપા કરી મને એકલો, અટૂલો રખડતો ન મૂકી દેશો, કારણ કે સ્વજનના અંતરના પ્રેમભાવ વિના મને જીવન ખારું ખારું ને તદ્દન મિથ્યા ને શુષ્ક લાગે છે. આ અંગે કદાચ કોઈને લાગે કે 'એ તો બધું અમારે અંગે જ કહી શકાય' પણ ના, તેમ નથી. મારે અંગે તો તે અક્ષરે અક્ષર સાચું છે. **તમારાં બધાંનાં હૃદયની નિકટતા પ્રેમભાવ વડે જગતમાં જીવવાનો આધાર મળેલો છે ને જગતમાં કંઈ કામ કરી શકવાની શક્તિ પણ મળતી રહે છે. ને પગમાં, હાથમાં હિંમત, ધીરજ ને અખૂટ બળ જોશ રહ્યા કરે છે.**

**હેમંતભાઈ ને તમે એ તો મારા જીવનની પાંખ છો. તમારાં નિમિત્તે જીવનમાં આગળ આવવાનું બન્યું છે ને તમે ના મળ્યા હોત તો ? એમાં 'તો' તો પ્રશ્ન જ નથી. દરેક કાર્યમાં ઉપાદાન ને નિમિત્ત એ બે કારણો હોય છે. ઉપાદાનકારણ* મૂળનું ને નિમિત્ત તે ઉપરનું બહારથી મળતું. તેમ તમે મૂળના કારણને વ્યક્ત થવા દેવા કાજે પૂર્વ પરંપરાથી મળેલા પ્રભુકૃપાના સ્વજન છો.** મારી અનેક દેખીતી ત્રુટિઓ હોય, તેમ છતાં તમારી ત્રુટિઓ પર તૂટી પડવાનું કરું તો તેમાં તેનાથી ઉપર જતાં જોવાનું તમારે અંગેનું મારા દિલનું તલપાપડપણું રહેલું છે. મારા દોષ તમે જતા ના કરો તે હું તમને કહું તો ખરો, પણ દોષ કે ભૂલ જીવનને ઉચ્ચતર કક્ષાએ લઈ જવા મથનાર જીવ જો નહિ સમજે તો તેનું જીવન ઊંચે જઈ શકતું નથી. જીવની અમુક આધ્યાત્મિક કક્ષા થઈ ગયા કેડે એનાથી થતાં કર્મના દોષમાં પણ સહેતુક વર્તાવ હોય છે, પણ તેનો પૂરો યોગ્ય ખુલાસો આપી શકાતો નથી જ, પણ તેમાં ક્યાંય રાગદ્વેષપણું હોતું નથી તેટલું ચોક્કસ છે.

એટલે તમે બધાં હૃદયના પ્રેમભાવને સચેત કરી જીવતો કર્યા કરવાનું કરશો, તો પ્રેમ તો સર્વ કાંઈ સ્વીકારી શકે છે ને પ્રેમની પાંખનો વિસ્તાર તો અમર્યાદપણે સર્વત્ર પ્રસરેલો જ છે. તમે બધાં મને 'તમારા અંતરના' કરી મને તમારા હૃદયમાં જીવતું સ્થાન આપતાં બની શકો તો તેમાં મારો પણ તમારાથી મોક્ષ બનતો રહે ને તમારો મારાથી બનતો રહે, આ પણ એક આધ્યાત્મિક શુદ્ધ હકીકત છે.

પરસ્પર ગુણગ્રાહી થવાનું દિલમાં જેને જચી જાય એને પરસ્પરનો સહવાસ ઉન્નતકારી જ બને ને તમે બન્ને તથા ત્રીજી

---

* કાર્યની ઉત્પત્તિનું મૂળ જે કાર્યમાં ઓતપ્રોત રહેલું હોય, સમવાયી કારણ, સમવાયી સંબંધ ધરાવતું જેમ કે સોનું અને સોનાનાં ઘરેણાં.

કાંતુ, પણ એ ભાવમાં જીવી મને ભાવથી તરબોળ કરી દેશો એ જ તમને વિનંતી છે ને પ્રાર્થના પણ છે.

## પૂજ્ય શ્રીમોટાનો આધાર શ્રી નંદુભાઈ

હરિ:ૐ તા. ૨૪-૧-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

મારે અંગે જુદે જુદે ઠેકાણેથી હવે આવા આવા માણસો કને વાતો જવા લાગી છે એમ આજના તમારાં લખાણ પરથી સમજાતું જાય છે. પુસ્તકોએ પણ ઠીક ભાગ ભજવ્યો છે. કૃપા કરીને તમારી મને ભાવનાપૂર્વકની નક્કર મદદ મળી જાય તો ઘણું કરી શકાય. પ્રભુ કરશે ને તમારો હૃદયનો સાથ મળવાનો જ છે. તમને હું તો મારો નક્કર આધાર ગણું છું. પૂ. બાના વહાલનો આધાર તમે મને ગણવાનું લખો છો પણ તે સાવ અયોગ્ય છે એવું તો તે વહાલ તમારા મારા તરફના વલણને અંગે છે, ને સ્વતંત્રપણે હજી તે નથી. તમે ધારો કે મને મૂકી દ્યો તો બા તેમ છતાં મને વળગી રહે કે કેમ તે હજી વિચારવાનું રહે છે. આપણા કે તમારા કુટુંબમાં જે જે બધાં થોડુંઘણું પણ જે માનવાનું કરે છે તે તમારે અંગે જ, ને તમારે અંગે બીજાનું પણ તેવી રીતનું થતું આવ્યું છે. મારે મન તો તે હકીકતની વાત છે.

## પ્રથમ પરિચયે જ નંદુભાઈની જાણ

હરિ:ૐ તા. ૨૭-૧-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમારી યથાયોગ્યતા કેટકેટલી છે ! તમારા પર તો વારીવારી જાઉં એમ થાય છે.

**તમારી મહત્તા મારા મનમાં તો પ્રથમ મેળાપે જ હતી, જેમ મારા ગુરુમહારાજે મને જોતાં જ કહેલું.** તમારા અંગે ઘણું લખીને કહી શકું, પણ આજે આ કાળે તેના યથાર્થ સ્વરૂપમાં તે ન લેખાય. તમોને ઉદ્દેશીને તે કાગળ (એકલાને જ હતો તેમ નહિ તમને વિશેષપણે હતો તે ખરું, પણ તેવું નિમિત્ત મળ્યું એટલે સ્પષ્ટ કર્યું.) વળી, **આજે આ લખવાનું આવે છે તે વેળા તમને એકલાને જ કહું કે મારામાં પૂર્વજન્મના યોગના સંસ્કાર પણ છે, ને તે તંત્રયોગ - અઘોરયોગના, ને એવા સંસ્કારની ચેતન સ્ફૂર્તિથી પણ તેવું તેવું થવાવાનું બનેલું છે ને બનશે, પણ એટલું યાદ રાખશો કે તેથી કશું અયોગ્ય નહિ બને.** જોકે વહેવારદોષ, નીતિદોષ-આદિ દોષો બનતા લાગતા જણાય, પણ તેની પાછળનું જ્ઞાનદૃષ્ટિ હોવાપણું-ને એ પરત્વેનો મારે ઝોક રાખવો તે તો યોગ્ય ના ગણાય. તેને તે રીતે સમજાવી શકું બહુ તો. (જોકે તે પણ યોગ્ય ના ગણાય) ને એની યથાર્થતા પણ ભલે હોય ! પણ એવા વહેવારદોષ કે નીતિદોષ - એ રીતે મારે ગણાવવા રહ્યા.

## નિમિત્ત નંદુભાઈ

હરિઃૐ                    તા. ૨૯-૧-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

હું તો કહું છું મારી કને પૈસા જે કાંઈ છે તે તારા જ છે. આ કંઈ ગપ્પું મારતો નથી. તારા જ નિમિત્ત સંજોગે મને તો મળતું થયું છે, તે પહેલાં છેક ન હતું એમ ભલે ના હો, પરંતુ પ્રભુકૃપાથી તારો ભેટો થતાં તે યથાર્થ સ્વરૂપે ફળતો થયો છે. આનું રહસ્ય તું સમજશે એવી આશા છે. માટે, આ બાબતમાં પૂરેપૂરું ઘટતું કરશોજી.

હરિઃૐ　　તા. ૧-૨-૧૯૪૯
કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તારો મને સાથ છે તો જ જે તે કોઈ મળેલું છે. તેમના કોઈ ખૂણાને ઠીક કરાવવાનું બને છે. તેમાંથી કેટલું બનશે તે તો પ્રભુ જાણે પણ જે શક્ય હોય તે વિના સંકોચે જે વ્યક્ત થવાનું બને છે તે તો તારા નિમિત્તે. તે નિમિત્ત જીવતું વધારે ને વધારે થયા કરે એ જ પ્રાર્થના. તારા મળવાથી કરીને જે જે મળ્યાં તેમાં ભલે ધગધગતું કશું ના થઈ શક્યું હોય છતાં પ્રભુકૃપા સર્વ સમર્થ છે. ને ભલે આજે પરિણામ ન દેખાતું હોય, પણ ન દેખાતું હોય તેથી નથી જ નીપજવાનું એવું તો ન જ માની શકાય. ભલે કદાચ થોડો કાળ કે વધારે ક્યાંક રહું તોપણ મને તારી જરૂર અનિવાર્યપણે છે. તારા વિનાનો 'હું' મને કલ્પી પણ શકતો નથી. પડતાં આખડતાં પણ આપણે સાથે જ રહીએ, હોઈએ તે જ મને તો ઈષ્ટ લાગે છે. મારા માનવા સાથે કે વર્તવા સાથે તને ના રુચે એવું બને તોપણ સંબંધમાં જીવતાપણું રહેવાવા સાથે તે બધાને શો સંબંધ હોઈ શકે ? તમારા હોવાપણાને લીધે તમે જીવનમાં મળેલા છો તે ભૂમિકાને લીધે તો તમને તેમ જ અન્યને ખબરદારીથી જે તે કહી શકું છું. તે બધું જ પુણ્ય જે તે એવાં મળેલાં સ્વજનોનાં ચરણકમળમાં છે. તારું શું હું નહિ સહી લેતો હોઉં ? તો તું મને શા કાજે તેમ ન કરી લે ? શું હું તને જેવો છે તેવો સ્વીકારતો નથી ? તો તું મને સ્વીકારે તો તેમાં કશું વધારે નથી. માટે, આપણે એકબીજા ગમે તેવા હોઈએ તોયે ભેગા જ છીએ. **ભાઈ નંદુ ! મને અવારનવાર ભાવનાથી મળતો રહેજે. દિવસમાં અવારનવાર પ્રેમભક્તિથી યાદ કર્યા કરજે. એવી કોઈ પળે જ્યાં પરસ્પરનો હૃદય મળી જતાં જે ઝબકારો થશે તે ન્યારો હશે.**

## ‘વર તરીકે નંદુ’

હરિઃૐ તા. ૨-૨-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય કાંતુ ,

તને કેટલીય વાર કહ્યું હશે કે એવો વર આપણને મળવો એ આપણું, તારું ને મારું સદ્‌ભાગ્ય છે. ગઈ કાલે જ પ્રમીલા, પૂ. મોટી બા હતાં તે વેળા મેં તો કહ્યું કે **જો જન્મ લેવાનો આવે તો તો હવે બૈરીનો, ને તે વેળા મારા વર તરીકે મને નંદુ જ મળે. જો તેવું થાય તો ભવોભવનું સાટું વાળી દઉં.** હવે તો પહેલાં જ્યારે માત્ર એક સામાન્ય માનવી તરીકે હતો તેવી વેળાએ જે રીતે કોઈની સેવા કરવાની તક મળતી, તેવી તક સેવાની હોવા છતાં મને કોઈ તેવી રીતે સેવા કરવા જ ન દે.

હરિઃૐ તા. ૮-૨-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય નંદશંકર / પ્રિય ભાઈ,

તમારે અંગે બસ હવે તો એક જ આશા દિલમાં ઝળહળે છે કે તમે બસ લગાતાર યાહોમ કરીને જીવનસાધનામાં ઝુકાવો. કશું કાંઈ બાકી રહેવાનું નથી. એ તો સહુ કંઈ થયા જશે. કશું બગડવાનું પણ નથી ને આપણાથી કશું સુધરાવી કે સુધારી શકાતું પણ હોતું નથી, એ તો ખાલી ભ્રમણા છે. **જે પોતાની સેવા કરી શક્યો તેણે જગતની સેવા કરી જાણી જ,** તે સૂત્રને દિલમાં ઉતારી શકીશું તો સેવાના કશા પણ અભરખા જાગી શકવાના જ નથી. આપણી સેવાનો માર્ગ તો સર્વોત્તમપણાનો છે. તે નક્કી માનશો ને જાણશોજી. બસ જે કહો તે, પણ **તમે મારા જીવનના આધાર છો, ટેકો ને પ્રાણ છો. તમારા વડે મારે નક્કરપણે જગતના જીવનમાં**

**જીવવાપણું શોભે, તમે એવા થઈ શકો તેવા સામર્થ્યવાળા છો જ. તમે હવે કૃપા કરીને બુદ્ધિને વેગળે મૂકો ને શ્રદ્ધાના ભાનપણામાં જીવતા બનો એવી ખ્વાહિશ થાય છે. બુદ્ધિના જોર પર જે કોઈ ઝઝૂમે છે તે આજ કે કાલ પછડાઈ જ જવાનો છે, તે નક્કી જાણશોજી. કોરી બુદ્ધિ ને તેનું શુષ્ક તર્કવાદીપણું જીવનવિકાસને મદદ કરનારું નથી, બલકે એને નડતરરૂપ છે, તે પણ નક્કી હકીકત છે.** તેથી, એને પ્રેમભક્તિના રંગે રંગાઈ જવાને મથાવશોજી. પૂજ્યશ્રીની (શ્રીમાતાજી - સં.)* દર્શન તિથિ ફેબ્રુઆરીમાં ક્યારે છે ? ૨૧ કે ૨૪મી, તે લખશોજી.

## નવમા દીક્ષાદિને સંદેશ

હરિઃૐ તા. ૯-૨-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

હવે તો બધું પડતું મૂકીને યાહોમ કરીને બસ ઝંપલાવ્યે રાખવું એવો જ મરણિયો નિશ્ચય કરીને બસ જેમાં ને તેમાં એ જ ભાવના જીવતી રહ્યા કરે ને એ ભાવનાથી **જે તે કર્મ થયા કરે ને તે વહાલા પ્રભુનાં ચરણકમળે જ્ઞાનભક્તિપૂર્વક સમર્પણ થયા કરે એ જ જીવન છે, બીજું બાકીનું જીવવું મિથ્યા ને નિરર્થક છે, એવું હૃદયમાં લાગી જાઓ, એ જ તમારા આજના પ્રેમસ્મરણ અંગે હૃદયની પ્રાર્થના છે.**

આજના નવ વર્ષનું જો સરવૈયું કાઢું તો જમા પાસું નથી એમ નથી કહેવું, જ્યાં લગી જીવીએ છીએ ત્યાં લગી તો બે પાસાં જમા ને ઉધાર હોવાનાં જ, પણ આ નવ વર્ષમાં આધ્યાત્મિક

---

* મહર્ષિ અરવિંદ આશ્રમ પોંડિચેરીનાં શ્રીમાતાજીની જન્મતારીખ ૨૧ ફેબ્રુઆરી, ૧૮૭૮. એ તારીખે શ્રીમાતાજી જાહેરમાં દર્શન આપતાં.

કક્ષાના જીવનનું પાસું પણ જન્મેલું છે, પણ મને પોતાને તેટલાથી સંતોષ નથી. તેથી, બસ હવે તો એ એકલી જ ધૂનમાં - પણ તે જ્ઞાનભક્તિપૂર્વકની - એકરાગ લગાતાર મંડી જવાનું કરવાનું છે. ધૂનમાં તો એક પ્રકારનું આંધળિયાપણું છે, ધૂન બીજું કશું સૂઝવા પણ ના દે. ધૂનથી માનસ આવરાઈ પણ જતું હોય છે. ધૂનમાં ધૂનથી એક પ્રકારનું ઝનૂન પ્રકટે છે તે સાચું છે ને તેનો નશો પણ હોય છે ને તેથી માનવી જે પ્રકારની ધૂન, તેમાં એકરાગપણાવાળો પણ બની શકે છે, પણ ધૂનમાં જે સળંગતા, સમગ્રતા હોવી ઘટે તે સામાન્ય પ્રકારની ધૂનમાં નથી હોતી. તે ધૂનમાં કેંદ્રિતતા હોય છે. તેથી, આપણી ધૂન સળંગતા ને સમગ્રતાવાળી હોવી ઘટે. આપણી ધૂન તો જીવનને આવરી લઈ ના શકે પણ જીવનમાં પ્રકાશ પાડે, જીવનને ઉકેલાવવામાં ચેતનપ્રાણ પ્રેરાવે છે.

બીજી બધી જ પ્રવૃત્તિ થયા કરે એવી યોજના વિચારી લેવાય, પૈસા કંઈ ઝાઝા તેથી ખર્ચાઈ જવાના પણ નથી ને તેવું તમે ખ્યાલમાં પણ ના રાખો. કાંતુની સાથે બેસીને હૃદય-મનની મોકળાશથી તે અંગે વાત પણ કરી લેવાય ને બન્ને મળી આ માર્ગમાં હવે એકધારું ઝંપલાવવા અંગેની વેતરણમાં પડી જે તે આ પાર કે પેલે પાર એવા મક્કમ મરણિયા નિરધારમાં આવી જવું જ ઘટે. આટલું તો હવે કર્યે જ છૂટકો. તમે તે જરૂર કરી શકશોજી. મારું જે તે કામ ભૂલેચૂકે ચીંધવાનું બને તે પણ ભાઈ શાંતિ કે કોઈની મદદથી પણ થઈ રહેવાનું છે. તમે મન પર લેશો તો એનો પણ ઉકેલ આવી જવાનો જ છે. **તમે એકલા આ માર્ગમાં ખરેખરા મનહૃદયથી જો ઝંપલાવો તો એની અસર મળેલાં સગાંવહાલાંઓની પર પડ્યા વિના રહી શકવાની નથી. ને તે ભલેને**

**આડકતરી અસર હોય પણ તે પરમ સેવા છે.** જીવનની પર અસર તમારા આદરાયેલા એવા ભગીરથપણાથી જે પ્રકટશે તે કોઈ ઓર હશે. ભાઈલા ! તારાથી પ્રભુકૃપાના બળે જીવનમાં જે વ્યક્ત થવાનું બન્યું તે તો કોઈ ન્યારી જ હકીકત છે. હવે બધા જે રહ્યાસહ્યા સંશયો હોય તેને બાળી મૂકી બસ આ માર્ગમાં જ ઝંપલાવી દે, એ જ એક તારામાંના ચેતનને હૃદયની ભાવભીની પ્રાર્થના છે.

હરિઃૐ તા. ૧૨-૨-૧૯૪૯
કુંભકોણમ્

પ્રિય કાંતાશંકર શંખભારથી,

હવે આપણે નંદુને તેનો બધો સમય તે સાધનામાં જ ગાળે એવું કરવું છે. તો તમે બન્ને તે બાબતમાં સલાહ કરીને જે તે તારે ભાગે કરવાનું આવે તે કરજે. એમાં ગફલત ના થવા દેવી ને એ જે કહે તે અક્ષરે અક્ષર આપણે પાળવાનો હોય. એના કહ્યામાં આપણે જો યથાતથ્યતા ના ભાળી શક્યાં તો મૂઆં આપણે ! એ જે કહે તે આપણી ખોડખાંપણ કાઢવા કહે છે, એવું આપણને લાગે તો મરવા જેવું લાગે. તને સાચું નહિ લાગે, પણ એની કનેથી તો હું પણ શીખવા માગું, એને મારો ગુરુ બનાવવાને પણ મારી તો હૃદયપૂર્વકની તૈયારી છે. માટે, એના બોલમાં વજન ને ભાવ મૂકજે.

**હૃદયની માગણી**

હરિઃૐ તા. ૩-૩-૧૯૪૯
કુંભકોણમ્

પ્રિય ભાઈ,

જેના સમગ્ર જીવનનું મૂલ્યાંકન ને જેના સારાયે જીવનપણાનો

આધાર જેના પર હોય, તેવું કોઈ હૃદય - દિલબર ખરેખરા રાહે ન ચઢેલું જોતાં તેને શું થાય ? જેને બુદ્ધિ છે, એ વિષય પરત્વેની જેનામાં સમજણ પણ છે, જેને જરા પણ પ્રેમની ભાવનાયુક્ત હૃદયમાં કુમળાશ ને કુમાશભરી મધુરી મધુરી ઊર્મિ છે, તે જીવ તો જરૂર તે બાબત સમજી જ શકે. હૃદયના દિલબરની હૃદયમાં હૃદયથી સતત ઝંખના થયા જ કરતી હોય, ને હૃદયનું દિલબર પાસે હોવા છતાં એનું સ્થૂળપણું પ્રત્યક્ષ હોવા છતાં, એનું હૃદય ના મળતું હોય, એની પ્રાણ ચેતન ઉષ્મા આપણા હૃદયને સ્પર્શતી ના અનુભવાતી હોય ત્યારે તેવાં હૃદયને શું થાય ? જરા ભલા, કલ્પના તો કરી જુઓ ! જેને મળ્યા જ કરવાનું હૃદય એકદિલી ભાવે સતત સ્મર્યા કરતું હોય તેવાં હૃદયને શો જંપ વળે ? એને મળ્યા વિના ચેન પણ કેમ વળે ? ને પેલું હૃદય જો સામે પણ ન જુએ, પોતાના નજર કટાક્ષ પણ ના ફેંકે તો તેવાં હૃદયનું ક્યાં સ્થાન ? એની અધીરાઈનો આંક કોણ કાઢી શકે ? ભલા ! ક્યાં સુધી ધીરજની કસોટી કરવાની છે ? કસોટી તો કોણ કોની કરી રહેલું છે ? આ જીવ જો પ્રભુકૃપાથી સ્વજનની કસોટી કરતો હશે તો એની કેવી કસોટી થયા કરતી હશે તે કોણ જાણે ? **ખુદાનો તો નેક કાયદો છે કે 'ઈસ હાથ સે લે ઔર ઉસ હાથ સે દે.' જેવું કરે તેવું જ પામે એવો મારા વહાલાનો અદલ ઈન્સાફ છે !**

હૃદય હૃદયને appeal - અરજ કરે, આર્દ્રતા ને આર્તતાપૂર્વક જે કરગરી વિનવણી કરે, તેમ હૃદય હૃદયને વીનવે છે કે હવે તો પોતે પોતાના દેશાભિમુખ ગતિ કરવાનું જ તે વિચારે, ચિંતવન કરે, ને હૃદયમાં જ ગુલતાન રહે. હૃદય મળતાં સઘળું કંઈ મળી જવાનું છે, હૃદય સાબૂત રહેતાં જ જિવાવાનું છે. હૃદય હોતાં જ જીવન છે, જેને હૃદય નથી તેને જીવન નથી. તેથી, હૃદય મળે

તેવું જ હવે તો થાય તો હૃદયમાં સુખાનંદ પ્રવર્તે, બાકી, એકલા હૃદયનો સુખાનંદ અમને તો સુખાનંદ હોવા છતાં એનો ભાગ પડતાં જ એમાં જે આનંદ વધે છે, તે આનંદની ખુમારી ને નશો કોઈ ઓર હોય છે. અમારે એકલા સુખી નથી થવું, **અમારે તો મળેલાંમાં હૃદય પ્રકટે, હૃદય જીવતું બને, હૃદય સચેતનવંત થાય, હૃદય પ્રત્યક્ષ હૃદયમાં ભળી જાય ને હૃદય હૃદય સાગરરૂપે પૃથ્વીનાં પડળોમાં ફરીવળી અણુએ અણુમાં હૃદયની આણ પ્રવર્તે ને જ્યાં જ્યાં એકરસ ચેતનભાવે હૃદયમાં જ હૃદયથી એકતાર બની હૃદયને અનુભવે ત્યારે જ અમારે તો જંપવા વારો થાય. ત્યાં લગી અમારે તે અજંપો રહેવાનો. એમાંથી અમને ખુદ ઈશ્વર પણ ના ઉગારી શકે. એમાં તે પણ વચ્ચે ના પડી શકે.** એમાંથી ઉગારવાવાળું તો એક હૃદય જ હોય, હૃદયને હૃદય પારખ થતી નથી એ જ મોટામાં મોટી દુઃખદ કથની છે. હૃદયની હૃદય પારખ થતાં જ જીવમાં બંધ ન પડી શકે એવી અંતર્મુખપણે સતત એકધારી ફેરફારની ક્રિયા થતી જ રહે છે. તેને તે વેળા કરવાપણું નથી રહેતું. થયા જ કરવાપણું રહે છે, ત્યાં શ્રમને સ્થાન જ નથી. એ તો સહજ સાધના તે વેળા બન્યા કરે છે, એવો હૃદય હૃદયનો મેળાપનો કીમિયો છે. હવે તો તે હૃદયપ્રદેશમાં પ્રવેશો, એ જ પ્રાર્થના છે.

**મારા સરકાર**

હરિઃૐ તા. ૩-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

તમે શાંતિ માટે કાળજી રાખો છો ને તેની હકીકત મનમાં જીવતી રાખો છો, તે જાણી આનંદ જ થાય. હમણાંનો આ વેળા ત્રિચિ હતો (પૂ. મામા ત્યાં હતા તે વેળાનો) **તમને હું 'મારા**

**સરકાર' તરીકે સંબોધું છું. પૂ. મોટી બા, મામી, પ્રમીલાશંકર બધાં તે હકીકત જાણે છે. સાચે જ તમે મારા સરકાર છો.** માત્ર તેવું તેવું શાંતિનું, મૂળજીનું કે મારાં ભાભીનું કે એવું આદિ કશું કામ તમે કરતા હો કે વાત કરતા હો કે વિચારતા હો તે વેળા આ જીવની ચેતનાસ્મૃતિને હૃદયમાં જેટલી વધારે જાગ્રત ને ચેતનાવંત રહ્યા કરે તે જ ઉત્તમ છે.

તમારામાં પ્રત્યક્ષપણે બે પ્રવાહો સામસામા વહી રહેલા મેં જોયા છે. તમે ઉદાર પણ છો, નથી એમ નહિ, સાથે કદીક કદીક સંકુચિતપણું ડોકિયાં કરી જતું પણ નિહાળેલું છે, પણ તેનો કાળ કે ગાળો ટૂંકો હોય છે. તમે પોતે એવા પોતાના બે પ્રવાહો જુઓ ને એનું જીવતું પૃથક્કરણ કરતા રહો તે જરૂરનું છે. **પોતાનામાં સામસામી બાજુના બે પ્રવાહો પ્રત્યક્ષપણે જે જુએ છે, તે સાધનાની કોટિનો જીવ છે, તે નક્કી જાણવું ને માનવું, ભલે પછી તે જીવ સાધના ના કરતો હોય છતાં તે સાધનાની કોટિનો જીવ છે, તે નક્કી.**

હરિઃૐ તા. ૭-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

મારા શરીરના રોગ કાજેની તમારી સમજણની હકીકત તમે લખી છે, તે કાજે તો શું લખું ? વહાલા ભાઈ ! આટલાં વર્ષના ગાળામાં શું તેં એટલું નથી જોયું કે જે જે મળેલાં છે તેનામાં કંઈ ને કંઈ પ્રકારની યોગ્ય સમજણ જગાડવામાં જ આ જીવની સકળ પ્રવૃત્તિ હોય છે. એક જો તું મારો સંપૂર્ણ થઈ જાય છે ને મારા શરીરના લાગતા અનીતિવાળા દેખાવને કે પ્રસંગને કોઈ રહસ્યભાવે

સમજવાનું કરી શકે અથવા ના કરી શકે તેનો પણ વાંધો નથી, પણ કૃપા કરીને તે અંગે વહેમનું વમળ કે કમળ મનમાં ના રહે તો સારું, કારણ કે તે તો વધતું વધતું વધવાનું જ. તું કહેશે કે લખશે કે 'તેના વિચાર કદી આવેલા જ નથી.' પણ તે શક્ય નથી. એનો જવાબ મેં પૂ. મામાના કાગળમાં આપેલો છે જ. **હું એક ઉપયોગી જીવ છું,** જેનામાં ચેતનના અંશપણાના કંઈક કંઈક અનુભવો થયેલા છે, જાણેલા છે ને જે જાણેલા છે તે જાતમાહિતી જેવા ગણાય, તેવો જીવ શુદ્ધ વ્યભિચારવેળામાં તો ના પ્રવર્તી શકે, જો તેવો હોય તો તેવી વૃત્તિને આવા જીવસ્વભાવથી પરનાં જે વર્તાવ કે ભાવના હોવાં તે બે સાથે સાથે તો ના જ જઈ શકે. હવેનો મારો કાળ એવો આવે છે કે મારે તારી ભૂમિકાની ઘણી ઘણી જરૂર છે. તું સાધનામાં એકરત થાય, સાધનામય મન, ચિત્ત, પ્રાણ, મતિ, અહમ્ થયા જાય તો જ પ્રભુકૃપાથી મારે મળેલાં સ્વજનોને બરાબર ઠપકારવાં છે, પણ તારા નક્કર ટેકા વિના મારાથી તેમ ના થઈ શકે. તારો આધાર એ મારે મન આ બધી બાબતોમાં મૂર્તસ્વરૂપે નિમિત્ત છે. હું જેવો તેવો પણ તારો જ છું, એની શું ખાતરી હજી તને નથી થઈ ? તારી સાથેના સંબંધમાં મને પૈસાનો લોભ નથી એની તો નક્કર ખાતરી તને થઈ ગયેલી જ હોવી ઘટે. સત્તાનો તો મને ખ્યાલ હોતો જ નથી. જીવસ્વભાવ - ધન, સત્તા ને સ્ત્રી (opposite sex) તેમાં પહેલાં બેમાંની તો પ્રભુકૃપાથી ખાતરી થાય તેવું આ જીવના જીવનમાં ઘણું તમે જાણેલું છે ને અનુભવેલું છે. હવે રહી માત્ર બાબત opposite sexની, એનું પ્રમાણ પણ નક્કરપણે જેને તેને આપેલું છે - તેટલું તારા મનમાં ઠસી જાય તો હવે તારા મનને મારી કોઈ અવળચંડાઈને

પકડવાનું સાધન ના મળે. મનને બેળે બેળે સમજાવવાનું બની શકતું નથી. છતાં આ બાબતમાં મારે સમર્થન કરવાનું હોય નહિ, એને એવી રીતે યોગ્ય ઠેરવવાનું જગત આગળ તો થાય નહિ ને તે અનીતિ જ કહેવાય તે આજે પણ કબૂલ કરું છું. જગતની ન્યાયની કચેરીમાં બદનામી વહોરવાની પણ તૈયારી કરીને પણ જે જે એવા પ્રકારના જીવો મળેલાં છે, તે સાથે તેમ જ વર્તવાનું થાય તો તમે મને શરમાવાનું કરો એટલે તમારા મનમાં સંશયો થાય ને તેને તમારો દોષ પણ ના ગણું, પણ જે સંશય હોય તેને યોગ્ય રીતે જો સમજાવવાનું કરી શકવાનું થાય ને તે પ્રમાણે કરવાનો મને તમારી સાથે ધર્મ પણ હોય. એકવાર હૃદયથી વિચારીને મને તમે નિર્ણય બતાવી દ્યો કે **'મોટા ! જીવનભર હવે તો સાધનામાં જ ગળી જવું છે ને સાધના વિના ઉદ્ધાર નથી.'**

**જીવનનાં સગાં બની જઈએ, ને મારે ને તારે કે તારે ને મારે ગમે તેવું બને પણ આપણે એકગાંઠ બનીને રહીએ એવું અભય વચન કૃપા કરીને તારું હૃદય આપે એવી હવે તો મને મોકળાશ જોઈએ છે.** તારે માથે નથી પડવાનો તેની તને ખાતરી પ્રભુ કરાવશે જ. કોઈ ઠેકાણે રહેવાનું પ્રભુકૃપાથી બને તો તે પણ તારા એવા આધાર મળી ગયા વિનાનું તે મિથ્યા મારે મન તો છે. તારી સાથે જેટલો પત્રવહેવાર થયો છે ને આધ્યાત્મિક લખાણ જેટલું તને સંબોધીને લખાયેલું છે તેટલું કોઈની સાથે થયેલું નથી, તે પરથી પણ મારા આ જીવના જીવનના જે તે પાસાંના ઉદય થવાપણાનું નિમિત્ત પણ તારા પર રહેલું છે. આ જીવની સર્વ કક્ષાઓનું તને પ્રત્યક્ષ અનુભવ ને ભાન થઈ જાય તે કાજે પ્રભુકૃપાથી તેવા તેવા પ્રસંગો ઉપજાવવાનું બન્યા કરેલું છે, ને તે તે પાસાંમાં જો આપણું

મન તટસ્થતાવાળું રહ્યા કરેલું હોય તો તો તે તે પાસાંના તેવા તેવા વ્યક્ત થવાપણામાં ચેતનના પ્રભાવનો કંઈક તો ખ્યાલ જાગે જ જાગે. ને આ જીવમાં કંઈક ચેતનપણું છે, ને તેનાં જે તે પાસાંમાંનું તેવાપણાનાં દર્શન અનુભવ થવાવા કાજે તે તે જરૂરનું પણ હોય, જેથી તમને પાકા પાયે આ જીવના તેવાપણાનો સાચો જીવતો ખ્યાલ જાગે. જે જે દિશાએથી સંશય જાગવાની શક્યતા હોય તેવા તેવા પ્રસંગો પ્રભુએ જગાડી આ જીવ કાજે જે તારતમ્ય કાઢવું ઘટે તે તે થયા કરેલું છે, પણ તમે અમુક માનો જ તેવો ક્યાંય આગ્રહ નથી, ને આ પહેલાં પણ તેવા તેવા પ્રસંગોએ જે લખેલું છે તે તે બધું આ આધ્યાત્મિક જીવનની તેવી તેવી હકીકતનું યથાર્થ ભાનની વાસ્તવિકતા તમારામાં જાગી શકાડવાનું બને તો યોગ્ય તે હેતુથી તે તે બધું લખાયેલું હતું.

**મને આવા જીવનમાં વ્યક્ત થવાપણા અંગે તારું જીવન નિમિત્તરૂપ છે. ને આશ્રમ પણ જો થવાનો હોત તો તે પણ તારા જ નિમિત્ત અર્થે.** જો થયો હોત તો તારી સાથે લડવું પડતે તો તે કરીને તારો વિરોધ કે ગુસ્સો સહી લઈને. ને અંતમાં તારા તદાગ્રહને હઠાવીને પણ તને સાધનામાં ઘોંચવાનું પ્રભુકૃપાબળે કરાવવાનું થાત, થાત ને થાત જ. તો હવે તે હેતુ તું ફળાવવાનું કરે ને મારે કોઈ ઠેકાણે રહેવાનું થાય તો પહેલાં તું મારું પાકું નિમિત્ત થઈ જાય ને જીવનનો નક્કર મરણિયો નિરધાર કરી લે તેવી તારાં ચરણકમળમાં આ તારા વહાલા સ્વજનની પ્રેમ-ભક્તિભાવે પ્રાર્થના છે. **વહાલા ભાઈ ! તું મારું જે કહે તે છે, મારા જીવનનો આધાર તારા પર છે. ને તારા પર મારે જીતવાનું કે હારવાનું છે,** જોકે તેમાં તેવાપણું કારણ હેતુએ ના હોય તે વળી

જુદી વાત છે, પણ તારા નક્કરપણાનો આધાર મળી જતાં મને આપણાં બધાં સ્વજનોને મઠારવામાં પ્રાણચેતન આવી જવાનાં છે. જગત સારુંય તરછોડે પણ તારી ભાવના અમરપણે મારામાં જીવતી રહી શકે એવા આધારની મને ઘણી ઘણી જરૂર રહે છે, તો જ જગતમાં મારે ભાગે આવેલ ધર્મ યોગ્ય રીતે અદા કરી શકું. તું મારા જીવનનું કામ પાર ઉતારી શકે એવાં બળ, શક્તિ, સાહસ, હિંમત, ધીરજ આદિનાં પૂરતાં મૂળના ચેતનપણામાં હું જોઈ શકું છું. શરીરના રોગપણાના ઉપરથી આ વાત પર નીકળી જવાયું.

હરિઃૐ તા. ૧૦-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

મારે અંગે નંદુ ! તને શું લખું ? તારો જીવતો આધાર મળ્યા વિના મારા જીવનનું કાર્ય લૂલું લૂલું લાગે છે, ને તે કાર્ય કંઈ અંગત કે સ્વાર્થનું નથી, તે પણ ભગવાનનું છે. તેથી, અધીરાઈ ખૂબ રહેતી હોવા છતાં ને સાલતી હોવા છતાં પાછી અધીરાઈ પણ રહેતી નથી એવું વર્તન અમારું રહ્યા કરે છે, પણ આ હકીકત કેવળ બુદ્ધિથી સમજાઈ જવી અતિ મુશ્કેલ છે. તું મારા દોષ જુએ તેમાં તારો દોષ પણ કાઢતો નથી, ને તેં દોષ કાઢ્યો છે એવું મારું માનવું પણ નથી થતું, પણ તને જે જે જેવું જેવું લાગ્યું હકીકતે તેવું તેં જણાવ્યું ને તે પણ સમજવાને કારણે તેની કદર પણ કરું છું, પણ તે બધું જીવનવિકાસને કાજે યોગ્યપણાનું નથી. **સાધકનું દૃષ્ટિબિંદુ ભક્તનું હોવું જોઈશે. જેનામાં આપણી ગુરુભાવના દઢાવવી છે તેનામાં ભક્તિનું જીવતું સમર્પણ થયા વિના કશું કંઈ પણ પ્રકટી શકવાનું નથી.** તેથી, મને જીવનના ધ્યેય ને તેના

પ્રત્યેક વિકાસના એક પછી એક શિખરોમાંથી પસાર થતાં આત્મજીવનની હકીકતની દૃષ્ટિબિંદુથી પ્રેમભક્તિજ્ઞાનભાવે જોવાનું અવલોકવાનું રાખે તો જ મને ને તને પાલવે. તારા નક્કર આધારથી કેટકેટલાં જીવને મઠારવાને મને બળ મળશે તેનો વિચાર કરવાને તને નિમંત્રું છું. હજી તારા આવા જેવા તેવા આધારથી પણ મને કેવું બળ મળે છે, તે તું પ્રત્યક્ષ જોઈ રહેલ છે.

હરિઃૐ　　　તા. ૧૪-૩-૧૯૪૯

કુંભકોણમ્

સાપ ઝેરી છે ને અડકવા જતાં મૃત્યુ છે એવી ભયની લાગણીથી એને જોતાં પણ ઘણાંને ભય થાય છે. સાપને ન અડકવાનું જે થાય છે તેવી રીતે opposite sexને અડવાનું બને તેવા અસ્પર્શની મર્યાદાથી જીવનું જીવપણું તો કાયમ જ રહે છે. સમાજનાં નીતિનાં ધોરણો જીવતાં રહે, સમાજની પ્રત્યેક વ્યક્તિનું જીવન યથાયોગ્ય ચાલે તેથી તેવા નિયમોનું પાલન પ્રત્યેક જીવને કાજે તદ્દન યોગ્યતાવાળું ને જરૂરનું પણ છે, પણ સાધકને ઉપલો ભ્રમ કે મડાગાંઠ પણ તૂટવાની જરૂર રહેતી જ હોય છે. સાધક જીવને સાધનામાં headlong (આવેશપૂર્વક) પડવાનું હોય છે, તેથી તેને pitfalls પતનના ધક્કા નહિ લાગે એવું નથી, પણ જો જીવને સાધનાની લગની લાગી ગયેલી હશે તો તેવા પતનમાંથી તેવો જીવ સફાળો જાગી જઈને તેમાંથી તેને હાર પામવાપણું નથી, પણ તેવી હાર તેને અદમ્ય ઉત્સાહ ને અપાર પ્રેરણા આગળ વધારી તેનામાં તેવી હાર, કે ભૂલ તેને પ્રેરતી રહે છે. સાધક જીવને માત્ર ચઢ્યા જ કરવાનું રહે છે, તેવું હકીકતે નથી. તેને પડવાપણું પણ બને છે, કારણ કે તે હજી જીવકક્ષામાં જ રહ્યા

કરેલો હોય છે, પણ તેમાંથી તેના હૃદયમાં લાગેલી ધ્યેયની લગની તેને તેમાંથી સવેળા તરત જગાડીને તેને એવો ધક્કો મારે છે કે તે ઊછળીને સીધા માર્ગ પર દોડવા માંડે છે, એવી તે હારનું શાસ્ત્ર કે વિજ્ઞાન છે, તે જાણશોજી.

મોટા મોટા વિજ્ઞાનની શોધ કરવાવાળા જીવો, મોટા મોટા સાક્ષરો, મોટાં મોટાં સાહસો કરનારાં કે મોટાં મોટાં યુદ્ધ જીતનારા કે હારનારા ભગીરથ ને પરાક્રમી યોદ્ધાઓ, મહાન પુરુષાર્થી જીવો, આદિ જીવો, જીવક્ષેત્રના હોવા છતાં તેમનામાં જીવનનું તત્ત્વ સચેતનપણે કામ કરી રહેલું હોય છે ને તેમનું તેમને ભાન હોતું નથી. તેઓ બધા એક પ્રકારની જીવતી અસ્મિતાના પ્રતીક સમા હોય છે. મહાન કવિ જે તે વેળા તેઓ તેવું નિમાર્ણ - સર્જન કરવાની પળમાં હોય છે તે વેળા તેમની ચેતનાસ્મૃતિ કોઈ મહાન શક્તિને સ્પર્શતી હોય છે ને તે સ્પર્શનાં પ્રાણ, ભાવના કે ચેતનાને તેઓ નીચે લાવી શકતા હોય છે, તે વેળા તેઓ તે કોઈ ઉચ્ચતર ક્ષેત્રની મહાન ચેતના ભાવશક્તિને સ્પર્શતા હોય તેવું જ્ઞાનભાન ભલે તેઓને પ્રત્યક્ષપણે ના થતું હોય, પણ હકીકતમાં તો તેવું તેમનું થતું હોય છે ને સમાજના પ્રત્યેક ક્ષેત્ર કે વિષયના મહાન જીવો વિશ્વની ઘડતરની યોજના હેતુને ફળાવવાના એકમાત્ર કાર્યમાં યોજાયેલા રહેલા હોય છે. તે ભાગવતી ચેતનાશક્તિની વ્યૂહરચનામાં તેઓ અજાણપણે ભાગ લઈ રહેલા હોય છે, તે જાણશોજી. ને આપણે તો તે તે રીતે તેમના જીવનને મૂલ્યાંકન કરવાનું જો હોય તો કરવું ઘટે ને તે જ આપણને શોભે.

સાધનામાં ગળી જવાને સ્થાન નથી. ગળી જવાનું થાય તે તો ફરી પાછું ઊગે જ. તેથી **સાધનામાં સમજણને સ્થાન છે.** મારું

કશું સમજ્યા વિના તમે ગળી જાઓ એવું હું કહું તો તે મારાં અજ્ઞાન ને મૂર્ખતા જ ગણાય, પણ જે જે કક્ષામાં આ જીવ પ્રભુકૃપાથી હોય તેની સમજણ આપવાનું કરું તોય તે હાલની બુદ્ધિથી સ્વીકારાય કે કેમ તે પણ એક વિવાદસ્પર્શ પ્રશ્ન છે. **આધ્યાત્મિક જીવનના પ્રત્યક્ષ પાસાની હકીકત માત્ર બુદ્ધિથી સમજાઈ જતી હોય છે કે સ્વીકારાઈ જતી હોય છે તેવું કદી નથી બનતું. તે કાજે બુદ્ધિની તેવી જાતની કેળવણીની જરૂર રહે છે. જ્યાં સુધી બુદ્ધિ ભક્તિના રંગથી ઓતપ્રોત બની ગયેલી નથી હોતી ત્યાં સુધી બુદ્ધિ પ્રેમભાવયુક્ત બની શકતી પણ નથી. બુદ્ધિની જરૂર આ માર્ગમાં વિશેષમાં વિશેષ છે, પણ તે સાત્ત્વિક સૂક્ષ્મમાં સૂક્ષ્મ થયેલી હોય એવી બુદ્ધિની મદદ મળતાં જે તે બધું યોગ્યપણે સમજાયા જતું હોય છે.** મને તમારામાં જીવતો વિશ્વાસ છે. આજ કે કાલનો હાલમાં તો પ્રશ્ન રહે છે, પણ મને તારા જીવતા સાથની જરૂર છે, તે વિના આટઆટલા તે પ્રકારના કાગળ ના લખું. તારા પોતાના પર મારા જીવનના કાર્યના સજીવથવાપણાનો આધાર રહેલો છે, જોકે અંતે તો પ્રભુના પર જ રહેલો છે, પણ તે પ્રભુ તારા હૃદયમાં પણ વસેલો છે તે પ્રભુને જગાડવા, ચેતાવવા ને પ્રેરાવવાના આ જીવમાં રહેલા પ્રેમભાવના તે બધા જેવા તેવા પ્રયત્ન છે.

દરેકનો યોગ્ય ઉપયોગ કરવાનું જે પોતે જાણે છે ને તેમ કરે છે, તેને સમયોચિત તેવું તેવું મળ્યા જ કરે છે. તમારામાં તેવી કળા છે. દા.ત., બાળકો ત્યાં આવ્યાં તો તેને યોગ્ય રીતે કામે લગાડવાં, એવી સ્થૂળ કળા જે છે, તેમાં માત્ર જ્ઞાનભાવ જીવતાં થાય તો બસ મારું કામ પાક્યું, તારામાં નક્કરતા છે,

કુશળતા છે, વિવેકશક્તિની યોગ્ય સમજણ છે, તે તે બધું આધ્યાત્મિક માર્ગમાં પારાવાર જરૂરનું છે. **સાધકનું જીવન એટલે જીવનની સર્વપ્રકારની યોગ્યતા ને સર્વ પ્રકારની ઉત્તમતાની ટોચે પહોંચવાને મથતું ઉત્સાહવાળું જીવન.** જે કોઈ સાધક પોતાના જીવના વલણ તેવા તેવા કોઈ પાસાના અયોગ્યપણામાં દુર્લક્ષ રાખે ને તેવા તેવા જીવપણાને ટાળવાને પ્રભુભક્તિભાવે યથાર્થ થવાવા કાજે તે જીવતોજાગતો નહિ રહે, તો તે સાધકજીવન તેના સાધકજીવનની સર્વાંગ સુંદરતામાં ડાઘા સમાન રહેવાનું છે, તે પણ નક્કી વાત છે.

## પૂજ્ય શ્રીમોટાની ગરજ

હરિઃૐ                તા. ૨૩-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

હમણાં મારું રહેવાવા અંગે કશી અટકળો ના કરવા વિનંતી છે, મારું કશું ચોક્કસ આમ જ થશે તેમ કૃપા કરી ના ગણવું. મારે આશ્રમમાં આઠનવ પુસ્તકો છપાવવાં કાજેનું લખાણ પૂરું કરી દેવા ત્યાં રહેવાને લખ્યું છે, તે કાયમ છે. વચ્ચે નડિયાદ ઊતરવાનો તે વાત ખરી, ને તે જગાની તપાસ પણ કરવાનો.

આશ્રમમાં કાયમી વસવાટનો મારો ખ્યાલ હતો પણ નહિ, કારણ કે તેમ થાય તેમાં તમારાં બધાંની ગરજ વધવાની નથી, બલકે ઘટવા પૂરતો સંભવ. કશું કંઈ પરત્વે અમુક ચોક્કસ ધોરણ રાખી શકાય તેમ નથી. જેમ જેમ થતું જશે તેમ તેમ થયા જવાનું છે, ને સ્થાયી થવાપણામાં જો તમે મારા બધા કાગળો વાંચ્યા હોય તો તેમાં એક શરત સતત આવ્યા કરેલી છે, જો તમારી નક્કર

ભૂમિકાનો આધાર મળે તો જ તેમ કરવાનું છે, નહિતર રખડતા રામ તો છીએ જ. ને તે મળશે એ આધારે હાલમાં જે થાય છે તે થવા દઉં છું, તે જાણશોજી. મારા હમણાંના બધા જ કાગળોમાંનું તે મુખ્ય લક્ષણ છે ને તમારા ખ્યાલમાં પૂરું ઊંડું ઊતર્યું લાગ્યું નથી, તો કૃપા કરીને ત્યાં જે કાર્બન નકલો હોય તે બધી ફરીથી વાંચી જવાને વિનંતી છે ને હું ખોટો હોઉં ઉપરની impressionમાં તો મને સુધારવા વિનંતી છે. હું મારા ફોટા અંગે કોઈને કંઈ નહિ કહું, એનું કારણ - હું કહું તો તે પૈસા લે પણ નહિ, ને મારે હાથે હું મારા ફોટા કઢાવડાવવાનું ના કરું, તેથી તેમને કહેશો કે તેઓ પોતે જેને લખવું હોય તે લખે, ને **ભવિષ્યમાં પણ મારા ફોટા અંગે મને કોઈ ના લખે. ફોટાનો આધાર ભાવનાને ચેતનવંતી બનાવવાનો છે, તે ન થતું હોય તો ફોટા એ ખાલી મૂર્તિપૂજા છે ને તેવું થવાવા દેવું ને તેમાં સંમતિ દેવી એ પણ મૂર્ખામી છે ને અજ્ઞાન છે.** શરીરની કથડતી દશા છે. પ્રેમભાવથી કૃપા કરો. વહાલા ભાઈ, તું કૃપા કરીને કોઈ રીતે મારા પર નારાજ ના થતો ને તારાં પ્રેમભક્તિભાવની મને ગરજ છે.

## હૃદયનો ટેકો

હરિઃૐ　　　તા. ૩૧-૩-૧૯૪૯

કુંભકોણમ્

પ્રિય ભાઈ,

નક્કર ભૂમિકા થવાવા કાજેના નિર્ણયનો તમારો ટેકો જરૂર છે જ ને જીવનનું ધ્યેય પણ આ જ માર્ગે છે, તે તેમાં તમને કશી શંકા નથી, ને તેમાંથી વળવાનું હવે હોય જ નહિ. તો તે વિશે તમે તમારા હૃદયથી ખરા હૃદયનો ટેકો ગણી લેવાનું કહો છો, તે જાણી આજે મને

ઘણો ઘણો આનંદ થયો છે, ને તેથી જ તમારી કને માગું છું કે, બીજું જે કંઈ થવાનું કે થવાવાનું હો, તે ભલે જેમ થતું હો તેમ ભલે થતું પણ તમે તમારે તો યાહોમ કરીને આમાં ઝંપલાવો અને સતત પ્રભુસ્મરણ કર્યા કરો એટલી જ તમને વિનંતી છે.

## પગરખાં ન પહેરવાનું વ્રત

હરિઃૐ તા. ૧૪-૬-૧૯૪૯

મદ્રાસ

પ્રિય ભાઈ,

હવે તમે પગરખાં પહેરવાનું રાખો તો કેમ ? પૂજ્ય મામાનું પણ તેવું સૂચન છે. એવાં સૂચન ગ્રહી લેવામાં યોગ્યપણું છે. એમાં કંઈ વ્રતનો ભંગ નથી. મારી પણ એવી મરજી ખરી કે તમે આ બાબતમાં ઘણું તપ કર્યું, હવે એનો અંત હોવો ઘટે. પગે ચંપલ કે જે ઠીક લાગે તે પહેરવાનું હવે તો રાખો જ.

## આજે વ્હાલ છૂટે

હરિઃૐ તા. ૩-૭-૧૯૪૯

મદ્રાસ

પ્રિય ભાઈ,

(શાર્દૂલવિક્રીડિત)

આજે વ્હાલ છૂટે ઊંડું હૃદયથી તારી પરે, શું કરું ?
તોયે પાસ ન આવતી તુજ છબી, શેં ધૈર્ય હૈયે ધરું ?
તારા પ્રેમ વિના લૂલો સમૂળગો હાવાં કૃપા તો કરી,
હૈયે રાખી મને પૂરો પળે પળે જે તે કરો પ્રેમથી.

લિ. તમારા વહાલા મોટાના ઘણા ઘણા રામ રામ

**॥ હરિઃૐ ॥**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) ૨૦૧૪
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English book available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At thy Lotus feet (Tuj Charane) | 1948 |
| 2. | To the mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a saint (Paraslila) | 1982 |
| 5. | Vision of life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for children (Balako na Mota) | 2008 |
| 14. | Against cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I bow at thy feet (Tuj charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥

॥ હરિ:ૐ ॥

## નોંધ

॥ હરિ:ૐ ॥

# નોંધ

# પૂજ્ય શ્રીમોટાએ સિદ્ધાર્થભાઈને લખેલો પત્ર

તા. ૨-૪-૧૯૪૬

ઘણું વહાલા ભાઈ સિદ્ધાર્થ,

તું બહુ યાદ આવે છે. તેં પૂજ્ય બાપુજીને કાગળ લખ્યો હશે. મોટી બાએ મૌનએકાંત લીધું છે. માટે, તું ભગવાનનું નામ લેજે. ને બાને મદદ મળે તે માટે ભગવાનની પ્રાર્થના કરજે. ભગવાન બાળકની પ્રાર્થના સાંભળે છે, કારણ કે બાળક તદ્દન નિર્મળ ને નિર્દોષ પાપ વિનાનું હોય છે.

આપણને ખાવાનું મળે છે, પહેરવાનાં સારાં સારાં લૂગડાં મળે છે, રહેવા કરવાનું મજાનું ઘર મળે છે, ગમતાં ને આનંદ આપે એવાં માબાપ મળે છે, એ બધું ભગવાનને લીધે છે. ભગવાન આપણને બુદ્ધિ આપે છે. જે કંઈ મળે છે તે બધું ભગવાનને લીધે મળે છે. આપણી સંભાળ ને કાળજી પણ ભગવાન રાખે છે. રાત્રે સૂતી વખતે ભગવાન આપણું રક્ષણ કરે છે. એવા ભગવાનને જે ભૂલે તે પાપી કહેવાય.

મોટા તને સ્વપ્નામાં આવ્યા હતા કે નહિ ?

ભાઈને તું ખૂબ હસાવે છે ખરોને ? કાંતાબા તથા ભાઈને તું ખૂબ રાજી રાખશે. ભાઈને વાતો કરાવજે.

હેરાન કરવાનું કે મારવાનું મન થાય તો મોટાને તેમ કરવું. કોઈને ધક્કો પણ ન મરાય. મોટાને મરાય, પણ એકલા એકલા ઓરડામાં જઈને કોઈ ના જુએ તેમ. કદી કદી એને બોલાવજે હોં.

તું હવે ક્યારે મળશે ? પૂજ્ય બાપુજી સ્વપ્નામાં આવે ત્યારે એમને તું કાગળ લખજે હોં.

મારાવતી પૂજ્ય કાંતાબા તથા ભાઈને વહાલ કરજે. બા તથા ભાઈ મને યાદ આવે છે. તને યાદ આવે છે ખરાં ?

- શ્રીમોટા

'જીવન સાર્થકતાની કેડીએ', ભાગ -૧ (સંક્રાંતિકાળ)
પ્ર. આ., પૃ. ૧૭૫,૧૭૬

કિંમત : રૂ. ૭૫/-